बिहारी सतसई

કવિ સવિતાનારાયણ ગણપતિનારાયણ

बिहारी सतसई

૧૮૨૪

કવિ સવિતાનારાયણ ગણપતિનારાયણના
રચેલા ગ્રંથો

અલંકારચન્દ્રિકા (૨ જી આવૃત્તિ)	... ...	૧-૦-૦
સવિતાકૃતકવિતા	... ...	૧-૦-૦
નીતિસુધાતરંગિણી	... ...	૧-૦-૦
તપ્તાસંવરણ	... ...	૦-૨-૦

BIHARI-SATSAI

BY

BIHARIDAS

TRANSLATED FROM THE BRIJA LANGUAGE INTO GUJARATI WITH

AN INTRODUCTION AND EXPLANATORY NOTES BY

SAVITANARAYAN GANAPATINARAYAN

Author of "*Alankar Chandrika*" etc

Printed and Published by Manilal Itcharam Desai at

THE GUJARATI PRINTING PRESS,

SASSOON BUILDINGS, CIRCLE, FORT,

BOMBAY

V. S. 1969 A. D. 1913

Price Rs. 1-8-0



કવિ સવિતાનારાયણ ગણપતિનારાયણ

જન્મ વિ. સં. ૧૮૯૮

પ્રસિદ્ધ પ્રાચીન કવિવર બિહારીદાસકૃત

बिहारी सतसई

મૂલ વ્રજભાષામાં

તેની ગુજરાતીમાં અનુવાદ સહિત

ભાવાર્થપ્રકાશિકા નામની ટીકા

રચનાર

કવિ સવિતાનારાયણ ગણપતિનારાયણ

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં

મણિલાલ ઇચ્છારામ દેશાઇએ છાપી પ્રકટ કીધું.

સાસુન બિલ્ડિંગ, સર્કલ, કોટ, મુંબઈ

સંવત્ ૧૯૬૯ સન ૧૯૧૩

મૂલ્ય રૂ૦ ૧-૮-૦

અર્પણ પત્રિકા

આર્ય સનાતન ધર્મના રક્ષણ તથા ઉત્કર્ષને અર્થે સતત પ્રયત્ન કરનાર, ગુજરાતી પ્રાચીન કવિઓની ભક્તિ–જ્ઞાન–વૈરાગ્યયુક્ત ખૂણે ખોચરે છૂપાઈ રહેલી રસભરિત વાણીને "બૃહત્ કાવ્યદોહન" એ નામના આઠ ભાગમાં સંશોધન કરી ગૂર્જર જનોની સેવામાં મૂકનાર, જેના રચેલા ચન્દ્રકાંત નામના પુસ્તકના વાંચનથી ભક્તશિરોમણિ તુલસીદાસના હૃદયની ભાવના વાંચ-નારની દૃષ્ટિ સન્મુખ આવી ઊભી રહે છે એવા સ્વચ્છ અંતઃકરણના, વળી વિવિધ રાજકીય, ધાર્મિક, નૈતિક તથા સાંસારિક વિષય સંબંધી અનેક ગ્રંથો ભાષાંતરરૂપે તેમ જ સ્વતંત્ર બુદ્ધિથી રચી પ્રકટ કરનાર, તેમ જ જેની સાથે તુલના કરી શકાય એવું ગુજરાતીમાં દૈનિક કે સાપ્તાહિક પત્ર પ્રકટ કર-વાને કોઈ પણ ગુજરાતી હિંદુ આજસૂધી સમર્થ થયો નથી એવા "ગુજરાતી" પત્રના તંત્રી અને ગુર્જર સાહિત્યના સાચા સેવક સદ્ગત સાક્ષર મિત્રવર ઈચ્છારામ સૂર્યરામ દેશાઇને આ ગ્રંથ અર્પણ કરી હું પોતાને કૃતાર્થ માનું છું.

સવિતાનારાયણ ગણપતિનારાયણ

ભૂમિકા.

જે ગ્રંથ ઉપર આ ગુજરાતી ટીકા કરવામાં આવી છે, તે ગ્રંથનું નામ બિહારીસતસઈ છે. સતસઈ એ સંસ્કૃત સપ્તશતી એ શબ્દનો અપભ્રંશ છે. "બિહારીસતસઈ" એટલે બિહારીલાલ કવિની ૭૦૦ દોહરાવાળી કવિતારચના તે, એમ જાણવું. એ ગ્રંથ વ્રજભાષામાં છે. મથુરા અને વૃંદાવનની આસપાસના દેશમાં વપરાતી ભાષાને વ્રજભાષા કહે છે. પુષ્ટિમાર્ગના ચોરાશી અને બસેંબાવન વૈષ્ણવોની વારતા તેમજ તેજ સંપ્રદાયના સૂરદાસાદિક અષ્ટસખાનાં પદો એ વ્રજભાષામાં છે. સૂરદાસ વ્રજભાષાના સર્વોપરિ કવિ છે. તેમણે સવાલાખ પદ બનાવેલાં છે અને તે ગ્રંથ સૂરસાગર એ નામથી પ્રસિદ્ધ છે. તુલસીદાસનું રામાયણ તેમજ તેમના રચેલા વિનયપત્રિકા અને સતસઈ વગેરે ગ્રંથો પૂરવી ભાષામાં છે. વ્રજ અને પૂરવી એટલે સૂરદાસ અને તુલસીદાસ એ બન્ને કવિઓની ભાષાનો સમાવેશ હિંદીમાં થાય છે, એટલે એ બન્ને હિંદી કવિઓ છે.

આપણી ગુજરાતી ભાષાના પ્રસિદ્ધ કવિ દયારામે ઉપર જણાવેલા સૂરદાસના રચેલા સૂરસાગરની સારાવલિ, તેમજ તેજ ગ્રંથમાંની કમળલીલાનું ગુજરાતી પદ્યમાં ભાષાંતર કર્યું છે તે, "દયારામકૃત પરચુરણ કવિતા" એ નામથી શ્રીમંત ગાયકવાડ સરકાર તરફથી પ્રગટ થયલી પ્રાચીન કાવ્યમાળાના પુસ્તક તેરમામાં છપાઈ પ્રગટ થયું છે. પ્રસિદ્ધ કવિવર તુલસીદાસના રામાયણના ગ્રંથારંભનો કેટલોક ભાગ મૂકી દઈ બાકીના ભાગનું ગુજરાતી પદ્યમાં ભાષાંતર મારા મિત્ર કવિ શિવલાલ ધનેશ્વરે કીધું છે. જામનગરવાળા શાસ્ત્રી કાળિદાસ ગોવિંદજીએ તુલસીકૃત રામાયણનું ભાષાંતર ગુજરાતી ગદ્યમાં કીધું છે.

ભાષાના કવિઓએ સૂરદાસને સૂર્યની અને તુલસીદાસને ચંદ્રની ઉપમા આપી છે. એ બે જેમ હિંદી ભાષાના ઉત્તમ કવિ છે, તેમજ કવિ તરીકે જો વિચાર કરવામાં આવે તો આ બિહારીસતસઇના રચનાર કવિ બિહારીલાલની યોગ્યતા પણ ઓછી નથી.

કેટલાએક વિદ્વાનો કહે છે કે, બિહારીલાલ સનાઢ્ય બ્રાહ્મણ હતા, અને કેટલાકનું મત એવું છે કે, એ કવિ ભાટ હતા; પણ શિવસિંહસરોજકાર, શ્રીયુત ગ્રીયરસન અને પંડિત અંબિકાદત્ત વ્યાસ, એમના લેખ ઉપરથી સિદ્ધ થાય છે કે, કવિ બિહારીલાલ ચોબે બ્રાહ્મણ હતા.

બિહારીસતસઈ સમાપ્ત ક્યારે કીધી, તેના સંવત્સર વગેરેનો દોહરો, જે એ ગ્રંથમાં કવિએ પોતે જ આપ્યો છે, તે ઉપરથી તેમના સમયનો નિર્ણય થઈ શકે છે. એ દોહરો નીચે પ્રમાણે છેઃ—

"संवत ग्रहशशिजलधिछिति, छठतिथि वासरचंद ।
चैत्रमास पछ कृष्णमें, पूरन आनंदकंद."

એટલે વિક્રમ સંવત્ ૧૭૧૯ના ચૈત્ર વદ છઠ ને સોમવારે એ ગ્રન્થ સંપૂર્ણ કીધો.

કાશીવાસી પ્રસિદ્ધ શ્રી **રાધાકૃષ્ણદાસ** ત્યાંની **નાગરીપ્રચારિણી** સભામાં "કવિવર **બિહારીલાલ**" એ વિષયપર વાંચેલા તેમના નિબંધમાં જણાવે છે કેઃ—

"सतसई एक समयमें नहीं बनी, वरं च बिहारीके जन्मभरके दोहोंका संग्रह है, और कई वर्षोंमें बनी है । यह बात प्रसिद्धभी है और सतसईके देखनेसेभी यह प्रगट होता है."

એટલે એ **સતસઈ** એક સમયમાં નથી બની, પરંતુ **બિહારી**ના જન્મભરના દોહરાનો એ સંગ્રહ છે અને કેટલેક વરસે બની છે, એ વાત પ્રસિદ્ધ પણ છે. વળી **સતસઈ** જોવાથી પણ એ પ્રકટ જણાય છે.

બિહારીસતસઈ કોની પ્રસન્નતાને અર્થે રચવામાં આવી, તે પણ એ જ ગ્રંથમાંના એક દોહરા ઉપરથી જણાઈ આવે છે. કવિ કહે છે કે,

हुकुम पाय जयसाहको, हरि राधिका प्रसाद ।
करी बिहारी सतसई, भरी अनेक सवाद ॥

એટલે **જયશાહ**ની આજ્ઞાથી અને **હરિરાધિકા**ની કૃપાથી અનેક સ્વાદની ભરેલી એવી **બિહારીસતસઈ** અથવા **બિહારી**એ **સતસઈ** કરી.

રાજા **જયસિંહ** **જયપુર**થી ત્રણ કોસપર **આમેર** છે, ત્યાંનો મહારાજા હતો. તેનો અને **બિહારીલાલ**નો મિલાપ કેવી રીતે થયો, તે સંબંધી એક મનોરંજક કથા પંડિત **લલ્લુલાલ** **લાલચંદ્રિકા**માં વર્ણવતાં કહે છે કે, "એક સમયે મહારાજ **જયસિંહ** કોઈ રાજાની કુંવરી પરણી લાવ્યા. તે અતિ રૂપવતી તેમ જ ચતુરા હતી. તેણીના પ્રેમમાં મુગ્ધ થઈ મહારાજ રણવાસમાં જ રહેવા લાગ્યા અને રાજકાજ ઉપર ધ્યાન આપવું તેમણે છોડી દીધું. મહારાજે હુકમ કર્યો હતો કે, જે કોઈ રાજકાજ સંબંધી સમાચાર બહારથી લાવી મને કહેશે તેને તોપને મોઢે ઉરાડી દઈશ. એ હુકમ સાંભળી ડરને માર્યે કોઈ તેને રાજકાજની વાત ન કહે અને રાજા આઠે પહોર આનંદમાં રહે. એમ એક વર્ષ વીતી ગયું, અને રાજનગરમાં હાહાકાર થઈ રહ્યો. મંત્રી આદિક ગભરાયા, અને તેમણે એકઠા થઈ **બિહારીલાલ** કવિ, જે રાજા **જય**-

સિહને વિદ્વાન્, કવિ અને ગુણીજનોનો કદરદાન જાણી ત્યાં આવ્યા હતા તેને બોલાવ્યા, અને કહ્યું કે, 'મહારાજ! રાજા પોતાનાં રાજકાજ ઉપર ધ્યાન આપે, એવો તમે કાંઈ ઉપાય કરો.' કવિએ એ વાત સાંભળતાં જ આ દોહરો લખી આપ્યો:-

नहि पराग नहि मधुर मधु, नहि बिकास इहिं काल ।
अली कलीहीतें बँध्यो, आगे कौन हवाल ॥*

અને કહ્યું કે 'આ દોહરો જેમ બને તેમ રાજાની દૃષ્ટિએ પડે તેમ કરો.' પ્રધાને લખેલો દોહરો લઈ ફૂલોની ચાદર જે શૈય્યાપર બિછાવવા માટે બનાવવામાં આવી હતી તેમાં બંધાવી દીધો. રાજાએ જ્યારે પલંગપર આરામ કર્યો અને જ્યારે ફૂલો કરમાયાં ને કાગળ શરીરમાં ખૂંચ્યો એટલે તેણે ઉઠીને જોયું અને કાગળ કાઢી દુહો વાંચ્યો. વાંચતાં જ તે સમજીને બહાર આવ્યો, દરબાર ભર્યો, અને સહુને પૂછ્યું કે, 'સાચું કહો, આ દોહરો કોણે બનાવ્યો? હું તેનાપર ઘણો પ્રસન્ન છું. તેને અત્રે બોલાવો.' એટલી વાત સાંભળતાં જ પ્રધાને કવિને તેડાવી મંગાવ્યા. કવિ રાજસભામાં આવ્યા. તેને બ્રાહ્મણ જોઈ રાજાએ દંડવત્ કર્યા. કવિએ તેને આશીર્વાદ દીધો. રાજાએ આદરપૂર્વક તેને બેસાડીને કહ્યું કે, 'મહારાજ! તમારા દોહરાથી મારું ચિત્ત અતિ પ્રસન્ન થયું છે. વિશેષ શું કહું, તમે જેટલા દોહરા બનાવશો, તેટલી મોહોર તમને મળશે.' એ પ્રકારે રાજાની આજ્ઞાથી કવિએ રોજ પાંચપાંચ સાત સાત એમ કરી સાતસો દોહરા બનાવી આપ્યા અને સાતસો મોહોર લીધી. એમ ગ્રંથમાં સાતસોની સંખ્યા હોવાથી તેનું સપ્તશતી એ નામ રાખવામાં આવ્યું.

---

* ભ્રમરાન્યોક્તિ–અર્થ–હે અલિ એટલે ભ્રમર! આ સમયે એમાં નથી પરાગ (પુષ્પરજ), નથી મધુર મકરંદ (પુષ્પરસ), અને નથી વિકાશ (ખીલવું તે). તું કલીમાં જ ફસ્યો છે, તો આગળ (કલી ખીલશે ત્યારે) તારા શા હાલ થશે.

એનું જ ડા૦ ગ્રીયરસનકૃત ભાષાંતર—

'There is no pollen; there is no sweet honey; nor yet has the blossom opened. If the bee is enamoured of the bud, who can tell what will happen when she is a full-blown flower.'

એમાં "પરાગ" તે પ્રયાગ, "બિકાસ"નું બિકાસિ કરી કાશી એમ શબ્દો બગાડી, 'હે જીવરૂપી અલિએટલે ભ્રમર! તેં પ્રયાગની જાત્રા ન કરી તેમ જ આ સમયમાં કાશીયાત્રા પણ ન કરી, ને કલિયુગના ફંદમાં ફસ્યો અથવા બંધનમાં પડ્યો તો આગળ, મરણ સમે, તારા શા હાલ થશે,' એમ કેટલાક ગુજરાતના ભાટો અર્થ સમજાવે છે, તેવો અર્થ બિહારીના ૩૦ ટીકાકારો વગેરેમાંથી કોઇએ કર્યો નથી.

એ ઉપરથી સતસઈ જેવા એક ગ્રંથની કિંમત જે જયસિંહ મહારાજાએ આંકી, તે સાતસો મોહોર એટલે લગભગ સાડાસત્તર હજાર રૂપિયા જાણવી.

સંવત્ ૧૬૦૨ થી તે સંવત્ ૧૮૭૬ સુધીમાં ત્રણ જયસિંહ થઈ ગયા છે, એવું ઇતિહાસ ઉપરથી માલમ પડે છે, ત્યારે બિહારીલાલ કવિને આશ્રય આપનાર જે જયસિંહ તે કયો, એ જાણવાની અપેક્ષા રહે એ સ્વાભાવિક છે. પંડિત લલ્લુલાલ જયસિંહ સવાઇને કવિ બિહારીનો આશ્રયદાતા લખે છે. બિહારી સતસઈ પૂર્ણ થઈ તેનું સંવત્ વર્ષ ૧૭૧૯ ઉપર જણાવવામાં આવ્યું છે; અને સવાઈ જયસિંહે સંવત્ ૧૭૫૦ થી તે સંવત્ ૧૮૦૦ સુધી રાજ્ય કર્યું, એવું ઐતિહાસિક પ્રમાણ મળી આવે છે તેથી સવાઈ જયસિંહ બિહારીનો આશ્રયદાતા સિદ્ધ થતો નથી. લોકપ્રસિદ્ધિ એવી છે કે, કૃષ્ણદત્ત બિહારીનો પુત્ર હતો, તે સવાઈ જયસિંહના વખતમાં હતો. તેને સવાઈ જયસિંહના મંત્રી આયામલ્લે આશ્રય આપ્યો હતો. તેમના કહેવાથી કૃષ્ણદત્તે બિહારીસતસઇપર કવિત્ત સવૈયામય ટીકા રચી છે. તેમાં જે જે દોહરામાં બિહારીએ મિરજા જયસિંહના રૂપ, ગુણ, શૌર્ય અને ઔદાર્યનાં વખાણ કરેલાં, ત્યાં કૃષ્ણદત્તે પોતાના આશ્રયદાતા સવાઈ જયસિંહનું નામ ચોખ્ખું લખેલું છે. એમ "ભાઇની પાઘડી ભાઇને માથે" એ કહેવતનું અનુકરણ કર્યાથી લલ્લુલાલને ભ્રમ થયો હોય, એમ અનુમાન થઈ શકે!! હવે મિરજા જયસિંહે સંવત્ ૧૬૭૪ થી તે સંવત્ ૧૭૨૪ સુધી રાજ્ય કર્યું. મિરજા જયસિંહે તા૦ ૧૦ મી જુલાઈ ૧૬૬૭ માં આ દુનિયા છોડી, એવું ઇતિહાસ ઉપરથી જોવામાં આવે છે. આ ઉપરથી તેમના સ્વર્ગવાસની પાંચ વર્ષ પહેલાં બિહારીસતસઈ પૂર્ણ થયલી સિદ્ધ થાય છે.

મિરજા જયસિંહ અને છત્રપતિ શિવાજીનો સમાગમ કેવી રીતે થયો, તેનું ઐતિહાસિક પ્રમાણ એવું મળી આવે છે કે, ઈ. સ. ૧૬૬૨ માં સાઇસ્તખાન દક્ષિણનો મુગલ સુબો હતો. તેણે પુનામાં જે ઘરમાં શિવાજી ઉછરેલો, તે જ ઘરમાં આવી મુકામ કર્યો, ત્યારે શિવાજીએ રાતના તેના સુવાના ઓરડામાં અચાનક પ્રવેશ કરી તેનાપર હુમલો કરી ભગાડ્યો. તેમાં સાઇસ્તખાનની બે આંગળીઓ કપાઈ ગઈ અને તેના પુત્રને તેમ જ તેના સાથીઓને કતલ કરવામાં આવ્યા. સન ૧૬૬૪ માં શિવાજીએ સુરત ૭ દિવસ સુધી લુટ્યું, અને પંચાસી વહાણોનો કાફલો તૈયાર કરી બારસીલોર ઉદ્ધસ્ત કર્યું અને પડોસનો મુલક લૂંટ્યો. એ ઉપરાંત મક્કે જનારા હાજીઓના વહાણોપર હુમલો કર્યો; તેથી ઔરંગજેબનો ક્રોધ બમણો ઉશ્કેરાયો. એક ઐતિહાસિક ગ્રંથમાં લખેલું છે કે, એ કારણને લીધે,

"The Emperor now sent a formidable army under Mirza-Raja, a gallant officer to chastise Sivaji."

હવે પાદશાહે (ઔરંગજેબે) એક ભયંકર સૈન્ય આપી મિરજા રાજા નામના બહાદુર સરદારને શિવાજીને શિક્ષા કરવા સારુ મોકલ્યો.

એમાં જે મિરજા રાજા જણાવવામાં આવ્યો છે, તે મિરજા જયસિંહ એમ મી૦ સિંકલેર કૃત હિંદુસ્તાનના ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ થાય છે. તેમાં તે જણાવેછે કે,

"But this sacrilege of plundering pilgrims on the way to Macca could not be overlooked. A large army was, therefore, sent under Jaising and Dilir Khan against Sivaji," * * * *

પરંતુ મક્કે હજ કરવા જતા હાજીઓને માર્ગમાં લૂટવાના અપરાધના અખાડા કરી શકાયા નહિ, તેથી (ઔરંગજેબે) મોટી ફોજ આપી જયસિંહ અને દિલિરખાનને શિવાજી ઉપર ચઢાઈ કરવા મોકલ્યા.

મિરજા જયસિંહ જેમ યુદ્ધવીર તેમ રાજકાર્યદક્ષ પણ હતો. સ્વપ્નમાં ભવાનીએ શિવાજીને ચેતાવ્યો હતો કે, ક્ષત્રિયવીરની સાથે યુદ્ધમાં તું જય નહિ પામે. જયસિંહના કહેવા પ્રમાણે પુરંધરમાં શિવાજીને સલાહના કોલકરાર કરવા પડ્યા.

આ પ્રમાણે યુદ્ધ બંધ પાડી લાખો હિંદુમુસલમાનોનો સંહાર થતો અટકાવ્યો, તે વિષયને લગતો એક દોહરો જે બિહારીસતસઇમાંથી મળી આવે છે તે નીચે પ્રમાણેઃ—

घर घर हिंदुनि तुरकिनी, देति असीस सराहि ।
पतिनु राखि चादर, चुरी, तैं राखी जयसाहि ॥

એટલે હે જયશાહ ! અમારા પતિઓનું રક્ષણ કરી અમારી ચૂડી અને ચાદરની રક્ષા તેં કીધી, એમ ઘેરઘેર હિંદવાણીઓ તેમ જ તુરકાણીઓ પ્રશંસા કરી તને આશીશ આપે છે. (મુસલમાનીઓની ચાદર અને હિંદવાણીઓની ચૂડી, એ તેમનાં સૌભાગ્યચિહ્ન ગણાય છે.)

ઉપર જણાવ્યા પ્રમાણે મિરજા રાજા જયસિંહ અને છત્રપતિ શિવાજી વચ્ચે પુરંધરમાં જે સલાહના કોલકરાર થયા, તેની અગાઉ સન ૧૬૨૮ માં શાહજહાન તખ્તનશીન થયો, તે જ વર્ષમાં કાબૂલપર મોકલવામાં આવેલી ચઢાઇમાં રાજા જયસિંહે જે શૌર્ય દર્શાવ્યું, તેના સંબંધમાં પણ એક દોહરો જે બિહારીસતસાઇમાંથી મળી આવે છે તે નીચે પ્રમાણેઃ—

यौं दल काढे बलखतें, तैं जयसाह भुआल ।
उदर अघासुरके परे, ज्यौं हरि गाय गुआल ॥

એટલે, હે જયશાહ નૃપતિ! અઘાસુર નામના દૈત્યના ઉદરમાં પડેલાં ગાય ગોવાળોને જેમ શ્રીકૃષ્ણે, તેમ તેં બલખમાં ઘેરાયલાં પાદશાહી સૈન્યને શત્રુના ઘેરામાંથી બહાર કાઢયું.

કવિ બિહારીલાલે રાજા જયસિંહની યુદ્ધવીર તરીકે જે પ્રશંસા કરી છે, તેની સાબિતી ઇતિહાસોમાંથી પણ મળી આવતી હોવાથી, ભાટચારણોની પેઠે કોઇની ખોટી તારીફ કરનાર એવો એ કવિ ન હોતો, એમ સિદ્ધ થાય છે. એવા મહારાજા જયસિંહની પ્રશંસાને લગતા દોહરાઓ એ ગ્રંથમાં થોડા જ એટલે દશની પણ અંદર હોવાથી ગ્રંથકર્ત્તા કવિને તેમ જ તેના આશ્રયદાતાને ઉભયને ધન્યવાદ ઘટે છે.

એક સંસ્કૃત શ્લોકમાં કહ્યું છે કે, પંડિત, વનિતા, અને લતા એ ત્રણ આશ્રય વિના શોભતાં નથી. મરાઠી અને ગુજરાતી ભાષાના કવિઓને હિંદી કવિઓના જેવો અને જેટલો આશ્રય રાજા, બાદશાહ અને અમીરઉમરાવ તેમ જ બીજા શ્રીમંતો તરફથી મળ્યો હોય એમ જણાતું નથી. ગુજરાતના સામળ ભટને માત્ર રખીદાસનો આશ્રય હતો. અકબરના દરબારમાં ગંગ વગેરે કવિ હતા. ઓડછાના રાજા ઇંદ્રજીતે કવિ કેશવદાસને એકવીસ ગામ આપ્યાં હતાં. સુંદરશ્રૃંગારના રચનાર સુંદરદાસને શાહજહાને હય, હાથી અને મણિમુક્તાના હારનો સિરપાવ આપ્યો હતો. બિહારીના સમકાલીન ભૂષણ કવિને "એક પ્રસંગે પાંચ હાથી અને પચ્ચીસ હજાર રૂપિયા માત્ર એક જ કવિત્તપર રીઝી છત્રપતિ શિવાજીએ આપ્યા હતા," એમ શ્રીયુત જી. એ. ગ્રીયર્સન સાહેબ પોતાના એક ગ્રંથમાં લખે છે. આ શિવાય બીજા ચિંતામણિ, મતિરામ વગેરે ઘણાએક હિંદી કવિઓને રાજા, નવાબ, બાદશાહ તેમ જ બીજા અમીર ઉમરાવોએ આશ્રય આપેલો પ્રસિદ્ધ છે. એ ઉપરથી ભાષાકવિતાનો આદર જેટલો હિંદુસ્તાન ભણી હતો, તેટલો મરાઠી અને ગુજરાતી કવિતાનો આદર મહારાષ્ટ્ર કે ગુજરાતમાં ન હતો, એમ અનુમાન કરવામાં કાંઈ બાધ જેવું જણાતું નથી.

વ્રજભાષાની કવિતાની પ્રસિદ્ધિ અને પ્રસાર કરવામાં પુષ્ટિમાર્ગના આચાર્ય તથા તેમના પુત્ર વિઠ્ઠલનાથજી પણ કારણરૂપ ગણી શકાય. જે સમયમાં પ્રાકૃત ભાષાને વેશ્યા સમાન ગણી તેમાં રચાયલી કવિતાની અવગણના કરનારા પંડિત, પુરાણી અને શાસ્ત્રીઓ હતા, તેવા સમયમાં સંસ્કૃત ભાષાથી અણજાણ એવા પોતાના શિષ્યસમુદાયને સંપ્રદાયના સિદ્ધાંત તથા તત્ત્વ સમજવાની સુગમતા થાય, તેની સાથે જ તેમનાં મન પણ રંજન થાય, એવા ઉદ્દેશથી સૂરદાસ, નંદદાસ,

ગોવિંદદાસ તથા પરમાનંદદાસ વગેરે આઠ મહા કવિઓ, જેઓ અષ્ટસખાનાં નામથી ઓળખાય છે તેવા મહા કવિઓનો આદર કરી પોતાના મંદિરોમાં નિત્ય સેવાના એક આવશ્યક અંગ તરીકે તેમની કવિતાનો સ્વીકાર કર્યો, તેથી તેમના શિષ્યવર્ગો જે ગુજરાત, કાઠિયાવાડ તથા કચ્છ વગેરેમાં વાસ કરનારા તેમના ઘરમાં પણ ઉપર જણાવેલા કવિવરોનાં રચેલાં કવિતાનાં પુસ્તકો ઠામઠામ ઉપયોગમાં આવતાં જોવામાં આવે છે.

રામાનંદ એક પ્રસિદ્ધ પંથના સ્થાપક–તેમણે, જો કે શંકર કે રામાનુજની પેઠે સંસ્કૃતમાં કે બીજા પંથસ્થાપકની પેઠે પ્રાકૃતમાં ગ્રન્થ રચેલા જણાતા નથી, તોપણ તેમના શિષ્ય નાભાજી, તુલસીદાસ તથા સૂરદાસ વગેરેએ હિંદીમાં એવા ગ્રંથો પદ્યમાં રચ્યા છે કે, તેથી તેમનાં નામ આખા હિંદુસ્તાનમાં ગાજી રહ્યાં છે. ત્યારપછી કબીર, દાદુ વગેરે પંથ પ્રવર્તાવનારાઓ તેમ જ તેમના શિષ્યોએ અનેક ગ્રંથો રચી ભાષાની ગ્રંથસમૃદ્ધિમાં જે વધારો કર્યો છે, તે અતિ પ્રશંસનીય છે એમાં સંશય જેવું નથી.

રામાયણ, ભારત અને ભાગવત વગેરે લોક સુગમ રીતે સમજે એવી પ્રાકૃત ભાષામાં થાય, અને તે કવિતામાં હોવાથી લોક તે વાંચી મોજ મેળવે તો પછી આપણો ભાવ ઘટે એ કારણથી, અથવા જનપદભાષા પ્રત્યે આદરબુદ્ધિ ન હોવાથી પ્રાકૃત ભાષા અને તેમાં રચાયલી કવિતાને તૃણતુલ્ય ગણી તેનો તુચ્છકાર કરનારા પંડિત–પુરાણીઓ કાંઈ થોડા ન હોતા. મહાકવિ તુલસીદાસજીના ભાઈ નંદદાસ નામે હતા. તે શુદ્ધાદ્વૈત સંપ્રદાયમાં હતા, એટલે તેમના ઇષ્ટદેવ શ્રીકૃષ્ણ હતા. તે પણ સમર્થ કવિ હતા, તેથી તેમણે ભાગવતનો દશમસ્કંધ વ્રજભાષામાં પદ્યમાં રચ્યો. તે જાણવામાં આવતાં જ પંડિત પુરાણીઓને ફાળ પડી. તેઓ શ્રી વલ્લભાચાર્યના પુત્ર વિઠ્ઠલનાથજીની આગળ ગયા અને વિનતિ કરી કે 'મહારાજ! આમ થાય (દશમ ભાષામાં થાય) તો પછી અમને કોણ પૂછશે? આમ બ્રાહ્મણના પેટપર લાત પડે તે સારું નહિ.' તે ઉપરથી કહેવામાં આવે છે કે, વિદ્વન્મંડનના કર્ત્તા પ્રસિદ્ધ વિઠ્ઠલ દીક્ષિતે તે નંદદાસજી કૃત દશમસ્કંધની માત્ર રાસપંચાધ્યાયી રાખી બાકીની આખા સ્કંધની કવિતાનો નાશ કરાવ્યો.

પ્રાકૃત ભાષાનો અને તેની કવિતાનો તિરસ્કાર કરનારા એવા પંડિતપુરાણીઓને સામો ઉત્તર આપવાની જે અનેક પ્રાચીન કવિઓને આવશ્યકતા જણાઈ, તેમાંનો એક વેદાન્તી, બીજો પંડિત* અને ત્રીજો ભક્ત એવા ત્રણ કવિઓએ

* "મોરોપંતનું ચરિત્ર અને કાવ્ય વિવેચન" એ નામના ગ્રન્થનો રચનાર એક મહારાષ્ટ્ર વિદ્વાન્ કહે છે કે,

પ્રાકૃત ભાષા તરફથી જેવી રીતે વકીલાત કરી છે, તે ઉપરથી તેમની વાદશૈલીનું ભાન થાય તેમ હોવાથી તે જણાવવી અત્રે નિરર્થક નહિ થઈ પડે.

૧ વેદાન્તી અખો કહે છે:–

"ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર;
સંસ્કૃત બોલ્યાથી શું થયું? શું પ્રાકૃતથી નાશી ગયું?
બાવનનો સઘળો વિસ્તાર, અખો ત્રેપનમો જાણે પાર."

૨ *પંડિત કવિ મોરોપંત કહે છે:–

"संस्कृत सुकूप यद्यपि, तथापि अर्थोदका महायास ।
न तथा प्राकृत गंगा, सहजे अर्थोदका पियायास" ॥

અર્થ–સંસ્કૃત ભાષા જો કે ઉત્તમ કૂવા જેવી છે, તોપણ તેમાંથી અર્થરૂપી ઉદક ખેંચી કાઢતાં ભારી શ્રમ પડે છે; પણ આ પ્રાકૃત ભાષારૂપી ગંગા અર્થરૂપી ઉદકપાન કરવા માટે (શ્રમ કરવો પડે) તેવી નથી.

૩ ભક્તરાજ કવિ દયારામ કહે છે:–

"श्लोक पुरानी संस्कृत, बांचत सब इतराय ।
फुलय सुफल गिरबान जब, श्रोता जे समुजाय ॥ ७०६ ॥
बुध कहि भाखा बाद जो, सुरबानी इक साच ।
तो हम कहि वे मूर्ख हे, साच न लावे आंच ॥ ७०७ ॥
बेद बडे गिरबानतें, नारायनकी बानि ।
व्रजभाषा भल ताहितें, व्रजपति भखि मुख जानि ॥ ७०८ ॥

અર્થ–"સર્વ પુરાણી સંસ્કૃત શ્લોક વાંચીને "ઇતરાય" કહેતાં ફૂલે છે, ને એમ કહે છે જે અમે સંસ્કૃત વાદ કરીએ છીએ એ તે સાચો, ને ભાષાવાદ તો

"जे कुलज व संस्कृत भाषाभिमानी पंडित तुकोबाचा द्वेष करीत, त्यांच्या संबंधानें पंत म्हणतात कीं 'सीतादेवी जशी राक्षसांच्या वनांत सांपडली होती तशी या पंडितांची विद्या (सीते सारखी पूज्य खरी, पण)' अभिमान रूप राक्षसाच्या तडाख्यांत सांपडली असल्यामुळे अनुकंपनीय आहे" !

અર્થ–જે કુલજ અને સંસ્કૃત ભાષાભિમાની પંડિત તુકારામનો દ્વેષ કરતા, તેમના સંબંધમાં પંત એટલે મોરોપંત કહે છે કે 'સીતાદેવી જેમ રાક્ષસોનાં વનમાં સપડાઈ હતી, તેમ આ પંડિતોની વિદ્યા (સીતા સરખી પૂજ્ય ખરી, પણ) અભિમાનરૂપ રાક્ષસના સપાટામાં સપડાયલી હોવાને લીધે અનુકંપનીય છે.

* વેદાંતી ને ભક્તરાજ કરતાં પંડિતની દલીલ સાક્ષર વર્ગના વધારે મોટી સંખ્યા માન્ય રાખે એવી છે.

જૂઠા છે એમ જાણીને ફૂલે છે; પણ તે ફૂલ્યા તો ત્યારે પ્રમાણ કે, શ્રોતાજનને દેશભાષા બોલ્યા વિના ગીર્વાણ જે સંસ્કૃત વાણી, તેણે કરીને સમજાવે ત્યારે (૭૦૬). બુધ જે પંડિત તે, ભાષા તે નાગભાષા, ગ્વાલિયરી તેને 'બાદ' જે મિથ્યા છે એમ જો કહે, ને સુરભાષા જે સંસ્કૃત તે એક સાચી છે એમ કહે તો ઠીક છે. પણ અમે તેને ગ્વાલિયરી ભાષાવડે બોલીને એમ કહિયે છીએ જે, તે મૂર્ખ છે, ઇત્યાદિક અપશબ્દ કહીએ છીએ, તે સાંભળીને જો મનમાં આંચ જે સંતાપ ન લાવે ત્યારે તે સાચો, બાકી જૂઠો છે. (૭૦૭). ગીર્વાણ ભાષા થકી પણ વેદવાણી ઉત્તમ કે જે શ્રી નારાયણથકી પ્રકટી છે. માટે એ ઘણી ઉત્તમ, ને એ વેદવાણીથકી તો વ્રજભાષા ઘણી ઉત્તમ માનવી. તે શા માટે કે વેદ તો શ્રી નારાયણની નિદ્રાવસ્થામાં શ્વાસોચ્છ્વાસથકી પ્રકટ થયા છે, ને વ્રજભાષા તો તે શ્રી નારાયણના પણ કારણરૂપ જે શ્રી પૂર્ણપુરુષોત્તમ, જે શ્રી વ્રજરાજ, જે શ્રી કૃષ્ણચંદ્ર તેમણે જાણી સમજીને શ્રીમુખે ઉચ્ચાર કરી છે, માટે શ્રેષ્ઠ, ને સંસ્કૃત તો દેવવાણી છે." (૭૦૮.)

તુલસીદાસજીને પણ પોતાના ચોપાઇબદ્ધ રામાયણમાં એવા મિથ્યાભિમાની "अहं च त्वं च" કરનારાઓ સામે પછેડીમાં છૂપાડી પથ્થર ફેંકવા પડ્યા છે. તેમ જ મહાકવિ પ્રેમાનંદને તો એવાઓ સામે છડેછોક અખાડામાં ઉતરવું પડ્યું છે. એવું કાંઈ પણ કરવાની બિહારીસતસઇના રચનાર કવિવર બિહારીદાસને ફરજ પડી હોય એમ જણાતું નથી. ઉલટા તેમના ગ્રંથની મોહનીથી આકર્ષાઈ બેત્રણ સંસ્કૃતભાષાવિશારદ પંડિતોએ તેમના ગ્રંથનો સંસ્કૃત પદ્યમાં અનુવાદ કર્યો છે.

સંસ્કૃત, મરાઠી કે ગુજરાતી ભાષા કરતાં હિંદીમાં સપ્તશતી (સતસઇ) એ નામવાળા ગ્રંથોની સંખ્યા વિશેષ છે એમ મારું માનવું છે. સંસ્કૃતમાં સહુથી પહેલી માર્કંડેયની સપ્તશતી જેને ચંડીપાઠ કહે છે તે, તેમ જ ગોવર્ધનસપ્તશતી જેના રચનાર ગોવર્ધનાચાર્યની કવિત્વશક્તિની ગીતગોવિંદના કર્તા પ્રસિદ્ધ જયદેવ કવિએ પ્રશંસા કરી છે તે પ્રસિદ્ધ છે. પ્રાકૃતમાં હાલકૃત ગાથાસપ્તશતી છે, જેની પ્રશંસા અનેક સંસ્કૃત કવિઓએ કરી છે. હિંદીમાં તુલસીસતસઈ, વૃંદસતસઈ, ચંદનરાયસતસઈ, વિક્રમસતસઈ, બિહારીસતસઈ અને પ્રસિદ્ધ પંડિત કવિ અંબિકાદત્તકૃત સુકવિસતસઈ ઉત્તમ ગણાય છે. ગુજરાતના પ્રસિદ્ધ કવિવર દયારામે પણ વ્રજભાષામાં એક સતસઈ રચેલી છે.

હિંદી સતસઇઓમાં જે વૃંદસતસઈ જણાવી છે, તે પણ દેશમાં અતિ પ્રસિદ્ધ એવો ઉત્તમ ગ્રંથ છે. ધ્રાંગધ્રા દરબારના આશ્રિત એક શાસ્ત્રીએ ઘણાં વર્ષપર એ ગ્રંથનો સંસ્કૃતમાં દોહરા તથા આર્યાછંદમાં અનુવાદ કર્યો છે. એ જ

હિંદી ગ્રંથનું કચ્છદેશાધિપતિ શ્રીમન્મહારાજાના સેક્રેટરી મારા મિત્ર સદ્‌ગત રા. છોટાલાલ સેવકરામે ગુજરાતી દોહરામાં ભાષાંતર કર્યું છે, તે જ પ્રમાણે તુલસી સતસઇનું પણ ગુજરાતી દોહરામાં તેમાંનો કૂટ ભાગ છોડી, તેમણે જ ભાષાંતર કરેલું છે, તે અમદાવાદના ગુજરાત ગેઝેટ પ્રેસમાં છપાઈ છે.

ઉપરની હિંદી સતસઇઓ મુખ્યત્વે કરીને દોહા છંદમાં જ હોય છે. સંસ્કૃતમાં જેમ અનુષ્ટુપ્ છંદ સાધારણ ગણાય છે, તેમ હિંદીમાં દોહા પણ સાધારણ છે. એવા દોહરાઓને ગુજરાતી કવિતામાં પ્રથમ દાખલ કરવાનું માન પ્રસિદ્ધ કવિ સામળભટ્ટને ઘટે છે. એ દોહાએ માત્ર સામળભટ્ટ જેવાનું જ મન આકર્ષ્યું છે, એમ નથી; પણ મહારાષ્ટ્ર ભાષાના સર્વોપરિ કવિ મોરોપંતનાં પણ ચિત્તનું આકર્ષણ કરેલું, તેથી જ તે કવિવરે એ રામાયણો દોહાછંદમાં રચ્યાં છે, એમ અનુમાન કરવામાં આવે તેમાં કાંઈ વાંધા જેવું જણાતું નથી. 'दोग्धि चित्तमितिदोहा' એ દોહા શબ્દની વ્યુત્પત્તિ છે, અને તેનો 'ચિત્તને જે દોહે છે એટલે દ્રવીભૂત કરે છે તે દોહા' એ અર્થ છે અને તે દોહાનું

> ''खट कल, तुरगौ, त्रिकलमपि, विषमपदे विनिधेहि ।
> समपादान्ते चैककलमिति दोहामवधेहि'' ॥

એ લક્ષણ છે. તેનો અર્થ એ છે કે, વિષમપદ એટલે પહેલા અને ત્રીજા ચરણમાં છ માત્રા, ચાર માત્રા અને ત્રણ માત્રા પણ રાખો અને સમપાદના અંતમાં એટલે બીજા ને ચોથા ચરણના અંતમાં એક એટલે ૬+૪+૧=૧૧ માત્રા રાખો. તાત્પર્ય એજ કે, તેના વિષમ ચરણમાં તેર તેર માત્રા અને સમચરણમાં અગિયાર અગિયાર માત્રા રાખી, એટલે દોહરો થયો એમ જાણવું. દોહરા તો અનેક કવિઓએ બનાવ્યા છે પણ જેમ અભંગ તે તુકારામના, શ્લોક વામનપંડિતના અને આર્યા મયૂરપંતની તેમ "दुहो बिहारीदास" એટલે દોહરા તે બિહારી કવિના જ, એ સર્વસંમત છે.

બિહારીદાસની બનાવેલી સતસઇમાં પોતે જેમજેમ દોહરા બનાવેલા, તેમ તેમ પુસ્તકમાં ઉતારેલા હોવાથી, તેમ જ બીજાઓએ ગમે તેમ ઉતારી લીધેલા હોવાથી તેમાં કોઈ ક્રમ ન હોવાથી એ ગ્રન્થના જૂદાજૂદા ટીકાકારોએ દોહરાનો ક્રમ પોતપોતાને રુચે તેમ રાખ્યો છે. એમ હોવાથી કોઈ દોહરાનો એક ટીકાકારે જે અર્થ કર્યો હોય, તેનો જ બીજા ટીકાકારે શો અર્થ કર્યો હશે તે ખોળવું બહુ કડાકુટિયું થઈ પડે છે. એવા જ પ્રકારનો બીજો ગ્રન્થ તે દાદુપંથી સુંદરદાસ નામના સાધુનો રચેલો સુંદરવિલાસ નામનો છે. તેમાં પણ જૂદેજૂદે સમયે તે કવિએ જે પ્રસ્તા-

.વિક કવિત્ત, કુંડળિયા અને સવૈયા વગેરે બનાવેલા, તે કોઈ ક્યાં ને કોઈ ક્યાં એમ વિખરાતા પડ્યા હતા. પછી એક બીજા સાધુએ તેને વિષયવાર ક્રમ પ્રમાણે ગોઠવી હાલમાં જોવામાં આવે છે તેવા રૂપમાં એ ગ્રન્થ આણ્યો. પણ ખુબી એ છે કે, એ સુંદરવિલાસ ગ્રન્થનાં કવિતાદિકનો ક્રમ સર્વમાન્ય જેવો થઈ પડ્યો, પણ સાત સુઇયાણીએ વેતર વંઠે, એ કહેવત પ્રમાણે બિહારીસતસઇના ટીકાકારોના દોહરાના ક્રમ તો બહુધા જૂદાજૂદા જ રહ્યા.

આ ગ્રંથપર (બિહારીસતસઇપર) જેટલા પંડિતો, વિદ્વાનો અને કવિઓ ટીકા, વ્યાખ્યા, વિસ્તાર અને સંસ્કરણ કરવા લલચાયા છે, તેટલા તો શું પણ તેથી અડધા પણ પ્રાચીન મરાઠી કે ગુજરાતી કોઈ પણ મહાકવિના ગ્રંથપર કરવા આકર્ષાયા હોય એવું જોવામાં આવતું નથી. એ ટીકાકારો વગેરેમાંના કેટલાએક સંસ્કૃત પદ્યમાં, કેટલાએક હિંદી કવિત્ત, સવૈયા તથા કુંડલિયામાં અને કેટલાએક હિંદી ગદ્યમાં ટીકા કીધી છે. તેની સંખ્યા "બિહારીવિહાર"માં ગણાવેલી અઠ્ઠાવીસ ટીકામાં પ્રસિદ્ધ પંડિત જ્વાલાપ્રસાદની પાછળથી પ્રસિદ્ધ થયલી "ભાવાર્થદીપિકા" ઉમેરતાં ૨૯ થાય છે, અને બિહારીવિહાર પણ જો મેળવિયે તો ૩૦ થાય છે.

૧. આજમશાહી સતસઈ—એ સઘળા ટીકાકારો વગેરેમાં ઔરંગજેબના ત્રીજા પુત્ર આજમશાહે તે સમયમાં વિદ્યમાન કાવ્યશાસ્ત્રજ્ઞ કુશળ કવિઓને નિયત કરી જે ટીકા રચાવેલી છે અને જે આજમશાહી સતસઈ એ નામથી પ્રસિદ્ધ છે, તેનો ક્રમ સર્વોત્તમ છે. પંડિત લલ્લુલાલ, પંડિત અંબિકાદત્ત વ્યાસ અને પંડિત જ્વાલાપ્રસાદ જેવા વિદ્વાનોએ આજમશાહીસતસઇનો ક્રમ પસંદ કરી પોતે કરેલા ટીકા ગ્રન્થમાં તેજ સ્વીકાર્યો છે. એ ટીકાગ્રન્થમાં ચાર પ્રકરણ છે. તેમાં પહેલા પ્રકરણમાં નાયકનાયિકાવર્ણનના ૨૦૫ દોહરા છે; બીજા પ્રકરણમાં સંયોગ તથા વિપ્રલંભ શૃંગારના વર્ણનના ૨૩૪ દોહરા છે; ત્રીજા પ્રકરણમાં શિખનખવર્ણન તથા ઋતુવર્ણનના ૧૫૧ દોહરા છે, અને ચોથા પ્રકરણમાં પ્રસ્તાવિક, અન્યોક્તિ અને નૃપસ્તુતિના ૧૩૬ દોહરા છે; એમ જોતાં દોહરાની એકંદર સંખ્યા ૭૨૬ થાય છે.

૨. જુલ્ફીકારકૃત સતસઈ ટીકા—ઔરંગજેબની પછી તેના તખ્તપર તેના વડા પુત્ર બહાદુરશાહને અને તેની પછી જહાંદારશાહને ગાદીપર બેસાડવામાં જે અમીર અગ્રગણ્ય હતો, તે જ આ જુલ્ફકાર હોવો જોઇયે. રોપર લેથબ્રીજ એમ. એ, સી. આઈ. ઈ પોતાના હિંદુસ્તાનના ઇતિહાસમાં લખે છે કે,

"Zulfikar was the Wazir of the Emperor Jahandar Shah, and possessed more real power than his master."

એટલે જુલ્ફીકાર તે જહાંદારશાહ પાદશાહનો વજીર હતો અને પાદશાહ કરતાં પણ વધારે ખરી સત્તા તેની હતી. તેનો જન્મ સન ૧૬૫૭ માં અને મરણ સન ૧૭૧૩ માં થયું હતું. બિહારીસતસઈપર ટીકા કરનારાઓમાં આ ઘણો જૂનો છે.

૩. પ્રબંધઘટના—રાજા ગોપાલશરણ એ વ્યાખ્યાના રચનાર સન ૧૭૦૦માં હતા.

૪. અનવરચન્દ્રિકા—નવાબ અનવરખાંને માટે તેની દરબારના કમલનયન વગેરે કવિઓએ આ ટીકા રચી છે. એ "ટીકા-ગ્રંથ" તો નામનો જ છે, પણ ખરું જોતાં એ એક સાહિત્ય પ્રબંધ છે. એમાં નાયકનાયિકાભેદ તથા રસાલંકારનાં લક્ષણોનાં ઉદાહરણ તરીકે બિહારીના દોહરા ઘટાવીને જે લક્ષણોનાં ઉદાહરણ બિહારીમાંથી ન મળ્યાં, તે પ્રસિદ્ધ કવિ મતિરામ ત્રિપાઠીના ગ્રંથમાંથી કોઈ કોઈ લીધેલાં અને કોઈ કોઈ ટીકાકારે પોતે રચીને પણ દાખલ કર્યા છે. એ ગ્રંથ સંવત્ ૧૭૭૧ માં બનાવવામાં આવ્યો છે. આજમશાહીસતસઈમાં જ્યારે આખા ગ્રંથનાં ચાર પ્રકરણ છે ત્યારે આ અનવરચંદ્રિકામાં તેના સોળ ભાગ કરી તે દરેકને પ્રકાશ એ નામ આપવામાં આવ્યું છે. તેમાં પ્રકાશ પહેલામાં મંગલાચરણ, બીજામાં સાધારણ નાયિકાવર્ણન, ત્રીજામાં શિખનખવર્ણન, ચોથામાં ત્રિવિધનાયિકાવર્ણન, પાંચમામાં અષ્ટનાયિકાવર્ણન, છઠ્ઠામાં રૂપગર્વિતા તથા પ્રેમપ્રશંસાવર્ણન, સાતમામાં માનિનીવર્ણન, આઠમામાં સુરત તથા સુરતાંતવર્ણન, નવમામાં પરકીયાવર્ણન, દશમામાં દશદશાવર્ણન, અગિયારમામાં સાત્વિકભાવ વર્ણન, બારમામાં મદ્યપાનવર્ણન, તેરમામાં હાવવર્ણન, ચૌદમામાં નવરસાદિવર્ણન, પંદરમામાં ખટઋતુવર્ણન, અને છેલ્લા એટલે સોળમા પ્રકાશમાં પ્રસ્તાવિક તથા અન્યોક્તિ વર્ણન છે. એ ટીકા ગ્રંથમાં અલંકારાદિકનું સ્પષ્ટીકરણ બહુ સારી રીતે કરવામાં આવ્યું છે.

૫. સાહિત્યચંદ્રિકા—પન્નાના રાજાનો આશ્રિત કરણભટ્ટ ભાટ, જે સન ૧૭૩૭ માં વિદ્યમાન હતો તેની બનાવેલી એ ટીકા છે.

૬. રઘુનાથકૃત ટીકા—પ્રખ્યાત કવિ બંદીજન (ભાટ) રઘુનાથે એ ટીકા બનાવી છે. એ સંવત્ ૧૮૦૨ માં કાશીમાં હતો., એણે રસિકમોહન, જગમોહન અને કાવ્યકલાધર વગેરે ઉત્તમ મનોરંજક ગ્રન્થો રચ્યા છે. કાશીરાજ મહારાજ વરિવંડસિંહે એની કવિતાથી પ્રસન્ન થઈ એક ગામ બક્ષીસ આપ્યું હતું.

૭ રસચંદ્રિકા—નવાબ ઇસવીખાં અથવા તેના કોઈ આશ્રિત કવિએ એ ટીકા સંવત્ ૧૮૦૯ માં બનાવી. એમાં દોહરા અકારાદિ ક્રમથી રાખવામાં આવ્યા છે.

૮ હરિપ્રકાશટીકા—એનો રચનાર હરિચરણદાસ બિહારમાં સારણ જિલ્લાનો રહેનાર હતો. બિહારીના હૃદયનો આશય પ્રગટ કરવામાં, અને તેના દોહરામાં

રહેલી કોઈ કોઈ કઠિનતાનો ખુલાસો કરવામાં, આની તુલનામાં આવી શકે એવી બીજી કોઈ ટીકા જોવામાં આવી નથી. બિહારીસતસઇના અર્થ સમજવામાં જેને કુશળતા પ્રાપ્ત કરવી હોય, તેણે આ ગ્રન્થનો અવશ્ય અભ્યાસ કરવો જોઈએ.

૯ લાલચંદ્રિકા–એ ટીકાના રચનાર આગરાવાસી પંડિત લલ્લુજીલાલ ગુજરાતી ઔદિચ્ય બ્રાહ્મણ હતા. તેમના પિતાનું નામ ચૈનસુખજી હતું. બિહારીની બીજી ટીકાઓમાંની કોઈ કોઈ અમુક બાબતમાં એનાથી (લલ્લુજીલાલનીથી) ચઢતી ભલે હોય, પણ સઘળી બાબતનો વિચાર કરતાં લાલચંદ્રિકા લોકને અધિક પ્રિય થઈ છે, તે વિનાકારણ નથી એમ સહેલથી સમજી શકાય તેમ છે. જૂદા જૂદા મુદ્રાલયોમાંથી જેટલી એ ટીકાની આવૃત્તિઓ બહાર પડી છે તેટલી બિહારીની બીજી કોઈ પણ ટીકાની આવૃત્તિઓ બહાર પડી હોય એમ જણાતું નથી. એ ટીકાગ્રન્થ સિવાય ૧ પ્રેમસાગર, ૨ સિંહાસનબત્રીસી, ૩ વૈતાલપચ્ચીસી, અને ૪ માધવાનલ વિગેરે ભાષાંતરરૂપ ગ્રન્થો તેમના પ્રસિદ્ધ છે. હિંદી ગદ્યના આ ગુજરાતી બ્રાહ્મણ પિતારૂપ ગણાય છે. લલ્લુજીલાલ સંવત્ ૧૮૫૭ માં વિદ્યમાન હતા.

૧૦ સરદારકવિકૃત ટીકા–કાશીના પ્રસિદ્ધ સરદાર કવિએ એ ટીકા રચી છે. તે સંવત્ ૧૯૩૮ માં વિદ્યમાન હતો. ધ્રાંગધ્રાના સ્વર્ગસ્થ મહારાજ રણમલ્લસિંહ જ્યારે કાશીયાત્રા કરવા પધારેલા, ત્યારે તેમણે એ કવિની કવિતાથી પ્રસન્ન થઈ તેનો સારો સત્કાર કર્યો હતો. કવિપ્રિયાની ટીકા જે સરદાર કવિની રચેલી છે તે પરથી જણાય છે કે, કાશીરાજ મહારાજ ઈશ્વરી નારાયણસિંહનો એ સભાકવિ હતો. એનામાં કવિત્વશક્તિ કરતાં પાંડિત્ય અથવા વિદ્વત્તા વધારે જોવામાં આવે છે. એના પિતાનું નામ હરિજન હતું. સરદાર કવિનો શિષ્ય નારાયણદાસ પણ કવિ તેમ જ વિદ્વાન્ હતો. સરદાર કવિના રચેલા, ભાષાંતર કરેલા અને સંગ્રહિત ગ્રન્થો આ પ્રમાણે છેઃ–૧ સાહિત્યસરસી, ૨ હનુમદ્ભૂષણ, ૩ તુલસીભૂષણ, ૪ માનસભૂષણ, ૫ કવિપ્રિયા ટીકા, ૬ રસિકપ્રિયા ટીકા, ૭ બિહારીસતસઈ ટીકા, ૮ શૃંગાર સંગ્રહ, ૯ મુક્તાવલી નામના સંસ્કૃત ન્યાય ગ્રન્થનો અનુવાદ (દોહા, ચોપાઈ, કવિત્તમાં), અને ૧૦ સૂરદાસજીનાં ૩૮૦ કૂટ પદોની ટીકા. એમાંની સાહિત્યસરસીમાં મહારાજ રણમલ્લસિંહજીનાં બનાવેલાં ગંગાજીનાં કવિત્ત પણ ઉત્તમ છે. કવિપ્રિયા ટીકા ગુરુશિષ્યે એટલે સરદાર કવિ તથા તેમના શિષ્ય નારાયણદાસે મળીને રચી છે.

એ સિવાય ૧૧ યુસફખાંકૃત ટીકા, ૧૨ રામબક્ષકૃત ટીકા, ૧૩ વૈદ્યક ટીકા જે એક છોટુરામ નામના વિદ્વાને કરેલી, જેમાં બધા દોહરાનો અર્થ વૈદ્યક-

પર લાગુ કરવામાં આવ્યો છે તે, તેમ જ ૧૪ દેવકીનંદન ટીકા, ૧૫ **પ્રભુદયાલ** પાંડેકૃત ટીકા, ૧૬ કાશીવાસી પ્રસિદ્ધ બાબુ **જગન્નાથપ્રસાદ**કૃત **બિહારીરત્નાકર** અને ૧૭ પંડિત **જ્વાલાપ્રસાદ**કૃત **ભાવાર્થબોધિની** એ છે.

પદ્યટીકા

૧ **અમરચંદ્રિકા**–એ ટીકાનો રચનાર **આગરાવાસી સુરતિમિશ્ર** નામનો એક કાન્યકુબ્જ બ્રાહ્મણ હતો. **જોધપુરના** મહારાજ **અભયસિંહજી** જેણે સંવત્ ૧૭૮૦ થી તે સંવત્ ૧૮૦૬ સુધી રાજ કર્યું, તેના દીવાન **નાહ્ટૂલા** ભંડારી **અમરચંદજી** એ કવિના આશ્રયદાતા હતા. તેથી તેમનું નામ અમર રાખવાને કવિએ એ ટીકા-ગ્રન્થને **અમરચંદ્રિકા** નામ આપ્યું હોય, એમ અનુમાન થાય છે. એ ટીકા દોહરા તથા સોરઠામાં છે. સુરતિમિશ્ર મહાન્ કવિ હતો. એ ટીકાગ્રન્થમાં સાહિત્ય-શાસ્ત્ર સંબંધી જેવાં શંકાસમાધાન છે તેવાં **બિહારીસતસઈપરના** કોઇપણ બીજા ટીકાગ્રન્થમાં નથી. ખરેખર! સુરતિમિશ્ર સાહિત્યશાસ્ત્રમાં કુશળ હતો. સંવત્ ૧૭૯૪ માં એ કવિ વિદ્યમાન હતો. ઉપરોક્ત અમરચંદ્રિકા શિવાય ૧ **સરસરસ**, ૨ **નખશિખ**, ૩ અલંકારમાલા, ૪ વૈતાલપચ્ચીસી અને ૫ કવિપ્રિયાની ટીકા, એટલા ગ્રન્થ એના બનાવેલા છે.

૨ **કૃષ્ણદત્ત કવિકૃત ટીકા**–આ કવિ મથુરાનો બ્રાહ્મણ હતો. સવાઈ **જય**-સિંહના મંત્રી **આયામલ્લનો** એ આશ્રિત હતો. એ ટીકામાં **બિહારીના** દોહરાનો કવિત્ત અથવા સવૈયાથી વિસ્તાર કરેલો જોવામાં આવે છે. તેમાં "**कहलाने** एकत रहत" એ શબ્દોથી શરુ થતા **લાલચંદ્રિકામાંના** ૫૬૯ મા દોહરાપર કવિત્ત કે સવૈયો કૃષ્ણદત્તે ન રચતાં, તે ઠેકાણે કવિપ્રિયામાંનો "एक भूतमय होत" એ **જોડ** મલી-નાનો છપ્પય* મૂકી દીધો છે. કૃષ્ણદત્ત ઉત્તમ કવિ હતો. એની ટીકામાં એક વિશેષતા જોવામાં આવે છે, તે એ કે દોહરાના જે અનેક ભેદ થાય છે તેમાંના

---

*નામ	ગુરુ લઘુ	નામ	ગુરુ લઘુ	નામ	ગુરુ લઘુ
૧ ભ્રમર ...	૨૨– ૪	૮ નર ...	૧૫–૧૮	૧૫ કચ્છપ ...	૮–૩૨
૨ ભ્રામર ...	૨૧– ૬	૯ હંસ ...	૧૪–૨૦	૧૬ મચ્છ ...	૭–૩૪
૩ શરભ ...	૨૦– ૮	૧૦ મદકલ ...	૧૩–૨૨	૧૭ શાર્દૂલ ...	૬–૩૬
૪ શ્યેન ...	૧૯–૧૦	૧૧ પયોધર ...	૧૨–૨૪	૧૮ અહિવર....	૫–૩૮
૫ મંડૂક ...	૧૮–૧૨	૧૨ ચલ વા બલ.	૧૧–૨૬	૧૯ વ્યાલ ...	૪–૪૦
૬ મર્કટ ...	૧૭–૧૪	૧૩ વાનર ...	૧૦–૨૮	૨૦ બિડાલ ...	૩–૪૨
૭ કરભ ...	૧૬–૧૬	૧૪ ત્રિકલ ...	૯–૩૦	૨૧ શ્વાન ...	૨–૪૪

મુખ્ય જે એકવીસ* ભેદ, જેનો બાવીસ ગુરુ અને ચાર લઘુ અક્ષરથી આરંભ થઈ એકએક ગુરુ ઘટાડતાં ને બબ્બે લઘુ વધારતાં છેવટ બે ગુરુ ને ચુમ્માલીસ લઘુથી અંત આવે છે, અને જેમનાં નિરનિરાળાં નામ આપવામાં આવ્યાં છે, તે પિંગલશાસ્ત્રના નિયમને અનુસરી ગુરુલઘુ વર્ણોની સંખ્યાપરથી મૂલ બિહારીના દોહરાના ગુરુલઘુ વર્ણોની સંખ્યા મેળવી જોઈ, તેમને ભ્રમરશરભાદિક નિરનિરાળાં નામ આપ્યાં છે.

૩–પઠાણ સુલતાન કૃત–સુલતાનપઠાન ભોપાલમાં રાયગઢ નામે જિલ્લાનો નવાબ હતો એમ કહેવાય છે. તેના દરબારના **ચંદ્ર** નામે કવિએ કુંડલિયા છંદમાં બિહારીના દોહરાનો વિસ્તાર કર્યો છે. જેમ ચોપાઈ અથવા પાદાકુલક સાથે ત્રિભંગી છંદ સિંહાવલોકિત રીતે જોડ્યાથી હુલ્લાસ નામે છંદ ગણવામાં આવે છે, તેમ દોહરા સાથે રોલા વગેરે છંદો જોડવાથી કુંડલિયા† વગેરે છંદો બને છે. ૭ પદ મળીને ૧૪૪ માત્રાનો જે અમૃતધ્વનિ છંદ બને છે, તેજ વર્ગનો કુંડળિયો પણ છે. હાસ્યપંચરત્ન નામે એક ગ્રન્થ દ્વિજરાજ મહારાજશ્રીપાંચ કૃષ્ણલાલજી તરફથી બનારસ અંજુમન યંત્રાલયમાં સંવત્ ૧૯૪૦ માં છપાયો છે, તેમાં જે પઠાણ સુલતાનકૃત પાંચ કુંડલિયા છપાયા છે, તે જ પંડિત અંબિકાદત્તનો બિહારીબિહાર જે સંવત્ ૧૯૫૫ માં છપાયો છે, તેમાં પણ પ્રકટ થયલા જોવામાં આવે છે. શ્રીયુત ડા૦ ગ્રીયરસનના જોવામાં પઠાણ સુલતાનનો માત્ર એક જ કુંડલિયો આવ્યો છે, એમ તેમના જ લખાણ ઉપરથી જણાય છે. બિહારીના દોહરાનો કુંડળિયાથી વિસ્તાર બહુએ કર્યો છે, તેનો કંઇક ખ્યાલ વાંચનારને આવી શકે માટે પઠાણ સુલતાનકૃત એક કુંડલિયો નીચે આપ્યો છેઃ—

"मेरी भवबाधा[1] हरौ[2], राधा नागरि[3] सोय ।
जातनकी[4] झाँई परे[6], श्यामहरित दुति[7] होय" ॥

---

* જેવા દોહરાના ૨૧ ભેદ ઉપર જણાવ્યા તે જ પ્રમાણે અજયવિજયાદિ ૭૧ ભેદ છપ્પયના પણ પ્રાચીન પિંગળ ગ્રંથોમાં જોવામાં આવે છે.

† જેમને માત્રા છંદોની ધુન બરાબર બેઠેલી નહિ એવા કેટલાક ગૂર્જર આધુનિક કવિઓએ કુંડળિયા, હરિગીત, છપ્પય, તથા દિંડી વગેરે છંદોમાં ઠોકર ખાધેલી પિંગળશાસ્ત્ર જાણનારને સહજ સમજવામાં આવે તેમ છે. તે જ કવિઓએ સંસ્કૃત ઘાટીના જે છંદો બનાવેલા છે તેમાં છંદોભંગદોષ જોવામાં આવતો નથી, કારણ કે તેની ધુન તેમના કાનમાં સારી રીતે રમી રહેલી. પિંગળશાસ્ત્રની કે સાહિત્યશાસ્ત્રની મર્યાદાનું ઉલ્લંઘન કરી અનુપ્રાસ વગરની સંન્યાસીના માથા જેવી અને દોષયુક્ત કવિતા લોકસમૂહને લેશ પણ પ્રિય થઈ પડે એમ જણાતું નથી.

૧ સંસાર–જન્મનાં દુઃખ. ૨ નાશ કરો–મટાડો. ૩ ચતુરા. ૪ જેના તન–શરીરનું. ૫ પ્રતિબિંબ. ૬ પડવાથી. ૭ પ્રસન્ન કાન્તિ.

"श्याम हरित दुति होय, कटैं सब कलुषे कलेसैं ।
मिटै चित्तको भरम, रहै नहिं कछुक अँदेसा ॥
कह पठान सुलतान, काटुं यमदुखेंकी बेरी" ।
राधा बाधा हरेंहुं, हहा बिनती सुनुं मेरी" ॥ १ ॥

એમાં પ્રથમનાં બે પદ જેના ટીકાકારોએ અનેક અર્થ કર્યા છે તે બિહારીનો મૂળ દોહરો છે અને તેની નીચેના રોલા છંદના ચાર-ચરણ પદ પઠાણ સુલતાનનાં છે. પઠાણ સુલતાન સંવત્ ૧૭૬૦ માં વિદ્યમાન હતો.

૪ રસકૌમુદી—એના રચનાર અયોધ્યાના મહંત બાબા જાનકીપ્રસાદ છે. તેમનું કવિતાનું નામ રસિકબિહારી છે. એ પ્રસિદ્ધ કવિ છે, અને એના બનાવેલા રસકૌમુદી, સુજસકદંબ વગેરે ગ્રંથો છપાઈ પ્રસિદ્ધ પણ થયા છે. કૃષ્ણદત્ત કવિની પેઠે જ એણે પણ બિહારીસતસઇમાંથી ૩૬૬ દોહરા ચૂંટી કાઢી તેપર કવિત્ત તથા સવૈયા રચી તેને રસકૌમુદી એ નામ આપ્યું છે. કવિ રસિક બિહારી માત્ર નામનાજ છે કે ખરેખરા રસિક છે, તે માત્ર બિહારીના એક જ દોહરાના બનાવેલાં કવિત્ત ઉપરથી વાંચનારના ધ્યાનમાં આવે તેમ હોવાથી તે નીચે આપવામાં આવે છે.

बिहारीनो दोहरो.

"कहत सबै कवि कमलसे, मोमति नैन पखान ।
न तरक कत इनि विय लगत, उपजत बिरह कृसान" ॥

અર્થ—નાયિકા સખી પ્રત્યે કહે છે કે, સઘળા કવિઓ નેત્રને કમલ સરખાં કહે છે પણ મારે મતે તો તે પાષાણ છે; નહિતર એ બે લાગતાં જ વિરહાગ્નિ કેમ ઉપજે છે?

रसिक बिहारीनुं कवित्त.

"एरी मेरी बीरं अति कठिन सनेहपीरं ।
करत बिहालं ज्वाल अंगनं बढतहैं ॥
रसिक बिहारी अति अलखं अनूपं न्यारी ।
होवै दिलदारं याको भेद सो लहते है ॥

૮ કપાય છે. ૯ પાપ. ૧૦ ક્લેશ. ૧૧ કાપો. ૧૨ જમના દુઃખની. ૧૩ બેડી. ૧૪ હરણ કરો-નાશ કરો. ૧૫ સાંભળો.

૧ સખી. ૨ પ્રેમની પીડા. ૩ બેસુદ્ધ. ૪ અંગોમાં. ૫ વધે છે. ૬ લક્ષમાં ન આવે એવી. ૭ ઉપમા આપી ન શકાય તેવી. ૮ પ્રેમી-દરદી. ૯ સમજે છે.

मो मति निसंकै[10] नैन जुगलै[11] पषानैं[12] हैं ये[13] ।
कमल समान वृथा कोविदैं[14] कहत है ॥
नातरैं[15] न पाहनलौं[16] कतैं[17] बियै[18] लागतही[19] ।
तीखी[20] अति बिरहैकृसानु[21] उपजत है" ॥

રસિક બિહારીની કવિત્વશક્તિનું આ ઉપરથી અનુમાન થઈ શકે તેમ છે.

૫. એ ટીકાકારો સિવાય ગંગાધર નામના કવિએ ઉપસતસૈયા નામે એપર ટીકાગ્રન્થ પદ્યમાં કર્યો છે. ૬ ભારતેંદુ બાબુ હરિશ્ચંદ્રે "સત્સઈ શૃંગાર" બનાવ્યો છે, તેમાં પણ બિહારીના કેટલાક સો દોહરાપર કુંડલિયા જોવામાં આવે છે. ૭. જોખૂરામકૃત કુંડળિયા—એ જોખૂરામ નામના બ્રાહ્મણે કેટલાક દોહરાપર કરેલા કુંડળિયા છે. ૮. શાહજાદા બાબા સુમેરસિંહ નાનક પંથીએ ત્રીસેક દોહરાપર કુંડળિયા બનાવ્યા છે.

૯. **બિહારીબિહાર**—ભારતરત્ન પંડિત અંબિકાદત્ત વ્યાસે બિહારીના તમામ દોહરાપર કુંડળિયા બનાવી, તેને બિહારીબિહાર એ નામ આપ્યું છે. જેટલાએ બિહારીના દોહરાપર કુંડળિયા બનાવેલા પાછળ જણાવ્યા છે, તેમાંના કોઈનો, આ બિહારીબિહાર સિવાય, પૂરો ગ્રન્થ મેળવી શકાય તેમ જણાતું નથી. જ્યાં સત્સઈમાં કોઈ કોઈ સ્થળમાં સોરઠા* છે ત્યાં તેનો દોહરો કરી પછી કુંડળિયો બનાવ્યો છે. વ્યાસજીએ અનેક સ્થળમાં એક દોહરાપર એક જ દોહરો બનાવ્યો છે એમ નથી. માત્ર પહેલા જ દોહરાપર તેના નિરનિરાળા અર્થને અનુકૂલ એવા આઠ કુંડળિયા બનાવ્યા છે. જેમ સમસ્યાપૂર્તિમાં બીજાનાં આપેલાં ત્રણ ચરણમાં માત્ર પોતાની તરફનું એક જ ચરણ કવિ ઉમેરે, અથવા છેલ્લું એક ચરણ આપવામાં આવ્યું હોય, તેમાં જે ચરણો ઘટતાં હોય તે કવિ પોતાની બુદ્ધિથી પૂરાં કરી આપે, તેમાં કાવ્યચોરી કવિએ કરી એમ ગણી શકાય નહિ. તે જ પ્રમાણે આ બિહારીના દોહરાના કુંડળિયાકારોની બાબતમાં સમજવું. પ્રખ્યાત જૈન પંડિત સાહિત્યાચાર્ય વાગ્ભટના† મતને અનુસરી આ અભિપ્રાય આપવામાં

---

૧૦ શંકા વગરની. ૧૧ બે. ૧૨ પાષાણ. ૧૩ એ. ૧૪ પંડિત. ૧૫ નાહિતર. ૧૬ પથ્થરની પેઠે. ૧૭ સં-कुतःનો અપભ્રંશ-કેમ. ૧૮ બેઉ. ૧૯ લાગતાં વેંત જ. ૨૦ તીક્ષ્ણ. ૨૧ વિરહાગ્નિ.

* "सोरठा छंदस्तु विपर्यस्त दोहा वृत्तेन भवति॥"

† "परकाव्यगृहोऽपि स्यात् समस्यायां कवेर्गुणः ।
अर्थं तदर्थानुगतं नवं हि रचयत्यसौ" ॥ १३ ॥ वाग्भटालंकारः

અર્થ—પરાયા કાવ્યના અર્થ અથવા પદાદિનું ગ્રહણ સમસ્યામાં એટલે સમસ્યાપૂર્તિમાં કરવામાં આવે, તે કવિનો ગુણ જાણવો; પણ તેણે ચોરી કરી એમ ન જાણવું, કારણ કે તે સમસ્યાના અર્થને અનુસરતી નવીન અર્થની રચના કરે છે.

આવ્યો છે. વ્યાસજીએ સંસ્કૃતમાં તેમ જ ભાષામાં સાંખ્યસાગરસુધા, પાતંજલ પ્રતિબિંબ, રેખાગણિત ભાષા, ભાષાભાષ્ય, સાંખ્યતરંગિણી, તર્કસંગ્રહ ભાષા, પ્રાકૃતપ્રવેશિકા, પ્રાકૃત ગૂઢશબ્દકોષ, બાલવ્યાકરણ, લલિતા નાટિકા, સામવત નાટક અને સુકવિ સતસઈ વગેરે ૭૮ ગ્રન્થો બનાવ્યા છે. તે ઉપરથી તેમની કવિત્વશક્તિ તથા પાંડિત્યની તુલના કરવાનું બની આવે છે. વાદયુદ્ધમાં પણ પંડિતજી એમ જ ગાંજ્યા જાય એવા ન્હોતા. હિંદી સાહિત્યની ખિલવણીને અર્થે વ્યાસજીએ કરેલો પરિશ્રમ ખરેખર સ્તુત્ય છે.

સંસ્કૃત ટીકા.

૧. આર્યાગુમ્ફ—કાશિરાજ મહારાજ ચેતસિંહનો કોઈ આશ્રિત પંડિત હરિપ્રસાદ નામે હતો. તેણે મહારાજાની આજ્ઞાથી બિહારીસતસઈના દોહરાનો સંસ્કૃત આર્યામાં અનુવાદ કર્યો અને તે ગ્રન્થને આર્યાગુમ્ફ એ નામ આપ્યું. એ ગ્રન્થ પંડિત શ્રી ગટ્ટુલાલજીના પુસ્તકાલયમાં મારા મિત્ર નરહર વિષ્ણુ વાઇકર બી. એ., જે પંઢરપુરની અંગ્રેજી શાળામાં સંસ્કૃતાધ્યાપક છે, તેમણે મને દેખાડ્યો હતો. એ પુસ્તક ક્યારે રચવામાં આવ્યું, તે વિષે પોતાના ગ્રન્થના અંતમાં પંડિત હરિપ્રસાદ જણાવે છે કે,

> "श्रीचेतसिंहवचनादकारि भाषानुसारि सुखवचनैः ।
> आर्याभिरेष गुम्फो मुनिगुणवसुचंद्रमितवर्षे" ॥

સંવત્ ૧૮૩૭ માં મહારાજ શ્રી ચેતસિંહના કહેવાથી ભાષા ગ્રન્થાનુસાર આ આર્યાગુમ્ફ બનાવ્યો. બિહારીએ જે જે દોહરામાં પોતાના આશ્રયદાતાનું નામ લખી પ્રશંસા કરેલી, ત્યાં ત્યાં હરિપ્રસાદે જાણે જયશાહનો પર્યાય ચેતસિંહ હોય, તેમ તેનું નામ આર્યામાં લખ્યું છે. પ્રસિદ્ધ પંડિત અંબિકાદત્ત વ્યાસ લખે છે કે, એ પંડિત હરિપ્રસાદ વગેરે ટીકાકારો બિહારીના એક બે દોહરાનો આશય સમજ્યા નથી, તેથી બિહારીએ કરેલી વ્યાજસ્તુતિ તે પ્રશંસા જ સમજ્યા છે. તે દોહરા કયા, તે નીચે પ્રમાણે:—

> "चलत पाइ निगुनी गुनी, धन मनि मोतीमाल ।
> भेट भये जय साहसों, भाग चाहियत भाल" ॥
> "रहति न रन जयसाह मुख, लखि लाखनकी फौज ।
> जाँचि निराखरऊ चलै, लै लाखनकी मौज" ॥

અર્થ-ગુણી અને નિર્ગુણી પુરુષો પણ ધન, રત્ન અને મોતીની માળા મેળવી

ચાલતા થાય છે. પ્રારબ્ધમાં લખેલું હોય તો. અથવા જયશાહની ભેટ થઈ એટલે શું ભાલમાં ભાગ્યનું પ્રયોજન રહે છે? નથી રહેતું. અર્થાત્ વિધાતાના અક્ષરને પણ ભૂસી નાંખવા સમર્થ એવો જયશાહ છે. જયશાહનું મુખ દેખી લાખો માણસોની ફોજ રણમાં ઉભતી નથી, તોપણ રાજા જયશાહ પાસેથી માંગીને તો મૂર્ખ પણ લાખોની મોજ લઈ જાય છે.

ઉપરોક્ત બે દોહરાના તાત્પર્યસંબંધમાં વ્યાસજી કહે છે કે,

"यह व्यंगभी बिहारीने ऐसा छिपा छिपा मारा है कि प्रायः हरिप्रसादादि व्याख्याकार पंडितोंने प्रशंसाही समझी और बिहारीके तात्पर्य तक न पहुंच सके. सच पूछिये तो मिरजा जयसिंह ऐसे महाराजने बिहारी ऐसे महाकविको बिहारी सतसई ऐसे अपूर्व ग्रंथपर सातसौ अशर्फी दी तो क्या दिया? कुछ न दिया. धन्य थे महाराष्ट्रराज शिवाजी, जिनने भूषणको एक कवित्तपर बावन हाथी दिये."

અર્થ—એ વ્યંગ પણ બિહારીએ એવું છાનું છાનું માર્યું છે કે, પ્રાયઃ હરિપ્રસાદાદિ વ્યાખ્યાકાર પંડિતોએ પ્રશંસા જ સમજી લીધી અને બિહારીના તાત્પર્ય સુધી ન પહોંચી શકયા. સાચું પૂછિયે તો મિરજા જયસિંહ જેવા મહારાજાએ બિહારી જેવા મહાકવિને બિહારી સતસઈ જેવા અપૂર્વ ગ્રંથપર સાતસો મોહોર આપી તો શું આપ્યું? કાંઈ ન આપ્યું. ધન્ય તો મહારાષ્ટ્રરાજ શિવાજીને, કે જેણે ભૂખણને એક કવિત્ત બદલ બાવન હાથી આપ્યા.

* પંડિત અંબિકાદત્તે જે તાત્પર્ય કાઢયું છે, તે મને ઠીક નથી જણાતું. તેનાં કારણો નીચે પ્રમાણે છેઃ—

૧.—"જેટલા દોહરા બનાવવામાં આવશે, તેટલી સુવર્ણમુદ્રા આપવામાં આવશે." એમ વ્યવહારકુશળ મહારાજા જયસિંહે બિહારીલાલ કવિને ચોખ્ખે ચોખ્ખું આગળથી જણાવેલું હોવાથી, તેને જેમ વ્યાસજી જણાવે છે તેમ ગુપ્ત રીતે વંચનબાણ ફેંકવાને તેવું કાંઈ કારણ જણાતું નથી.

૨. બીજું—વ્યાસજીનું તાત્પર્ય ખરું છે એમ સ્વીકારતાં, માત્ર હરિપ્રસાદાદિ પ્રાચીન ટીકાકારોનીજ ઉપરના બે દોહરાનો મર્મ સમજવાની અશક્તિનું દર્શન થાય છે એમ નથી, પણ જે મહારાજ જયસિંહ "नहि पराग नहि मधुरमधु" એ

* મારો એવો અભિપ્રાય નથી કે, એ દોહરાની કિંમત માત્ર એક મોહોર જ છે. એ એક એક દોહરો તે એકેક રત્ન છે, તેની કિંમત આંકવી એ સહેલું નથી.

પ્રથમ ચરણવાળા દોહરાનો મર્મ સમજી શકયો, તે ઉપર જણાવેલા જેવા બે દોહરાનો મર્મ કળી શક્યો નહિ, એમ સ્વીકાર કરવાનો પ્રસંગ આવે છે.

૩. કવિ બિહારીલાલ કહે છે કે,

"दीरघ सांस न लेहि दुख, सुख सांई हि न भूल।
दई दई क्यौं करतु है, दई दई सु कबूल" ॥ ૬૦૫ ॥

હે મન! દુઃખથી તું લાંબા શ્વાસ મા લે, સુખરૂપ સદાનંદરૂપ—ભગવાનને ના ભૂલ. હા દૈવ! હા દૈવ! એમ શું કરવા કરે છે? દૈવે જે દીધું તે અંગીકાર કર." એમ ઈશ્વરેચ્છાથી જે કાંઈ આવી મળે, તેપર સંતોષી રહેનાર હરિભક્ત બિહારી જેવો કવિ, તે થયલો ચોખ્ખો કરાર વિસરી પોતાનો અસંતોષ જણાવે નહિ. "असंतुष्टा द्विजा नष्टा" એ વચન તો પ્રસિદ્ધ જ છે, તો બિહારીદાસને તેવા કહેવા કોની જીભ ઉપડી શકે?

૪. પ્રાચીન પંડિતોએ દાતા બે પ્રકારના જણાવ્યા છે. પુષ્ટિમાર્ગના એક સ્તોત્રની ટીકા કરતાં એક પ્રાચીન વિદ્વાન્ જણાવે છે કે,

"केवलदानस्यौदार्यविशिष्टदानस्य चैतावान्विशेषः ॥ केवलदाता देशकालविचारपूर्वकं, फलोद्देशपूर्वकं, पात्रापात्रविवेकपूर्वकं ददाति ॥ उदारस्तु देशादिकर्मविचार्यैव स्वस्य सहजौदार्यधर्मेणैव ददाति" ॥

અર્થ—કેવલદાન અને ઔદાર્યવિશિષ્ટ દાનમાં ભેદ એટલો છે કે, કેવળદાતા દેશકાલવિચારપૂર્વક, ફલોદ્દેશપૂર્વક અને પાત્રાપાત્રવિવેકપૂર્વક દાન કરે છે, પણ ઉદાર દાતા તો દેશાદિકનો વિચાર કર્યા વગર જ પોતાના સહજ ઔદાર્યધર્મથી જ દાન કરે છે.

એ પ્રાચીન પંડિતના મતને અનુસરી બિહારીના ઉપલા દોહરાના અર્થ હરિપ્રસાદાદિ વ્યાખ્યાકારોએ કરેલા છે, તેથી વ્યાસજી પોતાના આશ્રયદાતા મહારાજને ગુણાનુસારી દાતા એટલે ઉપરના ટીકાકારના અભિપ્રાય પ્રમાણે કેવલદાતા કહે છે, તે તો ઉપલા ટીકાકારોના કથન પ્રમાણે ઉદારદાતાથી ઉતરતી પંક્તિએ સિદ્ધ થાય છે.

૫. જે શિવાજીને વ્યાસ અંબિકાદત્ત "ધન્ય તો મહારાષ્ટ્રરાજ શિવાજીને" એમ કહી દાતા તરીકે વખાણે છે, તે મહારાષ્ટ્રના વીરપુરુષને પણ "શિવરાજભૂષણ" નામના ગ્રંથમાં પ્રસિદ્ધ ભૂષણ ત્રિપાઠીએ વ્યાસજીએ જણાવેલા ગુણાનુસારી દાતા એટલે ઉપલા પંડિતના જણાવેલા કેવલદાતા પ્રમાણે નહિ, પણ ઉદારદાતા તરીકે જ, એટલે ગુણી નિર્ગુણીનો ભેદ દાનપ્રસંગે નહિ રાખનાર તરીકે જ

વખાણ્યો છે. જેમ બિહારીદાસે શુદ્ધ હૃદયથી પોતાના આશ્રયદાતાના અલૌકિક દાતૃત્વની પ્રશંસા કરી છે, તેજ પ્રમાણે ભૂખણ કવિએ પણ પોતાના આશ્રયદાતા શિવરાજની કરી છે. કવિ ભૂખણ કહે છે,

"चाहत निरगुन सगुनकों, ज्ञानवंत गुनधीर ।
यही भांति निरगुन गुनि हि, सिवा निवाजत वीर"

અર્થ–ગુણના ધીરા એવા જ્ઞાનવંત પુરુષ જેમ નિર્ગુણ સગુણ ઉભયપર સ્નેહ રાખે છે, તેજ પ્રમાણે વીર શિવાજી ગુણરહિત તેમ ગુણવાનને પણ નિવાજે છે.

એ ઉપરથી સિદ્ધ થાય છે કે, બિહારીએ તેમજ ભૂખણે પોતપોતાના આશ્રયદાતાને કેવલદાતા પ્રમાણે નહિ, પણ ઉદારદાતા તરીકે વર્ણવેલા છે, અને તે પ્રમાણે અર્થ કરવામાં હરિપ્રસાદાદિ બિહારીના વ્યાખ્યાકારોનો કાંઈ પણ દોષ મને જોવામાં આવતો નથી.

૨ શૃંગાર સપ્તશતી–એનો રચનાર પરમાનંદ નામે પંડિત છે. તેના પિતાનું નામ વ્રજચંદ્ર હતું. બિહારી સતસઈનું દોહા છંદમાં ટીકા સહિત સંસ્કૃત ભાષાંતર એ પંડિતે કર્યું છે. એ ગ્રંથને અંતે વ્રજભાષામાં આ પ્રમાણે એક દોહરો છેઃ–

"उनइससै पचिस अधिक, संवत विक्रम नाम ।
चैत्र कृष्ण एकादसी, भयो ग्रंथ अभिराम" ॥ ७०१ ॥

એ ઉપરથી જણાય છે કે, વિક્રમ સંવત્ ૧૯૨૫ના ચૈત્ર વદ ૧૧ ને દિને આ સુંદર ગ્રંથ પૂરો કરવામાં આવ્યો. મૂલ વ્રજ ભાષાના દોહરામાં જે અલંકાર છે, તેથી જૂદા જ અલંકાર ભાષાંતરના સંસ્કૃત દોહરામાં અનેક સ્થળે જોવામાં આવે છે. ક્વચિત્ ભાષાંતરના દોહરામાં છંદોભંગ પણ નજરે પડે છે. જેમ,

"तस्या मृदु ताडितमहो, मानसहरं ममैव ।
विप्रलापोऽपि सस्मितो, मधुरो भवति सदैव" ॥ ४२६ ॥
मधुपन मधुर परागोऽपि, न विकासः कलिकासु ।
सपदि राग ईदृशोहोः, अग्रे कीदृश आसु ॥ ६२४ ॥

સંસ્કૃત ઉપરથી જેમ સમશ્લોકી ભાષાંતર કરવામાં આવે છે, તે પ્રમાણે બિહારીના દોહરા તથા સોરઠાઓનું આ સંસ્કૃત દોહરા તથા સોરઠાઓમાં ભાષાંતર છે. શૃંગાર સપ્તશતીની ટીકા વાંચતાં જણાય છે કે, પંડિત પરમાનંદ સંસ્કૃત ભાષામાં તેમ જ સાહિત્યશાસ્ત્રમાં નિષ્ણાત હતો. ભારતેંદુ બાબુ હરિશ્ચંદ્રે આ પંડિતને રૂ ૫૦૦)

આપ્યા અને તેમના મિત્ર રઘુનાથે રૂ ૨૦૦ આપ્યા, તેથી પંડિતે પ્રસન્ન થઈ ગ્રંથારંભના સંસ્કૃત શ્લોકોમાં હરિશ્ચંદ્રને હરિશ્ચંદ્રની ઉપમા આપી છે. પંડિત પરમાનંદની દ્રવ્યસંબંધી સ્થિતિ કાંઈ જ સારી કહી શકાય એવી ન હતી, તોપણ ભીખ માંગવી ન પડે, તે કારણથી બહુ દિવસના પરિશ્રમથી આ ગ્રંથ બનાવ્યો. રાજા રજવાડામાં તથા અમીર ઉમરાવોને બારણે ધક્કા ખાધા પણ અર્થ સર્યો નહિ, ત્યારે ઉદારચરિત બાબુ હરિશ્ચંદ્રે પંડિતના ગુણની કદર કરી, તેથી બાબુ હરિશ્ચંદ્રને પણ ધન્યવાદ ઘટે છે.

૩ સંસ્કૃત ટીકા—એ પુસ્તક આદિથી અંત સૂધી જોતાં તેમાં બનાવનાર કોણ ક્યારે થઈ ગયો વગેરે કાંઈ જણાતું નથી.

૧ સતસઈ સંસ્કરણ—ડા. ગ્રીયરસને લાલચંદ્રિકા ટીકા સહિત બિહારી સતસઈની શુદ્ધ કરેલી આવૃત્તિને એ નામ આપવામાં આવ્યું છે. ગ્રંથારંભમાં એમાં જે પ્રસ્તાવના જોડવામાં આવી છે, તેમાં અનેક ઉપયુક્ત વિષયોની સાથે અનેક સંસ્કૃત ગ્રંથો જેને તેમાંના છંદો અથવા શ્લોકોની સંખ્યા ઉપરથી નામ આપવામાં આવેલાં, તે ગ્રંથોનાં નામ તથા તેના રચનારનાં નામ વગેરે પણ સ્થળેસ્થળે તેમણે જણાવ્યાં છે. પ્રસિદ્ધ કવિતાગ્રંથોની ટીકામાં વાપરવામાં આવેલા અલંકારાદિકનાં લક્ષણ વગેરે સમજવામાં આવે, તે માટે ભાષાભૂષણ નામના સાહિત્યશાસ્ત્ર સંબંધી હિંદીગ્રંથનું ભાષાંતર કરી, તેમાં સાહિત્યદર્પણ, પદ્માભરણ તથા ભારતીભૂષણ વગેરે ગ્રંથોમાંથી ઉમેરો એ સાહેબે કર્યો છે. લાલચંદ્રિકામાંના ૭૬–૭૭–૮૭–૧૨૧–૧૨૪–૧૩૮–૧૪૩–૧૪૯–૧૬૨–૧૭૭–૧૭૯–૧૮૬–૨૨૬–૨૨૮–૨૩૧–૨૬૦–૨૭૭–૩૦૫–૩૧૩–૩૩૩–૩૪૬–૩૬૧–૪૫૯–૪૬૬–૪૭૮–૪૮૬–૪૯૭–૫૦૨–૫૦૬–૫૧૦–૫૧૧–૫૩૯–૬૪૪–૬૭૮–૬૯૦ એ નંબરના દોહરાઓના પોતાની બુદ્ધિથી જે અર્થ કર્યા છે, તે ઉપરથી ડા. ગ્રીયરસનની સાહિત્ય શાસ્ત્ર સંબંધી શંકાસમાધાન કરવાની શક્તિનું, તેમ જ ચાતુર્યનું દર્શન થાય છે. વળી ગ્રંથને અંતે લાલચંદ્રિકા, હરિપ્રકાશ, અનવરચંદ્રિકા, કૃષ્ણદત્ત ટીકા, શૃંગાર સપ્તશતી તથા રસકૌમુદીમાં પ્રત્યેક દોહરો કેટકેટલામે નંબરે છે, તે ખોળી કાઢવાનું સૂચીપત્ર પણ આપવામાં આવ્યું છે. એથી અમુક દોહરાનો ઉપરોક્ત ૭ ટીકાકારોએ જે અર્થ કર્યો છે, તે ખોળી કાઢવાને વાંચનારને કેવી ને કેટલી સુગમતા કરી આપી છે, તે સહજ સમજી શકાય તેમ છે. ગ્રંથ કેવે રૂપે છપાવી પ્રસિદ્ધ કરવો, તે આવા ગ્રંથો ઉપરથી અનેક હિંદી ગ્રંથકારો જો લક્ષમાં લઈ તેનું અનુકરણ કરે તો તેઓ પોતાના ગ્રંથ વાંચનારના શ્રમમાં તેમ જ સમયમાં ઘણો ઘટાડો કરી શકે, એમાં સંશય જેવું નથી.

એ વ્યાખ્યાકારો સંબંધી જણાવેલા સંક્ષિપ્ત વૃત્તાંત ઉપરથી કેવા કેવા રાજાઓ, રાજકુંવરો, નવાબો, અમીર ઉમરાવો અને કવિ પંડિતો બિહારી સતસઈપર મોહિત થયા છે, તે સ્પષ્ટ જણાઈ આવે છે. એ તો બધા આ લોકના માનવી હતા, પણ લોકવાયકા તો એવી છે કે, બિહારી કવિ પોતાની સતસઈ પૂર્ણ કર્યા પછી ફરતો ફરતો પન્નાના રાજા *છત્રસાલના દરબારમાં ગયો. ત્યાં નિવાજ, રતનેશ અને વિજયાભિનંદન વગેરે મોટા નામાંકિત કવિઓ હતા. તેમણે બિહારીની કવિતાની પ્રશંસા કરી. ત્યાં એક પ્રાણનાથ નામનો નિર્ગુણ ભક્ત હતો તે કવિ હતો. તેણે પોતાની રચેલી સતસઈ બિહારી કરતાં સરસ છે, એવી ગામમાં બૂમ ઉડાવી. રાજાનેએ વાતની ખબર પડી. બિહારીએ રાજાને જણાવ્યું કે, અત્રેના શ્રીજુગલકિશોરના મંદિરમાં દેવની આગળ બન્ને ગ્રંથ રાખવા. પછી એમાંથી જેનો ગ્રંથ પ્રભુ અંગીકાર કરે, તે ઉત્તમ જાણવો. તે પ્રમાણે રાતના બન્ને ગ્રંથ પ્રભુની સમીપ રાખી શયન કરાવવામાં આવ્યું. પ્રાતઃકાળમાં જોતાં બિહારીના ગ્રંથપર શ્રી જુગલકિશોરના હસ્તાક્ષર જોવામાં આવ્યા." જયદેવની અષ્ટપદીના સંબંધમાં પણ એવી જ એક દંતકથા છે. નીલાચલ (ઓરીસા)-ના રાજાએ એ જ નામની એટલે ગીતગોવિંદ નામની એક કવિતા રચી; પણ જ્યારે તે રાજાનો અને જયદેવનો ગ્રંથ બન્ને શ્રી જગન્નાથજીની સન્મુખ મૂકવામાં આવ્યા ત્યારે જગન્નાથજીએ જયદેવના ગ્રંથને છાતીશું લગાડ્યો અને પેલા રાજાના ગ્રંથને મંદિરની બહાર ફેંકી દીધો.

જો કે બિહારી સતસઈમાં રાધાકૃષ્ણનો શૃંગાર એ પ્રાધાન્ય વિષય છે, તો પણ તેણે વેદધર્મીઓનાંજ નહિ પણ તેથી વિરુદ્ધ ધર્મીઓનાં તેમ જ સ્વદેશીઓનાં જ નહિ પણ વિદેશીય વિદ્વાનોનાં પણ મન મોહિત કર્યાં છે. એવો અપૂર્વ ચમત્કાર તે એ ગ્રંથમાં શો રહ્યો હશે, એવી વાંચનારને જિજ્ઞાસા થવી, એ સ્વાભાવિક છે. તે જિજ્ઞાસાની તૃપ્તિને અર્થે તેમાંની કવિતા તેના ગુજરાતી ભાષાંતર સહિત નીચે આપું છું.

૧ આપણા ધર્મશાસ્ત્રમાં વિવાહના આઠ પ્રકાર કહ્યા છે, તેમાં એક ગાંધર્વ-વિવાહ છે. એ ગાંધર્વવિવાહનું વર્ણન કવિ બિહારીલાલ રસમય ચમત્કૃતિયુક્ત નીચેના દોહરામાં કરે છે:—

१ दोहरा—स्वेद सलिल, रोमांच कुश, गहि दुलही अरु नाथ ।
दियौ हियौ संकल्प करि, हाथ जुरैहीं हाथ ॥ २५६ ॥

---

* એ સંવત્ ૧૭૧૫ માં ધોલપુરમાં દારા અને ઔરંગઝેબ વચ્ચે થયલાં યુદ્ધમાં માર્યો ગયો હતો.

અર્થ–સ્વેદ (પરસેવો) એ જ સલિલ (જલ) અને રોમાંચ એ જ કુશ (દર્ભ) હાથમાં લઈ, તે વધૂવરે સંકલ્પ કરીને પાણિગ્રહણ થતાંની સાથે જ પરસ્પર હૃદય અર્પણ કર્યું.

તાત્પર્ય–હૃદય અર્પણ કર્યું એટલે હૃદય ઉપરનાં પોતપોતાનાં સ્વત્વની નિવૃત્તિ-પૂર્વક પરસ્વત્વનું સ્થાપન કીધું. સંકલ્પ કરીને અર્પણ કર્યું, તેમાં રોમાંચરૂપી દર્ભ અને પરસ્વેદરૂપી જલ તે સંકલ્પની સામગ્રી જાણવી. દાતા પણ વધૂવર બન્ને ને પ્રતિગ્રહીતા પણ તે બન્ને છે. અતિ પ્રિય જે હૃદય તે જ દ્રવ્ય. દ્રવ્ય પણ દાનનું અંગ ગણાય છે. ગાંધર્વવિધિથી પાણિગ્રહણવડે પ્રીતિનો ઉત્કર્ષ દર્શાવ્યો.

એમાં હર્ષોત્સાહજનિત સ્વેદરોમાંચરૂપ જે સાત્વિક, તે રૂપ ઉપમેયનો અને દાનસામગ્રીરૂપ જલ દર્ભ જે ઉપમાન તેમનો અભેદ વર્ણવેલો હોવાથી રૂપકાલંકાર જાણવો.

૨ दोहरा—चिरजीवौ जोरी जुरै, क्यौं न सनेह गँभीर ।
को घटि ये वृषभानुजा, वे हलधरके बीर ॥ ३७५ ॥

અર્થ–ઘણું જીવો (રાધા કૃષ્ણ), જોડી જુગતી છે એટલે બેઉમાં ગંભીર સ્નેહ કેમ ન હોય? બેમાં કેમાં ઘટ (ન્યૂનતા) છે? આમ જોઇએ તો વૃષભાનુજા પરે જોઇએ તો હલધરના વીર.

તાત્પર્ય–એમાં બે શબ્દોમાં શ્લેષ છે; એક વૃષભાનુજા અને બીજો હલધર. વૃષાભાનુજા એટલે વૃષભાનુ નામના ગોપની પુત્રી! અથવા વૃષભ એટલે બળદ તેની અનુજા એટલે નાની બ્હેન; તેમ જ હલધર એટલે બલદેવ તેના વીર એટલે ભાઈ, અથવા હલધર એટલે ગમાર તેના વીર એટલે ભાઈ, એવો અર્થ છે. એ પ્રકારનો શબ્દ શ્લેષમૂલક ધ્વનિ હોવાથી સખીઓનો પરિહાસ ધ્વનિત થાય છે.

૩. હવે કવિ નવયૌવના મુગ્ધાનું વર્ણન કરે છેઃ–

૩ दोहरा—अपने अँगके जानिकै, जोबन नृपति प्रबीन ।
स्तन, मन, नयन, नितम्बकों, बडा इजाफा कीन ॥ ९ ॥

અર્થ–પોતાનાં અંગના (સહાયક) છે, એમ જાણીને જોબનરૂપી પ્રવીણ નૃપતિએ સ્તન, મન, નયન અને નિતમ્બની મર્યાદાથી અધિક ઉન્નતિ કરી.

તાત્પર્ય–સ્તનાદિકની મર્યાદાથી અધિક ઉન્નતિ કરી, એટલે તેમની શોભા સંપત્તિમાં અતિશય વૃદ્ધિ કરી. રાજા ચાહે તેની શોભાસમૃદ્ધિમાં વૃદ્ધિ કરવા સમર્થ હોય છે.

એમાં નૃપતિરૂપ ઉપમાન અને જોબનરૂપ ઉપમેય, એમનો અભેદ વર્ણવેલો હોવાથી રૂપકાલંકાર જાણવો.

૪. લજ્જાપ્રિયા મધ્યા નાયિકાનું વર્ણનઃ—

૪ दोहरा—लखि दौरत पिय करकटक, वास छुडावन काज ।
बरुनी बन दृग गढनिमें, रही गुढौ करि लाज ॥ २७५ ॥

અર્થ—એમાં સખીની સખી પ્રત્યે ઉક્તિ છે. નાયકનાં કરરૂપી કટક (સૈન્ય)ને વાસ (વસ્ત્ર અથવા ગૃહ) છોડાવવાને દોડાદોડ કરતું જોઈ વરુણી (પક્ષ્મ—પાંપણ)રૂપી વનમાં દગ એટલે નેત્રરૂપી ગઢ (દુર્ગ) તેમાં લાજ છૂપાઈ બેઠી.

તાત્પર્ય—પતિનાં કર કટકને વાસ છોડાવવાને દોડાદોડી કરતું જોઈ બાલાએ રક્ષણને અર્થે પક્ષ્મરૂપી વન, તેમાં દગરૂપી જે દુર્ગ એટલે દુર્ગમસ્થાન તેનો આશ્રય લીધો. કહેવાની મતલબ એ છે કે, અતિ લજ્જાળુપણાએ કરી નેત્ર મીચી દીધાં. લોકમાં પણ સૈન્ય ઘેરો ઘાલે તેવા સમયમાં વનાંતર્ગત દુર્ગનો આશ્રય લેવો, એ શ્રેયસ્કર ગણાય છે. એમાં રૂપકાલંકાર છે.

૫ સખી નાયિકાનાં નેત્રની પૂતળીઓની શોભા નાયક પ્રત્યે વર્ણવે છે. તેમાં સમસ્તરસકોવિદા પ્રૌઢા નાયિકા છે.

૬ दोहरा—सब अँग करि राखी सुघर, नायक नेह सिखाय ।
रसजुत लेति अनंत गति, पुतरी पातुर राय ॥ १९९ ॥

અર્થ—નેહરૂપી નાયકે (ઉસ્તાદે) એને શીખવીને સર્વ *અંગોમાં ચતુર કરી રાખી છે. રસયુત અનંત ગતિ લે છે, એવી એ નાયિકાનાં નેત્રની પૂતળી, તે નૃત્ય કરવાવાળીઓની સરદાર છે.

૬. પરકીયાનો એક ભેદ વિદગ્ધા નાયિકા છે. તે વિદગ્ધાના બે પ્રકાર છે. ૧ ક્રિયાવિદગ્ધા અને ૨ વચનવિદગ્ધા. તેમાં ક્રિયાવિદગ્ધા નાયિકાનું વર્ણન નીચે પ્રમાણેઃ—

૬ दोहरा—हरखि न बोली लखि ललन, निरखि अमिल सँग साथ ।
आँखनहीमें हँसि धर्यो, सीस, हिये पर हाथ ॥ २७० ॥

---

* નાચનાં ચાર અંગ છે. ૧ નાચવું ૨ ગાવું ૩ બજાવવું અને ૪ ભાવ બતાવવો. સ્નેહરૂપી નાયકે શીખવીને એ ચારે અંગમાં ચતુર કરી છે, તેથી નાયિકાનાં નેત્રની પૂતળી અગણિત ગતિ લે છે.

અર્થ–પોતાની સાથમાં અણમળતો સંગ છે એવું જોઈ લાલ–નંદસુતને જોઈ હર્ષ પામી પણ બોલી નહિ, છતાં તે નાયિકાએ આંખોમાં જ હસી શિરપર અને હૃદયપર હાથ રાખ્યો.

તાત્પર્ય–આંખમાં હસવાથી નાયિકાએ પોતાની પ્રસન્નતા જણાવી. મુખનું હસવું જૂઠું હોય, પણ નેત્રની ક્રિયા સઘળી સાચી હોય છે. શિરપર હાથ મૂકયો, એટલે કેશ શ્યામ તેથી અંધારામાં મળીશ એમ સૂચન કર્યું. હૃદયપર હાથ ધર્યો; વક્ષોજને શિવની ઉપમા અપાય છે, તેથી તેપર હાથ ધરી સમ ખાઈ કહું છું, એમ સૂચન કર્યું.

એમાં સૂક્ષ્માલંકાર છે.

૭. હવે જેમાં નાયક નાયિકા ઉભયનું ક્રિયાવૈદગ્ધ્ય રહેલું એવું ઉદાહરણ નીચે પ્રમાણેઃ—

૭ **दोहरा**—चितवत जितवत हित हिये, किये तिरीछे नैन ।
भींजे तन दोऊ कँपै, क्यौंहूँ जप निवरै न ॥ १६३ ॥

અર્થ–તિરછાં નેત્ર કરી નાયકનાયિકા એક બીજાંને જોય છે અને હૈયાના હેતમાં વૃદ્ધિ કરે છે અથવા હૈયાનું હેત જણાવે છે. ભીને શરીરે બન્ને કંપે છે. તોપણ કેમે કર્યો જપનો આરો આવતો જ નથી.

તાત્પર્ય–સ્નાન કર્યા પછી ત્યાં જ ભીને વસ્ત્રે જળમાં ઉભાં રહી જપ કરવો, એ પણ એક વ્રત છે. તેમાં એક બીજાને તિરછી દૃષ્ટિવડે અવલોકનના આનંદની પ્રાપ્તિ માટે પરસ્પર જપાનુષ્ઠાનની અવિરતિરૂપ ઉપકાર કર્યો, તેથી અન્યોન્યાલંકાર જાણવો.

જ્યાં પરસ્પર ઉપકારનું કથન કરવામાં આવે ત્યાં અન્યોન્યાલંકાર.

૮. પ્રૌઢા અધીરા નાયિકા નાયકપ્રત્યે કહે છેઃ—

૮ **दोहरा**—सुभर भर्यौ तुव गुनकननि, पचयौ कुबत कुचाल ।
क्यौँ धौँ दार्यौँलौँ हियौ, दरकत नाँहि नँदलाल ॥ ३२० ॥

અર્થ–તમારા ગુણ તે જ કણ એટલે બીજ, તેથી ભલી ભાંતિએ ભરેલું, તેમ જ તમારી કુવાર્તા ને કુચાલથી પાકી રહેલું એવું જે આ મારું હૃદય, તે હે **નંદલાલ**! દાડમની પેઠે કોણ જાણે ફાટતું કેમ નથી?

બીજથી ભરાઈ ગયલું દાડમ સૂર્યના તાપથી પાકે એટલે ફાટે છે, એ પ્રસિદ્ધ છે. એમાં નાયિકાએ યુક્તિપૂર્વક અવ્યંગ્ય કોપનો પ્રકાશ કર્યો, તેથી પ્રૌઢા અધીરા જાણવી.

એમાં અલંકાર બે છે. ૧ વિશેષોક્તિ અને ૨ પૂર્ણોપમા. પુષ્કળ કારણ છતે દાડમ ફાટવારૂપ કાર્ય, ન થયું, તેથી વિશેષોક્તિ અલંકાર જાણવો. વળી દાડમ એ ઉપમાન, હૃદય એ ઉપમેય, પેઠે એ વાચક અને ફાટવું એ ધર્મ, એમ ઉપમાનાં ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર પણ છે.

એમાં હૃદયરૂપ દાડમને પકાવનાર કુવાર્તાદિરૂપ તપન કે એવો કોઈ તાપપ્રદ શબ્દ દોહરામાં ન હોવાથી સાહિત્યશાસ્ત્રોક્ત "ન્યૂનપદત્વ" નામનો દોષ કાં ન ગણાય ?

૯ સખી સખી પ્રત્યે કહે છે કે,

૯ दोहरा—कियौ जु चिबुक उठाय करि, कंपत कर भरतार ।
टेढीयै टेढी फिरति, टेढे तिलक लिलार ॥ ३०७ ॥

અર્થ--હડપચી ઊંચી કરીને કાંપતા એવા કરથી નાયકે નાયિકાના લલાટમાં તિલક કર્યું, તેવાં વાંકા તિલકપર નાયિકા વાંકીની વાંકી હીંડે છે.

તાત્પર્ય એ કે, નાયિકાના સ્પર્શથી નાયકને કંપરૂપ સાત્વિક થયો, તેથી તિલક વાંકું થયું, તે જ વાંકા તિલકપર નાયિકા અકડાતી હીંડે છે. એમાં વક્રગત્યાદિકવડે સખી વર્ગમાં નાયકના પોતાપ્રત્યેના પ્રેમાધિક્યનું સૂચન કર્યું, તેથી પ્રેમગર્વિતા તેમ જ દોહરામાં ભરતાર શબ્દ હોવાથી સ્વીયા જાણવી.

૧૦–સ્વાધીનભર્તૃકા નાયિકા નાયક પ્રત્યે કહે છે:—

१० दोहरा—रहौ गुही बेनी लखे, गुहिबेके त्यौनार ।
लागे नीर चुचावने, नीठि सुखाये बार ॥ २६५ ॥

અર્થ--રહેવા દો! તમે વેણી ગૂંથી! વેણી ગૂંથવાની જોઈ તમારી ચતુરાઈ! મારા જેમ તેમ કરી સુકાવેલા બાળમાંથી પાણી ટપકવા માંડ્યું!

એમાં નાયિકાએ પોતાના કેશસ્પર્શજનિત સ્વેદ સાત્વિકાવિર્ભાવની ઉક્તિવડે નાયકના સ્વાધીનત્વ અને પ્રેમાધિક્યનું સૂચન કર્યું, તેથી સ્વાધીન ભર્તૃકા* નાયિકા જાણવી.

---

* ગૂજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી માઘકૃત શિશુપાલવધ કાવ્યનું ગૂજરાતી ભાષાંતર મૂલ સહિત છપાવી પ્રગટ કરવામાં આવ્યું છે. તેને પાને ૩૮૯ મે સાતમા સર્ગના તેરમા શ્લોકની ટીકામાં વિદ્વાન્ ભાષાંતર કર્તા જણાવે છે કે, "એ નાયિકા સ્વાધીનપતિકા છે. તેને માટે કહ્યું છે કે, "स्वाधीन पतिका सातु या न मुञ्चति वल्लभम् ।" એટલે જે સ્ત્રી પોતાના વલ્લભને છોડી શકતી નથી, પ્રિયવગર જરાપણ એકલી રહી શકતી નથી, તે સ્ત્રી સ્વાધીનપતિકા. પ્રેમથી પતિને સ્વાધીન થએલી કહેવાય છે.''

નીર રહિત કેશમાંથી નીરસ્રવણ થયાથી કારણ વિના કાર્યની ઉત્પત્તિ કથન કરવામાં આવી, તેથી વિભાવનાલંકાર છે.

૧૧ પ્રૌઢા પ્રવત્સ્યત્પ્રેયસી નાયિકા નાયક પ્રત્યે કહે છે:—

११ दोहरा—वामा, भामा, कामनी, कहि बोलौ प्रानेस ।
प्यारी कहत लजात नहि, पावस चलत बिदेस ॥४०८॥

અર્થ:–હે પ્રાણેશ! વામા, ભામા, કામિની એમ કહી તમે મને બોલાવો. વર્ષાઋતુમાં પ્રવાસ કરવા નીકળ્યા છો ને પ્યારી! એમ કહેતાં લાજતા નથી?

"પ્યારી" એ સંબોધન પ્રીત્યુત્કર્ષનું દ્યોતક હોવાથી તે આ સમયે કહેવું ઉચિત નથી, એમ નિષેધ કરી નાયિકા એવું સૂચન કરે છે કે, તમે કપટચતુર છો, અપ્રિય કરો છો ને મુખથી માત્ર "પ્યારી" એમ મીઠું મીઠું બોલો છો! એવો એમાં ભાવ છે. પ્યારીનો તો કદીપણ ત્યાગ ન કરાય. જો પ્યારી ગણતા હો તો મને છોડીને મા જાઓ, એમ એમાં ગમનનો નિષેધ વાક્યાર્થજનિત ધ્વનિમૂલક છે.

એ દોહરામાં આક્ષેપાલંકાર છે.

૧૨. નેહનગરમાં ન્યાય કેવો છે, તે વિષે નાયિકા સખીને કહે છે:—

१२ दोहरा—क्यौं बसिये क्यौं निबाहिये, नीति नेहपुर नाहिँ ।
लगालगी लोयन करैं, नाहक मन बंध जाहिँ ॥१३४॥

અર્થ–નેહ નગરમાં નીતિ–ન્યાય તો છે જ નહિ, એમાં કેમ રહિયે ને કેમ નીભિયે. વળગાવળગી કરે આંખો અને વગર અપરાધે બાંધ્યું જાય છે મન. (એવા નગરમાં કેમ રહેવાય?)

એમાં વળગાવળગીરૂપ કારણ અને બંધાઈ જવારૂપ કાર્યની ભિન્ન દેશસ્થિતિ કથન કરવામાં આવી, તેથી અસંગત્યલંકાર છે.

–આ જે સ્વાધીનપતિકાનું લક્ષણ આપ્યું છે, તે સંસ્કૃત તથા હિંદી ગ્રંથોમાં તે નાયિકાનાં જે ઉદાહરણો મળી આવે છે તેમાંનાં કોઇની સાથે પણ ઘટાવી શકાય તેવું નથી. મળ્યા સ્વાધીનપતિકાનું સંસ્કૃતમાં આ પ્રસિદ્ધ ઉદાહરણ છે:—

यद्यपि रतिमहोत्सवे नकारो, यदपि करेण च नीविधारणानि ।
प्रियसखि पतिरेष पार्श्वदेशं, तदपि न मुञ्चति चेत् किमाचरामि ॥

એની સાથે ઉપલું લક્ષણ નહિ ઘટાવી શકાય એટલું જ નહિ, પણ માઘકાવ્યના જે શ્લોકનાં સ્વાધીનપતિકા છે એમ જણાવવામાં આવ્યું છે, તે શ્લોક સાથે પણ ઘટાવી શકાય તેમ નથી.

૧૩ સખીવચન નાયિકા પ્રત્યે અથવા નાયક નાયિકાને પ્રશ્ન કરે છે.

१३ दोहरा—तिय कित कमनैती पढी, बिन जिह भौंहँ कमान ।
चल चित बेधत चुकत नहि, बंक बिलोकन बान ॥ ६१७ ॥

અર્થ-હે સ્ત્રી! આવી બાણુવિદ્યા તું ક્યાંથી શીખી કે, વગર પ્રત્યંચાનાં ભૃકુ-ટીરૂપી ધનુષથી વંકવિલોકન–વક્ર દૃષ્ટિરૂપી બાણુવડે ચંચલ ચિત્તને વીંધે છે ને તે નિષ્ફળ જતું નથી.

ભર્તૃહરિમાં "मुग्धे धानुष्कता केयं, अपूर्वा त्वयि दृश्यते" એ શ્લોકના અર્થ-સાથે દોહરાનો ભાવ મળતો આવે છે.

લોકમાં તો પ્રત્યંચાયુક્ત ધનુષ ને સરલ બાણથી સ્થિર એવા વેધ્યને વીંધે છે, પણ આ તો પ્રત્યંચા રહિત ધનુષ, વક્ર બાણ ને ચલ એવા વેધ્યને વીંધે છે, એ બાણવિદ્યાની અપૂર્વતા દર્શાવી.

એમાં વિભાવનાલંકાર છે.

૧૪ પ્રોષિતપતિકા નાયિકાએ નાયકને પત્રિકા લખી તેમાં જણાવ્યું કે,

१४ दोहरा—बिरहबिथाजलपरसबिन, बसियत मो हियताल ।
कछु जानत जलथंभबिधि, दुर्योधनलौँ लाल ॥ ३१७ ॥

અર્થ-હે કૃષ્ણ! મારા હૃદયરૂપી તળાવમાં વિરહવ્યથારૂપી જે જળ તેના સ્પર્શ વિના તમે વાસ કરો છો, તે તમે દુર્યોધનની પેઠે જળથંભનવિધિ જાણો છો.

એમાં તમે મારા હૃદયમાં સદા વસો છો, એ ભાવ છે.

ઉપલા દોહરામાં હૃદય ને તળાવમાં અભેદ વર્ણ્યો તેથી રૂપક, જળમાં રહે છતે તેના ગુણનો સ્પર્શ ન થયો તેથી અતદ્‌ગુણ, તેમ જ કૃષ્ણ એ ઉપમેય, દુર્યો-ધન એ ઉપમાન, પેઠે એ વાચક અને જલસ્તંભન એ સાધારણ ધર્મ, તેથી પૂર્ણોપમા એમ ત્રણ અલંકાર છે.

૧૫ સંયોગાવસ્થામાં નાયક નાયિકા એક બીજાને કહેતાં કે, આપણે વિખુટાં પડિયે તો જીવિયે નહિ, તેમ થયે છતે જીવ્યાં, તેથી બન્નેના મનને જે સંકોચ થયો, તેનું વર્ણન સખી સખી પ્રત્યે કરે છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર એવો છે કે, તે રસિક જનોનાં હૃદયની સન્મુખ એક અતિ સુંદર ચિત્ર ઉભું કરે છે. સખી સખી પ્રત્યે કહે છે કે,

१६ दोहरा—बिछुरे जिये सकोच यह, मुखतें कहत न बैन ।
दोऊ दौरि लगे हिये, किये निचौहैं नैन ॥ ४७७ ॥

અર્થ–વિખૂટાં પડેલાં જીવ્યાં, એ હેતુથી જે સંકોચ નાયક નાયિકાને થયાં તેથી મુખમાંથી વચન નીકળી શકતાં નથી, પણ બન્ને દોડીને નેત્ર નીચાં કરી પરસ્પર ઉરશું લપટાયાં.

એ ઉપરથી બન્નેનો પ્રીત્યુત્કર્ષ વ્યંજિત થાય છે. એમાં વ્રીડા નામનો સંચારી ભાવ છે. મુખમાંથી વચન નીકળતાં નથી, એનું તાત્પર્ય એ કે, એવે સમયે જે કુશલવાર્તાદિ થવાં જોઇએ તે ન થયાં. નાયિકાએ પણ નેત્ર નીચાં કરેલાં, તે ઉપરથી તેનામાં લજ્જા મદનનું પરાધીનત્વ હોવાથી મધ્યા આગતભર્તૃકા નાયિકા જાણવી.

એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

૧૬. નાયિકાની સખી નાયકની સખી પ્રત્યે કહે છેઃ-

१६ दोहरा—पतिऋतु अवगुन गुन बढत, मानमाहकौ सीत ।
जात कठिन ह्वै अति मृदौ, रमनी मन नवनीत ॥ ६७७ ॥

અર્થઃ–પતિના અવગુણવડે માનમાં અને ઋતુના ગુણવડે માહ મહીનાની થંડીમાં વૃદ્ધિ થાય છે, તેનું પરિણામ એ થાય છે કે, અતિ મૃદુ એવાં જે રમણીનું મન અને નવનીત તે કઠિણ થાય છે.

એમાં પતિના અવગુણ અપરાધથી માનમાં અને ઋતુના ગુણથી માહની થંડીમાં વધારો થાય છે; તેમ જ પતિના અપરાધથી માનની વૃદ્ધિ થયાથી નાયિકાનું મન અને ઋતુના ગુણથી થંડી વધવાથી માખણ કઠિણ થાય છે.

એમાં પતિને ઋતુ, અવગુણ ને ગુણ, માનને માહની થંડી તેમ જ રમણીનું મન અને નવનીત એમનો ક્રમવડે અન્વય હોવાથી યથાસંખ્યાલંકાર જાણવો.

૧૭. ઉત્તમ સ્વકીયા* નાયિકાનું વર્ણન. સખી સખી પ્રત્યે કહે છેઃ–

---

* "રસ પ્રબોધ" નામના પ્રસિદ્ધ સાહિત્ય ગ્રંથમાં સૈયદ ગુલામ નબી બિલગ્રામી સ્વકીયા અને પતિવ્રતામાં ભેદ જણાવે છે તે આ પ્રમાણેઃ–

दोहरा–सुकिया और पतिव्रता, में यह भेद बिचारि ।
वह सनेह यह भगतिसों, सेवति है निरधारि ॥

એટલે સ્નેહથી પતિની સેવા કરનારી તે સ્વકીયા અને ભક્તિથી પતિની સેવા કરનારી તે પતિવ્રતા જાણવી.

१७ दोहरा--गुरुजन दूजे ब्याहकौं, निति उठि रहत रिसाय ।
पतिकी पत राखति बहू, आपुनि बाँझ कहाय ॥

અર્થ-ગુરુજન એટલે સાસુ સસરા (વગેરે) પોતાના પુત્રને બીજી પરણાવવા નિત ઉઠી રિસાયલાં રહે છે, તોપણ તે ઉત્તમ બુદ્ધિવાળી નાયિકા પોતે વંધ્યા કહેવાઇને પણ પતિની પત રાખે છે.

તાત્પર્ય એ કે, પોતે અપમાન સહન કરીને પણ પતિનું પરસ્ત્રીગામિત્વ અથવા તેનો બીજો કોઈ દોષ તે કથન કરતી નથી.

૧૮. મિત્રનું મન મેલું થવા ન દેવું હોય તો કેમ કરવું તે કહે છેઃ—

१८ दोहरा—जो चाहै चटक न घटै, मैलौ होय न मित्त ।
रजराजस न छुवाइये, नेह चीकने चित्त ॥ ६३८॥

અર્થ-જો તારી ઇચ્છા એવી હોય કે, પ્રીતિ પ્રેમની ચમક ન ઘટે અને મિત્રનું મન મેલું-અપ્રસન્ન ન થાય, તો સ્નેહથી ચીકણા ચિત્તને રજરૂપ જે રજોગુણ, તેનો સ્પર્શ ન થવા દે.

એ દોહરામાં નેહ એટલે સ્નેહ તેનો અર્થ પ્રીતિ-તેમજ ઘૃત તેલ એમ અનેક થતા હોવાથી શ્લેષ તેમજ રજ એજ રાજસ એમ ઉપમાન ઉપમેયમાં અભેદ વર્ણવેલો હોવાથી રૂપકાલંકાર છે.

૧૯ ઉત્કંઠિતા નાયિકા સખી પ્રત્યે કહે છેઃ—

१९ दोहरा—नभलाली चाली निसा, चटकाली धुनि कीन ।
रति पाली आली अनत, आये वनमाली न ॥ ३२६॥

અર્થ--આકાશમાં લાલી થઈ, રાત ચાલી, ચકલીઓ ચકચક કરવા લાગી, તોપણ હે સખી! પ્રીતિનું પાલન અન્યત્ર કર્યું. વનમાલી ન આવ્યા.

તાત્પર્ય-આકાશ લાલ થયું, રાત્રી ચાલી અને ચકલીઓએ ધ્વનિ કરી પણ નાયક ન આવ્યા, એ નાયિકાના કથન ઉપરથી ઔત્સુક્ય અને ચિન્તા નામના સંચારી ભાવ જાણવા.

એ દોહરામાં "वनमाली" એ પદ છે, તેથી કોઈ પણ નાયિકા સાથે કોઈ પણ વનમાં વિહાર કરેલો એમ અનુમાનાલંકાર વ્યંજિત થાય છે તેથી એમાં પદાર્થજન્મા ધ્વનિ છે.

વળી એમાં "ल" એ વર્ણની અનેકવાર આવૃત્તિ થયલી હોવાથી વૃત્યનુપ્રાસ એ નામનો શબ્દાલંકાર છે.

૨૦–સખી સખી પ્રત્યે મધ્યા નાયિકાની સ્થિતિ વર્ણવે છે:—

२० दोहरा—उर उरझ्यो चितचोर सौं, गुरु गुरुजनकी लाज ।
चढे हिंडोरेसे हिये, किये बनै गृहकाज ॥ २४ ॥

અર્થ:-ચિત્ત તો ચિત્તના ચોરશું લપટાયું છે ને ગુરુ (મોટી) એવી ગુરુજનો (સાસુ સસરો વગેરે)ની લાજ છે, તેથી હિંડોળે ચઢ્યાં સરખાં હૃદયથી ઘરનું કામ કરે જ છૂટકો થાય છે.

તાત્પર્ય કે હિંડોળે ચઢ્યાં સરખાં એટલે અસ્થિર ડામાડોળ મનથી નાયિકાને ઘરનું કામ કરવું પડે છે.

એમાં ર, ચ, ગ, હ ને ય એ જે અનેક વ્યંજનો તેમની એકવાર આવૃત્તિ આવેલી હોવાથી છેકાનુપ્રાસ જાણવો.

૨૧ સ્વીયા પ્રવત્સ્યત્પતિકા નાયિકાનું વર્ણન સખી સખી પ્રત્યે કહે છે:—

२१ दोहरा—चाहभरी अति रसभरी, बिरहभरी सब बात ।
कोरि संदेसे दुहुनके, चले पौरिलौं जात ॥४०६ ॥

અર્થ–ચાહભરી, અતિરસભરી અને વિરહભરી જેમાં સઘળી વાત એવા કંઈ કરોડ સંદેશા દંપતીના પોળસૂધી પહોંચતામાં ચાલ્યા.

એ દોહરામાં "भरी" એ પદની અર્થસહિત આવૃત્તિ હોઇને તે ભિન્ન પદોની સાથે અન્વિત હોવાથી લાટાનુપ્રાસ* જાણવો.

૨૨ નાયિકાની જંઘાની સુંદરતાનું વર્ણન સખી નાયક આગળ કરે છે:—

२२ दोहरा—जंघ जुगल लोयन निरे, करे मनौ बिधिमैन ।
केलि तरुन दुखदैन ये, केलि तरुन सुखदेन ॥ २२६ ॥

---

* "शब्दार्थयोरभेदेप्यन्वय मात्र भेदाल्लाटजनवल्लभत्वाल्लाटानुप्रासः" ॥ का–प्र.

અર્થ–શબ્દાર્થ તેજ હોય એટલે શબ્દાર્થનો અભેદ હોય ને અન્વય માત્ર ભિન્ન હોય તે લાટ દેશવાસીઓને વલ્લભ હોવાથી તેને લાટાનુપ્રાસ એમ કહે છે. વળી "शब्दार्थयोः पौनरुक्त्यं भेदे तात्पर्यमात्रतः" એટલે શબ્દાર્થની પુનરુક્તિ હોઇને તાત્પર્ય માત્રમાં ભેદ હોય ત્યાં લાટાનુપ્રાસ જાણવો એમ સાહિત્યદર્પણમાં કહ્યું છે. ઉદાહરણ:—

દોહરો–સમજે રસનો મર્મ નહિ, કવિજન કેમ ગણાય?
સમજે રસનો મર્મ, નહિ કવિજન કેમ ગણાય? सविता सप्तशती.

એમાં શબ્દાર્થ અભિન્ન હોઇને અન્વય માત્ર ભિન્ન હોવાથી લાટાનુપ્રાસ થયો. એમાં સ્વલ્પવિરામમાં સ્થલાંતર થયાથી જ માત્ર તાત્પર્યમાં ભેદ જોવામાં આવે છે.

અર્થ–કામદેવરૂપી બ્રહ્માએ જાણે જુગલ જંઘા નરી લાવણ્યમય બનાવી છે. એ કેળનાં તરુઓને દુઃખ દેવાવાળી છે ને કામકેલિમાં તરુણુ નાયકને સુખ-દેવાવાળી છે.

જે ક્રમમાં એકવાર વર્ણું આવ્યા હોય, તે જ ક્રમમાં તેમની આવૃત્તિ થયાથી યમક નામનો શબ્દાલંકાર થાય છે. ઉપરના દોહરામાં ક, લ, ત, ર, ન એ અક્ષરોની આવૃત્તિ થયલી હોવાથી યમકાલંકાર છે.

ભાષાભૂષણુમાં "यमक शब्दको फिरि श्रवन, अर्थजुदै करि होई" એ યમકનું લક્ષણુ આપવામાં આવ્યું છે. તેનો અર્થ એવો છે કે, એક જ શબ્દનું ફરી શ્રવણુ જૂદા અર્થમાં થાય ત્યાં યમકાલંકાર જાણુવો. "घटो घटः" એમાં ઘટ શબ્દનું ફરી શ્રવણુ થયું પણુ તે તેના તે જ અર્થમાં થયું તેથી એ યમક ન ગણુાય, પણુ શબ્દપુનરુક્તિ ગણુાય. ભાષાભૂષણુના લક્ષણુ પ્રમાણે "कोलितरुन" એ પદનું ફરી શ્રવણુ ઉપરોક્ત દોહરામાં જૂદા અર્થમાં થાય છે, તેથી એમાં યમકાલંકાર છે.

યમકની વચમાં બીજા વર્ણું ન આવે ત્યાં સંયુતાવૃત્તિ યમક અને જ્યાં વચમાં બીજા વર્ણું આવે ત્યાં અસંયુતાવૃત્તિ યમક જાણુવી.

કાવ્યપ્રકાશકાર, સાહિત્યદર્પણુકાર, રુદ્રટ તેમ જ વાગ્ભટ વગેરેએ પોતાના ગ્રન્થોમાં અનેક પ્રકારની યમકોનાં ઉદાહરણુ આપ્યાં છે. દોહરા અથવા આર્યા વગેરેમાં રુદ્રટે વર્ણુવેલી સમુદ્ગક યમક આવી એટલે હદ થઈ જાણુવી. ઉદાહરણુ:—

"मा नवधा रे' जनमने, भव वेदना खरेज ।
मान वधारे जनमने, भव वेदना खरेज." स. स.

અર્થ–દેવીભક્ત કહે છે કે હે મા! (લક્ષ્મી અથવા પાર્વતી) જો જનમને એટલે માણુસના મનમાં નવધા એટલે નવ પ્રકારની જે ભક્તિ તે રહે તો ભવ એટલે સંસારની વેદના તે ખરે જ એટલે ઝાડપરથી જેમ પાનડાં ખરે છે તેમ ખરી પડે જ, દૂર થાય જ. બીજો અર્થ–માન એટલે અભિમાન તે જો જન એટલે માણુસ, મને એટલે મનમાં વધારે તો તેને ભવ એટલે સંસાર, તે વેદના એટલે પીડા છે એમ જાણુવું.

પાછળ લાટાનુપ્રાસની ટીપણીમાં જે ઉદાહરણુ આપ્યું છે, તેમાં ને આમાં ભેદ એટલો જ છે કે, આમાં અર્થભેદ છે અને પાછલા લાટાનુપ્રાસમાં શબ્દ ને અર્થની પુનરુક્તિ હોઈ માત્ર તાત્પર્યમાં જ ભેદ છે

ઉપલા જંઘાની સુંદરતાના વર્ણુનમાં અર્થાલંકાર વસ્તૂત્પ્રેક્ષા છે.

૨૩ નાયક સખી પ્રત્યે પોતાની સ્થિતિ વર્ણવે છેઃ—

२३ **दोहरा**—सहित सनेह सकोच सुख, स्वेद कंप मुसकानि ।
प्रान पानि करि आपने, पान दये मो पानि ॥ २६२ ॥

અર્થ—સ્નેહ, લજ્જા, સ્વેદ, કંપ અને પરિહાસ સહિત હર્ષથી મારા પ્રાણ-હૃદય પોતાને હાથ કરી મારા હાથમાં પાન આપ્યાં.

એમાં લજ્જાદિકનું સાંકર્ય હોવાથી કિલકિંચિત્ હાવ જાણવો.

અલંકાર વિનિમય છે.

૨૪ પ્રસ્તાવિક કવિની ઉક્તિઃ-

२४ **दोहरा**—तंत्री नाद, कवित्तरस, सरस राग, रति रंग ।
अनबूडे बूडे, तरे, जे बूडे सब अंग ॥ ६८५ ॥

અર્થ—વીણાનો નાદ, કવિતાનો રસ, રસીલો રાગ અને રતિરંગ એટલે ભગવદ્વિષયક શૃંગાર તેમાં જે ન ડૂબ્યા તે ડૂબ્યા અને જે સર્વાંગે ડૂબ્યા તે તર્યા.

તાત્પર્ય—નારદજી વીણા વગાડી ભગવદ્ભક્તિરસમાં નિમગ્ન રહેતા તેથી તે, તેમ જ કવિતારસમાં વાલ્મિક્યાદિ, રસીલા રાગમાં નૃસિંહ મેહેતો (કેદારો ગાય તો ઠાકુરજી મંડળીકની સભામાં ભક્તને ગળે હાર પહેરાવે, તેથી નૃસિંહ જેવા રસીલા રાગમાં ભજન કરી પ્રભુને વશ કરનારા) અને શૃંગાર રસમાં ગોપીઓ સર્વાંગે ડૂબેલી તે તરી એટલે વિષ્ણુપદને પ્રાપ્ત થઈ. બીજા જે સર્વાંગે એમાંના કોઈપણ રસમાં નિમગ્ન ન થયા, તે ભવસાગરમાં ડૂબ્યા.

એમાં વિરોધાભાસાલંકાર છે.

૨૫ ગુણી ગુણી સહુ કહે તેથી નિર્ગુણી ગુણી ન થાયઃ—

२५ **दोहरा**—गुनी गुनी सब कोउ कहत, निगुनी गुनी न होत ।
सुन्यौ कहूँ तरु अर्कतें, अर्कसमान उदोत ॥ ६६५ ॥

અર્થ—ગુણી ગુણી એમ સઘળાઓ કહે, તેથી કાંઈ નિર્ગુણી હોય તે ગુણી ન થાય. અર્કતરુ (આકડાનુ ઝાડ) માંથી કયાં પણ અર્ક (સૂર્ય) સમાન પ્રકાશ નીકળ્યો એમ સાંભળ્યું છે?

એમાં અર્થાંતરન્યાસાલંકાર છે.

૨૬. સંસારમાં બુરાઓનું જ સન્માન થતું જોવામાં આવે છે.

२६ **दोहरा**—बसै बुराई जासु तन, ताहीकौ सनमान ।
भलौ भलौ कहि छोडिये, खोटे ग्रह जपदान ॥ ६७६ ॥

અર્થ–જેનાં શરીરમાં બુરાઇએ વાસ કર્યો હોય છે, તેનું સંસારમાં સન્માન થતું જોવામાં આવે છે. ભલા ગ્રહને ભલો કહી છોડી દે છે અને ખોટા ગ્રહનાં જપ ને દાન કરવામાં આવે છે.

એમાં લોકોક્તિ અલંકાર છે.

૨૭. લોભરૂપી ચસમા ચઢાવ્યાં, એટલે નાનો પણ મોટો જણાય:–

२७ दोहरा—घर घर डोलत दीन ह्वै, जनजन जाचत जाइ ।
दिये लोभचसमा चखनि, लघु पुनि बडौ लखाइ ॥ ६५१ ॥

અર્થ–તું ઘર ઘર દીન થઈ ડોલે છે–ફરે છે, જનજન પ્રત્યે જઈ જાચે છે. લોભનાં ચસમા આંખે ચઢાવ્યાં, એટલે નાનો પણ મોટો દેખાય છે.

એમાં રૂપકાલંકાર છે.

૨૮ નરની અને ફુહારાના નલનાં જલની સરખામણી:–

२८ दोहरा—नरकी अरु नलनीरकी, एकै गति करि जोइ ।
जे तो नीचौ ह्वै चलै, ते तौ ऊँचौ होइ ॥ ६९३ ॥

અર્થ–નરની અને ફુહારાનાં નલનાં પાણીની એક જ ગતિ–ચાલ જગતમાં જોવામાં આવે છે. જેટલો નીચો થઈ ચાલે તેટલો ઉંચો થાય.

એમાં દૃષ્ટાંતાલંકાર છે.

૨૯. મૂરખને મન પ્રેમસમુદ્ર ખાબોચિયાં જેવો છે:–

२९ दोहरा—* गिरितें ऊँचे रसिकमन, बूडे जहाँ हजार ।
वहै सदा पसुनरनिकौं, प्रेमपयोधि पगार ॥ ६५० ॥

અર્થ–પર્વત કરતાં ઉંચાં એવા રસિકજનોનાં મન જ્યાં હજારો ડૂબી ગયાં, તે જ પ્રેમનો સમુદ્ર પશુનરોને મન છીલરું છે. એમાં રૂપકાલંકાર છે.

૩૦ જૂનું તેટલું સારું ને નવું તે નિંદ્ય એ વિચાર ખોટો છે:–

३० दोहरा—जदपि पुराने बक तऊ, सरवर निपट कुचाल ।
नये भये तु कहा भयो, ये मनहरन मराल ॥ ७०६ ॥

અર્થ:–જો કે બગલા પુરાણા છે, તોપણ હે સરોવર! એમની વર્તણુક છેક જ ખોટી છે. નવા થયા તો શું થયું? આ તો મનહરણ કરવાવાળા હંસ છે.

---

* વેદાંત જેવા સૂક્ષ્મ વિષયમાં પ્રવેશ કરવા જેમની બુદ્ધિ સમર્થ એવા મારા મિત્ર સદ્ગત સાક્ષર રા. રા. મનસુખરામ સૂર્યરામે પણ આ દોહરો ચાર વખત મારે મુખથી સાંભળી પોતાની પ્રસન્નતા જણાવી હતી.

તાત્પર્ય—પુરાણા બદચાલના ધૂર્ત સેવકોપર કોઈ સ્વામી પ્રીતિ રાખે અને નવા ગુણવાન્ સદાચરણી સેવકોનીપર ન રાખે, ત્યાં આ દોહરો લાગુ પડે એવો છે. એમાં અલંકાર અન્યોક્તિ છે.

૩૧ જો શ્રી રાધાજીનાં ચરણપંકજમાં મનભ્રમર લુબ્ધ થાય તો તીર્થોમાં ભટકવાની શી જરૂર?

११ दोहरा—जा मृगनयनी के सदा, बेनी परसति पाय ।
ताहि देखि मन तीरथनि, विकटनि जाय बलाय ॥ ६७८ ॥

અર્થ—જે મૃગલોચનીના ચરણને સદા વેણી (ચોટલો તેમ જ ત્રિવેણી) સ્પર્શ કરે છે, તેને દેખી હે મન! વિકટ એવાં તીર્થોમાં તારી બલા જાય. એમાં કાવ્યલિંગાલંકાર છે.

૩૨ નાયિકાની પ્રલાપદશાનું વર્ણનઃ—

१२ दोहरा—अंत मरैंगे चलिजरैं, चढि पलासकी डार ।
फिरि न मरं मिलिहैं अली, ये निरधूम अँगार ॥

અર્થ—અંતે તો મરશું જ, માટે ચાલો પલાશની ડાલીપર ચઢી બળી મરિયે. ફરી મરતે પણ હે સખી! એ વગરધૂમાડાના અંગારા મળશે નહિ.

એમાં નાયિકાને પલાશપુષ્પમાં અંગારાનો ભ્રમ થયો, તેથી ભ્રાંત્યલંકાર જાણવો.

૩૩ નાયિકાવચન પછી સખીવચન ને વળી પાછું નાયિકાવચન, જેમાં અલંકારચાતુર્યવડે નાયિકા ખરી વાત ઉડાવી દે છેઃ—

१३ दोहरा—रह्यौ रुक्यौ क्यौंहू सुचलि, आधिक राति पधारि ।
हरतु ताप सब द्यौसकौ, उर लगि. यार? बयारि ॥ ५४५ ॥

અર્થ—દિનભરનો રોકાઈ રહેલો કેમે કર્યો અડધીક રાતનો ચાલી અહીં પધારી, ઉરશું લાગી આખા દિવસનો તાપ દૂર કરે છે. સખી—કોણ યાર? નાયિકા—ના રે! એ તો પવન.

એમાં સખીને શંકા ઉત્પન્ન થતાં ખરી વાત છૂપાવી નાયિકાએ તેનો ધૂર્તપણાથી નિષેધ કર્યો, તેથી છેકાપન્હુતિ જાણવી.

હિંદીમાં છેકાપન્હુતિને મુકરી કહે છે. એ ભાષામાં એ અલંકારનાં અનેક ઉદાહરણો મળી આવે છે. મહારાષ્ટ્ર ભાષાના સર્વોપરિ કવિ મોરોપંતના મિત્ર રામજોશીએ છેકાપન્હુતિના અનેક ઉદાહરણોથી યુક્ત એવી ફક્કડ લાવણી બનાવી છે.

૩૪. વિપ્રલંભ શૃંગાર પૂર્વાનુરાગ સ્નેહદશા વર્ણન:-

३४ दोहरा—मैं हो जान्यौ लोयननि, जुरत बाढि है जोति ।
को हो जानत दीठिकौं, दीठि किरकिटी होति ॥ १०२ ॥

અર્થ-મારા જાણવામાં તો એમ હતું કે, આંખો મળતાં જ (બેની ચાર થતાં) જ્યોતિ-પ્રકાશ વધશે. કોણ જાણતું હતું કે, દૃષ્ટિને દૃષ્ટિ જ કરજ (રજ-) થાય છે.

એ દોહરાના ચોથા પદમાં "किरकिटी" શબ્દ છે. તેનો પર્યાય કવિવર ાપંતની કવિતામાં એક સ્થળમાં "कण" એ મળી આવે છે. "ब्राह्मण कणसा-ाो, तुमच्या नेत्रीं न सोसवे काढा" એ એક તે મહારાષ્ટ્ર કવિની ગીતિનું પૂર્વાર્ધ તેમાં શુક્રાચાર્ય દૈત્યોને કહે છે કે, બ્રાહ્મણ (બૃહસ્પતિનો પુત્ર કચ) તમારા ાં કણ એટલે રજકણ સરખો ખુંચે છે તે તમારાથી ન સોસાય તો કાઢી નાંખો. આર્યાર્ધમાંનો "कण" શબ્દ અને ઉપલા દોહરામાંનો "किरकिटी" શબ્દ એ । સમાનાર્થક છે.

૩૫. માનવતી નાયિકા પ્રત્યે સખીની ઉક્તિ:-

३५ दोहरा—तो रस राच्यौ आनबस, कह्यौ कुटिल मति कूर ।
जीभ निबौरी क्यौं लगै, बौरी चाख खजूर ॥ २४८ ॥

અર્થ-તારી પ્રીતિનો રંગ જેને લાગ્યો છે અથવા તારી પ્રીતિમાં જે રંગાયો ે બીજીને વશ છે, એ કથન કોઈ કૂડા કુટિલમતિયાનું છે. અરે! ઘેલી! ખજૂર ચાખ્યું, તે જીભને લીંબોડી કેમ સ્વાદ લાગે?

એમાં પ્રિય બીજીપર આસક્ત નથી એ જે સમર્થનીય અર્થ, તેનું લોક-દરૂપ રસનાના દૃષ્ટાંતે કરીને સમર્થન કર્યું, તેથી કાવ્યલિંગાલંકાર જાણવો.

૩૬. ઘરબાર સ્ત્રીપુત્રાદિકને છોડી પરદેશમાં ભટકતા પરાધીન પરદેશીને કવિ કહે છે કે,

३६ दोहरा—पट पाखैं भख कौं करै, सफर परेई संग ।
सुखी परेवा जगत में, एकै तुही विहंग ॥ ५८४ ॥

અર્થ-પાંખ એ જ વસ્ત્ર, કંકરનું જ ભોજન અને પ્રવાસમાં કબૂતરી સાથમાં । એવાં હે કબૂતર! તું જ પક્ષી આ પૃથ્વીમાં એક માત્ર સુખી છે.

એમાં અન્યોક્તિ અલંકાર છે.

૩૭ થોડા દિવસની પ્રતિષ્ઠાપર આત્મશ્લાઘા કરનાર પ્રત્યે કવિની ઉક્તિ.

३७ दोहरा—दिन दस आदर पायकै, कर लै आप बखान ।
जौ लगि काक सराधपछ, तौ लगि तो सनमान ॥५८१ ॥

અર્થ-દસેક દિવસ આદર પામી પોતાનાં વખાણ કરી લે. હે કાગડા! જ્યાં લગી શ્રાદ્ધપક્ષ છે ત્યાં સૂધી તારું સન્માન છે.

૩૮ દુષ્ટ નરના ચાકર પ્રત્યે કવિ કહે છેઃ–

३८ दोहरा—स्वारथ, सुकृत न, श्रम वृथा, देखि विहंग बिचार ।
बाज पराये पानि परि, तू पंच्छीहि न मार ॥ ५७४ ॥

અર્થ-નથી એમાં સ્વાર્થ, નથી એમાં પુણ્ય તેમ જ શ્રમ પણ વૃથા છે. તો હે પક્ષી! તું જો અને વિચાર કર. હે બાજ! તું પરાયે હાથ પડી પક્ષીને મ માર.

૩૯ આશા અમર છે તે વિષે કવિની ઉક્તિઃ–

३९ दोहरा—इहीँ आस अटक्यौ रहै, अलि गुलाबके मूल ।
ह्वै हैँ फेरि वसंतऋतु, इनि डारनि वे फूल ॥ ५८३ ॥

અર્થ-એ જ આશાએ ભ્રમર ગુલાબના મૂલમાં અટક્યો રહે છે કે પાછો વસંતઋતુ આવશે ત્યારે એ જ ડાળોપર તે ફૂલ આવશે.

૪૦ ગુણી થઈ ગળે પડવું તે સારું નહિ તે વિષે કવિ કહે છેઃ–

४० दोहरा—जनम जलधि पानिप अमल, भो जग आघु अपार ।
रहै गुनी ह्वै गर पर्यौ, भलौ न मुकुताहार ॥ ५७५ ॥

અર્થ-તારો જન્મ સમુદ્રથી છે, રૂપ નિર્મલ છે અને મૂલ્ય મોટું છે અથવા મર્યાદા મોટી છે, એમ છતાં હે મુક્તાહાર! તું ગુણી (દોરાવાળો અથવા ઉત્તમ બુદ્ધિવાળો) થઈ બીજાને ગળે પડ્યો રહે છે એમાં ભલું નથી અર્થાત્ એમાં તારી શોભા નથી.

ઉપર જે દોહરાઓ આપવામાં આવ્યા છે, તેના ગુજરાતી ભાષાંતર ઉપરથી વાંચનારને માલમ પડશે કે કાવ્યશાસ્ત્રમાં કુશળ તેમ જ સહૃદય જનોનાં રંજનને અર્થે એ રચવામાં આવ્યા છે અને તેવાઓ જ એનો મર્મ સમજવા તથા તેનો મધુર સ્વાદ ચાખવાને સમર્થ હોય છે. કૈલાસપતિના વાહન જેવાઓ-માટે એ કવિતા નથી.

પ્રસિદ્ધ કવિ દયારામ દયાસતસૈયામાં કહે છે કે,

"दुर्ग, काव्य, कुष्मांड, कुच, उख कठोर त्यों सार"

એટલે કિલ્લો, કાવ્ય, કોહું, કુચ અને શેરડી જેમ કઠિણ હોય તેમ ઉત્તમ જાણવાં. એ અભિપ્રાય પ્રમાણે તો બિહારીસતસઈની ઉત્તમ કાવ્યમાં ગણના થઈ ચૂકેલી છે.

વળી એ જ દયાસતસૈયામાં એક દોહરામાં ઉત્તમ કવિતાનાં લક્ષણો જણાવ્યાં છે, તેમાં "बरन थोर अति अर्थ सह" એટલે જેમાં અક્ષર થોડા ને અર્થ ઘણો એવી કવિતા તે ઉત્તમ એમ જણાવ્યું છે. તે પ્રમાણે જેટલો અર્થ એક કવિત્તમાં સમાવવામાં આવે તેટલો એક દોહરામાં બિહારીદાસે સમાવેલો હોવાથી સઘળા વિદ્વાનો એ ગ્રન્થપર મોહિત થયા છે અને થાય છે.

પ્રાચીન સંસ્કૃત સાહિત્યશાસ્ત્રમાં ઉત્તમ કવિતાનાં જે જે લક્ષણો કહ્યાં છે, તેનું દર્શન બિહારી સતસઈમાં થાય છે. એ ગ્રન્થમાં જેમ અર્થચમત્કૃતિ તેમ જ શબ્દચમત્કૃતિ પણ છે.

આધુનિક નવીન રસિકોને શબ્દચમત્કૃતિનું નામ સાંભળતાં જ જ્વર ચઢી આવે છે. અર્થચમત્કૃતિ સહિત શબ્દચમત્કૃતિ, તે અનાદરણીય કેમ ગણી શકાય? શબ્દચમત્કૃતિ કાંઈ રસાપકર્ષક નથી, પણ તેને પ્રાચીન સાહિત્યશાસ્ત્રકારોએ રસનો ઉત્કર્ષ કરનારી ગણી છે. એક મહારાષ્ટ્ર વિદ્વાન્ પોતાના ગ્રંથમાં* જણાવે છે કે, "संस्कृत रचना स्वभावतः माधुर्य ओजादि गुणांनीं अति मोहक आहे, यामुळें तींतील पद्यांशीं मराठी भाषेंतील पद्यांची तुलना जेव्हां वामनानें करून पाहिली असेल, तेव्हां मराठी भाषेंतील पद्य फिकें आहे असें पंडितांस वाटून श्रुतिमाधुर्यादि चमत्कृति करितां त्यांनीं त्यांत प्रासयमकाची योजना केली असावी." "સંસ્કૃતરચના સ્વભાવથી જ માધુર્ય ઓજાદિક ગુણોથી અતિ મોહક છે, એ કારણથી તેમાંના પદ્યોની સાથે મરાઠી ભાષામાંનાં પદ્યોની તુલના જ્યારે વામન પંડિતે કરી જોઈ હશે, ત્યારે મરાઠી ભાષામાંનાં પદ્યો ફીકાં છે એમ પંડિતને લાગેલું, તેથી શ્રુતિમાધુર્યાદિ ચમત્કૃતિને માટે તેણે તેમાં પ્રાસયમકની યોજના કરેલી હોવી જોઈયે.' હિંદીના પ્રસિદ્ધ કવિવર કેશવદાસે રામચંદ્રિકા રચી છે, તેમાં પણ સંસ્કૃત ધાટીના તેમ જ હિંદી છંદોમાં યમકાનુપ્રાસની યોજના એ જ કારણથી કરવામાં આવેલી, એમ માનવાને કાંઈ અડચણ નથી. અંગરેજી કવિઓએ પણ અનુપ્રાસની અવગણના કરી હોય, એમ જણાતું નથી. જેમ,

* એ ગ્રંથ પસંદ કરી દક્ષિણા પ્રાઈઝ કમિટીએ ઇનામ આપ્યું છે.

"The preyful princess pierced and pricked a pretty pleasing pricket." SHAKESPEARE.

"Up the high hill he heaves a huge round stone." POPE.

"Like a glow worm golden, in a dell of dew." SHELLY.

એ ત્રણે ઉદાહરણોમાં પણ એક પ્રકારનો અનુપ્રાસ છે જેને અંગરેજીમાં "Alliteration" એ નામ આપવામાં આવ્યું છે. બિહારી સતસઇમાંથી એવા અનુપ્રાસનાં અનેક ઉદાહરણો મળી આવે છે, તેમાંનાં એક બે અત્રે આપવાં યોગ્ય ધારું છું.

૪૧ फूली फाली फूलसी, फिरत जु बिमल बिकास ।
भोर तरैया होँहि ते, चलत तोहि पिय पास ॥ २४४ ॥

અર્થ–જે વિમલ વિકાસ એટલે ઉજ્વલ જ્યોતિથી તારી સોકો ફૂલીફાલી ફૂલ સરખી ફરે છે, તેઓ તને પ્રીતમની પાસે જતી જોઇને સવારના તારા સરખી તેજહીન થઇ જશે.

૪૨ छप्यो छपाकर छित छयो, तम ससिहर न संभारि ।
हँसति हँसति चलि ससिमुखी, मुखतें आँचर टारि ॥ ३१० ॥

અર્થ–ચંદ્રમા છૂપાઇ ગયો, પૃથ્વીપર અંધકાર છાયો, તું હરખડ મા. સંભાળ અને હે ચંદ્રવદની! મુખપરથી અંચલને દૂર કરી હસતી હસતી ચાલ.

આપણામાં જે કહેવતો પ્રસિદ્ધ છે તેમાં "ધન, ભૂમિ ને સ્ત્રી" એ શબ્દોને બદલે 'જર જમીન ને જોરુ' તેમ જ "વૈદ, વકીલ ને વેશ્યા" એમ જેમનો પ્રથમાક્ષર એક જ એવા શબ્દસમુદાયમાં શ્રુતિમાધુર્ય વિશેષ હોવાથી જનસમાજના મુખમાં એ શબ્દો રમી રહ્યા છે તેથી જ સ્થળેસ્થળે તે સાંભળવામાં આવે છે. ગુજરાતી કવિવર પ્રેમાનંદે "પરબ્રહ્મથી એક પદ્મ પ્રગટ્યું ને પદ્મથી પ્રજાકર" તેમ જ "બન્યોને બાણે બાંધિયાં" એ, તેમ જ દયારામ જેવા રસિક કવિરાજે "મીરા મનમોહનશું માન્યું" ને "મારગડો મેલો મોહનલાલજી" એવા એકાક્ષરથી શરુ થતા શબ્દ સમુદાયનો ઉપયોગ કરી એક પ્રકારનો અનુપ્રાસ આણ્યો છે, તે પણ તે શ્રુતિસુખદ છે, એ મર્મ સમજીને જ આણ્યો છે, એમાં કાંઇ શંકા જેવું નથી. સંસ્કૃત,*

---

* "कनकं कामिनीं चापि कोविदः कोद्य कामयेत्"
"सुरभिस्नेहसुस्नातां स्वानतां सस्मितां पतिः" साहित्यसार.

A "देवि! दयावति! दवडिसि दासाची दुःख–दुर्दशा दूर" मोरोपंत.
पर्यंकावरि पडला पांडु पृथापुत्र पावला पीडा; ,,
वैरि–विजित–विक्षत–वपु विमुखलें वीरवर वरी व्रीडा. ,,

એ સંસ્કૃત તથા મરાઠી પદ્યના અર્થ ન આપવાનું કારણ એ છે કે, એમાં માત્ર એક જ અક્ષરથી શરુ થતો શબ્દસમુદાય દર્શાવવાનું પ્રયોજન છે.

અંગ્રેજી, હિંદી અને મરાઠી ભાષામાં જે ઉત્તમ કવિ ગણાય છે, તેઓની કવિતામાં તેમ જ ગુજરાતી પ્રસિદ્ધ કવિઓની કવિતામાં એવા અનુપ્રાસ ઠામઠામ જોવામાં આવે છે. તે ઉપરથી જણાશે કે એવા અનુપ્રાસનો અનાદર કરનારાઓ શ્રુતિસાધુ નથી એમાં કાંઈપણ શક નથી. યમક નામના શબ્દાલંકારને માટે સંસ્કૃત જેવી માતાની સહાયતાથી તેની પુત્રી વ્રજ, મરાઠી અને ગૂજરાતી વગેરેને જેટલી ને જેવી અનુકૂલતા છે, તેટલી ને તેવી અનુકૂલતા અંગરેજી ભાષાને હોય એમ જોવામાં આવતું નથી. વિવિધ પ્રકારની શબ્દચમત્કૃતિ દર્શાવવાનું સામર્થ્ય જેવું સંસ્કૃતમાં તેમ જ તેના પ્રતાપથી તેની પુત્રીઓમાં છે તેવું અંગ્રેજીમાં નથી. આ ઉપરથી અંગ્રેજી કવિઓની કવિતા આ દેશની અમુક ભાષાની કવિતાથી ઉતરતી છે, એમ કહેવાનો મારો હેતુ છે એમ પણ કોઈએ સમજવું નહિ.

લોકમાં સામાન્ય રીતે પ્રચલિત એવી એક પ્રકારની વાકયરચના, જેથી વાણીમાં શોભા અથવા ચમત્કારનું દર્શન થાય છે, તેનો સાહિત્યશાસ્ત્રકારોએ લોકોક્તિ એ નામથી અલંકારોમાં સમાવેશ કર્યો છે. વ્રજ ભાષાની કવિતામાંથી એ અલંકારનાં અનેક ઉદાહરણો મળી આવે છે. એ અલંકારમાં વાચ્યાર્થ કરતાં વ્યંગ્યાર્થનું પ્રાધાન્ય જોવામાં આવે છે. ભાષાભૂષણમાં "આંખ મીચી છ માસ સુધી વિરહવેદના ખમો' એ લોકોક્તિ અલંકારનું ઉદાહરણ આપવામાં આવ્યું છે. તેમાં "આંખ મીચી" એટલે જાણે કાંઈ જાણતાં ન હોય તેમ "મુંગામુંગા ધીરજથી સહન કરી" એ ભાવ છે. બીજું ઉદાહરણ "જે ગાય વાળે તે ધનંજય" (અર્જુન) એમાં લોકોક્તિ અર્થાન્તરગર્ભિત હોવાથી સાહિત્યશાસ્ત્રકારોએ તેને છેકોક્તિ એ નામ આપ્યું છે. કોઈ એક નાયિકા, જેનો પતિ પરદેશ જવા નીકળ્યો છે, તે પોતાની સખીને કહે છે કે, જો તું મારા પરદેશ જતા પતિને પાછો ફેરવી લાવે, તો મારા મનને તું જ મોટી એવા આશયથી, એટલે જે મોટું કામ કરે તે મોટો "એ અભિપ્રાયથી", ગાયવાળે તે અર્જુન એ લોકોક્તિનો ઉપયોગ કર્યો; પણ તેની સાથે એટલું પણ સૂચન કર્યું કે, મારી સુંદરતાનો કાંઇપણ વિચાર ન કરતાં પરદેશ જવા નીકળ્યો છે તેથી એ ઢોર-પશુ જેવાને જો તું પાછો વાળી લાવે તો મારે મન તું જ મોટી એ આશય છે.

બિહારી સતસઇમાંથી લોકોક્તિ અલંકારનાં જે અનેક ઉદાહરણો મળી આવે છે તેમાં કેવો ચમત્કાર છે તેના નિદર્શનને અર્થે બે દોહરા નીચે આપવામાં આવે છે.

૪૩ "न कर न डर" सब जग कहत, कत बेकाज लजात ।
सों हैं कीजै नैन जो, साची सों हैं खात ॥ ६५४॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, "કરો ના ડરો ના" એમ આખું જગત્ કહે છે–ત્યારે નકામા શું કરવા લજાઓ છો? જો તમે સાચા સોગન ખાતા હો તો તમારાં નેત્ર મારી સન્મુખ કરો.

એમાં નાયિકાના કથનનું તાત્પર્ય એ છે કે, જો તમે કાંઈ અપરાધ કર્યો નથી અર્થાત્ નિરપરાધી છો તો તમારે ભય શાનો? અપરાધ કરો તો ડરો, ન કર્યો હોય તો પછી ડર શાનો? માટે નકામા શું કરવા લજાઓ છો? એમાં નાયિકાની કોપોક્તિ છે. જો સાચા સોગન ખાતા હો તો તમારાં નેત્ર મારી સન્મુખ કરો. એ ઉપરથી સોગન ખાવાથી કાંઈ સત્યતા ઠરતી નથી એ ભાવ.

> ૪૪ छूै छिगुनी पहुंचौ धरत, अति दीनता दिखाय ।
> बलिबामनको ब्यौत सुनि, को बलि तुम्है पत्याय ॥ १६५ ॥

અર્થ–અતિ દીનતા દેખાડી ટચલી આંગળી (कनिष्ठिका) ને સ્પર્શ કરતાંજ પહોંચો પકડી લો છો. બલિ ને વામન વચ્ચે થયલો વ્યવહાર શ્રવણ કરી કોણ ભલા તમારો વિશ્વાસ કરે? અર્થાત્ કોઈ ન કરે.

દેખીતી નજીવી સરખી માગણી કરી પછી વધારે હોઇયાં કરવાની લાલસાવાળાને "એ તો આંગળી આપતાં પહોંચે વળગે એવો છે" એમ લોક કહે છે. નાયકે "ચાલો," "આ કુંજ જુઓ," "પુષ્પ તોડો" એમ થોડીસી વાત કહી પણ એના મનમાં અભિલાષા મોટી છે એમ સમજી જઈ નાયિકાએ "આંગળી આપતાં પહોંચે વળગે" એવા તમે છો, એવી લોકોક્તિનો પોતાના કથનમાં ઉપયોગ કર્યો અને તેને પુરાણપ્રસિદ્ધ બલિરાજા અને વામનની કથાના દૃષ્ટાંતથી સ્પષ્ટ કીધી.

"શિવસિંહસરોજ" નામના પ્રસિદ્ધ હિંદી ગ્રન્થમાં જણાવ્યું છે કે "બિહારી સતસઈ"ને લોક અક્ષરકામધેનુ કહે છે. તેની મતલબ ટુંકામાં એટલી જ છે કે, એ ગ્રન્થના એકેક અક્ષરમાંથી અનેક અર્થ મળી આવે છે. કેટલાએકની એવી સમજ છે કે, બિહારીના દરેક દોહરાના સાતસાત અર્થ થાય છે, પણ એ તેમની સમજ બરાબર હોય એમ જણાતું નથી. આખા ગ્રન્થમાંથી કોઇક દોહરાના સાત અર્થ ખેંચી તાણીને બલાત્કારે કરવામાં આવ્યા હોય, તે ઉપરથી તમામ દોહરાના સાત સાત અર્થ થાય છે એમ કહેવું એ માત્ર અતિશયોક્તિ છે. એમ છતાં એટલું તો સત્ય છે કે, એ ગ્રન્થમાં શ્લેષચમત્કૃતિ અનેક દોહરામાં જોવામાં આવે છે. એ કારણથી જ ટીકાકારોને એ ગ્રંથ તર્કના ઘોડા દોડાવવાનાં એક વિશાળ ક્ષેત્રરૂપ થઈ પડ્યો છે. સાહિત્યશાસ્ત્રમાં શ્લેષાલંકારના શબ્દશ્લેષ અને અર્થશ્લેષ એવા બે ભેદ જણાવેલા છે. જ્યાં કોઈ શબ્દને બદલે તેનો પર્યાય મૂકતાં શ્લેષ

ઉડી જાય ત્યાં શબ્દશ્લેષ અને તેમ કરતાં શ્લેષ ઉડી ન જાય ત્યાં અર્થશ્લેષ જાણવો. શબ્દશ્લેષના સભંગ શ્લેષ અને અભંગશ્લેષ એવા બે ભેદ છે. એવા સર્વ પ્રકારના શ્લેષના ઉદાહરણો બિહારી સતસઇમાંથી મળી આવે છે. તેમાંના માત્ર બે જ ઉદાહરણો ઉપરથી એ ગ્રંથમાં શ્લેષચમત્કૃતિ કેવી છે, તે જાણવાનું વાંચનારને સુગમ થઈ પડશે એમ ધારું છું. રાધાની સખી કૃષ્ણ પાસે આવી અરજ કરે છેઃ-

૪૫ "यह बिनसत नग राखिकै, जगत बडौ जस लेहु ।
जरी विषमज्वर जाइयै, आय सुदरसन देहु ॥ ४५६ ॥

અર્થ-આ વણસતાં એવાં સ્ત્રીરૂપ રત્નનું રક્ષણ કરી જગતમાં મહદ્યશ પ્રાપ્ત કરો. એ વિષમજ્વરથી બળી જાય છે માટે પધારી સુદર્શન દો.

એમાં "વિષમજ્વર અને "સુદર્શન" એ બે પદોમાં શ્લેષ છે. વિષમજ્વર એટલે કપરો-કફોડો સંતાપ-વિરહસંતાપ અને સુદર્શન એટલે ઉત્તમ દર્શન. તેમ જ વિષમજ્વર નામનો એક વૈદકશાસ્ત્ર પ્રસિદ્ધ જ્વર છે અને તે ઉપર વૈદ સુદર્શન નામનું ચૂર્ણ આપે છે. એમ બે અર્થ હોવાથી શ્લેષ છે.

૪૬ "कत लपटैयत मोगरे, सोनजुही निस सैन ।
जिहिँ चंपक बरनी किये, गुल्लाला रँग नैन ॥ ३३५ ॥

અર્થ-નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, મારે ગળે શું કામ લપટાઓ છો? જેણે રાતનાં શૈયાપર તમારી સાથ શયન કીધું અને જે ચંપકવરણીએ તમને જગાડી તમારાં નેત્રો ગુલ્લાલાનાં રંગના (લાલ) કીધાં તે હું નથી.

એમાં મોગરે, (મોગરા) સોનજુહી (સ્વર્ણયૂથિકા) ચંપક અને ગુલ્લાલા એ પુષ્પોનાં નામ છે. તેમાં "मोगरे" એટલે મારે ગળે" અને "सोनजुही" એટલે "તે નથી જે હતી" એવો અર્થ થતો હોવાથી શ્લેષાલંકાર છે.

જેમાં કેવળ શબ્દમાં જ સામ્ય-સરખાપણું અને ભાવમાં નહિ એવા શ્લેષના ઉદાહરણો પણ વ્રજભાષાની કવિતામાંથી અનેક મળી આવે છે. જેમ

"सुबरनकों ढूंढत फिरत, कबि, लंपट अरु चोर"

એટલે કવિ, લંપટ અને ચોર એ ત્રણ સુવર્ણને શોધતા ફરે છે. એ ઉદાહરણમાં કવિ વગેરેનું જે સરખાપણું, તે માત્ર "सुबरन" એ શબ્દમાંજ છે, ભાવમાં કે અર્થમાં નથી. સુવર્ણ એ શબ્દના ત્રણ અર્થ થાય છે. કવિ સુવર્ણ એટલે જેમાં શ્રુતિમાધુર્ય હોય એવા ઉત્તમ અક્ષરને શોધે છે, લંપટ પુરુષ સુવર્ણ એટલે સુંદર કાંતિને શોધે છે અને ચોર સુવર્ણ એટલે સોનું શોધે છે. એમ સુવર્ણ શોધવામાં એ ત્રણેનું સામ્ય હોવાથી એમાં શબ્દમાંજ તાત્પર્ય છે. બીજું ઉદાહરણઃ-

"मंगन लखि पट देतहैं, दाता सूम समान"

અર્થ–દાતાને સૂમ બે સરખા કાંકે તે બન્ને માગણને જોઈ "पट" દે છે. પટ એ શબ્દના ભાષામાં વસ્ત્ર અને કમાડ એવા બે અર્થ થાય છે. દાતા માગણને વસ્ત્ર દે છે અને સૂમ તેને જોઈ કમાડ દે છે. પટ દેવામાં બન્ને સરખા છે. એ રીતે "पट" એ શબ્દમાંજ તાત્પર્ય છે પણ ભાવમાં કે અર્થમાં નથી.

સંસ્કૃતમાંથી પણ એવા શ્લેષનાં ઉદાહરણ મળી આવે છે. જેમ,

"द्विजोच्छिष्टं सदा सेव्यमिति शास्त्रार्थकोविदा ।
काऽप्यसेवत तांबूलं भगवन्मुखचर्वितम्" ॥

એમાં દ્વિજોચ્છિષ્ટનું સદા સેવન કરવું, એ શાસ્ત્રાર્થને જાણનારી એવી કોઈએ ભગવાનના મુખનું ચાવેલું તાંબૂલ સેવન કર્યું, તેનું કારણ એ કે તે પણ દ્વિજોચ્છિષ્ટ હતું. એમાં પણ દ્વિજોચ્છિષ્ટ એટલે બ્રાહ્મણનું ઉચ્છિષ્ટ અને દાંતનું ચાવેલું એમ બે અર્થ થાય છે. સંસ્કૃત ભાષામાં દ્વિજ એટલે બ્રાહ્મણ અને દાંત એવા બે અર્થ થાય છે, પણ દ્વિજોચ્છિષ્ટ બન્ને કહેવાય, તેથી શબ્દમાં તાત્પર્ય જાણવું.

આવા પ્રકારનાં શ્લેષનાં ઉદાહરણો, જેની ખુબી ચતુર કવિઓ જેવા જ સમજી શકે, તેવાં "બિહારી સતસઈ" માંથી અનેક મળી આવે છે તેમાંનું એક આ છેઃ—

૪૭ "जोगजुगंति सिखई सबै, मनौ महामुनि मैन ।
चाहत पियअद्वैतता, कानन सेवत नैन ॥ १९८ ॥

અર્થ–યોગની યુક્તિ જાણે મદન મહામુનિએ સઘળી શીખવી દીધી તેથી પ્રિયના ઐક્યની ઇચ્છાથી નેત્ર "कानन सेवत" એટલે વન સેવે છે અથવા કાનોને સેવે છે. કાનોને સેવે છે એટલે કર્ણાવલંબન કરે છે.

એમાં જોગની યુક્તિ શીખ્યાં તેથી જોગી અને નેત્ર બે સમાન. જોગી કાનન એટલે વન સેવે છે અને નેત્ર બે કર્ણોનું અવલંબન કરે છે. એમાં પણ શબ્દમાં તાત્પર્ય છે.

પાષાણના નાના નાના ટુકડાઓને જોડી એક ચતુર શિલ્પી મનોહર આકાર ઊભો કરી જેમ પોતાનું શિલ્પકલાચાતુર્ય દરશાવે છે, તેમ જ વાક્યના નાના નાના કડકાઓનો અર્થ બેસતો આવે એવી રીતે એકત્ર કરી અનેક દોહરાઓમાં કવિવર બિહારીલાલે પોતાનું કાવ્યકલાકૌશલ્ય પ્રગટ કર્યું છે. જેમ,

૪૮ "दृग उरझत टूटत कुटुम, जुरति चतुर सँग प्रीति ।
परति गाँठि दुर्जनहिये, दई नई यह रीति ॥ ६१८ ॥

અર્થ—આંખ લપટાય છે અને કુટુંબ (કુટુંબનો સંબંધ) તૂટે છે, ચતુરસંગે પ્રીતિ જોડાય છે અને દુર્જનના હૃદયમાં ગાંઠ પડે છે. અરે દૈવ! એ નવી રીત છે.

જે લપટાય—ગુંચવાય તે તૂટે, પણ અહીં તેમ નથી. અહીં તો ગુંચવાય છે આંખો ને તૂટે છે કુટુંબ એટલે કુટુંબનો સંબંધ. વળી ચતુરસંગે પ્રીતિ જોડાય છે તો જે જોડાય તેમાં ગાંઠ પડવાને બદલે દુર્જન—વૈરીના હૃદયમાં ગાંઠ પડે છે એટલે દ્વેષ બંધાય છે. એ નવી જ રીત છે.

ગુજરાતના કવિવર પ્રેમાનંદે પણ બિહારીલાલની પેઠે જ વાક્યના ટૂકડાઓને એકત્ર જોડી પોતાની કાવ્યકળાની કુશળતા દેખાડી છે. જેમ,

જોડવા પાણી, દીન બોલવી વાણી, થાય વદન પીળું વર્ણ;
એ ચિન્હ છે, જાચકતણાં, જાચવાપેં રૂડૂં મર્ણ.

સુદામા ચરિત્ર.

બાહુઠ ખોંખારે, આળસ મોડે, માંડ્યાં વિષયિનાં ચિન્હ;
ચિત્ત મળ્યું ત્યાં ચક કશો રે, જો નથી ભિન્નાભિન્ન.

નલાખ્યાન.

ઉત્તમ કવિઓમાં જ એ પ્રકારે વાક્યના ટૂકડાઓ જોડી, ચિત્ર ખડું કરી દેખાડવાની શક્તિ હોય છે એવું મારું મત છે.

દ્રૌપદી દ્રૌપદીની ભાષામાં બોલે તે છાજે, ભીમની ભાષા દ્રૌપદી બોલે તે ન છાજે. ભીમ યુધિષ્ઠિરની ભાષામાં બોલે અને યુધિષ્ઠિર ભીમની ભાષામાં બોલે તે પણ તેમના સ્વભાવિરુદ્ધ તેમ જ અનુચિત ગણાય. આવું અનૌચિત્ય બિહારી સતસઈમાં ક્યાંપણ જોવામાં આવતું નથી. એ ગ્રન્થમાં તો પાત્રાનુરૂપ, પ્રસંગાનુરૂપ તેમ જ રસાનુરૂપ એવી વચનરચના ઠામઠામ જોવામાં આવે છે. યુવક યુવતીઓના મૃદુલ મનોહર અનેક ભાવોને શબ્દદ્વારાએ દરશાવવામાં જે માર્મિક જ્ઞાન કવિએ પ્રગટ કર્યું છે તેની પ્રશંસા શબ્દદ્વારા થઈ શકે તેમ નથી. સ્ત્રીઓનાં મુખમાં સ્ત્રીઓને છાજે એવા જ શબ્દ મૂકવામાં આવ્યા છે. સ્વભાવોક્તિ ખરેખરી એવા જ સ્થળમાં જોવાની છે. જેમ,

"रही लट्टू व्है लाल हौं, लखि वह बाल अनूप ।
कितो मिठास दयौ दई, इते सलौने रूप" ॥ ૬૦ ॥

અર્થ—દૂતી કહે છે કે હે કૃષ્ણ! હું તો તે અનુપમ એવી બાલાને જોઈ લટ્ટુ જ થઈ રહી. વિધાતાએ આટલા (નાનકડાસાં) સલૂણા રૂપમાં કેટલી મિઠાસ દીધી છે. એમાં દોહરાના ઉત્તરાર્ધમાં પાત્રાનુરૂપ વચનરચના જોવામાં આવે છે.

એવા જ પ્રકારની પાત્રાનુરૂપ વાક્યરચના ગુજરાતી ભાષામાં પ્રેમાનંદ તેમ જ દયારામ જેવા ઉત્તમ કવિઓની કવિતામાં પણ જોવામાં આવે છે.

ગુજરાતી, મરાઠી અને વ્રજ ભાષામાં યાવની ભાષાના શબ્દો વપરાયલા અનેક ગ્રન્થમાં જોવામાં આવે છે. પ્રાચીન પ્રસિદ્ધ સામળભટની કવિતામાં,

"**કસર** પણ કૃપણ કરે ઘણી,"
ત્યાં **ખલક** બાંધિ તે ખળભળી."
"ઇશ **અદલ ઇનસાફ** તોલશે,"

એવા એવા યાવની શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે. મરાઠી સર્વોપરિ કવિ મોરોપંતની કવિતામાં ખાસદાર, કોતવાલ, લુચ્ચા, ચાકર, લગામ અને તોબરા વગેરે યાવની શબ્દો વપરાયલા છે. છત્રપતિ શિવાજી મહારાજાએ યાવની શબ્દોને રાજદ્વારમાંથી બહિષ્કૃત કરવાના હેતુથી પંડિત પાસે રાજ્યવહાર કોશ રચાવ્યો, છતે મહારાષ્ટ્ર ભાષા તેવા શબ્દોના સંસર્ગથી મુક્ત ન થઈ શકી. એ જ પ્રમાણે "બિહારી સતસઈ"માં યાવની ભાષાના જે જે શબ્દો નજરે પડે છે, તે નીચે પ્રમાણેઃ-

આરબી.	આરબી.	આરબી.	આરબી.
१ आमिल.	६ सूम–शूम.	११ सतर.	१६ मौज.
२ गनी.	७ मुरासा.	१२ साबित.	१७ फते.
३ रद–रद्द.	८ क़सर.	१३ अदब.	१८ अहिसान.
४ बला.	९ नाज़ुक.	१४ वहस.	१९ हमाम.
५ फोज.	१० सिलमिले.	१५ गरज.	२० सबील.

ફારસી ભાષાના શબ્દો.

१ परी.	१० खुस्याल.	१९ दाग.	२८ यारि.
२ ताफता.	११ नाहक.	२० अंगूर.	२९ निशान.
३ रुख.	१२ वरजोर.	२१ दुमार.	३० गुमान.
४ निवाजिवो.	१३ गोल.	२२ खियाल.	३१ दमामो.
५ तमासे.	१४ नीको.	२३ गुल्लाला.	३२ कालबूत.
६ गुरेरनु.	१५ जरी.	२४ चसमा.	३३ खरच.
७ फानूस.	१६ दुसाल–र.	२५ बिचारि.	३४ तनक.
८ पायन्दाज.	१७ नेजा.	२६ सुमार.	
९ * किबलनुमा.	१८ गुलीबंद.	२७ प्याले.	

* किबले–नुमा.

તુરકી ભાષાના શબ્દો.

૧ कजाखी. ૨ हरौल.

એથી વધારે શબ્દો ખોલી કાઢવા યત્ન કરનારને યાવની ભાષાના ત્રણ ચારથી વધારે શબ્દો "બિહારી સતસઇ"માંથી મળી આવે એમ હું ધારતો નથી.

વળી "બિહારી સતસઇ"માં જે જે સંસ્કૃત શબ્દો વપરાયલા છે, તેમાંના તાલવ્ય "श"કાર કે મૂર્ધન્ય "ष"કારને સ્થાને સ્થળે સ્થળે દંત સ્થાનીય "स"કાર લખેલો પ્રાચીન પુસ્તકોમાં જોવામાં આવે છે. પ્રાચીન શૌરસેની પ્રાકૃતનો નિયમ એમાં સાચવવામાં આવેલો માલમ પડે છે. જેમ,

संस्कृत	शौरसेनी प्राकृत.
शेखर	सेहर.
शिखा	सिहा.
श्वसुरेण	ससुरेण.
देशा	देसा.
शरणं	सरणं.

એ શબ્દોમાં જ્યાં જ્યાં સંસ્કૃતમાં તાલવ્ય "श"કાર છે ત્યાં ત્યાં શૌરસેની પ્રાકૃતમાં દંતસ્થાનીય "स"કાર છે. એ નિયમ ભાષાભૂષણકાર પ્રસિદ્ધ મહારાજા જસ્વન્તસિંહજીએ પણ સાચવ્યો છે. "शशिसो उज्जल तियबदन" એમ ન લખતાં "ससिसो उज्जल तियवदन" (ચંદ્ર સરખું ઉજ્વલ સ્ત્રીનું મુખ) એમજ ભાષાભૂષણની પ્રાચીન પ્રતોમાં જોવામાં આવે છે. તેજ પ્રમાણે "બિહારી સતસઈ"માં પણ

"स्याम हरित दुति होइ" दोहांक. ૧
सीस मुकुट कटि काछनी" " ॥ ५९३ ॥
"मनों नीलमनि सैलपर" " ॥ ५५६ ॥

એ ઉદાહરણોમાં તાલવ્ય "श"કારને સ્થાને દન્ત્ય "स"કાર લખેલો છે, તે શૌરસેની પ્રાકૃતના નિયમને અનુસરીને છે. મૂર્ધન્ય "ष"કારને બદલે "स"કાર લખાતો આવ્યો છે, તેનું શૌરસેની પ્રાકૃતમાં એક ઉદાહરણ આ છેઃ-

संस्कृत	शौरसेनी प्राकृत.
विषमं	बिसमं.

એવાં બીજાં પણ અનેક ઉદાહરણો મળી આવે તેમ છે. એ નિયમને અનુસરી "બિહારી સતસઈ"માં,

"सीपहराके **मिस** हियो" दोहांक
"**मिसही मिस** आतप दुसह" " ૮૮

એ બે ઉદાહરણો મૂર્ધન્ય "**ष**"કારને સ્થાને "**स**"કાર લખવામાં આવેલો, તેનાં છે.

વળી જ્યાં મૂર્ધન્ય "**ष**"કારનો "**क**" વર્ગાંતર્ગત "**ख**"કાર હોય તેમ ઉચ્ચાર થાય છે, ત્યાં "ख"કાર ન લખતાં મૂર્ધન્ય "ष"કાર લખેલો છે, એટલે લખવાનું જૂદું ને બોલવાનું જૂદું એમ થયલું જોવામાં આવે છે. ગુજરાતી પ્રાચીન કવિઓએ પોતાની કવિતામાં લખવાનો "ष"કાર ને બોલવાનો "ख"કાર એમ ન કરતાં "ष"કારને સ્થાને ચોખો "ख"કાર લખેલો છે. "બિહારી સતસઈ" માં લખેલો "ष"કાર ને બોલાય "ख"કાર તેનાં ઉદાહરણ આ છે.

"**हरष** जात प्यौसार" दोहांक ॥ ६५८ ॥
"**त्रिषसी** लागति है बुरी" " ॥ ३५७ ॥

શૌરસેની પ્રાકૃતમાં સંસ્કૃત શબ્દોમાંના "त" કારાન્ત "न"કાર તે "ट" કારાન્ત "ण"કાર થઈ ગયા હતા. જેમ,

संस्कृत............................शौरसेनी प्राकृत.
तातेन............................तादेण.
पादेन............................पादेण.
वनमही ....वणमही.

પણ કાળના પ્રભાવથી પાછા તેજ "ण" કાર "न" કાર થયલા જોવામાં આવે છે. જેમ,

"वनमें बृखुभानकुमारि मुरारि" रसिकप्रिया.

માત્ર જે "न" કારના "ण" કાર થયલા, તેને જ પાછા અસલ રૂપમાં આણી સંતોષ ન પામતાં સંસ્કૃતમાં મૂલમાં જ જે શબ્દોમાં "ण" કાર હોય, તેના પણ "न" કાર થઈ ગયા છે. જેમ,

"कहि केसवदास निवासनिधि, लंबोदर **असरन सरन**"

ભાષામાં "ण" કાર ભોગજોગે કોઈ શબ્દમાં રહ્યો હોય તો હોય એમ જ જોવામાં આવે છે.

વિભક્તિપ્રત્યય નામની સાથે જોડીને લખવાથી અર્થ સમજવામાં વખતે સંદેહ રહે, માટે તેમ ન કરતાં પ્રકૃતિ પ્રત્યય નોખા લખવામાં આવે છે. જેમ,

"वाही की चित चटपटी" दोहांक ॥ ३४० ॥
"एके बासर के बिरह" " ॥ ३१८ ॥
"बतरस लालच लाल की" " ॥ ४९६ ॥

ગુજરાતી ભાષા જાણનાર વાંચકવૃંદને સમજવું સુગમ પડે માટે વિભક્તિ-પ્રત્યય નામની સાથે જોડીને લખવાથી વાક્યનો અર્થ સમજવામાં સંદેહ કેવી રીતે ઉત્પન્ન થાય છે, તેનાં ઉદાહરણો ગુજરાતીમાં નીચે પ્રમાણે આપી શકાયઃ-

"સોની ચોરી જો કરે, દે વસુધાપતિ દંડ"

એમાં સોની એટલે સોનાનો ઘાટ ઘડનાર એવો અર્થ હોય તો સો અને ની એ બે અક્ષર ભેગા લખવા; પણ જો સોની એટલે ચાર પચ્ચીસની એવો અર્થ હોય તો "ની" એ પ્રત્યય અલગ લખવો. એ ગુજરાતીનો નહિ, મરાઠીનો નહિ પણ હિંદી ભાષાનો નિયમ છે.

બીજું ઉદાહરણઃ—

"હાથી માર્યો જશે ને નાથી બચી જશે."

એમાં હાથી એ પુરુષનું ને નાથી એ સ્ત્રીનું નામ હોય તો ઉપર પ્રમાણે લખવું બરાબર ગણાય, પણ જો હાથી એટલે હા પાડવાથી અને નાથી એટલે ના પાડવાથી એવો અર્થ હોય તો "હા" અને "ના" એ બે અક્ષરથી "થી" એ પ્રત્યય અલગ લખવો. સંસ્કૃત ભાષાના વ્યાકરણ સાથે હિંદી વ્યાકરણના સર્વ નિયમ મળતા આવે છે એમ નથી.

મહારાષ્ટ્ર ભાષામાં કવિતા કરનારા મોટા મોટા સંસ્કૃત ભાષાવિશારદ પંડિતો હતા, તેમ છતાં તેમની ભાષામાં હ્રસ્વ દીર્ઘના નિયમો સચવાયલા જોવામાં આવતા નથી. તેજ પ્રમાણે ગુજરાતીમાં પણ સંસ્કૃત ભાષાભિજ્ઞ કવિઓની કવિતામાં હ્રસ્વ દીર્ઘના નિયમોનું ઉલ્લંઘન થયલું છે. વ્રજ ભાષાની કવિતામાં પણ તેમ જ છે. હ્રસ્વનો દીર્ઘ ઉચ્ચાર કરાય, દીર્ઘનો હ્રસ્વ ઉચ્ચાર કરાય અને જોડાક્ષર જૂદા પડે એ ભાષા કવિતાનો ન્યાય, એમ ગુજરાતના પ્રખ્યાત કવીશ્વર દલપતરામ કહે છે, તેમ એ ત્રણે ભાષાના કવિઓની કવિતામાં દષ્ટિએ પડે છે.

"બિહારી સતસઈ" માં "मनौं अली चंपककली" એ પદમાં अली શબ્દની "ली" દીર્ઘ કરવામાં આવી છે, તેનું કારણ શ્રુતિમાધુર્ય છે. બિહારી જેવા સંસ્કૃત ભાષાના વિદ્વાનને હ્રસ્વ દીર્ઘની ખબર ન હતી એમ તો કહી જ ન શકાય. હ્રસ્વને

સ્થાને હ્રસ્વ અને દીર્ઘને સ્થાને દીર્ઘ લખાય તે ઉચિત ગણાય એમાં સંશય નથી. પણ હાલના ધ્રૂજતા હૃદયથી કવિતા જોડનારાઓ અક્ષરને માથે ગુરુ લઘુનાં ચિહ્ન કરી પોતાની કૃતિને દોષરહિત માનતા હોય તો તે જ ગુણરહિત પણ છે. પ્રાચીન કવિઓએ હ્રસ્વ દીર્ઘના નિયમનું જો કે ઉલ્લંઘન કર્યું છે તો પણ તેમની વાણીઓ જ પ્રસાદાદિ ગુણયુક્ત હોઇને તેનો પ્રવાહ એવા વેગથી વહેતો ચાલ્યો જાય છે કે તેમાં જ મજ્જન કરી પોતાના હૃદયતાપની શાંતિ કરવાનું લોક વધારે પસંદ કરે છે.

કેટલી કવિતા અમુક કવિએ કરેલી છે તે ઉપરથી નહિ, પણ કેવી કરી છે તે ઉપરથી કવિની યોગ્યતાની પરીક્ષા કરવામાં આવેલી હોવાથી બિહારીલાલની ઉત્તમ કવિઓમાં ગણના કરવામાં આવી હોય એમ જોવામાં આવે છે.

નૃસિંહ મેહેતા, તુકારામ અને મીરાંબાઈની કવિતાને સુરભિના તુરતના દોહેલા દૂધની ઉપમા યોગ્ય ગણાય, તો પ્રેમાનંદ, મોરોપંત અને બિહારીદાસની કવિતાને તેવાં જ દૂધને ગરમ કરી, ઓટી, સાકર, એલચી વગેરે નાંખી તૈયાર કરેલાંની ઉપમા આપવી અનુચિત ન ગણાય.

ધર્મશાસ્ત્ર, ન્યાયશાસ્ત્ર, પાતંજલ, વઘક અને જ્યોતિષ વગેરે જેમને કાવ્ય-શાસ્ત્ર સાથે કાંઇપણ લેવાદેવા ન મળે તેવાં શાસ્ત્રોનાં તત્ત્વોને યુક્તિથી શૃંગાર-રસનાં સહાયક જેવાં બનાવવામાં કવિનું ચાતુર્ય ખરે જ પ્રશંસનીય છે.

જોશી, વૈદ અને પુરાણી એ ત્રણનો ઉપહાસ પ્રસ્તુત ગ્રંથમાં કરવામાં આવ્યો છે. તેમાં તેમના ગ્રંથના સિદ્ધાંત તેમને જ ગળે ઓળવવામાં આવ્યા છે.

"બિહારીસતસઈ" ના અભ્યાસથી કયા કયા વિષયોનું જ્ઞાન થાય, તેના સંબંધમાં પંડિત લલ્લુલાલ લાલચંદ્રિકામાં જણાવે છે કે,

"जो कोऊ रसरीति को, समुझ्यो चाहै सार ।
पढै बिहारी सतसई, कविताको शृंगार" ॥ ૭૧૬ ॥
"भांति भांति के अरथ बहु, या में गूढ अगूढ ।
जाहि सुनै रसरीति को, मग समझत अति मूढ" ॥ ૭૧૮ ॥
"विविध नायिका भेद अरु, अलंकार नृपनीति ।
पढै बिहारी सतसई, जानै कवि रसरीति" ॥ ૭૧૯ ॥

અર્થ–જે કોઈ રસની રીતિનો સાર સમજવાની ઇચ્છા કરે, તેણે કવિ-તાના શૃંગારરૂપ "બિહારી–સતસઈ" નો અભ્યાસ કરવો. ૨–એમાં ગૂઢ અને

અગૂઢ એટલે અઘરા અને સુગમ એવા ભાંતિ ભાંતિના અર્થ છે; જે સાંભળવાથી અતિ મૂઢને પણ રસરીતિનો માર્ગ સમજવામાં આવે. ૩–એમાં વિવિધ નાયિકાભેદ, અલંકાર અને રાજનીતિ એ વિષયો છે. જે "બિહારી સતસઈ"નો અભ્યાસ કરે, તે કવિની સઘળી કળાઓથી જાણીતો થાય.

એમ હોવાથી જેમને કાવ્યકળા જાણવાનો શોખ હોય, તેવાઓને આવા ગ્રંથનો અભ્યાસ કરવાથી અવશ્ય લાભ થાય, એમાં સંશય નથી.

મુંબઈ, વિલેપારલે
ગુરુપૂર્ણિમા વિ. સં. ૧૯૬૯.

સવિતાનારાયણ ગણપતિનારાયણ.

નોંધ.

નીચે જણાવેલા બિહારી સતસઇના ટીકાકારો તેમ જ બીજા ગ્રંથકારો જેમના ગ્રંથની આ ગુજરાતી ટીકા ગ્રન્થમાં સહાયતા લેવામાં આવી છે તેમનો હું ઉપકાર માનું છું.

૧ કવિ કૃષ્ણદત્ત કૃત કવિત્ત સવયાબદ્ધ ટીકા
૨ પંડિત અંબિકાદત્ત કૃત બિહારીવિહાર (કુંડળિયા બદ્ધ)
૩ પંડિત પરમાનંદ કૃત શૃંગારસપ્તશતી (સંસ્કૃત)
૪ ડા. ગ્રીયરસન કૃત લાલ ચંદ્રિકા સંસ્કરણ
૫ કવિ કેશવદાસ કૃત કવિપ્રિયા
૬ મતિરામકૃત રસરાજ
૭ ભૂખણ ત્રિપાઠી કૃત શિવરાજભૂષણ
૮ જગન્નાથ પ્રસાદ કૃત છંદઃપ્રભાકર
૯ ચિંતામણિ કૃત ચિંતામણિ પિંગળ
૧૦ મહામહોપાધ્યાય કવિ મુરારદાન કૃત જસવંતજસોભૂષણ
૧૧ પ્રભૂદયાલ પાંડે કૃત બિહારી સતસઈ ટીકા
૧૨ મમ્મટ કૃત કાવ્યપ્રકાશ (સંસ્કૃત)
૧૩ રસરત્નહાર * * * *

વગેરે વગેરે.

अनुक्रमणिका

बिहारी-सतसई

ભાવાર્થપ્રકાશિકા ટીકા સહિત

मंगलाचरण

दोहा—मेरी भवबाधा हरो, राधा नागरि सोइ।
जा तनुकी झांई परे, श्याम हरित द्युति होइ ॥ १ ॥

અર્થ—તે ચતુર એવી રાધિકા, મારી સંસારની એટલે આવાગમનની પીડા દૂર કરો; જેના તનની છાયા પડવાથી શ્રીકૃષ્ણની દેહદ્યુતિ હરિદ્વર્ણની થઈ જાય છે.

જ્યાં એકના ગુણ અથવા દોષવડે બીજાને ગુણ અથવા દોષની પ્રાપ્તિ વર્ણવવામાં આવે ત્યાં ઉલ્લાસાલંકાર સમજવો. એ લક્ષણ ઉપરથી રાધાના પીતવર્ણરૂપ ગુણવડે કૃષ્ણને હરિદ્વર્ણરૂપ ગુણની પ્રાપ્તિ વર્ણવી હોવાથી ઉલ્લાસાલંકાર.

વળી માનવતી એવી રાધાને સમજાવવાને, કૃષ્ણ તરફથી જે દૂતીને મોકલવામાં આવેલી, તે કહે છે કે, ભવ એટલે સંસારમાં પ્રાણીઓને શુભાશુભ કર્મયોગે ગમનાગમનની બાધા જોવામાં આવે છે, તેમ મને પણ કૃષ્ણ પાસેથી રાધા પાસે ને રાધા પાસેથી કૃષ્ણ પાસે ગમનાગમનરૂપ જે બાધા નડે છે, તે પણ એક ભવબાધા જ વળગેલી તે છે, ચતુર એવી ધારા દૂર કરો, એવી મારી પ્રાર્થના છે.

વળી "जातनकी झांई" જે રાધાના અંગની કાંતિ, "श्याम परै" એટલે કૃષ્ણનું પ્રતિબિંબ પડવાથી "हरितद्युति होई" એટલે લીલા રંગની થાય છે. કાળો ને પીળો રંગ મળેથી લીલો રંગ થાય છે એ પ્રસિદ્ધ છે.

વળી "जातनकी झांई परे" એટલે જેના શરીરનું પ્રતિબિંબ હૃદયસ્થિત થતાં, "श्यामहरित" એટલે પાપહરણ થાય છે અને "द्युति होई" એટલે દિવ્યદેહ થાય છે.

એ અર્થ પ્રમાણે કાવ્યલિંગાલંકાર છે. કારણ કે ભવબાધાહરણરૂપ જે અર્થ, તેનું એમાં સમર્થન કરવામાં આવેલું છે.

વળી "श्याम हरित दुति होई" એનો જગતમાં જે જે શ્યામ, તે તે સર્વ હરિતદ્યુતિયુક્ત થાય છે એમ પણ અર્થ થઈ શકે છે.

"ગિરધરકૃત શ્રીકૃષ્ણ ચરિત્રમાં "લઘુહરિત તૃણથી ધરા શોભે, મેઘજલ મહિમાય" એમ છે તેમાં "હરિત" એ શબ્દ "લીલા"ના અર્થમાં વાપરવામાં આવ્યો.

स्वकीया नायिका.

राति दिवस हौंसे रहै, मान न ठिक ठहराय ।
जेतो अवगुण ढूँढिये, गुणौ हाथ परिजाय ॥ २ ॥

અર્થ–હે સખી! રાતદિવસ મારા મનમાં એ વાતની હોંસ રહે છે કે, પ્રીતમશું માન ધારણ કરવું, પણ તે માન ક્ષણભર પણ સ્થિર થઇને રહેતું નથી. પ્રિયતમના જેટલા અવગુણ ખોળું છું, તેટલા જ તેના ગુણ હાથ પડી જાય છે.

અથવા સખી સખી પ્રત્યે કહે છે કે, રાતદિવસ અમારા મનમાં એવી હોંસ રહે છે કે, આપણે નાયિકાને માન ધારણ કરે તેમ કરિયે ને જોઇયે, પણ તે માન સ્થિર કરીને રહેતું નથી; જેટલા નાયકના અવગુણ અમે શોધીએ છૈયે, તેટલા તેના ગુણ જ હાથ પડી જાય છે.

પહેલા અર્થ પ્રમાણે સ્વકીયા નાયિકા સખી પ્રત્યે કહે છે. નાયકના અવગુણ પણ તેને ગુણ ભાસે છે.

એમાં શોધવારૂપ કારણ સામગ્રી જોઇએ એટલી છતાં, અવગુણ હાથ આવવારૂપ કાર્યોત્પત્તિ ન થઈ, તેથી વિશેષોક્ત અલંકાર જાણવો.

नवोढा नायिका.

नहिं पराग नहिं मधुर मधु, नहिं विकास यहि काल।
अली कलीहीसों बँध्यो, आगै कौन हवाल ॥ ३ ॥

અર્થ–હે ભ્રમર! આ સમયે નથી પરાગ–પુષ્પરજ, નથી મધુર મધુ–

મકરંદ, તેમ જ નથી વિકાસ–ખીલવું, તેમ છતે તું કલીશું જ ફસાઈ ગયો છે, તો આગળ તારી શી અવસ્થા થશે.

એમાં નવોઢા નાયિકા છે. અલંકાર અન્યોક્તિ છે. અપ્રસ્તુત પ્રશંસાનો પર્યાય શબ્દ અન્યોક્તિ છે. એમાં અન્ય એટલે અપ્રસ્તુત અને ઉક્તિ એટલે પ્રશંસા. તે ઉપરથી પ્રસ્તુત વાત સમજાવી દેવા માટે, જ્યાં અપ્રસ્તુત વાત કહેવામાં આવી હોય, ત્યાં અન્યોક્તિ અલંકાર જાણવો. એમાં મુગ્ધાપર આસક્ત થનાર નાયકને ઉપદેશ કરવાનો છે તે પ્રસ્તુત વાત, તે સમજાવવા માટે, અન્ય ભ્રમર વૃત્તાંત કથન કરવામાં આવ્યું, તેથી અન્યોક્તિ.

अंकुरित यौवना मुग्धा.

लाल अलौकिक लरिकई, लखि लखि सखी सिहाति ।
आजकालमें देखियत, उर उकसोंही भांति ॥ ४ ॥

અર્થ–નાયિકાની અલૌકિક શિશુતા જોઈજોઈને હે લાલ! સખી પ્રસન્ન થાય છે. આજકાલમાં જ પ્રિયાનું વક્ષઃસ્થળ ઉપસી આવ્યા સરખું દેખાવા માંડશે.

એમાં અંકુરિત યૌવના મુગ્ધા નાયિકા છે.

એમાં આજકાલમાં એમ લોક કહે છે, તેનું અનુકરણ વર્ણવ્યું, તેથી લોકોક્તિ અલંકાર જાણવો.

કામચેષ્ટા રહિત અંકુરિત યૌવનાને મુગ્ધા કહે છે. તેના અજ્ઞાતયૌવના અને જ્ઞાતયૌવના એવા બે ભેદ છે.

मुग्धा नायिका.

हेरि हिंडोरे गगनतें, परी परीसी टूटि ।
धरी धाय पिय बीचही, करी खरी रस–लूटि ॥ ५ ॥

અર્થ–હિંડોળાપર હીંચતી નાયિકા, પ્રીતમને આવતા જોઈ લાજની મારી ગગનથી પરી તૂટી પડે તેમ તૂટી પડી–પ્રીતમે ધાઈને તે જ સમયે અધર ઉપાડી લીધી અને ખાસી રસની લૂંટ કરી.

એમાં નાયિકા મુગ્ધા છે. હિંડોળાપર પોતે છે, તેવામાં નાયકને આવતો જોઈ ન્હાસવા જતાં તૂટી પડી, તે એક સખી બીજી સખીને કહી સંભળાવે છે.

મૂળ દોહરામાં પરી એ ઉપમાન, તૂટી પડવું એ સામાન્ય ધર્મ, અને "सी" પેઠે–સરખી એ વાચક, પણ તેમાં ઉપમેય નથી, તેથી ઉપમેય લુપ્તોપમા જાણવી; તેમજ "परीपरी" એમ બેવાર, તેથી શબ્દાલંકાર યમકાનુપ્રાસ છે, કારણ કે બન્નેના અર્થ ભિન્ન છે.

ज्ञात यौवना मुग्धा.

भावक उभरोहों भयो, कछुकपर्यो भरु आय ।
सीपहराके मिस हियो, निसिदिन हेरत जाय ।। ६ ।।

અર્થ–કાંઈક કાંઈક ઉંચું સું–ઉંચકાયું સું થયું, તેમજ કાંઈક (સ્તનોનો) ભાર આવી પડ્યો–સીપના હારના મિષથી–મસે હૃદય–છાતી દેખવામાં જ રાત દિવસ જાય છે.

એમાં જ્ઞાત યૌવના મુગ્ધા નાયિકા છે. જે મુગ્ધાને પોતાના યૌવનનું જ્ઞાન છે તેને જ્ઞાતયૌવના કહે છે.

એ દોહરામાં સખીની નાયક પ્રત્યે ઉક્તિ છે એમ જાણવું, અથવા સખી સખી પ્રત્યે કહે છે એમ પણ સંભવે.

જેમાં છળ કરી ઇષ્ટનું સાધન કરવામાં આવે, ત્યાં પર્યાયોક્તિ અલંકાર; એ લક્ષણ પ્રમાણે ઉપલા ઉદાહરણમાં સીપના હારના મસથી હૃદય–દર્શનરૂપ પોતાનું ઇષ્ટ સાધ્યું, તેથી પર્યાયોક્તિ અલંકાર છે.

अंकुरित यौवना मुग्धा.

तिय तिथि तरनि किसोरवय, पुन्यकालसम दोन ।
पूरे पुन्यनि पाइयतु, वैससंधि संक्रोन ।। ७ ।।

અર્થ–સખીની ઉક્તિ કૃષ્ણ પ્રત્યે–નાયિકા એ તિથિ છે, તરુણાવસ્થા એ સૂર્ય છે, પુણ્યકાળ સમાન ઉભય અવસ્થા છે, કોઈ પૂરાં પુણ્યના પ્રતાપથી જ વય:સંધિ અને સંક્રાતિની સંધિ પામે છે. અર્થાત્ અતિભાગ્યશાળી હોય તેને જ મુગ્ધા રતિલાભ પ્રાપ્ત થાય એ ભાવ. એમાં રૂપકાલંકાર છે.

अंकुरित यौवना मुग्धा.

छुटी न सिसुताकी झलक, झलक्यो जोबन अंग ।
दीपति देह दुहून मिलि, दिपति ताफतारंग ।। ८ ।।

અર્થ-શિશુતાની ઝલક છૂટી નહિ, એટલામાં અંગમાં જોબન ઝળક્યું. બન્નેના મળવાથી દેહની દીપ્તિ તાફ્તા-ધૂપછાયાના વસ્ત્રના રંગની જેમ ચમકે છે. જેમ ધૂપછાયા નામના વસ્ત્રમાં તાણાવાણાના ન્યારા ન્યારા રંગ ચમકે છે, તે જ પ્રમાણે નાયિકાના અંગમાં શિશુતા અને યૌવન ઝળકે છે.

એ દોહરામાં સખીની નાયક પ્રત્યે ઉક્તિ છે-તેમાં દેહ એ ઉપમેય, ધૂપછાયા નામનું વસ્ત્ર તે ઉપમાન, દીપવું એ ધર્મ, અને જેવું-સરખું એવો કોઈ સાદૃશ્ય વાચક શબ્દ મૂળમાં નથી, તેથી એ વાચકલુપ્તોપમાલંકાર જાણવોઃ—

मुग्धा नायिका.

अपने अँगके जानिकै, यौवन नृपति प्रवीन ।
स्तन मन नैन नितम्बको, बडो इजाफा कीन ॥ ९ ॥

અર્થ-ચતુર જોબનરૂપી નૃપતિએ પોતાના અંગનાં (સહાયક) જાણીને સ્તન, મન, નયન અને નિતમ્બ એટલે કટિપશ્ચાદ્‌ભાગની અધિક ઉન્નતિ કરી.

"इजाफा" એ શબ્દનો બડાઈ અથવા અધિકાઈ એવો અર્થ થાય છે.

એ સખીની સખી પ્રત્યે અથવા નાયકપ્રત્યે ઉક્તિ જાણવી.

એમાં મુગ્ધા નાયિકા છે, તથા ઉત્પ્રેક્ષાલંકાર છે.

नव यौवना नायिका.

अरतैं टरत न वर परे, दई मरक मनु मैन ।
होड़ा होड़ी बढ चले, चितचतुराई नैन ॥ १० ॥

અર્થ-પોતાની અડ મૂકતાં નથી, અને જાણે કામદેવે ઉશ્કેર્યાં હોય, એટલે હવે જોઇએ એમાંથી કોણ જિતે છે એમ ઉત્કર્ષ આપ્યો હોય, તેમ હઠે ચઢ્યાં છે, એવાં જે ચિત્તચાતુર્ય અને નેત્ર તે ચરસાચરસીમાં વધ્યાં જાય છે.

નાયિકાને યૌવન આવ્યું છે, તેથી ચતુરાઈ અને નેત્ર બન્નેની શરત લાગી છે કે, અધિક કોણ વધી જાય છે, તે સખી સખી પ્રત્યે કહે છે.

એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

नवोढा नायिका.

निरखि नवोढा नारितनु, छुटत लरकई लेस ।
भो प्यारो प्रीतम तियन, मानहु चलत विदेस. ॥ ११ ॥

અર્થ–નવોઢા નારીના શરીરમાંથી શિશુતાનો જે લેશ, તેને છૂટી જતો જોઇને, પ્રીતમ સ્ત્રીઓને જાણે પરદેશ જતો હોય તેવો પ્યારો થયો. એમાં સપત્નીઓનાં નૈરાશ્યનું વર્ણન કરવામાં આવ્યું છે.

લજ્જા અને ભયની અધિકતાથી જે પતિસંભોગની ઇચ્છા નથી કરતી, તેને નવોઢા કહે છે. ઉપલા દોહરામાં નવોઢા નાયિકા છે.

એમાં પતિનું લાંબી મુસાફરીએ નીકળવું, તે તેનાપર જે પ્યાર સોકો તરફથી દર્શાવવામાં આવ્યો, તે તેના હેતુરૂપ નહિ છતે હેતુરૂપ કલ્પવામાં આવ્યું છે, તેથી હેતૂત્પ્રેક્ષાલંકાર જાણવો.

नवोढा नायिका.

गाढे ठाढे कुचनु ठिलि, को पियहिय ठहराय।
उकसोहैंई तो हिये, दई सबै उकसाय ॥ १२ ॥

અર્થ–પ્રીતમના હૃદયમાં વાસ કરી રહેલાં કઠોર, તેમ જ ઊભાં એવાં કુચને ઠેલીને, એવી કોણ છે કે તે પ્રિયના હૃદયમાં ઠરે? ઉપસેલું જ એવું જે તારું હૃદય (છાતી), તેણે સઘળીઓને પ્રિયનાં હૃદયમાંથી હડસેલી કાઢી.

એમાં નવોઢા નાયિકા છે, નાયકની તેનાપર જ અતિ આસક્તિ છે તે વાત સખી નયિકા પ્રત્યે કહે છે. એમાં વિભાવનાલંકાર છે.

नवयौवना नायिका.

बाढत तो उर उरजभरु, भर तरुनई विकास।
वोझन सौतिनके हिये, आवत रुंधि उसास ॥ १३ ॥

અર્થ–ભર યૌવનના વિકાસમાં તારા હૃદયમાં ઉરોજનો જે ભાર વધે છે, તેના બોજાથી સપત્નીઓના હૃદયમાંથી રુંધાઇને ઉચ્છ્વાસ નીકળે છે.

એમાં નાયિકા નવયૌવના છે, તેને જોઈ સોકયોને દુઃખ થાય છે, તે વાત સખી નાયિકા પ્રત્યે કહે છે, એમાં અસંગતિ અલંકાર છે.

नवोढा नायिका.

मानहु मुखदिखरावनी, दुलहि न करि अनुराग।
सास सदन मन ललनहू, सौतिन दियो सुहाग ॥ १४ ॥

અર્થ—જાણે મુખદેખડામણી તરીકે નવોઢાપર અનુરાગ કરી સાસુએ સદન–ઘર, પ્રીતમે મન અને સપત્નીઓએ સુહાગ–સૌભાગ્ય આપ્યું. (નવી વહુને મુખદેખડામણીમાં કાંઈ આપવાની રીત છે).

નવી વહુનો ઘૂંઘટ ખોલીને મુખ દેખાડવાની જે રુઢી છે, તેને "મુખ-દેખડામણી" અથવા મોં જોણું કહે છે.

અથવા સખી નાયિકા પ્રત્યે કહે છે કે "मानहु, मुख दिखराव, नींदु लहि न, करि अनुराग" મારું કહ્યું માન, મુખ દેખાડ, નિદ્રિત મા થા, પ્રીતિ-કર. એમ કહી અભિસરણનો અવસર દેખાડે છે કે, આ સમયે સાસુ ઘરમાં છે, અને પતિ પણ સપત્નીઓ–સોકોપર આસક્ત છે.

એ અર્થ પ્રમાણે અભિસારિકા નાયિકા અને એની ઉપરના અર્થ પ્રમાણે નવોઢા નાયિકા છે.

એમાં ઉપરના પહેલા અર્થ પ્રમાણે ઉત્પ્રેક્ષાલંકાર છે.

नवयौवना नायिका.

देह दुलहियाकी बढै, ज्यों ज्यों जोबनजोति ।
त्यों त्यों लखि सौतिन सबै, वदन मलिन दुति होति ॥ १५ ॥

અર્થ—નવોઢાની દેહમાં જેમ જેમ જોબનની જ્યોતિનો વધારો થતો જાય છે, તેમ તેમ તે જોઇને સોકયોનાં મુખની ઘુતિ–કાંતિ મલિન થતી જાય છે.

એમાં નવયૌવના નાયિકા છે–સોકયોનાં મુખ મલિન થવાનું કારણ એ છે કે, નાયિકામાં યૌવન આવ્યું અને એ સુંદરી છે, તેથી એનાપર નાયક આસક્ત થશે તો અમને નહિ મળે.

એમાં જોબન જ્યોતિરૂપ નાયિકામાં જે ગુણનું આગમન, તેથી સોકયોને વદન માલિન્યરૂપ દોષની પ્રાપ્તિ વર્ણવી, તેથી ઉલ્લાસાલંકાર જાણવો.

आरूढ यौवना.

ज्यों ज्यों जोबन जेठदिन, कुचमिति अति अधिकात ।
त्यों त्यों छिन छिन कटिछपा, छीन परत नितजाति ॥ १६ ॥

અર્થ—જેમ જેમ જોબનરૂપી જેઠ મહિનામાં દિનરૂપી કુચમિતિ એટલે

સ્તનોનું પ્રમાણ અતિ વધતું જાય છે, તેમ તેમ ક્ષણે ક્ષણે કટિરૂપી રાત્રી નિત્ય ઘટતી જાય છે.

એ સખીની સખી પ્રત્યે અથવા નાયક પ્રત્યે ઉક્તિ છે.

એમાં જોબન અને જેઠ, કુચ અને દિવસ, તેમ જ કટિ અને રાત્રિ એમનો અભેદ વર્ણવવામાં આવ્યો, તેથી રૂપકાલંકાર જાણવો.

मुग्धा नायिका.

नव नागरितन मुलक लहि, यौवन आमिल जोर ।
घटि बढिते बढिघटि रकम, करी औरकी और ॥ १७ ॥

અર્થ–જોબનરૂપી જે હાકેમ તેણે નવનાગરીના શરીરરૂપી દેશને કબજે કરી, પોતાના બળથી ઘટેલી રકમ–વસ્તુને વધારી અને વધેલી રકમને ઘટાડી કાંઇની કાંઈ કરી નાંખી.

એ સખીની સખી પ્રત્યે ઉક્તિ છે.

મદન મહારાજની આજ્ઞાથી જોબનરૂપી હાકમે આવી નવનાગરીના શરીરરૂપી દેશનો કબજો લઈ, બચપણને તેમાંથી હાંકી મૂક્યું, કટિને ઘટાડી દીધી, નેત્ર, ઉર, નિતંબ ને ચતુરાઇને વધાર્યાં, તેમ જ પ્રકૃતિ, ચાલ, ચેષ્ટાને કાંઇનાં કાંઈ કરી નાંખ્યાં.

એમાં રૂપકાલંકાર છે.

मध्या नायिका.

भेटत बनत न भावतो, चित तरसत अति प्यार ।
धरत लगाय लगाय उर, भूषन, बसन, हथ्यार ॥ १८ ॥

અર્થ–પ્રીતમને મળવાનું તો બનતું નથી, અને અતિ પ્યારને લીધે નાયિકાનું ચિત્ત તો તરસે છે, તે કારણથી છાતીએ લગાડી લગાડીને વલ્લભનાં ભૂષણ, વસ્ત્ર, અને હથિયાર રાખે છે.

નાયક સાસરે ગયો છે ત્યાં લજ્જાને લીધે તેને મળવાનું બની શકતું નથી, અને અતિ પ્રેમને લીધે તેણીનું ચિત્ત તરસે છે, તેથી મધ્યાનાયિકા જાણવી.

એમાં પ્રેમાલંકાર છે, તેનું કવિપ્રિયામાં કેશવદાસે "**कपट निपट मिटि जाय जहँ, उपजै पूरन छेम; ताहीसों सब कहतहैं, केसव उत्तम प्रेम.**" એ

લક્ષણ આપ્યું છે; તેનો અર્થ એ છે કે જ્યાં કપટ છેક જ મટી જાય અને અંતરમાં પૂર્ણ અનુરાગ–પ્રીતિ ઉપજે, ત્યાં પ્રેમાલંકાર જાણવો.

मध्या नायिका।

छुटी न लाज न लालचौ, प्यौ लखि नैहर गेह।
सटपटात लोचन खरे, भरे सकोच सनेह ॥ १९ ॥

અર્થ–મૈયરમાં એટલે માતાના ઘરમાં, પતિને જોઇને લાજ જેમ ન છૂટી, તેમ લાલચ પણ ન છૂટી અને અતિ સંકોચ–લાજ અને સ્નેહનાં ભર્યાં જે લોચન તે વ્યાકુળ થાય છે.

પિતાના ઘરમાં પતિને જોઈ સંકોચ અને સ્નેહથી ભરેલાં નેત્ર વ્યાકુળ થાય છે, એમ વર્ણન કરેલું હોવાથી, લજ્જા અને મદનનું સમાનપણું હોવાથી સ્વકીયા મધ્યા નાયિકા જાણવી.

એક જ સ્થળમાં અનેક વસ્તુની સ્થિતિ વર્ણવેલી હોય ત્યાં પર્યાયાલંકાર જાણવો–ઉપલા ઉદાહરણમાં નાયિકાના નેત્રરૂપી એક સ્થળ તેમાં સંકોચ ને સ્નેહ બેની સ્થિતિ વર્ણવી, તેથી પર્યાયાલંકાર જાણવો.

मध्या नायिका.

समरस समर सँकोचवश, विवशन ठिकु ठहराय।
फिरिफिरि उझकति, फिरिदुरति, दुरिदुरि उझकति जाय ॥२०॥

અર્થ–સમાન ગુણવાળાં જે લજ્જા અને મદન તેને વશ એવી નાયિકા ક્ષણ પણ થીર કરીને બેસી શકતી નથી; ફરી ફરી ઝાંખે છે, પાછી છૂપાય છે અને ફરી ફરી ઝાંખતી જાય છે. નાયિકાના મનમાં એમ કે પ્રીતમ મને ન જોય તેમ જ પ્રીતમને દેખતાં કોઈ મને ન દેખે. એમાં યમકાનુપ્રાસ તથા લાટાનુપ્રાસ નામના બે શબ્દાલંકાર છે.

દોહરાના પ્રથમ ચરણમાં "समरस समरस" એમનો અર્થ ભિન્ન તેથી યમકાનુપ્રાસ, અને फिरिफिरि, दुरिदुरि" એ લાટાનુપ્રાસ છે. જ્યાં શબ્દાર્થ એક જ પણ અન્વય માત્ર ભિન્ન હોય ત્યાં લાટાનુપ્રાસ અને એકવાર જે ક્રમમાં વર્ણ આવ્યા હોય, તે જ ક્રમમાં તેની આવૃત્તિ થાય ત્યાં યમકાનુપ્રાસ જાણવો.

मध्या नायिका.

नई लगनि कुलकी सकुच, बिकल भई अकुलाय।
दुहूँ ओर ऐंची फिरै, फिरकीलौं दिन जाय ॥ २१ ॥

અર્થ-નવી પ્રીતિ અને કુળની લજ્જાથી ગભરાઇને, વ્યાકુળ થયલી નાયિકા, બેઉ તરફ ખેંચાતી ફિરકી એટલે ચક્રિકાની જેમ ફરે છે. એમ આમ તેમના ખેચાણમાં જ નાયિકાનો દિવસ જાય છે.

એમાં પરકીયા તથા મધ્યા નાયિકા છે. નૂતન પ્રીતિ તે તેને એક તરફથી ખેંચે છે અને કુળની લજ્જા બીજી તરફથી ખેંચે છે, એમ બે તરફથી ખેંચાતી ફિરકી-ચકરડીની જેમ નાયિકા ફર્યા કરે છે.

એમાં નાયિકા એ ઉપમેય, ફિરકી એ ઉપમાન, ખેંચાવવું એ ધર્મ અને જેમ એટલે પેઠે એ વાચક, એમ ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર જાણવો.

प्रेमगर्विता.

छला छबीले छैलको, नवल नेह लहि नारि।
चूमति चाहति लाय उर, पहरति धरति उतारि ॥ २२ ॥

અર્થ-છેલછબીલાએ નવલ નેહમાં અર્પણ કરેલી મુદ્રિકા લઇને નાયિકા તેને ચુમ્બન કરે છે, છાતી સરસી લગાડીને જોય છે, પહેરે છે અને ઉતારીને મુકે છે.

એમાં પરકીયા પ્રેમગર્વિતા નાયિકા છે, અને સખીની સખી પ્રત્યે ઉક્તિ છે.

मुदिता नायिका.

चालेकी बातें चलीं, सुनत सखिनके टोल।
गोयेहू लोचन हँसति, बिहसत जात कपोल ॥ २३ ॥

અર્થ-સખીઓના સમૂહમાં સાસરે જવાની જે વાત ચાલી તે સાંભળી નાયિકા છુપાવેલાં જ (લજ્જાને લીધે) લોચનથી હસે છે અને કપોલ (ગાલ) વિશેષે હસતા જાય છે.

બીજો અર્થ-પતિ પરદેશ ગમન કરશે એ વાત સખીના સમુદાયમાં

ચાલી, તેથી શૂન્યગૃહમાં જાર પ્રાપ્તિ થવાના હર્ષથી જે હસિત થયું, તેથી પરકીયા મુદિતા નાયિકા જાણવી.

ચોથા ચરણમાં "बिहसत" શબ્દને બદલે કોઈ કોઈ પુસ્તકમાં "बिकसत" એમ પાઠ છે. ત્યાં કપોલ હર્ષથી વિકસિત એટલે પ્રફુલ્લિત થતા જાય છે એ અર્થ જાણવો.

"चालेकी बात चली तबही, सुनिके मुंह आंचर झीने दुरायो;
नैननि लाज कपोलन हांसी, दुहू मिलकै अतिरंग दिखायो." कृष्णदत्त.

અર્થ–સખીની સખી પ્રત્યે ઉક્તિ–ચાલવાની વાત સાંભળી ઝીણા અંચલથી મુખ છુપાવ્યું, આંખમાં લાજ, કપોલમાં હાસ્ય એ બે મળીને ભારી રંગ દેખવામાં આવ્યો. એમાં મધ્યા નાયિકા છે.

मध्या नायिका.

उर उरझो चितचोरसों, गुरु गुरुजनकी लाज ।
चढे हिंडोरेसे हिये, किये बने गृहकाज ॥ २४ ॥

અર્થ–ચિત્તચોર જે નાયક તેશું ચિત્ત લપટાયું છે, તેમ મોટી એવી ગુરુજનની લજ્જા તેથી હિંડોળે ચઢેલાં સરખાં એટલે ડામાડોલ મનથી ઘરનાં કામ કરવાં જ પડે છે.

એક બાજુ ચિત્તના ચોરનારમાં ચિત્ત લપટાયલું અને બીજી બાજુ ગુરુજન જે સાસુ સસરા વગેરે તેમની મોટી લાજ એ બે હોવાથી, લજ્જા અને મદનનું સમાનપણું હોવાથી, મધ્યાનાયિકા જાણવી.

એમાં સખીની સખી પ્રત્યે ઉક્તિ છે.

અનેક વ્યંજનોનું એકવાર સાદૃશ્ય જ્યાં હોય ત્યાં છેકાનુપ્રાસ જાણવો. છેક એટલે ચતુર અથવા સહૃદય તેમને પ્રિય હોવાથી એ અલંકારને છેકાનુપ્રાસ એ નામ આપવામાં આવ્યું છે. ઉપલા ઉદાહરણમાં "उर उर" અને "गुरु गुरु" એવાં વ્યંજનોનું એકવાર સાદૃશ્ય હોવાથી છેકાનુપ્રાસ એ શબ્દાલંકાર જાણવો.

એમાં લક્ષિતા નાયિકા પણ સંભવેઃ–

मध्या नायिका.

सटपटातिसी शशिमुखी, मुख घूँघटपट ढांकि।
पावकझरसी झमकिकैं, गई झरोखे झांकिं ॥ २५ ॥

અર્થ-લાજતી સરખી ચંદ્રમુખી નાયિકા ઘુંઘટપટથી મુખને ઢાંકી, અગ્નિજ્વાળા સરખી શીઘ્રતાયુક્ત ઝરોખામાં ઝાંખીને ચાલી ગઈ. તેને હજી પણ સંભારું છું અથવા તે હજી પણ સાંભરે છે એ ભાવ.

એ સખી પ્રત્યે નાયકની ઉક્તિ છે.

શબ્દાર્થ-सटपटातसी=લાજતી સરખી અથવા ગભરાયલી સરખી पावक-झर=અગ્નિજ્વાળા.

એમાં અગ્નિજ્વાળા એ ઉપમાન, શશિમુખી એ ઉપમેય, સરખી એ વાચક અને ઝડપથી ચાલ્યા જવું એ ધર્મ તેથી પૂર્ણોપમા જાણવી.

प्रौढा नायिका.

बिहसि बुलाय बिलोकि उत, प्रौढ तिया रसघूमि ।
पुलकी पसीजति पूतकौं, पिय चूम्यौ मुख चूमि ॥ २६ ॥

અર્થ-યૌવનમદાંધ પ્રૌઢા નાયિકા રસમાં ઘુમીને પતિએ ચૂમેલાં સૂતના મુખનું (ત્યાં પતિ ભણી) જોઈ હસી, બોલાવી મુખચુંબન કરીને પુલકિત-રોમાંચિત અને પ્રસ્વેદિત થાય છે.

એમાં યૌવનાંધ પ્રૌઢા નાયિકાનું વર્ણન છે. ઉક્તિ સખીની સખી પ્રત્યે છે. નાયિકા સ્નેહના આધિક્યને લીધે પતિએ ચૂમેલું પુત્રનું મુખ ચૂમી આનંદ માને છે. પતિપરના પ્રેમાતિશયને લીધે સૂતને ચુંબન કરતાં નાયિકાને હર્ષસ્વેદાદિ સાત્વિકભાવનો આવિર્ભાવ થયો.

प्रौढा नायिका.

कोटि जतन कोऊ करो, तनकी तपति न जाय ।
जौलों भीजे चीरलों, रहै न प्यौ लपटाय ॥ २७ ॥

અર્થ-પ્રૌઢા નાયિકાની સખી પ્રત્યે ઉક્તિ-નાયિકા કહે છે કે, જ્યાંસૂધી ભીજેલાં ચીરની પેઠે પતિ લપટાઈ ન રહે, ત્યાં સૂધી કોઈ કરોડ જતન

કરો તોપણ તનનો તાપ મટવાનો નથી. એમાં નાયિકાની અભિલાષદશા વર્ણવી છે.

વિપ્રલંભ શૃંગારમાં મનુષ્યોની જે અવસ્થા તે અભિલાષથી મરણાવધિને પહોંચેલી એવી દશા માનવામાં આવી છે, તેમાં વિયોગ સમયમાં પ્રિયના સમાગમની જે ઇચ્છા તેને અભિલાષા કહે છે, તેનું ઉપરનો દોહરો તે ઉદાહરણ છે.

એમાં ભીજેલું વસ્ત્ર તે ઉપમાન, નાયક તે ઉપમેય, લપટાવવું એ ધર્મ, અને પેઠે એ વાચક તેથી પૂર્ણોપમાલંકાર જાણવો.

स्वीया प्रेमगर्विता.

छिनकु उघारत छिन छुवत, राखत छिनकु छिपाय ।
सब दिनु पियखंडित अधर, दरपन देखत जाय ॥ २८ ॥

અર્થ—ક્ષણેક ઉઘાડે છે, ક્ષણવાર સ્પર્શ કરે છે, ક્ષણભર છુપાવી રાખે છે, એમ પતિએ ખંડિત કરેલો અધર દરપણમાં જોતાં નાયિકાનો આખો દિવસ જાય છે.

એમાં "प्रिय" શબ્દનો પ્રયોગ કરવામાં આવેલો છે તેનો અર્થ "પતિ" એમ થાય છે, તેથી એ દોહરો સ્વીયા પ્રેમગર્વિતા નાયકાના ઉદાહરણરૂપ છે, અને એ સખીની સખી પ્રત્યે ઉક્તિ છે.

ગર્વિતા નાયિકા બે પ્રકારની હોય છે. તેમાં જેને પોતાના રૂપનો ગર્વ તે રૂપગર્વિતા અને જેને પતિના પ્રેમનું અભિમાન તે પ્રેમગર્વિતા કહેવાય છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

परकीया प्रौढा.

दुखदायिनि चरचा नहीं, आनन आनन आन ।
लगी फिरति ढूका दिये, कानन कानन कान ॥ २९ ॥

અર્થ—નાયિકાની નાયક પ્રત્યે ઉક્તિ છે. દુઃખ દેનારીઓનાં મુખમુખમાં હું સોગન ખાઇને કહું છું કે, બીજી ચર્ચા કાંઈ નથી; જ્યાં ત્યાં આપણી પ્રીતિ સંબધી જ ચર્ચા ચલાવતી રહે છે; વનવનમાં ગુપ્ત વાત સાંભળી લેવા છુપી રીતે કાન લગાડતી રહે છે. એ ઉપરથી તમારી મારા પ્રત્યેની પ્રીતિ પ્રસિ-

દ્ધિને પામી છે, ગુપ્ત નથી રહી, માટે તમે પણ મારી સાથે પ્રીતિપૂર્વક વર્તો એ અર્થ.

એ પ્રૌઢા પરકીયાની સખી પ્રત્યે ઉક્તિ છે એમ પણ કહી શકાય.

એ દોહરાનું બીજું ચરણ "आनन आनन आन" એ પ્રમાણે છે તેમાં પ્રથમ आनन એટલે મુખ, आन જે બીજો શબ્દ તેનો અર્થ અન્ય એટલે બીજું, અને ત્રીજો आन તેનો અર્થ આણ અથવા સોગન એટલે સમ કહે છે તે. એમાં યમકાલંકાર છે.

परकीया प्रौढा.

पहुंचति डीठि रनसुभटलौं, रोकि सकै सब नाहिं ।
लाखनहूकी भीरमें, आपु वहीं चलि जाहिं ॥ ३० ॥

અર્થ-સખીની નાયિકા પ્રત્યે ઉક્તિ છે. હે સખી! રણના સુભટની પેઠે તારી આંખો એવી પહોંચી જાય છે, કે સઘળાં માણસો તેને રોકી શકતાં નથી; લાખો લોકની ભીડમાં પોતે (શ્રીકૃષ્ણ જ્યાં છે) ત્યાં ચાલી જાય છે.

એમાં લાખો લોકની ગરદીરૂપ પ્રતિબંધ છતાં નાયક નિકટ પહોંચી જવારૂપ કાર્યોત્પત્તિ વર્ણવી તેથી ત્રીજી વિભાવના જાણવી.

તે જ પ્રમાણે દૃષ્ટિ ઉપમેય, સુભટ ઉપમાન, પેઠે-વાચક અને પહોંચી જવું એ ઉપમાન અને ઉપમેયને વિષે રહેલો સાધારણ ધર્મ, તેથી પૂર્ણોપમાલંકાર પણ છે.

प्रौढा नायिका.

अपनी गरजन बोलियत, कहा निहोरों तोहि ।
तू प्यारो मोजीयकों, मोजी प्यारो मोहि ॥ ३१ ॥

અર્થ-નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, મારી પોતાની ગરજની એટલે મારાં પોતાના પ્રયોજનની સિદ્ધિને માટે તમારી સાથે વાત કરું છું. તમારા અર્થની સિદ્ધિ માટે નહિ. તમારી આગળ અધિક શી વિનતિ કરિયે? તમે મારા જીવને પ્યારા છો અને મારો જીવ મને પ્યારો છે.

નાયિકાનાં વચનનું તાત્પર્ય એ કે મારે તમારી સાથે જે વાણી વિલાસ થાય છે તેમાં મારા જ પ્રાણની રક્ષારૂપ સ્વાર્થ છે, તમારો કાંઈ પણ સ્વાર્થ નથી.

એમાં કાવ્યાલિંગાલંકાર છે.

प्रौढा नायिका.

जात सयान अयान है, ये ठग काहि ठगैन ।
को ललचाय न लालके, लखि ललचोहे नैन ॥ ३२ ॥

અર્થ–નાયિકાની સખી પ્રત્યે ઉક્તિ–હે સખી! ડાહ્યા તે ઘેલા થઈ જાય છે અથવા સજ્ઞાન તે અજ્ઞાન થઈ જાય છે–નાયકનાં નેત્રરૂપી તે ઠગ કોને ન ઠગે? (મતલબ એ કે સર્વને ઠગે એવાં સૌંદર્યયુક્ત છે). લાલનાં લાલચનાં ભર્યાં નેત્ર નિરખતાં કોણ ન લલચાય? (અર્થાત્ સર્વ લલચાય.)

એમાં નેત્રની નિંદાના મિશથી સ્તુતિ કરવામાં આવી છે, તેથી વ્યાજ-સ્તુત્યલંકાર જાણવો.

એમાં પ્રૌઢા નાયિકા છે. સખી શીખામણ આપે છે તેનો નાયિકા ઉત્તર આપે છે.

लक्षिता नायिका.

इहिं काँटे मोपाय लगि, लीनी मरति जिवाय ।
प्रीति जनावति भीतिसों, मीतजु काढ्यो आय ॥ ३३ ॥

અર્થ–આ કાંટાએ મારા પગમાં પેસી મને મરતી જીવાડી લીધી, એમ નાયિકાએ સખી પ્રત્યે કહ્યું, ત્યારે સખી સખી પ્રત્યે કહે છે કે, મિત્રે આવીને જે કાંટો કાઢ્યો, તે ભયને લીધે પ્રીતિનો ગુપ્તપણે પ્રકાશ કરે છે.

એમાં વિરુદ્ધથી કાર્ય બન્યું તેથી પંચમ વિભાવના.

ઉપલા દોહરાનું ત્રીજું ચરણ "प्रीति जनावति भीतिसों" એ પ્રમાણે છે. તેનો અર્થ આમ છે. સખી કહે છે કે, ભયથી એટલે ભયનાં કારણથી ગુપ્ત રીતે તું પ્રીતિ જણાવે છે, પણ તારે મારું ભય ન રાખવું જોઈયે અને સ્પષ્ટ રીતે કહેવું જોઇયે. એમ નાયિકા પ્રત્યે કહ્યું, તેથી સખી નાયિકાની પ્રીતિનો હેતુ સમજી ગઈ હોવાથી નાયિકા હેતુલક્ષિતા જાણવી.

परकीया नवोढा.

कीनेहू कोरिक यतन, अब गहि काढे कौन ।
मो मन मोहनरूप मिलि, पानीमेंको लौन ॥ ३४ ॥

અર્થ–કરોડ ઉપાય કરીને પણ હવે એને પકડીને બહાર કોણ કાઢે કહો. મોહનના રૂપમાં મળીને મારું મન પાણીમાંના લવણ સરખું થયું છે. અર્થાત્ જલમાં લવણની ગાંગડી જેમ મળી જઇને એકરૂપ થઈ જાય છે તેમ મારું મન કૃષ્ણરૂપ થઈ ગયું છે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

अधीरा प्रौढा.

केसर केसर कुसुमके, रहे अंग लपटाय।
लगे जान नख अनखली, कत बोलत अनखाय ॥ ३५ ॥

અર્થ–હે કોપવતી! કેસરના પુષ્પના કેસર–કિંજલ્ક અથવા તંતુઓ મારે અંગે લપટાઈ રહ્યા છે, તેને નખક્ષતનાં ચિહ્ન જાણી શું કુપિત થઈ બોલે છે?

એ નાયકની નાયિકા પ્રત્યે ઉક્તિ છે. નાયક શઠ છે, તેથી નખક્ષતાદિ પરોપભોગ ચિહ્નયુક્ત છતે, નાયિકા પ્રત્યે અનુનય કરે છે. નાયક કહે છે કે તું વૃથા જ મારાપર કોપ કરે છે, પણ કોપ કરવાનું કારણ કાંઈ પણ નથી. એમાં નાયિકાએ જોયલા નખક્ષત તે કેસર કુસુમના તંતુ છે, એમ નાયક નાયિકાને સમજાવે છે.

એમાં નાયિકા અધીરા પ્રૌઢા છે.

શબ્દાર્થ–केसर=પુષ્પતંતુ. अनखली=કોપવતી. अनखाय=કોપ કરીને. कत=(सं) कुतः શું કરવા? શા માટે?

નાયિકાની એ સખી પ્રત્યે ઉક્તિ છે, એમ લઈ અર્થ કરતાં પરકીયાભૂત સુરતગુપ્તા નાયિકા જાણવી.

गुप्ता नायिका.

कारे बरन डरावनो, कत आवत मो गेह।
कै वा लख्यो सखी लखे, लगै थरहरी देह ॥ ३६ ॥

અર્થ–સખી પ્રત્યે નાયિકાની ઉક્તિ છે. શરીર કાળે રંગે ને બિહામણો એવો મારા ઘરમાં શું કામ આવે છે? સખી! એને કેટલી વાર જોયો ને એને જોયાથી મારા દેહમાં કંપારી છુટે છે.

એમાં કંપ નામનો સાત્વિક ભાવ વર્ણવ્યો છે. કાળા વર્ણના કૃષ્ણને જોઈ જે કંપ નાયિકાના અંગમાં ઉપજ્યો, તે ચોરના ભ્રમથી ઉત્પન્ન થતાં ભયથી ઉપજેલો કંપ છે, એમ સાત્વિકનું ગોપન કરનાર એવી નાયિકાની ઉક્તિ હોવાથી વ્યાજોક્તિ અલંકાર જાણવો.

એમાં પરકીયા ગુપ્તા નાયિકા છે, પરપુરુષની પ્રીતિનું ગોપન કરવાવાળીને ગુપ્તા કહે છે, તેના ત્રણ ભેદ છેઃ–૧ ભૂતસુરત ગોપના ૨ ભવિષ્ય સુરત ગોપના, અને ૩ વર્ત્તમાન સુરત ગોપના જાણવી.

वचन विदग्धा तथा क्रिया विदग्धा.

रह्यो मोह मिलनौ रह्यो, यों कहि गह्यो मरोर।
उतदै सखिहि उराहनो, इत चितई मोओर ॥ ३७ ॥

અર્થ–હવે અમારી તમારી પ્રીતિ બાજુએ રહી, મેલાપ પણ બાજુએ રહ્યો, એમ કહી મરોડ–માન ગ્રહણ કરી, પેલી તરફ સખીઓને ઠપકો આપી, આણી તરફ મારી ભણી જોયું.

અથવા નાયિકા સખી પ્રત્યે કહે છે કે, તારો સ્નેહ કેવો છે તે મેં જોઈ લીધો, તારું મિલન પણ જોઈ લીધું; એમ કહી માન ધારણ કરી, પેલી તરફ સખીને ઠપકો આપી, આણી તરફ મારી ભણી જોયું.

એકને મિષે કરી બીજાને ઉપદેશ કરવામાં આવે ત્યાં ગૂઢોક્તિ અલંકાર જાણવો.

એમાં વચનવિદગ્ધા તેમ જ ક્રિયાવિદગ્ધા નાયિકા છે. પરપુરુષ સંબંધી પ્રીતિ કાર્યનું સાધન ચતુરાઇથી કરવાવાળી સ્ત્રીને વિદગ્ધા કહે છે. તેના બે ભેદ છેઃ–૧ વચનવિદગ્ધા અને ૨ ક્રિયાવિદગ્ધા.

छायादर्शनवर्णन.

कर मुँदरीकी आरसी, प्रतिबिंब्यौ प्यौ आय।
पीठि दिये निधरक लखै, इकटक दीठि लगाय ॥ ३८ ॥

અર્થ–હાથની મુદ્રિકાની આરસીમાં નાયક આવી પ્રતિબિંબિત થયો, એટલે કે નાયિકાના કરની મુદ્રિકાની જે આરસી, તેમાં નાયક જે પાછળ

ઉસેલો તેનું પ્રતિબિંબ પડ્યું. નાયિકા જે પીઠ દઈને બેઠી હતી, તે એકાગ્ર-એક સરખી દૃષ્ટિ લગાડી નિધડક નાયકને જોય છે.

એ પીઠ પાછળ ઉભા રહેવારૂપ પ્રતિબંધક છતે, નાયકના દર્શનરૂપ કાર્યની ઉત્પત્તિ વર્ણવી, તેથી ત્રીજી વિભાવના.

શબ્દાર્થ-मुंदरी=મુદ્રિકા-અંગુઠી-વીંટી. आरसी=દર્પણ. प्रतिबिम्बौ=પ્રતિબિમ્બિત થયો. निधरक=બેધડક-નિરાંતે. दीठि=દૃષ્ટિ.

स्वकीया क्रिया विदग्धा.

पूस मास सुनि सखिनिपै, साईं चलत सवार ।
गहि कर बीन प्रबीन तिय, राग्यौ राग मलार ॥ ३९ ॥

અર્થ-પોસ મહિનામાં સ્વામી પ્રાતઃકાળે પરદેશ જશે, એવું સખીઓનું બોલવું સાંભળી, પ્રવીણ સ્ત્રીએ કર-હાથમાં વીણા ગ્રહણ કરી મલ્હાર રાગ આલાપ્યો-ગાયો.

તાત્પર્ય એ કે, મલ્હાર રાગ ગાવાથી વૃષ્ટિ થાય-પોષ મહિનામાં વૃષ્ટિ તે અકાલવૃષ્ટિ ગણાય છે. અકાલવૃષ્ટિમાં યાત્રા-પરદેશ-ગમન ન થાય.

એમાં પરવૃત્તાંત એટલે સામાની વાત જાણનાર, એટલે સ્વામીનું વૃત્તાંત જાણનાર જે નાયિકા તેની સાભિપ્રાય ચેષ્ટા વર્ણવવામાં આવી, તેથી પિહિતાલંકાર. એમાં ક્રિયા વિદગ્ધા નાયિકા છે.

શબ્દાર્થ-साईं=સ્વામી. बीन=વીણા. तिय=સ્ત્રી.

કવિ પ્રિયામાં "कोनहु एक उपायकरि, रोकै पियपस्थान; तासों कहत उपाय कवि, यह आक्षेप सुजान." એ આક્ષેપાલંકારના ઉપાયાક્ષેપ નામના ભેદનું લક્ષણ આપ્યું છે, તેમાં કોઈપણ ઉપાયથી પ્રિયનું પ્રસ્થાન અટકાવવામાં આવે, તેને ઉપાયાક્ષેપ કવિઓ કહે છે. એમ અર્થ હોવાથી કેશવના મત પ્રમાણે ઉપાયાક્ષેપાલંકાર જાણવો.

क्रिया विदग्धा.

न्हाय, पहिरिपट उठि कियो, बेंदी मिस परनाम ।
दृग चलाय घरकौं चली, विदा किये घनस्याम. ॥ ४० ॥

અર્થ—સ્નાન કરી, વસ્ત્ર પહેરી, ઉઠીને કપાળે બિંદી–ચાંદલો કરવાના મસથી નાયકને નાયિકાએ પ્રણામ કીધો; અને આંખનો મટકો કરી પોતાના ઘર તરફ ચાલી ને ઘનશ્યામ જે શ્રીકૃષ્ણ, તેમને વિદાય કર્યા.

એમાં ચાંદલો કરવાના મસથી વંદન વિજ્ઞાપનાદિ કાર્યનું સાધન કરવામાં આવ્યું તેથી પર્યાયોક્તિ અલંકાર છે.

પ્રસંગ એવો જણાય છે કે, જમનાજીના ઘાટપર સખીઓ ભેળી નાયિકા ન્હાવા ગઈ છે, ત્યાં નાયકનું દર્શન થતાં સખીઓની આંખ બચાવી ચતુરાઇથી વંદન કરવારૂપ ક્રિયા કરી, તેથી નાયિકાનું વૈદગ્ધ્યપણું વર્ણવેલું હોવાથી, ક્રિયા વિદગ્ધાનાયિકા જાણવી.

"विदग्धापि द्विधा प्रोक्ता वाचापि क्रियया तथेति भरतोक्तेः" ભરતમુનિએ કહેલું છે કે વિદગ્ધા બે પ્રકારની હોય છે, તેમાં એક વચનવિદગ્ધા અને બીજી ક્રિયાવિદગ્ધા કહેવાય છે.

ઉપર ક્રિયાવડે નાયિકાનું વૈદગ્ધ્ય વર્ણવવામાં આવ્યું, તેથી ક્રિયાવિદગ્ધા નાયિકા જાણવી.

लक्षिता नायिका.

पूछे क्यों रूखी पराति, सगबग रही सनेह ।
मन मोहन छविपर कटी, कहै कत्यानी देह ॥ ४१ ॥

અર્થ—સખી નાયિકાને કહે છે કે, એમ પૂછતામાં કુપિત શું કામ થાય છે? તું સ્નેહમાં તરબોળ થઈ રહી છે અને મનમોહન જે શ્રીકૃષ્ણ, તેની છબિપર તું મરી ફીટી છે–રીઝી રહી છે, તે તારી કંટકિત–રોમાંચયુક્ત કાયા કહી દે છે.

સખી કહે છે કે, પૂછતાં માત્રમાં કુપિત થઈ ગયાથી કાંઈ તારી પ્રીતિનું ગોપન થવાનું નથી. કારણ કે રોમાંચરૂપ જે સાત્વિકભાવ, તેથી તારી પ્રીતિનો જે ઉત્કર્ષ તે વ્યંજિત થાય છે.

એમાં રોમાંચયુક્ત દેહવડે દૃઢ પ્રીતિનું સમર્થન કરવામાં આવ્યું, તેથી કાવ્યલિંગાલંકાર જાણવો.

"मनमोहनछवि परकटी" એનો અર્થ "મનમોહન જે નાયક તેની છબિ તારા મનમાં પ્રગટ થઈ છે" એમ પણ થઈ શકે છે. रूखी એટલે નારાજ, અપ્રસન્ન.

એમાં લક્ષિતા નાયિકા છે–પરપુરુષ સંબંધી જે સ્ત્રીની પ્રીતિ લક્ષણાદિકથી જણાઈ પડે, તેને લક્ષિતા નાયિકા જાણવી.

लक्षिता नायिका.

औरै ओप कनीनकन, गनी घनी सिरताज।
मनी धनीके नेहकी, बनीं छनी पटलाज ॥ ४२ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તારી કનીનિકા એટલે આંખની કીકીઓ, તેની ચમક કાંઈ ન્યારી જ જોવામાં આવે છે, તેથી મેં, ઘની જે સુંદરીઓ તેમની આંખની કીકીઓના મસ્તકના મુગટરૂપ એટલે સરદાર, એ કનીનિકાને ગણી છે. ધની જે નાયક તેનો જે નેહ, તેની એ આંખની કીકી મણિ એટલે પ્રકાશક છે. એ કનીનિકામાં જે લાજ તે વસ્ત્રથી છાણેલી એવી થઈ છે. જે વસ્તુને કપડછાણ કરવામાં આવે છે તે બારીક–સૂક્ષ્મ બને છે, તે પ્રમાણે મોટી તો જાતી રહી છે, પણ સૂક્ષ્મ લાજ બની રહી છે.

ઉપરના અર્થ પ્રમાણે લક્ષિતા નાયિકા જાણવી. પણ જો એ નાયિકાની સખી પ્રત્યે ઉક્તિ ગણવામાં આવે તો અન્યસંભોગદુઃખિતા નાયિકાની ઉક્તિ એ જાણવી. એમાં ભેદકાતિશયોક્તિ અલંકાર છે.

लक्षिता नायिका.

प्रेम अडोल डुलै नहीं, मुख बोलै अनखाय।
चित उनकी मूरतिबसी, चितवनिमाँहि लखाय ॥ ४३ ॥

અર્થ–પ્રેમ ડોલે નહિ એવો એટલે અચલ છે, તે જે તારો પ્રેમ તે ચલિત થાય નહિ. સખી નાયિકાને કહે છે કે, તું છણકારો કરીને (રિસાઈને) મુખથી બોલે છે, પણ તારા ચિત્તમાં તેની એટલે નાયકની પ્રતિમાએ વાસ કર્યો છે, તે તારી દૃષ્ટિમાં જણાઈ પડે છે.

એમાં સખીએ નાયિકાની ચેષ્ટા ઉપરથી પ્રેમની અચલતા અનુમાનથી જાણી, તેથી અનુમાનાલંકાર જાણવો.

लक्षिता नायिका.

बहके सब जियकी कहत, ठौर कुठौर गिनैन।
छिन औरे छिन औरसे, ये छबिछाके नैन ॥ ४४ ॥

અર્થ—હે લાલ! તમારાં નેત્ર બેહેક્યાં–મદમત્ત થયાં, એટલે સઘળી હૃદયની વાત કહી દે છે, ઠામ કુઠામ ગણતાં નથી; આ તમારાં રૂપમદથી મત્ત થયલાં નેત્ર ક્ષણમાં કાંઈ ને ક્ષણમાં ન્યારાં જ એવાં થાય છે.

એ ઉપરથી નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તમારાં નેત્ર જ તમારાં ચરિત્ર પ્રસિદ્ધ કરે છે. જે મદમત્ત હોય, તેમનાં ચરિત્ર ગાફલપણાંને લીધે સર્વત્ર પ્રસિદ્ધ થાય છે, એ તાત્પર્યાર્થ જાણવો.

એમાં ભેદકાતિશયોક્તિ અલંકાર છે.

જો એ નાયિકા પ્રત્યે સખીની ઉક્તિ ગણવામાં આવે તો નાયિકા લક્ષિતા જાણવી.

लक्षिता नायिका.

नाम सुनतही ह्वै गयो, तन औरे मन और ।
दबै नहि चित चढि रह्यो, अबै चढाय त्यौर ॥ ४५ ॥

અર્થ—સખી નાયિકા પ્રત્યે કહે છે કે, હે બાલે! નાયકનું નામ સાંભળતાં જ તારાં તનની ગતિ ન્યારી અને મનની ગતિ ન્યારી જ થઈ ગઈ. હાલમાં તું તોબરો ચઢાવે છે, તેથી તારા ચિત્તમાં જે (નાયક) ચઢી રહ્યો છે, તે દબતો નથી.

એમાં લક્ષિતા નાયિકા છે. અલંકાર ભેદકાતિશયોક્તિ છે. શબ્દાલંકાર છેકાનુપ્રાસ છે.

એમાં નાયિકા સખી પ્રત્યે કોપના મિષથી સ્નેહ છૂપાવે છે, તે નાયકનું નામ સાંભળતાં જ નાયિકાના તનમનની જે ન્યારી જ સ્થિતિ થઈ, તેથી સખીએ સારી રીતે તેણીની આંતરિક પ્રીતિ જાણી લીધી, માટે લક્ષિતા નાયિકા જાણવી.

कुलटा नायिका.

लखि लोयन लोयननिके, कोयन होय न आज ।
कौन गरीब निवाजिवो, कित तूठो रतिराज ॥ ४६ ॥

અર્થ—નાયિકા પ્રત્યે દૂતીની ઉક્તિ છે. હે બાલે! તારાં સલૂણાં લોચનના કોણો–ખૂણાઓને જોઇને તેને વશ કોણ આજ ન થાય? તમે ક્યા

ગરીબને નિવાજવો ધાર્યો છે, એટલે કયા ગરીબપર કૃપામૃતની વૃષ્ટિ કરવી ધારી છે, અને કયે સ્થળે રતિરાજ-કામદેવ તૂઠ્યો છે?

સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તમારાં "लोचन" એટલે નેત્ર તેનું "लोयन" લાવણ્ય "लखि" એટલે જોઇને "को" એટલે કઈ નાયિકા "इन" એ નેત્રને આધીન ન થાય? આજ તમારી છબી એવી બની છે તે "कोन गरीब निवाजिवो" એમાં "रलयोःडलयोश्चैव" એ સૂત્ર પ્રમાણે "र" અને "ल" એક, તેથી "गरी" બદલ "गली" અને "अब"ને ઠેકાણે "ब" એમ ગણતાં કોની ગલીને નિવાજશો અર્થાત્ ગલીએ પધારશો? "गरीब"નો અર્થ ગરીબ એમ કર્યાથી "अभिमानी त्यागी तरुन" ઇત્યાદિ નાયકનાં લક્ષણ ન ઘટે.

પહેલા અર્થ પ્રમાણે કુલટા નાયિકા છે. કયા ગરીબને નિવાજશો, એ શબ્દોથી અનેક નાયકોની પ્રતીતિ થાય છે.

कुलटा नायिका.

फिरि फिरि दौरत देखियत, निचले नेकु रहै न।
ये कजरारे कौनपर, करत कजाखी नैन ॥ ४७ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, ફરી ફરી એટલે વારંવાર દોડતાં જોવામાં આવે છે, અને નિશ્ચલ એટલે સ્થિર જરા પણ થતાં નથી એવાં તારાં આજે કજ્જલભૂષિત નેત્ર તે કોનાપર ધાડ-દરોડો પાડે છે અથવા દોડ કરે છે? એમાં કુલટા નાયિકા છે.

એમાં નેત્ર ઉપમેય અને દોડ કરવી એ ધર્મ, એમ ઉપમાનાં બે અંગ હોવાથી તેમ જ ઉપમાન અને વાચક એ બે ન હોવાથી વાચકોપમાન લુપ્તોપમાલંકાર જાણવો.

"कजाखी" એટલે ક્રૂરપણું એમ પણ અર્થ થાય છે.

એમાં "ये कजरारे कोनपर करत कजाखी?" એટલે એ તારાં કજ્જલભૂષિત જે નેત્ર, તે કોનાપર દરોડો પાડે છે? એ પ્રશ્ન ઉપરથી પરકીયા કુલટાની બહુ પુરુષોશું પ્રીતિની પ્રતીતિ થાય છે.

कुलटा नायिका.

खेलन सिखये अति भले, चतुर अहेरी मार।
काननचारी नैन मृग, नागर नरन सिकार ॥ ४८ ॥

અર્થ–સખી નાયિકાને કહે છે કે, ચતુર શિકારી જે કામદેવ, તેણે કાન-નચારી–(કાન સુધી પહોંચનારાં અથવા વનમાં ફરનારાં) જે નયનો, તેઓને ચતુર નરોરૂપી મૃગોનો શિકાર ખેલવાનું ખૂબ મઝેનું શીખવ્યું છે.

અથવા ચતુર શિકારી જે કામદેવે કાનનચારી નયનમૃગને ચતુર નરોનો શિકાર કરવાનું ખાસું મઝેનું શીખવ્યું છે, એમ પણ અર્થ થઈ શકે છે.

પ્રથમ અર્થ પ્રમાણે રૂપકાલંકાર, અને બીજી રીતના અર્થ પ્રમાણે અન્યત્ર મૃગયા ખેલવામાં વધિકાદિ નરો થકી મૃગવધ થાય છે. પણ ઉપલા દોહરામાં લોચનમૃગે કરેલો ચતુર નરનો વધ એ બાત આશ્ચર્યજનક, તેમાં અકારણથી કાર્યોત્પત્તિ વર્ણવવામાં આવી, તેથી ચોથી વિભાવના જાણવી.

એમાં પણ પરકીયા–કુલટા નાયિકા છે. દોહરામાં "નાગર નરોનો શિકાર" એવા શબ્દો છે, તેપરથી ઘણા નાયકની પ્રતીતિ થાય છે.

मुदिता नायिका.

चलत देत आभारसुनि, वही परौसिन नाह ।
लसी तमासेके दृगन, हांसी आँसुनमाँह ॥ ४९ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, પરદેશ જતી વખતે તે જ પાડો-સણના પતિને પોતાના ઘરનો ભાર સોંપતાં સાંભળીને નાયિકાનાં દર્શનીય જે નેત્રો તેમાં હાંસી આંસુઓની વચમાં શોભાયમાન થઈ.

પાડોસણનો પતિ તે નાયિકાનો ઉપપતિ હોવાથી, ઘરનાં કામકાજને અર્થે આવતાં જતાં તેના સમાગમનો લાભ મળશે, એ કારણથી હસવું આવવું, અને પતિ પરદેશ જવાથી તેનો જે વિરહ થવાનો, તેના સંતાપનું આધિક્ય દેખાડવાને આંસુ પાડવાં, એ ઉપરથી નાયિકા પ્રોષિત પાતકા તેમ જ પરકીયામુદિતા પણ જાણવી.

એમાં પરકીયાના જાતિસ્થ સ્વભાવનું વર્ણન હોવાથી સ્વભાવોક્તિ અલંકાર. વિના યત્ને ઇષ્ટસિદ્ધિ વર્ણવવામાં આવી, તેથી પ્રહર્ષણાલંકાર અને એક આંખ જે આધાર તેમાં અનેક આધેય જે હાંસી અને અશ્રુનો વાસ વર્ણવવામાં આવ્યો, તેથી પર્યાયાલંકાર.

अनुशयाना नायिका.

सन सूख्यो बीत्यो बनो, ऊखौ लई उखारि ।
अरी हरी अरहर अजौं, धर धर हर हिय नारि ॥ ५० ॥

અર્થ–અંતરંગ સખી નાયિકા પ્રત્યે કહે છે કે, સણનું ક્ષેત્ર સૂકાઈ ગયું, કપાસનું વન વીત્યું, અને ઊખપણ ઉખેડી લેવામાં આવી (તેમાં વદનદ્યુતિ મલીન શું કરવા કરે છે?) પણ હે સખી! તું આ તુવર અદ્યાપિ લીલીછમ જેવી ઉભી છે, તેનું ક્ષેત્ર નથી જોતી? એ જ તુવરનું ક્ષેત્ર સંકેતસ્થળ થશે, માટે હે નારિ! હૈયામાં ધીરજ ધર.

આ ઉપરથી સંકેતના અભાવની શંકાથી નાયિકાને જે દુઃખ ઉત્પન્ન થયલું, તે દૂર કરવાને હજી તુવર લીલી છે, એમ કહી સંકેતસ્થળનું સમર્થન સખીનાં વાક્યવડે કર્યું, તેથી કાવ્યલિંગાલંકાર જાણવો.

એમાં અનુશયાના નાયિકા જાણવી. સંકેતસ્થળનો નાશ થયાથી દુઃખિત એવી સ્ત્રીને અનુશયાના કહે છે. તેના ત્રણ ભેદ છેઃ–૧ સંકેત વિઘટ્ટના, ૨ ભાવિસંકેત નષ્ટા અને ૩ રમણગમના.

अनुशयाना नायिका.

फिरि फिरि बिलखी है लखति, फिरि फिरि लेति उसास ।
साईंसिर कच सेतलों, बीत्यो चुनत कपास ॥ ५१ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, વારંવાર અનમની થઇને જુએ છે, વારે વારે નીસાસા નાંખે છે, પતિના માથામાં સફેત વાળ હોય તેને ઉપાડી લેતાં યુવતીને જેવું દુઃખ થાય તેવું દુઃખ નાયિકાને કપાસ વીણી લેતાં વીત્યું–થયું.

કપાસના ક્ષેત્રમાં સંકેતસ્થળ હતું, તે નષ્ટ થયાથી નાયિકાને જે ઉદાસી થઈ, તેનું ઉપરના દોહરામાં વર્ણન કરેલું હોવાથી અનુશયાના નાયિકા જાણવી.

એમાં પૂર્ણોપમા તથા દૃષ્ટાંતાલંકાર છે.

दूती वचन.

नहिं हरिलौं हियरा धरौ, नहिं हरलौं अरधंग ।
एकतहीं करि राखिये, अगं अगं प्रति अंग ॥ ५२ ॥

અર્થ–દૂતી નાયક પ્રત્યે કહે છે કે, હે કૃષ્ણ! તમે, જેમ વિષ્ણુ લક્ષ્મીને હૃદયમાં ધારણ કરે છે તેમ તે (નાયિકા)ને ધારણ ન કરો; તેમ જ મહાદેવની પેઠે અર્દ્ધાંગે ધારણ ન કરો; પરંતુ તેના અંગેઅંગ તમારા પોતાના પ્રત્યેક અંગમાં મેળવી રાખો.

તમને તેણીનાં સર્વ અંગ પ્રિય હોવાથી, એમ દૂતીનો કહેવાનો ભાવ જણાય છે.

એમાં દૂષણોપમા છે–જ્યાં ભૂષણ ભાવને છૂપાવી ઉપમાનનાં દૂષણ વર્ણવવામાં આવે ત્યાં દૂષણોપમા જાણવી. હરિએ લક્ષ્મીને હૃદયમાં રાખવી અને મહાદેવે પાર્વતીને અર્ધાંગે રાખવી, એમાંના ભૂષણભાવને છૂપાવી દૂષણ દર્શાવવામાં આવ્યું, તેથી દૂષણોપમા જાણવી–એ જ પ્રમાણે ભૂષણોપમા, મોહોપમા, નિયમોપમા અને વિપરીતોપમા વગેરે અનેક પ્રકારની ઉપમાઓ, તેમનાં લક્ષણ તથા ઉદાહરણ સહિત કવિપ્રિયામાં કેશવદાસે વર્ણવેલી છે.

दक्षिण नायक.

गोपिनसंग निसि सरदकी, रमत रसिक रसरास ।
लहा छेह अति गतिनकी, सबन लखे सब पास ॥ ५३ ॥

અર્થ–શ્રીકૃષ્ણનું દક્ષિણ નાયકત્વ વર્ણવતાં કવિ કહે છે કે, ગોપીઓની સાથે શરદ્‌ઋતુની રાત્રીમાં રસિક એટલે રસિયા એવા શ્રીકૃષ્ણે અનુરાગપૂર્વક રાસક્રીડા કરતાં, નર્ત્તનકળાની જે ગતિઓ તેની શીઘ્રતા એવી કરી કે, સહુ ગોપીઓએ પોતાની નિકટ જ શ્રીકૃષ્ણને જોયા.

એમાં શૃંગાર રસનો, વિસ્મય છે સ્થાયી ભાવ જેનો એવો અદ્‌ભુત રસ, તે અંગ થયો તેથી રસવદલંકાર જાણવો.

જ્યાં એક રસનું બીજો રસ અંગ થાય ત્યાં રસવદલંકાર જાણવો, એમ અલંકારગ્રંથોમાં છે.

"लहाछेह" એટલે લઘુદ્રુત અથવા જેને 'ઉરપ તિરપ' કહે છે તે.

અનેક સ્ત્રીઓપર સરખી પ્રીતિ રાખનાર એવા પતિને દક્ષિણ કહે છે, તેમ જ એકજ સ્ત્રી જે વિવાહિતા તેપર અનુરક્ત હોય અને બીજીની આકાંક્ષા ન કરે, તેને અનુકૂલ કહે છે. દશરથ સુત રામ એ અનુકૂલ અને "दच्छिन नायक एक तुम, मनमोहन ब्रजचंद" એ ઉપરથી કૃષ્ણ એ દક્ષિણ.

शठ नायक.

वेई गडि गाडै परीँ, उपट्यो हार हियैन ।
आन्यो मोरि मतङ्गमनु, मारगुलेलन मैन ॥ ५४ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તારા હૃદયમાં હાર એટલે મોતીની માળા (જે બીજી સ્ત્રીએ ધારણ કરેલી) તેનાં ચિહ્ન ઉપડી આવ્યાં નથી, પણ કામદેવે ગલોલા (સં. ગુટિકા)થી મારી મદમત્ત હાથીને પાછો ફેરવી આણ્યો, તે જ અંગમાં પેસવાથી ખાડાખાડા પડેલા છે. અર્થાત્ કામદેવ ગલોલથી* મારી તેને ફેરવી લાવ્યો છે તેનાં ચિહ્ન છે. હૃદયમાં આ જે નજરે પડે છે, તે હારનાં ચિહ્ન નથી.

અસિદ્ધાસ્પદ હેતૂત્પ્રેક્ષાલંકાર છે. નાયિકા ખંડિતા છે.

खंडिता नायिका.

बाल कहा लाली भई, लोयन कोयनमाँहि ।
लाल तिहारे द्दगनकी, परी द्दगनमें छाँहि ॥ ५५ ॥

અર્થ–શ્રી કૃષ્ણ પૂછે છે કે, હે બાલા! તારા નેત્રોના ખૂણાઓમાં આવડી રતાસ–રક્તિમા શાથી–શા કારણથી થઈ છે? નાયિકા કહે છે કે, હે લાલ! તમારાં નેત્રોની છાયા મારાં નેત્રોમાં પડી તેથી.

નાયક જાણે છે કે, મારા અનાગમનથી નાયિકાને આખી રાત ઉજાગરો કરવો પડ્યો, તેથી તેણીની આંખ લાલ થઈ છે, તેમ જાણતે છતે શાથી થઈ, એમ પ્રશ્ન કરે છે, તે ઉપરથી કામિનીના વિષયમાં કપટપટુ એવા શઠ નાયકના ઉદાહરણરૂપ એ દોહરો છે.

વળી કપટચાતુર્યવડે બન્ને નેત્રોની રક્તિમાનું કારણ પૂછતા એવા નાયકને, તું રાતના પરસ્ત્રી વિહારી થયાથી તને ઉજાગરો થયો, તેથી તારી આંખો લાલ થઈ, અને તે તારા જ કરેલા અપરાધથી આ મારી આંખોમાં

---

* "ગલોલ" એ શબ્દ ગુજરાતીમાં તેમ જ હિંદીમાં સરખા અર્થમાં વાપરવામાં આવેલો જણાય છે–જેમ, "પંછીપર જે ગલોલ મારે" તેમજ "जमके हाथ गुलेल, फटका पार" એ એમાં એ શબ્દ વપરાયલો છે અને તેનો અર્થ ગોળી એમ થાય છે. "ગલોલ" માટોડીની ગોળીઓને કહે છે.

લાલી છે, એમ ગૂઢાભિપ્રાય ગર્ભિત ઉત્તર આપ્યો, તેથી ગૂઢોત્તરાલંકાર અને નાયિકાનું પ્રૌઢત્વ ધ્વનિત થાય છે.

પ્રૌઢાખંડિતા નાયિકા છે. શબ્દાલંકાર–છેકાનુપ્રાસ છે–ઉત્તરાલંકાર પણ છે.

शठ नायक.

सकत न तुव ताते बचन, मो रसको रस खोय ।
छिन छिन औटे छीरलौं, खरी सबादल होय ॥ ५६ ॥

અર્થ–શઠ નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, તારાં તાતાં વચનો મારા અનુરાગના સ્વાદને દૂર કરી શકતાં નથી. ત્યાં દૃષ્ટાંત આપે છે કે, મારો પ્રેમ ક્ષણે ક્ષણે ઓટેલાં દૂધની પેઠે અતિ સુસ્વાદુ થાય છે.

એમાં નાયિકા ક્રોધથી દુર્વચન કહે છે અને નાયક તે સાંભળી પ્રસન્ન થાય છે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

એમાં સાપરાધ એવો શઠ નાયક આવ્યો. તેને નાયિકા કટુ વચન કહે છે. તેને મીઠી મીઠી વાતથી કપટપટુ નાયક સમજાવે છે તેથી શઠ નાયક, અને અવ્યંગ્ય કોપનો પ્રકાશ કરનારી હોવાથી નાયિકા અધીરાં છે.

धृष्ट नायक.

मारयौ मनुहारानिभरी, गारयौ खरी मिठाहिं ।
वाकौ अति अनखाहटौ, मुसकाहट बिन नाहिं ॥ ५७ ॥

અર્થ–સખી પ્રત્યે નાયક કહે છે કે, તેણીના હાથનો માર પણ મોજનો ભરેલો છે, ગાળ પણ ખૂબ મિઠાસની ભરેલી છે તેમ તેનો ક્રોધ પણ મંદહાસ રહિત નથી.

એમાં ધૃષ્ટ નાયક છે. જો એ નાયકની સખી પ્રત્યે ઉક્તિ છે, એમ કહેવામાં આવે તો ગુણકથનરૂપા સ્મરદશા જાણવી. એ દોહરાના ત્રીજા ચરણનો પહેલો શબ્દ જે वाको એટલે તેણીનો, એ પદથી નાયિકાની સમક્ષ વાત ન થયાની પ્રતીતિ થાય છે.

અત્યંત અપમાનિત થયે છતે પણ નમ્ર લજ્જાહીન એવા અધમ પતિને ધૃષ્ટ કહે છે.

શબ્દાર્થ–मार्यौं=મારપણ. मनुहारन=મોજ, મજાઓ, નખરાં. गार्यौ=ગાળપણ. अनखाहटौ=કોપ પણ, ક્રોધ પણ, રીસ પણ.

धृष्ट नायक.

लरिका लेवेके मिसनि, लँगर मोढिग आय ।
गयो अचानक आंगुरी, छाती छैल छुवाय ॥ ५८ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, બાલકને લેવાના મસથી તે ધીટ છેલછબીલો મારી પાસે આવી અચાનક પોતાની આંગળી છાતીએ લગાડી ગયો. તે મને સાંભરે છે, એ નાયિકાના વચનનો આશય છે.

એ ઉપરથી પૂર્વાનુરાગને વિષે સ્મરણ નામની સ્મરદશા જાણવી.

એમાં છલથી પોતાના ઇષ્ટનું સાધન નાયકે કર્યું, તેથી પર્યાયોક્તિ અલંકાર જાણવો.

प्रभात वर्णन.

कुंजभवन तज भवनकौं, चलिये नंदकिसोर ।
फूलति कली गुलाबकी, चटकाहट चहुँओर ॥ ५९ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, કુંજભવનને છોડી ઘરે ચાલો. હે નંદકિશોર! ગુલાબની કળીઓ ફૂલે છે અને ચારે તરફ ચકલીઓ ચકચક કરી રહી છે. તાત્પર્ય એ કે પ્રભાત થઈ ગયું છે.

नायिकारूप वर्णन.

रही लटू ह्वै लाल हौं, लखि वह बाल अनूप ।
कितौ मिठास दयौदई, इतै सलौने रूप ॥ ६० ॥

અર્થ–નાયક પ્રત્યે દૂતી કહે છે કે, હે લાલ! તે અનુપમ બાલાને જોઈ હું તો લટ્ટુ થઈ રહી. વિધાતાએ એટલા સલૂણા રૂપમાં કેટલી મિઠાસ મૂકી છે?

એ ઉપરથી નાયિકામાં રહેલા માધુર્ય ગુણનું દૂતીએ કથન કર્યું છે.

લોકમાં જે વસ્તુ લૂણયુક્ત હોય તે મધુર નથી હોતી, તેથી સલૂણા રૂપમાં મિઠાસ તે વિરોધ સરખું ભાસે છે. કુવલયાનંદમાં "आभासत्वेऽविरोधस्य विरोधाभास इष्यते" એટલે જ્યાં વિરોધનો આભાસ જોવામાં આવે

ત્યાં વિરોધાભાસ અલંકાર જાણવો. "**सलौने**" એનો અર્થ "સલાવણ્ય" એટલે લાવણ્યયુક્ત એમ હોવાથી વિરોધનો પરિહાર થાય છે.

શબ્દાર્થ–**लट्टू**=ભમરડો, એ નામનું બચ્ચાનું રમકડું. **रही लट्टू ह्वै**=તલ્લીન અથવા નિમગ્ન થઈ રહી. **सलौने**=સલાવણ્ય–લૂણવાળું.

नायकरूप वर्णन.

मोहिं भरोसो रीझिहैं, उझुकि झांकि इकबार ।
रूप रिझावनहार वह, ये नैना रिझवार ।। ६१ ।।

અર્થ–દૂતી નાયિકા પ્રત્યે કહે છે કે, એક જ વાર ડોકિયું કરી ઝાંખતાં વેંત મને ભરોસો છે કે તું રીઝશે; કારણ કે તે (નાયક)નું રૂપ રીઝવવાવાળું છે અને આ તારાં નેત્ર રીઝવાવાળાં છે.

એમાં રીઝવવારૂપ જે કાર્ય તે સમર્થનીય છે, તેનું તે રૂપ રીઝવવાવાળું છે, એ વાક્યવડે સમર્થન કરવામાં આવ્યું, તેથી કાવ્યલિંગાલંકાર.

એમાં પ્રીતિ કરાવવી એ દૂતીનું પ્રયોજન છે, તેથી નાયકનાં સ્વરૂપસૌંદર્યનું નિવેદન નાયિકા આગળ કરે છે.

नायिकारूप वर्णन.

हौं रीझी लखि रीझिहौ, छबिहि छबीले लाल ।
सोनजुहीसी होति द्युति, मिलत मालती माल ।। ६२ ।।

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, હે છબીલા લાલ! હું (તે બાળાને જોઈને) આ જાતી છતે રીઝી તો તેની છબિ જોઈને તમે પણ રીઝશો. માલતી એટલે ચમેલીની માળા પહેરતાં (તે બાળાએ પહેરતાં) તેની કાંતિ–શોભા સ્વર્ણયૂથી સરખી થાય છે.

અર્થાત્ માલતીની માળા સફેત રંગની હોય છે, તે ચંપકવરણી એટલે જેના શરીરની આભા પીતવર્ણની, તેના સંસર્ગથી સ્વર્ણયૂથિકા સરખા પીતરંગની થઈ જાય છે.

જ્યાં એક વસ્તુ પોતાનો ગુણ ત્યાગી સમીપમાં હોનાર અન્ય વસ્તુના ગુણનો સ્વીકાર કરે, ત્યાં તદ્દગુણાલંકાર જાણવો. ઉપલા ઉદાહરણમાં માલતીની માળાએ સ્વર્ણયૂથિકાની દ્યુતિ ધારણ કરી, તે અન્ય વસ્તુના ગુણનું ગ્રહણ કર્યું, તેથી તદ્દગુણાલંકાર છે.

नायिकादेह दीप्तिवर्णन.

अंग अंग नग जगमगत, दीपशिखासी देह ।
दिया बढायेहू रहै, बडो उजेरो गेह ॥ ६३ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, હે લાલ! તે યુવતીની દીપશિખા, સરખી દેહમાં અંગઅંગમાં હીરા મોતી ઝગઝગે છે-ચમકે છે. દીવો વડો કરતે છતે (હોલવતે છતે) પણ ઘરમાં ભારી અજવાળું રહે છે.

"દીવો હોલવી નાંખવો" એમ બોલવું તે સખીને અપશુકન જેવું લાગ્યું હશે, તેથી દીવો વડો કરવો એવા શુકનિયાળ શબ્દોનો પ્રયોગ કરેલો જોવામાં આવે છે.

ઉપર "યુવતીની દેહ દીપશિખાસી ચમકે છે" એમાં દેહ ઉપમેય, દીપ ઉપમાન, સી વાચક અને ચમકવું એ ધર્મ, એમ ઉપમાના ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર.

દોહરાનું ત્રીજું ચરણ "दिया बढायेहू" એનો વાચ્યાર્થ દીવો વધારતે છતે; પણ એમ લેતાં વક્તાના અભિપ્રેતાર્થની સાથે બેસતો નથી આવતો એટલા માટે તેનો અર્થ હોલવતે છતે પણ, એમ ગ્રહણ કર્યો છે. એમાં હોલવતે છતે એ લક્ષ્યાર્થ છે, અને "बढायेहू એ શબ્દ તેનો લક્ષક છે.

गुणकथन.

वाहि लखै लोयन लगै, कौन जुवतिकी ज्योति ।
जाके तनकी छाँह ढिग, जोन्ह छाँहसी होति ॥ ६४ ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, તેને જોઈ એટલે કઈ યુવતીની શોભા નજરે લાગી રહે? કોઇની પણ નહિ. અર્થાત્ તેણીને જોઈ એટલે હવે કોઈ પણ ઈતર તરુણીની સુંદરતા નજરમાં ઠરતી નથી-તે કેવી છે કે, જેના શરીરની છાયાની આગળ ચંદ્રિકા-ચાંદની છાયા સરખી થઈ જાય છે.

"જાણે "जोन्ह" એટલે ચંદ્રિકા તે છાયા છે" એ રીતે "જાણે" ઇત્યાદિ ઉત્પ્રેક્ષા વ્યંજક શબ્દનો પ્રયોગ કરવામાં આવેલો નહિ હોવાથી ગમ્યોત્પ્રેક્ષા જાણવી.

એમાં ગુણકથન નામની વિપ્રલંભશૃંગારાંતર્ગત એક દશા વર્ણવેલી છે. વિયોગાવસ્થામાં પ્રિયના ગુણની પ્રશંસા કરવામાં આવે, તેને ગુણકથન કહે છે.

नायिकातन द्युतिवर्णन.

भई जु तनछबि बसन मिलि, बरनि सकै सुन बैन ।
अंग ओप आँगीदुरी, आँगी अंग दुरैन ॥ ६५ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, વસ્ત્રની શોભામાં મળી જઇને યુવતીના તનની જે શોભા થઈ તે શબ્દો–વચન વર્ણવી શકતા નથી. નાયિકાના અંગની જ્યોતિમાં કંચુકી છૂપાઈ ગઈ છે, પણ કંચુકીમાં અંગ (કુચ) છૂપાતાં નથી.

જ્યાં સાદૃશ્યવડે ભેદ દેખાવામાં જ ન આવે ત્યાં મિલિતાલંકાર જાણવો. ઉપર કંચુકીની શોભા અંગની શોભા સાથે એવી મળી ગઈ કે, તેમાં ભેદ ન જણાયો, તેથી મિલિતાલંકાર. તેમ જ કંચુકી પ્રતિબંધક છતે અંગ (કુચની) શોભા નજરે પડવારૂપ કાર્ય થયું, તેથી વિભાવનાલંકાર.

"बरनि सकै सुन नैन" એમ ઉપલા દોહરાના બીજા ચરણમાં પાઠાંતર જોવામાં આવે છે, ત્યાં તનની શોભા જો કે નેત્રોએ જોઈ છે, તોપણ તે નેત્રોને વાણી ન મળે તેથી તે વર્ણવી ન શકે, એમ અર્થ કરવો.

नायिकातन सौंदर्य.

देखी सौनजुही फिरति, सौनजुहीसे अंग ।
दुति लपटन पट सेतमें, करत बिनौटी रंग ॥ ६६ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, સ્વર્ણયૂથિકા સરખા અંગવાળી કંચન લતાને પોતાની કાંતિની લપટવડે શ્વેત વસ્ત્રમાં કપાસ કુસુમનો રંગ અથવા કેસરીઓ રંગ કરતાં દીઠી.

એ દોહરામાં "बिनौटी" એ શબ્દ છે, તે સંસ્કૃત "वनयष्टि"નો અપભ્રંશ છે. કપાસના ફૂલના રંગને "बनौटी रंग' એમ હિંદીમાં કહે છે.

જ્યાં પોતાનો ગુણ તજી કોઈ વસ્તુ સમીપમાં હોનાર અન્ય વસ્તુનો ગુણ ગ્રહણ કરે ત્યાં તદ્ગુણાલંકાર જાણવો. એ લક્ષણ ઉપરથી સફેત વસ્ત્રે નાયિકાની કાંતિની લપટવડે કેસરીયા રંગનો સ્વીકાર કર્યો, તેથી તદ્ગુણાલંકાર.

नायिका अंगदीप्ति.

दीठि न परत समान द्युति, कनक कनकसे गात ।
भूषन कर करकस लगत, परसि पिछाने जात ॥ ६७ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, સુવર્ણ સરખા શરીરપર સોનું નજરે પડતું નથી, એટલે દેખવામાં આવતું નથી; કારણ કે તે બન્નેની સમાન કાંતિ છે. પણ તે ઘરેણાં સ્પર્શ કર્યાથી હાથને કર્કશ લાગે છે ત્યારે ઓળખાઈ આવે છે.

ઉન્મીલિતાલંકાર છે. બે વસ્તુઓમાં રહેલો ભેદ કોઈ વિશેષ કારણથી લક્ષમાં આવે ત્યાં ઉન્મીલિતાલંકાર જાણવો. એ લક્ષણ પ્રમાણે, નાયિકાનું શરીર અને કનકભૂષણ એમની વચ્ચેનો ભેદ કર્કશ લાગવારૂપ વિશેષ કારણથી સમજાયો, તેથી ઉન્મીલિતાલંકાર જાણવો.

रूपगर्विता नायिका.

करतु मलिन आछी छबिहि, हरतु जु सहज विकास ।
अंगराग अंगनि लग्यो, ज्यों आरसी उसास ॥ ६८ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, આ તનની સ્વચ્છ છબિને મલીન કરે છે, સહજ એટલે સ્વાભાવિક શોભાને હરણ કરે છે, એવો અંગપર લાગેલો જે અંગરાગ એટલે કેસર ચંદન આદિનો લેપ, તે આરસીપર (આરસીના સ્વચ્છ કાચપર) શોકના શ્વાસનો પવન લાગ્યો હોય તેવો છે.

જ્યાં ઇષ્ટાર્થ સાધવા જતામાં ઉલટી અનિષ્ટની પ્રાપ્તિ વર્ણવી હોય ત્યાં વિષમાલંકાર જાણવો. ઉપલા ઉદાહરણમાં શોભા માટે અંગરાગ લગાડવા જતાં સામો બગાડ વર્ણવ્યો, તેથી અનિષ્ટની પ્રાપ્તિ થયાથી વિષમાલંકાર જાણવો.

જે સ્ત્રી પોતાના રૂપનું અથવા પ્રિયના પ્રેમનું અભિમાન કરે છે, તેને ગર્વિતા કહે છે. તેના રૂપગર્વિતા અને પ્રેમગર્વિતા એવા બે ભેદ છે.

ઉપલો દોહરો તે રૂપગર્વિતા નાયિકાના ઉદાહરણરૂપ છે.

नायिका अंगशोभा.

पहिर न भूषन कनकके, कहि आवत यहि हेत ।
दर्पनकेसे मोरचे, देह दिषाई देत ॥ ६९ ॥

અર્થ–નાયિકા પ્રત્યે નાયક કહે છે કે, સોનાનાં ઘરેણાં પહેર મા; તે એટલા જ કારણથી કહેવામાં આવે છે કે, દર્પણગત માલિન્યના જેવાં એ તારી દેહમાં દેખાઈ આવે છે.

નાયકના કહેવાનું તાત્પર્ય એ છે કે, તું એમ ન જાણતી કે, હું તને ઘરેણાં પહેરવાની મના કરું છું, પણ એટલા માટે કહું છું કે, તારા શરીરની શોભાઆગળ એ મેલાં દેખાય છે. એમાં પણ વિષમાલંકાર છે.

દોહરાના ઉત્તરાર્દ્ધનું "शृंगारसप्तशती" નામની સંસ્કૃત ટીકામાં "दर्पणगत मालिन्यमिव, प्रकटीभवति तदेव" એમ ભાષાંતર કરવામાં આવ્યું છે. તેને અનુસરીને ગુજરાતીમાં પણ ટર્યું છે.

कंचन तन धनि बरन बर, रह्यौ रंग मिलि रंग ।
जानीजाति सुबासही, केसर लाइ अंग ॥ ७० ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, કંચનવરણું શ્રેષ્ઠ તન નાયિકાનું છે; તેમાં રંગમાં રંગ એવો મળી રહ્યો છે કે, તેણીના શરીરપર જે કેસર લગાડી છે, તે સુગંધથી જ જણાઈ પડે છે.

ઉન્મીલિતાલંકાર એમાં છે. એનું લક્ષણ પાછળ જણાવવામાં આવ્યું છે.

સખી નાયક આગળ તેના અંગનું ગૌરત્વ વખાણે છે અને તેને તેડી જવાની ઉતાવળના કારણથી અંગરાગનું નિવારણ કરે છે.

नायिका अंगदीप्ति.

है कपूरमनिमय रही, मिलि तनदुति मुकुतालि ।
छिन छिन खरी बिचच्छनी, लखत छ्वाइ तृन आलि ॥ ७१ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાના શરીરની કાંતિમાં મળી જઇને મોતીની માળા તે કપૂરમણિમય એટલે કપૂરમણિ જ બની રહી છે. ક્ષણ ક્ષણ ખરી–વિચક્ષણ–ચતુર એવી સખી ભ્રમવશ થઈ તરણાંને સ્પર્શ કરી જોય છે. કપૂરમણિ હાથપર ઘસવામાં આવે અને પછી તે હાથથી તરણું ઉઠાવે તો તરણું લઈને જ ઉઠી આવે, એવી પ્રસિદ્ધિ છે.

એ ભ્રમાલંકાર ગર્ભિત મીલિતાલંકાર છે.

કપૂરમણિ છે કે નહિ, તે તૃણને સ્પર્શ કરી જોવાથી જાણવામાં આવે છે એ પ્રસિદ્ધ છે. કર્પૂરમણિ એ એક જાતનો પાષાણ છે; તેના મણકાની માળાને હાથ લગાડી ઘાસ ઉપાડવામાં આવે, તો તે પોતાની મેળે ઉપડી આવે છે, એવી લોકવાયકા છે.

ચુનાની હકીમો કેરબાની માળામાં એવા જ ગુણ બતાવે છે.

नायिका अंगदीप्ति.

केसरि कै सरि क्यों सकै, चंपक कितिक अनूप ।
गातरूप लखि जातदुरि, जातरूपको रूप ॥ ७२ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, કેસર કેવી રીતે બરાબરી કરી શકે? ચંપક એટલે ચાંપાનું ફૂલ તે એવું કેટલુંએક સુંદર છે? હે લાલ! એના શરીરનો રંગ જોઈને જાતરૂપ જે સુવર્ણ, તેનો રંગ પણ છૂપાઈ જાય છે.

જ્યાં ઉપમેયની સાથે ઉપમાન સરખાવવા યોગ્ય પણ ન જોવામાં આવે ત્યાં ચોથો પ્રતીપાલંકાર જાણવો. એ લક્ષણ ઉપરથી કેસર, ચંપક પુષ્પ, અને સુવર્ણ એ ત્રણ જે ઉપમાન, તે શરીરના રંગ સાથે સરખાવવા યોગ્ય પણ ન વર્ણવવામાં આવેલાં હોવાથી ચોથો પ્રતીપાલંકાર જાણવો.

એમાં નાયિકાની અંગદીપ્તિની સુંદરતા સખી નાયક આગળ કહે છે.

नायिका कपोलवर्णन.

बरन, बास, सुकुमारता, सब बिधि रही समाय ।
पखुरी लगी गुलाबकी, गाल न जानी जाय ॥ ७३ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, રંગ, સુગંધ અને સુકુમારપણું એ નાયિકાના શરીરમાં સર્વ પ્રકારે એવાં સમાઈ રહ્યાં છે કે, તેણીના ગાલ-પર લાગેલી ગુલાબની પાંખડી જાણી જાતી નથી.

જ્યાં સાદૃશ્યના યોગે ભેદ લક્ષમાં ન આવે ત્યાં મિલિતાલંકાર એ લક્ષણ ઉપરથી નાયિકાના કપોલનો વર્ણ અને ગુલાબની પાંખડીના વર્ણમાં ભેદ જોવામાં ન આવ્યો, તેથી મિલિતાલંકાર જાણવો.

"वैसोई रंग सुगंध है वैसोइ वैसीही कोमलता रसपागी,
कौनहू भांतिसों जानि परी न गुलाबकी पांखुरी गातसों लागी." कृष्णदत्त.

અર્થ–નાયિકાના શરીરનો તેવો જ રંગ, સુગંધ પણ તેવો જ, અને રસભીની કોમળતા પણ તેવી જ, તેથી ગાલપર ગુલાબની પાંખડી લાગેલી, તે જણાઈ ન પડી.

જો.નાયકની શૈયાની પુષ્પપાંખડી જાણી સખી નાયિકા પ્રત્યે કહે તો લક્ષિતા નાયિકા થાય.

नायिका गौरतावर्णन.

सोहत धोती सेतमें, कनकबरन तन बाल ।
सारद बारद बीजुरी, भा रद कीजत लाल ॥ ७४ ॥

અર્થ–શ્વેત રંગની ધોતીમાં–સાડીમાં કનકવરણા શરીરવાળી તે બાલા કેવી શોભે છે, કે જાણે હે લાલ! તે શરદ્ ઋતુનાં શ્વેત વાદળમાં રહેલી વીજળીની આભા એટલે શોભાને પરાસ્ત કરે છે.

એમાં પણ પ્રતીપાલંકાર છે.

શબ્દાર્થ–सेत=શ્વેત, સફેત. कनकबरन=કંચનવરણી. बाल=બાલા. सारद= શરદ્ ઋતુનાં. बारद=મેઘ, વાદળાં, જલદ. बीजुरी=વિદ્યુત, વીજળી. भा=આભા, પ્રભા, શોભા એ એના પર્યાય છે. रद=પરાસ્ત, કાઢી નાંખવું–રદ બાતલ કરવું એમ બોલાય છે.

नायिका अंगोज्वलता.

कहा कुसुम, का कौमुदी, कितक आरसीजोति ।
जाकी उज़राई लखै, आंखि ऊजरी होति ॥ ७५ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, તે નાયિકાની ઉજ્વળતા આગળ પુષ્પ કોણ માત્ર, કૌમુદી એટલે ચંદ્રિકા કઈ ગણતીમાં? તેમજ દર્પણની જ્યોતિ તે તેની આગળ શા હિસાબમાં? હે મોહન! એ એવી છે કે જેની ઉજ્વળતા જેવાથી આંખ ઊજળી થાય છે.

જ્યાં ઉપમાનના અનાદરને અર્થે ઉપમેયનો ઉત્કર્ષ વર્ણવ્યો હોય, ત્યાં ત્રીજા પ્રકારનો પ્રતીપ જાણવો. એ લક્ષણ પ્રમાણે કુસુમ, કૌમુદી અને દર્પણ એ ત્રણ ઉપમાનનો અનાદર કરી, ઉપમેયનો ઉત્કર્ષ વર્ણવ્યો, તેથી ત્રીજો પ્રતીપાલંકાર જાણવો.

नायिका अंगगौरता.

रंच न लखियत पहरियौ, कंचनसे तन बाल ।
कुम्हिलानै जानी परै, उर चंपेकी माल ॥ ७६ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, બાલાની કંચન સરખી જે કાયા તેમાં ઉપર ધારણ કરેલી જે ચંપક પુષ્પની માળા (જે અગાઉ રંગનાં સમાનપણાને લીધે) જરા પણ દેખાતી-જોવામાં આવતી નહતી, તે હવે કરમાઈ ગયાથી જણાઈ આવે છે.

એમાં નાયિકાનું શરીર અને ચંપકના પુષ્પની માળામાં રંગવડે સાદૃશ્ય છતાં ભેદનું સ્ફુરણ થયું, તેથી ઉન્મીલિતાલંકાર જાણવો.

अभिसारिका नायिका.

सघन कुंज, घन घन तिमिर, अधिक अँधेरी राति ।
तऊ न दुरिहै स्याम वह, दीपसिखासी जाति ॥ ७७ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, હે શ્યામ! સઘન એટલે ડાટ એવી કુંજ છે, ઘોર એવો ઘનનો અંધકાર છે, તેમ જ અધિક અંધારી એવી રાત છે; છતે પણ તે દીપશિખા સરખી ગમન કરતી બાલા છૂપી રહેવાની નથી. માટે તમે જ ત્યાં ચાલો, એમ નાયકને કહી સખીએ રુચિ વધારી.

એમાં ત્રીજા ચરણને છેડે "वह" શબ્દ છે, તે સર્વનામ છે. તેનો પ્રયોગ જેને બદલે કરવામાં આવ્યો છે એવી જે નાયિકા તે ઉપમેય, દીપશિખા એ ઉપમાન, સરખી એ વાચક અને ન છૂપું રહેવું એ ધર્મ, એમ ઉપમાનાં ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર.

શબ્દાર્થ-सघन=ડાટ-દુર્ભેદ્ય. घन=ઘોર. घन=વાદળ-મેઘ. तिमिर=અંધારું तऊ=તોપણ. न दुरिहै=નહિ ઢાંકી રહે-નહિ છૂપી રહે.

मुग्धा नायिका.

लिखन बैठ जाकी सबिहि, गहि गहि गरब गरूर ।
भये न केते जगतके, चतुर चितेरे कूर ॥ ७८ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, અભિમાની ગર્વ ગ્રહણ કરી કરીને

જેની તસબીર-ચિત્ર આળેખવાને બેઠા, એવા જગતના કેટલા ચતુર ચિત્રકારો કુડ-ખોટા અથવા મૂર્ખ ન બન્યા?

તાત્પર્ય એ કે, નાયિકા અતિશય સૌંદર્યયુક્ત હોવાથી, તેમજ તેમાં ક્ષણે ક્ષણે નવનવાં ઉત્પન્ન થતાં સૌંદર્યના દર્શનથી, ચિત્રકારો એવા ચકિત થયા કે, એવી નાયિકાનું યથાર્થ ચિત્ર પાડી ન શકયા. એ ઉપરથી નાયિકાની મુગ્ધાવસ્થા જાણવી.

વિશેષોક્તિ અલંકાર છે; કારણ સામગ્રી પૂર્ણ છતાં કાર્યોત્પત્તિ ન થાય ત્યાં એ અલંકાર જાણવો.

नायिका अंगदीप्ति.

अंग अंग छबिकी लपट, उपजति जाति अछेह ।
खरी पातरीऊ तऊ, लगै भरीसी देह ॥ ७९ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાના અંગોઅંગમાંથી જે નિરંતર છબીની છટા ઉપજતી જાય છે, તેથી તે અંગે અતિ પાતળી છતે પણ તેણીની કાયા ભરેલી સરખી-પુષ્ટ હોય તેવી લાગે છે.

"જાણે ભરેલી સરખી લાગે છે" એમ "જાણે"નો જેમાં અર્થ હોય એવું, અથવા ઉત્પ્રેક્ષા વ્યંજક એવું બીજું કોઈ પણ પદ ઉપલા દોહરામાં ન હોવાથી ગમ્યોત્પ્રેક્ષા જાણવી.

શબ્દાર્થ-लपट=જ્વાલા-ચમક. अछेह=નિરંતર. खरी=અતિ. भरीसी=ભરેલી સરખી.

એમાં ચોથા ચરણને અંતે "देह" એ શબ્દ છે, તે પુલ્લિંગ છતે સ્ત્રીલિંગમાં વાપર્યો છે, તેમજ "दीपसिखासी देह" એમ દેહ શબ્દ અનેક સ્થળે બિહારીએ સ્ત્રીલિંગમાં વાપર્યો છે. સામલ ભટ્ટ પણ "ગંદી દેહનો ગાડવો" એમ દેહ શબ્દને સ્ત્રીલિંગમાં વાપરી ગયા છે.

नायिका अंगोज्वलता.

अंग अंग प्रतिबिंब परि, दरपनसे सब गात ।
दुहरे तिहरे चौहरे, भूषन जाने जात ॥ ८० ॥

અર્થ-સખી નાયક પ્રત્યેક કહે છે કે, બાલાના દરપણ સરખા શરી-

રમાં પ્રત્યેક અંગપર પ્રતિબિંબ પડીને તેણીએ ધારણ કરેલાં ભૂષણો બમણાં, તમણાં અને ચોગણાં જણાઈ પડે છે.

એમાં ઉક્તાસ્પદ વસ્તૂત્પ્રેક્ષાલંકાર છે.

नायिका अंगदीप्ति.

बाल छबीली तियनमें, बैठी आप छिपाइ ।
अरगटही फानूससी, परगट होति लखाइ ॥ ८१ ॥

અર્થ-સખી પ્રત્યે નાયક કહે છે કે, તે છબીલી બાળા વસ્ત્રાદિકથી પોતાના શરીરને અન્ય સ્ત્રીઓનાં મંડળમાં છૂપાવીને બેઠી, તોપણ અલગ જ એક ફાનસ રાખવામાં આવ્યું હોય તેના સરખી પ્રગટ દેખાઈ પડે છે.

એમાં બાળા એ ઉપમેય, ફાનસ એ ઉપમાન, સરખી એ વાચક, અને પ્રગટ થવું એ ધર્મ, એમ ઉપમાનાં ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર છે.

શબ્દાર્થ=अरगटही=અળગ જ-નિરાળું જ. फानूससी=ફાનસ સરખી. तियनमें=સ્ત્રીઓમાં.

नायिकानी तनछबी.

मानहुँ विधितन अच्छ छवि, स्वच्छ राखिवे काज ।
दगपग पोंछनकों किये, भूषन पायंदाज ॥ ८२ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, બાળાના શરીરની સુંદર છબીને સ્વચ્છ રાખવા માટે લોચનનાં પગલાં લુછવાને માટે બ્રહ્માએ-વિધાતાએ જાણે નાયિકાના ભૂષણરૂપ પગ લુછણાં (પગ લુછવા માટે દ્વાર-બારણાં આગળ જે જાડું કપડું રાખવામાં આવે છે, અથવા બિછાના આગળ તેપર મેલાં પગલાં ન પડે માટે રાખવામાં આવે છે તેને હિંદીમાં "પાયંદાજ" કહે છે તે.) કીધાં છે.

પ્રથમ તો નેત્રનાં પગલાં ભૂષણોપર જ પડે છે, અને ત્યારપછી નાયિકાનાં બીજાં અંગોપર પડે છે, એમ કવિને કહેવાનો ભાવ જણાય છે. એ ઉપરથી ભૂષણોવડે કાંઈ તેણીનામાં સુંદરતા છે એમ નહિ, પણ સ્વાભાવિક સૌંદર્ય તેણીના તનમાં વાસ કરી રહ્યું છે એ તાત્પર્ય.

એમાં હેતૂત્પ્રેક્ષા અલંકાર છે. અહેતુમાં હેતુની કલ્પના, તે હેતૂત્પ્રેક્ષા જાણવી. નાયિકાએ ભૂષણ પહેર્યાં છે, તે તેણીની શોભામાં વૃદ્ધિ થાય એ હેતુથી નહિ, પણ શરીર મલીન ન થાય તેથી, એમ અહેતુમાં હેતુની કલ્પના કરવામાં આવી, તેથી હેતૂત્પ્રેક્ષાલંકાર જાણવો.

नायिका अंगसौंदर्य.

लीनेहू साहस सहस, कीने जतन हजार ।
लोइन लोइन सिंधु तन, पैरि न पावत पार ॥ ८३ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, હજાર સાહસ ધારણ કરે છતે તેમ જ હજાર યત્ન કરતે છતે (કોઈ પણ ઉપાયવડે) નાયિકાનાં (તનનાં) સૌંદર્ય–લાવણ્યરૂપ સાગરનો મારાં લોચન તરીને પાર પામતાં નથી.

જેમ માણસો સાગર તરવાને અસમર્થ હોય છે, તેમ નેત્રો પણ તન-સૌંદર્યરૂપ સાગર તરવાને અશક્ત છે. એ ઉપરથી યુવતીનું સૌંદર્યાધિક્ય વ્યંજિત થાય છે.

એમાં રૂપકાલંકાર છે. નાયિકાનું શરીર અને લાવણ્યસિંધુ એ બેમાં એટલે અનુક્રમે ઉપમેય અને ઉપમાનમાં અભેદ વર્ણવ્યો, તેથી રૂપકાલંકાર જાણવો.

नायिका स्वप्नदर्शन.

देखौं जागत वैसिये, सांकरि लगी कपाट ।
कित है आवत जात भजि, को जानै किहिं बाट ॥ ८४ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હું જાગીને જોઉં છું તો તેવી ને તેવી જ સાંકળ કમાડને લાગેલી છે. કોણ જાણે ક્યાં થઈને, ક્યે માર્ગે કોણ આવે છે અને ભાગી જાય છે. (તે ખબર પડતી નથી એ અધ્યાહાર.)

એમાં નાયિકાએ નાયકને સ્વપ્નમાં જોયો છે તે સખી પ્રત્યે કહે છે. સાહિત્ય શાસ્ત્રમાં તે ચાર પ્રકારનાં દર્શન કહ્યાં છે, તેમાં એ સ્વપ્નદર્શનનું ઉદાહરણ છે.

એમાં પણ કારણ વિના કાર્યોત્પત્તિ વર્ણવવામાં આવી, તેથી વિભાવનાલંકાર છે.

स्वप्नदर्शन.

सोवत सपने स्यामघन, हिलिमिलि हरत बियोग ।
तब हीटरि कितहू गई, नींदौ नींदन जोग ॥ ८५ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, નિદ્રાવસ્થામાં સ્વપ્નમાં ઘનશ્યામ જે શ્રીકૃષ્ણ તે હળીમળીને વિયોગ હરણ કરતા હતા, તે સમયે જ નિન્દનીયા એટલે નિંદા કરવા યોગ્ય એવી નિદ્રા ક્યાંએ જતી રહી.

ચિંતારૂપી સ્મરદશાનું એમાં વર્ણન છે. નાયિકા કહે છે કે, નિદ્રામાં સ્વપ્ન થતું અને સ્વપ્નમાં મીલન થતું, ને નિદ્રા ત્યારની કોણ જાણે ક્યાં ટળી ગઈ, એમ નાયિકાનાં ચિંતાધિક્યનું સૂચન કરતું એવું એ વચન છે.

એમાં વિપરીતાલંકાર છે. કવિ પ્રિયામાં "**कारज साधकको जहां, साधन बाधक होय; तासों सब विपरीत यौं, कहत सयाने लोय.**" એ એનું લક્ષણ છે.

અર્થ–કાર્યસાધકને સાધન જ્યાં બાધક થાય, તેને સઘળા શાણા લોક વિપરીતાલંકાર કહે છે. તે પ્રમાણે ઉપલા ઉદાહરણમાં કાર્યસાધક નાયિકાને નિદ્રા જે સાધન તે બાધક થયું, તેથી વિપરીતાલંકાર જાણવો.

साक्षात् दर्शन.

लटकि लटकि लटकत चलत, दटत मुकुटकी छांह ।
चटक भयौं नट मिल गयो, अटक भटक बनमांह ॥ ८६ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે, લટક લટક લટકતી ચાલથી ચાલતો, મુકૂટની છાયાને નિરખતો, ચટકીલો નટ વનમાં ખોળતાં ખોળતાં મળી ગયો.

એમાં સ્વભાવોક્તિ અલંકાર છે. એમાં નાયકની જેવી છબી નાયિકાના જોવામાં આવી, તેવી સખી આગળ વર્ણવવામાં આવી છે.

साक्षात् दर्शन.

चुंदरी स्याम सतार नभ, मुखससिकी अनुहारि ।
नेह दबावत नींदलौं, निरखि निसा सी नारि ॥ ८७ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, શ્વેત ટપકી ટપકીવાળી શ્યામ–કાળી ચુંદડી જે નાયિકાએ પહેરેલી છે, તે તારા સહિત–નક્ષત્ર ગણયુક્ત

એવું આકાશ છે, તેણીનું મુખ ચંદ્રમા સમાન અથવા ચંદ્રમાની નકલ કરનાર છે; જ્યારથી તે નિશા સરખી નારીને જોઈ છે, ત્યારથી તેની પ્રીતિ નિદ્રાની પેઠે મને બેભાન કરે છે.

કહેવાનો અભિપ્રાય એ છે કે, રાતના જેમ નિદ્રાનું જોર હોય છે, તેમ તે નાયિકાને રાત્રી જેવી જોઇને તેણીની પ્રીતિરૂપ જે નિદ્રા, તેનું પ્રાબલ્ય વધે છે.

એમાં રૂપકાલંકાર તથા ઉપમાલંકાર બન્ને છે.

"यह जामिनिसी गजगामिनि देखत नींद ज्यौं नेह दबावत है. कृष्णदत्त.

અર્થ—એ જામિની એટલે રાત્રિ સરખી ગજગામિનીને જોતાં નિદ્રાની પેઠે પ્રીતિ દબાવે છે–(આધીન કરી લે છે.)

दृष्टानुराग–परकीया.

सनि कज्जल चख झष लगन, उपज्यो सुदिन सनेह ।
क्यौं न नृपति ह्वै भोगवै, लहि सुदेस सब देह ॥ ८८ ॥

અર્થ—નાયક પ્રત્યે દૂતી કહે છે કે, નાયિકાએ નેત્રમાં જે કાજળ આંજ્યું છે તે જ શનિ; ચક્ષુરૂપી એટલે નાયિકાનાં ચક્ષુરૂપી મીન લગ્ન, તેમાં અર્થાત્ મીન લગ્ન અને શનિવાર જેવા શુભ દિવસમાં સ્નેહ થયો, તો પછી રાજા થઈ તેણીના દેહરૂપી ઉત્તમ દેશને કાં ન ભોગવે?

મીન લગ્નસ્થ શનિ પણ રાજ્યયોગકારી છે, એવું જ્યોતિઃશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

એમાં શનિ કજ્જલ અને મીન ચક્ષુ આદિનું અભેદ સંબંધે કરીને પ્રતિપાદન કરેલું હોવાથી રૂપકાલંકાર.

દૂતી કહે છે કે, હે મહારાજ! નાયિકાના શરીરરૂપી દેશને સ્વાધીન કરી લેવાનું શુભ મુહૂર્ત પ્રાપ્ત થયું છે તે કેવું કે કજ્જલ પ્રભા તે શનિ તેથી યુક્ત નેત્ર તે મીન લગ્ન. એમ મીન લગ્નસ્થ શનિ પણ રાજ્યયોગકારી હોવાથી, એવા મુહૂર્તમાં તે દેશને તમારે સ્વાધીન કરી લો.

दृष्टानुराग.

मोहूसौं तजि मोह दृग, चले लागि उहि गैल ।
छनक छ्वाय छबि गुरडरी, छले छबीले लाल ॥ ८९ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, મારાં નેત્રો મારા પ્રત્યેનો જે મોહ, તે પણ છોડીને તેની પાછળ લાગ્યાં-તેને જ માર્ગે ચાલ્યાં; ક્ષણ એક છબીરૂપી ગોળની ગાંગડી દેખાડી છબીલા કૃષ્ણે તેમને (નેત્રોને) છેતર્યાં.

એમાં પરકીયા નાયિકાની પૂર્વાનુરાગદશાનું વર્ણન છે.

છબી જે ઉપમેય અને ગોળની ગાંગડી જે ઉપમાન, તે બન્નેનો અભેદ વર્ણવ્યો હોવાથી રૂપકાલંકાર.

परकीया.

फेर कछू करि पौरितें, फिरि चितई मुसकाय ।
आई जामन लेनकों, नेहैं चली जमाय ॥ ९० ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, તે બાળાએ પાછું કાંઈ મિસ કરી પોળમાંથી પાછી ફરી મરકલડે મુખે મારી ભણી જોયું. તે આવી હતી તો જામણ (આખરણ) લેવા, પણ મારા હૃદયમાં પ્રીતિ જ જમાવીને ચાલી ગઈ.

એમાં નાયિકાએ છલવડે ઇષ્ટ સાધન કર્યું, તેથી પર્યાયોક્તિ અલંકાર જાણવો.

"जामन"=દહીં જમાવવા માટે જે દૂધમાં થોડું દહીં અથવા બીજી કાંઇ ખટાઈ આપવામાં આવે છે તે. ગુજરાતીમાં એને "આખરણ" કહે છે.

વળી ન્યૂનાધિક વસ્તુનો પરસ્પર વિનિમય-અદલા બદલી વર્ણવેલી હોવાથી પરિવૃત્તિ અલંકાર પણ એમાં છે. જામણ લઈ ગઈ અને સ્નેહ-દાન કરી ગઈ, તેથી એમાં પરકીયા નાયિકા છે.

स्मरणदशा.

चितवनि भोरे भायकी, गोरे मुंह मुसकानि ।
लगनि लटकि आलीगरै, चित खटकति नित आनि ॥ ९१ ॥

અર્થ-સખી પ્રત્યે નાયક કહે છે કે, તે યુવતીનું ભોળાભાવનું જોવું, ગોરા મુખનું હસવું, તેમ જ સખીને ગળે લટકીને લાગવું-વળગવું, એ રોજ આવી (યાદ આવી) મારા ચિત્તમાં ખટકે છે.

એમાં સ્મૃત્યલંકાર છે.

નાયકની સ્મરણરૂપ એવી સ્મરદશા જાણવી-વિયોગાવસ્થામાં પ્રિય-સમાગમથી ઉત્પન્ન પૂર્વાનુભુક્ત વસ્તુના સાંભરી આવવાને સ્મરણ કહે છે.

परकीया.

इती भीरहू भेदिकै, कितहू व्है इत आय ।
फिरै दीठ जुर दीठसों, सबका दीठ बचाय ॥ ९२ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, આટલી ભીડને ભેદીને, ક્યાં પણ થઈને અહિં આવી, બધાની નજર ચૂકવીને દૃષ્ટિ દૃષ્ટિમાં મળી ફરે છે.

એમાં પરકીયા નાયિકા છે. તેણીની ચિતવણી–જોવાની ચતુરાઈ સખી સખીની આગળ કહી બતાવે છે.

ત્રીજી વિભાવના એ અલંકાર છે. કારણને પ્રતિબંધક એવું કાંઈ છતાં કાર્યની ઉત્પત્તિ વર્ણવવામાં આવે ત્યાં ત્રીજી વિભાવના જાણવી. ઉપલા દોહરામાં ભીડ (સખીઓની) પ્રતિબંધક છતે આંખે આંખ મેળવવારૂપ કાર્યોત્પત્તિ વર્ણવવામાં આવી, તેથી ત્રીજી વિભાવના જાણવી.

परकीया.

गडी कुटुमकी भीरमें, रही बैठि दै पीठि ।
तऊ पलक परिजातिउत, सलज हँसौंहीं दीठि ॥ ९३ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, કુટુંબની ભીડમાં દબાયલી–ઢંકાયલી એવી પીઠ કરીને બેઠી રહી છતે પણ લાજયુક્ત અને હસતી સરખી એવી નાયિકાની દૃષ્ટિપણે (નાયક ભણી) (અવકાશ કાળે સર્વની નજર ચૂકવીને) પલકભર પડી જાય છે.

કુટુંબની ભીડરૂપ પ્રતિબંધ છતે નજર મેળાવારૂપ કાર્ય થયું, તેથી વિભાવનાલંકાર જાણવો.

नायिकानी चेष्टा.

नहिँ नचाय चितवाति दृगन, नहिँ बोलति मुसुकाय ।
ज्यों ज्यों रूख रूखौ करति, त्यों त्यों चित चिकनाय ॥ ९४ ॥

અર્થ–નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, નથી તું નેણ નચાવીને મારી ભણી જોતી, તેમ નથી તું હસીને બોલતી, એમ જેમ જેમ તું તારું મુખ રુખું–લુખું (નિ:સ્નેહ) કરે છે, તેમ તેમ મારું ચિત્ત ચીકણું થતું જાય છે.

એમાં નાયિકાના મનમાં ક્રોધાદિ પ્રતિબંધક છતે નાયકના મનના અનુરાગ-સ્નેહ મગ્નત્વરૂપ કાર્યનું સંપાદન થયું, તેથી ત્રીજી વિભાવના જાણવી.

ઉપલા દોહરામાં સખીવચન નાયક પ્રત્યે છે, એમ લઈ અર્થ કરતાં નાયિકાને સખી એમ કહે છે કે, જેમ જેમ તું તારું મુખ રુખું કરે છે, તેમ તેમ નાયકનું ચિત્ત શૃંગાર અથવા સ્નેહથી સ્નિગ્ધ થતું જાય છે.

મનમાં એક તરફ હરિમીલનની ઉત્સુકતા અને બીજી તરફ નાયિકા માન ધરી રહી છે, તે સખી નાયિકાને કહી બતાવે છે.

क्रियाविदग्धा.

चितई ललचौंहैं चखनि, डटि घूंघटपटमांह ।
छलसों चली छुवायकै, छनक छबीली छांह ॥ ९५ ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, નાયિકાએ લાલચ ભરેલાં નેત્રોથી ડરીને ઘુંઘટના પટમાંથી મારી ભણી જોયું, અને મને તે છબીલી છલથી પોતાની છાયા પલકભર મારા શરીરને અડાડી ચાલી ગઈ.

એમાં ક્રિયાવિદગ્ધા નાયિકા છે.

તેમ જ જતી વખતે કોઈક મસથી પોતાની છાયાવડે કાન્તના શરીર-સ્પર્શરૂપ કાર્યનું સંપાદન કર્યું, તેથી પર્યાયોક્તિ અલંકાર જાણવો.

परकीया.

त्रिवली नाभि दिखाइकै, सिरढकि सकुच समाहि ।
गली अलीकी ओट है, चली भली बिधि चाहि ॥ ९६ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકા પોતાની ત્રિવલી અને નાભિ દેખાડીને, માથું ઢાંકી લાજમાં ડૂબેલી હોય તેવી ગલીમાં સખીની પછવાડેથી-પાછળ થઈ ખાસી રીતે (મારી સામે) જોઇને ચાલી ગઈ.

"**समाहि**" એટલે સંભારીને અથવા કૃત્રિમ એવો સંકોચ બતાવતી, એમ પણ અર્થ કરવામાં આવે છે.

એમાં પરકીયા નાયિકા છે. અલંકાર સ્વભાવોક્તિ.

स्मरणदशा.

भौंह उँचै आंचर उलटि, मोरि मोरि मुख मोर ।
नीठ नीठ भीतर गई, दीठि दीठिसों जोर ॥ ९७ ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, ભૃકુટી નચાવી, અંચળ ઉલટાવી, અંગ મોડી, બગાસુ ખાઈ, મુખનું મરકલડું કરી દૃષ્ટિ દૃષ્ટિશું મેળવીને જેમ તેમ કરી ભીતર ગઈ.

એમાં સ્મરણ નામની સ્મરદશા વર્ણવવામાં આવી છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

अभिलाषदशा.

ऐंचतिसी चितवन चितै, भई ओट अरसाय ।
फिर उझकनकौं मृगनयनि, दृगनि लगनियाँ लाय ॥ ९८ ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, જાણે મારા પ્રાણને ખેંચતી સરખી દૃષ્ટિવડે મને જોઈ તે આળસ મોડતી ઓથે થઈ; તે મૃગનયનીને ફરી ઝાંખી જોવા માટે મારાં નેત્રમાં લગન લગાડી રહ્યો છું કે, તેણી મને ચાહે છે, તેથી વળી પાછી મને નિરખશે.

એમાં અભિલાષદશા વર્ણવેલી છે. વિયોગ સમયમાં પ્રિયને મળવાની ઇચ્છા તેને અભિલાષ કહે છે. નાયિકા વળી પાછી મને નિરખશે એ નાયકનો અભિલાષ કથન કરવામાં આવ્યો છે.

અનુમાનાલંકાર છે-જ્યાં કારણ ઉપરથી કાર્યની અટકળ કરવામાં આવે, એટલે જ્યાં સાધ્યસાધનરૂપ વચન હોય ત્યાં અનુમાનાલંકાર જાણવો. સાધન એટલે હેતુ તેથી જે સિદ્ધ થાય, તેને સાધ્ય કહે છે-પ્રાણને ખેંચતી હોય તેમ જોવું એ હેતુ અને ફરી જોશે એ તેપરથી સાધ્ય, તેથી અનુમાનાલંકાર.

परकीया.

वे ठाढे उमदात उत, जल न बुझै वडवागि ।
जाहीसों लागो हियो, ताहीके उर लागि ॥ ९९ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, પેલા (નાયક) ત્યાં કામવેદનાથી મત્ત થાય છે અને તું મને આલિંગન કરે છે, પણ વડવાગ્નિ-સમુદ્રનો

અગ્નિ જળથી હોલવાતો નથી. જેશું તારું મન લાગ્યું છે, તેના ઉરને આલિંગન કર.

જેમ વડવાગ્નિ-સમુદ્રનો અગ્નિ જળથી બૂઝાતો નથી, તેમ તારો કામાગ્નિ તે મને આલિંગન કરવાથી શાંત થવાનો નથી, એવો બિંબ પ્રતિબિંબ ભાવ હોવાથી દૃષ્ટાંતાલંકાર છે.

परकीया.

देख्यो अनदेख्यो कियो, अँग अँग सबै दिखाय ।
पैठतिसी तनमें सकुचि, बैठी चितहि लजाय ॥ १०० ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, બાળાએ નાયકને સઘળાં અંગ અંગ દેખાડ્યાં, પણ તે નાયકે જે અંગ દીઠેલું, તે તેણીએ અણદીઠા સરખું કરી નાંખ્યું; પછી સંકોચાઈને પોતાના શરીરમાં પેસી જતી સરખી ચિત્તને લજ્જાન્વિત કરીને બેઠી.

એમાં લજ્જાના મિષથી સ્વાંગ સંદર્શનરૂપ ઇષ્ટ સાધન કર્યું, તેથી પર્યાયોક્તિઅલંકાર-પરકીયા ગુપ્તા-લક્ષિતા તથા ક્રિયાવિદગ્ધા નાયિકા છે. જો આ સઘળી ચેષ્ટાઓ પતિ પ્રત્યે માનવામાં આવે તો લજ્જા અને મદનનું સામ્ય હોવાથી સ્વકીયા મધ્યા નાયિકા જાણવી.

दृष्टानुराग.

चिलक चिकनई चमकसों, लफति सटवालों आय ।
नारि सलोनी साँवरी, नागनिलोंडसि जाय ॥ १०१ ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, ચમકતી ચિકણાઈની દમકથી પાતળી છડી સરખી મરડાતી લચકતી આવીને તે સલૂણી સામળી નારી નાગણીની પેઠે ડસી જાય છે.

તાત્પર્ય એ કે, તેને દેખી મારો જીવ વ્યાકુળ છે. તું મને તેણીનો મિલાપ કરાવ.

એમાં નાગણી એ ઉપમાન, નારી એ ઉપમેય, પેઠે એ વાચક અને ડસવું એ ધર્મ, એમ ઉપમાનાં ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર જાણવો.

શબ્દાર્થ-चिलक-ચમક, ચલકવું, ચમકવું. लफति-લચકતી. सटक-લાંબી પાતળી નળી સરખી-સોટી સરખી.

विप्रलंभशृंगार.

मैंहू जान्यो लोचनानि, जुरत बाढि है जोति ।
कोहो जानत दीठिकों, दीठि किरकिटी होति ॥ १०२ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હું તો જાણતી હતી કે નેત્રો મળતાં (બેની ચાર આંખ થતાં) તેમની જ્યોતિમાં વૃદ્ધિ થશે; પણ કોણ જાણતું હતું કે દૃષ્ટિને દૃષ્ટિ જ કરજ (ઝીણી કાંકરી) થાય છે; એટલે ઝીણી રજકણ જેમ આંખમાં ખુંચે છે, તેની પેઠે નજરને નજર ખુંચનારી થઈ પડે છે, તે કોણ જાણતું હતું?

એમાં ઇષ્ટાર્થની પ્રાપ્તિ કરવા જતામાં અનિષ્ટની પ્રાપ્તિ થઈ, એટલે આંખથી જ્યોતિ વધારવા જતાં જાણે રજ નેત્રમાં ભરાઈ હોય તેના સરખું દુઃખ થયું, તેથી ત્રીજો વિષમાલંકાર જાણવો.

परकीया.

त्यों त्यों प्यासेई रहत, ज्यों ज्यों पियत अघाइ ।
सगुन सलोने रूपकों, जु न चखतृषा बुझाइ ॥ १०३ ॥

અર્થ–પરકીયા નાયિકા સખી પ્રત્યે કહે છે કે, જેમ જેમ પેટ ભરીને પીએ છે, તેમ તેમ તરસ્યાં જ રહે છે; ગુણયુક્ત સલૂણા રૂપને નિરખીને લોચનની તરસ છિપતી નથી.

અથવા નાયિકા પ્રત્યે નાયકની એ ઉક્તિ છે, એમ પણ કહી શકાય તેમ છે. ઉપલા દોહરાના ચોથા ચરણમાં પ્રથમ શબ્દ જે "जु" છે, તેનો સંસ્કૃત શબ્દ "यत:" એટલે ગુજરાતીમાં જેથી, જે કારણથી એમ અર્થ થાય છે.

કારણ સામગ્રી પૂર્ણ છતાં પણ કાર્યોત્પત્તિ ન થાય એમ વર્ણવ્યું હોય ત્યાં વિશેષોક્તિ. એ લક્ષણ પ્રમાણે વારંવાર રૂપને જોતાં છતાં પણ આંખને શાંતિ થવારૂપ કાર્યોત્પત્તિ ન થયાથી વિશેષોક્તિ.

नेत्रनुं अलौकिकत्व.

अलि इन लोयन शरनिको, खरो विषम संचार ।
लगे लगाये एकसे, दुहवन करत सुमार ॥ १०४ ॥

અર્થ–નાયિકા અથવા નાયક સખી પ્રત્યે કહે છે કે, આ લોચનરૂપી બાણોની વિષમ અથવા વિચિત્ર ગતિ છે. એ લાગ્યાં લગાડ્યાં એક સરખાં છે; એટલે બાણ જેને મારવામાં આવે તેનું હૃદય ભેદે છે, પણ આ નેત્ર-બાણો તો જેને મારવામાં આવે તેને, તેમ જ જે બાણને મારનાર તેને, એમ બન્નેને ખૂબ માર મારે છે, અર્થાત્ ઉભયને ઘાયલ કરે છે.

જ્યાં ઉપમેયનો કોઈ ગુણ લઈને ઉપમાન કરતાં આધિક્ય વર્ણવવામાં આવે ત્યાં વ્યતિરેકાલંકાર જાણવો. એ લક્ષણ પ્રમાણે બાણ જે ઉપમાન, તેના કરતાં નેત્ર જે ઉપમેય તેમનું આધિક્ય વર્ણવવામાં આવ્યું, તેથી વ્યતિરેકાલંકાર.

नेत्रबाणकी विचित्रता.

दृगनि लगत बेधत हियो, बिकल करत अंग आन ।
यह तेरे सबसे विषम, ईछन तीछन बान ॥ १०५ ॥

અર્થ–નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, લાગે છે આંખોને અને વીંધે છે હૃદયને; તેમ અન્ય અંગને વિકલ કરે છે; એવાં આ તારાં નેત્રરૂપી તીખાં તીર સહુથી વિષમ એટલે કપરાં છે.

કાર્ય ને કારણની દેશસ્થિતિ ભિન્ન ત્યાં અસંગતિ. એ લક્ષણ પ્રમાણે લાગે આંખને એ જે કારણ ને ભેદાવવું હૃદય એ જે કાર્ય, એ બેનાં સ્થાન જૂદાં હોવાથી અસંગતિ અલંકાર જાણવો.

नेत्ररूपी हठयोगी.

कौडा आंसूबुंद, करि सांकर वरुनी सजत ।
कीने वदनहि मूंद, दृग मलंग डोरे रहत ॥ १०६ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, અશ્રુબિંદુનો કોડો (મોટી કોડી તે) કરી, સજલ પાંપણની શૃંખલા (સાંકલ) કરી, તેમ જ મુખ બંધ કરી નેત્રરૂપી હઠયોગી દોરાપર રહે છે અર્થાત્ દોરાને બળ લટકતો રહે છે.

જેમ કોઈ યોગી ધ્યાનમાં અચંચળ નેત્રયુક્ત, શૃંખલાયુક્ત અને મોટી કોડી ધારણ કરનાર એવો હોય છે, તેમ નાયિકાનાં નેત્ર વિરહરૂપી

યોગાસનપર આરૂઢ થયાં છે, માટે તમે ઉતાવળા ચાલો, એમ સખીના વંચનથી વ્યંજના થાય છે.

એમાં રૂપકાલંકાર છે. નેત્ર ઉપમેય અને હઠયોગી ઉપમાન, એ એમાં અભેદ વર્ણવ્યો તેથી.

कविओनुं कथनमिथ्या.

कहत सकल कवि कमलसे, मो मत नैन पषान ।
नतरुकु कत इन बिय लगत, उपजत बिरहकृसान ॥ १०७ ॥

અર્થ—નાયિકા અથવા નાયક પોતાના મનમાં વિચાર કરે છે કે, સઘળા કવિ નેત્રને કમળ સરખાં કહે છે (તે બરાબર નથી), પણ મારા મત પ્રમાણે એ નયન તે પાષાણ—પથ્થર છે; એમ ન હોય તો એ બેના લાગવાથી—અથડાવાથી અથવા ઘસાવાથી વિરહરૂપી અગ્નિ ક્યાંથી ઉપજે? કમળ કમળની સાથે ઘસી જોતાં કદી અગ્નિ ઉપજતો નથી. પણ જ્યાં ચાર આંખો અથડાઈ કે હૃદયમાં અગ્નિ પ્રગટે છે, માટે નેત્ર એ પાષાણ છે, પણ કમળ નથી.

અન્ય પદાર્થનો આરોપ કરવા માટે કોઈ પદાર્થના ધર્મનો નિષેધ કરવામાં આવે ત્યાં શુદ્ધાપહ્નુતિ. એ લક્ષણ પ્રમાણે નેત્રમાંનું કમલનું જે ઉપમાનત્વ તેનો નિષેધ કરી તેમાં પાષાણધર્મત્વનો આરોપ કરવામાં આવ્યો, તેથી શુદ્ધાપહ્નુતિ જાણવી.

स्वकीया—परकीया तथा लक्षिता.

सबही तन समुहाति छिनु, चलति सबनि दै पीठ ।
वाही तन ठहराति यह, *किबलिनुमालौं दीठ ॥ १०८ ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, સઘળી તરફ ક્ષણભર જોય છે, સહુને પીઠ દઈને ચાલે છે, એમ છતે કિબલેનુમા સરખી આ નજંર તેનીજ ભણી ઠરે છે—સ્થિર થાય છે.

---

* જેમ હોકાયંત્રની સોય ઉત્તર દિશા ભણી, તેમ કિબલેનુમા મક્કા ભણી એટલે પશ્ચિમ ભણી રહે છે.

એમાં નાયિકાનાં નેત્રનું સઘળી તરફ જોવા છતે, નાયકપર સ્થિર થવા-રૂપ હેતુવડે નાયિકાનો અનુરાગ સખીઓના જાણવામાં આવ્યો, તેથી હેતુ લક્ષિતા નાયિકા જાણવી-ઉપર "તેની જ ભણી" એવા અર્થના શબ્દો છે તેમાં, તેની એટલે ઉપપતિની, એમ અર્થ લેવામાં આવે તો પરકીયા, અને પતિ એ અર્થ લેવામાં આવે તો સ્વીયા જાણવી.

એમાં કિબલેનુમા એ ઉપમાન, નજર એ ઉપમેય, એક જ તરફ નજર ઠરવી એ ધર્મ, અને સરખી એ વાચક તેથી પૂર્ણોપમાલંકાર જાણવો.

नेत्रनी आसक्ति.

ढरै ढार तेही ढरत, दूजे ढार ढरै न ।
क्यौंहू आनन आनसों, नैना लागत नैन ॥ १०९ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, જે ઢાળે ઢળ્યાં તે જ ઢાળે ઢળે છે, બીજે ઢાળ ઢળતાં નથી. હે સખી! કેમે ક્યાં આ નયનો બીજાના મુખ તરફ-કોઈ અન્યના મુખશું નથિ નથિ જ લાગતાં; એવાં નાયકના મુખપર આસક્ત થયાં છે એ તાત્પર્ય. એમાં અલંકાર છેકાનુપ્રાસ છે.

શબ્દાર્થ-आनन=મુખ. आन=બીજું. नैना=નહીંના. નહિ નહિ. નથી નથી.

नेत्ररूपघडी.

हरिछबि जल जबतें परे, तबतें क्षण निवरैन ।
भरत ढरत बूडत तरत, रहत घरीलों नैन ॥ ११० ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, નેત્રો હરિની છબિ-શરીર સૌંદર્ય-રૂપ જળમાં જ્યારથી પડ્યાં છે ત્યારથી ક્ષણમાત્ર પણ નચિન્ત થઈને બેસતાં નથી. ઘડી (છિદ્રવાળો ત્રાંબાનો વાટકો)ની પેઠે આ નેત્ર ભરાય છે, ઠલવાય છે, બૂડે છે, તરે છે-અથવા ભરાતાં, ઠલવાતાં, બૂડતાં, તરતાં એવાં ઘડીની પેઠે તેઓ રહે છે.

એમાં ઘડી એ ઉપમાન, નેત્ર એ ઉપમેય, ભરાવું વગેરે ધર્મ અને પેઠે એ વાચક, તેથી પૂર્ણોપમાલંકાર જાણવો.

नायकरूप.

लाल तिहारे रूपकी, कहोरीति यह कौन ।
जासों लागै पलक दृग, लागत पलक पलौन ॥ १११ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, હે લાલ! તમારાં રૂપની આ તે કેવી રીતિ છે, કે જેશું તમારાં નયન પલક (પળ એક, પળમાત્ર) લાગે છે કે, પછી પળ માત્ર પણ પલક (આંખની પાંપણ) લાગતી (મીંચાતી) નથી.

એમાં વિરોધાભાસાલંકાર છે.

रूपप्रशंसा.

है हिय रहति हई छई, नई युक्ति यह जोइ ।
आँखिन आँख लगी रहै, देह दूबरी होइ ॥ ११२ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, પ્રેમપંથની આ નવીનતર યુક્તિ જે જોઈ, તે હૃદયમાં છવાઈ રહેલી જ છે; આંખોશું આંખો (પોતાની આંખોશું નાયકની આંખો) લાગી રહે છે ને શરીર સૂકાય છે.

આંખે આંખ લાગે તો ત્યાં દૌર્બલ્ય થવાને બદલે દેહમાં દૂબળાપણું થવાથી કારણ અને કાર્યની ભિન્ન દેશસ્થિતિ વર્ણવવામાં આવી, તેથી અ-સંગતિ અલંકાર સમજવો.

परकीया.

देखत कछु कौतुक इतै, देखो नेकु निहारि ।
कबकी इक टक डटि रही, टटिया अंगुरिन फारि ॥ ११३ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, કાંઈ કૌતુક જુઓ છો? આણી તરફ જરા નજર કરી જુઓ તો ખરા; ક્યારની (નાયિકા) આંગળીઓથી ટટ્ટીને ફાડી ટકટકી-લગાવીને એકી નજરે જોઇને અટકી રહી છે.

એમાં પરકીયા નાયિકા છે. અલંકાર સ્વભાવોક્તિ છે.

उद्वेगदशा.

इन दुखिया अँखियानको, सुख सिरजोई नाहिं ।
देखत बनै न देखते, बिन देखे अकुलाहिं ॥ ११४ ॥

અર્થ-પરકીયા નાયિકા સખી પ્રત્યે કહે છે કે, આ દુખિયારી એવી જે (મારી) આંખો, તેને માટે વિધાતાએ સુખ સરજાવ્યું જ (ઉપજાવેલું જ) નથી. લોકલજ્જાને લીધે જોવા જતાં જોવાનું બનતું નથી અને વગર જોયે (એ આંખો) અકળાય છે.

એમાં નાયિકાએ નેત્રનાં દુઃખ વર્ણનના મિષથી પોતાના દુઃખનું નિરંતરપણું પ્રતિપાદન કર્યું, તેપરથી કામની દશ દશાઓમાંની એ ઉદ્વેગ-દશા ધ્વનિત થાય છે. વિયોગાવસ્થામાં વ્યાકુળ થઈ ચિત્તનું નિરાશ્રિત હોવું, તેને ઉદ્વેગ કહે છે. એમાં વિશેષોક્તિ અલંકાર છે.

लक्षिता नायिका.

चकी जकीसी व्है रही, बूझे बोलति नीठि ।
कहूं दीठि लागी लगी, कै काहूकी दीठि ॥ ११५ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકા ચકિત સરખી અને ચેષ્ટા રહિત એવી થઈ રહી છે; પૂછીએ તો ઉત્તર કમનથી-અણગમાથી આપે છે. ક્યાંક એની નજર લાગી રહી છે, કે કોઈની નજર એને લાગી છે ?

એમાં નાયિકાની કોઈપર નજર લાગી છે કે કોઈની નજર નાયિકાને લાગી છે, એ બેમાંથી એકેનો નિશ્ચય ન હોવાથી સંદેહાલંકાર જાણવો.

ए ते स्नेह के बला ?

नेह न नैननकों कछू, उपजी बडी बलाय ।
नीरभरे नितप्रति रहैं, तऊ न प्यास बुझाय ॥ ११६ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, આ નેહ નથી પણ નેત્રોને એક મોટી બલા ઉપની છે. રોજ રોજ એ (નેત્રો) જળથી ભરેલાં રહે છે તો પણ એમની તરસ છિપતી નથી.

એમાં વર્ણ્ય વસ્તુ જે સ્નેહ, તેનો નિષેધ હેતુપૂર્વક કરવામાં આવ્યો છે, તેથી હેત્વપહ્નુતિ અલંકાર જાણવો.

परकीया–मध्या.

कैवाँ आवत इह गली, रहे चलाइ चलैन ।
दरसनकी साधें रही, सूधे होइ न नैन ॥ ११७ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, શ્રીકૃષ્ણ આ ગલીમાં કેટલીવાર આવતા રહ્યા, તો પણ (લજ્જાને લીધે) એ (મારાં નયન) ચલાવ્યાં ચાલ્યાં નહિ; (નાયકનાં) દર્શનની તો મારા મનમાં લાલસા રહી ગઈ, તો પણ નેત્ર સીધાં થતાં નથી.

એમાં પરકીયા મધ્યા નાયિકા છે. તેનું કથન એવું છે કે, આજ માર્ગે નાયક આવજા કરે છે, છતાં તેને લજ્જાને લીધે હું જોઈ શક્તી નથી, પણ મારા હૃદયમાં તો દર્શનની લાલચ રહે છે. એ રીતે લજ્જા અને મદનનું સમાનપણું, તેથી મધ્યા નાયિકા જાણવી. પરકીયા છે એ તો ખુલ્લું જ જણાઈ આવે છે.

प्रौढापरकीया.

साजे मोहन मोहकों, मोही करत कुचैन ।
कहा करौं उलटे परे, टोने लोने नैन ॥ ११८ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, મેં તો મોહનને મોહ પમાડવાને સજ્જિત કર્યાં, પણ એ તો ઉલટાં મને બેચેન કરે છે. જાદુ સ્વરૂપ એ સલૂણાં નેત્ર શું કરું કે ઉલટાં પડી ગયાં.

નાયિકાનું કહેવાનું તાત્પર્ય એ કે, જેમ બીજાપર જાદુ કરવા જતામાં તે ઉલટું પડી જાદુ કરનારાને જ વ્યથિત કરે, તેમ મારાં નેત્ર મને જ વ્યથિત કરે છે.

એમાં મોહનને વશ કરવારૂપ ઇષ્ટાર્થની પ્રાપ્તિ કરવા જતામાં ઉલટાં નાયિકાને પોતાને વ્યથિત થવારૂપ અનિષ્ટની પ્રાપ્તિ વર્ણવવામાં આવી, તેથી ત્રીજો વિષમાલંકાર જાણવો.

નેત્રને સજ્જિત કર્યાં એટલે તેને કજ્જલભૂષિત કર્યાં એમ સમજવું.

એમાં પ્રૌઢાપરકીયા નાયિકા છે.

नायिकाने फसावनार सटोळिया.

लोभ लगे हरिरूपके, करी सांट जुरि जाय ।
हौं इन वेची बीचही, लोयन बडी बलाय ॥ ११९ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હરિના રૂપના લોભમાં પડેલાં એવાં જે આ મારાં નેત્ર, તેણે હરિનાં નેત્ર સાથ મળી જઈ સાટું-સટ્ટો એવો કર્યો કે, મને તો અધવચ જ વેચી નાંખી. એવાં આ (મારાં) લોચન એક મોટી બલા છે.

તાત્પર્ય એ કે, હું તો કૃષ્ણનો સમાગમ કરવા પણ પામી ન પામી એટલામાં હરિરૂપનાં લોભી એવાં મારાં નેત્રોએ કૃષ્ણનાં નેત્રોશું મળી જઈ સાટું નક્કી કરી, મને અધવચ વેચી નાંખી અર્થાત્ પરવશ કરી.

એમાં નેત્રોને સટોળિયારૂપે વર્ણવ્યાં, તેથી રૂપકાલંકાર જાણવો.

शिक्षानामक सखी कर्म.

जस अपजस देखत नहीं, देखत सांवल गात ।
कहा करौं लालच भरे, चपल नैन चलिजात ॥ १२० ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તું યશ અપયશ એટલે (મારી) કીર્ત્તિ કે અપકીર્ત્તિ, આ રીતની સ્તુતિ કે નિંદા તરફ જોતી નથી, પણ શ્યામ શરીર–શામળાં શરીરને જોય છે; ત્યારે નાયિકા તેને ઉત્તર આપે છે કે, મારાં લાલચનાં ભર્યાં, અને ચપલ એવાં નેત્ર ચાલ્યાં જાય છે તેમાં હું શું કરું? અર્થાત્ એમાં મારો શો વાંક?

એમાં ઉત્તરાલંકાર છે. એક જ પ્રશ્ન અને એક જ ઉત્તર છતાં, તે બન્નેમાં કિંવા તેમાંના એકમાં વિશેષ ચમત્કાર હોય તો ઉત્તરાલંકાર જ માનવામાં આવે છે. એક પ્રશ્ન અને એક ઉત્તર એમાં કાંઈ ખુબી નથી હોતી, તેથી પ્રશ્નોત્તર અનેક હોવાથી વિવક્ષા છે. પણ આધુનિક આલંકારિકો એ નિયમને વળગી જ રહ્યા હોય, એમ જોવામાં આવતું નથી.

જો નાયિકા પોતાની અંતરંગ સખી પ્રત્યે કહે છે અને એ પ્રશ્નોત્તર નથી એમ સમજી અર્થ કરતાં દશ કામદશા મધ્યેની નાયિકાની ઉન્માદ-દશા જાણવી.

पूर्वानुराग.

नैना नैकु न मानहीं, कितौ कह्यौ समझाय।
तन मन हारेहू हँसैं, तिनसों कहा बसाय ॥ १२१ ॥

અર્થ—નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હે સખી! મેં મારાં આ નયનોને કેટલું સમજાવી સમજાવીને એટલે શિખામણ આપીને કહ્યું, તોપણ એ જરા માનતાં નથી એટલે મારું કહ્યું કરતાં નથી. હું તનમન હારી ગઈ છે, તે પણ એ (નયનો) હસે તેમની સાથે આપણું શું જોર ચાલે? અર્થાત્ કાંઈ ન ચાલે. અથવા એ નેત્રોથી તો હવે હું હારી ગઈ, એવો નાયિકાનો કહેવાનો ભાવ જણાય છે.

એમાં (નેત્રોને) સમજાવવારૂપ કારણ છતાં, માનવારૂપ કાર્ય ન થયું, તેથી વિશેષોક્તિ અલંકાર જાણવો.

બીજી રીતે ખંડિતા નાયિકા સખી પ્રત્યે કહે છે કે, "नैना नेक न मानही" નાયકને "ही" જે હૃદય તેમાં "नै" નય તેમ જ માન "नेक न" જરા નથી, અર્થાત્ નાયકનાં હૃદયમાં નથી નય કે નથી માન, કેટલું સમજાવી કહ્યું તોપણ બીજી શું તન મન હારે છતે હસે છે, એવાની સાથે કેમ ફાવી શકાય? ન જ ફાવી શકાય એ તાત્પર્ય.

प्रोषित नायक.

सकै सताय न तम बिरह, निसि दिन सरस सनेह।
रहै वहै लागी दृगनि, दीप सिखासी देह ॥ १२२ ॥

અર્થ—નાયક સખી પ્રત્યે કહે છે કે, રાત દિવસ રસયુક્ત સ્નેહના કારણથી વિરહરૂપી અંધકાર હેરાન કરી શકતો નથી. નાયિકાની દીપશિખા સરખી દેહ, તે જ મારી આંખોને લાગી રહે છે.

એમાં તમવિરહ એ રૂપક, તેમ જ "દીપશિખા સરખી દેહ" એમાં ઉપમાલંકાર પણ છે.

"देह" એ શબ્દ સંસ્કૃતમાં પુલ્લિંગ છતે ઉપર સ્રીલિંગમાં વાપરવામાં આવ્યો છે. ગુજરાતી પ્રાચીન કવિઓએ પણ એ શબ્દ સ્રીલિંગમાં વાપર્યો છે. જેમ અંગ્રેજી શબ્દનો ગુજરાતીમાં જે પર્યાય હોય, તેનું લિંગ તે શબ્દને

લગાડવામાં આવે છે, જેમ School એટલે નિશાળ-શાળા. હવે નિશાળ સ્ત્રીલિંગે તેથી school એ શબ્દને પણ તે જ લિંગ લગાડે છે; તે પ્રમાણે સંસ્કૃત જે देह તેનો પર્યાય ગૂજરાતીમાં પણ વપરાતો જે કાયા તે સ્ત્રીલિંગે તેથી देह પણ સ્ત્રીલિંગે વપરાયો હોય, એ અનુમાન છે.

नेत्रोरूपी अश्वजोडी.

लाज लगाम न मानहीं, नैना मो बस नाहिं ।
ये मुख जोर तुरंगलौं, ऐंचतहू चलिजाहिं ॥ १२३ ॥

અર્થ-નાયિકા કહે છે કે, લાજરૂપી જે લગામ તેને તો માનતાં નથી, એવાં મારાં નેત્ર તે મારા વશમાં નથી. એ (નયનરૂપ) મુખસ્થિત જોડી અશ્વયુગલ-ઘોડાની જોડીની પેઠે ખેંચી રાખતે છતે દોડી જાય છે.

એમાં ઘોડાની જોડી એ ઉપમાન, નેત્રની જોડી એ ઉપમેય, દોડીજવા-રૂપ ધર્મ અને પેઠે એ વાચક, તેથી પૂર્ણોપમાલંકાર જાણવો. તેમ જ લાજ એ ઉપમેય અને લગામ જે ઉપમાન તેમાં અભેદ વર્ણવ્યો છે, તેથી રૂપકાલંકાર જાણવો.

એમાં દોહરાના ચોથા ચરણમાં "ખેંચી રાખતે છતે દોડી જાય છે" એમ છે તેનો અર્થ નાયક ભણી-એટલે જ્યાં નાયક હોય ત્યાં દોડી જાય છે એમ સમજવો.

वमळमां पडेलुं चित्तरूप नाव.

फिरि फिरि चित उतही रहत, टुटी लाजकी लाव ।
अंग अंग छबि झौंरमें, भयो भौंरकी नाव ॥ १२४ ॥

અર્થ-નાયિકા અથવા નાયકની દશા દેખી સખી કહે છે કે, ફરીફરી એટલે વારંવાર એનું ચિત્ત ત્યાં જ રહે છે, લાજરૂપી દોરડું તૂટી ગયું છે, અને તે (ચિત્ત) અંગઅંગની શોભારૂપ વેગયુક્ત પ્રવાહના વમળમાં ચકર ખાતી નાવ બન્યું છે.

એમાં રૂપકાલંકાર છે. એમાં નાયક નાયિકાની છબિપર આસક્ત થયો છે અથવા નાયિકા નાયકની છબિપર આસક્ત થઈ છે, તે વાત સખી કહે છે, અથવા નાયક સખીપ્રત્યે કહે છે.

अजब तरहनी आग.

को जाने व्है है कहा, व्रज उपजी अति आगि ।
मन लाग नैननि लगै, चलै न मगलग लागि ॥ १२५ ॥

અર્થ–નાયિકા સખીપ્રત્યે કહે છે કે, કોણ જાણે શું થવા બેઠું છે!! વ્રજમાં મોટી (અદ્‌ભુત) આગ ઉપજી છે–તે એવી અદ્‌ભુત કે જેવી એ નેત્રમાં પ્રવિષ્ટ થઈ કે મનમાં લાગે છે; સખી! તું એ (પ્રેમાગ્નિના) માર્ગે પગલાં ન ભરીશ.

એમાં વિરહરૂપ જે આગ તેમાં બીજી આગ કરતાં વિશેષપણું દર્શાવવામાં આવ્યું, તેથી વ્યતિરેકાલંકાર જાણવો.

અથવા પ્રથમ "मन लागै" મનમાં (એ આગ) સળગે છે, પછી "नैननि लगै" નેત્રોને લાગે છે તેથી નિકટના કંઠ, વદન નાસિકાદિને છોડી બે નેત્રોને પકડવારૂપ એમાં વિશેષ દર્શાવવામાં આવ્યું, તેથી વ્યતિરેકાલંકાર છે.

रूपमद केवो छे?

डर न टरै, नींद न परै, हरै न कालविपाक ।
छिन छाकै उछकै न फिर, खरो विषम छबिछाक ॥ १२६ ॥

અર્થ–નાયિકા અથવા નાયક સખી પ્રત્યે કહે છે કે, બીજા મદિરાદિકના જે મદ–કેફ તે ડર–ભય દેખાડવાથી ટળી જાય છે, પણ રૂપનો મદ–કેફ તે ડર દેખાડવાથી ટળતો નથી; તેમાં (મદિરાદિકના મદમાં) નિદ્રા આવે છે, પણ આમાં (રૂપમદમાં) નિદ્રા આવતી નથી; તે (મદિરામદ) સમય થયો એટલે જાય છે, આને (રૂપમદને) કાલવિપાક હરણ કરી શકતો નથી; તેના (મદિરામદના) પાન કર્યાથી ફરી શુદ્ધિમાં અવાય છે, પણ આ રૂપરૂપી આસવની કેફ (મદ) ચઢી, તે પાછી ઉતરતી નથી; એવો ખરો વિષમ એ છબિછાક એટલે રૂપમદ છે.

એમાં છબિછાક (રૂપમદ) જે ઉપમેય તેમાં ઉપમાન જે મદિરાદિકનો મદ, તેના કરતાં વિશેષપણું દર્શાવવામાં આવ્યું તેથી વ્યતિરેકાલંકાર.

परकीया प्रौढा.

गुडी उडी लखि लालकी, अंगना आंगन मांह ।
बौरीलों दोरी फिरत, छुवति छबीली छांह ॥ १२७ ॥

અર્થ-લાલ એટલે શ્રીકૃષ્ણ તેનો પતંગ-કનકવો ઉડતો જોઈ નાયિકા આંગણામાં ઘેલીની પેઠે દોડતી ફરે છે અને પતંગની છાયાને સ્પર્શ કરે છે.

અભિપ્રાય એ છે કે, છાયાને સ્પર્શ કરવાથી જ પ્રિયમિલનનું સુખ માની લે છે.

એમાં ઘેલી એ ઉપમાન, નાયિકા એ ઉપમેય, દોડતા ફરવું એ ધર્મ અને પેઠે એ વાચક, તેથી પૂર્ણોપમાલંકાર જાણવો.

એમાં શબ્દાલંકાર છેકાનુપ્રાસ પણ છે.

परकीया प्रौढा.

चलत घैर घरघर तऊ, घरी न घर ठहराति ।
समुझि उही घरकों चलै, भूलि उही घरजाति ॥ १२८ ॥

અર્થ-નાયિકાના સંબંધમાં સખી સખી પ્રત્યે કહે છે કે, એની ઘેર ઘેર ચરચા-નિંદા ચાલી રહી છે (કે એ પરપુરુષ શું આસક્ત છે), તોપણ એક ઘડી ઘરમાં ઠરતી નથી એટલે સ્થિર થઈને બેસતી નથી. મનમાં સમજે છે કે, મારી લોક નિંદા કરે છે, તોપણ તેને જ ઘેર જાય છે; નાયકશું અનુરાગ હોવાથી લોકમાં થતી નિંદાને ભૂલી જઈ તેને જ ઘેર જાય છે.

ઉપલા દોહરાના પહેલા ચરણમાં "घैर" એ શબ્દ છે, તેનો અર્થ "નિંદા" એવો થાય છે.

એમાં પરકીયા પ્રૌઢા નાયિકા છે. જ્યાં ચિત્ત ચોંટ્યું છે ત્યાં જાય છે. તે સખી સખીપ્રત્યે કહે છે.

उद्वेगदशा.

ह्यांतें ह्वाँ ह्वांतें यहां, नैको धरत न धीर ।
निसिदिन डाढीसी रहै, बाढी गाढी पीर ॥ १२९ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, અહીંથી ત્યાં ને ત્યાંથી અહીં એમ જા-આવ કરે છે, અને જરા પણ ધીરજ ધરતી નથી; રાત દિવસ બળી સરખી રહે છે એવી બાળાને કઠિણ (વિરહની) પીડા વાધી છે.

એમાં સાહિત્ય શાસ્ત્રોક્ત દશ કામદશામાંની નાયિકાની ઉદ્વેગદશા જાણવી. એમાં શબ્દાલંકાર વૃત્યનુપ્રાસ છે.

लक्षिता नायिका.

पल न चलै जकिसी रही, थकिसी रही उसाँस ।
अबही तन रितयो कहा, मन पठयो किहिं पास ॥ १३० ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તારી (નેત્રની) પલક પલકારો કરતી નથી, જડ સરખી થઈ રહી છે, ઉચ્છ્વાસ પણ થાકેલો સરખો (ધીમે ધીમે ચાલતો) થઈ રહ્યો છે. શું હાલમાં જ તન ખાલી કરી મનને કોઇની પાસે મોકલી દીધું છે?

એમાં શબ્દાલંકાર છેકાનુપ્રાસ છે. નાયિકા લક્ષિતા છે. જે નાયિકાની પરપુરુષ સંબંધી પ્રીતિ લક્ષણાદિકથી જણાઈ આવે, તેને લક્ષિતા કહે છે.

वासकसज्जा.

ज्यौं ज्यौं आवति निकट निसि, त्यों त्यों खरी उताल ।
झमकि झमकि टहलें करै, लगी रह चटै बाल ॥ १३१ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, જેમ જેમ રાત્રી નજીક આવતી જાય છે, તેમ તેમ ખરી ઉતાવળ લાગી રહે છે; નાયિકા-બાળા ઝટપટ ઝટપટ અથવા જલદી જલદી ગૃહકાર્ય-ઘરનાં કામ કરે છે; બાળાને લાલચ અથવા મનોરથનો ચસકો લાગી રહ્યો છે તેથી.

એમાં પરકીયા વાસકસજ્જા નાયિકા છે-રાતના મિત્રસમાગમ થશે, એવી અભિલાષાથી સંકેત સ્થલ વાળીઝાડી સાફ કરવાથી એ પરકીયા વાસકસજ્જા અને ઘર એ જ સંકેત સ્થળ અને તેમાં સ્વહસ્તે કાર્ય કર્યું તેથી તે ઘરનું શૂન્યત્વ પણ અટકળી શકાય છે.

એમાં ગૃહકાર્ય સંપાદનના મસથી સંકેતસ્થળ સ્વચ્છ કરવારૂપ પોતાનું ઇષ્ટ સાધન કર્યું, તેથી પર્યાયોક્તિ અલંકાર જાણવો.

પ્રિયસમાગમના નિશ્ચયથી મંડનાદિ કેલિસામગ્રી સજ્જિત કરવાવાળી નાયિકાને વાસકસજ્જા કહે છે.

गुणवर्णन.

भृकुटी मटकन पीतपट, चटक लटकती चाल ।
चलचख चितवनि चोरि चित, लियौ बिहारीलाल ॥ १३२ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, ભૃકુટીની મટકથી, પીતાંબરની ચટકથી, ચાલની લટકથી, અને ચંચળ એવાં નેત્રની ચિતવણીથી બિહારીલાલે મારું ચિત્ત ચોરી લીધું.

એમાં નાયકના ગુણવર્ણનરૂપ એવી નાયિકાની સ્મરદશા વર્ણવવામાં આવી છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

नेहनगरनो* अन्याय.

छुटन न पैयत छनक बसि, नेहनगर यह चाल ।
मार्यो फिरि फिरि मारियै, खूनी फिरत खुस्याल ॥ १३३ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે અથવા સખી સખી પ્રત્યે કહે છે કે, નેહનગર એટલે પ્રીતિપુરીમાં એવો ચાલ છે કે, તેમાં એક ક્ષણ પણ વસ્યા એટલે છૂટવા પામતા નથી. અહીંયાં (એ નગરમાં) મારેલાને ફરી ફરી મારવામાં આવે છે અને ખૂની ખુશહાલ-પ્રસન્ન ફરે છે.

કહેવાનો અભિપ્રાય એ છે કે, નેહનગરમાં એવો અન્યાય છે કે, અપરાધી-ખૂની એવાં જે નેત્ર તે તો કટાક્ષવિલાસાદિકથી મોજમાં ફરતાં રહે છે, અને નિરપરાધી જે દેહાદિક તેને વિજોગ જ નિત સંતાપરૂપ થઈ દંડ દે છે. એવું જે નગરમાં અંધેર ચાલી રહેલું, તેવા નગરમાં પ્રવેશ લાંબો વિચાર કરી કરવો. એમ સખીનાં વચનનો આશય જણાય છે.

એમાં અસંગતિ અલંકાર છે.

नेहनगरमां नीति नहि.

क्यौं बसिये क्यौं निबहिये, नीति नेहपुर नाहिं ।
लगालगी लोयन करैं, नाहक मन बँध जाहिं ॥ १३४ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, એમાં તે કેવી રીતે વસીએ ને કેમ નિર્વાહ કરીએ? નેહનગરમાં નીતિ નથી. તે એવી રીતે કે, લોચન અથડાઅથડી-મારામારી કરે છે; અને વગર અપરાધે-વ્યર્થ મન બાંધ્યું જાય છે.

---

* નેહનગર એટલે નેહ નગરના લોક એમ લક્ષ્યાર્થ લેવો.

એમાં અસંગતિ અલંકાર છે. કારણ કે અપરાધ જે કારણ અને બાંધ્યા-જવારૂપ જે શિક્ષા તેરૂપી કાર્યની ભિન્ન દેશસ્થિતિ વર્ણવવામાં આવી છે.

"लगालगी" એનો અર્થ વળગાવળગી અથવા બાઝંબાઝા એમ પણ થાય છે.

प्रौढा नायिका.

झटकि चढति उतरति अटा, नैक न थाकति देह ।
भई रहत नटको बटा, अटकी नागरि नेह ॥ १३५ ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, ઝડપથી અટારીપર ચઢે છે અને ઉતરે છે તોપણ દેહ જરા પણ થાકતી નથી; એ ચતુરા નેહમાં બંધા-યલી એટલે પ્રેમપાશથી બંધાયલી એવી નટના દડા સરખી બની રહે છે.

એમાં નટનો દડો એ ઉપમાન, ચતુરા ઉપમેય, ઝડપથી ચઢ ઉતર કરવારૂપ ધર્મ અને સરખી એ વાચક, તેથી પૂર્ણોપમાલંકાર જાણવો.

ઉપલા દોહરામાં ત્રીજા ચરણમાં "नटको बटा" એવો શબ્દ છે, તેને માટે શૃંગાર સપ્તશતી નામની સંસ્કૃત ટીકામાં "नटबटिका" એ શબ્દ આપ-વામાં આવ્યો છે. "बटा" એનો અર્થ "गेंद" એવો હિંદીમાં છે, તેપરથી દડો એવો એનો અર્થ ગુજરાતીમાં આપવામાં આવ્યો છે.

"अध ऊरध आवतजात भयो चित नागरिको नट कैसो बटा." એમાં પણ "बटा" એ શબ્દનો દડો એ જ અર્થ છે.

शिक्षानामक सखीकर्म.

मैं तोसों कैबाँ कह्यो, तू जिन इन्हैं पत्याय ।
लगालगी कर लोयननि, उरमें लाई लाय ॥ १३६ ॥

અર્થ—નાયિકા પ્રત્યે સખી કહે છે કે, મેં તને કંઈ વાર કહ્યું કે, તું રખે એનો વિશ્વાસ કરતી; એ લોચનોએ લગન લગાડીને પછી હૃદયમાં લાહ્ય લગાડી.

એમાં મુગ્ધા નાયિકા પ્રત્યે તેની અંતરંગ સખી કહે છે કે, "પર-પુરુષાનુરાગ દુઃખદ છે, અને તે અનુરાગનાં ઉત્પાદક જે લોચન, તેમનો વિશ્વાસ મા કર"—કારણ કે તે નાયિકાનું અંતર્ગત જાણે છે.

એમાં પરિહાસ, શિક્ષા, ઉપાલંભ અને વિરહનિવેદનાદિ જે સખીનાં કર્મો વર્ણવ્યાં છે, તેમાંનું શિક્ષાનામક સખીના કર્મનું ઉપલો દોહરો તે ઉદાહરણ છે.

દોહરાના ત્રીજા ચરણમાં "लगालगी" એ શબ્દ છે તેનો અર્થ વળગાવળગી અથવા બાઝંબાઝા પણ થઈ શકે છે.

नेत्ररूपी शिकारी.

सारी डारी नीलकी, ओट अचूक चुकैन ।
मो मनमृग करवर गहे, अहैं अहेरी नैन ॥ १३७ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, નાયિકાએ જે નીલ રંગની સાડી પહેરેલી છે, તે રૂપી ઝાડની ડાલીની ઓથમાં રહી એનાં નયનો એવાં અચૂક છે કે ચૂકતાં નથી; મારા મનરૂપી મૃગને કલબલથી પકડી લે છે. એવાં (નાયિકાનાં) નેત્ર મોટાં શિકારી છે.

એમાં રૂપકાલંકાર છે. નેત્ર જે ઉપમેય અને શિકારી જે ઉપમાન તેમાં અભેદ વર્ણવ્યો, તેથી રૂપકાલંકાર છે.

स्मरणदशा.

जे तब होत दिखादिखी, भई अमी इक आँक ।
दगै तिरीछी दीठि अब, है बीछीको डाँक ॥ १३८ ॥

અર્થ–નાયિકા અથવા નાયક સખી પ્રત્યે કહે છે કે, જે તે સમયે દેખાદેખી થતાં જ નિશ્ચય અમૃત સરખી જણાતી હતી, તે હાલમાં (વિયોગાવસ્થામાં) તિરછી આંખ વીંછુનો ડંખ થઈને બળતરા (વ્યથા) કરે છે.

શબ્દવ્યુત્પત્તિ–तिरीछी=तिर्यक. बींछी=वृश्चिक. दीठी=दृष्टिः

એમાં યુક્તાયુક્ત અલંકાર છે–કેશવદાસે કવિપ્રિયામાં "इष्ट बात अनिष्ट जहें, कैसेहू व्है जाय; सोई जुक्ताजुक्त कहि, बरनत कवि सुखपाय," એ લક્ષણ આપ્યું છે–તેનો ભાવાર્થ એ છે કે, જ્યાં ઇષ્ટ વસ્તુ તે કોઈ પણ પ્રકારે અનિષ્ટ થાય, ત્યાં જુક્તાજુક્ત અલંકાર જાણવો. ઉપલા ઉદાહરણમાં જે દૃષ્ટિ સંયોગાવસરમાં અમૃત સરખી લાગતી તેથી ઇષ્ટ, તે વિયોગાવસ્થામાં વીંછુના ડંખ સરખી અનિષ્ટ થઈ પડી, તેથી કેશવદાસના મત પ્રમાણે જુક્તાજુક્ત અલંકાર છે.

पूर्वानुराग–नायिकानी प्रीति.

नैकौ उहि न जुदी करी, हरख जुदी तुम माल ।
उरतें वास छुटौ नही, वास छुटेहू लाल ॥ १३९ ॥

અર્થ–દૂતી નાયક પ્રત્યે કહે છે કે, તમે જે માળા પ્રસન્ન થઇને નાયિકાને આપી હતી, તેને તેણીએ જરાપણ ઉરથી અલગ ન કરી; હે લાલ! તેનો વાસ (સુગંધ) જતો રહ્યો, છતે પણ હૃદયપરથી તેનો વાસ (વસવું–રહેવું) ન છૂટ્યો.

એ ઉપરથી પ્રીતમદત્ત જે માળા તેને પણ પોતાના અંગસંગના ત્યાગને માટે અયોગ્યપણું જણાવ્યું, તે ઉપરથી નાયિકાની પ્રીતિ દર્શાવનારી દૂતીની એ ઉક્તિ છે. એમાં શબ્દાલંકાર યમકાનુપ્રાસ છે.

ઉપલા દોહરાનાં ત્રીજાં અને ચોથાં ચરણનો અર્થ હે લાલ! વાસ છૂટતે પણ ઉરથી વાસ છૂટ્યો નહિ એમ હોવાથી વિરોધાભાસાલંકાર છે. કવિપ્રિયામાં "बरनत लगै विरोधसो, अर्थ सबै अविरोध; प्रगट विरोधाभास यह, समुझत सबै सुबोध" એ લક્ષણ પ્રમાણે અર્થ સુગમ છે.

परकीया नायिका.

खिन खिनमें खटकत सुहिय, खरी भीरमें जात ।
कहिजुचली अनहीं चितै, ओठ निहीमें बात ॥ १४० ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, લોકની ખૂબ ભીડ તેમાં જતાં, બીજી તરફ જ જોઇને એટલે મારા સામે જોયા વગર જે વાત ઓઠમાંજ કહીને તે ચાલી ગઈ, તે મારા હૃદયમાં ક્ષણ ક્ષણ ભટકે છે.

ઉપલા દોહરામાં પ્રથમ ચરણમાં "खिन खिन" એવો શબ્દ છે, તેને બદલે "छिन छिन" એવું પાઠાંતર બીજા પુસ્તકોમાં જોવામાં આવે છે.

એમાં સ્મરણરૂપ સ્મરદશા વર્ણવી છે, અને સ્મૃતિ અલંકાર છે.

प्रौढा नायिका.

बनतनकों निकसत लसत, हँसत हँसत इत आय ।
दृग खंजन गहि लै गयो, चितवनि चेप लगाय ॥ १४१ ॥

અર્થ–નાયિકા સખીપ્રત્યે કહે છે કે, વનભણી નીકળતાં, શોભતો એવો, હસતાં હસતાં આણી તરફ આવી ચિતવણીરૂપી ચેપ લગાડી, નેત્રરૂપી અંજનને પકડી લઈ ગયો.

એમાં નાયિકાએ નાયકના સૌંદર્ય, માધુર્ય, હાસ વગેરેના આધિક્ય વર્ણન કરવા ઉપરથી ગુણકથનરૂપ સ્મરદશા જાણવી.

એમાં રૂપકાલંકાર છે.

स्मरणदशा.

जब जब वे सुधि कीजिये, तब तब सब सुधिजाहिं ।
आँखिन आँख लगी रहै, आंखै लागत नाहिं ॥ १४२ ॥

અર્થ–નાયિકા સખીપ્રત્યે કહે છે, કે જ્યારે જ્યારે (જે વાતો હમારું મન જાણે છે) તેનું સ્મરણ કર્યું છે, ત્યારે ત્યારે દુઃખના કારણથી સઘળી સુધબુધ જતી રહે છે. (નાયકની) આંખોમાં આંખ લાગી રહે છે, પણ આંખ લાગતી નથી.

નાયિકાનો કહેવાનો અભિપ્રાય એવો છે કે, નાયકનાં નેત્રોશું મારાં નેત્ર લાગી રહે છે, પણ આંખ લાગતી નથી એટલે નિદ્રા આવતી નથી.

એમાં વિરોધાભાસ અલંકાર છે. એનું લક્ષણ પાછળ આવી ગયું છે.

पूर्वानुराग.

जहाँ जहाँ ठाढो लख्यो, स्याम सुभग सिरमौर ।
उनहूँ बिन छन गहि रहत, नैन अजौं वह ठौर ॥ १४३ ॥

અર્થ–નાયિકા સખીપ્રત્યે કહે છે કે, ભાગ્યવાનોના શિરોમણિ એવા શ્યામને સંયોગાવસ્થામાં પૂર્વે જ્યાં જ્યાં ઉભેલા જોયા હતા, તે તે સ્થાનને જોતાં તેમના વિના પણ મારાં નેત્રો ક્ષણભર સ્થિત થઈ જાય છે અથવા તે સ્થાન હજી પણ (વિયોગાવસ્થામાં પણ) ક્ષણમાત્રને માટે મારાં નેત્રોને પકડી રાખે છે.

એમાં સ્મૃત્યલંકાર છે.

શબ્દવ્યુત્પત્તિ–**सुभग**=સુંદર–ઐશ્વર્યવાન્. **सिरमौर**=શિરોમણી.

"**सुभग सिरमौर**" એ શબ્દો ઉપલા દોહરાના બીજા ચરણને અંતે છે તેનો સુંદર શિરોમણિ એમ પણ અર્થ ઠીક જણાય છે.

स्मरणदशा.

सघन कुंज छाया सुखद, सीतल मंद समीर ।
मन व्है जातु अजौँ वहै, वा जमुनाके तीर ॥ १४४ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, જ્યાં સઘન કુંજની સુખદ એવી છાયા, તેમજ જ્યાં શીતળ અને મંદ સમીર વહે છે, તે યમુનાના તીરપર જતાં મારું મન હજી પણ તેવું જ, એટલે સંયોગાવસરમાં જેવું આનંદી હતું તેવું જ, હાલમાં વિરહદશામાં પણ થઈ જાય છે.

એમાં સ્મૃત્યલંકાર છે.

એમાં નાયિકાની સ્મરણ નામની સ્મરણદશા વર્ણવવામાં આવી છે.

प्रलापदशा.

फिरि फिरि बूझति कहि कहा, कह्यो साँवरे गात ।
कहा करत देखे कहां, अली चली क्यौँ बात ॥ १४५ ॥

અર્થ–નાયિકા સખીને વારંવાર પૂછે છે કે, કહે કે શ્યામ શરીર જે શ્રી કૃષ્ણ તેણે શું કહ્યું? કયે ઠેકાણે અને શું કરતા તેં તેમને જોયા. હે સખી! તેમની આગળ મારી વાત કેમ ચાલી?

એમાં ફરી ફરી સખીને પ્રશ્ન કરવામાં આવ્યાથી પ્રલાપદશા જાણવી. “ प्रलापोऽनर्थकं वचः” इत्यमरः

એમાં પ્રેમાલંકાર છે. કવિપ્રિયામાં એનું “ कपट निपट मिटि जाय जहँ, उपजै पूरन छेम; ताही सों सब कहततें, केसव उत्तम प्रेम.” એવું લક્ષણ છે. ભાવાર્થ એ છે કે, જ્યાં કપટ તમામ મટી જાય અને પૂરેપૂરો અનુરાગ ઉપજે, તેને સહુ પ્રેમાલંકાર કહે છે. ટુંકામાં જ્યાં સાચા પ્રેમનું વર્ણન કરવામાં આવ્યું હોય ત્યાં પ્રેમાલંકાર જાણવો.

शिक्षा.

मन न धरति मेरो कह्यो, तूं आपने सयान ।
अहै परन परि प्रेमकी, परहथ पार न मान ॥ १४६ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તું પોતાના શાણપણપર ભરોસો

રાખી, હું જે કહું છું એટલે જે શિખામણ આપું છું, તે મનમાં ધારણ કરતી નથી. અલી! પ્રેમની પડણુમાં પડી પોતાના પ્રાણ પરાયે હાથ મા પાડ.

અર્થાત્ પ્રીતિમાર્ગમાં પોતાનું મન તે પારકું થાય છે; માટે મન પરાયે હાથ જાય તેમ મ કર. એમાં વૃત્ત્યનુપ્રાસ અલંકાર–વર્ણમૈત્રી છે.

નાયક અથવા નાયિકા જેનાથી એટલે જે સહચરીથી કોઈ પણ વાત છૂપાવતાં ન હોય, તેવીને સખી કહે છે. તેનાં મંડન, શિક્ષા, ઉપાલંભ અને પરિહાસ એ ચાર કાર્ય છે. તેમાંનું ઉપલા ઉદાહરણમાં શિક્ષા નામનું કાર્ય છે, એટલે સખી નાયિકાને શિખામણ આપે છે.

नेत्ररूपी वाटपाड़ु.

चितवित बचत न हरत हठि, लालन दृग बरजोर ।
सावधानके बटपरा, ये जागतके चोर ॥ १४७ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, શ્રીકૃષ્ણનાં જબરદસ્ત એવાં જે નેત્ર, તે બળાત્કારે હરણ કરે છે, તેથી મારૂં ચિત્તરૂપી જે વિત્ત એટલે મનરૂપી ધન બચતું નથી. એ જે લાલનાં નેત્ર. તે સાવધાનના જેમ વાટપાડુ, તેમ જાગતાના ચોર છે.

"मोसों कहि आली ब्रजलाडिलेके लोल दृग ठग हैं,
कजा कहैं, डकैत हैं, कि चोर हैं." कृष्णदत्त.

અર્થ–નાયિકા પૂછે છે કે, હે સખી! વ્રજલાડિલાનાં ચંચળ નેત્ર તે ઠગ છે, કે ક્રૂર છે, કે ધાડપાડુ છે કે ચોર છે? તે મને કહે.

એમાં નાયિકાની ઉદ્વેગ નામની દશા વર્ણવી છે.

अनुभाववर्णन.

नावकसरसे लायकै, तिलक तरुणि इत ताकि ।
पावकझरसी झमककै, गई झरोखे झाँकि ॥ १४८ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, નાવક (એક પ્રકારનું નાનું તીર) સરખું તિલક લગાવી, તરુણી આણી તરફ જોઇને અગ્નિની જ્વાળા સરખી ઝબકારો કરી–ચમકારો કરી ઝરોખામાં ઝાંખી ચાલી ગઈ.

અર્થાલંકાર ઉપમા અને શબ્દાલંકાર છેકાનુપ્રાસ છે.

તિલકરૂપી નાવક તીર લગાવી-મારી ચાલી ગઈ, એમ કથન કરવામાં આવ્યું છે, તે ઉપરથી ભૃકુટીના ધનુષના ઉપમાત્વની વ્યંજના થાય છે. તે ભૃકુટીરૂપી ધનુષની મધ્યમાં તિલકનું બાણુત્વ-બાણુપણું એ આશય છે.

लक्षिता नायिका.

कबकी ध्यान लगी लखौं, यह घर लगि है काहि ।
डरियत भृंगी कीटलौं, जिन वहई व्है जाहि ॥ १४९ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, ક્યારની હું એને નાયકના ધ્યાનમાં લાગી રહેલી-ધ્યાનમાં મગ્ન એવી દેખું છું. આ એનું ઘર કોણ સંભાળશે? હું જે ડરું છું તે એટલા કારણ માટે કે ભૃંગી કીટની અવસ્થા જેમ ધ્યાન કરતાં કરતાં, ધ્યાતા અને ધ્યેય બન્ને એકસ્વરૂપે થઈ જાય છે, એ વચન પ્રમાણે જેનું ધ્યાન એ કરી રહી છે, તે જ ન થઈ જાય.

એમાં સ્મૃત્યલંકાર છે.

स्मृतिदशा.

परसत पोंछत लखि रहत, लगि कपोलके ध्यान ।
कर लेप्यौं पाटल त्रिमल, प्यारी पठये पान ॥ १५० ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, પ્રિયાએ મોકલેલાં પાન જોઈ, તેના કપોલના સાદૃશ્યના યોગે સ્મરણ થવાથી, તે પાન પ્રીતમ પોતાના ગુલાબ જેવા નિર્મલ હાથમાં લઈ તેને સ્પર્શ કરે છે, લુછે છે અને જોઈ રહે છે.

એમાં પણ સ્મૃતિદશા જાણવી. અલંકાર સ્મૃતિ છે.

શબ્દાર્થઃ-परसत-સ્પર્શ કરે છે, पोंछत-લુછે છે, लखिरहत-જોઈ રહે છે. पाटल-સફેદ ગુલાબ-રાતા અને ધોળા રંગવાળું. ૨ ગુલાબી-Of a pink or pale red colour.

वंशीवादन द्युतिवर्णन.

अधर धरत हरिके परत, ओठ दीठ पट ज्योति ।
हरित बाँसकी बाँसुरी, इन्द्रधनुष रंग होति ॥ १५१ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, જ્યારે હરિ એટલે શ્રીકૃષ્ણ

જ્યારે વાંસળી અધરપર ધારણ કરે છે, ત્યારે તેમના હોઠની (લાલ) દૃષ્ટિની (કાળી) અને વસ્ત્રની (પીળી) જ્યોતિ પડે છે, તેથી લીલા રંગની તેમની વાંસની વાંસળી, ઇંદ્રધનુષના રંગની થાય છે.

એ વાંસળી તો લીલી પણ તેમાં હોઠ, આંખ અને વસ્ત્રના લાલ, કાળા ને પીળા રંગના મળવાથી તે ઇંદ્રધનુષ સરખી થાય છે.

એમાં પોતાનો ગુણ તજી વાંસળીએ ઇંદ્રધનુષનો રંગ ગ્રહણ કર્યો, તેથી તદ્‌ગુણાલંકાર જાણવો.

દોહરાનું ચોથું ચરણ "इंद्रधनुषवर्णाहोति" એમ પણ છે. તેનો અર્થ ઇંદ્રધનુષ સરખી થાય છે એવો છે, તેથી વંશી વાદ્ય એ ઉપમેય અને ઇંદ્રધનુષ એ ઉપમાન ગણાય. પણ ઇંદ્રધનુષમાં વાંકાપણું અને વંશીમાં તેનો અભાવ હોવાથી વૈધર્મ્યોપમા થઈ પડે; તેનું સમાધાન એવી રીતે કે, શૂન્ય સંકેતસ્થલથી નાયકને વાંસળી વજાડતો આવતો જોઈ અને પોતે ત્યાં ન ગઈ તેથી વિરહવ્યાકુલ ચિત્તવાળી અનુશયાના નાયિકાની એ સખી પ્રત્યે ઉક્તિ છે. જેમ ઇંદ્રધનુષ ઉત્પાતસૂચક તેવું જ વંશીવાદ્ય દર્શન, એમ નાયકને જોઈ મનમાં સંતાપવતી નાયિકા કહે છે—એવો પ્રસંગ તે વૈધર્મ્યોપમાથી વર્ણવાય, તે યોગ્ય જ ગણાય.

कितीं न गोकुल कुलवधू, काहि न केहि सिखदीन ।
कौने तजी न कुलगली, व्है मुरलीसुर लीन ॥ १५२ ॥

અર્થ—નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હે સખી! ગોકુલમાં કુલવધૂ કેટલી નથી? કોણે કોને શિખામણ ન આપી? તેમ જ મુરલીના સુરમાં લીન થઈને કુળનો માર્ગ કોણે ન છોડ્યો?

એ નાયિકાની ઉક્તિ હોવાથી તેણીનું સાનુરાગત્વ જ વ્યંજિત થાય છે. જો એ નાયિકા પ્રત્યે સખીની ઉક્તિ છે, એમ કહેવામાં આવે, તો તેણી મુરલીના સ્વરના માધુર્યનો ઉત્કર્ષ કથન કરી નાયિકાને સંકેત સ્થળમાં સ્થિત એવા નાયક પાસે જવા પ્રેરણા કરે છે એમ જાણવું. અથવા સંકેતસ્થળ શૂન્ય જોઈ, નાયક મુરલી વગાડતો આવ્યો ને પોતે ન ગઈ, તેથી અતિ વિરહ વ્યાકુલ, એ અનુશયાના નાયિકાની ઉક્તિ હોય એમ પણ

સંભવે છે. એમાં શિખામણરૂપ હેતુ છતે, કુલમાર્ગ સચવાવારૂપ કાર્ય ન થયું, તેથી વિશેષોક્તિ અલંકાર જાણવો.

श्रुतानुराग.

लई सौँहसी सुननकी, तजि मुरलीधुनि आन ।
किये रहत नित रातदिन, कानन लागे कान ॥ १९३ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, વંશીના ધ્વનિ શિવાય બીજું સાંભળવાના જાણે સોગન લીધા હોય, તેમ રોજ રાત દિવસ તે બાળા વન-ભણી પોતાના કાન લગાડેલા રાખી રહે છે.

"જાણે બીજું સાંભળવાના સોગન લીધા હોય" એ વાક્યમાં જાણે એ ઉત્પ્રેક્ષાવ્યંજક શબ્દ હોવાથી ઉત્પ્રેક્ષાલંકાર જાણવો.

નાયિકાએ જ્યારથી મુરલી સાંભળી છે ત્યારથી બીજું કાંઈ સાંભળતી નથી તે, સખી સખી પ્રત્યે કહે છે.

उर लीने अति चटपटी, सुनि मुरलीधुनि धाय ।
हौं हुलसी निकसीसुतो, गो *हुलसी हियलाय ॥ १९४ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, મુરલીની ધ્વનિ સાંભળી મારા ચિત્તમાં અતિ ચટપટી લાગી રહી, તેથી જેવી હું ઉલ્હાસ પામી ઘરમાંથી નીકળી કે, તે તો મારા હ્રુદયમાં શૂલ સરખી લગાવીને ચાલ્યો ગયો.

ઉપલા દોહરામાં "हुलसी" એ શબ્દ બે વાર આવ્યો છતે તેના અર્થ ભિન્ન હોવાથી યમકાનુપ્રાસ અલંકાર છે.

नेत्रोंनुं युद्धकौशल्य.

फूले फदकत फरी, पल कटाक्ष करवार ।
करत बचावत बिय नयन, पाइक घाय हजार ॥ १९५ ॥

અર્થ–દંપતીનાં નેત્રોને, બીજાની નજર ચૂકવી પોતપોતામાં ચોટ કરતાં દેખી, સખી સખી પ્રત્યે કહે છે કે, નેત્ર છે તે પલકની ઢાલ અને કટાક્ષની તલવાર કરી પ્રસન્ન થઈ કૂદે છે. તેમ જ બન્નેનાં નેત્રપદાતિ હજારો ઘાવ બચાવે છે.

---

* हुल=શૂલ. "श" નો ઘણું ખરું "ह" ભાષામાં થાય છે. हुलसी=ઉલ્હાસ પામીને. गो=ગયો.

નયન અને પાયદલને અભેદ હોવાથી રૂપકાલંકાર છે.

શબ્દાર્થ:-फदकत=કૂદે છે-ફલાંગ મારે છે. पल=પલક. करवार-करवाल=તરવાર. फरी=ઢાલ. बिय=બન્ને. पाइक=(સં) પદાતિક=પાયદળ.

परकीयाहेतुलक्षिता.

कहत नटत रीझत खिजत, मिलत खिलत लजियात ।
भरे भौंनमें करत हैं, नैननिमें सब बात ।। १९६ ।।

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, કહે છે, ઈનકાર કરે છે, રીઝે છે, ખીજે છે, મળે છે, ફૂલે છે, લજવાય છે, એમ જનસમુદાયથી ભરેલાં ઘરમાં સઘળી વાતો આંખોમાં જ કરે છે.

તાત્પર્ય એ કે, નાયક સંકેત સ્થળ પ્રત્યે જવાને કહે છે, નાયિકા ના પાડે છે, ના કહેવાનો ભાવ સમજી નાયક રીઝે છે, તેનું રીઝવું જોઈ નાયિકા ખીજાય છે, પછી મલતાં નાયક પ્રસન્ન થાય છે, ફરી નાયિકા લજાય છે.

માણસોની હાજરી છે ને ચાતુર્યવડે એટલા ભાવ કરે છે. એમાં જન-સમુદાયની હાજરીરૂપ પ્રતિબંધ છતાં બહુભાવકરણરૂપ કાર્યોત્પત્તિ થયાથી ત્રીજી વિભાવના જાણવી.

लक्षिता नायिका.

दीठ बरत बांधी अटनि, चढि धावत न डरात ।
इत उततें चितदुहुँनिके, नटलों आवत जात ।। १९७ ।।

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયક નાયિકાએ પોતપોતાની અટારીપરથી દૃષ્ટિરૂપી જે દોરડી બાંધી છે, તેપર આમ તેમ બન્નેનાં મન, નટની પેઠે ચઢીને દોડતાં ડરતાં નથી અને આવજા કરતાં રહે છે.

એમાં દૃષ્ટિરૂપી દોરી એમ કહેવાથી રૂપકાલંકાર; તેમ જ નટ એ ઉપમાન, મન એ ઉપમેય, આવજા કરવી એ ધર્મ અને પેઠે એ વાચક, એમ ઉપમાનાં ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર. એમાં હેતુલક્ષિતા નાયિકા છે.

लक्षिता नायिका.

जुरे दुहुँनके दृग झमकि, रुके न झीने चीर ।
हलकी फौज हरोल ज्यों, परति गोलपर भीर ।। १९८ ।।

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયક નાયિકાનાં નેત્ર ઝડપથી મળ્યાં, ઝીણા ઘુંઘટપટને લીધે રોકાયાં નહિ. તેપર દૃષ્ટાંત આપે છે કે, અગ્રભાગ સેનાનો હલકો હોય, તો જેમ તેના મધ્ય અથવા પુષ્ટ ભાગપર ભીડ આવી પડે છે તેમ.

એમાં બિંબ પ્રતિબિંબ ભાવ હોવાથી દૃષ્ટાંતાલંકાર છે.

તાત્પર્ય એ કે, નાયિકાનાં નેત્ર તે પાદશાહી ફોજ, ઘુંઘટપટ તે અગ્રભાગની હલકી-લઘુ ફોજ અને નાયકનાં નેત્ર દક્ષિણી કટક-દક્ષિણમાં હરોલ એટલે અગ્રભાગની હલકી ફોજની રીતિ નથી.

એમાં પણ હેતુલક્ષિતા નાયિકા જાણવી.

નાયકના નેત્રરૂપી કટકના અગ્રભાગ-હરોલમાં ઘુંઘટપટરૂપી હલકી ફોજ-લઘુસૈન્ય નથી.

लक्षिता नायिका.

दूरौ खरे समीपको, मान लेत मनमोद ।
होत दुहुँनके दृगनहीं, बतरस हँसी विनोद ॥ १५९ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયક નાયિકા યદ્યપિ દૂર ઉભાં છે, તોપણ જાણે સમીપમાં જ ઉભેલાંનો મનમાં આનંદ માની લે છે. ઉભયનાં નેત્રદ્વારા જ વાતોનો રસ હસાહસ અને વિનોદ થાય છે.

"**हँसी**" એટલે મજાક ઠઠ્ઠા એમ પણ અર્થ થાય છે.

એમાં દૂર રહેવારૂપ પ્રતિબંધક છતે સમીપતામાં રહેલાં સુખલાભરૂપ કાર્યની ઉત્પત્તિ વર્ણવી, તેથી તૃતીય વિભાવનાલંકાર જાણવો.

એમાં હેતુલક્ષિતા નાયિકા છે.

लक्षिता नायिका.

उनि हरकी हँसिकै उतै, इन सौंपी मुसिक्याय ।
नैन मिले मन मिल गयो, दोऊ मिलवत गाय ॥ १६० ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયકે હસીને પોતાની ગાય તેણી તરફ-નાયિકાની તરફ હાંકી, ત્યારે નાયિકાએ હસીને પોતાની ગાય

નાયકને સોંપી–એમ ગાય મેળવતાં નેત્રોનું પરસ્પર મિલન થતાંજ મન મળી ગયું.

એમાં પણ હેતુલક્ષિતા નાયિકા છે.

અલંકાર સ્વભાવોક્તિ છે; અથવા ગાયનું મળવું અને મનનું મળવું એક સાથ જ થવાથી સહોક્તિ અલંકાર છે, એમ પણ કહી શકાય.

लक्षिता नायिका.

जदपि चवायनी चीकनी, चलति चहूँ दिसि सैंन ।
तदपि न छाँडत दुहुँनके, हँसी रसीले नैन ॥ १६१ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, યદ્યપિ નિંદાયુક્ત અને ચીકણા એવા ચારે દિશાએ આંખોના ઈશારા ચાલી રહ્યા છે, તદપિ રસીલાં એવાં બન્ને (નાયક નાયિકા) નાં નેત્રો હસવું છાંડતાં નથી.

એમાં ચુગલખોરોના નિંદા ભરેલા આંખના ઈશારારૂપ પ્રતિબંધ છતાં નાયક નાયિકાના હસિત ભાવરૂપ કાર્યની ઉત્પત્તિ કથન કરવામાં આવી, તેથી ત્રીજી વિભાવના જાણવી.

એમાં પણ નાયક નાયિકાનાં નેત્રોના હસવારૂપ હેતુ ઉપરથી ઉભયની પ્રીતિ સખીઓએ જાણી લીધી, તેથી લક્ષિતા નાયિકા જાણવી.

શબ્દાર્થ–लक्षिता=The detected. Though she conceals them carefully, her amours are detected by her confidential friend. G. A. Grierson.

ब्रह्माने नेत्ररचना केम करवी पडी ?

झूँठे जानि न संग्रहे, मन मुख निकसे बैन ।
याहीतें मानहु किये, बातनकोँ बिधि नैन ॥ १६२ ॥

અર્થ–નાયક નાયિકાને પરસ્પર આંખોના ઈશારા કરતાં જોઈ સખી સખી પ્રત્યે કહે છે કે, મુખમાંથી નીકળેલાં વચનો તે જૂઠાં એટલે ઉચ્છિષ્ટ જાણી ઉભયનાં મન સંગ્રહે એટલે નહિ સ્વીકાર કરે, એ જ કારણથી વાતો કરવા માટે જાણે બ્રહ્માએ નેત્રો કીધાં છે.

એમાં વાણીકૃત સંલાપ તે સમીચીન નહિ, પણ લોચનદ્વારા થયલાં જે સંકેત અને સૂચનાદિક તે સત્ય, એ નિષ્કર્ષ છે.

એમાં નેત્રરચનાનો જે અહેતુ, તેમાં હેતુનું સંભાવન હોવાથી હેતૂત્પ્રેક્ષાલંકાર જાણવો–મુખમાંથી નીકળેલાં વચનો જૂઠાં જાણી નહિ સંગ્રહે, એ હેતુથી કાંઈ નેત્રરચના કરવામાં આવી નથી તેથી અહેતુ, તેને જ હેતુ છે, એમ તર્ક કરવામાં આવ્યો છે, એટલે ઉપલો જ અલંકાર સિદ્ધ થાય છે.

क्रियाविदग्धा.

चितवत जितवत हित हिये, किये तिरीछे नैन ।
भीजे तन दोऊ कँपे, क्यौंहू जप निवरै न ॥ १६३ ॥

અર્થ–દંપતી નદીપર સ્નાન કરી, ત્યાં જ ભીનાં વસ્ત્રસહિત જપ કરવા ઉભેલાં જોઈ, સખી સખી પ્રત્યે કહે છે કે, નાયક નાયિકા તિરછાં નેત્ર કરી એક બીજાને જોય છે, અને હૈયાનું હેત જણાવે છે. ત્યાં ભીને શરીરે બન્ને કાંપે છે, તો પણ કેમે કર્યો ઉભયના જપનો આરો–છેડો આવતો નથી.

એમાં કાંપવારૂપ હેતુ છતે જપનો છેડો આવવારૂપ કાર્યની ઉત્પત્તિ ન થઈ, તેથી વિશેષોક્તિ અલંકાર છે.

એમાં નાયક અને નાયિકા બન્નેનું ક્રિયા વૈદગ્ધ્ય એટલે ક્રિયા ચાતુર્ય કથન કરવામાં આવ્યું છે.

એમાં નાયક નાયિકાએ મુખદર્શનના આનંદનો લાભ ઝાઝીવાર મળવા માટે જપનો છેડો ન આણવારૂપ એક બીજાપર ઉપકાર કર્યો, તેથી અન્યોન્યાલંકાર છે એમ પણ કહી શકાય.

स्वयंदूतिका.

घाम घरीक निवारिये, कलित ललित अलिपुंज ।
यमुनातीर तमालतरु, मिलति मालती कुंज ॥ ॥ १६४ ॥

અર્થ–નાયિકાની નાયકપ્રત્યે ઉક્તિ–હે પથિક! યમુનાના તીરપર સુંદર ભ્રમર સમુદાયયુક્ત એવી માલતીની–ચમેલીની કુંજ તમાલવૃક્ષને મળે છે, તે સ્થળમાં ઘડીક આપ બિરાજી ઘામ નિવારણ કરો.

તાત્પર્ય એ કે ત્યાં એકાંત સ્થળ છે.

એમાં ચોથા ચરણમાં જે "માલતી" શબ્દ છે, તે માલતી પુષ્પવાચક છે; "तमालतरु मिलंति मालति कुंज" એ ઉપરથી સપુષ્પ માલતી લતાયુક્ત નિકુંજ એમ પણ અર્થ થઈ શકે છે. એમાં "યમુના તીર" એ શબ્દ ઉપરથી તે સ્થળનું શીતલત્વ ધ્વનિત થાય છે. "તમાલ તરુ" હોવાથી છાયાનું ઘનત્વ કથિત કરવામાં આવ્યું છે.

એમાં સ્વયંદૂતિકા નાયિકા છે. પોતે જ પોતાનું દૂતત્વ કરી નાયક-પ્રત્યે પોતાના મનના અભિપ્રાયને પ્રગટ કરનારી એવી જે નાયિકા, તેને સ્વયંદૂતી કહે છે.

परिहास.

छ्वै छिगुनी पहुँचौ गिलत, अति दीनता दिखाय ।
बलि वामनको ब्यौंतसुनि, को बलि तुम्है पत्याय ॥ १६५ ॥

અર્થ–નાયક પ્રત્યે નાયિકાની પરિહાસોક્તિ છે. નાયિકા નાયકને કહે છે કે, તમે અતિ દીનતા દર્શાવી, ટચલી આંગળીને અડકી પહોંચો પકડી લો છો. (આંગળી આપતાં પહોંચો પકડે એ કહેવત છે). અર્થાત્ થોડું દેખાડી ઝાઝું કેમ કઢાવી લેવું તેમાં તમે કુશળ છો, તે દૃષ્ટાંતવડે દેખાડે છે. બલિરાજા અને વામનજીના અવતારમાં જે બનાવ બન્યો, તે સાંભળી ભલા એવો કોણ હોય કે તે તમારો વિશ્વાસ કરે?

"આંગળી આપતાં પહોંચો પકડો છો." એ પ્રકારે લોક બોલે છે તેનું અનુકરણ કરવામાં આવ્યું તેથી લોકોક્તિ અલંકાર જાણવો.

નાયકે નાયિકાને ચાલો, કુંજ જુવો, ફૂલ તોડો, એવી નાનકડીસી વાત કહી, પણ તેના અંતરમાં અભિલાષ મોટો છે, તે સમજી જઈ નાયિકાએ પરિહાસ કર્યો છે.

नायिका रूपप्रशंसा.

ल्याइ लाल बिलोकियै, जियकी जीवनमूलि ।
रही भौनके कोनमें, सोनजुहीसी फूलि ॥ १६६ ॥

અર્થ–દૂતી નાયક પ્રત્યે કહે છે કે, હે મોહન! આપના જીવની

જીવનમૂલીને હું લાવી છું. સ્વર્ણયૂથિકા સરખી ફૂલેલી ઘરના ખૂણામાં રહી છે તે જુઓ.

એમાં સ્વર્ણયૂથિકા એ ઉપમાન, નાયિકા એ ઉપમેય, ફૂલવું એ ધર્મ અને સરખી એ વાચક, તેથી પૂર્ણોપમાલંકાર.

प्रतिज्ञापालकदूती.

रही पैज कीनी जु मैं, दीन्ही तुम्हैं मिलाय ।
राखो चंपक मालसी, लाल हिये लपटाय ॥ १६७ ॥

અર્થ–દૂતી નાયક પ્રત્યે કહે છે કે, મેં તમારી સાથે જે પ્રતિજ્ઞા કરી, તે કાયમ રહી એટલે તે પ્રતિજ્ઞાનો ભંગ થયો નહિ. મેં તમને મેળવી આપી. હવે હે લાલ! તમારી છાતીપર ચંપકમાલા સરખી લપટાવી રાખો.

એમાં ચંપકમાલા એ ઉપમાન, લપટાવી રાખવું એ ધર્મ અને સરખી એ વાચક, પણ ઉપમેય જે નાયિકા, તેનો વાચક એકે ન હોવાથી ઉપમેય લુપ્તોપમાલંકાર જાણવો.

प्रथमदर्शन.

दोऊ चाहभरे कछू, चाहत कह्यो कहै न ।
नहि जाचक सुनि सूमलों, बाहर निकसत बैन ॥ १६८ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાયક નાયિકા બન્ને ચાહના ભરેલાં છે, કાંઇક કહેવાને ચાહે છે, પણ લાજને મારે કહેવાતું નથી. યાચક આવ્યો સાંભળી સૂમની પેઠે વચનો બહાર નીકળતાં નથી.

એમાં સૂમ એ ઉપમાન, વચન એ ઉપમેય, બહાર નીકળવું એ ધર્મ અને પેઠે એ વાચક, એમ ચારે ઉપમાનાં અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર છે.

એમાં નાયક નાયિકાએ પહેલી જ વખત એક બીજાંને જોયાં, તેથી લાજને મારે જેમ યાચક દ્વારપર આવ્યો સાંભળી સૂમ ઘરની બહાર ન નીકળે, તેમ બન્નેનાં મુખમાંથી વચનો બહાર નીકળતાં નથી, એમ સખી સખી પ્રત્યે કહે છે.

वेणिबंधन.

कच समेट कर भुज उलटि, खये सीस पटटारि ।
काको मन बाँधे न यह, जूरौ बांधनिहारि ॥ १६९ ॥

અર્થ–નાયક સખીપ્રત્યે કહે છે કે, વાળ ભેળા કરી, હાથથી ઉલટાવી, વસ્ત્ર ખસેડી તેને મસ્તકે બાંધ્યા. આ અંબોડો બાંધનારી કોના મનને ન બાંધે? અર્થાત્ સહુનાં મનને બાંધે.

એ ઉપરથી મારું મન પણ તેમાં જ બંધાયું છે, એ નાયકની ઉક્તિ છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

केशवर्णन.

सहज सचिक्कन श्यामरुचि, सुचि सुगंध सुकुमार ।
गनत न मन पथ अपथ लखि, बिथरे सुथरे बार ॥ १७० ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, સહજ સ્નિગ્ધ, શ્યામ ચમકયુક્ત, નિર્મળ, સુગંધયુક્ત અને નરમ એવા સમા–સાફ વાળો વિખરાયલા જોઈ મન માર્ગ કમાર્ગનો વિચાર કરતું નથી.

અર્થાત્ સમા વાળને વિખરાયલા જોઇને મન ત્યાં જઈ ચઢે છે. તે પથ અપથને જોતું નથી. નાયક કહે છે કે, અપથ પણ એટલે ખોટો માર્ગ પણ મારું મન જોતું નથી. બીજા ખોટે માર્ગે ગયા હોય તો ત્યાં પાછા જતા નથી, પણ આ મન તો તેપર મોહિત થયલું વારંવાર ત્યાં જ જાય છે. એમાં સ્વભાવોક્તિ છે.

परखी काढ्यो.

वेई कर ब्यौर निवहै, ब्यौरो कोन बिचार? ।
जिनही उरझो मोहियो, तिनही सुरझे बार ॥ १७१ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, આગળ જેણે અમારા અગાઉ વાળ હોળ્યા હતા, તે જ આ હાથ છે, તેમ હોળવું પણ તે જ છે; ભેદ કયા વિચારથી છે? એટલે આગળ હોળ્યા હતા તેમાં ને આમાં કશો ભેદ નથી. જેનાથી મારું હૃદય ગુંચવાયું છે, તેનાથી જ મારા બાળ સમા થાય છે–છૂટા થાય છે.

પ્રસંગ એવો છે કે, સખી નાયિકાના વાળ હોળે છે, તેવામાં નાયકે પછવાડેથી આવી તેને ઉઠાડી પોતે હોળે છે, ત્યારે નાયકના હાથનો સ્પર્શ ઓળખી નાયિકા કહે છે.

केशप्रशंसा.

छुटे छुटावैं जगतसे, सटकारे सुकुमार ।
मन बाँधत वेणी बँधै, नील छबीले बार ॥ १७२ ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, પ્રિયાના વાળ છૂટા એટલે તે જગતથી છોડવે છે એવા, એ લાંબા કાળા અને નરમ છે; તેમ વેણી બાંધવાથી મનને બાંધે છે એવા શ્યામ શોભાયુક્ત વાળ છે.

જે છૂટે છે તે બીજાને જગતથી છોડાવે છે, એટલે જે સંસારનાં બંધનથી મુક્ત થાય છે તે બીજાને પણ સંસારથી છોડવે છે; પણ જે બંધાયા તે બીજાને બાંધે છે, એ વિરોધ જેવું તેથી વિરોધાભાસાલંકાર જાણવો.

નાયકનું મન નાયિકાના વાળપર આસક્ત થયું છે. મનને બાંધે છે એને અર્થ એ જ કે, મનને પરવશ-પરાધીન કરે છે.

छूटा वाळनी शोभा.

कुटिल अलक छुटि परत मुख, बढिगो इतो उदोत ।
बँक बँकारी देत ज्यों, दाम रुपैया होत ॥ १७३ ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, કુટિલ (વક્ર) એવી અલકલટ છૂટી પડતાં મુખની શોભા એટલી વધી પડી કે, જેમ વાંકી લીટી એટલે વલાયો કરતામાં દામનો રૂપિયો થઈ જાય છે.

એમાં દૃષ્ટાંતાલંકાર છે.

"**उदोत**" એટલે ઉદ્યોત, પ્રકાશ, ચમક. "**बंक**" એટલે વક્ર અથવા વાંકું. "**बँकारी**" એટલે વલાયો. "**दाम**" એટલે પૈસાનો પચીસમો ભાગ, મૂલ્ય અથવા કીંમત.

એમાં નાયિકાના મુખપર ચોટલાની એક લટ છૂટી પડેલી, તેથી તેની મુખશોભામાં વૃદ્ધિ કેવી થઈ તે, નાયક વલાયાના દૃષ્ટાંતથી સખીને કહી દેખાડે છે.

कुलटा नायिका.

खोरि पनच भृकुटी धनुष, बधिक समर तजि कान ।
हनत तरुन मृग तिलक सर, सुरख भाल भरितान ॥ १७४ ॥

અર્થ-કવિ કહે છે કે, પારધી કામદેવ મર્યાદા મૂકી તિર્યક્ તિલકરૂપી પ્રત્યંચા અને ભૃકુટીરૂપ ધનુષ ધારણ કરી સરળ તિલકરૂપ બાણમાં રક્ત ફળ લગાવી તાણીને તરુણ પુરુષરૂપ મૃગને હણે છે.

એમાં રૂપાલંકાર છે.

"**खोरि**"=તિર્યક તિલક. "**पनच**"=**सं-प्रत्यंचा.** "**बधिक**"=વધ કરનારો. "**समर**"=**सं-स्मर.** "**तिलकसर**" તિર્યક્ તિલકની મધ્યમાં સ્થિત એવું સરળ તિલકરૂપ બાણ. **सुरख**=લાલ. "**भाल**"=**सं-भल्ल:** એટલે ભાલું અથવા ફળ.

એમાં કુલટા નાયિકા છે. રસરાજમાં "**जो चाहत बहु नायकन, सरस सुरतपर प्रीति; तासों कुलटा कहत हैं, लख ग्रंथनकी रीति.**" એવું લક્ષણ આપેલું છે. અર્થ સુગમ છે.

ललाटभूषणवर्णन.

नीकौ लसत ललाटपर, टीको जटित जराय ।
छबिहि बढावत रविमनों, ससिमंडलमें आय ॥ १७५ ॥

અર્થ-નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, હે બાળે! જડાવ જડેલો એવો તારા કપાળપર ચાંદલો સારો શોભે છે. જાણે ચંદ્રમંડળમાં આવી સૂર્ય શોભામાં વૃદ્ધિ કરી રહ્યો છે.

"**टीको**" એનો હિંદીમાં "**बैंदा**" એ પર્યાય પ્રસિદ્ધ છે.

એમાં ઉક્તાસ્પદ વસ્તૂત્પ્રેક્ષાલંકાર છે.

એમાં નાયિકાનું મુખ તે ચંદ્રમંડળ અને ચાંદલો જડાવ તે સૂર્ય જાણવો.

कर्णाभरणवर्णन.

झीने पटमें झुलमुली, झलकत ओप अपार ।
सुरतरुकी मनु सिंधुमें, लसति सपल्लव डार ॥ १७६ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, બાળાના ઝીણાં વસ્ત્રમાં ઝુબઝુબીની અપાર જ્યોતિ ચમકે છે, તે જાણે સાગરમાં કલ્પવૃક્ષની પત્રોસહિત ડાળી શોભે છે.

એમાં વસ્તૂત્પ્રેક્ષાલંકાર છે.

ઉપરના દોહરામાં "**झुलमुली**" એ શબ્દ જોવામાં આવે છે, તેનો

અર્થ "ઝુબઝુબી" એ ગુજરાતીમાં આપ્યો છે. ઝુલમુલી એ કાનના ઉપલા ભાગમાં પહેરવામાં આવતું વ્રજવાસણીઓનું એક ભૂષણ છે, અને તેનો આકાર વડના પાન સરખો હોય છે, તેથી તે એક પ્રકારની પાનડી, એમ ગુજરાતીમાં કહી શકાય.

પુષ્ટિમાર્ગના અષ્ટસખામાંના ગોવિંદ સ્વામી એક પદમાં "श्रवनन झकमल झूलही, सिर सटकारे केस" એમ લખે છે. તેમ જ સૂરદાસજી પોતાનાં એક પદમાં, "फूलन मांग झुबझुबी फूलन, फूल झाल छबि छाजै" એમ લખે છે, તે ઉપરથી ૧ ઝલમલ, ૨ ઝુલમુલી અને ૩ ઝુબઝુબી એ ત્રણ એકાર્થ-વાચક શબ્દો જણાય છે.

ललाटभूषणवर्णन.

तियमुख लगि हीराजरी, बेंदी बढै बिनोद ।
सुतसनेह मानों लिये, बिधुपूरन बुध मोद ॥ १७७ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાના મુખપર હીરાથી જડેલું બિન્દુ નામક લલાટ ભૂષણ જોઈ આનન્દમાં વૃદ્ધિ થાય છે. પૂર્ણ એવો જે ચંદ્ર, તેણે પુત્રસ્નેહથી જાણે બુધને ખોળામાં લીધો હોય એમ જણાય છે.

શાસ્ત્રદૃષ્ટ્યા બુધનો રંગ હરિત–લીલો છતે ઉપલા દોહરામાં શ્વેત જણાવેલો છે, તે શા આધારથી તે સમજાતું નથી. ગોરાનો છોકરો તે ગોરો એવી સમજથી લખવામાં આવ્યું હોય, એમ પણ કલ્પના થઈ શકે છે.

એમાં વસ્તૂત્પ્રેક્ષાલંકાર છે.

ललाटबिंदुवर्णन.

कहत सबै बेंदी दिये, आंक दसगुनो होत ।
तिय लिलार बेंदी दिये, अगनित बढत उदोत ॥ १७८ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, લોક સઘળા કહે છે કે, બિંદુ દેવાથી–લગાડવાથી અંક દશ ગણો થાય છે, પણ પ્રિયાના લલાટપર બિંદુ લગાડ્યાથી અગણિત કાંતિ વધે છે.

એમાં લલાટ બિંદુ એટલે નાયિકાના કપાળના ચાંદલાનું વર્ણન છે. લોકમાં એક બે આદિ જે અંક છે, તેપર બિંદુ એટલે શૂન્ય મૂકવાથી તે

અંક દશ ગણો થઈ પડે છે, પણ કુંકુમાદિના બિંદુયુક્ત નાયિકાનું મુખ તો અગણિત શોભા ધારણ કરે છે, એ નાયકનો કહેવાનો અભિપ્રાય છે.

એમાં અંકને લગાડવામાં આવતાં બિંદુ કરતાં બાળાના કપાળપર લગાડવામાં આવતાં બિંદુનું આધિક્ય પ્રતિપાદન કરવામાં આવ્યું, તેથી વ્યતિરેકાલંકાર જાણવો. કવિ પ્રિયામાં "तामें आने भेद कछु, होय जु वस्तु समान, सो व्यतिरेक * * * એ લક્ષણ છે. બિંદુ એટલે અનુસ્વાર અને લલાટ બિન્દુ બે સમાન છતાં ભેદ બતાવવામાં આવ્યો, તેથી વ્યતિરેકાલંકાર જાણવો.

मुखबिंदुशोभा.

पँचरँग रँग बेंदी वनी, उठी उमागि मुखज्योति ।
पहरे चीर चुनोटिया, चटक चौगुनी होति ॥ १७९ ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, પચરંગી રંગની બિન્દી જે નાયિકાના મસ્તકપર લાગેલી છે, તેથી તેણીનાં વદનની જ્યોતિ ઝગમગી ઉઠી છે, તેમજ ચણોઠિયા રંગનું ચીર પહેર્યું છે, તેથી ચટક ચોગણી થઈ રહી છે.

ચણોઠીમાં જેમ લાલ અને કાળો રંગ હોય છે તેમ વસ્ત્રમાં પણ હોવાથી તેને ચણોઠીયા રંગનું કથન કરવામાં આવ્યું છે. સુના રૂપાના તારના વસ્ત્રને પણ "चनौटिया" એમ હિન્દીમાં કહે છે.

मुखबिंदुशोभा.

भाल लाल वेंदी ललन, आखत रहे विराजि ।
इंदुकला कुजमें बसी, मनों राहुभय भाजि ॥ १८० ॥

અર્થ—સખી નાયક પ્રત્યે કહે છે કે, હે લાલ! કુંકુમની લાલ બિન્દી—ચાંદલો નાયિકાએ કપાળે કર્યો છે, તેમાં લગાડેલા ચોખા એવી શોભા આપી રહ્યા છે કે, જાણે રાહુના ભયથી ભાગીને ચંદ્રની કળા મંગળમાં આવી વસી છે.

એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

ललाटबिंदु तथा केशवर्णन.

भाल लाल बेंदी दिये, छुट बार छवि देत ।
गह्यो राहु अति आहकरि, मनुससिसूर समेत ॥ १८१ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, બાળાએ કપાળમાં કુંકુમનો લાલ ચાંદલો કર્યો છે, તેમજ તેણીના છૂટા વાળ એવી શોભા આપે છે, કે સૂરજ સહિત ચંદ્રમાને અતિ સાહસ કરી રાહુએ જાણે પકડ્યો છે.

એમાં ભાલ તે ચંદ્ર, લાલ ચાંદલો તે સૂર્ય, અને છૂટા વાળ તે રાહુ એવી અદ્ભુત ઉપમાવડે નાયિકાના લલાટભૂષણનું વર્ણન કરવામાં આવ્યું છે.

એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

"भामिनीको भाल किधौं भाग चारु चंदको." कविप्रिया.

અર્થ–ભામિનીનું કપાળ જાણે મનોહર ચંદ્રનો અર્ધ ભાગ એટલે અર્ધ ચંદ્રમા છે. એ ઉપરથી ભાલ તે ચંદ્ર એમ કહેવામાં આવ્યું છે.

जलयोगवर्णन.

मंगल बिंदु सुरंग, मुखससि केसर आड गुरु ।
इक नारी लहिसंग, रसमय किय लोचन जगत ॥ १८२ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાયકાને કપાળે જે લાલ કુંકુમનો ચાંદલો છે તેજ મંગળ, તેણીનું મુખ તેજ શશિ, અને તેણીએ જે કેસરની આડ કરી છે તેજ ગુરુ એટલે બૃહસ્પતિ, એ ત્રણે મળી એક સ્ત્રીરૂપ રાશિને પ્રાપ્ત થઈ સકલ જગતનાં લોચન રસમય કીધાં.

જ્યારે મંગળ, ચંદ્ર અને બૃહસ્પતિ એક રાશિમાં આવે છે ત્યારે જલયોગ થાય છે, એમ જ્યોતિઃશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

"रसो जलं रसो हर्षो रसः शृंगार उच्यते" એ ઉપરથી જલ, હર્ષ અને શૃંગાર એ ત્રણ અર્થો રસ શબ્દના થાય છે.

मानवती नायिका.

हाहा वदन उघार दृग, सफल करै सब कोय ।
रोज सरोजनके परै, हँसी ससीकी होय ॥ १८३ ॥

અર્થ–માનવતી નાયિકા પ્રત્યે ઉત્તમા દૂતી કહે છે કે, હા હા એટલે ખેદ પામી દીનતાથી હું વિજ્ઞપ્તિ કરું છું કે, તું સહુ કોઈ નેત્ર સફળ કરે તેટલા માટે, કમળને શોક પ્રાપ્ત થાય તે માટે, અને ચંદ્રની હાંસી થાય તે માટે માન તજી તારું મુખ ખુલ્લું કર.

તારાં મુખનાં દર્શનથી ચંદ્રની દ્યુતિ મંદ થશે, અને તેથી કમળની કાંતિ પણ ઝાંખી પડશે, એમ દૂતીના કથનનો અભિપ્રાય છે.

જ્યાં ઉપમાનનો ઉપમેયથી અનાદર વર્ણવવામાં આવે ત્યાં ત્રીજો પ્રતીપ. એ લક્ષણ પ્રમાણે મુખ એ ઉપમેયથી ચંદ્ર અને કમળનો અનાદર વર્ણવવામાં આવ્યો, તેથી તૃતીય પ્રતીપાલંકાર છે.

कज्जलबिंदुवर्णन.

लौंने मुख दीठि न लगै, यों कहि दीनो ईठि ।
दूनी ह्वै लागन लगी, दिये डिठौना दीठि ॥ १८४ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, બાળાના સલૂણાં મુખપર કોઇની નજર ન બેસે, એમ કહી તેપર પોતાની જે અભિવાંછિત વસ્તુ તે દીધી, પણ તે વસ્તુ જે કાજળનું ટપકું, તે દેતામાં તો નજર બમણી લાગવા લાગી.

બીજાની નજર ન લાગે એટલા માટે પ્રિયાનાં વદનપર કાજળનું ટપકું કરતાં તો, ઉલટી બમણી નજર લાગવા માંડી, એમ ઇષ્ટાર્થનો ઉદ્યમ કરતાં અનિષ્ટની પ્રાપ્તિ કથન કરવામાં આવી, તેથી વિષમાલંકાર જાણવો.

वदनशोभावर्णन.

सूर उदितहू मुदित मन, मुखमुखमाकी ओर ।
चिते रहत चहुँ ओरतैं, निहचल चखनि चकोर ॥ १८५ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, સૂરજ ઉદય પામ્યો છતે પણ, પ્રસન્ન મનથી નાયિકાની જે મુખની શોભા, તેની તરફ નિશ્ચળ એવાં ચકોરોનાં ચક્ષુ ચારે તરફથી દેખતાં જ રહે છે.

એ નાયક પ્રત્યે સખીની ઉક્તિ હોવાથી મુખશોભાનું વર્ણન કર્યું, એમ કહેવાય, પણ એ નાયિકાનાં વચન છે એમ કહેવામાં આવે તો રૂપગર્વિતા નાયિકા જાણવી.

એમાં ચંદ્રની ભ્રાંતિથી ચકોર, નાયિકાના મુખભણી જોયા કરે છે, તેથી ભ્રાંત્યલંકાર જાણવો.

हवे चंद्रमुखी खरी.

पिय तियसों हँसिके कह्यो, लख्यो डिठौना दीन ।
चंदमुखी मुखचंदतें, भलो चंदसम कीन ॥ १८६ ॥

અર્થ—નાયક નાયિકા પ્રત્યે કહે છે. નાયકે નાયિકાને હસીને કહ્યું કે, તેં જે કાજળનું ટપકું મુખપર કીધું તે જોયું. હે ચંદ્રવદની! તમે પોતાનો મુખચંદ્ર ભલો ચંદ્રમા સમાન બનાવ્યો; અર્થાત્ પ્રથમ તો એ તમારો વદનચંદ્ર નિર્મલ ચંદ્ર સમાન હતો અને હાલમાં એ કજ્જલ બિંદુયુક્ત હોવાથી કલંકી ચંદ્ર જેવો જણાય છે.

એમાં નાયિકાનું મુખ જે ઉપમેય, તેમાં ઉપમાન જે શશિ, તે કરતાં વિશેષપણું વર્ણવેલું હોવાથી વ્યતિરેકાલંકાર જાણવો.

नीलवस्त्राच्छादित मुखशोभा.

छिप्यो छबीलो मुख लसै, नीले अंचल चीर ।
मनो कलानिधि झलमले, कालिन्दीके नीर ॥ १८७ ॥

અર્થ—સખી નાયક પ્રત્યે કહે છે કે, છૂપેલું એવું નાયિકાનું સુંદર મુખ શ્યામ વસ્ત્રના અંચલ (છેડા) માં એવું શોભે છે કે, જાણે જમના નદીના કાળાં પાણીમાં ચંદ્રમા ચળકારા કરે છે.

એમાં વસ્તૂત્પ્રેક્ષાલંકાર છે.

ઉપલા દોહરાના બીજા ચરણમાં "अंचल" શબ્દ છે, તેનો "अंचलं त्वस्त्रपांते स्यात्" એટલે વસ્ત્રના છેડાવાચક એવો "અંચલ" એ શબ્દ છે, એમ અમરકોશમાં લખ્યું છે. ભર્તૃહરિના શૃંગારશતકમાં, "ताडयते चटुल लोचनांचलैः" એવું એક શ્લોકનું ચોથું ચરણ છે. એમાં "लोचनांचल" એ શબ્દ વાપર્યો છે, તેથી બિહારીદાસે "અંચલચીર" એટલે ચીરનો અંચલ (છેડો) એમ કહ્યું હોય એમ જણાય છે.

चरणभूषणवर्णन.

किय घायल चित चाय लगि, बजि पायल तुव पाइ ।
पुनि सुनिसुनि मुख मधुर धुनि, क्यों न लाल ललचाइ ॥१८८॥

અર્થ—સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તારા પગમાં જે પાયલ નામનું પદભૂષણ પહેરેલું છે, તેણે વાજીને ચાહથી લાગી નાયકના ચિત્તને ઘાયલ કીધું, તો પછી તારા મુખનો મધુરધ્વનિ સાંભળી સાંભળીને શ્રીકૃષ્ણ કેમ ન લલચાય?

એ દોહરાના પહેલા ચરણમાં "चाव" એટલે ચાહનો અર્થ દર્શાવનાર શબ્દ છે, તેનો અર્થ એમાં તાણીતોડીને કરવો પડે છે. એમાં પ્રસાદ નથી.

બીજા ચરણમાં "पायल" શબ્દ છે, તે એક પ્રકારનું પદભૂષણ છે. તેનો અવાજ ઘણુંએક ગાયનોમાં પ્રશંસાને યોગ્ય વર્ણવેલો સાંભળવામાં આવે છે. ગુજરાતની સ્ત્રીઓમાં એ પદભૂષણ પહેરવાનો ચાલ નથી, પણ વ્રજદેશની સ્ત્રીઓ તે પહેરે છે.

એમાં કાવ્યાર્થાપત્તિ અલંકાર છે. અમુક થાય છે તો અમુક થાય તેમાં શી નવાઈ, એવી રીતનું વર્ણન હોય ત્યાં, કાવ્યાર્થાપત્તિ અલંકાર જાણવો.

वाङ्माधुर्यवर्णन.

छनक छबीले लाल वह, जौ लगि नहिँ बतराय।
ऊख मयूख पियूखकी, तौ लगि भूख न जाय॥ १८९॥

અર્થ–નાયિકાની વાણીનું માધુર્ય વખાણતાં દૂતી નાયક પ્રત્યે કહે છે કે, હે છબીલા લાલ! જ્યાં સૂધી ક્ષણેક તે બાળા તમારી સાથે વાત કરતી નથી, ત્યાં સૂધી શેરડી, મધ અને અમૃતની ભૂખ તમારી નહિ સરખી થતી નથી.

એમાં વૃત્ત્યનુપ્રાસ એ શબ્દાલંકાર, અને શેરડી, મધ અને અમૃત એ જે ઉપમાન તે કરતાં નાયિકાના વચનમાં માધુર્યનું વિશેષપણું વર્ણવવામાં આવ્યું, તેથી વ્યતિરેકાલંકાર જાણવો.

શબ્દાર્થ–ऊख=(સં.) इक्षु, શેરડી. मयूख=મધ. पियूख=पीयूष, અમૃત.

કવિપ્રથામાં મધુર વસ્તુઓની ગણનામાં "केसव इख मयूखगन" એવા શબ્દો છે, તેમાં પણ मयूख એ શબ્દ મધના અર્થમાં વાપરવામાં આવ્યો છે.

गौर मुखपर जरीकोरनी शोभा.

जरीकोर गोरे बदन, बढी खरी छबी देख।
लसत मनो बिजुरी किये, सारद ससि परिवेख॥ १९०॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, નાયિકાનાં ગોરાં મુખપર જરીની કોર ખૂબ વૃદ્ધિ પામેલી શોભા આપે છે તે જુઓ. શરદના ચંદ્રમાને વિજલી પરિવેષ્ટન કરી જાણે શોભે છે. એમાં વસ્તૂત્પ્રેક્ષાલંકાર છે.

ટીકામાં "પરિવેષ્ટન કરી" એમ છે તેનો અર્થ વિંટલાઇને એમ થાય છે.

જ્યાં એક વસ્તુમાં બીજી વસ્તુની અભેદવડે સંભાવના કરવામાં આવી હોય, ત્યાં વસ્તૂત્પ્રેક્ષા જાણવી. ઉપરના ઉદાહરણમાં ગૌરવદન અને જરીની કોર એ વસ્તુમાં શરચ્ચંદ્ર અને વિજળીની અભેદવડે સંભાવના કરવામાં આવી, તેથી વસ્તૂત્પ્રેક્ષા જાણવી. વસ્તૂત્પ્રેક્ષાને સ્વરૂપોત્પ્રેક્ષા પણ કહે છે.

भृकुटिशोभावर्णन.

नासा मोरी नचाय दृग, करी ककाकी सौंह ।
काँटे लौं कसकत हिये, गडी कटीली भौंह ॥ १९१ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, નાક મોડી, નેત્ર નચાવી, જે સમયે કાકાના સોગન પ્રિયાએ ખાધા, તે સમયની તેની કંટકિત (કાંટા-યુક્ત) ભ્રકુટી મારા હૃદયમાં એવી પેઠેલી કે તે કાંટા સરખી ખટકે છે.

એમાં પરકીયા નાયિકા છે. નાક મોડવું, આંખ નચાવવી ઇત્યાદિ તેનો સ્વભાવ વર્ણવેલો હોવાથી સ્વભાવોક્તિ અલંકાર છે. તેમ જ ભ્રકુટી એ ઉપમેય, કંટક એ ઉપમાન, સરખી એ વાચક અને ખટકવું એ ધર્મ, તેથી પૂર્ણોપમાલંકાર પણ છે.

नेत्रशोभावर्णन.

वारों बलि तो दृगनपर, अलि खंजन मृग मीन ।
आधी दीठि चितौन जेही, किये लाल आधीन ॥ १९२ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, બલિહારી! જેણે અર્ધ દૃષ્ટિનાં ચિન્તવનમાં જ (જોવામાં જ) શ્રીકૃષ્ણને આધીન કર્યા એવાં જે તારાં નેત્ર, તેપરથી ભ્રમર, ખંજન, મૃગ અને મીનને ઓવારી નાંખું.

એમાં "ઓવારી નાંખું" એ શબ્દોવડે ભ્રમરાદિક ઉપમાનોની નિંદા હોવાથી પ્રતીપાલંકાર. તેમ જ અર્ધ દૃષ્ટિવડે જોઈ વશ કરવારૂપ જે હેતુ તેમાં અસમગ્રપણું હોવા છતાં, કૃષ્ણને વશ કરવારૂપ કાર્યની ઉત્પત્તિ થઈ, તેથી વિભાવનાલંકાર પણ છે.

શબ્દાર્થ–अलि=ભ્રમર. खंजन=ખંજન પક્ષી 'एकोहि खंजनवरो नलिनीदलस्थः' એમ શૃંગાર તિલકમાં પણ એ પક્ષીનું વર્ણન જોવામાં આવે છે. मीन=માછલી.

नेत्रवर्णन.

चमचमात चंचल नयन, बिच घूँघटपट झीन ।
मानहुं सुरसरिता विमल, जल उछलत युग मीन ॥ १९३ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાના ઝીણા ઘુંઘટપટમાં તેણીનાં ચંચળ એવાં નેત્ર ચમક ચમક કરે છે, તે જાણે ગંગાના સ્વચ્છ જળમાં બે માછલી ઉછળતી હોય નહિ શું? એવી લાગે છે.

એમાં વસ્તૂત્પ્રેક્ષાલંકાર છે. ઘુંઘટપટ અને નેત્ર એ બે વસ્તુઓમાં ગંગાજળ અને માછલાંની સંભાવના કરવામાં આવી, તેથી વસ્તૂત્પ્રેક્ષાલંકાર જાણવો.

નાયિકાએ સજેલાં વસ્ત્રમાં ગંગાજળની સંભાવના કરેલી હોવાથી તે વસ્ત્ર શ્વેત હોવાનું અનુમાન થાય છે.

मध्या नायिका.

करे चाहसों चुटकिकै, खरे उडो है मैन ।
लाज नवाये तरफरत, करत खूंदसी नैन ॥ १९४ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, કામદેવે જ્યારે ચાહથી ચાબુક ફટકાવી ઉડતાં સરખાં એવાં ઉભાં કીધાં, ત્યારે લજ્જાએ જેને નમાવી દીધાં એવાં જે નેત્ર તે નાચતાં સરખાં તરફડે છે.

એમાં નેત્રોને ઘોડા સરખાં નિરૂપિત કરવામાં આવ્યાં છે.

ઉપરના દોહરામાં લાજ અને મદનનું સમાનપણું વર્ણવવામાં આવેલું હોવાથી મધ્યાનાયિકા જાણવી.

એમાં નેત્ર એ ઉપમેય, સરખાં એ વાચક, નાચવું એ ધર્મ અને હય એ ઉપમાન ન હોવાથી ઉપમાન લુપ્તોપમાલંકાર જાણવો.

માછલાં ને કમલને કેમ સંતાવવું ને લજાવવું પડ્યું?

सायक सम वायक नयन, रँगे त्रिविध रँग गात ।
झखौ बिलखि दुरिजातजल, लखि जलजात लजात ॥ १९५ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, શરીરમાં ત્રણ પ્રકારના રંગથી રંગેલાં એવાં જે (તારાં) નેત્ર તે બાણ સરખાં ઘા કરવાવાળાં છે; તેમ જ

એને જોઇને ઉદ્વિગ્ન થઈ માછલી પણ જળમાં છૂપાઈ જાય છે, અને કમળ એને નિરખીને લજ્જા પામે છે.

ત્રણ રંગથી રંગેલાં નેત્ર એમ કહ્યું તે શ્યામ, શ્વેત અને રક્ત એ ત્રણ જાણવાં. એમાં હેતૂત્પ્રેક્ષાલંકાર છે. નાયિકાનાં નેત્રથી લજ્જા પામી કાંઈ માછલી ને કમળ જળમાં છૂપાતાં નથી, તેથી લજ્જા એ અહેતુ છતે તેને તે બન્નેનાં જળમાં છૂપાવવાના હેતુરૂપે કલ્પના કરવામાં આવી, તેથી એ અલંકાર જાણવો.

नेत्रसौंदर्यवर्णन.

बरजीते सर मैनके, ऐसे देखे मैं न ।
हरिनीके नैनानतें, हरिनीके यह नैन ॥ १९६ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, જેણે શ્રેષ્ઠ એવાં કામદેવનાં બાણને જિત્યાં, એવાં મેં દીઠાં નથી; હે કૃષ્ણ! મૃગલીનાં નેત્રો કરતાં એ નેત્ર સારાં છે.

એમાં સખીને કહેવાનો અભિપ્રાય એ છે કે, મૃગલીનાં નેત્ર કરતાં નાયિકાનાં નેત્ર ઉત્તમ એટલા કારણથી છે કે, એણે શ્રેષ્ઠ એવાં કામદેવનાં બાણને પણ જિત્યાં છે. એમાં શબ્દાલંકાર યમકાનુપ્રાસ છે.

"बरजीते" એવા દોહરાના પ્રથમ ચરણમાં જે શબ્દો છે, તેનો અર્થ र, ल નો અભેદ ગણી "બલથી જીત્યા" એમ પણ કરવામાં આવે છે.

એમાં કામબાણ જે ઉપમાન, તેમ જ હરિણીનાં નેત્ર જે ઉપમાન, તેમના કરતાં નાયિકાનાં નેત્ર જે ઉપમેય, તેમના આધિક્યનું પ્રતિપાદન કરેલું હોવાથી વ્યતિરેકાલંકાર જાણવો.

नेत्रवर्णन.

रससिंगार मज्जन किये, कंजन भंजन दैन ।
अंजन रंजनहू बिना, खंजन गंजन नैन ॥ १९७ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, શૃંગારરસમાં જેમણે મજ્જન કરેલું એવાં, તેમ જ કમળનો તિરસ્કાર કરવાવાળાં એવાં નાયિકાનાં જે નેત્ર, તે અંજનરંજન–કાજળ લગાડ્યા વિના પણ અંજનને લજ્જિત કરવાવાળાં છે.

એમાં નયન જે ઉપમેય તે કમલાદિક જે ઉપમાન, તેમના, કરતાં

વિશેષપણું દર્શાવવામાં આવ્યું, તેથી વ્યતિરેકાલંકાર તેમજ વૃત્ત્યનુપ્રાસ એ શબ્દાલંકાર પણ છે.

मदन महामुनिनां नेत्र ते चेला.

जोग जुगति सिखई सबै, मनो महामुनि मैन ।
चाहत पिय अद्वैतता, कानन सेवत नैन ॥ १९८ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, જાણે મહામુનિ કામદેવે યોગની તમામ યુક્તિઓ શિખાડી દીધી. હવે પ્રિય સાથે એકતા થવાની ઇચ્છા કરી નેત્રો કાન અથવા વનને સેવે છે.

મોક્ષ જિજ્ઞાસુ નાયિકાનાં લોચન મહામુનિ મદનનાં ચરણપંકજની સેવા કરી યોગની સઘળી યુક્તિઓ શીખ્યાં. યોગનો અર્થ પરમાત્માશું મેળ થવો અથવા પતિશું સંયોગ થવો. કાનનનો અર્થ વન અને કાન છે. યોગી વન સેવે છે, અને નેત્ર કાનનું સેવન કરે છે–અવલંબન કરે છે.

એમાં મદન ઉપમેય અને મહામુનિ ઉપમાન તેથી રૂપકાલંકાર, અને "જાણે" એ ઉત્પ્રેક્ષા વ્યંજક પદનો એમાં પ્રયોગ કરવામાં આવેલો હોવાથી ઉત્પ્રેક્ષાલંકાર પણ છે.

नाचनारीओमां नेत्रनी पूतळी श्रेष्ठ.

सब अँग करि राखी सुघर, नायक नेह सिखाय ।
रसयुत लेती अनन्त गति, पुतरी पातुर राय ॥ १९९ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, સંગીતનાં સઘળાં અંગ એટલે સઘળા ભેદ શિખવી, સ્નેહરૂપી નાયકે (ઉસ્તાદે) એવી ચતુર કરી રાખી છે કે, અનુરાગ સહિત અગણિત ગતિ કરે છે, એવી નાયિકાના નેત્રની જે પૂતળી, તે નૃત્ય કરનારીઓની સરદાર છે.

સંગીતનાં સઘળાં અંગ તે નાચવું, ગાવું, બજાવવું અને અભિનય કરવા તે. એમાં રૂપકાલંકાર છે.

कटाक्षरूपी बाण.

लागत कुटिल कटाच्छ सर, क्यों न होय बेहाल ।
निकसत हियो दुसाल कर, तउ रहत नट साल ॥ २०० ॥

અર્થ-સંઘટ્ટન ઇચ્છનારી દૂતીની નાયિકા પ્રત્યે ઉક્તિ છે. આ તારાં કુટિલ કટાક્ષ બાણ લાગવાથી પ્રીતમ એ હાલ કેમ ન થાય? થાયજ. જો કે હૃદયને ભેદીને એ પાર નીકળી જાય છે, તોપણ ફાંસની પેઠે ખટકે છે.

એમાં વિભાવનાલંકાર છે.

"विक्रमनिधान अति पारथके बानहूतें मेरे जान इनके अनोखे उतपात हैं,
देखिये न घाई उर कटत दुसालकर येतेपर देखो नटसाल रहिजात है." कृष्णदत्त.

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તારાં એ કટાક્ષ પરાક્રમના ભંડાર છે, અને મારા જાણવા પ્રમાણે અર્જુનનાં બાણના કરતાં પણ એના અતિ ન્યારા એવા ઉત્પાત છે, એનો ઘા દેખાતો નથી, કાળજાના કાપી એ કટકા કરે છે, તોપણ તૂટેલા કાંટાની પેઠે કલેજામાં ખટકે છે.

नासिकावेधवर्णन.

वेधक अनियारे नयन, बेधत कर न निषेध ।
बरबस बेधत मो हियो, तो नासाको वेध ॥ २०१ ॥

અર્થ-નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, વીંધનારાં એવાં જે તારાં અણિયાળાં નેત્ર તે વીંધે છે તેને તું નિષેધ મા કર; પણ તારી નાસિકાનો વીંધ-છેદ તે બળાત્કારે મારા હૃદયને વીંધે છે (તેને વાર).

એમાં તીક્ષ્ણ એવો નેત્રનો કોણ તેને અણી કહેવામાં આવી છે. બરછી અથવા છરીનો અગ્ર ભાગ તે અણી, તેવા જેના કોણ, એવાં અણિયાળાં નેત્ર વેધે છે, તેને તું શું કરવા વારે છે? એમાં વિભાવનાલંકાર છે.

वेसर मोतीद्युतिवर्णन.

वेसर मोती द्युति झलक, परी ओठपर आय ।
चूनो होय न चतुर तिय, क्यों पट पोंछयो जाय ॥ २०२ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તારા હોઠપર તારા વેસરનાં મોતીની દ્યુતિની ઝલક પડી છે તે પાનમાં ખાવાનો ચૂનો નથી. હે ચતુર સ્ત્રી! એ વસ્ત્રથી શી રીતે લૂછાઈ જાય?

જ્યાં બીજાની શંકા નિવારણ કરવામાં આવે ત્યાં ભ્રાંતાપન્હુતિ અલંકાર, એ લક્ષણથી એમાં નાયિકાની ભ્રાંતિનું નિવારણ કરેલું હોવાથી ભ્રાંતાપન્હુત્યલંકાર.

ઉપલા દોહરામાં જો નાયિકાની ઉક્તિ સખી પ્રત્યે છે એમ ગણવામાં આવે તો રૂપગર્વિતા નાયિકા થાય.

નાયિકાના હોઠ એવા રક્ત છે કે, તેમાં મોતીની ઝલક ઉજ્વળ રતાસમાં સફેત ચળકે છે તે ચૂનો જાણીને પૂછે છે.

नथान्योक्ति.

इन दोई मोती सुगथ, तू नथ गरब निशांक ।

जिह पहरत जग दग ग्रसत, लसत हंसतसी नांक ॥ २०३ ॥

અર્થ–સખી કહે છે કે, જે પહેરવાથી જગતની દૃષ્ટિ બંધનમાં પડે છે અને નાસિકા હસતી સરખી શોભી રહે છે, એવાં સારી રીતે ગૂંથેલાં બે જ મોતીપર તું નિઃશંક થઈ હે નથ! ગર્વ ન કર.

એમાં અન્યોક્તિ અલંકાર છે.

સખી નથ પ્રત્યે કહે છે કે, તું ગર્વ ન કર. એ ઉપરથી એ નથનીમાં એટલું સૌંદર્ય રહેલું છે કે, જગતની દૃષ્ટિ તે જ સૌંદર્ય શોભાપર લોલુપ–મોહિત થઈ પડે છે, તેથી એ એક વર્તુલાકાર, જગતનાં નેત્રને બંધન કરનારું યંત્ર છે, એ કહેવાનું તાત્પર્ય છે.

नासाभूषणवर्णन.

जटित नीलमनि जगमगत, सींक सुहाई नांक ।

मनो अली चंपककली, बसि रस लेत निशांक ॥ २०४ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નીલમણિથી જડેલી ઝગમગતી એવી સીંક–સળી (નાસાભૂષણ) નાકને શોભા આપે છે; જાણે ભમરો ચંપકકળીમાં વાસ કરી નિઃશંક થઈ રસનું ગ્રહણ કરે છે.

એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

"સીંક"નો અર્થ ગુજરાતીમાં "સળી" અથવા કાંટો થાય છે.

नासाभूषणवर्णन.

जदापि लौंग ललितो तउ, तून पहरि इक आंक ।

सदा शंक बढियै रहै, यहै चढीसी नांक ॥ २०५ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, યદ્યપિ લવંગ (નાસાભૂષણ)

સુંદર છે તોપણ તું તે પહેર મા. તું નિશ્ચય માન કે, તારી ચઢેલી સરખી નાસિકા જોઈ સદા શંકા વૃદ્ધિ જ પામતી જાય છે–અર્થાત્ ચઢેલું નાક જોઈ માન તો નહિ ધારણ કર્યું હોય એવી શંકા થાય છે.

એમાં વ્યાજ સ્તુતિ અલંકાર છે. એમાં નિંદાના મિષથી નાસાભૂષણની સ્તુતિ કરવામાં આવી છે, તેથી વ્યાજ સ્તુતિ અલંકાર છે.

श्रुतिभूषणवर्णन.

सालति है नटसालसी, क्यौँहू निकसति नाहि ।
मनमथ नैजा नौकसी, खुभीखुभी मनमाहि ॥ २०६ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, ટુટેલા કાંટાની પેઠે સાલે છે, કેમે કરી નીકળતી નથી; પણ એ ખુભી (કાનનું ભૂષણ) તે મારા મનમાં ખુંચી–પ્રવેશી મન્મથના ભાલાની નોકની પેઠે ખટકે છે.

એમાં કર્ણભૂષણ એ ઉપમેય, ભાલાની અણી એ ઉપમાન, પેઠે એ વાચક અને ખટકવું એ ધર્મ, તેથી પૂર્ણોપમાલંકાર.

શબ્દાર્થ–नटसाल=લાકડાં વગેરેને છોલતાં રહેલી ખપચ્ચી. नैजा=ભાલો. खुभी=એક પ્રકારનું કાનનું ભૂષણ–અથવા ખુંચી બેઠી. પેઠી.

ताटङ्कवर्णन.

लसत सेतसारी ढक्यो, तरल तरौना कान ।
पर्यो मनो सुरसरि सलिल, रविप्रतिबिंब विहान ॥ २०७ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાએ કાનમાં જે તરલ તાટંક (કર્ણ ભૂષણ) પહેર્યું છે, તે શ્વેત સાડીથી ઢૂપાયલું એવું શોભે છે, કે ગંગાના જળમાં પ્રભાત કાળે જાણે સૂર્યનું પ્રતિબિંબ પડ્યું હોય.

એમાં વસ્તૂત્પ્રેક્ષાલંકાર છે.

શબ્દાર્થ–तरल=ચંચલ. तरौना=તાટંક, કર્ણભૂષણ. सुरसरि=ગંગા. विहान=સવાર–પ્રભાત.

सुरतलक्षिता.

तरवन कनक कपोल दुति, बिचही बीच बिकान ।
लाल लाल चमकति चुनी, चौका चिह्न* समान ॥ २०८ ॥

---

* શાસ્ત્રીય શબ્દ એનો "नखक्षत" છે.

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તારા તાટંકનું જે સોનું તેની દ્યુતિ તે કપોલની દ્યુતિમાં મળી ગઈ અને તે ભૂષણમાં જે લાલ લાલ માણેક તે ચાર દંતનાં ચિહ્ન સમાન ચળકે છે.

"बिचही बीच बिकान" એ લોકોક્તિ છે અને "વચમાંની વચમાં જ વેચાઈ ગઈ, કોઈ કિંમત કરાવવા પામ્યો નહિ" એવો તેમાં અર્થ તથા અભિપ્રાય છે.

એમાં મીલિત તથા ઉપમાલંકાર છે. નાયિકા સુરતલક્ષિતા છે. જો એ નાયિકા સખી પ્રત્યે કહે છે એમ કહીએ તો રૂપગર્વિતા જાણવી.

श्रवणभूषण.

लसै मुरासा तियश्रवन, यों मुकतनि दुति पाय ।
मानों परस कपोलके, रहे स्वेदकन छाय ॥ २०९ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, પ્રિયાના કાનમાં જે તાટંક છે, તે મોતીઓની આભા પામીને એવું શોભે છે કે, જાણે કપોલના સ્પર્શથી પ્રસ્વેદબિંદુ છવાઈ રહ્યાં હોય.

એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે. એમાં તાટંક જડ છતે કપોલના સ્પર્શથી તેને સાત્વિક ભાવરૂપ સ્વેદબિંદુનો આવિર્ભાવ થયો એ ભાવ છે.

गुणकथन.

नखसिख रूपभरे खरे, तउ मांगत मुसकान ।
तजत न लोचन लालची, ये ललचौंहीं बान ॥ २१० ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, નાયકના નખથી શિખાપર્યંત અતિરૂપથી ભરેલો છે, તોપણ મુખના મલકારાની યાચના કરે છે. આ લાલચુ લોચનો લાલચમાં લપટાવાનો સ્વભાવ છોડતાં નથી.

એમાં ભરેલા હોવારૂપ હેતુ છતાં અયાચકપણારૂપ કાર્ય ન થયું તેથી વિશેષોક્તિ.

અભિપ્રાય એ છે કે, નખથી શિખાપર્યંતનું જે નાયકનું સૌંદર્ય તે મારા નેત્રમાં વસી રહ્યું છતે, તે નેત્રો મંદસ્મિતની યાચના કરે છે. નાયિકા કહે છે કે, આ લાલચુ એવાં મારાં જે લોચન, તે લાલચની ટેવ છોડતાં નથી.

दशनप्रभावर्णन.

नेक हँसोही बान तजि, लख्यो परत मुख नीठि ।
चौका चमकनि चौंधमें, परत चौंधसी दीठि ॥ २११ ॥

અર્થ–નાયકની સમક્ષ સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તું જરા હસવાનો સ્વભાવ છોડી દે. તારા હસવાથી તારું મુખ મહા મહેનતે જોયું જાય છે અર્થાત્ લોચન ભરીને નિરખી શકાતું નથી. તારા ચાર દાંતની જે ચમક તેના ચકચકાટથી તને જોનારની દૃષ્ટિ ચકિત સરખી અથવા અંજાઈ ગયા સરખી થઈ પડે છે.

એમાં પ્રથમ દંતપંક્તિની ચમકના ચકચકાટથી નિવૃત્ત થાય, તો પછી નાયિકાના મંદસ્મિતયુત વદન દર્શનનો લાભ લઈ શકાય, એ સખીનો આશય હોવાથી એમાં દંતદ્યુતિનું આધિક્ય વ્યંજિત થાય છે.

रूपठग अने हांसी ए ज फांसी.

डारे ठोडी गाड गहि, नैन बटोही मार ।
चिलक चौंधमें रूपठग, हांसी फांसी डार ॥ २१२ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, (તમારા) રૂપરૂપી ઠગે હાંસીની ફાંસી નાંખી ગરબડ સરબડમાં નયનરૂપી મુસાફરોને મારી પકડીને ચિબુક–હડપચીના ખાડમાં નાંખ્યા.

ઠગ એ એક એવી લુંટારાની મંડળી હતી કે, તે ગરબડ સરબડમાં અચાનક મુસાફરને ગળે ફાંસો દઈ મારી ખાડામાં પૂરતી હતી.

એમાં રૂપકાલંકાર છે.

એ નાયકની નાયિકા પ્રત્યે ઉક્તિ છે એમ પણ કહી શકાય.

"प्यारी महाठग तेरो स्वरूप दया तजि नैन बटोहि न मारै." कृष्णदत्त.

અર્થ–હે પ્રિયા! તારું સ્વરૂપ (સૌંદર્ય) જે મહા ઠગ, તે દયા છોડી નયનરૂપી વટેમાર્ગુઓને મારે છે, એ નાયકની નાયિકા પ્રત્યે ઉક્તિ છે.

चिबुकना नीलबिंदुनुं वर्णन.

ललित श्याम लीला ललन, बढी चिबुक छबि दून ।
मधु छाक्यो मधुकर पर्यो, मनो गुलाबप्रसून ॥ २१३ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, હે લાલ! સુંદર શ્યામ છુંદણા (નીલ-બિંદુ)થી નાયિકાની ચિબુકની શોભા બમણી વધી છે. શોભા હે કૃષ્ણ એવી થઈ રહી છે કે, મધુમત્ત (મકરંદથી છકેલો) મધુકર જાણે ગુલાબના ફુલપર પડ્યો હોય. એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

ग्रीवावर्णन.

खरी लसति गोरे गरे, धसति पानकी पीक ।
मनो गुलूबँद लालकी, लाल लालद्युति लीक ॥ २१४ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, બાળાના ગોરાં ગળામાં ધસતી એવી નાગવલ્લીનાં પાનના રસની ચમક અતિ શોભા આપે છે. હે લાલ! જાણે લાલમાણેકના કંઠભૂષણની રક્તદ્યુતિની રેખા બહાર જોવામાં આવે છે. એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

चिबुकमध्यगत निम्नप्रदेशवर्णन.

कुचगिरि चढि अति थकित व्है, चली दीठ मुख चाड ।
फिर न टरी परि ये रही, परी चिबुकके गाड ॥ २१५ ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, કુચરૂપી પહાડપર ચઢી અતિ થાકી ગયેલી એવી થઇને મારી દૃષ્ટિ ત્યાંથી મુખસુંદરતાપર ચઢી ચાલી; ત્યાંથી તે આગળ ન ચાલી, પણ ચિબુકના ખાડામાં પડીની પડી રહી.

પર્વતના ઉચ્ચ પ્રદેશમાં ચઢી થાકેલી દૃષ્ટિ નિચાણના પ્રદેશમાં આવી ત્યાં જ ઠરી. પછી ત્યાંથી આગળ ન ચાલી એમ વર્ણવેલું હોવાથી ચિબુકના ગર્ત્તની શોભાનું આધિક્ય કથન કરવામાં આવ્યું છે.

એમાં રૂપકાલંકાર છે.

શબ્દાર્થ-चाड=ચઢીને. टरी=ટળી. गाड=ખાડો.

कुचद्वयवर्णन.

चलन न पावत निगम मग, जग उपजो अति त्रास ।
कुच उतंग गिरिवर गह्यौ, मीना मैन मवास ॥ २१६ ॥

અર્થ-કવિ કહે છે કે, નિગમ માર્ગે કોઈ ચાલવા પામતું નથી એવો

જગતમાં અતિ ત્રાસ ઉપનો છે; કુચરૂપી ઊંચા ગિરિવરપર મદનરૂપી મીનાએ મેવાસ ગ્રહણ કર્યો છે.

એમાં "निगमवन" એટલે જે માર્ગની ગમ ન પડે એવો અથવા વેદ માર્ગ. "मवास" એટલે કઠિણ સ્થળ. "मीना" એ મેવાડમાં રહેનારી લુંટારાઓની જાત છે. તે પર્વતની ગુફામાં રહે છે.

મદનરૂપી મીનાએ કુચરૂપી ઊંચા પર્વતનો આશ્રય કરી સદાચારાદિરૂપ જે "ऋतौ भार्यामुपेयात" ઇત્યાદિ વેદ માર્ગ તે ચાલતા બંધ કીધા. કુચદ્રયને દેખતાં વેદાજ્ઞાનું ભય પણ લોકોએ ત્યાગ કર્યું. એવું અતિશય મદનનું પ્રાબલ્ય છે એ ભાવ.

એમાં મદન અને મીનામાં અભેદ વર્ણવેલો હોવાથી રૂપકાલંકાર જાણવો.

श्वेतसाडीवर्णन.

दुरति न कुच बिच कंचुकी, चुपरी सारी सेत ।
कवि अच्छरके अरथलों, प्रगट दिखाई देत ॥ २१७ ॥

અર્થ—સખી નાયક પ્રત્યે કહે છે કે, શ્વેત સાડીથી ઢંકાયલી જે કંચુકી તેમાં રહેલા નાયિકાના (બે) કુચ તે છૂપા રહેતા નથી. કવિના અક્ષરના અર્થની પેઠે પ્રગટ દેખાઈ પડે છે.

સત્કવિએ રચેલાં જે કાવ્યાદિ તેમાંના વર્ણોના અર્થની પેઠે કુચ દ્રય ઘણી ઝડપથી પ્રગટ થાય છે.

ઉપલા દોહરાના બીજા ચરણમાં "चुपरी" એ શબ્દ છે, તેનો અર્થ અત્તર ચોપડેલી એવો, તેમ જ ઢાંકેલી એવો પણ કરવામાં આવે છે.

એમાં અક્ષરાર્થ એ ઉપમાન, કુચ ઉપમેય, પેઠે એ વાચક, અને દેખાવવું એ ધર્મ તેથી પૂર્ણોપમાલંકાર છે. વળી જેમ અક્ષરના અર્થ છૂપતા નથી, તેમ કુચ છૂપતાં નથી એમ લઇયે તો દૃષ્ટાંતાલંકાર પણ છે.

मालिकागत मध्यमाणिक्य.

उर मानिककी उरबसी, निरखि घटत दगदाग ।
झलकत बाहिर भरिमनो, तिय हियको अनुराग ॥ २१८ ॥

અર્થ—સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તારા હૃદયપર જે લાલ માણેકની

ઉરવશી (કંઠાભરણુ) લટકે છે, તે નિરખીને નેત્રનું મલિનપણું ઘટે છે. જાણે સ્ત્રીનાં હ્રુદયનો અનુરાગ ભીતરમાં છલાછલ ભરાઈ બહાર ઝળકે છે.

એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

સંસ્કૃતમાં જે કંઠાભરણને "निष्क" કહે છે, તે અને ઉપલા દોહરામાં કહેલું "उरवशी" નામનું કંઠાભરણ તે એક જ હશે, એમ અનુમાન થાય છે.

અનુરાગનો રંગ કવિઓએ રક્ત કલ્પેલો છે.

करवर्णन.

बडे कहावत आपहू, गरुए गोपीनाथ।
तौ बदिहौं जो राखिहो, हाथनि लखि मन हाथ ॥ २१९ ॥

અર્થ-હે ગરવા ગોપીનાથ! આપ પણ મોટા કહેવાઓ છો, પરંતુ તેના હાથને જોઈ તમે તમારું મન પોતાના હાથમાં રાખશો ત્યારે જ હું જાણીશ કે તમે મોટા ખરા.

એમાં "જો આમ તો આમ" એવા શબ્દો હોવાથી સંભાવનાલંકાર. એમાં સખીએ નાયક આગળ નાયિકાના કરનું સૌંદર્ય વર્ણવેલું છે.

સંભાવનાલંકારનું લક્ષણ ભૂખણ કવિએ શિવરાજ ભૂષણમાં:-

"जो यों होइ तौ होइ यों, यह संभावन होइ;
ताहि कहत संभावना, भूषन कवि सब कोइ."

એ લક્ષણ આપ્યું છે. તેનો અર્થ એ છે કે, જો આમ થાય તો આમ થાય એવી સંકેતાર્થમાં કલ્પના કરવામાં આવી હોય, ત્યાં સહુ કોઈ કવિ સંભાવનાલંકાર કહે છે અથવા ભૂષણ કહે છે કે તેને સહુ કોઈ સંભાવના કહે છે.

अंगुलीवर्णन.

गोरी छिगुनी नख अरुन, छला श्याम छवि देइ।
लहति मुकति रति पलक यह, नैन त्रिबेनी सेइ ॥ २२० ॥

અર્થ-નાયક પોતાનાં નેત્રને કહે છે કે, ટચલી આંગળી તે ગોરી ગંગા, નખની પ્રભા અરુણ તે સરસ્વતી, અને આંગળીની મુદ્રિકામાં જે નીલમણિની પ્રભા તે યમુના, એ ત્રિવેણીનું સેવન કરી, હે નયન! એક પલકમાં રતિરૂપી મુક્તિ પમાય છે.

અથવા ગોરી જે ગંગા, અરુણ જે સરસ્વતી અને શ્યામ જે યમુના તેના સેવનથી જેમ મનુષ્યોને મુક્તિ પ્રાપ્ત થાય છે, તેમ આ અંગુલીની પ્રભા, નખ પ્રભા, અને નીલમણિ પ્રભા ત્રણ વર્ણાત્મક હોવાથી ત્રિવેણીરૂપ, તેના સેવનથી રતિની પ્રાપ્તિ થાય છે. એમાં રૂપકાલંકાર છે.

पूर्वानुराग.

बढति निकसि कुचकोर रुचि, कढत गौर मूल ।
मन लुटिगो लौटनु चढत, चूंटत ऊंचे फूल ॥ २२१ ॥

અર્થ—નાયક સખી પ્રત્યે કહે છે કે, તે સુંદરી જે સમયે ફૂલ લેવા જતી હતી, તે સમયે ટેકરાપર ચઢતાં, તેણીના ગોરા એવા ભુજમૂલ આગળથી નીકળતાં, ઊંચે લાગેલાં ફૂલ ચૂંટતાં કુચના કોરની જે કાંતિ, તે કંચુકીમાંથી બહાર પ્રગટી વૃદ્ધિ પામતાં જોઈ મન લુંટાઈ ગયું.

એમાં નાયિકાને ફૂલ ચૂંટતાં જોઈ નાયક આસક્ત થયો, તેનું વર્ણન છે.

એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

सुरतांत वर्णन.

कर उठाय घूंघट करत, उसरति पट गुझरोट ।
सुखमोटे लूंटी ललन, लखि ललनाकी लोट ॥ २२२ ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકાએ જે વખતે લજ્જાને લીધે હાથ ઉઠાવી ઘૂંઘટ કીધો, ત્યારે વળ ખાઈ વસ્ત્ર હઠયું, એવામાં તેણીની ત્રિવલી જોઈ મોહને સુખનાં પોટલાં લુંટ્યાં. એમાં જાતિ અલંકાર છે.

ટુંકામાં મુખપરનું વસ્ત્ર જ્યારે તે બાળાએ લાજથી હાથવડે ખેંચ્યું, ત્યારે તે ખેંચતામાં તેણીની ઉદર દેશસ્થ ત્રિવલિ જોવામાં આવતાં, નાયકને અપરિમિત આનંદ થયો. એ ઉપલા દોહરાનું તાત્પર્ય છે.

બીજો અર્થ—હાથ ઉઠાવી ઘૂંઘટ કરતાં, વસ્ત્રના સળ પડેલા દૂર કરતાં—સમારતાં, લલનાનું લોટવું—પાછું ફરવું જોતાં મોહને સુખની ગાંઠડીઓ લૂંટી—એમાં સખીએ નાયિકાનો સુરતાંત વર્ણવ્યો છે.

कटिवर्णन.

लगी अनलगीसी जु बिधि, करी खरी कटि छीन ।
किये मनो वाहि कसर, कुच नितंब अति पीन ॥ २२३ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, બ્રહ્માએ બાળાની લાગેલી નહિ લાગેલી સરખી એવી કટિ અતિ ક્ષીણ કીધી છે, તે જ કસર ટાળવાને જાણે તેણીનાં કુચ અને નિતંબ તેણે અતિ પુષ્ટ કર્યા છે.

એમાં હેતૂત્પ્રેક્ષાલંકાર છે.

બાલકૃષ્ણ ચંપુ નામના સંસ્કૃત ગ્રંથમાં નીચે જણાવેલો કટિ વર્ણનનો શ્લોક છે તે પણ મનોરંજક છે. "मध्यं विनापि यद्योगो, भागयोरस्ति नित्यशः ॥ देहस्य तव मन्येऽहं वर्णानुस्वारयोरिव" એટલે હે પ્રિયે! તારા દેહના અસંયુક્ત એવા બે ભાગોનો મધ્ય (કટિ) વિના પણ રોજ યોગ જોવામાં આવે છે, તે વર્ણ અને અનુસ્વારના યોગ જેવો છે, એમ હું માનું છું. વર્ણ અને અનુસ્વારનું જૂદાપણું છતે યોગ હોય છે, તેવો તારા દેહ ભાગનો પણ યોગ છે એ અર્થ.

कटिलंकवर्णन.

लहलहाति तन तरुनई, लचि लगिलौं लफि जाय ।
लगै लांक लोयन भरी, लोयन लेत लगाय ॥ २२४ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, બાળાના શરીરમાં તરુણતા શોભા દઈ રહી છે અને લચકી છડીની પેઠે વળી જાય છે, એવો જે તેણીનો કટિલંક તે લાવણ્યનો ભરેલો લાગે છે; પરંતુ લોકનાં લોચનને પોતાપર લગાડી લે છે.

એ સર્વનાં લોચન તેપર જ લાગેલાં રહે છે, એ અભિપ્રાય છે.

એમાં ત્રીજા તથા ચોથા ચરણમાં "लोयन" એ શબ્દ બે વાર જૂદા જૂદા અર્થમાં આવેલો હોવાથી યમકાનુપ્રાસ છે. પહેલા લોયન શબ્દનો અર્થ લાવણ્ય અને બીજાનો અર્થ લોચન એમ છે.

એમાં લંક એ ઉપમેય, છડી એ ઉપમાન, પેઠે એ વાચક અને વળી જવું–લચકવું એ ધર્મ, તેથી પૂર્ણોપમાલંકાર છે.

कटिनुं उपमान परब्रह्म.

बुधि अनुमान प्रमानश्रुति, किये नीठ ठहराय ।
सुच्छम कटि परब्रह्मसी, अलख लखी नहिं जाय ॥ २२५ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, બુદ્ધિ, અનુમાન અને વેદનાં પ્રમાણથી નિશ્ચય એ જ ઠરાવવામાં આવ્યો કે, બાળાની સૂક્ષ્મ કટિ પરબ્રહ્મ સરખી અલખ છે, તે કોઇના જાણવામાં આવતી નથી.

એમાં પરબ્રહ્મ એ ઉપમાન, કટિ એ ઉપમેય, સરખી એ વાચક અને અલખ હોવારૂપ ધર્મ, એમ ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર જાણવો.

"सुछम गति परब्रह्मकी" એ પ્રમાણે ઉપલા દોહરાના ત્રીજા ચરણમાં પાઠાંતર જોવામાં આવે છે, તે જ પ્રમાણે અર્થ કરતાં "પરબ્રહ્મની સૂક્ષ્મ ગતિ" એવો અર્થ થાય અને એ દોહરો અધ્યાત્મ વિષયનો થઈ પડે. એ પાઠમાંથી અસલ કયો, તે ખોળી કાઢવું કઠિણ છે.

जङ्घावर्णन.

जंघ जुगल लोयन निरे, करे मनो बिधिमेन ।
केलि तरुन दुखदेन ये, केलि तरुन सुखदेन ॥ २२६ ॥

અર્થ–નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, તારી જુગલ જંઘા નરાં લાવણ્યની જાણે વિધાતા જે કામદેવ તેણે બનાવી છે. એ કેળનાં તરુને દુઃખની દેણ અને કામકલ્લોલમાં તરુણોને સુખની દેવાવાળી એવી છે.

એમાં વસ્તૂત્પ્રેક્ષાલંકાર છે. તેમ જ યમકાનુપ્રાસ એ શબ્દાલંકાર પણ છે.

જુગલ જંઘા કદલી સ્તંભની શોભાને દબાવનારી હોવાથી તેને દુઃખ દેનારી અને કેલિમાં તરુણોને દુઃખ દેનારી છે.

કૃષ્ણદત્તે એ નાયકની સખી પ્રત્યે અથવા સખીની નાયકપ્રત્યે ઉક્તિ છે, એમ લખ્યું છે.

नासिकाना मोरनी शोभानुं वर्णन.

रह्यो ढीठ ढाढस गहे, ससिहर गयो न सूर ।
मुर्यो न मन मुरवान मिलि, भो चूरन चपिचूर ॥ २२७ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, મારું મન ધૈર્ય ધારણ કરી ધીટ રહ્યું અને શૂર હોવાથી ડરી ન ગયું, નાસિકાના મોરને મળી પાછું ન હઠ્યું. તે ચૂડાથી ચંપાઈ ચૂર થઈ ગયું.

અર્થાત્ ચૂડાની શોભાથી મોહિત થઈ ત્યાં જ લાગેલું રહે છે.

રાજપુતાનામાં મુરવાનને મોરડો કહે છે. સંસ્કૃત ટીકાકારોએ "मुरवान" ને બદલે પદભૂષણ એ શબ્દ મૂક્યો છે.

નાસિકાભૂષણથી ધૃષ્ટ હોવાથી ડગલું પણ પાછું ન હઠતાં જે મન ત્યાં જ નિડર ઉભું રહ્યું, તે ચૂડાથી ચંપાઈ ચૂરણ જેવું થઈ ગયું, એ નાયકના કથનનો અભિપ્રાય છે.

पदपश्चाद्भागवर्णन.

पाय महावर देनकों, नाइन बैठी आय ।
फिरि फिरि जानि महावरी, एडी मीडति जाय ॥ २२८ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, જ્યારે હજામની બાયડી નાયિકાને ચરણે અલતો લગાડવાને બેઠી ત્યારે વારંવાર અલતાની ગોળી જાણી નાયિકાની એડીને મસળવા લાગી.

હજામડીને ભ્રાંતિ એ કારણથી થઈ કે, વહુ નવી આવી હતી.

એમાં ભ્રાંત્યલંકાર છે. નાયિકાની એડીમાં રક્તતાના સાદૃશ્યથી મહાવરની ગોળીની ભ્રાંતિ થઈ તેથી.

"મહાવર" ને ગૂજરાતીમાં પોથીનો રંગ પણ કહે છે.

एडीवर्णन.

कौं हरसी एडीनकी, लाली देखि सुभाय ।
पाय महावर देनको, आप भई बे पाय ॥ २२९ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, ઇંદ્રવાયણાનાં ફૂલ સરખી નાયિકાનાં ચરણની રક્તતા સ્વાભાવિક એવી જોઈને પગને અળતો દેવા આવેલી જે બાઈ, તે અપગી (જેની અક્કલ ગૂમ થઈ ગયલી એવી) થઈ ગઈ.

એમાં ઇંદ્રવાયણાનું ફળ તે ઉપમાન, એડી એ ઉપમેય, સરખી એ વાચક અને રક્તતારૂપ ધર્મ, એમ ઉપમાનાં ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર જાણવો.

चरणअंगुलीवर्णन.

अरुन सरोरुहसे चरन, अँगुरी अति सुकुमार ।
चुवत सुरँग रँगसी मनो, चपि बिछियनके भार ॥ २३० ॥

અર્થ–સખી પ્રત્યે નાયક કહે છે કે, રક્ત કમલ સરખા પ્રિયાનાં ચરણુની આંગળીઓ અતિ સુકુમાર છે. તે બિછુવાના બોજથી દબાયાને લીધે જાણે રક્ત રંગ સ્રવતો હોય તેવી જણાય છે.

એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

"બિછુવા" એ વીંછી (વૃશ્ચિક) ના આકારનું પગની આંગલીઓમાં પહેરવાનું એક પ્રકારનું ઘરેણું છે.

गतिशोभावर्णन.

पग पग मग अगमन परत, चरन अरुन दूति झूल ।
ठोर ठोर लखियतु उठै, दुपहरयासी फूल ॥ २३१ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાનાં ચરણુની રાતી એવી જે દ્યુતિ તે ઝૂલીને પગલે પગલે માર્ગમાં આગળ પડે છે; તે સ્થળે સ્થળે જોવામાં આવે છે, જાણે બપોરીયાં ફૂલી ઉઠ્યાં હોય.

એમાં "**दुपहरियासी**" એનો અર્થ ગૂજરાતીમાં બપોરીયાં જાણે એમ કરવામાં આવ્યો છે. બપોરીયાનાં ફૂલોને માટે સંસ્કૃત ટીકામાં "**बंधुजीवकुसुमानि**" એ શબ્દ વાપર્યો છે.

એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે. લાલચંદ્રિકામાં ઉપરના ચોથા ચરણુમાં જે "**सी**" શબ્દ છે, તેનો અર્થ એમાં "**मानौ**" નો છે, એમ જણાવ્યા પછી લુપ્તોત્પ્રેક્ષાલંકાર એમ લખ્યું છે, તે યથાર્થ નથી. વળી લુપ્તોત્પ્રેક્ષા કહેવા કરતાં ગમ્યોત્પ્રેક્ષા એમ લખ્યું હોત તો મારા વિચાર પ્રમાણે યોગ્ય ગણાત.

अणवटवर्णन.

सोहत अँगुठा पाँयके, अनवट जटित जराय ।
जीत्यौ तरवनि दुति सुढर, पर्यो तरनि मनु पाय ॥ २३२ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાના પગના અંગુઠામાં

જડાવ જડેલો જે અણુવટ શોભે છે, તે તેણીનાં તાટંકની દ્યુતિએ જીત્યો, તેથી ઢળીને સૂર્ય જાણે પગે પડ્યો ન હોય?

એમાં કર્ણભૂષણ જે તાટંક, તેની દ્યુતિથી પરાજિત થયલો જે સૂર્ય, તે નાયિકાનો જે અણુવટ તેમાં જડેલો જે મણિ, તેની રક્ત દ્યુતિના મસથી તેણીના ચરણોને શરણ ગયો એમ જાણવું; કારણ કે અણુવટ એ નાયિકાનું ચરણભૂષણ છે. અહીં ઉત્પ્રેક્ષાલંકાર છે.

मुग्धा नायिका.

सिरस कुसुम मडरात अलि, न झुकि झपटि लपटात ।
दरसत अति सुकुमार तन, परसत मन न पत्यात ॥ २३३ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, સરસડાનાં ફુલની આસપાસ ભ્રમર ચક્રાકારમાં ભ્રમણ કરે છે, પણ ઝુકી ઝપટ કરી તેને લપટાતો નથી. કારણ તેનું તન અતિ સુકુમાર તેના જોવામાં આવે છે, તેથી તેને સ્પર્શ કરતાં મનને પતીજ પડતી નથી, અર્થાત્ મન વાધતું નથી.

ઉપલા દોહરાના પ્રથમ ચરણમાં જે "सिरस" શબ્દ છે, તે સંસ્કૃત "शिरीष" એ શબ્દનો અપભ્રંશ છે. ભર્તૃહરિના એક શ્લોકમાં છેલું वज्रमणीन् शिरीषकुसुमप्रांतेन संनह्यते" એ પ્રમાણે છે. તે ઉપરથી સરસડાના સુમનની સુકુમારતા પ્રાચીન કાવ્યોમાં પણ વખણાયલી જણાય છે.

ઉપલા દોહરાનો આશય એ છે કે, ભ્રમરરૂપી નાયક મુગ્ધા નાયિકારૂપી જે શિરીષકુસુમ, તેને સ્પર્શ કરવા જતાં અચકાય છે, પણ મનમાં આતુરતા રાખે છે. એમાં અપ્રસ્તુતપ્રશંસા અથવા અન્યોક્તિ અલંકાર છે.

सुकुमारतावर्णन.

भूखनभार संभारिहै, क्यों यह तन सुकुमार ।
सूधे पाय न धर परत, सोभाईके भार ॥ २३४ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકા આ સુકુમાર એવાં શરીરથી ભૂષણનો ભાર કેમ સંભાળી શકશે? કારણ કે તેણી શોભાના જ ભારથી પૃથ્વીપર સૂધાં પગલાં માંડી શકતી નથી.

નાયિકાની શોભા જે કુચ નિતંબ તેના જ ભારથી જ્યારે પૃથ્વીપર આમ તેમ પગલાં પડે છે, ત્યારે એ ભૂષણનો ભાર કેમ સંભાળશે? એ સખીનો કહેવાનો અભિપ્રાય છે.

એમાં "કેમ સંભાળશે?" એ કાકૂક્તિ છે. તેથી વક્રોક્તિ અલંકાર જાણવો. અર્થાત્ નહિ સંભાળી શકે એ અર્થ.

सुकुमारतावर्णन.

मैं बरजी कै बार तू, इत कित लेति करौट ।
पखुरी गरै गुलाबकी, परिहै गात खरौट ॥ २३५ ॥

અર્થ–સખી નયિકા પ્રત્યે કહે છે કે, મેં તને કેટલી વખત વારી–મના કીધી, તો પણ તું આણી તરફ ક્યાં પડખું બદલે છે? જો ગુલાબની પાંખડી ગડી જશે ના તો તારા શરીરમાં કાપા–ઉઝરડા પડશે.

"खरौट" તીક્ષ્ણ વસ્તુ શરીરને લાગ્યાથી જે ચિહ્ન તેપર થાય તે; તેમ જ કઠોર વસ્તુ શરીરને લાગ્યાથી જે ચિહ્ન થાય છે, તેને વ્રજભાષામાં "छरौट" એમ કહે છે.

"જો, તો; જ્યારે, ત્યારે; ઇત્યાદિ શબ્દોનો પ્રયોગ કરી સંભવ રહિત એવા અર્થની યોજના કરવામાં આવે ત્યાં અસંબંધાતિશયોક્તિ અલંકાર જાણવો.

પંડિત લલ્લુલાલ વગેરેએ સંબંધાતિશયોક્તિ અલંકાર એ દોહરામાં છે, એમ પોતાના ટીકા ગ્રંથોમાં જણાવ્યું છે. તે મારા વિચાર પ્રમાણે યથાર્થ નથી–કદાચ છાપનારની ભૂલથી પણ "અ" રહી ગયો હોય, એમ સંભવે છે.

मानवती नायिका.

नजक धरत हरि हिय धरै, नाजुक कमलबाल ।
भजत भार भयभीत ह्वै, घनचंदन बनमाल ॥ २३६ ॥

અર્થ–દૂતી નાયક પ્રત્યે કહે છે કે, હે હરિ! હૃદયપર ધારણ કરવાથી સુકુમાર પદ્મિની (કમળા) બાળાને ઘન જે કપૂર, ચંદન અને વનમાલ તે ભાર સમાન લાગવાથી ભયભીત થઈ ભાગે છે.

બીજો અર્થ–સખી નાયિકાને કહે છે કે, કપૂર, ચંદન અને વનમાળ ધારણ કરવાથી, હે સુકુમાર બાળા! હરિને કલ પડતી નથી. એમાં સુકુ-

માર એ વિશેષણ સાભિપ્રાય છે. સખીનો અભિપ્રાય એવો છે કે તું પણ સુકુમાર હોવાથી નાયકનાં કૃશતાનાં દુઃખને ભલી ભાંતિ જાણે છે. એમાં પરિકરાલંકાર છે. માનવતી નાયિકા છે.

ત્રીજો અર્થ–નાયિકાની ઉક્તિ–સુકુમાર કમળા જેવી બાળા હૃદયપર ધારણ કરેલી એવા કપૂર, ચંદન અને વનમાળા ધારણ કરતાં જાણે ભારથી ભયભીત થઈ ભાગે છે. દોહરાનો પહેલો શબ્દ "नजक" ને બદલે "जनकु" એ શબ્દ રાખી કેટલાએકે એ અર્થ કર્યો છે. "जनकु" એટલે જાણે.

चरणसौकुमार्यवर्णन.

छाले परिवेके डरन, सकत न हाथ छुवाय ।
झझकति हिये गुलाबके, झवा झवावति पाय ॥ २३७ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, સુંદરીનાં ચરણને રખે છાલાં પડી જતાં, તેના ડરથી દાસી હાથ અડાડી શકતી નથી. ગુલાબના ગુચ્છથી તેણીના ચરણ ધોઈ સ્વચ્છ કરતાં પણ હૃદયમાં ખંચાય છે.

"झवा" એટલે પગ ધોવાનાં સાધનરૂપ પદાર્થ; અને "झांवत" એનો અર્થ રગડી રગડીને ધોય છે એવો થાય છે. વ્રજના ગામડામાં સ્ત્રીઓ પગ રગડી ધોઈ સ્વચ્છ કરવા ઇંટનો ટુકડો રાખે છે, તે "झवा" કહેવાય છે. કચ્છ દેશનાં એક ગીતમાં "છબ છબ ધોયે ચારણી પેર, ખુડીયો ઘસે ચંદન કાઠ" એમ છે, તેથી ધનવાનની સ્ત્રીઓ પગ સ્વચ્છ કરવાના સાધનરૂપ એવો સુખડનો કટકો રાખતી હશે, એમ જણાય છે.

એમાં પેર એટલે પગ અને ખુડીયો એટલે પગની પેની એવો અર્થ છે.

स्वकीया नायिका.

लग्यो सुमन ह्वैहै सुफल, आतपदोष निवारि ।
वारी वारी आपनी, सींच सुहृदता वारि ॥ २३८ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, સુમન એટલે ઉત્તમ ફૂલ લાગ્યું છે, તો ફળ પણ ઉત્તમ જ થશે, એની તાપના દોષથી રક્ષા કર; અથવા સુમન એટલે તારું ઉત્તમ એવું મન લાગ્યું, તો ફલ પણ સારું જ થશે. હે બાળા! ક્રોધરૂપી ગરમીનું નિવારણ કર અને પોતાની પ્રેમવાટિકાને સુહૃદતારૂપ જળથી સિંચ. એમાં રૂપકાલંકાર તથા શ્લેષાલંકાર છે.

शिक्षाना मिषथी मुखप्रशंसा.

तू रहि सखि, हौंही लखौं, चढि न अटा बलिबाल ।
बिनही ऊगे ससि समुझ, दैहैं अर्घ अकाल ॥ २३९ ॥

અર્થ—સખી નાયિકા પ્રત્યે કહે છે કે, હે સખી! તું અહીં જ ઉભી રહે, હું જ જોઉં છું, બલિહારી જાઉં, તું અટારીપર ચઢ મા; નહિ તો ચંદ્ર વગર ઉદય પામે જ તારા વદનને ચંદ્રમા સમજી અકાળે અર્ધ્ય આપવા માંડશે.

સખીનાં કથનનું તાત્પર્ય એ છે કે ચંદ્ર ઉગ્યો કે નહિ, તે જોવાને તું મા જા; કારણ કે તારા જવાથી તારા મુખચંદ્રની ચંદ્રિકાથી ચંદ્રોદય થયો, એમ સમજી લોક અકાળે અર્ધ્યપ્રદાન કરશે એ મોટો અનર્થ થશે, માટે હું જ જાઉં છું, તું થોભ, એવી શિખામણના મસે તેના ચંદ્રમુખીત્વનું પ્રતિપાદન કર્યું. એમાં પર્યાયોક્તિ અલંકાર છે.

वदनशोभा.

दियो अरघ नीचे चलो, संकट भानै जाय ।
सुचिति ह्वै औरै सबै, ससिहि बिलोकै आय॥ २४० ॥

અર્થ—સખી નાયિકા પ્રત્યે કહે છે કે, હે સખી! હવે અર્ધ્ય આપ્યો, નીચે ચાલો કે આપણાં સંકટ ભંજન કરિયે એટલે ભોજન કરી લઇયે. તેમ જ બીજાં બધાં આવી સ્વસ્થ ચિત્તે ચંદ્રમાનાં દર્શન કરે.

ઉપલા દોહરાના ત્રીજા ચરણમાં "सुचित्ती ह्वै" એ શબ્દો છે, તેનો અર્થ 'નિઃસંશય થઇને' એવો થાય છે.

ચોથનો ચંદ્ર પૂજવા જતાં આ પૂનમનો ચંદ્ર કેવો અને ઉલટી દિશામાં એનો ઉદય કેવો, એ બે વાતોમાં લોકને સંશય ન થાય માટે નીચે ચાલો, એટલે તમારા વદનરૂપ રાકાશશિ નહિ જોવામાં આવ્યાથી બીજાનાં મન સંશયમુક્ત થાય, એ સખીના કથનનો આશય છે. એમાં સંદેહાલંકાર છે.

उपालंभमिषथी नेत्रप्रशंसा.

कहा लडैते दृग करे, परे लाल बेहाल ।
कहुँ मुरली, कहुँ पीतपट, कहूँ मुकुट बनमाल ॥ २४१ ॥

અર્થ—સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તેં એવાં તે શું તારાં લાડક-વાયાં લોચનને બહેકાવી મૂક્યાં છે? લાલ (કૃષ્ણ) કેવા બેહાલ (અચેત) પડ્યા છે તે તો જો. ક્યાં મુરલી, ક્યાં પીતાંબર, ક્યાં મુગટ ને ક્યાં નવ-માલા પડી છે. એ બધો ગજબ આ તારાં લાડકવાયાં લોચને કીધો છે.

એમાં લોચનની નિંદાના મિષથી સ્તુતિ કરવામાં આવી, તેથી વ્યાજ-સ્તુતિ અલંકાર જાણવો.

प्रेमगर्विता.

पिय मनरुचि ह्वैबो कठिन, रुचि न होत शृंगार ।
लाख करो आंखि न बढे, बढे बढाये बार ॥ २४२ ॥

અર્થ—નાયિકા સખી પ્રત્યે કહે છે કે, નાયકના હૃદયમાં રુચિ ઉપ-જવી કઠણ છે, શૃંગારની કૃત્રિમ શોભાથી રુચિ ઉપજતી નથી. લાખ ઉપાય કરવાથી પણ આંખ વધારી ન વધે, પણ વધારવાથી—વાર લગાડ-વાથી વિલંબ વધે ખરો.

નાયિકાએ સપત્નીઓને શૃંગાર કરતી જોઈ વિચાર કર્યો કે, પ્રીતમનું મન એમનાપર રખે લાગી જાય, તેના સમાધાનને અર્થે સખીનું એ કથન છે, એમ પણ સંભવે.

"बढे बढाये बार" એ ચોથા ચરણનો અર્થ વાળ એટલે કેશ વધાર્યા વધે એમ પણ થાય છે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

मानवती नायिका.

गहली गरब न कीजिये, समय सुहागहि पाय ।
जीकी जीवन जेठलों माह न छांह सुहाय ॥ २४३ ॥

અર્થ—સખી નાયિકા પ્રત્યે કહે છે કે, હે માનિની! સૌભાગ્યનો સમય પ્રાપ્ત થયાનો ગર્વ ન કીજીયે; જીવની જીવન એવી (વૃક્ષની) છાયા જેઠ મહિનાની પેઠે મહા મહિનામાં સુહાય નહિ એટલે સારી લાગે નહિ.

સર્વ વસ્તુ સમયને અનુસારે શોભે છે, જે જેઠ માસમાં હિતકારિણી લાગે છે તે જ વૃક્ષછાયા માઘ મહિનામાં સુખદ લાગતી નથી; માટે સઘળું સમય પ્રમાણે શોભે છે. એટલા માટે તું માન છોડ. માનનો આ અવ-સર નથી, એમ સામાન્ય કથન કરી તેના સમર્થનને માટે ગ્રીષ્મ શિશિરની

છાયાના દૃષ્ટાંતથી વિશેષનું કથન કરવામાં આવ્યું, તેથી અર્થાંતરન્યાસાલંકાર જાણવો.

વસ્તુતઃ એમાં અર્થાંતરન્યાસ અને કાવ્યલિંગ અલંકારનો સંકર છે.

स्वीयाभिसारिका.

फूली फाली फूलसी, फिरत जु बिमल बिकास ।
भोरतरैयां होहि ते, चलत तोहि पिय पास ॥ २४४ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, વિમળ વિકાસ એટલે ઉજ્જવળ જ્યોતિથી શણુગાર સજી ફૂલી ફાલી ફૂલ સરખી તારી સોક્યો જે ફરે છે, તે તને પ્રીતમની પાસે ગમન કરતી જોઈ સવારના તારા સમાન તેજહીન થશે.

એમાં ઉપમાલંકાર છે.

श्रृंगार* तो कहेवानाज.

तन भूषन अंजन दृगनि, पगनि महाउर रंग ।
नहिं सोभाको साजियत, कहिवेहीके अंग ॥ २४५ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, તનમાં ભૂષણ, નેત્રોમાં અંજન, અને ચરણમાં પોથીનો રંગ, તેથી કાંઈ શોભામાં વૃદ્ધિ થતી નથી, એ તો કહેવા માત્ર છે.

આશય એ કે, શરીરના અંગમાં જ એ તો મળી જાય છે, એની શોભા જોવામાં આવતી નથી. એટલે કનકનાં જે ભૂષણ તેની કાંતિ તે તેના શરીરની કાંતિમાં મળી જાય છે, અંજન આંજ્યા વિના જ આંખ કાળી છે, અને ચરણની રક્તિમામાં પોથીનો રંગ મળી જાય છે. એ કારણથી એ શોભા તો કહેવા માત્રની જ છે. એમાં મિલિતાલંકાર છે.

विच्छित्तिहाव.

बेंदी भाल तँमोल मुख, सीस सिलसिले बार ।
दृग आँजे राजै खरी, यही सहज श्रृंगार ॥ २४६ ॥

---

* શ્રૃંગાર ૧૬ છે તેનો શ્લોકઃ–आदौ मज्जनचारुचीरतिलकं नेत्राञ्जनं कुण्डलं, नासामौक्तिक पुष्पहार कबरी कण्ठे च मुक्तावली; अङ्गे चन्दनलेपनं कुचमणि : क्षुद्रावली घंटिका, ताम्बूलं करकङ्कणं चतुरता श्रृंगारकाः षोडश इति.

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, કપાળમાં ચાંદલો, મુખમાં તંબોળ, માથાપર સ્નિગ્ધ કેશ અને આંખમાં અંજન કરવાથી તું સહજ શૃંગારથી અતિ શોભાને પ્રાપ્ત થઈ રહી છે.

એમાં જાતિ અલંકાર છે.

उपालंभ.

खरी पातरी कानकी, कोन बहाऊ बानि ।
आककली न रली करे, अली! अली जियजानि ॥ २४७ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તું કાનની બહુ કાચી છે, જે સાંભળે છે, તે ખરું માની લે છે, એ તારો બીજા બહેકાવે તેમ બહેકવાનો સ્વભાવ તે કેવો? હે સખી! તું તારા મનમાં નિશ્ચય સમજ કે, આંકડાની કળીશું ભ્રમર પ્રીતિ નથી કરતો, અથવા તે કળીને જોઈ તે રળિયાત-પ્રસન્ન નથી થતો.

એમાં ત્રીજા ચરણમાં કલી, રલી એ છેકાનુપ્રાસ અને ચોથા ચરણમાં પ્રથમ "अली" નો અર્થ સખી છે અને તેની સાથેના બીજા "अली" શબ્દનો અર્થ ભ્રમર એમ શબ્દ એક પણ અર્થ ભિન્ન હોવાથી યમકાનુપ્રાસ અલંકાર જાણવો.

द्राक्षनो चाखनार लिंबोडी चाखे?

तो रस राच्यो आन बस, कहै कुटिल मति क्रूर ।
जीभ निबौरी क्यौं लहै, बौरी चाख अँगूर ॥ २४८ ॥

અર્થ-માનવતી નાયિકા પ્રત્યે સખી કહે છે કે, નાયક તારી પ્રીતિમાં પ્રસન્ન છે, તેને પરને વશ કહેનારા કુટિલ અને કુડમતિના છે. જેણે લીલી દ્રાક્ષનો સ્વાદ ચાખ્યો હોય તે જીભને, હે ઘેલી! લિંબોડી-લીમડાનું ફળ કેમ સ્વાદ લાગે?

તારો પ્રીતમ પરાસક્ત નથી, એ સમર્થનીય અર્થનું લિંબોડી અને દ્રાક્ષના દૃષ્ટાંતવડે એમાં સમર્થન કરવામાં આવ્યું, તેથી કાવ્યલિંગાલંકાર જાણવો.

स्वानुरागप्रकाश.

जौलौं लखौं न कुलकथा, तौलौं ठिक ठहराय ।
देखे आवत देखबो, क्योंहू रह्यो न जाय ॥ २४९ ॥

અર્થ–નાયિકા પોતાનો અનુરાગ પ્રકાશ કરતાં સખી પ્રત્યે કહે છે કે, જ્યાં સૂધી નાયક મારી દૃષ્ટિએ ન પડે ત્યાં સૂધી તો કુલકથા–કુલના માર્ગની કથા–(લજ્જા સૌશીલ્યાદિકને) ઠીક ઠીક મારા હૃદયમાં ઠરી રહે છે; પણ તેને જોયા એટલે મનમાં એમ થાય છે કે, એમને જોવા જ અને કેમે કર્યું મારાથી તેમ કર્યા વગર રહી શકાતું નથી.

એમાં સંભાવનાલંકાર છે.

तनशोभावर्णन.

रहि न सक्यो कसकर रह्मो, बस कर लीनो मार ।
भेदि दुसार कियो हियो, तनदुति भेदी सार ॥ २९० ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, રહી ન શકયો, જોર કરી થાકયો, તોપણ કામદેવે પોતાને વશ કરી જ લીધો–નાયિકાની તનની શોભારૂપ બરછીએ મારું હૃદય આરપાર ભેદ્યું અથવા મારા હૃદયને ભેદી તેના બે ટુકડા કર્યા. એમાં કાવ્યલિંગાલંકાર છે.

શબ્દાર્થ–"कसकर"=બળ કરીને. मार=કામદેવ. दुसार=બે ટુકડા. सार=બરછી.

सर्व रूपसौंदर्य तुजमांज.

तो तन अवधि अनूप, रूप लगो सब जगतको ।
मो दृग लागे रूप, दृगनि लगी अति चटपटी ॥ २९१ ॥

અર્થ–નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, તારું તન અનુપમ છે, તેમાં આખા જગતનાં સૌંદર્યને સમાવીને બ્રહ્માએ અવધિ કરી છે, એટલે હદ કરી છે; ટુંકામાં તારું તન એવું સુંદર છે કે અવધિ. મારાં નેત્ર રૂપને લાગ્યાં છે અને તે નેત્રોને અતિ ચટપટી લાગી છે.

એમાં માલાદીપકાલંકાર છે; તે દીપકાલંકાર અને એકાવલિના યોગથી થાય છે–એ અલંકાર યથાર્થ સમજમાં આવે માટે "તારા શરીર સૌંદર્યની અનૂપતા તો અવધિ કે જેમાં આખા જગતનું રૂપ લાગ્યું (સમાયલું) છે, તે રૂપને મારાં નેત્ર લાગ્યાં છે અને નેત્રને અતિ ચટપટી લાગી છે," એમ અર્થ કરવો એ વધારે સારું છે.

मानवती नायिका.

उयो सरद राकाशशी, करति क्यों न चित चेत ।
मनो मदन छितिपालको, छांहगीर छवि देत ॥ २५२ ॥

અર્થ-સખી માનવતી નાયિકા પ્રત્યે કહે છે કે, શરદનો પૂર્ણ ચંદ્ર ઉદય પામ્યો, તું ચિત્તમાં સાવધ કેમ થતી નથી? એ ચંદ્ર છે એમ રખે સમજતી, એ તો જાણે મદન મહારાજનું છત્ર શોભી રહ્યું છે, અથવા શોભા આપે છે.

એમાં વસ્તૂત્પ્રેક્ષાલંકાર છે. જ્યાં એક વસ્તુમાં બીજીની સંભાવના કરવામાં આવે ત્યાં વસ્તૂત્પ્રેક્ષા જાણવી. આમાં ચંદ્ર એ વસ્તુમાં મદન છત્રની સંભાવના કરવામાં આવી, તેથી વસ્તૂત્પ્રેક્ષા જાણવી.

भयानकरस.

डिगत पानि डिगलात गिरि, लखि सब ब्रज बेहाल ।
कंप किशोरी दरसिके, खरे लजाने लाल ॥ २५३ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, કિશોરી એટલે રાધિકા તેને જોઈને એટલે તેણીનાં વદનના દર્શનથી જે કંપ થયો, તેથી કર કંપવાથી ગોવર્ધન ગિરિ ડગમગવા લાગ્યો અને સકલ વ્રજને ગભરાયલું જોઈ લાલ એટલે શ્રીકૃષ્ણ અતિ લજાયા.

કંપ નામક સાત્વિક ભાવ રાધાનાં દર્શનથી થયો, તેથી રખે પ્રીત પ્રગટ થઈ જતી, એમ જાણી લજ્જા પામ્યા.

એમાં ભય સ્થાયી ભાવ હોવાથી ભયાનક રસ છે. એમાં હેતુ અલંકાર છે.

लक्षिता नायिका.

सुरति न ताल रु तानकी, उठै न सुर ठहराय ।
एरी राग बिगारिगो, बैरी बोल सुनाय ॥ २५४ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, મને તાલ અને તાનની સુરત ન રહી, તેમ ઠરી-સ્થિર થઈને સુર પણ, ઉઠે નહિ એમ થયું. હે સખી! પોતાનો બોલ સંભળાવી વેરી જે નાયક, તે મારો રાગ બિગાડી ગયો.

નાયિકાને સ્વરભંગ નામનો સાત્વિક થયો, તેથી તેણીનો રાગ બિગડ્યો; અને તેણીનું વચન સાંભળી થોભ્યો નહિ, તેથી વેરી કહ્યો.

સ્વાભાવિક ધ્વનિમાં જે વિપર્યય તેને સ્વરભંગ એવું નામ આપવામાં આવ્યું છે. એમાં છેકાનુપ્રાસાલંકાર છે.

બીજો અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તને તાલ ક્યાં ને તાન ક્યાં તેની કાંઈ સુરત નથી રહેતી, ઠરીને સુર પણ ઉઠતા નથી; હે સખી! વેરી એવો નંદસુત બોલ સંભળાવી રાગ બિગાડી ગયો. લક્ષિતા નાયિકા.

ध्यानदर्शन.

ध्यान आनि ढिग प्रानपति, मुदित रहत दिनरात ।
पल कंपत पुलकत पलक, पलक पसीजत जात ॥ २९५ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, વિરહદશામાં પણ તે નાયિકા જાણે પ્રિયની સમીપમાં હોય તેમ, પ્રાણપતિને ધ્યાનમાં આણી રાત્ર દિવસ મુદિત રહે છે. ક્ષણમાં કંપે છે, ક્ષણમાં પુલકિત થાય છે અને ક્ષણમાં પ્રસ્વેદિત થાય છે.

એમાં વિયોગદશામાં પણ કંપ, હર્ષ, સ્વેદાદિ સાત્વિક ભાવના વર્ણનથી નાયિકા ધ્યાનમાંની ધ્યાનમાં પ્રિયસમીપસ્થ હોય એવી થઈ એ ભાવ.

गांधर्वविधिथी लग्न.

स्वेद सलिल रोमांच कुस, गहि दुलहिनि अरु नाथ ।
दियो हियो सँग नायके, हाथ लियेही हाथ ॥ २९६ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, વધૂવરે સ્વેદરૂપી સલિલ એટલે જળ અને રોમાંચરૂપ દર્ભ ગ્રહણ કરી પાણિગ્રહણ થતાં જ–હાથેહાથ મળતાં જ એક બીજાને હૃદય પણ અર્પણ કર્યાં.

એમાં વધૂવરના ગાંધર્વ વિવાહનું વર્ણન હોવાથી પ્રીતિનો ઉત્કર્ષ દર્શાવેલો છે. રોમાંચરૂપી દર્ભ અને પસીનારૂપી જળ એ સંકલ્પ સામગ્રી કરીને કરગ્રહણની સાથે જ મનનો પણ સંકલ્પ કરી પરસ્પર અર્પણ કરવામાં આવ્યાં. અર્થાત્ તેપરથી પોતાનું સ્વત્વ નિવારણ કરી બીજાનું

સ્વત્વ ઉત્પન્ન કરવામાં આવ્યું. ટુંકામાં એકલો હાથ જ એટલે તનપરથી જ એક બીજાની માલિકી દૂર કરવામાં ન આવી, પણ એક બીજાના મનપરની માલિકી પણ બન્નેએ છોડી. એમાં રૂપકાલંકાર છે.

विरहावस्था.

तच्यो आँच अति बिरहकी, रह्यो प्रेमरस भीजि ।
नयन निके मग जल बहै, हियो पसीज पसीज ॥ २५७ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, વિરહની આંચથી તપેલું અને પ્રેમ રસથી ભીજાયલું એવું જે હૃદય, તેમાંથી પ્રસ્વેદિત થઈ થઇને નેત્ર માર્ગથી જળ વહે છે.

એમાં પ્રોષિત નાયિકા અથવા પ્રોષિત નાયકની વિરહાવસ્થા વર્ણવવામાં આવી છે. સમાસોક્તિ અલંકાર છે.

એમાં નાયક અથવા નાયિકાના નેત્રમાંથી વિયોગને લીધે જે અશ્રુઓ વહે છે, તે સખી સખી પ્રત્યે કહે છે.

परकीया लक्षिता.

यह मैं तोहीमें लखी, भक्ति अपूरव बाल ।
लहि प्रसादमाला जु भौ, तन कदंबकी माल । २५८ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, હે બાલે! આ અપૂર્વ ભક્તિ તો મેં તારામાં જ જોઈ કે વલ્લભદત્ત પ્રસાદમાલાની પ્રાપ્તિ થયાથી તારૂં તન કદંબની માલા સરખું એટલે રોમાંચિત થયું.

એમાં હેતુ અલંકાર છે. એમાં નાયિકા લક્ષિતા છે.

स्वाधीनपतिका.

नैंकु उतै उठि बैठिये, कहा रहे गहि गेहु ।
छुटी जात नहँदी छिनक, महँदी सूखन देहु ॥ २५९ ॥

અર્થ-નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, જરા પરે (દૃષ્ટિથી દૂર) ઉઠીને બેસો, એમ ઘર પકડીને શું બેસી રહ્યા છો? મારા નખને ચોપડેલી મેંદી છૂટી જાય છે, તે થોડીવાર સુકાવા દો.

એ ઉપરથી મારા રૂપપર મોહિત થઈ નજીકના નજીક શું બેસી રહ્યા છો? જરા પરા બેસો, એવી પ્રીતિપૂર્વક સ્વાધીનપતિકા નાયિકાની ઉક્તિ છે.

નાયિકાનો કહેવાનો આશય એ કે, તમારાં દર્શનથી સાત્વિક થઈ સ્વેદથી ભીંજાઈ મેંદી છૂટી જાય છે, માટે વેગળા જઈ બેસો.

પ્રીતિના આધિક્યથી નાયકને નાયિકા પરા બેસવાનું કહે, તેમાં ખોટું લગાડવા જેવું ન હોય.

रोमाचनामक सात्विकभाव.

पहरतही गोरे गरे, यों दोरी दुति लाल ।
मनो परसि पुलकित भई, मौलसिरीकी माल ॥ २६० ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, હે કૃષ્ણ! નાયિકાએ પોતાના ગૌર કંઠમાં પહેરતાં જ તેની શોભા એવી દોડી કે, જાણે તેણીનો સ્પર્શ થવાથી બકુલકુસુમની માલા રોમાંચિત થઈ હોય.

તાત્પર્ય એ કે, પ્રિયાએ પ્રિયની આપેલી માળા પોતાના ગૌર કંઠમાં પહેર્યાથી તેની શોભા એવી વધી કે, જાણે પ્રિયના કરનો સ્પર્શસુખાનુભવ થયો હોય. એમાં હેતૂત્પ્રેક્ષાલંકાર છે.

स्वेदनामक सात्विकभाव.

हित करि तुम पठयो लगै, वा बिजनाकी वाय ।
टरी तपन तनकी तऊ, चली पसीना न्हाय ॥ २६१ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, તમે પ્રેમ સહિત જે પંખો મોકલ્યો, તેનો પવન લાગ્યાથી શરીરની તપન-તાપ તે તો ટળી, પરંતુ પસીનામાં નાહી ગઈ.

અર્થાત્ સાત્વિકભાવ પ્રગટ થયાથી પસીનો આવ્યો.

એમાં પંચમ વિભાવનાલંકાર છે.

किलकिंचित हाव.

सहित सनेह सकोच सुख, स्वेद कंप मुसकानि ।
मान पानि करि आपने, पान दिये मो पानि ॥ २६२ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, સ્નેહ, સંકોચ, આનંદ, સ્વેદ,

કંપ અને પરિહાસપૂર્વક પ્રિયાએ મારા પ્રાણ પોતાના પાણિમાં (હાથમાં) કરી લીધા અર્થાત્ પોતાને હાથે કરી મારા પાણિમાં-હાથમાં પાન આપ્યાં.

એમાં લજ્જાદિકનું સાંકર્ય હોવાથી કિલકિંચિત હાવ જાણવો. તેણીનું તાંબુલ આપવાનું ચાતુર્ય તેમ જ તેણીનું સૌંદર્ય જોઈ લજ્જા કંપાદિકના પ્રાદુર્ભાવથી પ્રીતિનો ઉત્કર્ષ જોઈ તેને વશ થયલા એવા નાયકની એ સખી પ્રત્યે ઉક્તિ છે. "क्रोधाश्रुहर्षभीत्यादेः संकरः किलकिंचितम."

જ્યાં અધિક ન્યૂન અથવા ન્યૂન અધિકની અદલા બદલી વર્ણવી હોય ત્યાં વિનિમયાલંકાર જાણવો. આમાં પ્રાણ અને પાનની અદલા-બદલી કથવામાં આવી છે, તેથી વિનિમયાલંકાર છે.

सुरतलक्षिता.

यह बसंत न खरी गरम, अरी न सीतल बात ।
कह क्यों प्रगटे देखियत, पुलकि पसीजे गात ॥ २६३ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, આ વસંત ઋતુ છે, એમાં પવન ન તો અતિ ઉષ્ણ કે ન તો અતિ શીતલ એવો છે; તો તારા પ્રસ્વેદયુક્ત અંગમાં રોમાંચ કેમ પ્રગટ્યાં છે તે કહે.

પવન અતિ ઉષ્ણ હોય તો ઘામ થાય, તેમ અતિ શીત હોય તો રોમાંચ થાય, પણ શીતોષ્ણ સમાન હોય તો ઘામ ને રોમાંચ ન હોય, તેથી પ્રિયસુરતસમાગમ જનિત ઘર્મરોમાંચ જણાય છે, એ સખીના વચનનો અભિપ્રાય છે. એ ઉપરથી સુરત લક્ષિતા નાયિકા છે.

શીતોષ્ણ સમાન એવો પવન આવવારૂપ પ્રતિબંધ છતે ઘર્મ અને રોમાંચિતપણાંરૂપ કાર્યોત્પત્તિ થયાથી ત્રીજો વિભાવનાલંકાર જાણવો.

ઉપલા દોહરામાં નાયિકાની ઉક્તિ સખી પ્રત્યે લઈ અર્થ કરવામાં આવે તો નાયિકા અન્યસંભોગ દુ:ખિતા.

लक्षिता नायिका.

ऊंचे चितै सराहियत, गिरह कबूतर लेत ।
दग झलकित मुलकित बदन, तन पुलकित किहिं हेत ॥२६४॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, આકાશમાં કબૂતર ઘુમરી–ચક્કર લે છે. તે ઉંચે જોઈ તેની ચક્કર લેવાની જે ચાતુર્ય-કળા તેનાં વખાણ કરે

છે; ને તારાં ચમકતાં નેત્ર, મલકતું મુખ અને પુલકિત શરીર શાથી છે, તેનું કારણ કહે.

કબૂતર પ્રીતમનું હોવાથી તેનું સ્વરૂપ તારા મનમાં ઉપસ્થિત થયાથી આ સાત્વિક ભાવ પ્રગટ્યો છે, એ સખીની ઉક્તિનો અભિપ્રાય હોવાથી લક્ષિતા નાયિકા જાણવી.

કબૂતરનાં ચક્કર લેવાના ચાતુર્યદર્શન જનિત ઉત્સાહથી ઉત્પન્ન એવાં રોમાંચ છે, એમ દર્શાવી સખી આગળ નાયકની પ્રીતિનું ગોપન કરવામાં આવ્યું, તેથી વ્યાજોક્તિ અલંકાર જાણવો. અન્ય હેતુના કથનવડે જ્યાં આકાર–સ્વરૂપનું ગોપન કરવામાં આવે ત્યાં વ્યાજોક્તિ જાણવો.

स्वाधीनपतिका.

रहौ गुहीं बेनी लखे, गुहिबेके त्योनार ।
लागे नीरचुचावने, नीठ सुखाये बार ॥ २६५ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, રહેવા દો, વેણી ગુંથાઈ ને તમારું ગૂંથણ કળાનું ચાતુર્ય પણ જોઈ લીધું. એ ચાતુર્ય તો તમારામાં જ જોવામાં આવે છે, અન્યમાં નહિ. જે બાળ મેં નીચોવી સૂકવેલા, તેમાંથી પાણી ચુવા લાગ્યું અથવા તે પાણી ચુતા થયા.

નીરરહિત કેશમાંથી નીર સ્રવવા લાગ્યું, એવું અદ્‌ભુતત્વ પ્રતિપાદન કરી નાયકની કેશ ગુંથવાની ચાતુરી વખાણી, પોતાના કેશને સ્પર્શ થયો, તેથી થયલા સ્વેદરૂપ સાત્વિકભાવના કથનવડે નાયકનું સ્વાધીનત્વ તેમ જ પ્રેમાધિક્ય સૂચવ્યું, તેથી સ્વાધીનપતિકા નાયિકા જાણવી.

એમાં વિભાવનાલંકાર છે. નીરરહિત કેશમાંથી નીરસ્રવણ એ કારણ વિના કાર્યની ઉત્પત્તિ થઈ તેથી.

लीलाहाव.

राधा हरि हरि राधिका, बनि आये संकेत ।
दंपति रति विपरीत सुख, सहज सुरतहू लेत ॥ २६६ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, રાધા હરિ બની અને હરિ રાધા બની સંકેત સ્થળમાં આવ્યાં; દંપતી સહજ સુરતમાં પણ વિપરીત રતિનું સુખ લે છે.

પ્રિયના વેશ અલંકારાદિકનું જ્યાં અનુકરણ કરવામાં આવે ત્યાં લીલા હાવ જાણવો. આમાં પ્રીતમ પ્રિયા બન્નેએ વેશાલંકારાદિકનું અનુકરણ કરેલું હોવાથી બન્ને લીલાહાવનાં ઉદાહરણરૂપ છે-"अंगैर्वेषैरलंकारैः प्रेमाभिवचनैरपि । प्रतिप्रयोजितैर्लीलां प्रियस्यानुकृतिं विदुः" रसरत्नहार.

"पिय भूषन बचनादिकी, लीला करै जु बाल;
तासों लीलाहाव कहि, बरनत सुकबि रसाल. रसराज.

उन्माददशा.

तजि संक सकुचाति न चित, बोलति बाककुबाक ।
दिन छनदा छाकी रहति, छुटत न छन छबिछाक ॥ २६७ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, એણે શંકા તજી છે, ચિત્તમાં સંકોચ પામતી નથી, તેમજ વાક-કુવાક એટલે ગમે તેમ બોલે છે; રાત્ર દિવસ મત્ત જેવી રહે છે, એક ક્ષણ માત્ર પણ પ્રીતમના રૂપાસવ પાનનો મદ ઉતરતો નથી.

એમાં સખીની સખી પ્રત્યેની ઉક્તિથી નાયિકાની उन्माद દશા વર્ણવવામાં આવી છે.

આસવાદિકનાં પાનના મદ કરતાં રૂપાસવપાનના મદનું આધિક્ય વર્ણવવામાં આવ્યું, તેથી વ્યતિરેકાલંકાર જાણવો. "छनदा=સં. क्षणदा. રાત્રી.

विभ्रमहाव.

रही दहेंडी ढिग धरी, भरी मथनियां बारि ।
कर फेराति उलटी रई, नई बिलोअनहारि ॥ २६८ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, દહીંની ભરેલી મટુકી તો પાસે જ પડી રહી ને દહીં વલોવવાનું માટલું તેં પાણીથી ભર્યું, તેમજ ઉલટી રવઈ હાથથી ફેરવે છે, એવી અજબ તરેહની તું વલોવવાવાળી છે.

એમાં પ્રીતમનાં દર્શનથી મન ઠેકાણે ન રહ્યું, તે સમયની દશાનું સખીએ વર્ણન કર્યું છે. એમાં ભ્રાંત્યલંકાર છે.

એમાં વિભ્રમહાવ છે. રસરત્નહારમાં "त्वरया रागहर्षादेर्दयितागमनादिषु, अस्थाने भूषणादीनां विन्यासो विभ्रमो मतः" એ વિભ્રમ હાવનું લક્ષણ આપવામાં આવ્યું છે. અર્થ-વલ્લભના આગમન વગેરેમાં પ્રીતિ હર્ષાદિકના યોગે

ઉતાવળમાં ભૂષણ વગેરેનો અસ્થાને વિન્યાસ, તે વિભ્રમહાવ જાણવો. ભાગવતમાંથી પણ એનું ઉદાહરણ મળી આવે છે.

परकीया.

लहि सूने घर कर गह्यो, दिखादिखी कैईठि ।
गडी सुचित नाही करन, करि ललचौंहीं दीठि ॥ २६९ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, સુંનું ઘર જોઈ મેં દેખાદેખીની મિત્રતા કરી હાથ પકડ્યો, તવ તેણીએ લાલચુ દૃષ્ટિ કરી ના કહી અર્થાત "નેતિ નેતિ" એમ કહ્યું, તે મારા ચિત્તમાં ખટકી રહ્યું છે.

લાલચ ભરી આંખો કરી જે ના પાડી, તે હૃદયમાં શલ્યની જેમ પેઠી, અને હા પાડવા કરતાં પણ દેખાદેખી ઇષ્ટ માની જે ના પાડી, તે હા કરતાં અધિક સરસ અસરકારક થઈ પડી, એમ નાયક સખી પ્રત્યે કહે છે.

એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

क्रियाविदग्धा.

हरखि न बोली लखि ललन, निरखि अमिल सँग साथ ।
आँखिनहीमें हँसि धर्यो, सीस हियेपर हाथ ॥ २७० ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, પોતાના સાથમાં અણમલતો સંગ છે, એવું જોઈ લાલને જોઈ પ્રસન્ન થઈ નાયિકા મુખથી બોલી નહિ, પરંતુ આંખોમાં જ હસી, તેણીએ પોતાના મસ્તક તેમ જ હૃદયપર હાથ ધર્યો.

આંખોમાં હસી પોતાની પ્રસન્નતા જણાવી, મ્હોડાનું હસવું જૂઠું હોય, પણ નેત્રની ક્રિયા સર્વે સાચી. મસ્તકપર હાથ ધર્યો, તેની મતલબ એ કે, કેશ મસ્તકના શ્યામ છે, માટે જ્યારે અંધારું થશે ત્યારે મળીશ અને હૃદયપર હાથ ધર્યો, તે કુચકલશને શંભુની ઉપમા અપાય છે, તેથી શિવને સ્પર્શ કરીને કહું છું, એ અભિપ્રાય.

પારકાનો આશય સમજી તેના ઉત્તરરૂપ સાભિપ્રાય ચેષ્ટા વર્ણવવામાં આવે ત્યાં સૂક્ષ્માલંકાર જાણવો. ઉપર નાયકનો આશય જાણી તેના ઉત્તરરૂપ મસ્તક હૃદય વગેરેપર હાથ ધરવારૂપ આભિપ્રાયવડે નાયિકાની ચેષ્ટા વર્ણવવામાં આવી છે.

क्रियाविदग्धा.

लखि गुरुजन बिच कमलसों, सीस छुवायो श्याम ।
हरि सन्मुख करि आरसी, हिये लगाई वाम ॥ २७१ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકાને ગુરુજનોની મધ્યમાં બેઠેલી જોઈ શ્રીકૃષ્ણે કમળ માથે અડકાડયું ત્યારે હરિ સન્મુખ આરસી કરી, વામા જે નાયિકા તેણે પોતાના હૃદયપર તે લગાડી.

કમળ માથે લગાડયું અર્થાત્ પ્રણામ કીધો. હરિ એટલે સૂર્ય એમ પણ અર્થ હોવાથી અને આરસી છાતીપર લગાડી (તે સ્તનને પર્વતની ઉપમા અપાય છે) તે કારણથી સૂર્ય જ્યારે અસ્તાચળપર જશે ત્યારે મળીશ, એ નાયિકાનો અભિપ્રાય જણાય છે. માથે કમળ ધારણ કર્યું તે લક્ષ્મીનું નિવાસસ્થાન હોવાથી તું મને લક્ષ્મી જેવી વ્હાલી છે. એ ભાવ સમજી નાયિકાએ આરસી સામે કરી હૃદયે લગાડી, તેથી તમારું પ્રતિબિમ્બ હું મારા હૃદયમાં ધારણ કરું છું, એમ દર્શાવ્યું.

એમાં નાયકનાયિકા ઉભયનું ક્રિયા વૈદગ્ધ્ય જણાય છે. બોધક હાવ-સૂક્ષ્માલંકાર છે.

किलकिंचितहाव.

सुनि पगधुनि चितईइतै, न्हात दियेही पीठि ।
चकी झुकी सकुची डरी, हँसी लजीली दीठि ॥ २७२ ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, મારા પગલાંનો અવાજ સાંભળી નાયિકાએ પીઠ દઈને નહાતાં આણી તરફ જોઈ લજ્જાયુક્ત દૃષ્ટિથી ચકિત થઈ, સ્તંભિત થઈ, લજાઈ, ડરી અને હસી.

સમુચ્ચયાલંકાર છે. ભય લજ્જાદિક અનેક ભાવોનું સાંકર્ય-ભેલંભેલા હોવાથી કિલકિંચિત હાવ છે.

मध्यमा.

बालम बारे सौतिके, सुन परनारि विहार ।
भो रस अनरस, रिसरली, रीझ खीझ इकबार ॥ २७३ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયકે જે દિવસે સપત્નીનો વારો,

તે દિવસે પરસ્ત્રીશું વિહાર કર્યો. તે સાંભળી રસ અનરસ, રીસ પ્રસન્નતા અને રીઝ અને ક્રોધ એક સાથે જ થયાં.

રસ એટલે હર્ષ એટલા માટે સોકયનો વારો ટળ્યો, ઠીક થયું. અનરસ એટલે ઉદાસી એટલા માટે કે જેમ એની વારી ટાળી તેમ મારી પણ કાં ન ટાળે? અથવા ત્યાં ગયો ને મારી પાસ ન આવ્યો. રીઝી એમ કે મારી વારી ન ટાળી, ખીજી એમ કે કોક દી મારી સાથે એમ ન કરી પાડે. એ એની આદત ખોટી છે.

સાપરાધ પતિ હોવાથી કોપાયમાન અને નિરપરાધ જાણી સંતુષ્ટ એવો મધ્યમ ધર્મ અંગીકૃત કરેલો હોવાથી મધ્યમા જાણવી. એમાં દીપકાલંકાર છે.

न्यूनलज्जायुतामध्या.

पति रतिकी बतियां कही, सखी लखी मुसकाय ।
कै कै सबै टलाटली, अली चली सुख पाय ॥ २७४ ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, પતિએ રતિ સંબંધી વાત કહી, ત્યારે સખીઓ નાયિકા ભણી જોઈ હસીને સઘળી તરેહતરેહનાં મિષ કરી પ્રસન્ન થતી ચાલી ગઈ.

"ટલાટલી" કરીને એટલે એક એકને ધક્કા દેતી હસતી ચાલી ગઈ. એમ છળથી ઘર શૂન્ય કરવારૂપ ઈષ્ટ સાધવામાં આવ્યું, તેથી પર્યાયોક્તિ અલંકાર જાણવો.

अधिक लज्जायुतामध्या.

लखी दौरत पियकरकटक, वास छुडावन काज ।
बरुनीबन हगगढनिमें, रही गुढो करिलाज ॥ २७५ ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, પ્રિયતમનું કરકટક વાસ છોડવવાને માટે દોડતું જોઈ તે સમયે પાંપણરૂપ જે વન અને નેત્રરૂપી જે ગઢ, તેમાં લાજ જઈને છૂપાઈ બેઠી.

એમાં અધિક લજ્જાયુક્ત મધ્યા નાયિકાનું વર્ણન કરવામાં આવ્યું છે. નેત્રરૂપી ગઢમાં લજ્જા ભરાઈ બેઠી એટલે નેત્ર મીંચી દીધાં, એ અર્થ જાણવો. એમાં વાસ એટલે વસ્ત્ર તેમજ નિવાસસ્થાન એમ બે અર્થ છે.

લોકમાં પણ જબર સૈન્યના ભયથી વનના દુર્ગને। આશ્રય લેવામાં આવે છે, એ પ્રસિદ્ધ છે.

એમાં પતિના હાથ, બાળાનું વસ્ત્ર, વરુણી–પાંપણ અને લજ્જા એ જે ઉપમેયો તેમનો અને સૈન્ય, સદ્મ, વન અને દુર્ગ એ ઉપમાનોનો અભેદ વર્ણવવામાં આવેલો હોવાથી સમાભેદ રૂપકાલંકાર જાણવો. "गुढो" એટલે મેવાસ–ડેરો જે સ્થળને કોઈ જિતી શકે નહિ.

प्रौढानो सुरतारंभ.

सकुच सुरत आरंभही, बिछुरी लाज लजाय ।
ढरकि ढार ढुरि ढिग भई, ढीठ ढिठाई आय ॥ २७६ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, કામકેલિના આરંભમાં જ લાજથી લજ્જિત થઈ, સંકોચ વેગળો થયો, અને ધીટ એવી ધૃષ્ટતા આવીને ઢાલ-પર ઢળકતી આવતી હોય તેમ રાજી થઇને નાયિકાની નિકટ થઈ.

એમાં ત્રીજા ચરણમાં "ढरकि ढार ढुरि ढिग" એ શબ્દો છે તેમાં "ढारसों" એટલે સારીરીતે–ઉત્તમ રીતે; "ढरकि" એટલે સરકીને, "ढुरिकै" એટલે રાજી થઇને, અને "ढिग" એટલે નિકટ, એ પ્રમાણે અર્થ જાણવા.

એમાં વૃત્ત્યનુપ્રાસઅલંકાર એટલે વર્ણમિત્રતા છે.

परकीया प्रथममिलन.

भौंहति त्रासति मुख नटति, आँखिनसों लपटाति ।
ऐंच छुटावत कर इची, आगे आवति जाति ॥ २७७ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, ભૃકુટીની ચેષ્ટાવડે ભય પમાડે છે,–ડરાવે છે, મુખે નાના કરે છે, આંખોથું લપટાય છે, ખેંચીને પોતાને હાથ છોડવે છે પણ ખેંચેલી (ધીરે ધીરે) પાસે આવતી જાય છે.

એ અંતરંગ સખીની ઉક્તિ છે. નાયિકાનાં લક્ષણોપરથી તેનો પરપુરુષા-નુરાગ જાણી સખી પ્રત્યે કહે છે, તેથી પરકીયા–લક્ષિતા નાયિકા જાણવી.

એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

दीसिहाव.

दीप उजेरेहू पतिहि, हरत वसन रतिकाज ।
रही लपटि छविकी छटनि, नेकौ छुटी न लाज ॥ २७८ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, મંદિરમાં દીપકનું અજવાળું છતે રતિને અર્થે જ્યારે પતિએ વસ્ત્ર હરણ કર્યાં ત્યારે પણ તે નાયિકા છબીની છટાશું–છબીની જ્યોતિશું લપટાયલી જ રહી, પણ જરાએ લાજ ન છૂટી.

એમાં દીપ્તિહાવ દર્શાવવામાં આવ્યો છે. શોભા, કાંતિ, દીપ્તિ, માધુર્ય, પ્રગલ્ભતા, ઔદાર્ય અને ધૈર્ય એ સાત યત્નવડે નહિ ઉત્પન્ન થયલા એવા એટલે સ્વાભાવિક હાવ છે.

એમાં પતિએ વસ્ત્ર હરણ કરવાં એ રૂપ પ્રતિબંધક છતે લાજાળુપણા-રૂપ કાર્યની ઉત્પત્તિ થયાથી ત્રીજી વિભાવના જાણવી.

ना एटले हा.

जदपि नाहिं नाहीं वही, वदन लगी जक जाति ।
तदपि भौंह हांसी भरिनु, हाँसीये ठहराति ॥ २७९ ॥

અર્થ–સખી સખી પ્રત્યે અથવા નાયક પ્રત્યે કહે છે કે, જો કે નહિ નહિ કરવાની નાયિકાના વદનને રઢ લાગી રહી છે, તોપણ એની ભૃકુટી હાંસી ભરી–હાસ્યયુક્ત હોવાથી "હાંસીયે" હા સરખી જ તે ના ઠરે છે. અર્થાત્ નાયિકાના મુખમાં "ना" પણ ભૃકુટીમાં "हा" છે.

એમાં વિરોધાલંકાર છે.

रतिमहिमावर्णन.

चमकत मक हांसी सिसक, मसक झपट लपटानि ।
ए जिहिं रति सो रति मुकति, और मुकति अतिहानि ॥ २८० ॥

અર્થ–નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, ચમકવું, ગર્વ ધારણ કરવો, હસવું, સીત્કાર કરવો, ઇર્ષ્યા કરવી અને શીઘ્ર લપટવું, એ જેને રતિજન્ય આનંદ તે જ મુક્તિ છે, બીજી જે મુક્તિ, તે અતિ હાનિરૂપ છે.

નાયક કહે છે કે, બીજી જે મુક્તિ તે વ્યર્થ છે. ઉપર જણાવેલા પ્રકારની જે રતિ તેના આનન્દ આગળ મુક્તિ કશા લેખામાં નથી; તેવી મુક્તિ પ્રાપ્ત કરી શું કરિયે? નિરાકાર પરબ્રહ્મ બની શું સુખ લઇયે? જો સ્વર્ગમાં રમઝમ કરતી દેવાંગના ન હોય તો તે સ્વર્ગ પણ શું કામનું? માટે સાર વસ્તુ તો ઉપર જણાવેલા પ્રકારની રતિ જ છે, એ નાયકના કથનનો અભિપ્રાય છે. એમાં વ્યતિરેકાલંકાર છે.

प्रौढा नायिका.

सकुचि सरकि पिय निकटतैं, मुलकि कछुक तन तोरि ।
कर आँचरकी ओटकर, जमुहानी मुखमोरि ॥ २८१ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, સંકોચાઇને પ્રિયની પાસથી ખસી જઈ હસી અંગ મોડી હાથવડે વસ્ત્રના છેડાની ઓટ કરી–પડદો કરી અર્થાત્ વસ્ત્રાંચલથી લાજથી વદન ઢાંકી મુખ મરડી બગાસું ખાધું. આશય એ કે, નાયિકાએ સંભોગેચ્છા સૂચિત કરી. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

जृंभा नामक सात्विक.

लखि लखि अँखियानि अधखुलिनि, अंग मोरि अँगराय ।
आधिक उठि लेटनि लटकि, आलस भरी जंभाय ॥ २८२ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકા અડપડિયાલી આંખોએ નાયક ભણી જોઇ જોઇને અંગ મોડી બે ભુજ જોડી આળસભરી બગાસું ખાઈ શૈય્યામાં અડધી ઉઠેલી એવી લટકીને પાછી લોટી જાય છે.

એમાં જૃંભા નામક સાત્વિક ભાવ વર્ણવેલો છે. જૃંભા એ પણ નવમો સાત્વિક ભાવ માનવામાં આવ્યો છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

संयोगशृंगार.

नीठि नीठि उठि वैठिहू, पिय प्यारी परभात ।
दोऊ नींद भरे खरे, गरे लागि गिरि जात ॥ २८३ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, પ્રિય અને પ્રિયા પ્રભાત સમયે જેમ તેમ કરી ઉઠી બેઠાં છતે, બન્ને ખરાં નિદ્રાથી ઘેરાયલાં એવાં ગળે વળગી પડી જાય છે. નાયક નાયિકાની સુરતાંતદશા વર્ણન કરતી એવી અંતરંગ સખીની એ ઉક્તિ છે, તેપરથી સંયોગ શૃંગાર વ્યંગ્ય છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

सुरत लक्षिता.

रँगी सुरति रँग पियहिये, लगी जगी सबराति ।
पैंड पैंडपर ठठकिकै, ऐंड भरी ऐंडाति ॥ २८४ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, સુરત રંગમાં રંગાયલી પ્રિયતમની છાતીએ લાગેલી એવી આખી રાત જાગી છે, તેથી પગલે પગલે અટકી અભિમાન ભરી અકડાય છે.

એમાં સખી નાયિકા પ્રત્યે કહે છે, એમ સમજવામાં આવે તો નાયિકા લક્ષિતા જાણવી. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

उपालंभ.

यों दलमलियत निरदई, दई कुसुमसे गात ।
कर धर देखो धरधरा, अजौं न उरको जात ॥ २८५ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે, ફુલ સરખાં એટલે કોમળ એવાં ગાત્ર-શરીર તેને, અરે! દૈવ નિર્દય આવી રીતે મસળે છે; અર્થાત્ જેમ નિર્દય એટલે દયારહિત મસળી નાંખે તેમ તમે પણ કરો છો. હવડાંજ નાયિકાના હૃદયપર હાથ ધરી જુઓ, તેનો ધબકારો હજી જતો નથી-દૂર થતો નથી.

હું કહું છું તે સત્ય છે કે નહિ, તે તેણીના હૃદયપર હાથ ધરી તપાસી જુઓ, એમ ઉપાલંભ દેવા ઇચ્છતી સખીની એ ઉક્તિ છે.

એમાં પર્યાયોક્તિ અલંકાર છે.

स्मृति दशा.

लहि रति सुख लगियै हिये, लखी लजौंही नीठि ।
खुलति न मो मन बँधि रही, वहै अधखुली दीठि ॥ २८६ ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, જે સમયે તે રતિસુખ લઈ હૃદયશું લપટાઈ અને તેણીએ લજ્જાયુક્ત દૃષ્ટિથી મારી ભણી જોયું, તે તેણીની અધપડિયાળી દૃષ્ટિ મારા મનથી અલગ નથી થતી. હજી મનમાંની મનમાંજ ભરાઈ રહી છે.

એમાં નાયકની સ્મૃતિદશા કથન કરવામાં આવી છે.

એમાં ત્રીજા અને ચોથા ચરણમાંના શબ્દોનો કેટલાંક પદ મૂકી દઈ અર્થ કરતાં "તેજ અધખુલી દૃષ્ટિ (મારા મનમાં બંધાઈ રહી છે તે) હજી ખુલતી નથી" એમ અર્થ થયાથી વિરોધાભાસ અલંકાર સ્પષ્ટ સમજાય છે.

संयोगशृंगार.

विनती रति बिपरीतकी, करी परसि पिय पाय ।
हसि अनबोलेही दियो, उत्तर दियो बताय ॥ २८७ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયકે નાયિકાનાં ચરણને સ્પર્શ કરી વિપરીત રતિની વિનતિ કીધી ત્યારે તેણીએ સ્મિતપૂર્વક વગર બોલે જ ઉત્તર આપ્યો, તે મેં તને બતાવી દીધો.

એમાં અણબોલે મૌન ધારણ કર્યાથી નાયિકાએ પોતાનું લાજાળુપણું દર્શાવ્યું અને હસવાથી પોતાનો અભિલાષ દર્શાવ્યો, તેથી "ન બોલવું જ અંગીકાર" (Silence is consent) છે.

संयोगशृंगार.

पर्यो जोर बिपरीत रति, रूपी सुरत रनधीर ।
करति कुलाहल किंकिनी, गह्यो मौन मंजीर २८८ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, વિપરીત રતિનો ભાર પડવાથી સુરતસંગ્રામમાં રણધીર એવી નાયિકા મચી છે, તે સમયે કિંકિણી એટલે કટિસ્થ ક્ષુદ્રઘંટિકા તે કોલાહલ કરે છે અને મંજીરે મૌનવ્રત ધારણ કર્યું છે.

એમાં પણ અંતરંગસખીની ઉક્તિ છે. એમાં સમાસોક્તિ અલંકાર છે.

"मंजीर"=નેપુર.

लक्षिता नायिका.

मेरे बूझे बात तू, कत बहरावति बाल ।
जगजानी बिपरीत रति, लखि बिंदुली पिय भाल ॥ २८९ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, હું તને વાત પૂછું છું ને હે બાળા! તું તે વાત ઉડાવી કેમ નાંખે છે? પ્રિયના કપાલમાં બિંદલી જોવામાં આવી, તેથી વિપરીત રતિ જગતે જાણી.

"बिंदुली" એટલે બિંદુ સરખું કાચાદિથી બનાવેલું લલાટનું ભૂષણ, જેને હિંદીમાં "बेंदी" કહે છે તે. અનુમાનાલંકાર છે.

સખી નાયિકાને કહે છે કે, તેં તો મારાથી વાત છૂપાવી, પણ બિંદુ જે પ્રિયભાલસ્થિત લલાટ ભૂષણ થયું, તેથી વિપરીત રતિવૃત્તાંત પ્રગટ જણાયો. લક્ષિતા નાયિકા જાણવી.

संयोगशृंगार.

रमन कह्यो हँसि रमनिसों, रति बिपरीत बिलास ।
चितइ करि लोचन सतर, सगरब सजल सहास ॥ २९० ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાયકે નાયિકાને વિપરીત રતિનો વિલાસ કરવા કહ્યું ત્યારે કોપયુક્ત, ગર્વયુક્ત, લજ્જાયુક્ત અને હાસ્યયુક્ત એવાં લોચન કરી રમણીએ રમણ ભણી જોયું.

ફરી ફરી એનું એ જ શું કહો છો, તેથી સકોપ નેત્ર, વિપરીતમાં શ્રમાધિક્યની ભીતિ તેથી સજલ, અને સાભિલાષત્વ હોવાથી હાસ્યયુક્ત એ ભાવ છે. એમાં કિલકિંચિતહાવ તેમ જ અલંકાર સ્વભાવોક્તિ છે.

लक्षिता.

पटको ढिगकत ढाँपियत, सोभित सुभग सुवेख ।
हद रदछद छबि देखियत, सद रदछदकी रेख ॥ २९१ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, સુંદર સ્વરૂપવડે શોભાયમાન એવી તુરતની જ દંતક્ષતની રેષા જે હોઠને શોભા આપવામાં હદ્‌–અવધિ કરી રહેલી જણાય છે, તેને ઘુંઘટપટની નિકટ શું કરવા ઢાંકે છે.

"रदछद" એટલે દાંતનું આચ્છાદન કરવાવાળો અધર–હોઠ. દયારામે "રંગ્યા વિના રક્ત દશન વસનરે" કહ્યું છે તેમાં "દશન વસન" એ ઉપલા "રદછદ"નો પ્રર્યાય જાણવો. "सद" સં.–सद्यः એટલે તુરતની "रदछद" એટલે દંતક્ષત.

એમાં શબ્દાલંકાર વૃત્ત્યનુપ્રાસ છે; વૃત્ત્યનુપ્રાસને વર્ણમૈત્રી પણ કહે છે. તેમ જ નાયિકાકૃત ઘુંઘટપટ ઢાંકવારૂપ પ્રતિબંધ છતાં દશનક્ષત સૂચિત સુરતનાં પ્રાગટ્યરૂપ કાર્યોત્પત્તિ થઈ, તેથી ત્રીજી વિભાવના જાણવી.

प्रौढा धीरा धीरा.

आज कछू औरै भये, ठये नये ठिक ठैन ।
चितके हितके चुगलये, नितके होय न नैन ॥ २९२ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, નવા ઉત્સવના રંગમાં ઘેરાયલાં–મચેલાં એવાં જે તમારાં નેત્ર, તે આજે કંઈ ન્યારાં જ જોવામાં આવે

છે; ઠીક ઠરીને સ્થિર રહેતાં નથી. હૃદયની પ્રીતિની ચુગલી કરનારાં એ જે તમારાં લોચન, તે રોજ જેવાં જોવામાં આવતાં નથી.

એમાં નેત્ર યુગલના ન્યારાંપણાં ઉપરથી એટલે નેત્રનાં ચાપલ્યથી જોવામાં આવતાં વૈલક્ષણ્ય ઉપરથી જે અપરાધ જણાયો, તેનું નાયિકા તરફથી કથન કરવામાં આવ્યું તેથી પ્રૌઢાધીરા ધીરા નાયિકા જાણવી; કારણ કે વ્યંગ્ય અને અવ્યંગ્ય કોપનો પ્રકાશ એમાં કરવામાં આવ્યો છે. એ સખી વચન નાયિકા પ્રત્યે સમજતાં લક્ષિતા નાયિકા અને નાયિકા વચન સખી પ્રત્યે ગણવામાં આવે તો અન્ય સંભોગ દુ:ખિતા નાયિકા જાણવી.

ભેદકાતિશયોક્તિ અલંકાર છે.

लक्षिता.

मुदुति दुराई दुरति नहि, प्रगट करति रतिरूप ।
छुटे पीक औरै उठी, लाली ओठ अनूप ॥ २९३ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તારી ઉત્તમ એવી જે કાંતિ તે છૂપાવી છૂપતી નથી, તારું રૂપ જ નાયકની રતિને પ્રગટ કરે છે; નાયકે કરેલાં અધરપાનથી પીક (તાંબૂલરસ) છૂટી છે અને તેની અનુપમ લાલી ઓડપર ન્યારી જ ઉઠી છે.

એમાં લક્ષિતા નાયિકા છે. પ્રથમ ચરણમાં "छुद्गते" એ શબ્દ છે, તેને સંબોધનમાં લઈ હે સુદુતિ! એટલે સુંદરી દૂતી! છૂપાવી છૂપતી નથી અને બીજાં ચરણનો તું પોતાના રૂપથી જ નાયકની રતિને પ્રગટ કરે છે, એમ નાયિકા સખી પ્રત્યે કહે છે, એમ અર્થ કરવામાં આવે તો અન્ય-સંભોગ દુ:ખિતા નાયિકા જાણવી. એમાં ભેદકાતિશયોક્તિ અલંકાર છે.

लक्षिता.

मोसों मिलवति चातुरी, तू नहि मानति भेद ।
कहे देत यह प्रगटही, प्रगट्यो पूस पसेद ॥ २९४ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, મારી સાથે તું પોતાની ચતુરાઈ લડાવે છે, પણ ભેદ ભાંગતી નથી એટલે સાચું શું છે, તે મને જણાવતી નથી. ભરમ ફોડતી નથી, પણ આ પ્રગટ પ્રગટેલો પોષ મહિનાનો પ્રસ્વેદ તે કહી દે છે.

એમાં લક્ષિતા નાયિકા છે. પોષ મહિનો એ પ્રસ્વેદનું કારણ નહિ છતાં પ્રસ્વેદરૂપ કાર્યની ઉત્પત્તિ થઈ, તેથી વિભાવનાલંકાર છે.

ઉપલા દોહરામાં સખી પ્રત્યે નાયિકાની ઉક્તિ છે, એમ લઇયે તો અન્યસંભોગ દુઃખિતા નાયિકા થાય.

लक्षिता.

नटि न सीस साबित भई, लुटी सुखनकी मोट ।
चुप करिये चारी करति, सारी परी सरोट ॥ २९५ ॥

અર્થ—સખી નાયિકા પ્રત્યે કહે છે કે, નમુકર મજા, તેં જે સુખની પોઠ લુંટી છે તે તારે શિર સાબીત થઈ ચૂકી છે. ચુપ રહે!! આ તારી સળ પડેલી અથવા ચુંથાયલી સાડી ચાડી કરે છે અથવા ચાડી ખાય છે.

એમાં કાવ્યલિંગ અથવા અનુમાનાલંકાર છે. એમાં સાડીને સલ પડવારૂપ કાર્ય ઉપરથી કારણનું જ્ઞાન થયલું કથિત કરવામાં આવ્યું છે, તેથી અનુમાનાલંકાર જાણવો. એમાં લક્ષિતા નાયિકા છે.

प्रौढा खंडिता.

मोहिं करत कत बावरी, किये दुराव दुरैन ।
कहे देत रँग रातके, रंगनिचुरतसे नैन ॥ २९६ ॥

અર્થ—નાયિકા શઠ નાયક પ્રત્યે કહે છે કે, ભલા! તમે મને શું કરવા ગાંડી બનાવો છો? છૂપાવ્યાથી કાંઈ છૂપવાનું નથી. તમારાં રંગ નિચોવતાં સરખાં જે નેત્ર એટલે લાલ રંગ જેમાંથી ટપકે છે, એવાં લોચન તે રાતના રંગ કહી દે છે.

એમાં પ્રૌઢા ખંડિતા નાયિકા છે. એમાં હે પ્રિય! કે હે રમણ! એવો સ્નેહસૂચક સંબોધન વિભક્તિયુક્ત શબ્દ ઉચ્ચારવામાં નથી આવ્યો, તેથી નાયિકાનો કોપ વ્યંજિત થાય છે.

એમાં પ્રગટ અપરાધ છતે તે તે રતિચિન્હોનું ગોપન કર્યું, તેથી નાયકનું કપટકૌશલ્ય દર્શાવેલું હોવાથી શઠત્વ જોવામાં આવે છે. નેત્રની અરુણતારૂપ પરાંગના સંભોગનું ચિહ્ન તે જોવામાં આવ્યાથી ખંડિતા અને તેને ગુપ્ત એવાને પારખી લેવામાં આવ્યાથી નાયિકાનું પ્રૌઢાત્વ ધ્વનિત થાય છે.

लक्षिता नायिका.

लाज गरब आरस उमँग, भरे नैन मुसकात ।
राति रमी रति देति कहि, औरै प्रभाप्रभात ॥ ॥ २९७ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, લાજ, ગર્વ, આળસ અને ઉમંગનાં ભર્યાં એવાં જે તારાં નેત્ર તે હસે છે; રાતનાં કરેલો જે રતિવિલાસ, તે પ્રભાતની ન્યારી જ જે પ્રભા એટલે શોભા તે કરી દે છે.

ઇતર દિવસે જોઇયે તો બીજી અને આજ જોતાં કાંઈ ન્યારી જ જોવામાં આવે છે. "ન્યારી જ" એ પદનો પ્રયોગ કરેલો હોવાથી ભેદકાતિશયોક્તિ અલંકાર જાણવો.

એમાં લક્ષિતા નાયિકા છે. જો નાયિકાની એ નાયક પ્રત્યે ઉક્તિ છે, એમ લઇયે તો ખંડિતા નાયિકા જાણવી.

એમાં અંતરંગ સખીઓથી ગોપનાર્થ લજ્જા, સપત્નીઓમાં પોતાના સૌભાગ્ય સૂચનને અર્થે ગર્વ, આખી રાતના ઉજાગરાથી આળસ, અને સખીઓમાં તે આનન્દસમૂહના સૂચનને અર્થે હાસ એમ લેતાં સ્વીયા પણ ગણી શકાય.

लक्षिता.

कोटि जतन कीजे तऊ, नागरिनेह दुरैन ।
कहे देत चित चीकनो, नई रुखाई नैन ॥ २९८ ॥

અર્થ-અંતરંગ સખી નાયિકા પ્રત્યે કહે છે કે, હે ચતુરા! તું કરોડ યત્ન કરે તોપણ સ્નેહ-પ્રેમ છૂપાવ્યો છૂપાવાનો નથી; આ નૂતન એવી તારાં નેત્રની રુક્ષતા તે તારું હૃદય સ્નિગ્ધ છે, તે વાત કહી દે છે.

એમાં નૂતન રુક્ષતારૂપ પ્રીતિનો જે હેતુ, તે સખીના જાણવામાં આવ્યાથી હેતુલક્ષિતા નાયિકા જાણવી.

નવિન કોપરૂપ હેતુવડે સખી આગળ પણ પ્રીતિનાં સ્વરૂપનું ગોપન કર્યું, તેથી વ્યાજોક્તિ અલંકાર છે.

એમાં ચોથા ચરણનો "**न**=નહિ, **ई**=એ અને **रुखाई**=રુક્ષતા એમ પદ પાડતાં એ રુક્ષતા નથી અર્થાત્ એ કપટથી બનાવેલી કૃત્રિમ રુક્ષતા છે, એમ પણ અર્થ કરવામાં આવ્યો છે.

अनुकूल नायक.

निति प्रति एक तहीं रहत, बैस, बरन, मन एक।
चहियत युगल किसोर लखि, लोचन युगल अनेक ॥ २९९ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, તેઓ નિરંતર એકઠાં જ રહે છે. એમનું વય, વર્ણ અને મન એક છે. એવાં એ યુગલ તરુણ, જે રાધા કૃષ્ણ તેમને નિરખવાને લોચનની જોડી માત્ર બે બસ નથી. એમને જોવાને નેત્રની જોડી અનેક જોઇયે. એમાં સમાલંકાર છે.

બીજો અર્થ-નાયિકા કહે છે કે, વય, વર્ણ અને મન બન્નેનાં એક સરખાં હોવાથી એકતા બન્નેની બની રહે છે. બન્ને જે કુબ્જા અને કૃષ્ણ, તેઓનું વય પણ સરખું (વ્યંગ્યમાં) તે પણ શ્યામ વર્ણની અને કૃષ્ણ પણ શ્યામ, તે પણ કુટિલ હૃદયની અને આ પણ તેવા જ, તે ત્રણ સ્થાનમાં વાંકી વળી ગયલી અને એ પણ ત્રિભંગ લલિત, એમ સઘળી રીતે મળતી આવતી જોડી જોવાને નેત્રની એક જોડી બસ નથી. એ જોવા માટે તો ઇંદ્રની જેમ નેત્રની અનેક જોડી જોઇયે. એમ અર્થ કરતાં સખીનો પરિહાસ જાણવો.

दंपतीनो निशाभिसार.

मिलि परछाहीं जौहसों, रहे दुहुँनके गात।
हरि राधा इक संगही, चले गलीमें जात ॥ ३०० ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, બન્ને જે રાધા અને કૃષ્ણ તેમનાં ગાત્ર ચંદ્રિકા અને પડછાયા-છાયામાં મળી ગયેલાં એવાં એક સાથ ગલીમાં ચાલ્યાં જાય છે.

તાત્પર્ય એ કે, કૃષ્ણ શ્યામ હોવાથી રાધિકાની છાયા જે શ્યામ તેમાં મળી ગયા, તેમ જ રાધિકા ગૌરવર્ણની હોવાથી તેવી જ જે ચંદ્રિકા તેમાં મળી ગઈ. તેથી નાયક નાયિકા બન્ને સાથમાં ગમન કરતે છતે કોઇના પણ જોવામાં આવ્યાં નહિ.

એમાં જે ક્રમમાં ઉપલા દોહરામાં રાધા અને કૃષ્ણ તે જ ક્રમમાં ચંદ્રિકા અને છાયા રાખવામાં આવેલાં હોવાથી યથા સંખ્યાલંકાર જાણવો.

વળી ચંદ્રિકા અને છાયામાં નાયિકા અને નાયકનું એવી રીતે મળી જવું થયું કે કાંઈ ભેદ જણાયો નહિ, તેથી મીલિતાલંકાર પણ છે. "मीलितं यदि सादृश्याद्भेद एव न दृश्यते" એ લક્ષણ છે.

युगलस्वरूपवर्णन.

तजि तीरथ हरि राधिका, तनदुति करि अनुराग ।
जेहि ब्रजके लिनि कुंजमग, पग पग होत प्रयाग ॥ ३०१ ॥

અર્થ–કોઈ ભક્ત પોતાના મનને કહે છે કે, હે મન! અનેક તીર્થોમાં ભટકવું છોડી દે અને રાધાકૃષ્ણનાં શરીરની શોભામાં પ્રીતિ કર; જેથી વ્રજની વિહારકુંજના માર્ગમાં પગલે પગલે તને પ્રયાગ તીર્થનું ફળ પ્રાપ્ત થશે, અથવા પગલે પગલે પ્રયાગ થશે.

સઘળાં તીર્થોનો રાજા પ્રયાગ છે–તો તે તીર્થનું ફળ પણ સર્વથી અધિક. હવે પ્રયાગમાં ત્રિવેણી, તેમ વ્રજના નિકુંજ માર્ગમાં પણ કૃષ્ણનું કૃષ્ણપ્રતિબિમ્બ તે યમુના; રાધિકાનું ઉજ્વળ પ્રતિબિમ્બ તે ગંગા; અને કર ચરણનું અરુણ પ્રતિબિંબ તે સરસ્વતી; તેથી અહીં પણ પગલે પગલે ત્રિવર્ણી ત્રિવેણીના સ્નાનનું ફળ મળશે. એ અભિપ્રાય–અનુજ્ઞાલંકાર.

પહેલા ચરણમાં "तजितीरथ" એમાં સકુટુંબયાત્રા આવેલો કોઈ ગૃહસ્થ પોતાની સ્ત્રીને કહે છે કે હે સ્ત્રી! રથ છોડ એટલે રથમાંથી ઉતર. બાકીનું ઉપર પ્રમાણે જાણવું.

दंपतीस्नेहाधिक्य.

उनको हितु उनहीं बनै, कोऊ करौ अनेक ।
फिरत काग गोलक भयो, दुहूं देह जिउ एक ॥ ३०२ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, દંપતીનું હિત દંપતીથી જ બની પડે; બીજા અનેક ઉપાય કરે તેથી શું? ઉભયના દેહમાં કાકગોલકની જેમ એક જ જીવ ફરે છે.

તાત્પર્ય એ કે, કાગડાની એક આંખ તેની બન્ને આંખોમાં ફરે છે, તેમ દંપતીનો એક જીવ બન્ને શરીરમાં વાસ કરે છે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

સંસ્કૃત ન્યાયાવલિ નામના ગ્રંથમાં અનેક પ્રકારના ન્યાયનાં નામ આપેલાં છે, તેમાં એક કાકાક્ષિગોલકન્યાય પણ જોવામાં આવે છે. તેનું લક્ષણ "एकमेव चक्षुर्गोलकमुभयचक्षुः सम्बन्धिसदुभयचक्षुः कार्यकारकम्" એ પ્રમાણે આપવામાં આવ્યું છે. એવો ન્યાયશાસ્ત્ર સંબંધી દૃષ્ટાંત લઈ તેનો શૃંગારરસમાં કવિએ ઉપયોગ કરેલો જણાય છે.

प्रेमगर्विता.

बिच सौतिन देखत दई, अपने हियसों लाल ।
फिरत सबनमें डहडही, उहीं मरगजी माल ॥ ३०३ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, સખીઓની મધ્યમાં નાયિકાને જોઈ પોતાને ગળેથી ઉતારી શ્રીકૃષ્ણે નાયિકાને માળા આપી. તે કરમાયલી એવી માળા લઈ સહુ સોકયોમાં ફૂલી ફૂલી ફરે છે.

એમાં પ્રેમગર્વિતા નાયિકા છે. સોકયોમાં પોતાનો આદર અધિક જોઈ હરખાય છે.

"मरगजी माला उही उर धरैं बाला वह डहडही आलिनके झुंडमें फिराति है."

कृष्णदत्त.

અર્થ–સખી કહે છે કે, બાળા એટલે નાયિકા તે જ કરમાયલી માળા ઉરપર ધારણ કરી સખીઓના ટોળામાં ફૂલી ફૂલી ફરે છે.

शृंगारने शोभानी प्राप्ति.

अपने गुहिकर आपही, हिय पहिराई लाल ।
नौलसिरी औरै चढी, मौलसिरीकी माल ॥ ३०४ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, પોતાને હાથે ગુંથી પોતે જ શ્રીકૃષ્ણે નાયિકાના કંઠમાં પહેરાવી, તે બકુલશ્રીની માળાથી નાયિકાના મુખપર નવલ શોભા વિશેષ વધી, અથવા કાંઈ ન્યારી જ વધી.

"ન્યારી" એ પદનો પ્રયોગ કરેલો હોવાથી ભેદકાતિશયોક્તિ અલંકાર છે. શબ્દાલંકાર છેકાનુપ્રાસ છે.

શબ્દાર્થ–नौल=નવલ. सिरी=શ્રી, શોભા. मौलसिरी=બકુલશ્રી, શ્રીબકુલ, બકુલ.

દોહરાના ચોથા ચરણમાં "**मौलसिरी**" એ શબ્દ છે, તેને બદલે કોઈ કોઈ પુસ્તકમાં "**बोलसिरी**" એ શબ્દ જોવામાં આવે છે.

ત્રીજા અને ચોથા ચરણનો અર્થ, બકુલશ્રીની માળાની કાંઈ ન્યારી જ શોભા વધી, એમ પણ થઈ શકે છે.

विच्छित्तिहाव.

तीज परब सौतिन सजै, भूषन बसन सरीर ।
सबै मरगजे मुख करी, वही मरगजे चीर ॥ ३०५ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, સઘળી સોકયોએ શ્રાવણની ત્રીજના પર્વને દિવસે ઉત્તમ ભૂષણ અને વસ્ત્રો સજ્યાં, પણ નાંયિકાએ તે જ પોતાનાં ચુંથાયલાં ચીરથી સઘળીઓને મલિન વદનની કરી નાખી.

એમાં ચુંથાયલાં ચીરનાં ધારણ કરવારૂપ પ્રતિબંધ છતાં બીજીઓનાં મુખ મલિન કરવારૂપ કાર્યોત્પત્તિ થયાથી ત્રીજી વિભાવના જાણવી.

એમાં અલ્પ ભૂષણના ધરવાથી કાંતિનું પોષણ કરનારી તે વિચ્છિત્તિ કહેવાય છે. એ લક્ષણથી વિચ્છિત્તિ હાવ જાણવો.

એમાં ચુંથાયલાં ચીરરૂપ કારણ કહ્યું નાયિકાને વિષે અને મલિન મુખ થવારૂપ કાર્ય રહ્યું સોકયોને વિષે, એમ કારણ કાર્યની ભિન્ન દેશ-સ્થિતિ વર્ણવવામાં આવી, તેથી અસંગતિ અલંકાર પણ છે.

प्रेमगर्विता.

औरै गति औरै बचन, भयो बदनरँग और ।
द्योसकतैं पियचित चढी, कहा चढाय त्यौर ॥ ३०६ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તારી ગતિ એટલે ચાલ તે ન્યારી-વિલક્ષણ એવી, તેમ મુખનો રંગ પણ ન્યારો જ જોવામાં આવે છે; બેક દિવસ થયાં પ્રિયને ચિત્ત ચઢી છે, એટલે પ્રિયના હૃદયમાં વસી છે, તેમાં આટલો તોર-મિજાજ શું કરવા ચઢાવે છે-વધારે છે; અથવા એટલો મિજાજ કરવાથી શું? ભેદકાતિશયોક્તિ અલંકાર છે.

નાયિકા પ્રેમગર્વિતા છે, તેમ જ લક્ષિતા પણ છે.

प्रेमगर्विता.

कियो जु चिबुक उठाय करि, कंपत कर भरतार ।
टेढी यह टेढी फिरति, टेढे तिलक लिलार ॥ ३०७ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, ધ્રુજતા એવા હાથથી હડપચી ઉઠાવી ભરથારે વાકું તિલક બાળાને કપાળે કીધું. તે વાંકા તિલકથી નાયિકા વાંકીની વાંકી હીંડે છે, એટલે મરડાટમાંની મરડાટમાં ચાલે છે.

નાયકને તિલક કરતાં સ્પર્શ થયાથી જે કંપ નામનો સાત્વિક ભાવ થયો, તેથી કર કંપ્યાથી નાયિકાને કપાળે તિલક વક્ર થયું, તેવું વક્ર તિલક લઈ નાયિકા વાંકી ને વાંકી હીંડ્યાથી સખીવર્ગમાં પોતાપર સ્વામીના પ્રેમનું આધિક્ય સૂચવ્યું, તેથી એ સ્વીયા પ્રેમગર્વિતા નાયિકા જાણવી.

"नायकस्याधिकं प्रेम सखीवर्गेषु वक्रिया; गर्वभावसमायुक्ता सैवेयं प्रेमगर्विता ॥"

એ લક્ષણ છે.

એમાં તિલકનું વક્ર એ જે વિશેષણ તે સાભિપ્રાય છે, એટલે જાણે વાંકા તિલકના હેતુથી વાંકી ચાલતી હોય એમ હોવાથી પરિકરાંકુરાલંકાર છે.

हर्ष नामक संचारी भाव.

सुघर सौति बस पिय सुनत, दुलहनि दुगुन हुलास ।
लखी सखी तन डीठिकरि, सगरब सलज सहास ॥ ३०८ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, સુઘડ એટલે ચતુર એવી નાયિકા સપત્નીને વશ એવા પતિને સાંભળતાં બાળાને બમણો આનંદ થયો અને તે ગર્વયુક્ત, લજ્જાયુક્ત અને સહસિત દૃષ્ટિ કરી સખીઓની સામે જોવા લાગી.

સપત્નીને વશ પતિ થયાની વારતા સાંભળી, સહસિત લજ્જાયુક્તપણું એટલા માટે કે, તે ઉપરથી નાયિકાએ પોતાના સ્વરૂપસૌંદર્ય અને ગુણનો ગર્વ સખીજનોને સૂચિત કર્યો; સોકનું ચાતુર્ય મારાથી ન્યૂન છે, એ હેતુથી સહાસત્વ અને પતિ સંબંધી વારતા હોવાથી સલજ્જત્વ એ ભાવ.

એમાં ચતુર સપત્નીને પતિ આધીન થયાની વારતાનું શ્રવણ હર્ષ-પ્રતિબંધક છતાં હર્ષોત્પત્તિરૂપ કાર્ય થયું, તેથી ત્રીજી વિભાવના અને હર્ષ નામનો સંચારી ભાવ એમાં છે.

रूपगुणगर्विता.

दुसह सौतिसालैं सुहिय, गनति न नाह विवाह ।
धरे रूप गुनको गरब, फिरै अछेह उछाह ॥ ३०९ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, સોકલડીનું સાલ જે દુઃખે કરી સહન થાય એવું તેને, પતિનો બીજો વિવાહ થાય છે તે છતે ગણકારતી નથી; પણ પોતાના રૂપ ગુણનો ગર્વ મનમાં ધારણ કરી નાયિકા નિરંતર ઉત્સાહમાં ફરે છે.

અર્થાત્ નાયિકાએ સમજી રાખ્યું છે કે, આજ સૂધી તો પતિએ મારી પરીક્ષા ન કરી પણ હવે બીજી આવ્યાથી તેમાં મારી ખુબીઓ જોવામાં નહિ આવે ત્યારે મને અદકી જાણશે.

એમાં સ્વકીયારૂપ-ગુણગર્વિતા નાયિકા છે.

એમાં પણ ત્રીજી વિભાવના છે.

प्रेमतरुनी दृढता.

खल बढई बल करि थके, कटे न कुबत कुठार ।
आलवाल उर झालरी, खरी प्रेमतरुडार ॥ ३१० ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હે સખી! ખલરૂપ જે સુતાર અથવા કઠિયારા બળ કરી કરીને થાકયા, પણ તેમના કુશબ્દરૂપી કુઠારથી કપાતું નથી. હૃદયરૂપી જે થાળું-ક્યારો તેમાં પ્રેમરૂપી જે તરુ, તેની ડાળ (પત્ર પુષ્પથી ફૂલી ફાલી એવી) વધતી જ જાય છે.

બીજાં તરુ કઠિયારાના કાપ્યાથી ફરી ઉગી આવતાં નથી, પણ આ પ્રેમવૃક્ષ તેવું નથી, એમ વિશેષનું પ્રતિપાદન કરેલું હોવાથી વ્યતિરેકાલંકાર જાણવો.

ઉપલા દોહરાના ત્રીજા ચરણમાં જે "आलवाल" શબ્દ છે તેનો અર્થ થાળું એમ લખ્યો છે તે નવો નથી. ગુજરાતી પ્રેસની છપાયલી ગિરધરદાસની કૃષ્ણ ચરિત્રની ચોપડીની દ્વારિકા લીલામાં પાને ૪૬૭ મે "મણિબંધ થાળું કરીને રોપ્યું, પારિજાતકનું વૃક્ષ" એમ છે, તેથી થાળું એ શબ્દ નવો યોજેલો છે એમ સમજવું નહી.

ખોદાય તેમ તેમ દૃઢ થતો પ્રેમતરુ.

करत जात जेती कढनि, बढि रस सरिता सोत ।
आलवाल उर प्रेमतरु, तितो तितो दृढ होत ॥ ३११ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, શૃંગાર રસની સરિતાનો પ્રવાહ વધી જેમ જેમ ખોદણી–કટાઈ અધિક કરતો જાય છે, તેમ તેમ હૃદય-રૂપી ક્યારા–થાળામાં પ્રેમતરુ અધિક દૃઢ થતો જાય છે, અથવા જેટલો જેટલો સ્નેહસરિતાનો પ્રવાહ ખોદતો જાય છે, તેટલો તેટલો પ્રેમતરુ દૃઢ થતો જાય છે.

એમાં પણ ત્રીજી વિભાવના જાણવી.

प्रौढा नायिका.

मोहिं दियो मेरो भयो, रहत जु मिलि जियसाथ ।
सो मन बाँधि न दीजिये, पिय सौतिनिके हाथ ॥ ३१२ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, જે મને તમે આપ્યું તે મારું થયું, તે મારા જીવશું મળી સાથ રહે છે, એવું જે મન તેને બાંધીને સોક્યોને હાથ ન સોંપી દીજે.

પૂર્વે દર્શનાવસરે જે તમે મને આપ્યું, તે મારું થયું બીજાનું નહિ. તે મનને બાંધી સપત્નીઓને તમારે સોંપવું ઉચિત નથી. પ્રથમ દાનમાં મારું સ્વત્વ થયું પછી જેપર પોતાનું સ્વત્વ નહિ તે વસ્તુનું દાન બીજાને કેમ કરી શકાય? તેમ કરવું એ ઉચિત કેમ કહેવાય?

એમાં પ્રૌઢા નાયિકા વાક્ચાતુર્યથી નાયકને ઠપકો આપે છે.

परकीया प्रौढा.

भये बटाऊ नेह तज, बादि बकत बेकाज ।
अब अलि देत उराहनो, उर उपजति अति लाज ॥ ३१३ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, એ તો સ્નેહ છોડી વટેમાર્ગુ થયા. હે સખી! તું વિનાકારણ શું કરવા બકવા કરે છે? હવે તો એવાને ઠપકો આપતાં મનમાં અતિ લજ્જા ઉત્પન્ન થાય છે.

એવા સ્નેહત્યાગી વટેમાર્ગુને ઠપકો દેતાં મને લાજ લાગે છે, એવાં નાયિકાનાં વચન ઉપરથી પ્રિયના પ્રવાસનો પ્રતિષેધ વ્યંજિત થાય છે અને તેથી આક્ષેપાલંકાર જાણવો.

परकीया प्रौढा.

तोही निरमोही लग्यो, मोही यहै सुभाव ।
अनआये आवै नही, आये आवत आव ॥ ३१४ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, હે કૃષ્ણ ! તમારું જે નિર્મોહી હૃદય તેને મારું મોહી–સ્નેહયુક્ત હૃદય લાગ્યું; તેનો એ સ્વભાવ જોવામાં આવે છે કે, તમે ન આવો તો એ આવતું નથી ને તમે આવો ત્યારે આવે છે, તેથી તમે આવો.

મારું હૃદય એટલે મન તે જ્યાં જ્યાં તમે જાઓ છો, ત્યાં ત્યાં તમારી પુઠે ફરતું રહે છે. તમારા દર્શનવિના મારાથી જીવાય તેમ નથી. તમે નિર્મોહી–સ્નેહરહિત રુખ્ખા છો, એમ કહેવાથી નાયિકાની કોપોક્તિ જણાય છે. ટુંકામાં મારાપર કરુણા કરી સદા દર્શન દેતા રહો, એ નાયિકાના કથનનો આશય છે.

એમાં "मोही मोही" એ યમકાનુપ્રાસ અને "आये आये" એ પદના પ્રયોગથી લાટાનુપ્રાસ છે.

मध्याधीरा नायिका.

ललन सलोने अरु रहे, अति सनेहसों पागि ।
तनक कचाई देत दुख, सूरनलों मुंह लागि ॥ ३१५ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, હે કૃષ્ણ ! એક તો તમે સલૂણા છો તેમાં વળી અતિ સ્નેહથી ભીંજાયલા છો, પરંતુ તમારી જરા જેટલી કચાસ સૂરણની પેઠે મુખને લાગ્યાથી દુઃખ આપે છે.

સૂરણ સારી રીતે તળાયું ન હોય ને જરા પણ તેમાં કચાસ રહી હોય તો તે વવળે છે. તે પ્રમાણે તમારી જરા જેટલી કચાસ મને દુઃખદાયક થઈ પડે છે.

એમાં સૂરણના દૃષ્ટાંતથી નાયિકાએ દુઃખ દેવારૂપ વ્યંગ્ય કોપનો

પ્રકાશ કર્યો અને લજ્જાના કારણથી તેણીનું કથન અસ્પષ્ટ એવું હોવાથી મધ્યાધીરા નાયિકા જાણવી.

એમાં શ્લેષમૂલક પૂર્ણોપમાલંકાર છે.

શબ્દાર્થ–સલૂણા=લૂણયુક્ત, લાવણ્યયુક્ત. સ્નેહ=પ્રીતિ, ઘી, તેલ. કચાસ=કાચાપણું, મનની નિર્બળતા.

उपालंभ.

आपु दियो मन फेरिलै, पलटै दीनी पीठि ।
कौन चाल यह रावरी, लाल लुकावत दीठि ॥ ३१६ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તમે પોતે જે મન આપેલું, તે પાછું લઈ તેને બદલે મને પીઠ દીધી–હે કૃષ્ણ! હાલમાં દૃષ્ટિ છૂપાવો છો, એ આપની કેવી રીત છે?

એમાં મન લઈને પીઠ આપવારૂપ બે વસ્તુનો વિનિમય–અદલાબદલી વર્ણવેલી હોવાથી વિનિમયાલંકાર જાણવો.

प्रोषितपतिका.

बिरह बिथाजल परस बिनु, बसियत मोहियताल ।
कछु जानत जलथंभ बिधि, दुरजोधनलों लाल ॥ ३१७ ॥

અર્થ–નાયિકાએ નાયકને પત્રી લખી તેમાં જણાવ્યું કે, મારા હૃદયસરોવરમાં જે વિરહદુઃખરૂપીયું જળ તેમાં તે જળના સ્પર્શ વિના અનાયાસે તમે વસો છો તેથી હે કૃષ્ણ! તમે પણ દુર્યોધનની પેઠે કાંઇક જળસ્તંભનવિધિ જાણો છો. એમાં પ્રોષિતપતિકા છે.

એમાં વિરહદુઃખરૂપી જળ અને હૃદયરૂપ સરોવર તેથી રૂપકાલંકાર. જળગુણનો સ્પર્શ ન થયો તેથી અતદ્ગુણ, તેમ જ દુર્યોધન એ ઉપમાન, કૃષ્ણ એ ઉપમેય, પેઠે એ વાચક અને જલસ્તંભનવિધિજ્ઞાન એ ધર્મ, તેથી પૂર્ણોપમા.

प्रौढा नायिका.

दच्छिन पिय है वामवश, बिसराई तिय आन ।
एकै वासरके बिरह, लागे बरष बितान ॥ ३१८ ॥

અર્થ-નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, હે પ્રિય! તમે દક્ષિણ હોઈ વામવશ થઈ અન્ય સ્ત્રીને વિસારી દીધી. એક જ વાસરનો વિરહ, તે અમને વરસ જેવડો થઈ વીતવા લાગ્યો.

તમે દક્ષિણ એટલે ચતુર થઈ વામ એટલે પ્રતિકૂલને વશ થયા, અથવા અમારે દક્ષિણ એટલે જમણા હતા તે હવે ડાબા થયા, અથવા દક્ષિણ એટલે સરળ થઈ અથવા ઉદાર થઈ તમારાથી વિરુદ્ધ જે વામ કુટિલ તેવીને વશ થયા, એમ અનેક અર્થ ઉઠી શકે છે. એમાં શ્લેષાલંકાર છે.

प्रौढा नायिका.

फिरत जु अटकत कटनि बिनु, रसिक सुरस न खियाल।
अनत अनत नितनित हितनु, कत सकुचावत लाल॥ ३१९॥

અર્થ-નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તમે આસક્તિ વિના જ્યાં ત્યાં અટકતા ફરો છો, તેથી હે રસિક! ઉત્તમ રસ કયો, તેનો તમને ખ્યાલ નથી અર્થાત્ રસ શું તે પણ જાણતા નથી. રોજ રોજ નવી નવી પ્રીતિ ખોળતા ફરો છો, તેથી હે મોહન! શું કામ સંકોચાઓ છો?

નાયિકા નાયક પ્રત્યે "रसिक सुरस न खियाल" હે રસિક! આ સુરસ એટલે ઉત્તમ જે શૃંગારરસ તે છે, "न खियाल" ખ્યાલ એટલે રમત નથી, એમ કહેતી હોય એમ પણ અર્થ થઈ શકે છે. એ રીતે પ્રતિષેધાલંકાર છે.

अधीरा प्रौढा.

सुभर भर्यो तुव गुनकननु, पाक्यो कुबत कुचाल।
क्यों धौं दार्योलों हियो, दरकत नहि नँदलाल॥ ३२०॥

અર્થ-નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તમારા ગુણરૂપી દાણાથી ખૂબ ભરેલું તેમ જ બુરી વાત અને કુચાલથી પાકેલું એવું જે આ મારું હૃદય, તે હે નંદલાલ! કોણ જાણે કેમ ફાટતું નથી!

દાડમનું ફળ દાણાથી ખૂબ ભરેલું સૂર્યના કિરણથી પાકી જાય છે ત્યારે ફાટે છે, તેમ આ હૃદયરૂપ દાડમ તે ગુણરૂપી દાણાથી ભરેલું અને તમારા કપટરૂપી સૂર્ય તાપે તપેલું એવું ફાટતું નથી.

એ પ્રમાણે યુક્તિપૂર્વક અવ્યઙ્ગ્ય એવા કોપનો પ્રકાશ કર્યો, તેથી પ્રૌઢા અધીરા નાયિકા જાણવી.

દાણાથી પૂર્ણ ભરાઈ જવારૂપ અને તાપથી પાકી જવારૂપ પુષ્કળ કારણ છતાં કાર્યોત્પત્તિ ન થઈ, તેથી વિશેષોક્તિ જાણવી.

प्रौढा नायिका.

सदन सदनके फिरनकी, सद न छुटै हरिराय ।
रुचै तितै बिहरत फिरो, कत बिहरत उर आय ॥ ३२१ ॥

અર્થ–હે કૃષ્ણ! ઘર ઘર ભટકવાની તમારી ટેવ છૂટતી નથી, જ્યાં તમને રુચે ત્યાં મોજ માણતા ફરો, અહીં મારી છાતીપર શું કામ વિહરો છો?

એમાં લાટાનુપ્રાસ તથા યમકાનુપ્રાસ છે. "सदनसदन" એમાં લાટાનુપ્રાસ અને "बिहरत बिहरत" એમાં ફરવું અને મોજમાણવારૂપ અર્થનું ભિન્નત્વ રહેલું હોવાથી યમકાનુપ્રાસ જાણવો.

स्वाधीन पतिका.

छिनकु चलत ठटकत छिनकु, भुज पीतमगल डारि ।
चढी अटा देखत घटा, बिज्जु छटासी नारि ॥ ३२२ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, પ્રીતમના ગળામાં હાથ નાંખી જરાકમાં ચાલે છે અને જરાકમાં ઉભી રહે છે; એ પ્રકારે વિદ્યુચ્છટા સરખી યુવતી અટારીપર ચઢી ઘનઘટા જોય છેં.

એમાં વિદ્યુચ્છટા એ ઉપમાન, યુવતી એ ઉપમેય, સરખી એ વાચક અને ઉપમાન અને ઉપમેયમાં રહેલો સાધારણ ધર્મ નહિ હોવાથી ધર્મલુપ્તોપમા જાણવી. શબ્દાલંકાર વૃત્યનુપ્રાસ છે.

स्वाधीन पतिका.

दुनिहाई सब टोलमें, रही जु सौति कहाय ।
सुतौ ऐंच पिय आप त्यौं, करी अदोखिल आय ॥ ३२३ ॥

અર્થ–નવ નાયિકા પ્રત્યે સખી કહે છે કે, સર્વ સખીઓના સમૂહમાં જે તારી સોક્ય ટોણા ટુચકા કરનારી કહેવાતી તેને, તેં આવતાં જ પોતાનાં સ્વરૂપસૌંદર્યથી પ્રીતમને ખેંચી લઈ દોષથી મુક્ત કીધી.

અભિપ્રાય એ કે, જો સોક્ય મેલા મંત્ર સાધનારી હોત તો પ્રીતમ

તારે વશ ન થાત, પણ તે વશ થયો તેથી તારી સોક્ય દોષમુક્ત થઇ

એમાં સ્વીયા સ્વાધીનપતિકા નાયિકા છે. ઉલ્લાસાલંકાર છે.

स्वाधीनपतिका.

तोपर वारों उरवसी, सुन राधिके सुजान ।
तू मोहनके उरबसी, है उरबसी समान ॥ ३२४ ॥

અર્થ-દૂતી નાયિકા પ્રત્યે કહે છે કે, હે ચતુર રાધિકે! તારાપરથ ઇંદ્રની અપ્સરાઓમાં શ્રેષ્ઠ એવી જે ઉર્વશી, તેને પણ ઓવારી નાંખું; મોહનના ઉરમાં ઉરવસી નામના હૃદયભૂષણ સરખી થઈ વાસ કરી રહ છે અથવા લક્ષ્મી સરખી થઈ તેમના હૃદયકમળમાં રહી છે.

એમાં ઉર્વશી જે ઉપમાન, તેના કરતાં રાધિકા જે ઉપમેય તેમ વશીકરણસામર્થ્યનું આધિક્ય કથન કરેલું હોવાથી વ્યતિરેકાલંકાર જાણવો ઉપમાન અથવા ઉપમેયમાં જ્યાં વિશેષ જોવામાં આવે ત્યાં વ્યતિરેકાલંકા જાણવો. એ લક્ષણપરથી ઉપલા દોહરામાં ઉપમેયાધિક્ય કથન કરવામ આવ્યું છે. શબ્દાલંકાર યમકાનુપ્રાસ છે.

स्वाधीनपतिका.

तू मोहनमन गडि रही, गाढी गडनि गुवालि ।
उठति सदा नटसाललों, सौतिनके उर सालि ॥ ३२५ ॥

અર્થ-દૂતી નાયિકા પ્રત્યે કહે છે કે, તું મોહનના હૃદયમાં ગાઢ એટલે દૃઢ, એવી જડ કરી બેસવાની જે યુક્તિ, તેવડે ઘુસી બેઠી છે અ તું સોકયોના હૃદયમાં સદા તૂટેલા કંટકની પેઠે ખટકી ઉઠે છે.

એમાં પેઠી મોહનના હૃદયમાં અને સાલે સોકયોના હૃદયમાં, એ કારણ કાર્યની ભિન્ન દેશ સ્થિતિ વર્ણવેલી હોવાથી અસંગત્યલંકાર જાણવો

શબ્દાર્થ-" गाढी=મજબૂત. गडनि=ધસી જવાની અથવા ઘુસી બેસ વાની રીત. नटसाल=નષ્ટ શલ્ય-બાણ આદિકની તૂટેલી અણી.

उत्कंठिता.

नभलाली चाली निसा, चटकाली धुनि कीन ।
रति पाली आली अनत, आये बनमाली न ॥ ३२६ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, સૂર્યના કિરણના યોગે આકાશમાં લાલી થઈ, રાત ચાલી, ચકલીઓના સમુદાયની ધ્વનિ થઈ રહી; હે સખી! પ્રીતિનું પાલન અન્ય સ્થળમાં કર્યું, તેથી વનમાલી ન આવ્યા.

चटकाली એમાં ચટક એટલે ચકલી અને અલિ એટલે ભ્રમર, એ બન્નેએ શબ્દ કર્યાં એમ પણ એનો અર્થ કરવામાં આવ્યો છે.

"વનમાલી હજી ન આવ્યા" એ પરથી ચિંતા અને ઔત્સુક્ય નામના સંચારી ભાવ જાણવા. આવવાને મન છતે ન આવ્યા એવા પ્રીતમના નહિ આવવાના કારણને વિચારતી આકુલવ્યાકુલ થાય, તે ઉત્કંઠિતા નાયિકા જાણવી. તે "વનમાલી" એ શબ્દના પ્રયોગ ઉપરથી પરકીયા જાણવી.

અર્થાલંકાર અનુમાન એ છે. શબ્દાલંકાર વૃત્ત્યનુપ્રાસ છે.

प्रौढा वासकसज्जा.

झुकि झुकि झपकौंहैं पलन, फिरि फिरि मुरिज मुहाय।
जानि पियागम नींद मिस, दी सब सखी उठाय॥ ३२७॥

અર્થ–ડોલાં ખાતી ખાતી, જાણે પાંપણો મીંચાતી સરખી ફરી ફરી ફરી અંગ મોડી બગાસાં ખાઈ પ્રિયનો આગમ જાણી નિદ્રાના મિષથી સઘળી સખીઓને ઉઠાડી મૂકી.

એમાં ફરી ફરી બગાસાં ખાવાં આદિક ક્રિયાઓથી સખીઓનું વિસર્જન નાયિકાએ કર્યું, તેથી એ પ્રૌઢા વાસકસજ્જા નાયિકા જાણવી.

એમાં નિદ્રાના મિષથી સખીઓને ઉઠાડી મૂકવારૂપ જે પોતાનું ઇષ્ટ, તે નાયિકાએ સંપાદન કીધું તેથી પર્યાયોક્તિ અલંકાર છે.

એમાં સખી સખી પ્રત્યે કહે છે અથવા એ કવિની ઉક્તિ જાણવી.

કૃષ્ણદત્તે એમાં પરકીયા વાસકસજ્જા નાયિકા તેમ જ ક્રિયા વિદગ્ધા નાયિકા છે એમ જણાવ્યું છે.

कृष्णाभिसारिका.

निसि अंधियारी नीलपट, पहिर चली पियगेह।
कहो दुराई क्यों दुरै, दीप सिखासी देह॥ ३२८॥

અર્થ–સખી કહે છે કે રાત અંધારી છે, તેથી નીલપટ પહેરી પ્રિયને ઘેર ચાલ ત્યારે નાયિકા તેને પૂછે છે કે, એમ કરતે છતે પણ આ દીપ-શિખા સરખી દેહ, તે છૂપાવી કેમ છૂપશે?

એમાં કૃષ્ણાભિસારિકા અથવા શ્યામાભિસારિકા નાયિકા છે.

એમાં દીપશિખા એ ઉપમાન, બાળાનો દેહ તે ઉપમેય, સરખી એ વાચક, છૂપાવ્યાં ન છૂપવું એ ધર્મ. એ ચારે અંગ હોવાથી પૂર્ણોપમા-લંકાર જાણવો.

આ દીપશિખા સરખો દેહ છૂપાવ્યો કેમ છૂપશે એવો પ્રશ્ન સખીને નાયિકા તરફથી કરવામાં આવ્યો છે, તેથી રૂપગર્વિતા નાયિકા પણ છે.

रूपगर्विता.

अरी खरी सटपट परी, बिधु आधे मग हेरि ।
संग लगे मधुपन लई, भागिन गली अँधेरि ॥ ३२९ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, અડધે માર્ગે જતાં ચંદ્રમાને જોઈને, હે સખી! હું તો અતિ ગભરામણમાં પડી; તેવામાં ભમરાઓ મારી પુઠળ પડ્યા તે મારા ભાગ્યના યોગે અંધારી ગલી મળી આવી.

અર્થાત્ મેં જે મૃગમદાદિ અંગ રાગ કરેલો, તેના સુગંધથી લોભા-યલા ભ્રમરો મારી પુઠે પડ્યા એ નાયિકાના કથનનો અભિપ્રાય છે.

પ્રહર્ષણાલંકાર છે. વગર યત્ને કાર્યની સિદ્ધિ થાય ત્યાં પ્રહર્ષણાલંકાર એ લક્ષણ છે. ઉપર વગર યત્ને ભાગ્યબળથી ભ્રમરના ભયને દૂર કરનાર અંધારી ગલી મળી જવારૂપ કાર્યસિદ્ધિ થઈ છે, તેથી એ જ અલંકાર છે.

જે નાયિકા પ્રિયના મેળાપને અર્થે સંકેતસ્થળમાં પોતે જાય અથવા પ્રિયને બોલાવે તેને અભિસારિકા કહે છે. તેમાં અંધારી રાતને અનુકૂલ વેષ ધારણ કરી પ્રિય સંગમાર્થ સંકેત સ્થળમાં જવાવાળી તેને કૃષ્ણાભિ-સારિકા કહે છે. પોતાની રાતની વીતી વાત સખી આગળ જેમ કહી બતાવી છે, તે રીતે રૂપગર્વિતા પણ કહી શકાય.

शुक्लाभिसारिका.

छप्यो छपाकर छित छयो, तम ससिहर न सँभारि ।
हँसति हँसति चल ससिमुखी, मुखतें घूंघट टारि ॥ ३३० ॥

અર્થ–એમાં શુકલાભિસારિકા નાયિકાને વાટમાં જતાં ચંદ્રમા છૂપાઈ ગયો, તેપરથી સખી બોલી કે ચંદ્રમા છૂપાઈ ગયો, પૃથ્વીપર અંધકાર છવાયો, તું ડર મા, સાવધ થા; હે શશિમુખી! મુખપરથી ઘુંઘટને ખસેડી હસતી હસતી ચાલ.

અર્થાત્ હસવાથી મુખપરનો ઘુંઘટ ખસ્યાથી ચંદ્રિકા જેવો પ્રકાશ થશે. આ અંધકારમાં તારું મુખ તે ચંદ્ર અને મંદ હસિત તે ચંદ્રિકા તેના પ્રકાશને લીધે તારા અભિસારમાં કાંઈ પણ હાનિ નથી.

શશિમુખી એમાં ઉપમાન અને ઉપમેય છે, પણ વાચક અને ધર્મ ન હોવાથી વાચક ધર્મલુપ્તોપમાલંકાર છે.

ચાંદની રાતને અનુકૂલ એવો વેશ ધારણ કરી પ્રિયના મિલનને અર્થે સંકેત સ્થળમાં જવાવાળી નાયિકાને શુકલાભિસારિકા કહે છે.

परकीयाभिसारिका.

उठि ठकठक एतो कहा, पावसके अभिसार।
जान परैगी देखियौं, दामिनि घन अँधियार ॥ ३३१ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, ઉઠ, એવી ધાંધલ શું કરવા જોઇયે? પાવસ એટલે વર્ષાકાળના અભિસારમાં; જો તું કોઈના જોવામાં આવી તો જાણે ઘનના અંધકારમાં વિજળી હોય તેવી તેમને જણાઈ પડશે.

એમાં પરકીયાભિસારિકા નાયિકા છે. અંધકારમાં જતાં મારી કાંતિવડે પ્રકાશ થશે એમ તું ધારતી હોય તો સખી નાયિકાને કહે છે કે, તું ઘનાંધકારમાં વિજળી જેવી પ્રકાશશે અને સર્વેને વીજળીનો ભ્રમ થશે તેથી તારું અભિસરણ કોઈના પણ જાણવામાં નહિ આવે માટે ઉઠ. પરકીયાને અંધકારનો સમય તે અભિસારને માટે યોગ્ય, એમ એ ઉપરથી ધ્વનિત થાય છે.

એમાં ભ્રમાલંકાર છે. ભાષા ભૂષણમાં "सुमिरन, भ्रम, संदेह यह, लच्छन नाम प्रकास" એટલે સ્મરણ, ભ્રમ અને સંદેહ એ ત્રણ અલંકારોનાં નામ જ એવાં છે કે, તેપરથી તેમનાં લક્ષણ કહેવાની આવશ્યકતા નથી, એમ જસવંતસિંહજી તે ગ્રંથના રચનાર જણાવે છે.

शुक्लाभिसारिका.

जुवति जौन्हमें मिलगई, नैक न होति लखाइ ।
सौधेके डोरे लगी, अली चली सँग जाइ ॥ ३३२ ॥

અર્થ—સખી સખી પ્રત્યેક કહે છે કે, યુવતી ચંદ્રિકામાં એવી મળી ગઈ છે કે, નજરે જોવામાં આવતી નથી; નાયિકાના શરીરમાંથી નીકળતો જે સુગંધ, તેના તંતુને અનુસારે અલી એટલે સખી તેણીની સાથ ચાલી જાય છે.

એમાં ઉન્મીલિતાલંકાર છે. કાંઈ વિશેષ કારણના યોગે બે વસ્તુમાં રહેલા ભેદનું જ્ઞાન વર્ણવવામાં આવ્યું હોય ત્યાં ઉન્મીલિતાલંકાર જાણવો. ઉપરના ઉદાહરણમાં ચન્દ્રિકા અને યુવતી એ બેમાં રહેલા ભેદનું સુગંધ તંતુવડે જ્ઞાન વર્ણવવામાં આવ્યું, તેથી ઉન્મીલિત જાણવો.

એમાં પણ શુકલાભિસારિકા નાયિકા છે.

संध्याभिसारिका.

गोप अथाइनितें उठे, गोरज छाई गैल ।
चलि बलि अलि अभिसारक, भली सँजोखीसैल ॥ ३३३ ॥

અર્થ—સખી નાયિકા પ્રત્યે કહે છે કે, ગોપ ચોરાપરથી ઉઠ્યા અને ગાયનાં પગલાંથી ઉડતી રજ માર્ગમાં છવાઈ; હે સખી! બલિહારી જાઉં, અભિસારની સંધ્યા સમયની સેહેલ ખાસી છે.

અર્થાત્ સખી નાયિકાને કહે છે કે, મિત્રસમાગમને યોગ્ય એવો સંધ્યા સમય છે, વળી માર્ગ રજથી છવાયલો હોવાથી આંધળું આંધળું જેવું થઈ રહ્યું છે અને ગોપો પોતપોતાને ઘેર વિદાય થયા છે, તેથી પરકીયાના અભિસારને માટે યોગ્ય એવો આ સમય છે તેથી ચાલ.

એમાં સંધ્યાભિસારિકા નાયિકા છે. સંધ્યા સમયને અનુકૂળ વેશ ધારણ કરી પ્રિય સંગમાર્થ જવાવાળીને સંધ્યાભિસારિકા કહે છે.

खंडिता नायिका.

पल सोहैं पागि पीकरँग, छल सोहैं सब बैन ।
बल सोहैं कत कीजियत, ये अलसोहैं नैन ॥ ३३४ ॥

અર્થ—નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તાંબૂલના રસથી રંગાયલી એવી

તમારી પાંપણુ શોભે છે, તમારાં વચન છળ ભરેલાં એવાં શોભે છે; તમારા આળસથી ભરેલાં એવાં નેત્ર બળાત્કારે મારી સામે કાં કરો છો?

ઉપલા દોહરાનું "बल सो हैं कतकीजियत" એ ત્રીજું ચરણ છે, તેનો "બલિહારી! સોગન શું કરવા કરો છો–ખાઓ છો?" એવો અર્થ પણ થઈ શકે છે.

નાયકનાં નેત્રને આળસ ભર્યાં કહ્યાં, તે ઉજાગરાના કારણથી આળસ ભર્યાં જાણવાં. એમાં પરોપભોગ ચિહ્નના દર્શનથી ખંડિતા નાયિકા જાણવી. શબ્દાલંકાર વૃત્ત્યનુપ્રાસ છે.

धीराधीरा.

कत लपटैयत मोगरै, सो न जुही निस सैन।
जिहिं चंपकबरनी किये, गुल्लालारँग नैन॥ ३३५॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, મારે ગળે શું કરવા લપટાઓ છો? રાતનાં તમારી સાથે સેજમાં શયન કર્યું હતું તે હું નથી, કે જે ચંપકવર્ણીએ ગુલેલાલા (પુષ્પ વિશેષ)ના રંગનાં તમારાં લોચન કર્યાં છે.

એમાં મોગરો, સ્વર્ણયૂથિકા, ચંપક પુષ્પ અને ગુલ્લાલા એ ચાર ફૂલોનાં નામ આવતે છતે અર્થ જુદો જ થાય છે, એ ચમત્કાર છે.

વ્યઙ્ગ્ય, અવ્યઙ્ગ્ય અને વ્યઙ્ગ્યાવ્યઙ્ગ્ય કોપનો પ્રકાશ કરવાવાળી જે નાયિકા તેને અનુક્રમે ધીરા, અધીરા અને ધીરાધીરા એ નામ આપવામાં આવ્યાં છે. રસરત્નાહાર નામના ગ્રંથમાં

"धीरादिभेदाः स्वीयाया इति प्राचीन लेखनम्।
नव्यास्तु परकीयाया अपि ते स्युरितीरितम्"॥

એ પ્રમાણે કહ્યું છે. અર્થાત્ પ્રાચીન વિદ્વાનોનાં લખાણમાં ધીરાદિ ભેદ સ્વકીયાના જોવામાં આવે છે, પણ નવીનોએ તે પરકીયાના પણ થઈ શકે એમ કહ્યું છે. ઉપરના ઉદાહરણમાં ધીરાધીરા નાયિકા છે.

खंडिता नायिका.

कत कहियत दुख देनकों, रचिरचि बचन अलीक।
सबै कहाउ रह्यौ लखै, लाल महाउर लीक॥ ३३६॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, જૂઠાં વચનોની રચના કરી કરી મને દુઃખ દેવાને શું કરવા કહો છો? હે કૃષ્ણ! તમારા કપાળપર અલતાના રંગની રેખા દેખવામાં આવી, એટલે પછી સઘળું માત્ર કહેવાનું જ રહ્યું. એવાં તમારાં કથનને સત્ય અને તમને નિર્દોષ શી રીતે માની લઈયે?

લલાટમાં જે પોથીના રંગની રેખા છે, તેપરથી જણાય છે કે માનવતીને પગે પડી આવ્યા છો. હવે બીજું જે કહો તે બધું કહેવાનું જ, એ નાયિકાના કથનનું તાત્પર્ય છે. એમાં ખંડિતા નાયિકા છે. અલંકાર છેકાનુપ્રાસ છે.

खंडिता नायिका.

पटसों पोंछ परी करो, खरी भयानक भेख ।
नागिन व्है लागति दृगनि, नागबेलिरँग रेख ॥ ३३७ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, વસ્ત્રથી લૂછીને વેગળી કરો. આ તમારો વેશ અતિ ભયંકર છે. નાગવેલીના રંગની રેખા તમારાં લોચનને જે લાગી છે, તે મારી આંખોને નાગણી થઈને ડસે છે.

એમાં "જાણે નાગણી થઈ ડસે છે" એમ "જાણે" ઇત્યાદિ ઉત્પ્રેક્ષાવ્યંજક એક પણ શબ્દનો પ્રયોગ કરવામાં નથી આવ્યો, તેથી ગમ્યોત્પ્રેક્ષા જાણવી. એમાં પરોપભોગચિહ્નનાં દર્શનથી ખંડિતા નાયિકા જાણવી.

खंडिता.

जिहि भामिनि भूषण रच्यो, चरण महाउर भाल ।
उही मनो अँखियां रँगी, ओठनिके रँग लाल ॥ ३३८ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, જે વલ્લભાએ પોતાનાં ચરણનો અળતો તમારા લલાટમાં લગાડી ભૂષણની રચના કરી છે, તેણે જ પોતાના ઓઠોના રંગથી જાણે તમારી આંખો લાલરંગે રંગી છે.

તાત્પર્ય એ કે, તેણીએ માન ધારણ કર્યું અને તમે તેણીને પગે પડ્યા તેથી અળતાનો–પોથીનો રંગ લલાટે લાગ્યો છે, અને મોજમાં આખી રાત જાગવાથી આંખો લાલ થઈ છે.

એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે. ખંડિતા નાયિકા છે.

खंडिता.

पलनि पीक अंजन अधर, धरे महावर भाल ।
आज मिले सुभली करी, भले बनेहो लाल ॥ ३३९ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, પાંપણમાં તાંબુલના રસનો રંગ, અધરપર અંજન અને કપાળે અળતાનો રંગ ધારણ કરી આજે મળ્યા તે ઠીક કર્યું. હે કૃષ્ણ! આજ ભલા બન્યા છો. એમાં ખંડિતા નાયિકા છે.

उत्तमा स्वकीया.

वाहीकी चित चटपटी, धरत अटपटे पाय ।
लपट बुझावत बिरहकी, कपट भरेहू आय ॥ ३४० ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તેજ નાયિકાના સમાગમની તમારા ચિત્તમાં ચટપટી થઈ રહી છે, તમારા પગ આડા અવળા પડે છે; એ પ્રકારે કપટથી ભરેલા પણ આવી મારી વિરહજ્વાળાનું શમન કરો છો.

એમાં સાપરાધ પ્રિયની આગળ પણ સ્વાનુરાગ સહિત પોતાના પાતિવ્રત્ય ધર્મના પ્રતિપાદનરૂપ એ ઉત્તમાનું વચન હોવાથી ઉત્તમા સ્વકીયા નાયિકા જાણવી. એમાં પંચમ વિભાવનાલંકાર છે. કારણ પ્રતિબંધક છતે કાર્યોત્પત્તિ વર્ણવી હોય ત્યાં પણ વિભાવનાલંકાર ગણાય છે.

खंडिता.

गहकि गांस औरै गहे, रहे अधकहे बैन ।
देखि खिसौंहैं पिय नयन, किये रिसौंहैं नैन ॥ ३४१ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, કોલાહલ કરી નાયકનું કહેવાનું કાંઈ ને નાયિકા સમજી બીજું, એમ જૂદો જ અભિપ્રાય ગ્રહણ કરી નાયિકાએ વાત અડધી કરી, એટલામાં પ્રિય જે નાયક તેનાં નેત્ર ખસિયાણાં પડેલાં જોઈ પ્રિયા જે નાયિકા તેણે આંખો રીસાળ એવી કરી.

તાત્પર્ય એ કે, નાયકની ખસિયાણી આંખોપરથી નાયિકાએ જાણ્યું કે, એ આસક્ત કોઈ અન્ય સ્થળે છે તેથી પોતાની આંખો રીસયુક્ત કરી. એમાં શબ્દાલંકાર છેકાનુપ્રાસ છે.

प्रौढा अधीरा.

पावक सो नैनानि लग्यो, जावक लाग्यो भाल।
मुकर जाहुगे पलकमें, मुकुर बिलोको लाल ॥ ३४२ ॥

અર્થ—નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તમારા ભાલમાં જાવક એટલે લાક્ષારસ અથવા અલતો લાગ્યો છે, તે પાવક એટલે અગ્નિ સરખો મારી આંખે લાગ્યો છે; હે કૃષ્ણ ! તમે જરાકમાં નમુકર જશો, માટે મુકુર એટલે દર્પણ લઈને તમારું મુખ જુવો.

એમાં ધર્મલુપ્તોપમાલંકાર છે. પાવક એ ઉપમાન, જાવક એ ઉપમેય, અને સરખો એ વાચક પણ પાવક અને જાવક જે ઉપમાન અને ઉપમેય તેમને વિષે રહેલો સાધારણ ધર્મ કથન કરવામાં આવ્યો નથી, તેથી ધર્મલુપ્તોપમાલંકાર જાણવો.

એમાં (એટલે ભાષાંતરમાં નહિ પણ અસલ દોહરામાં) શબ્દાલંકાર લાટાનુપ્રાસ તથા યમકાનુપ્રાસ છે.*

तेह तरेर्‌यो त्यौरकरि, कत करियत दृग लोल।
लीक नहीं यह पीककी, श्रुति मनि झलक कपोल ॥ ३४३ ॥

અર્થ—સખી નાયિકા પ્રત્યે કહે છે કે, ક્રોધથી બીહામણું વદન કરી આંખો ચંચળ શું કરવા કરે છે? નાયકના કપોલપર તાંબૂલરસની રેખા છે એમ તું સમજે છે, તે તેમ નથી, પણ એ તો તેણે જે કાને કુંડળ પહેર્યાં છે, તેના રત્નની લાલ ઝલક છે.

એમાં "तेह तरेरे त्यौर करि" એવું પ્રથમ ચરણમાં પાઠાંતર જોવામાં આવે છે, તેમાં तेह એટલે કોપ તેથી तरेरे त्यौर એટલે ડરામણી સુરત કરીને એમ અર્થ કરવામાં આવે છે.

એમાં તાંબૂલરસ રેખાનું ગોપન કરી તે કુંડળ મણિની ઝલક છે એમ સખીએ કથન કરી આકારનું ગોપન કર્યું, તેથી વ્યાજોક્તિ અલંકાર જાણવો.

એ સખીની ઉક્તિ નાયિકા પ્રતિ છે, તેમાં તે નાયિકાના ભ્રમનું નિવા-

---

* જ્યાં જ્યાં શબ્દાલંકાર અમુક એમ આ પુસ્તકમાં આવે ત્યાં મૂળ દોહરા અથવા સોરઠામાં તે જાણવો. ભાષાંતરમાં શબ્દાલંકાર ભાગ્યે જ આવી શકે છે.

રણ કરે છે, પણ એ નાયિકાની ઉક્તિ સખી પ્રત્યે છે એમ કહેવામાં આવે તો પરકીયા ભૂતસુરતગોપના નાયિકા જાણવી.

मानवती.

आये आप भली करी, मेटन मान मरोर ।
दूर करो यह देखिहै, छला छिगुनियां छोर ॥ ३४४ ॥

અર્થ—સખી નાયક પ્રત્યે કહે છે કે, એના માનનો મરડાટ મટાડવાને આપ આવ્યા તે ભલી કરી; પરંતુ આ તમારી ટચલી આંગળીના અગ્ર ભાગપર જે અન્ય પ્રિયાની મુદ્રિકા પહેરી લાવ્યા છો, તે આઘીપાછી કરી નાંખો, નહિ તો એના જોવામાં આવી જશે.

તાત્પર્ય એ કે, જો એ મુદ્રિકા તમારી જ હતે તો તમારી આંગળીએ બરાબર બેસતી આવતે, પણ આ તેમ જોવામાં આવતી નથી.

એમાં માનવતી નાયિકા છે. સખી કહે છે કે, એણે જે માન ધારણ કર્યું છે, તેવામાં જો એ વીંટી એની નજરે પડી તો તમારો અપરાધ સાચો ઠરશે, માટે એ મુદ્રિકાને આઘીપાછી કરી નાંખો, એ સખીના કથનનું તાત્પર્ય છે. એમાં વિષમાલંકાર છે.

નાયિકા માનવતી છે તેનું માન મટાડવારૂપ ઇષ્ટ સાધવા જતાં મુદ્રિકા જોઈ ઉલટું માનમાં વૃદ્ધિ થવારૂપ અનિષ્ટ થાય, તેથી વિષમાલંકાર જાણવો.

खंडिता.

लालन लहि पाये दुरै, चोरी सौंह करै न ।
सीस चढे पनिहा प्रगट, कहैं पुकारे नैन ॥ ३४५ ॥

અર્થ—નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, હે કૃષ્ણ! તમે કેવા કપટી છો તે મેં જાણી લીધું, સોગન ખાવાથી કાંઈ ચોરી ન છૂપે; આ માથે ચઢેલાં પગી અથવા ચોરીનો પત્તો લગાડનારાં જે તમારાં લોચન, તે પ્રગટ પોકારીને કહે છે.

તમે ચોરી કરી છે તે તમારાં લાખ એવાં લોચનો પ્રગટ પુકારીને કહે છે. એમાં કાવ્યલિંગાલંકાર છે. નાયિકા ખંડિતા છે.

अधीरा प्रौढा.

तुरत सुरत कैसे दुरत, मुरत नैन जुरि नीठि ।
डोंडी दै गुन रावरे, कहै कनौडी दीठि ॥ ३४६ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તુરતનો સુરત કેમ કરીને છૂપી શકે? મહા મુસીબતે તમારાં નેત્ર અમારાં નેત્ર સાથ મળીને એટલે સામે થઇને પાછાં (લાજને લીધે) ફરી જાય છે. આપની નિંદિત એવી દૃષ્ટિ ડાંડી પીટીને આપનાં ગુણ એટલે અવગુણ કહી આપે છે.

એમાં "ડાંડી પીટીને કહે છે" એ લોકોક્તિ. તુરત, સુરત આદિ પદ ઉપરથી વૃત્યનુપ્રાસ અને ડોંડી ને કનૌડી એ છેકાનુપ્રાસ જાણવો.

એમાં નાયકનાં નેત્ર રતાસ, આલસ્ય અને લજ્જાથી યુક્ત એવાં જોવામાં આવ્યાં અર્થાત્ પરાંગનાનુરાગ ચિહ્નિત એવાં નાયિકાએ જોયાં, તેથી ખંડિતા નાયિકા જાણવી.

खंडिता.

मरकत भाजन सलिलगत, इंदुकलाके वेष ।
झीन झगामें झलमलै, श्याम गात नखरेष ॥ ३७३ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, જાણે મરકતમણિનું પાત્ર પાણીમાં પડ્યું હોય અને તેમાં ચંદ્રમાની કળાનું પ્રતિબિંબ પડ્યું હોય, તેની પેઠે તમારા ઝીણા જામામાં શ્યામ શરીરપર નખરેખા ચમકે છે.

એમાં ગમ્યોત્પ્રેક્ષાલંકાર છે. ખંડિતા નાયિકા છે.

खंडिता.

नखरेखा सोहै नई, अलसौहैं सब गात ।
सौहैं होत न नैन यह, तुम सौहैं कत खात ॥ ३४८ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, નૂતન નખપ્રહારની રેખા શોભી રહી છે, આખું શરીર આલસભર્યું છે, તેમજ આ તમારાં નેત્ર સામે થઈ શકતાં નથી, તો પછી તમે સોગન શું કામ ખાઓ છો?

એમાં ત્રીજા ચરણનો પ્રથમ શબ્દ અને ચોથા ચરણનો બીજો શબ્દ "सौहैं" એ એક જ છતાં પહેલાનો અર્થ "સામે" એવો અને બીજાનો અર્થ "સોગન" એવો હોવાથી શબ્દાલંકાર યમકાનુપ્રાસ છે.

"दृग सौंह न होत सकोचनतें अब काहेकों सौंह इती करिये." कृष्णदत्त.

અર્થ–નાયિકા કહે છે કે, લાજના કારણથી મારી સામે આંખ કરી શકતા નથી તો હવે એટલા સોગન શું કામ ખાવા જોઈયે?

प्रौढा अधीरा.

तरुन कोकनद बरन बर, भये अरुन निसि जागि ।
वाहीके अनुराग दृग, रहे मनो अनुरागि ॥ ३४९ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, રાતના જાગરણ કરી તરુણ રક્ત કમળના જેવાં શ્રેષ્ઠ રંગનાં તમારાં નેત્ર થયાં છે, આ તમારાં નેત્ર જાણે તેણીની જ પ્રીતિના રંગથી રંગાઈ રહ્યાં છે.

પહેલા ચરણમાં "तरुन कोकनद बरन बर" એમ છે, તેનો તરુણ એટલે નવીન, કોકનદ એટલે કમલ, બરન એટલે રંગ અને બર એટલે શ્રેષ્ઠ એમ લેતાં તરુણ એવા રક્ત કમળના રંગથી શ્રેષ્ઠ એવાં તમારાં નેત્ર થયાં છે એમ પણ અર્થ થઈ શકે છે. એમાં પ્રતીપ તેમ જ હેતૂત્પ્રેક્ષાલંકાર છે.

सोहत संग समान सों, यहै कहै सब लोग ।
पानपीक ओठन बनै, काजर नैन न जोग ॥ ३५० ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, સંગ સમાન શું શોભે છે, એમ સર્વે લોક કહે છે; જુઓ કે પાનની પીક એટલે નાગવેલીના રસનો રંગ ઓઠપર સારો લાગે છે અને કાજળ તે નેત્રોને યોગ્ય છે.

હોઠ લાલ તેમ પાનનો રસ પણ લાલ છે, નેત્ર શ્યામ તેમ કાજળ પણ શ્યામ છે, એ કારણથી પોત પોતાને યોગ્ય એવા સ્થળમાં સમાનના સંગથી શોભા પ્રાપ્ત થાય છે.

એમાં સમાલંકાર છે. પરસ્પર સમાન એવા બે પદાર્થના સંબંધનું વર્ણન કરવામાં આવે ત્યાં એ અલંકાર જાણવો. ઉપલા ઉદાહરણમાં તાંબુલરસ અને હોઠ એ બે પદાર્થ તેમ જ નેત્ર અને કાજળ એ બે પદાર્થોનો સંબંધ વર્ણવ્યો, તેથી સમાલંકાર.

प्रौढा खंडिता.

प्रानप्रिया हियमें बसै, नखरेखा ससि भाल ।
भलो दिखायो आन यह, हरिहर रूप रसाल ॥ ३५१ ॥

અર્થ-નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, પ્રાણપ્રિયા તમારા હૃદયમાં વાસ કરે છે, અને નખરેખારૂપી ચંદ્રમા ભાલને વિષે વિરાજે છે એવું રસભરિત હરિહરરૂપ લાવીને તમે આ ભલું દેખાડ્યું!! એમાં રૂપકાલંકાર છે.

બીજી રીતે નાયિકા કહે છે કે, હે હરિ! જેના હૃદયમાં પ્રાણપ્રિયા (પાર્વતી) વાસ કરી રહી છે અને નખરેખાસદૃશ ચંદ્ર જેના કપાળમાં, એવું રસયુક્ત મહાદેવનું રૂપ આણીને આ ભલું દેખાડ્યું.

એમાં વક્રત્વ ધર્મનું સામ્ય હોવાથી નખ શબ્દવડે નખક્ષત એ અર્થ સમજવો. એમાં પ્રૌઢા ખંડિતા નાયિકા છે.

खंडिता.

ह्यां न चलै बलि रावरी, चतुराईकी चाल ।
सनख हिये खिन खिन नटत, अनख बढावत लाल ॥ ३९२ ॥

અર્થ-નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, બલિહારી! આપની ચતુરાઇની ચાલ અહીંઆં નહિ ચાલે; હે લાલ! તમે સનખ (નખસહિત) હૃદયથી અનખ એટલે કોપ, તેમાં વૃદ્ધિ કરો છો.

એમાં વિરોધાભાસ અલંકાર છે. એમાં પણ નખક્ષત સહિત નાયકના હૃદયનું દર્શન, તેથી ખંડિતાનાયિકા જાણવી.

खंडिता.

बैसी यह जानी परत, झगा ऊजरे माँहिं ।
मृगनैनी लपटी जुहिय, बैनी उपटी बाँहि ॥ ३९३ ॥

અર્થ-નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તમારા ઉજળા એવા જામામાં એ તેવી જ જણાઈ પડે છે, તે કેવી? કે મૃગનયની જે તમારા ઉરમાં લપટાઈ તેની વેણી તમારા બાહુમાં ઉપડી આવી છે તેવી.

એમાં અનુમાનાલંકાર તથા ખંડિતા નાયિકા છે.

खंडिता.

न करु न डरु सब जग कहत, कत बेकाज लजात ।
सौहैं कीजे नैन जो, साची सौहैं खात ॥ ३९४ ॥

અર્થ—નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, આખું જગત કહે છે, કે કરિયે, તો ડરિયે, ન કરિયે તો ન ડરિયે; હવે જો તમે નિરપરાધી છો તો શું કરવા નકામા લજાઓ છો? જો સાચા સોગન ખાઓ છો, તો તમારાં લોચન મારી સન્મુખ કરો.

તાત્પર્ય એ છે કે, લજ્જા મ કરો, તમે નિર્દોષ છો એવી વિપરીત નાયિકાની ઉક્તિ ઉપરથી તેણીની એ કોપોક્તિ જાણવી. જો તમે સાચા જ છો તો તમારા નેત્રયુગલ મારી સન્મુખ કરો. એ ઉપરથી સોગનોથી સત્યતા કરતી નથી એ ભાવ. એમાં પણ ખંડિતા નાયિકા છે.

એમાં "ન કરિયે, ન ડરિયે" એ લોકોક્તિ અલંકાર છે; તેમ જ ત્રીજા ને ચોથા ચરણનો પહેલો અને બીજો શબ્દ એક જ છતે અર્થ ભિન્ન હોવાથી યમકાનુપ્રાસ એ શબ્દાલંકાર છે.

खंडिता.

रह्यो चकित चहुँघा चितै, चित मेरो मति भूलि ।
सूर उदय आये रही, द्दगनि साँझसी फूलि ॥ ३५५ ॥

અર્થ—નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, મારું આ મન છે તે મતિ ભૂલીને ચારે તરફ જોતું ચકિત થઈ રહ્યું છે, તે એ કારણથી કે તમે સૂર્યોદય થયે પધાર્યા ને તમારી આંખોમાં તો સાંજ સરખી શોભા બની રહી છે.

પ્રાતઃકાળે સંધ્યાસમયની રક્તતા નાયિકાના જોવામાં આવી, તેથી ચકિત થઈ એ ભાવ. એમાં ધર્મલુપ્તોપમાલંકાર છે.

સાંજ સમયે આકાશમાં જેવી લાલ રંગની શોભા બની રહે છે, તેવી આખી રાતના ઉજાગરાથી તમારા નેત્રમાં રક્તિમા જોવામાં આવે છે, એમ જે નાયિકાએ સૂચવ્યું, એ જ પરાંગનાનુરાગ ચિહ્ન, તેથી એ પણ ખંડિતા નાયિકા જાણવી.

प्रौढा अधीरा.

कत बेकाज चलाइयत, चतुराईकी चाल ।
कहै देत यह रावरे, सब गुन बिनगुनमाल ॥ ३५६ ॥

અર્થ—નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, નકામા શું કરવા ચતુરાઈની

ચાલ ચલાવો છો? આપના સઘળા ગુણ આ વગર ગુણની (દોરા વગરની) માળા કહી દે છે.

એમાં પ્રૌઢા અધીરા નાયિકા તથા અલંકાર વિરોધાભાસ છે.

प्रौढा अधीरा.

दुरै न निघर घटौ दिये, यह रावरी कुचाल ।
बिषसी लागतहै बुरी, हँसी खिसीकी लाल ॥ ३९७ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, એ આપની ચાલ આમ ધીટ-પણું કરવાથી છૂપવાની નથી; હે કૃષ્ણ! આ તમારું ધૃષ્ટતાનું હસવું મને વિષ સરખું બુરું લાગે છે.

વિષ અલ્પ પણ પ્રાણ હરણ કરવા સમર્થ, તેમ જ એ હસવું પણ પ્રાણાંત દુઃખદ, એ ભાવ છે.

એમાં વિષ એ ઉપમાન, હસવું એ ઉપમેય, સરખું એ વાચક અને બુરું લાગવું એ ધર્મ, તેથી પૂર્ણોપમાલંકાર જાણવો.

खंडिता.

गडे बडे छबि छाकु छकि, छिगुनी छोर छुटै न ।
रहे सुरँग रँग रंगि उहि, नह दी महँदी नैन ॥ ३९८ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તેણીની સુંદરતારૂપ મદિરાથી મત્ત થયલાં એવાં અને ટચલી આંગળીના અગ્રભાગપર લાગેલાં એટલે આસક્ત થયલાં તેથી નહિ છૂટતાં એવાં જે તમારાં લોચન, તે આંગળીના નખપર લગાડવામાં આવેલી જે મેંદી તેના લાલરંગથી રંગાઈ રહ્યાં છે.

બીજો અર્થ–નાયક સખીને કહે છે કે, ભારી એવો જે છબીનો છાક તેથી છકીને–મત્ત થઇને અમારાં નેત્ર ટચલી આંગળીના અગ્રભાગમાં લાગેલાં–આસક્ત થયલાં છે, તે છૂટતાં નથી. તે ટચલી આંગળીના જે નખ, તેને લગાડવામાં આવેલી જે મેંદી તેનો જે સુંદર રંગ તેનાથી જ તે નેત્રો રંગાઈ રહ્યાં છે એટલે અનુરાગી થઈ રહ્યાં છે.

એમાં "रंग रंग" એ લાટાનુપ્રાસ અને "गडे बडे" એ છેકાનુપ્રાસ છે.

પહેલા અર્થ પ્રમાણે ખંડિતા નાયિકા અને બીજા અર્થ પ્રમાણે નાયકની આસક્તિ વર્ણન કરવામાં આવી છે.

प्रौढा अधीरा.

कत सकुचत निधरक फिरो, रतियो खोरि तुमैं न ।
कहा करौ जो जा हियें, लगे लगोहे नैन ॥ ३५९ ॥

અર્થ—નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, શું કામ સંકોચાઓ છો? ડક ફરો હરો, તમે શું કરો? તમારો એમાં રતિભર દોષ નથી; તમારાં | પડવાના સ્વભાવવાળાં જે નેત્ર, તે જઈ લાગુ પડી જાય છે.

લાગુ પડવાના સ્વભાવવાળાં તે અન્ય શું લાગી જાય–આસક્ત થાય, ં તમારો શો વાંક? એમાં વ્યાજસ્તુતિ અલંકાર છે.

એમાં તમારો શો અપરાધ? નેત્રનો અપરાધ. તેમાં તમે શું કામ વાઓ છો? એવી નાયિકાની કોપોક્તિ ઉપરથી અધીરા નાયિકા જાણવી.

अधीरा मध्या.

अनत बसे निसिकी रिसानि, उर बर रह्यो बिशेषि ।
तऊ लाज आई झुकत, खरे लजौहे देषि ॥ ३६० ॥

અર્થ—નાયિકા સખી પ્રત્યે કહે છે કે, રાતના નાયક અન્ય સ્થળે ા, તેની રિસથી હૃદય વિશેષે કરી બળી રહ્યું; તોપણ પ્રીતમને લજાતા ખા ઉભેલા જોઈને મને પણ લજ્જા આવી.

અવ્યંગ્ય એવા કોપનો પ્રકાશ કરનારી તે અધીરા અને લજ્જા અને નનું સામ્ય હોવાથી મધ્યા તેથી અધીરા મધ્યા નાયિકા જાણવી. એમાં ાાવનાલંકાર છે.

स्वीयान्यसंभोगदुःखिता.

बिलखी लखै खरी खरी, भरी अनख बैराग ।
मृगनैनी सैन न भजै, लखि बेनीके दाग ॥ ३६१ ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, અનમની થઈ ઉભી ઉભી કોપ ા ઉદાસીથી મૃગનયની પ્રીતમની શૈય્યા જોય છે, પણ તેપર અન્ય ની વેણીનું ચિહ્ન જોઈ તે તલ્પના સેવનની ઈચ્છા કરતી નથી.

એ પ્રમાણે સખીના કથનવડે ઉપર જણાવેલી ક્રિયાવડે નાયિકાનું ખિતત્વ વર્ણવવામાં આવ્યું, તેથી સ્વીયાન્યસંભોગ દુઃખિતા નાયિકા ી. સ્વભાવોક્તિ અલંકાર છે.

स्वीया-परकीया तथा प्रोषितपतिका.

नये बिरह बढती बिथा, भई बिकल जियबाल।
बिलखी देखि परोसिन्यों, हरषि हँसी तिहिकाल॥ ३६२॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નવીન વિરહની વધતી વ્યથાથી બાળા ચિત્તમાં વ્યાકુલ થઈ અને પડોસણને દુઃખિત દેખી તેજ સમયે હર્ષ પામીને હસી પડી.

પોતાના પ્રીતમના ગમનથી સોકયને ઉદ્વિગ્ન થતી દેખી નાયિકા હસી એ આશય છે. એમાં સ્વકીયા, પરકીયા અને પ્રોષિતપતિકા એ ત્રણ નાયિકા એક દોહરામાં આવી જાય છે. પતિના પ્રથમ પ્રવાસને લીધે જે અધિક વિરહવ્યથિત થઈ તે સ્વકીયા, જેનો પતિ પરદેશ તે પ્રોષિતપતિકા, અને પડોસણ જે પરદેશ જનારની પ્રિયા તે પરકીયા જાણવી.

વળી સ્મિત, રુદિત, ક્રોધ અને ત્રાસાદિકનું જ્યાં સાંકર્ય જોવામાં આવે, ત્યાં કિલકિંચિત્ નામનો હાવ જાણવો. આમાં હર્ષ શોકનું સાંકર્ય હોવાથી એ ભાવ છે.

એમાં વિપ્રલંભશૃંગારનો હાસ્યરસ અંગ થયો, તેથી રસવદલંકાર જાણવો.

अधमा स्वकीया.

रही पकरि पाटी सुरिस, भरे भौंह चित नैन।
लखि सपने पिय आनरति, जगतहु लगत हियै न॥ ३६३॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, સ્વપ્નમાં પોતાના પતિને અન્યાસક્ત જોઈ જેની ભૃકુટી, ચિત્ત અને નેત્ર રીસનાં ભરેલાં એવી નાયિકા ખાટલાની પાટીને પકડી રહી અને જાગૃત થઈ છતે પણ પતિને હૃદયાલિંગન કરતી નથી.

એમાં સ્વપ્નમાં જોયલા નહિ જેવા-સ્વલ્પ અપરાધના કારણથી માનનાં આધિક્યથી અધર્મપણું દર્શાવ્યું, તેથી અધમા સ્વીયા જાણવી.

એમાં ભ્રાંત્યલંકાર છે. અથવા નાયકને નાયિકાએ સ્વપ્નમાં અન્યાસક્ત દીઠો, તેથી જાગૃદવસ્થામાં પણ માન છોડતી નથી તેથી અન્યસંભોગદુઃખિતા નાયિકા પણ કહી શકાય.

अन्य संभोगदुःखिता.

छला परोसिन हाथतें, छल करि लियो पिछानि।
पियहि दिखायो लखि बिलखि, रिस सूचक मुसकानि ॥ ३६४ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકાએ પડોસણના હાથમાંથી છળકરી પરખીને મુદ્રિકા કાઢી લીધી, પોતે જોઈ અને અંતરની રીસ સૂચવનારી એવી હાંસીપૂર્વક પતિને તે દેખાડી અનમની થઈ.

એમાં છળ કરી નાયકને જે જણાવવાનું હતું તે જણાવ્યું, તેથી પર્યાયોક્તિ અલંકાર જાણવો. એમાં અન્યસંભોગદુઃખિતા નાયિકા છે.

अन्य संभोगदुःखिता.

गह्यो अबोलो बोलिप्यौ, आपै पठै बसीठ।
दीठ चुराई दुहुनकी, लखि सकुचौंहीं दीठ ॥ ३६५ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકાએ કોઈ સુંદરી સાથે સંદેશો કહાવી નાયકને બોલાવી પોતે અબોલા લીધા. કારણ કે બન્ને દૂતી અને નાયક સામે નજર કરતાં નથી અને તેમની દૃષ્ટિ લજ્જિત છે એવું તેણીનાં જોવામાં આવ્યું.

દૃષ્ટિ ચોરાવ્યાથી અને લજ્જાયુક્ત સંદેશહારિકા અને નાયકનાં નેત્ર જોવામાં આવ્યાં તેથી નાયિકાએ અબોલા લીધા. એપરથી અન્ય સંભોગદુઃખિતા નાયિકા જાણવી.

એમાં અમિતાલંકાર છે. કવિપ્રિયામાં એ અલંકારનું "**जहां साधनै भोगवै, साधककी शुभ सिद्धि; अमित नाम तासों कहत, जाकी अमित प्रसिद्धि.**" એવું લક્ષણ આપેલું છે. તેનો અર્થ એ કે જ્યાં સાધકની શુભ સિદ્ધિ તે સાધન ભોગવે ત્યાં જેમની અમિત પ્રસિદ્ધિ એવા (કવિ) ને અમિતાલંકાર એમ કહે છે. ઉપરના ઉદાહરણમાં સાધક તે નાયિકા તેની સિદ્ધિ, સાધન જે સંદેશહારિકા તેણે ભોગવી, તેથી અમિતાલંકાર જાણવો.

ज्येष्ठा तथा कनिष्ठा.

सुरँग महावर सौतिपग, निरख रही अनखाय।
पिय अँगुरिन लाली लखै, उठी खरी लगि लाय ॥ ३६६ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, સુરંગ એટલે સુંદર રંગ અથવા લાલ રંગનો અળતો તે સપત્નીના ચરણમાં રીસથી ભરી એવી જોઈ રહી હતી, તેવામાં પ્રીતમની આંગળીઓમાં રક્તતા જોઈ તેણીના હૃદયમાં લાય ઉઠી.

અળતાના રંગથી રંગેલાં સૌભાગ્યસૂચક સોકનાં ચરણના દર્શનથી કોપયુક્ત તો હતી જ, તેવામાં નાયકની આંગળીઓ પણ તેવા જ રંગથી રંગાયલી જોતાં તેણીના હૃદયમાં અધિક લાય ઉઠી, તેથી અનુગુણાલંકાર જાણવો.

એમાં અસૂયા નામનો સંચારી ભાવ છે. એમાં પતિનાં સ્નેહનાં આધિક્યથી એક જ્યેષ્ઠા અને સ્નેહની ન્યૂનતાને લીધે બીજી તે કનિષ્ઠા નાયિકા જાણવી.

सपत्नीसंभोगदुःखिता स्वीया.

बिथुर्‌यो जावक सौतिपग, निरख हसी गहि गास ।
सलज हँसौंही लखि लियो, आधी हँसी उसास ॥ ३६७ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, સોક્યના ચરણમાં અળતો સધરપધર થયલો જોઈ અભિપ્રાય સમજીને હસી, પણ સોક્યને સલજ્જ હાસ્ય કરતી જોઈ, અડધી હાંસીમાં જ નિઃશ્વાસ નાંખ્યો.

તાત્પર્ય સોક્યના ચરણોમાં સધરપધર થયલો અળતાનો રંગ જોઈ નાયિકાએ એવું અનુમાન કર્યું હતું કે, મારી સોક્ય ફૂહડ છે, પણ તેણીએ જે લજ્જાયુક્ત એવું હાસ્ય કર્યું તેથી નાયિકાએ અળતો તો નાયકના હાથથી લગાડવામાં આવ્યો છે અને તેને કંપ નામક સાત્વિક ભાવના ઉદયથી કર કંપ્યો, તેથી રંગ સધરપધર થયો છે એમ પામી ગઈ.

એમાં સપત્નીસંભોગદુઃખિતા સ્વીયા નાયિકા જાણવી. તેમ જ પ્રેમગર્વિતાના હેતુપૂર્વક હસવાના સ્વભાવના વર્ણન ઉપરથી સ્વભાવોક્તિ અલંકાર છે.

ज्येष्ठा तथा कनिष्ठा.

हठि हित करि प्रीतम लियो, कियो जु सौति शृँगार ।
अपने कर मोतिन गुह्यौ, भयो हराहर हार ॥ ३६८ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, પોતાને હાથે મોતીનો ગુંથેલો જે હાર તે પ્રીતમે હઠ અને પ્રીતિ કરી લઈને તેથી સોકને સણગારી, તે જોતાં નાયિકાને તે હાર હરહાર એટલે સર્પ સમાન થયો.

"भयो हरा हरहार" એ દોહરાનું ચોથું ચરણ છે તેનો અર્થ હાર હર-એટલે મહાદેવનો હાર જે સર્પ તે થયો. એમાં સર્પ એ ઉપમાન, એ ઉપમેય એ બે છે, પણ વાચક અને ધર્મ એમાં ન હોવાથી કધર્મલુપ્તા જાણવી. એમાં જ્યેષ્ઠા અને કનિષ્ઠા બન્ને નાયિકા છે.

વળી સદાયનો સુખ શોભાદાયક જે મુક્તાહાર, તેથી સર્પદર્શનવત્ મ થયાથી ઇષ્ટાર્થથી વિરુદ્ધ અર્થની પ્રાપ્તિ વર્ણવવામાં આવી, તેથી ાદાલંકાર પણ છે. "इष्यमाणविरुद्धार्थसंप्राप्तिस्तु विषादनम्" એ વિષાદા-ારનું લક્ષણ આપવામાં આવ્યું છે.

सपत्नीसंभोगदुःखिता.

पार्यो शोर सुहागको, इन बिनहीं पियनेह ।
उनि=दोही अँखियाँ किकै, कै अलसौंही देह ॥ ३६९ ॥

અર્થ-એક અંતરંગ સખી પ્રત્યે નાયિકા કહે છે કે, પતિના સ્નેહ ના જ નિદ્રાથી ઘેરાયલાં નેત્રો અને આળસયુક્ત દેહવડે સૌભાગ્યનો માટો તેણીએ પાડ્યો છે એટલે પતિની પ્રીતિ પ્રસિદ્ધ કીધી છે.

૨ જો-સ્વપતિસંભોગચિહ્નિત સખી અથવા દૂતીને જોઈને બીજી તરંગ સખી પ્રત્યે એ નાયિકાની ઉક્તિ છે, એમ લઈ અર્થ કરવામાં ાવે તો નિદ્રાથી ઘેરાયલાં નેત્ર તેથી રાત્રીના ઉજાગરાનું સૂચન કર્યું અને ાળસયુક્ત વપુવડે અંગોપમર્દ સૂચિત કર્યો. એમાં અન્યસંભોગદુઃખિતા ાયિકા છે. અથવા સોકને પતિ સંભોગ ચિહ્નિત જોઈ સખી પ્રત્યે તેના દ્રાથી ઘેરાયલાં નેત્ર વગેરે રતિ ચિહ્નનાં વર્ણન ઉપરથી પોતાનું દુઃખિતત્વ ર્ણવ્યું, તેથી સપત્નીસંભોગદુઃખિતા જાણવી.

मध्याधीरा.

सखि सोहत गोपालके, उर गुंजनकी माल ।
बाहर लसत पिये मनो, दावानलकी ज्वाल ॥ ३७० ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હે સખી! ચણોઠીની માળા ? ગોપાલ એટલે શ્રીકૃષ્ણના હૃદયમાં શોભા આપે છે, તે જાણે તેણે કૃષ્ણે) પીધેલો જે દાવાનળ તેની જ્વાળા બહાર નીકળીને દીપે છે.

ગુંજમાલને વિષે આવી અમંગલ દાવાનળની જ્વાળની સંભાવના કેમ કરી? તેનો ઉત્તર એ કે, એ ગુંજમાળા નાયકને સપત્ની તરફથી આપવામાં આવેલી, તેથી એ દાવાનળની જ્વાળા સરખી સંતાપ કારિણી છે, એવી રીતે વ્યંગ્ય કોપનો પ્રકાશ કર્યો તે ઉપરથી એ મધ્યા ધીરા નાયિકાની ઉક્તિ જણાય છે.

એમાં ગુંજમાલરૂપ વસ્તુમાં અનલ જ્વાળાની સંભાવના કરવામાં આવી, તેથી વસ્તૂત્પ્રેક્ષાલંકાર જાણવો.

अधमा.

मुह मिठास दृग चीकने, भौंहैं सरल सुभाय ।
तऊ खरे आदर खरौ, छन छन हियो सकाय ॥ ३७१ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, મુખમાં મિઠાસ, નેત્રામાં સ્નેહ અને ભૃકુટી સરળ સ્વભાવની એ બધું છતે પ્રિયાના અતિ આદરથી ક્ષણે ક્ષણે પ્રીતમનું હૃદય અતિ શંકિત એવું થાય છે.

તાત્પર્ય એ કે અતિ આદર જોઈ નાયકના મનમાં એમ શંકા આવે છે કે, કાંઈ એવું ન થાય કે એ કાંઈ ક્રોધ કરી ઉઠે.

એમાં નાયિકાના આદરના આધિક્યથી તેણીના કોપાધિક્યની શંકા વર્ણવી, તે ઉપરથી તેણીનું અધમાપણું વ્યંજિત થાય છે.

अधीराप्रौढा.

खरे अदब इठिला हटी, उर उपजावत त्रास ।
दुसह शंक विषकी करै, जैसे सोंठ मिठास ॥ ३७२ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, ખૂબ અદબમાં બાળાની હઠિલાઈ તે મારા મનમાં ત્રાસ ઉપજાવે છે, તે કોની પેઠે કે, જેમ સુંઠની મિઠાસ વિષની દુઃસહ શંકા ઉત્પન્ન કરે છે તેની પેઠે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

संयोगशृंगार.

गली अँधेरी साँकरी, भो भट भेरो आन ।
परे पिछाने परसपर, दोऊ परस पिछान ॥ ३७३ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, અંધારી અને સાંકડી એવી ગલીમાં

પ્રીતમ પ્રિયાનો અચાનક મેળાપ થયો અને પરસ્પર શરીરનો સ્પર્શ થયાથી એક બીજાને ઓળખી લીધાં.

એમાં ઉન્મીલિતાલંકાર છે. ભાષા ભૂષણમાં એ અલંકારનું "उन्मीलित सादृस्यतैं भेद फुरै तब मानि." એવું લક્ષણ આપ્યું છે. તેનો અર્થ એ છે કે, બે વસ્તુનાં સાદૃશ્યને લીધે ભેદ ન જણાતો હોય, તે કોઈ વિશેષ કારણના યોગે જાણવામાં આવે ત્યાં ઉન્મીલિતાલંકાર જાણવો. ઉપરનાં ઉદાહરણમાં સ્પર્શરૂપ વિશેષ કારણથી ભેદ ખુલ્યો, તેથી ઉન્મીલિતાલંકાર જાણવો.

नायिकानो भ्रम.

जो तिय तुम मनभावती, राखो हिये बसाय ।
मोहि खिजावति दृगनि व्है, बहई उझकति आय ॥ ३७४ ॥

અર્થ—નાયિકા પોતાનું પ્રતિબિંબ નાયકની આંખમાં જોઈ તેને કહે છે કે, જે સ્ત્રી તમારે મનભાવતી છે તેને તમે હૃદયમાં વસાવી રાખી છે, તે તમારા નેત્રમાં રહીને મારા સામું નિરખતી એવી મને ખીજવે છે.

એમાં નાયિકાએ પોતાના પ્રતિબિંબને વિષે અન્ય સ્ત્રીની સંભાવના કરી, પણ તેમાં ઉત્પ્રેક્ષાવ્યંજક એવા કોઈ શબ્દનો પ્રયોગ જોવામાં આવતો ન હોવાથી ગમ્યોત્પ્રેક્ષા જાણવી.

सखिओनो परिहास.

चिरजीवो जोरी जुरै, क्यों न सनेह गँभीर ।
को घटि ये वृषभानुजा, वे हलधरके वीर ॥ ३७५ ॥

અર્થ—નાયક નાયિકાની અંતરંગિણી સખીની ઉક્તિ. રાધાકૃષ્ણની જોડી ચિરકાળ જીવો. એ બન્નેનો ગંભીર સ્નેહ કેમ ન જોડાય? એ બેમાં ઓછું ઉતરે એવું એટલે કુલશીલશૌર્યાદિકમાં ઉતરતું એવું કોણ? બન્ને બરાબર છે, તે એવી રીતે કે રાધા વૃષભાનુની કન્યા અને આ કૃષ્ણ તે બલભદ્રના ભાઈ, એમ સમાનકુળ હોવાથી એમનો ગંભીર સ્નેહ તે યુક્ત જ છે.

અથવા કૃષ્ણ બલભદ્રના ભાઈ એટલે ચંદ્રવંશી છે અને રાધા વૃષભાનુ એટલે વૃષરાશિસ્થ સૂર્યની પુત્રી છે તેથી એવા સૂર્યવંશીને ચંદ્રવંશીનો સ્નેહ ઉચિત જ છે.

જ્યાં યથાયોગ્યનો સંગ વર્ણવવામાં આવે ત્યાં સમાલંકાર જાણવો. આ દોહરામાં તેમ હોવાથી એ સમાલંકાર છે.

એમાં वृषभानुजा એટલે વૃષભની અનુજા અને हलधरके बीर એટલે બળભદ્રના ભાઈ એમ અર્થ લઈ બાકીનો દોહરાનો શેષ ભાગ પણ બન્ને બાજુ મળતો હોવાથી સખીઓના પરિહાસપર અર્થ લગાડવામાં આવ્યો છે.

मानी तथा मानवती.

दोऊ अधिकाई भरे, एकै गौ गहराँय ।
कौन मनावै को मनै, मानै मति ठहराय ॥ ३७६ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે બન્ને નાયક નાયિકા ગર્વની અધિકતાથી ભરેલાં એવાં એક જ હઠ પકડી રહ્યાં છે, તે મૂકતાં નથી; એમને કોણ મનાવે અને કોણ માને એમ છે? જ્યારે એમની મતિ ઠેકાણે આવશે ત્યારે પોતાની મેળે માનશે.

તાત્પર્ય એ કે, નાયક નાયિકા ખેલમાં દાવ લેવાને વઢ્યાં અને કુળ, વય, રૂપ અને પ્રેમનો બન્નેને ગર્વ થયો. ન નાયિકા નાયકનું કે ન નાયક નાયિકાનું માને. તે વખતે સખીએ સખીને કહ્યું કે, પોતાની મેળે જ માનશે, અમારાં મનાવ્યાં નહિ માને. ચુપ રહો. એ બન્ને એક જ ઓવારે ઉતર્યાં છે. માન બન્નેને મીઠું લાગું છે.

રમત કરતાં જે માન ઉપજે, તેને સાહિત્યશાસ્ત્રમાં પ્રણયમાન કહે છે. વળી ઈર્ષ્યાથી પણ માન ઉપજે છે તેથી પ્રણયમાન અને ઈર્ષ્યાજનિત માન, એમ માનના બે પ્રકાર ગણવામાં આવે છે.

मानवती.

मान करत बरजत नहीं, उलट दिवावत सौंह ।
करे रिसौंहीं जायगी, सहज हँसौंहीं भौंह ॥ ३७७ ॥

અર્થ-માનવતી નાયિકા પ્રત્યે સખી કહે છે કે, માન ધારણ કરતાં હું તને વારતી નથી, હું તો ઉલટી તને સોગન દેવાડું છું, એટલે તું માન ન ધરે તો તને ફલાણા સોગન છે એમ કહું છું તેથી તું માન કર; હું તને કાંઈ કહેતી નથી; પણ તું વિચાર કર કે, સહજ હસતી એવી જે આ તારી ભ્રૂલતા તે તારાથી રિસની ભરેલી એવી કેમ કરી જશે?

પોતે જે કહ્યું હોય, તેનો કોઈક વિચારથી પ્રતિષેધ કરવામાં આવે આક્ષેપાલંકાર જાણવો. આમાં પ્રથમ માન ધર એમ નાયિકાને કહી ગથી કરેલો નિષેધ વ્યંજિત થાય છે, તેથી આક્ષેપાલંકાર છે.

"प्रेम, अधीरज, धीरजनि, संशय, मरन, प्रकास; आसिष, धरम, उपाय कहि, केसवदास" એટલે પ્રેમાક્ષેપ,[1] ધૈર્યાક્ષેપ,[3] અધૈર્યાક્ષેપ,[2] સંશયાક્ષેપ,[4] ાક્ષેપ,[5] આશીશાક્ષેપ,[6] ધર્માક્ષેપ,[7] અને શિક્ષાક્ષેપ,[8] એ આઠ પ્રકારના પ કેશવદાસે કવિ પ્રિયામાં ગણાવેલા છે.

प्रौढा धीराधीरा.

रिसकेसे रुख ससिमुखी, हँसि हँसि बोलति बैन ।
गूढ मान मन क्यों रहै, भये बूढ रँग नैन ॥ ३७८ ॥

અર્થ–નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, હે ચંદ્રમુખી! રિસાઈ ગઈ હોય ે કુપિત થઈ તેવી રુખ એટલે ચેષ્ટાથી તું હસી હસીને વાત કરે છે, તારાં લોચન ઇંદ્રગોપના રંગનાં થયાં છે, એટલે તેં જે માન ધર્યું છે નમાં છાનું શી રીતે રહી શકે?

ઇંદ્રગોપ એ એક લાલ રંગનો કીડો છે, તેના રંગ જેવાં તારાં લોચન છે, એ ઉપરથી નાયિકા કુપિત થયલી છે, એમ નાયકે જાણી લીધું. વારંવારના નાયિકાના હસવા ઉપરથી અપ્રગટ અને પ્રગટ એવા કોપનો ા કર્યો, તેથી પ્રૌઢા ધીરા ધીરા જાણવી.

એમાં કાવ્યલિંગ તથા ધર્મવાચક લુપ્તોપમાલંકાર છે.

मानवती.

चितवनि रूखे दृगनकी, हाँसी बिन मुसि कान ।
मान जनायो माननी, जान लियो पिय जान ॥ ३७९ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, રુખાં (અસ્નિગ્ધ) નેત્રના અવ- નથી અને મંદસ્મિત વગરના હાસથી માનનીએ જે માન જણાવ્યું, તુર પ્રિયે જાણી લીધું.

બીજી વખતે જ્યારે નાયિકાને જોતો ત્યારે સ્નેહભરિત દૃષ્ટિયુક્ત મંદસ્મિતયુક્ત હસતાં મુખયુક્ત એવી દેખાતી. પણ હાલમાં તેવી

નહિ પણ તેથી વિપરીત લક્ષણવાળી જોતાં એ માનવતી છે, એમ પ્રીતમે પણ જાણી લીધું. એમાં શબ્દાલંકાર લાટાનુપ્રાસ છે.

मानवती.

कपट सतर भौंहैं करी, मुख सतरौं हैं बैन ।
सहज हँसौं हैं जानकर, सौंहैं करति न नैन ॥ ३८० ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, હે સખી! અમારા કહ્યાથી સુંદરીએ માન ધારણ કર્યું, તે એવી રીતે કે કપટથી વક્ર એવી ભૃકુટી કરી, મુખથી કોપયુક્ત વચનો કહ્યાં, પરંતુ સહજમાં હસી પડે એવી જાણી એ પોતાની આંખોને નાયકની સામે નથી કરતી.

એમાં છેકાનુપ્રાસ તથા યમકાનુપ્રાસ એ બે શબ્દાલંકાર છે.

मानवती.

मन न मनावनको करै, देत रुठाय रुठाय ।
कौतुक लाग्यो पिय प्रिया, खिजहू रिझवत जाय ॥ ३८१ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાયક નાયિકાને મનાવવાનું મન કરતો નથી, તેણીને રુઠાવી રુઠાવી દે છે. જેને કૌતુક લાગ્યું છે એવો પ્રીતમ તેને પ્રિયાની રીસ પણ રીઝવતી જાય છે. એમાં પંચમ વિભાવનાલંકાર છે.

"रोसभरी अंखियानहुंकी अवलोकन मात्र भर्यो रस भारी ।
याही तें मानहुको रुख देखिवेकी नन्द नन्द हिये रुचिधारी ॥" कृष्णदत्त.

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકાની રીસ ભરેલી આંખોના જોવામાં પણ ભારી રસ ભરેલો છે, તે કારણથી જ્યારે તેણી માન ધરે, તે સમયની તેની મુખશોભા જોવાની નંદનંદને હૃદયમાં રુચિ ધારણ કરી.

परकीया.

भले पधारे पाहुने, व्है गुडहरको फूल ।
वाही निसितें ना मिट्यो, मान कलहको मूल ॥ ३८२ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે, ગુડહરનું ફૂલ એટલે સ્નુહી નામના વૃક્ષનું ફૂલ અથવા ગુડાકુસુમ થઇને પરોણા ભલે પધાર્યા. જે રાત્રીએ પધાર્યા, તે સમયથી કલહનું મૂળ જે માન તે નાજ મટયું.

ગુડાકુસુમ જે સ્થાને હોય, ત્યાં ક્લેશ ઉત્પન્ન થાય છે એમ લોક કહે છે. સખી કહે છે કે, એ ફૂલના જેવા અતિથિ એટલે નાયક તે પણ એવા રુડાં પગલાંના કે પોતાની પધરામણી સાથે કલહની પણ કરી ગયા.

વળી ગુડાકુસુમ એ ઉપમાન, પરોણો એ ઉપમેય, કલહ એ ધર્મ અને વાચક નથી તેથી વાચક લુપ્તોમાલંકાર જાણવો. ગુડાકુસુમ થઈ પરોણા પધાર્યા એમ લોક બોલે છે તેથી લોકોક્તિઅલંકાર પણ છે.

એમાં નાયિકા પરકીયા છે. ઉપપતિ એ જે રાતના આવવાનું કહેલું તે પ્રમાણે ન આવતાં સવારના પરાંગના સંભોગથી ચિહ્નિત એવા કેટલાક દિવસ રહી પધારેલો, તેપરથી સખીનાં કોપયુક્ત એવાં વચનો એ દોહરામાં છે.

प्रौढाधीराधीरा.

मोहूसों बातन लगे, लगी जीह जिहि नाँय ।
सोई लै उर लाइयै, लाल लागियत पांय ॥ ३८३ ॥

અર્થ—નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, તમે વાતે વળગ્યા છો મારી સાથે, તેવામાં તમારી જીભ જેનાં નામ શું જઈ લાગી, તેને જ છાતીએ લગાડો—હે કૃષ્ણ! હું તમને પગે પડું છું.

મારી સાથે વાત કરતાં વચમાં જે સ્રીનું નામ તમારાથી બોલાઈ ગયું તેને ત્યાં પધારો ને મોજ કરો, અહીં તમારે પધારવું ઉચિત નથી એવાં નાયિકાનાં રૂખાં વચન ઉપરથી પ્રૌઢા ધીરાધીરા નાયિકા જાણવી.

એમાં પરસ્રીનાં નામોચ્ચારથી સ્નેહનું સમર્થન કરવામાં આવ્યું, તેથી કાવ્યલિંગાલંકાર જાણવો.

बिव्वोक हाव.

बिधि बिधि कै निकरै टरै, नहीं परेहू पान ।
चितैं कितै तैं ले धर्यो, इतौ इतै तन मान ॥ ३८४ ॥

અર્થ—સખી માનવતી પ્રત્યે કહે છે કે, અનેક પ્રકારે નાયકે તને સમજાવી-મનાવી અને પગે પડ્યો તો પણ તારું માન ટળતું નથી; પછી સખી હાથથી બતાવી કહે છે કે જો, આટલા નાના સરખા શરીરમાં આટલું બધું માન ક્યાંથી લાવી ભરી રાખ્યું છે?

એમાં નાયિકાનું શરીર જે આધાર તેના કરતાં આધેય જે માન, તેની આધિકતા વર્ણવવામાં આવી તેથી અધિકાલંકાર જાણવો.

એમાં વિબ્બોકહાવ છે. સંયોગના સમયમાં ગર્વપૂર્વક વલ્લભનો જે અનાદર તેને વિબ્બોક કહે છે.

ઉપરના દોહરામાં બીજા ચરણને છેડે "पान" શબ્દ છે, તેનો અર્થ હાથ એ તો પ્રસિદ્ધ છે, પણ અહીં તેનો અર્થ પગ એવો કર્યો છે. એ શબ્દ એ અર્થમાં બીજા કોઈ વ્રજ ભાષાના કવિએ વાપરેલો જાણવામાં આવ્યો નથી.

अहै कहै न कहा कह्यो, तोसों नंद किसोर ।
बडबोली कत होत है, बडे दृगनके जोर ॥ ३८५ ॥

અર્થ–નાયિકાએ કૃષ્ણને તેડવાને સખીને મોકલેલી; તે આવીને કાંઈ ન બોલી, ત્યારે નાયિકા સખીને પૂછે છે કે, અરે! તને નંદકિશોરે શું કહ્યું તે કહે તો ખરી અર્થાત્ આમ મૌન ધારણ કરી કેમ ઉભી છે? એ સાંભળી સખી કહે છે; "વિપુલ નેત્રના ગર્વથી મોટા બોલ મુખથી શું કરવા બોલે છે?"

એમાં નાયિકા અને સખી વચ્ચે (સવાલ જવાબ) ઉત્તર પ્રત્યુત્તર હોવાથી ઉત્તરાલંકાર જાણવો.

मानवती.

हँसि हँसाय उर लाय उठि, कहि न रूखौं है बैन ।
जकित थकितसे व्है रहे, तकत तिरीछे नैन ॥ ३८६ ॥

અર્થ–માનિની પ્રત્યે સખી કહે છે કે, તારું માન તજી દે અને આગળની પેઠે હાલમાં પણ હસ અને પ્રીતમને હસાવ, ઉઠ અને ઉરમાં ચાંપ, તેમ જ તારા મુખથી એને રુખાં (સ્નેહ રહિત) વચનો મ કહે. જો તારાં વક્ર લોચન એ ચકિત અને સ્તંભિત સરખાં થઈ જોઈ રહ્યાં છે.

એમાં વૃત્ત્યનુપ્રાસ અલંકાર છે.

गुरुमान.

क्यों हूँ सब बात न लगै, थाके भेद उपाय ।
हठ दृढ गढ बैठी सुचलि, लीजे सुरँग लगाय ॥ ३८७ ॥

અર્થ—નાયક પ્રત્યે સખી કહે છે કે, ભેદ અને બીજા ઉપાય જે દાન અને દંડ એ સઘળી વાત કોઈ પણ પ્રકારે કામ આવવાની નથી; અર્થાત્ દાન, દંડ અને ભેદ એ જે ઉપાય તેથી એ બાલા સાધ્ય થાય, એમ સમજશો નહિ; કારણ કે તે હઠરૂપી જે દૃઢ અને ગઢ એટલે દુર્ગ તેપર ચઢીને બેઠી છે, તેથી સુરંગ લગાડી દો તો તમારો મનોરથ સફળ થશે.

સુરંગ શબ્દમાં શ્લેષ છે. જમીનની નીચે દારુ આદિક ભરી તેથી કિલ્લાની ભીત વગેરે ઉઘાડી માર્ગ કરવો તે; તેમ જ સારી પ્રીતિ—પ્રેમ તે પણ સુરંગ. હવે સખી કહે છે કે, દાનાદિ જે ત્રણ ઉપાય તેથી એ કાબુમાં આવે એમ નથી તેથી આમ ઉપાય જે સુરંગ એટલે ઉત્તમ પ્રેમના ઉપાયથી એને આધીન કરો.

હઠ અને ગઢમાં અભેદ, તેથી રૂપક અને સુરંગ પદમાં શ્લેષ છે:-

ગુરુ, મધ્યમ અને લઘુ એવાં ત્રણ પ્રકારનાં જે માન, તેમાં એ ગુરુ માનનું ઉદાહરણ જાણવું.

मानवती.

अनरसहू रस पाइये, रसिक रसीली पास ।
जैसे सांठेकी कठिन, गाँठें भरी मिठास ॥ १८८ ॥

અર્થ—સખી નાયક પ્રત્યે કહે છે કે, હે રસિક! અણુરસના સમયમાં એટલે તેણીના માનના અવસરમાં પણ તે રસીલીની નિકટમાં રસ એટલે આનંદ અથવા હર્ષની પ્રાપ્તિ થાય છે—તે કેવી રીતે કે શેરડીના સાંઠાની કઠિણ ગાંઠમાં મિઠાસ અધિક હોય છે તેમ.

માટે તમે તેની પાસે જાઓ, તેમ કરવાથી તેણીના અંતઃકરણમાં માનરૂપી કાઠિન્ય હશે, તોપણ તમને શેરડીની કઠિણ ગાંઠની પેઠે તેમાંથી અધિક મધુર એવા રસની પ્રાપ્તિ થશે, એ સખીના કથનનો અભિપ્રાય છે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

गुरुमान.

हौं हारी कै कै ह हा, पाँइन पारो प्यौर ।
लेह कहा अजहू किये, तेहतरेरे त्यौर ॥ १८९ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, હું તો વિનતિ કરીને થાકી તેમ જ પતિને તારે પગે પણ પડાવ્યો, તેમ છતાં હજી પણ ક્રોધથી ડોળા કાઢી આમ જોઈ રહી છું, તેમાંથી શું ખાટવાની આશા રાખે છે?

એમાં વિશેષોક્તિ અલંકાર છે.

गुरुमान.

सौंहँहू हेर्यो न तें, केती घाई सौंह ।

एहो क्यौँ बैठी किये, ऐंठीग्बैठी भौंह ॥ ३९० ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, મેં તને કેટલા સમ દીધા તો પણ તેં સામે પણ ન જોયું; અલી! હવે વાંકીચુંકી ભૃકુટી કરી આમ શું બેઠી છે?

નાયિકાનું માન છોડાવવા એ સખીનાં વચન છે. એમાં વૃત્ત્યનુપ્રાસ એ શબ્દાલંકાર છે. એમાં પણ ગુરુમાન છે.

परकीया मानवती.

निरदय नेह नयो निरखि, भयो जगत भयभीतु ।

यह अबलों न कहूं सुनी, मरे मारियत मीतु ॥ ३९१ ॥

અર્થ–માનવતી નાયિકાને નાયકની સખી કહે છે કે, દયારહિત એવો સ્નેહ જોઈ દુનિયા ભયભીત થઈ ગઈ છે; મરેલા મિત્રને ફરી મારે, એ તો હજી સૂધી ક્યાં પણ સાંભળવામાં આવ્યું નથી.

સખીનો કહેવાનો અભિપ્રાય એ છે કે, તારા વિયોગથી નાયક મૃતતુલ્ય થયો છે, વળી કામની જે દશ દશા કથન કરવામાં આવી છે, તેમાં જેને મરણ દશા કહે છે તે નાયકની થઈ છે, એવાને પીડવો એ જ મરેલાને મારવો કહેવાય. એમાં પર્યાયોક્તિ અલંકાર છે.

मानवती.

हठ न हठीली कर सकै, इहि पावस ऋतु पाय ।

आन गांठि छुटि जाय त्यों, मान गांठि छुटि जाय ॥ ३९२ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, આ વર્ષાઋતુ પ્રાપ્ત થઈ છે

તેમાં હઠીલી સ્ત્રીઓ હઠ કરી શકતી નથી. એ અવસરમાં જેમ બીજી ગાંઠ છૂટી જાય છે તેમ માનગ્રંથિ પણ છૂટી જાય છે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

परकीया प्रौढा.

सतर भौंह रूखे बचन, करत कठिन मन नीठि ।
कहा करौं ह्वै जात हरि, हेरि हसौंहीं दीठि ॥ ३९३ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, કોપયુક્ત એવી ભૃકુટી કરી અને રુખાં (અસ્નિગ્ધ) વચનો કહી, જેમ તેમ કરી મન કઠિણ કીધું, પરંતુ હરિને નિરખી આ આંખ હસતી થઈ જાય છે, તેનું કેમ કરું?

એ પરથી રુખાં એટલે રસરહિત એવાં વચન કહ્યાં, કુટિલ ભૃકુટી કરી અને મન કઠિણ કર્યું, પણ હરિનાં દર્શન માત્રથી જ હસી પડતાં જે મારાં નેત્ર તે મારા કહ્યામાં રહેતાં નથી, એમ કહી નાયિકાએ પોતાના પ્રેમના અતિશયપણાનું દ્યોતન કર્યું.

એમાં રુખાં વચનાદિરૂપ પ્રતિબંધક છતે સહસિત લોચનત્વરૂપ કાર્યની ઉત્પત્તિ થયાથી ત્રીજી વિભાવના જાણવી. એમાં નાયિકા પરકીયા પ્રૌઢા છે.

चलो चलै छुटि जायगो, हठ रावरे सँकोच ।
खरे चढाये होत अब, आये लोचन लोच ॥ ३९४ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, ચાલો એટલે આપના ત્યાં ચાલવાથી એની હઠ છૂટી જશે; તમારા સંકોચથી જે લોચન ચઢાવ્યાં હતાં, તે લોચન હવે નરમાસપર આવ્યાં છે.

અર્થાત્ તમે જોઈ આવ્યા હતા, તે કરતાં ક્રોધ કાંઇક ઘટ્યો હોય એવું તેણીના નેત્રપરથી જણાય છે માટે આ ચાલવાનો સમય છે, ચાલો. તમારાં દર્શનથી જે સંકોચ મનમાં થશે, તેથી તમારા અપરાધનાં સૂચક વચનો કાંઈ પણ તેણી કહેશે નહિ.

બીજો અર્થ–સખી–ચલો, નાયક–ચાલવાથી માન છૂટશે? સખી–આપના સંકોચના યોગે છૂટશે. નાયક–ચઢાવ્યાં તો બહુ હતાં (લોચન)! સખી–તે લોચન હાલમાં જ નરમાસપર આવ્યાં છે. એમાં ઉત્તરાલંકાર છે.

तुहूं कहति हौं आपहू, समझति बहुत सयान ।
लखि मोहन मन जो रहै, तो राखौं मनमान ॥ ३९५ ॥

અર્થ—નાયિકા સખી પ્રત્યે કહે છે કે, તું પણ કહે છે અને હું પોતે પણ ચતુરાઈ ઝાઝી સમજું છું, પરંતુ મોહનને જોઈને જો મન મારી પાસ રહે તો મારા મનમાં માન રાખી શકું.

આશય એ કે મોહનને દેખતાં જ મન મારે હાથ રહેતું નથી, પછી તારા કહ્યા પ્રમાણે માન કેમ ધારણ કરી શકું? ન જ ધારી શકાય. એમાં સંભાવનાલંકાર છે. અથવા માનવિધાયક એવાં સખીનાં વચનરૂપ પ્રતિબંધ છતાં માનવિધાનના અશક્યત્વરૂપ કાર્યની ઉત્પત્તિ નાયિકાના વચનથી કથન કરવામાં આવી, તેથી ત્રીજી વિભાવના જાણવી.

मोहिं लजावत निलज यह, हुलसि मिलैं सब गात ।

भानु उदयकी ओसलौं, मान न जान्यो जात ॥ ३९६ ॥

અર્થ—નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હરિદર્શન જનિત આનંદના સદ્‌ભાવથી આ મારાં સકળ ગાત્ર ઉલ્હાસ પામી હરિને જઈ મળે છે, તેથી આ લાજ વોહોણાં એવાં જે મારાં નેત્ર તે મને લજાવે છે; અથવા આ મારાં નેત્ર પ્રસન્ન થઈ હરિનાં સકળ શરીરશું મળે છે, એવાં લાજરહિત તે મને લજાવે છે. જેમ સૂર્યનો ઉદય થયો એટલે ઓસ ગઈ ક્યાં તે જણાતી નથી, તેમ એમનાં દર્શનથી માન કયાં જતું રહે છે, તે જાણવામાં આવતું નથી.

એમાં ઓસ જે ઉપમાન અને માન જે ઉપમેય તે બન્નેનો બિંબ પ્રતિબિંબ ભાવ કથન કરવામાં આવ્યો છે, તેથી દૃષ્ટાંતાલંકાર જાણવો.

સંસ્કૃત ભાષાના નિયમ પ્રમાણે ત્રીજા ચરણમાં ભાનૂદય એમ સામાસિક શબ્દની સંધિ કરવી અવશ્ય છતાં ભાષાના કવિઓ તેવા બંધનમાં રહ્યા નથી. મરાઠી વામન પંડિતે "**आकाश अंत न कळनि हि अंतरिक्षी**" એ શ્લોકમાં એ નિયમના ભંગની દરકાર કરી હોય એમ જણાતું નથી.

रहैं निगोडे नैन डिग, गहैं न चेत अचेत ।

हौं कसु कारि रिसको करौं, ये निसिखे हँस देत ॥ ३९७ ॥

અર્થ—નાયિકા સખી પ્રત્યે કહે છે કે, આ દયાવિહીન એવાં જે મારાં નેત્ર તે ડગમગ થઈ રહેલાં એવાં બેભાન જેવાં ભાન રાખતાં નથી. હું એને ખેંચી રીસ કરવાપર આણવા યત્ન કરું છું ત્યારે એ અશિક્ષિત એટલે મૂરખાં જેવાં હસી પડે છે.

"निगोरो" એ સ્ત્રીઓની એક ગાળ છે; તેનું બહુવચન "निगोरे" ઉપરના દોહરાના પ્રથમ ચરણમાં છે. તેનો અર્થ ઢંગવહોણું અથવા દયા-વિહીન એવો કરવામાં આવે છે.

प्रथम समागम.

सकुचि न रहिये स्याम सुनि, यह सतरोहे वैन ।
देत रचौ हे चित कहैं, नेह–नचौहैं नैन ॥ ३९८ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, એનાં એ કોપયુક્ત વચન સાંભળી હે શ્યામ! તમે સંકુચિત થઇને મ રહો, કારણ કે સ્નેહથી નીગળતાં એવાં નેત્ર કહી દે છે કે, નાયિકાનું ચિત્ત અનુરક્ત છે.

"नेह नचौहैं" એનો અર્થ "સ્નેહથી નાચતાં એવાં" એમ પણ કરવામાં આવ્યો છે. "रचौहे चित" એટલે "રંગાયલું અથવા અનુરક્ત એવું ચિત્ત" એ અર્થ છે. એમાં કાવ્યલિંગાલંકાર છે.

उत्तमादूती.

कहा लेहुगे खेलमें, तजो अटपटी बात ।
नेक हँसौहीं है भई, भौंहैं सौंहैं खात ॥ ३९९ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, એવા ખેલમાં શું લાભ ખાટવાના છો? એવી બેહુદી અથવા ઉટપટાંગ વાત જવા દો; મેં સોગન ખાતાં ખાતાં એટલે મેં સોગનો ખાધા. તે ખાતે ખાતે નાયિકાની ભ્રૂકુટી કાંઇક હસતી એવી થઈ છે.

તાત્પર્ય એ કે, નાયકને અન્યાસક્ત જાણી નાયિકાએ માન કર્યું; નાયક મનાવવા આવ્યો, વાતમાં નાયકના મુખથી તે જ નાયિકાનું નામ નીકળી ગયું કે જેના કારણથી નાયિકાએ માન ધારણ કર્યું હતું. એ વાત છૂપાવવા સખી કહે છે કે, એવા મજાક ઠઠ્ઠામાં શી સિદ્ધિ થવાની છે. એવી અટપટી વાત જવા દો, એટલે એવી ખીજવવાની વાત બાજુપર રાખો. મેં સોગન ખાઈ ખાઈ એની ભ્રૂકુટી કાંઇક હસતી કરી છે. એ ઉત્તમા દૂતીનું ઉદાહરણ છે.

એમાં સમ ખાવા એ કારણ અને હસતી ભ્રૂકુટી થવી એ કાર્ય, તેથી હેતુ અલંકાર છે.

मान मोचन.

खिँचे मान अपराधतें, चलिगे बढै अचैन ।
जुरत दीठि तजि रिस खिसी, हँसे दुंहुनके नैन ॥ ४०० ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકાનાં નેત્ર માનના કારણથી અને નાયકનાં અપરાધનાં કારણથી એમ ઉભયનાં નેત્ર પ્રથમ તો ખંચાયા, પણ પછી પરસ્પર ન દેખવાના કારણથી દુઃખથી ચંચળ થયાં. હે સખી! જેવી પરસ્પર દૃષ્ટિ મળી કે તરત જ રીસનો ત્યાગ કરી બન્નેનાં નેત્રો હસી પડ્યાં.

એમાં યત્ન વિના કાર્યની સિદ્ધિ કથન કરવામાં આવી, તેથી પ્રહર્ષણાલંકાર જાણવો.

मुग्धा प्रोषितपतिका.

अजौं न आये सहज रँग, बिरह दूबरे गात ।
अबहीं कहा चलाइयत, ललन चलनकी बात ॥ ४०१ ॥

અર્થ—સખી નાયક પ્રત્યે કહે છે કે, તમારી પ્રિયાના વિરહથી કૃશ એવા શરીરમાં તેનો સહજ એટલે સ્વાભાવિક જે રંગ તે તો આવ્યો નથી, એટલામાં જ હે લાલ! હવડેની હવડે જ પ્રવાસગમનની વાત શું કરો છો?

એ ઉપરથી પૂર્વ પ્રવાસ યોગે જેને વિરહ વૈવર્ણ્ય પ્રાપ્ત થયું છે, તેને પાછી તમારા પ્રવાસગમનની વાર્તાથી અધિક વૈવર્ણ્ય પ્રાપ્તિ થશે, તેથી એ તમારું નિર્દયપણું જણાય છે, માટે જવાની વાત પણ ન કરવી એમ કહી તેનું ગમન રોકે છે. એમાં આક્ષેપાલંકાર છે. એમાં સખીનાં મુખથી નાયકના ગમનનો નિષેધ હોવાથી મુગ્ધાપ્રોષિતપતિકા નાયિકા જાણવી.

मध्याप्रवत्स्यत्पतिका.

बिलखी डबको है चखन, तिय लखि गमन बराय ।
पिय गहवर आयो गरो, राखी गरे लगाय ॥ ४०२ ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકાના આંસુથી ભરેલાં નેત્ર જોઈ પ્રીતમે પરદેશગમન માંડી વાળ્યું અને તેનું ગળું ભરાઈ આવ્યું ને નાયિકાને ગળે લગાડી રાખી.

નાયિકા પ્રેમના આધિક્યને લીધે ભવિષ્યમાં થનારા વિયોગસંતાપથી

ઉત્પન્ન થયલા ખેદાદિવડે રુદન કરે છે, એ કારણથી યાત્રા માંડી વાળવામાં શ્રેય છે એ ભાવ જાણવો. એમાં શબ્દાલંકાર લાટાનુપ્રાસ છે.

परकीया प्रोषितपतिका.

ललन चलन सुनि चुप रही, बोली आप न ईठ ।
राख्यो गहि गाढे गरो, मनो गलगली दीठ ॥ ४०३ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, પ્રીતમનું ગમન સાંભળી નાયિકા ચૂપ રહી, મુખથી પોતે કાંઈ પણ બોલી નહિ, પણ તેણીના ભરાઈ આવતાં ગળાંએ અને દીન એવી દૃષ્ટિએ જાણે વલ્લભને ગમન કરતો અટકાવીને રાખ્યો.

એમાં પ્રીતમને પ્રવાસ જતી વખત પ્રત્યક્ષ ન અટકાવતાં પાડોસણ ભેળી મળી મારું રુંધાયલું ગળું અને દીન નેત્રોયુક્ત જોઈ તે પરદેશગમન નહિ કરે, એમ ચાતુર્યથી તેના ગમનનો નિષેધ કર્યો તેથી પરકીયા પ્રોષિતપતિકા જાણવી.

વળી જેમ બીજીઓ એના ગમનથી દિલગીર તેમ જ હું પણ છું એવી રીતે પોતાના પ્રેમાકારનું ગોપન કર્યું, તેથી વ્યાજોક્તિ અલંકાર જાણવો.

परकीया.

ललन चलन सुनि पलनमें, अँसुवा झलके आय ।
भई लखाय न सखि नहू, झूँठेही जमुहाय ॥ ४०४ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયકનું પરદેશ ચાલવાનું સાંભળી નાયિકાના નેત્રોમાં આંસુ આવી ઝળક્યાં, પણ તે સખીઓના પણ જાણવામાં ન આવ્યાં, કારણ કે તેણીએ જૂઠાં બગાસાં ખાઈ તે છૂપાવ્યાં.

એમાં પ્રીતમના ભાવિ વિયોગજનિત ખેદથી જે અશ્રુ આવ્યાં તેથી તેનાપરની પોતાની પ્રીતિ બીજીઓની સમક્ષમાં તેમના કળવામાં ન આવે માટે જૂઠાં બગાસાંના મસથી છૂપાવી, કેમકે એ અપ્રગટ પરપુરુષાનુરાગી એવી પરકીયા નાયિકા છે.

એમાં અશ્રુસંજ્ઞક સાત્વિકભાવ છે. તેમ જ ચપલાતિશયોક્તિ અલંકાર છે.

प्रौढा प्रोषितपतिका.

रहि हैं चंचल प्राण यह, कहि कौनकी अगोट ।
ललन चलनकी चित धरी, कलन पलनकी ओट ॥ ४०५ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, આ ચંચળ એવા મારા પ્રાણ તે કોના રોકવાથી રહી શકશે? તે કહે-અર્થાત્ નહિ રહી શકે. શ્રીકૃષ્ણે તો મથુરા ગમનની વાત મનપર લીધી છે, પણ એ ક્ષણ માત્ર પણ મારા નેત્રથી ન્યારા થતાં મને ચેન પડતું નથી.

એમાં વૃત્ત્યનુપ્રાસ એ શબ્દાલંકાર છે. અર્થાલંકાર વક્રોક્તિ છે.

चाहभरी अति रिसभरी, बिरहभरी सब बात ।
कोरि संदेसे दुहुँनके, चले पौरिलों जात ॥ ४०६ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, પ્રીતિ ભરી, રીસની ભરી તેમ જ વિરહની ભરી સઘળી વાતોના કંઈ કરોડ સંદેશા બન્નેના (નાયક નાયિકાના) ઘરથી પોળ સૂધી જતામાં ચાલ્યા.

એમાં લાટાનુપ્રાસ છે. એમાં સંદેશાઓ કહાવવાનું સખ્યાદિદ્વારા જાણવું.

प्रौढा प्रोषितपतिका.

मिल चालि चालि मिल मिल चलत, आँगन अथयो भान ।
भयो मुहूरत भोरतैं, पौरी प्रथम मिलान ॥ ४०७ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, મળીને ચાલતાં, ચાલીને મળતાં અને હાથ પકડીને ચાલતાં આંગણામાં જ સૂર્ય આથમ્યો; બે ઘડી જે પ્રાતઃકાળનું મુહૂર્ત્ત, તેથી ડોઢીમાં જ પ્રથમ પ્રસ્થાન એટલે ડેરા થયા.

એમાં લાટાનુપ્રાસ અલંકાર છે. સૂર્ય અસ્ત પામે એટલે રાતના પ્રવાસે ન નીકળાય, તેથી નાયકને ડોઢીમાં પ્રસ્થાન કરવું પડ્યું. વળી ફરી ફરી ચાલવું અને મળવું, એ ક્રિયાના કલાપથી પ્રીતિનો ઉત્કર્ષ વ્યંજિત થાય છે. એમાં પ્રૌઢા પ્રોષિતપતિકા નાયિકા છે.

"ડોઢી" એ શબ્દ ગુજરાતીમાં વપરાયલો છે. શામળભટની અંગદ વિષ્ટિમાં "હાલકહૂલક ત્રાસ, પડ્યો ડ્યોઢી ને પેઢી, બુબારવ બહુ પાસ, વિકટ વાટો જ્યાં ટેઢી." એ શબ્દોથી શરુ થતા છપ્પામાં ડોઢી શબ્દ વાપર્યો છે. વિશેષ જાણવાજોગ એ છે કે માત્ર ડોઢી જ નહિ પણ ટેઢી એ ખરેખરો હિંદી શબ્દ જેનો અર્થ વાંકી એમ ગુજરાતીમાં થાય છે, તેનો પણ આપણી ભાષામાં ઉપયોગ કરવામાં આવ્યો છે.

प्रौढा प्रोषितपतिका.

वामा भामा कामिनी, कहि बोलो प्रानेस ।
प्यारी कहत लजात नहिं, पावस चलत बिदेस ॥ ४०८ ॥

અર્થ–નાયિકા નાયક પ્રત્યે કહે છે કે, વામા, ભામા, કામિની એ નામથી હે પ્રાણેશ તમે મને બોલાવો. આ વર્ષાકાળમાં વિદેશ જાઓ છો ને મને "પ્યારી" એમ કહેતાં તમને લાજ આવતી નથી?

નાયિકા કહે છે કે તમારે મને વામા ઇત્યાદિ સંબોધનથી બોલાવવી. કારણ કે પ્રિયા અથવા પ્યારી એ સંબોધન તો પ્રીતિના ઉત્કર્ષનું સૂચક છે, એટલા માટે તે આ સમયે મા બોલ; એમ નિષેધ મુખથી તું કપટકુશળ છે, અપ્રિય કરતે છતે, પ્રિયા એમ કહે છે. પ્રિયાનો કદી પણ ત્યાગ કરવો ન જોઇયે, તેમ છતાં જો પ્રિયા એમ કહે છે તો મને અહીં છોડી મા જા, એવો નિષેધ ધ્વનિત થાય છે.

એમાં વાણીના વૈચિત્ર્યના વિશેષનો સદ્ભાવ હોવાથી પ્રૌઢાપ્રોષિતપતિકા નાયિકા છે. આક્ષેપાલંકાર છે. એમાં નિષેધ ગુપ્ત રહેલો છે તેથી.

स्वीया प्रोषितपतिका.

पिय प्राननिकी पाहरू, जतन करति नित आप ।
जाकी दुसह दसा भयें, सौतिनहूँ संताप ॥ ४०९ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, વિરહાનલથી તપ્ત થયલી એવી નાયિકાને પ્રિયના પ્રાણની રખવાળ જાણી તેણીનું જતન સઘળીઓ જાતે કરવા મંડી પડે છે, કે જેણીની દુઃસહ દશા દેખીને સોકયોને પણ હૃદયમાં સંતાપ થાય છે.

નાયિકાની વિરહાવસ્થામાં સોકયો તેનું જતન એટલા માટે કરે છે કે, જો એ મરણ પામશે, તો પતિ પણ જીવશે નહિ. એમાં પ્રોષિતપતિકા નાયિકા છે.

"सौति सबै उपचार करै, गनकैं पिय प्राननकी रखवारी ।
दाहनु वाकी दसा निरखैं, उनहूके पर्योजिय संकट भारी ॥" कृष्णदत्त.

અર્થ–નાયિકાને પતિના પ્રાણની રક્ષા કરવાવાળી ગણીને સઘળી સોકયો ઉપચાર કરવા લાગી; તેમ જ તાપથી તેની વ્યાકુલ દશા જોઈ તેમના જીવને પણ મોટું સંકટ આવી પડ્યું.

विरहिणी नायिका.

पावक झरतेँ मेहझर, दाहक दुसह विसेखि ।
दहै देह वाके परस, याहि दृगनही देखि ॥ ४१० ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, અગ્નિની ઝડી કરતાં પણ આ મેહની ઝડી વિશેષે કરીને દુઃખે કરી સહન કરી શકાય એવી દાહ કરનારી છે; કારણ કે પેલીના તો સ્પર્શથી દેહ દાઝે છે અને આને તો આંખે દેખવાથી જ તેમ થાય છે.

એ વિરહિણીની ઉક્તિ છે. એમાં વ્યતિરેકાલંકાર છે. જ્યાં ઉપમાન કરતાં ઉપમેયનું આધિક્ય વર્ણવવામાં આવ્યું હોય, ત્યાં એ અલંકાર જાણવો. ઉપલા ઉદાહરણમાં અગ્નિની ઝડી જે ઉપમાન તે કરતાં મેહની ઝડી જે ઉપમેય, તેમાં આધિક્ય કથન કરવામાં આવ્યું, તેથી વ્યતિરેકાલંકાર જાણવો.

प्रलाप दशा.

कहेजु बचन बियोगिनी, विरह बिकल अकुलाय ।
किये न को अँसुआं सहित, सुवासु बोल सुनाय ॥ ४११ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, વિજોગિણી એવી નાયિકાએ વિરહથી વ્યાકુલ થઈ ગભરાઈને જે વચનો કહ્યાં, તે વચનો સુવાએ એટલે પોપટે સંભળાવીને કોનાં નેત્ર આંસુથી ભરેલાં ન કર્યાં?

એ પ્રલાપદશાનું ઉદાહરણ છે. એમાં હેતુ અલંકાર છે. શુકવચન શ્રવણ એ કારણ અને અશ્રુપતન એ કાર્ય, તેથી હેતુ અલંકાર જાણવો. એમાં નાયિકા પ્રોષિતપતિકા છે.

व्याधि दशा.

दुसह बिरह दारुण दशा, रह्यो न और उपाय ।
जात जात जिय राखिये, पियकी बात सुनाय ॥ ४१२ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકાની દુઃસહ એવી વિરહની જે ભયંકર દશા, તેને માટે બીજો કાંઈ પણ ઉપાય હાથમાં રહ્યો નહિ. તેણીના એ જાઉં, આ જાઉં એવા જતા જતા જીવને પ્રીતમની કથા શ્રવણ કરાવી રાખિયે છૈયે.

'તારો પતિ પરદેશથી નિકળેલો, તેનો સંદેશો આવ્યો છે. તે જોતજોતામાં આવી પહોંચશે' એવી એવી વાતોના છળથી નાયિકાને જીવતી રાખવારૂપ જે પોતાનું ઇષ્ટ, તે સખીઓએ સાધ્યું; તેથી પર્યાયોક્તિ અલંકાર જાણવો. એમાં વ્યાધિ નામની દશા વર્ણવેલી છે. નાયિકા પ્રોષિતપતિકા છે.

प्रोषितपतिका.

रह्यो ऐंच अंत न लह्यो, अवधि दुशासन वीर ।
आली बाढत विरह ज्यों, पंचालीको चीर ॥ ४१३ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, અવધિરૂપી વીર દુઃશાસન ખેંચી ખેંચીને થાકયો, તોપણ જેનો અંત લાવી શકયો નહિ અર્થાત પાર ન પામ્યો, એવો જે વિરહ એટલે વિયોગજનિત સંતાપ, તે હે સખી! પંચાલી એટલે દ્રૌપદીનાં ચીરની પેઠે વધતો જાય છે.

એમાં અવધિ એ ઉપમેય, દુઃશાસન એ ઉપમાન અને વિરહ એ ઉપમેય અને દ્રૌપદીનાં ચીર એ ઉપમાન, તેમાં અંત ન આવવારૂપ સાધારણ ધર્મ અને પેઠે એ વાચક, એમ ઉપમાનાં ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર જાણવો.

"नानाकार्यवशासक्तो देशांतरगतः प्रियः ।
सा मनोभवदुःखार्ता भवेत्प्रोषितभर्तृका" ॥

એ લક્ષણ ઉપરથી પ્રોષિતપતિકા જાણવી.

प्रेमगर्विता.

तिय निज हिय जुलगी चलत, पिय नखरेख खरोट ।
सूख न देत न सरसई, खोंटि खोंटि खत खोट ॥ ४१४ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, વિદાય થતા એવા પ્રીતમના નખક્ષતનું ચિહ્ન પોતાના હૃદયપર થયું. આ ક્ષતના અંકુરને ખોતરી ખોતરીને નાયિકા તાજો ને તાજો રાખે છે, પણ તેને સુકાવવા દેતી નથી, એ જ તેની ખોડ છે.

એમાં અનુજ્ઞાલંકાર છે. જ્યાં દોષમાં કાંઈ ગુણ જોવામાં આવેથી તે દોષની ઇચ્છા કરવામાં આવે, ત્યાં એ અલંકાર જાણવો.

विरहिणी.

मरवेको साहस कियो, बढे बिरहकी पीर ।
दोराति है समुहे शशिहि, सरसिज सुरभि समीर ॥ ४१५ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, વિરહની પીડા વધવાથી વિયોગિનીએ મરવાનો સાહસ કીધો છે. તે એવો કે ચંદ્ર, કમળ અને સુગંધિત પવન તેમની સન્મુખ દોડે છે.

નાયિકા મરવાનો નિશ્ચય કરીને ચંદ્ર, કમળ અને સુગંધિત સમીર સન્મુખ દોડે છે, તેથી ચંદ્રાદિક ઉદ્દીપન વિભાવરૂપે છે અને કામોદ્દીપન કરનારાં છે, તેથી વિરહમાં અતિ દુ:ખ આપનારાં હોવાથી તેમની સન્મુખ જવાથી અતિશય દુ:ખ થશે, તેથી મારું મરણ નિપજશે, એ નાયિકાના સન્મુખ જવાના પ્રયોજનપરથી એ દૈન્ય દશાનું ઉદાહરણ જાણવું. જ્યાં પોતાની ઇચ્છાથી વિપરીત ફલ થાય, ત્યાં વિચિત્રાલંકાર જાણવો.

विरहानलनुं आधिक्य.

वसि सकोच दश बदन वश, सांच दिखावति बाल ।
सियलों शोधति तिय तनहिं, लगनि अगनिकी ज्वाल ॥ ४१६ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, સંકોચરૂપી રાવણના વશમાં રહી, બાળા પોતાનું સત દેખાડે છે; અને લગનરૂપી અગ્નિની જ્વાળામાં શરીરને સીતાજીની પેઠે શુદ્ધ કરે છે.

અર્થાત્ જેમ સીતાજીએ લંકામાંથી આવી અગ્નિમાં શરીરશુદ્ધિ કરી હતી, તેજ પ્રમાણે નાયિકા પણ લજ્જા અને પરાધીનપણાંને લીધે તેમ પાતિવ્રત્યધર્મને લીધે પ્રીતમના વિરહથી ઉત્પન્ન થયલો જે મદનસંતાપરૂપ અગ્નિ, તેમાં પોતાનુ શરીર શુદ્ધ કરે છે, એ આશય.

એમાં બાળા એ ઉપમેય, સીતા એ ઉપમાન, પેઠે એ વાચક અને શરીર શુદ્ધ કરવારૂપ ધર્મ તેથી પૂર્ણોપમા જાણવી.

व्याधिदशा.

करी बिरह ऐसी तऊ, गैल न छांडत नीच ।
दीनेहू चसमा चखन, चाहै लखै न मीच ॥ ४१७ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, જો કે વિરહે એને એવી દુર્બળ કરી છે, તોપણ નીચ એવું જે મોત, તે એનો પીછો છોડતું નથી. મોત એટલે યમ આંખે ચસમા લગાવીને પણ ખોળે છે, તોય બાળા જોવામાં આવતી નથી.

એમાં ઝીણી વસ્તુ જોવાને લોક ચસમાનો ઉપયોગ કરે છે એ પ્રસિદ્ધ છે, તેમ ચસમા પહેરે છતે પણ યમ નાયિકાને જોઈ શક્તો નથી, એમ તેણીનું અતિશય દુર્બળપણું વર્ણવેલું હોવાથી એ વ્યાધિદશાનું ઉદાહરણ છે. એમાં અત્યુક્તિઅલંકાર છે. જ્યાં શૌર્ય ઔદાર્યાદિક વસ્તુનું અદ્ભુત એવું મિથ્યા વર્ણન કરવામાં આવે ત્યાં અત્યુક્તિઅલંકાર જાણવો.

विरहनिवेदन.

औंधाई सीसी सुलखि, बिरह बरति बिललात ।
बीचै सूख गुलाब गो, छींटौं छुई न गात ॥ ४१८ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાના મસ્તકપર સીસી ઉંધી વાળી, તે મેં જોઈ. તે પ્રસંગે વિરહાનળથી બળતી એવી તેને રુદન કરતી મેં દીઠી; અને સીસીમાં જે ગુલાબ જળ હતું તે અધવચમાં જ સુકાઈ ગયું પણ તેણીના શરીરને એક તેનો છાંટો પણ ન લાગ્યો.

વિરહાગ્નિના તાપના શમનને અર્થે ગુલાબજળથી શીતોપચાર કરવા યત્ન કરતે છતે સીસીમાંથી તે ઉંધી વાળતે છતે એક છાંટો પણ ન પડ્યો તેથી પુષ્કળ યત્ન છતે કાર્યસિદ્ધિ ન થઈ તેથી વિશેષોક્તિ જાણવો. એમાં વિરહનિવેદન છે.

विरहनिवेदन.

जिहिं निदाघदुपहर रहै, भई माघकी रात ।
तेहि उसीरकी रावटी, खरी आवटी जात ॥ ४१९ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, જે ખસની રાવટી (વિહારસ્થળ)માં સંયોગાવસ્થામાં ગ્રીષ્મના બપોરમાં શીતળ અને સુગંધાદિક ગુણને લીધે માઘ મહીનાની રાત્રી થતી, તેમાં હાલમાં વિરહાવસ્થામાં બાળા અતિ અટવાઈ જાય છે, અર્થાત્ બફાઈ જાય છે.

વિરહાવસ્થામાં શીતળ ઉપચારો કામના ઉદ્દીપન કરનારા થાય છે, અને કામોદ્દીપન થતાં અતિ સંતાપ થાય છે એ ભાવ. આમાં એક વિરહ અને બીજી ખસની વિહારકુટી એ બન્ને ઉદ્દીપન છે. એમાં અર્થાલંકાર ઉલ્લાસ તથા શબ્દાલંકાર છેકાનુપ્રાસ છે.

विरहनिवेदन.

सीरे जतननि शिशिरऋतु, सहि बिरहिन तनुताप ।
बसबेको ग्रीषम दिनन, परो परोसिन पाप ॥ ४२० ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, શિશિર ઋતુ તો વિરહિણીના તનના તાપનું શીતળ ઉપાયોવડે શમન કરી કાઢી, પણ હાલમાં ગ્રીષ્મ-ઋતુના દિવસમાં કેમ રહેવું, તેની પડોસીઓને મોટી પીડા થઈ પડી છે.

એમાં સખીનું વિરહનિવેદન નામક કર્મ કથન કરવામાં આવ્યું છે. એમાં અત્યુક્તિ અલંકાર છે.

दैन्य.

गनती गनबेतें रहे, छतहू अछत समान ।
अब अलिये तिथि औमलो, परे रहौं तनुमान ॥ ४२१ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હે સખી! પ્રાણનાથના વિરહમાં ગણતીમાં ગણાતા પણ રહ્યા, શરીરમાં છતે નહિ સરખા છે. હવે એ અવમતિથિ હોતે છતે તે તિથિને જેમ કોઈ ગણતું નથી, તેની પેઠે આ મારા પ્રાણ તનમાં ભલે પડ્યા રહો.

નાયિકા કહે છે કે, પતિના વિરહમાં મારા પ્રાણ મારા દેહમાં વૃથા વાસ કરે છે. તેમના શરીરમાં હોવાથી કોઈ પણ સ્વાર્થ નથી. અવમ-તિથિ હોતે છતે જેમ લેખામાં ગણાતી નથી, તેની પેઠે આ પ્રાણ પણ ભલે નકામા શરીરમાં પડ્યા રહે. એ દૈન્યનું ઉદાહરણ છે.

એમાં તિથિ એ ઉપમાન, પ્રાણ ઉપમેય, ગણતીમાં આવવું એ ધર્મ અને પેઠે એ વાચક, એમ ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર જાણવો.

प्रोषितनायक तेमज प्रोषितपतिका.

सुनत पथिक मुंह माहनिशि, लुएँ चलत उहि गाम ।
बिन बूझे बिनहू कहे, जियत बिचारी बाम ॥ ४२२ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, માઘ મહિનામાં અને તેપણ વળી રાતની વખતે તે ગામમાં લૂ (લૂઓ) વરસે છે, એવું પથિકના મુખથી સાંભળી નાયકે વગર પૂછે તેમ જ કોઇને વગર કહ્યે જાણ્યું કે, બિચારી અબળા જીવે છે.

માઘ માસમાં અને તેમાં પણ વળી રાતના લૂ વરસવાનો અસંભવ, તેથી તેણીના વિરહાગ્નિની જ્વાલાજનિત લૂ વરસી રહેવાનું નાયકે અનુમાન કર્યું, તેથી અનુમાનાલંકાર જાણવો. એ પ્રોષિત નાયકનું તેમ જ પ્રોષિતપતિકા નાયિકાનું પણ ઉદાહરણ છે.

विरहनिवेदन.

आडे दे आले बसन, जाडेहूकी रात ।
साहस कै कै नेहवश, सखी सबै ढिग जात ॥ ४२३ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, શિયાળાની પણ રાત છતે ભીનાં વસ્ત્ર આડાં ધરી પ્રીતિને આધીન એવી જે સખીઓ, તે સરવે સાહસ કરી કરીને નાયિકાની સમીપમાં જાય છે.

એ ઉપરથી નાયિકાના વિરહાગ્નિજનિત સંતાપના આધિક્યનું વર્ણન કરતી અને તેના સંઘટ્ટનની ઇચ્છા કરતી એવી સખીની એ ઉક્તિ જાણવી. એમાં અત્યુક્તિઅલંકાર છે.

उद्वेगदशा.

मार सुमार करी खरी, अरी! मरीहि न मारि ।
सींचि गुलाब घरी घरी, अरी बरीहि न बारि ॥ ४२४ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, માર એટલે જે કામદેવ, તેણે પોતાના તીક્ષ્ણ બાણના પ્રહારથી મને અધમોઈ જેવી કરી છે. તેવી મરી રહેલીને મને ન માર; તું ઘડી ઘડી ગુલાબજળ છાંટી, હે સખી! મને બળી રહેલીને બાળ મા.

નાયિકા કહે છે કે, તું વિરહાગ્નિના સંતાપની શાંતિને અર્થે ગુલાબજળ વગેરેથી શીતલ ઉપચાર કરે છે, પણ તેથી તો ઉલટી સંતાપની વૃદ્ધિ થાય છે, માટે મને શીતલોપચાર કરવા છોડી દે, એવો નિષેધ પણ એ પરથી ધ્વનિત થાય છે. એમાં વૃત્ત્યનુપ્રાસ તેમ જ વિભાવનાલંકાર છે.

व्याधिदशा.

पलनि प्रगटि बरुनीन बढि, छन कपोल ठहराय ।
अँसुआपर छतियां छिनक, छन छनाय छिप जाय ॥ ४२५ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકાની પલકમાંથી પ્રગટ થઈ વરુણી ભણી આગળ ચાલી, ક્ષણભર કપોલપર કરીને તેણીનાં આંસુ છાતી-પર પડતાં જ છણછણીને છૂપી જાય છે. એમાં અત્યુક્તિ અલંકાર છે.

प्रोषितपतिका.

फिरिप्यो-सुधदे प्याय सुध, यह निरदई निरास ।
नई नई बहुरौं दई, दई उसास उसास ॥ ४२६ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, ફરી પ્રીતમની યાદ દેવાડી અમૃત પાઇને, અરે! દૈવ આ નિર્દય એવી જે નિરાશા તેને નવી નવી આશા ઉત્પન્ન કરી, ઉશ્વાસને પણ અલગ કર્યો છે.

"फिरि सुधिदै सुधिधाइये" એમ પણ પાઠાંતર છે, તેમ લઈ અર્થ કરતાં મૂર્છામાં નાયિકા હતી ત્યારે સખીએ મૂર્છા છોડાવી; ત્યારે નાયિકા કહે છે કે, ફરી સુધિ એટલે હુશિયારીમાં આણી નાયકની યાદ કરાવી. વળી ફરી નવી નવી ઉશ્વાસને ઉખેડી-અલગ કરી, એ કેવી નિર્દય નિરાશ છે. સ્રીને સ્રી "નિરાસી" એ ગાળ આપે છે. એમાં લાટાનુપ્રાસ તથા યમકાનુપ્રાસ છે. પ્રોષિતપતિકા નાયિકા છે.

बिरहनिवेदन.

बिरहजरी लखिजीगँननि, कहीं सु वह कै वार ।
अरी आव उठि भीतरैं, बरसत आज अँगार ॥ ४२७ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, વિરહતપ્ત એવી નાયિકાએ આગી-આઓને જોઈ કેટલીવાર સખીને એ વાત કહી કે, હે સખી! ઉઠીને ભીતર આવ, આજ અંગારા વરસે છે.

એમાં આગીઆ એટલે જેને સંસ્કૃતમાં ખદ્યોત કહે છે તેના ખદ્યોત-ત્વરૂપ ધર્મનો અપલાપ કરી આકારથી અગ્નિ વરસે છે, એમ કહી અનલત્વ ધર્મનો તેને વિષે સમારોપ કરેલો હોવાથી શુદ્ધાપન્હુતિ અલંકાર છે.

उद्वेगदशा.

इत आवत चलि जात उत, चली छ सातिक हाथ ।
चढी हिंडोरेसी रहै, लगी उसासनि साथ ॥ ४२८ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકા અહીં આવે છે, ત્યાં જાય છે, છ સાત હાથ ચાલે છે, અને નિઃશ્વાસની સાથે જ લાગી હિંડોળે ચઢી સરખી રહે છે.

એમાં વિરહ એ જ હિંડોળો, તેણે હીંચકાવેલી એવી ઉશ્વાસની સાથે જ લાગી આવજા કરે છે એ આશય. એમાં ઉદ્વેગ નામની કામદશા વર્ણવેલી છે.

स्नेहलतानी विचित्रता.

नैकु न झुरसी बिरहझर, नेहलता कुंभिलाति ।
नितनित होत हरीहरी, खरी झालरति जाति ॥ ४२९ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, વિરહના અગ્નિથી સંતાપિત એવી જે સ્નેહલતા, તે જરા પણ કરમાતી નથી; પરંતુ તે અગ્નિથી તો ઉલટી લીલીછમ જેવી પત્રપુષ્પથી યુક્ત એવી વૃદ્ધિ પામતી જાય છે.

બીજી લતાઓ તાપ લાગવાથી સુકાય છે, પણ સ્નેહલતા તો તેથી પત્રપુષ્પયુક્ત થઈ વૃદ્ધિ પામતી જાય છે, એવું જે વૈલક્ષણ્યરૂપ આધિક્ય તે વર્ણવેલું હોવાથી વ્યતિરેકાલંકાર જાણવો.

विरहानलनुं वैलक्षण्य.

पाके उर औरै कछू, लगी बिरहकी लाय ।
पजरै नीर गुलाबके, पीकी बात बुझाय ॥ ४३० ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, એ નાયિકાના હૃદયમાં કાંઈ વિલક્ષણ જ એવી લાય લાગી છે, તે એવી કે ગુલાબજળ છાંટવાથી તે બળે છે અને પ્રીતમની વાત કરવાથી થંડી થાય છે.

એમાં વ્યતિરેકાલંકાર છે. કવિપ્રિયામાં એનું "**तामें आवै भेद कछ होय जु वस्तु समान**" એ લક્ષણ કેશવદાસે આપ્યું છે. તેનો અર્થ એ છે કે, બે સરખી વસ્તુ હોય તેમાં કાંઈ ભેદ વર્ણવવામાં આવે ત્યાં વ્યતિરેકાલંકાર

જાણવો. ઉપલા ઉદાહરણમાં મદનાનલમાં લૌકિકાગ્નિ કરતાં વિલક્ષણપણું દર્શાવવામાં આવ્યું, તેથી વ્યતિરેકાલંકાર જાણવો.

प्रेमानलमां सुखनो होम.

होमति सुख करि कामना, तुमहिं मिलनकी लाल ।
ज्वालमुखीसी जरत लखि, लगनि अगनिकी ज्वाल ॥ ४३१ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, હે કૃષ્ણ! તમને મળવાની કામના કરી લગનરૂપી અગ્નિની જ્વાળાને જ્વાળામુખી સરખી બળતી દેખી નાયિકા તેમાં સુખને હોમે છે.

ત્રીજા અને ચોથા ચરણનો અર્થ, પ્રીતિરૂપી અગ્નિની જ્વાળામાં સખી કહે છે કે, મેં તેણીને જ્વાળામુખી સરખી બળતી દીઠી, એમ પણ કરવામાં આવ્યો છે. એમાં રૂપક તથા ઉપમા એ બે અલંકાર છે.

जमरूपी बाज केम फावतो नथी ?

नित संसो हंसो बचत, मनो सुइह अनुमान ।
बिरह अगनि लपटन सकै, झपट न मीचु सिचान ॥ ४३२ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાનો જીવ કેમ કરી બચે છે, એ વાતનો સદા સંશય રહે છે; પણ ઉત્તમ અનુમાન તો એ છે કે, જાણે વિરહરૂપી જે અગ્નિ તેની જ્વાળાને લીધે મોતરૂપી જે બાજ, તે એનાપર ઝપટ મારી શકતું નથી.

એમાં હેતૂત્પ્રેક્ષાલંકાર છે. જ્યાં અહેતુમાં હેતુની કલ્પના કરવામાં આવે ત્યાં હેતૂત્પ્રેક્ષા જાણવી. યમરૂપી બાજપક્ષી તેનાપર ઝપટ મારી શકતો નથી. તેનો વિરહાનલની જ્વાલાનો ભય કાંઈ હેતુ નથી, છતાં તે હેતુ કલ્પવામાં આવ્યો, તેથી હેતૂત્પ્રેક્ષાલંકાર જાણવો.

प्रोषितपतिका.

बिरह सुखाई देह, नेह कियो अति डहडहो ।
जैसे बरसे मेह, जरै जवासो जर जमै ॥ ४३३ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, જેમ મેહ વરસે ને જવાસો

બળીને સુકાઈ જાય, પણ તેની જડ જામી રહે છે તેમ વિરહે નાયિકાની દેહને સુકવી નાંખી છે, પણ તેણીનો જે પ્રેમ, તેને લીલોછમ કર્યો છે.

એમાં દૃષ્ટાંતાલંકાર છે. એમાં પ્રોષિતપતિકા નાયિકા છે, તે વિરહ અને સ્નેહનું આધિક્ય સખી આગળ કહે છે અથવા નાયક સખી આગળ કહે છે, એમ લેતાં પણ સંભવે છે.

दैन्यदशा.

बिरह बिपतिदिन परतही, तजे सुखनि सब अंग ।
रहि अवलंब दुखौ भये, चलाचली जियसंग ॥ ४३४ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, વિરહની વિપત્તિના દિવસ આવી પડતાંજ સુખોએ સર્વ શરીરનાં અંગોનો ત્યાગ કર્યો; આજસૂધી તો દુઃખોનો અવલંબ હતો, પરંતુ હવે જીવની સાથે તે પણ જાય છે.

અંગનાં સંગી થઈ સુખોએ તો તેમને તજી દીધાં, પણ આ દુઃખો જે જીવની સાથજ હતાં તે પણ જવા તત્પર થયાં છે. એ ઉપરથી વિયોગ વિપત્તિમાં જીવન દુઃખપ્રદ છે એમ ધ્વનિત થાય છે. એમાં દૈન્યદશા વર્ણવેલી છે. અથવા જાણે વિપત્તિકાળમાં સુખદુઃખ બધાં મારો ત્યાગ કરવા તત્પર થયાં, એમ અર્થ કરેથી ગમ્યોત્પ્રેક્ષા જાણવી.

परकीया प्रोषितपतिका.

छप्यो नेह कागज हिये, भई लखाइ न टांक ।
बिरहतचे उघयोंसु अब, सैहुँडकोसो आँक ॥ ४३५ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, હૃદયરૂપી કાગજમાં જે પ્રીતિ છૂપાઈ રહી હતી અને જરા જેટલી પણ જોવામાં આવતી ન હતી, તે હવે થૂહરના દૂધથી લખેલા અક્ષરોની પેઠે વિરહતાપથી સેકાઈ ખુલી ગઈ–પ્રગટ નજરે પડી–ઉઘડી ગઈ.

એમાં પ્રીતિ ઉપમેય, દૂધથી લખેલ અક્ષર ઉપમાન, પેઠે એ વાચક અને ઉઘડી જવું એ ધર્મ, તેથી પૂર્ણોપમાલંકાર જાણવો. એ નાયકની સખી પ્રત્યે ઉક્તિ છે, એમ કહે તો પણ સંભવે.

व्याधिदशा.

प्रगट्यौ आग वियोगकी, बह्यौ बिलोचन नीर ।
आठौं जाम हियौ रहै, उड्यौ उसास समीर ॥ ४३६ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, વિયોગાનલથી પ્રગટ થયલું જે જળ, તે તેણીનાં નેત્રમાંથી વહે છે, અને આઠે પ્હોર તેણીનું હૃદય ઉશ્વાસના પવનથી ઉડ્યું રહે છે.

એમાં પર્યાયોક્તિ અલંકાર છે. નાયક અથવા નાયિકા પોતાની અવસ્થા સખી પ્રત્યે કહે છે, એમ પણ સંભવે.

निदान, औषध ने वैद्य एकज.

मैं लखि नारीज्ञान, कर राखो निरधार यह ।
वहई रोगनिदान, वहै वैद्य औषधि वहै ॥ ४३७ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, મેં નારી સંબંધી જ્ઞાન વિચારી અથવા નાડી જ્ઞાનનાં બળથી નિશ્ચય એ જ કરી રાખ્યો છે કે, તે જ (નાયક) એના રોગનું નિદાન એટલે આદિ કારણ છે, તે જ વૈદ્ય અને ઔષધ પણ તે જ છે.

એના જ વિરહથી વિરહરૂપી રોગ ઉપન્યો છે, માટે એ નાયિકાના રોગનું આદિ કારણ છે. એનું દર્શન એ જ ઔષધ, અને તે ઔષધ એના વગર બીજા વૈદ્ય પાસેથી પ્રાપ્ત થવાનો અસંભવ, માટે એનો વૈદ્ય પણ એ જ. એ સખીનાં વચનનો અભિપ્રાય છે. એમાં હેતુ ને હેતુમત્‌નું ઐક્ય હોવાથી હેત્વલંકારનો બીજો ભેદ જાણવો.

प्रोषितपतिका.

कौन सुनै कासों कहौं, सुरत बिसारी नाह ।
बदाबदी जिय लेत है, ये बदरा बदराह ॥ ४३८ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, મારું દુઃખ કોણ સાંભળે? હું કોને કહું? પ્રીતમે સુરત (સ્મૃતિ) વિસારી દીધી છે. આ કુમાર્ગગામી એવાં વાદળાં વાદે ચઢ્યાં મારો જીવ લે છે.

કુમાર્ગગામી કરુણાળુ નથી હોતાં, પણ નિર્દય હોય છે, તેવાં જે વાદળાં તે મારો જીવ લે છે. એમાં યમકાનુપ્રાસ અલંકાર છે.

"एतेपर बरज्यौ न मानै क्यौंहू प्रान लेत बदाबदी बदरा निपट बदराहरी." कृष्णदत्त.

અર્થ–નયિકા સખી પ્રત્યે કહે છે કે, એ ઉપરાંત કેમે કર્યાં વાર્યાં રહેતાં નથી એવા આ વાદપર ચઢેલાં કેવળ ઉન્માર્ગગામી જે વાદળાં, તે મારા પ્રાણ લે છે.

प्रोषितपतिका.

स्याम सुरति करि राधिका, तकतितर निजा तीर ।
अँसुवनि करति तरोसके, क्षणक खरोहे नीर ॥ ४३९ ॥

અર્થ–ઉદ્ધવજી શ્રીકૃષ્ણ પ્રત્યે કહે છે કે, હે શ્યામ! તમારું સ્મરણ કરી રાધિકા સૂર્યની પુત્રી જે જમના તેના તીરપર નિહાળે છે અને આંસુઓથી ક્ષણમાત્રમાં તટપરના જળને ખારું કરે છે.

એમાં ઉલ્લાસાલંકાર છે. નાયિકા પ્રોષિતપતિકા છે.

स्मरणदशा.

सोवत जागत सुपनवश, रस, रिस, चैन, कुचैन ।
सुरत श्यामघनकी सुरत, बिसरैहू बिसरै न ॥ ४४० ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, સુતાં, જાગતાં, સ્વપ્નમાં, પ્રીતિમાં, રિસમાં, તેમ જ સુખદુઃખમાં એટલા સમયમાં ઘનશ્યામનાં સ્વરૂપનું સ્મરણ વિસારતાં પણ વિસરતું નથી.

એમાં સુવું એટલે નિદ્રાવશ થવું આદિ પ્રતિબંધક છતાં અવિસ્મરણરૂપ કાર્યની ઉત્પત્તિ થઈ, તેથી ત્રીજી વિભાવના જાણવી. તેમ જ સ્મૃત્યલંકાર પણ છે. એમાં સ્મરણદશા વર્ણવવામાં આવી છે.

उद्दीपनविभाव.

भो यह ऐसोई समो, जहां सुखद दुख देत ।
चैत चांदकी चांदनी, डारत किये अचेत ॥ ४४१ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, આ સમય એવો જ આવી ગયો છે કે, જેમાં સુખદ વસ્તુ તે દુઃખદ થઈ પડે છે. જો કે આ સમયમાં (વિરહદશામાં) ચૈત્રની ચાંદની મને બેશુધ કરી નાંખે છે.

એમાં ચૈત્ર ચાંદની એ ઉદ્દીપન વિભાવ જાણવો. એમાં વ્યાઘાતાલંકાર છે. એક કાર્યનો સાધક એવો હેતુ વિરુદ્ધ કાર્ય સિદ્ધ કરવામાં અધિક અનુકૂલ એમ જ્યાં કથન કરવામાં આવ્યું હોય ત્યાં પણ વ્યાઘાતાલંકાર જ માનવામાં આવે છે.

चंद्र शीतकर शानो?

हौंहीं बौरी बिरहवस, कै बौरो सब गांव ।
कहा जानिये कहत क्यों, शशिहि शीतकर नांव ॥ ४४२ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હે સખી! હું જ વિરહવશ એવી ઘેલી છું કે આખું ગામ ઘેલું છે? એ હું તને પૂછું છું. શું જાણિયે કે, ચંદ્રમાનું શીતકર નામ શા કારણથી પાડવામાં આવ્યું છે.

એમાં ગામ શબ્દનો વાચ્યાર્થ જે સ્થળવિશેષ, તે વાક્યાર્થ સાથે બંદબેસતો ન હોવાથી ગામ એટલે ગામમાં વસનારા લોક એવો લક્ષ્યાર્થ ગ્રહણ કરવો. ગામના લોક ચંદ્રને વગર કારણે શીતકર એ નામ આપે છે. તે નાયિકાને સંતાપે છે માટે તેનું નામ ઉષ્ણકર પાડવું જોઇયે. એ નાયિકાના કથનનો અભિપ્રાય છે. એમાં ચંદ્રના શીતકરત્વ ધર્મનો અપલાપ કરી તેમાં ઉષ્ણકરત્વનો આરોપ ગ્રામ્યજનોની નિંદાવડે કરવામાં આવ્યો, તેથી શુદ્ધાપન્હુતિ અલંકાર જાણવો.

उद्वेगदशा.

औरै भाँति भये व ये, चौसर, चंदन, चंद ।
पतिबिन अति पारत बिपति, मारत मारुत मंद ॥ ४४३ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, આ અવસરે એ ચારસેરનો મુક્તાહાર, ચંદન અને ચંદ્ર તે ન્યારો જ ભાવ ભજવનારાં થઈ પડ્યાં છે, અથવા ન્યારી જ ભાંતિનાં જણાય છે. પતિ વિના એ મારાપર અતિ વિપત્તિ પાડે છે, તેમાં આ મંદપવન તો મારી જ નાંખે છે.

એમાં ભેદકાતિશયોક્તિ અલંકાર છે. પોતાના શિતળ અને સુગંધ વગેરે ગુણ તજી, ચોસર ચંદનાદિક તે તાપોત્પાદક થયાં, એ નાયિકાનાં વચનનો ભાવ છે. એમાં ઉદ્વેગદશા વર્ણવેલી છે.

हरिहरि करि बरिबरि उठति, करिकरि थकी उपाय ।
वाको ज्वर बलि बैद्ज्यौं, तो रस जाय तौ जाय ॥ ४४४ ॥

અર્થ—સખી નાયકપ્રત્યે કહે છે કે, વિરહિણી એવી જે નાયિકા, તે હરિ હરિ એટલે હાય હાય કરી બળી બળી કહેતી ઉઠે છે. હું તો ઉપાય કરી કરીને થાકી; બલૈયાં લઉં તેણીનો તાપ વૈદની જેમ તમારા રસથી જાય તો જાય.

એમાં વૈદ્ય જેમ દયાથી રોગીને જોઈ તેને સુરસ એટલે ફૂંકેલું પારદાદિકનું ઔષધ આપે છે, તેમ તમે તેણીને પ્રીતિરૂપ સુરસ આવીને આપો. એ ઉપરથી તમારા વિરહથી ઉત્પન્ન થયલો વ્યાધિ, તે તમારા પ્રીતિપૂર્વક દર્શનવડે સમશે, એ સખીનાં કથનનો આશય જાણવો. એમાં રસ એ શબ્દ અનેકાર્થવાચક હોવાથી શ્લેષ અને હરિહરિ આદિથી વૃત્ત્યનુપ્રાસ છે. લોકનાથ અને મૃગાંકું એ વૈદ્યકશાસ્ત્ર પ્રસિદ્ધ એવા રસ છે.

जडता.

मरी डरी किटरी व्यथा, कहा खरी चलि चाहि ।
रही कराहि कराहि अति, अब मुख आहि न आहि ॥ ४४५ ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકા મરી પડી છે કે એની વ્યથા દૂર થઈ, તે તું આવીને જો તો ખરી. અહીં ઉભી શું રહી છે? તે દુઃખસૂચક એવા મંદ શબ્દ કરતી કરતી પડી છે. હવે એના મુખમાં હાય પણ નથી.

એમાં જડતારૂપ સ્મરદશા વર્ણવેલી છે. એમાં ભ્રમાલંકાર છે.

दैन्यदशा.

मरन भलो वर बिरहतें, यह बिचार चितजोय ।
मरत मिटै दुख एकको, बिरह दुहुँन दुख होय ॥ ४४६ ॥

અર્થ—નાયિકા સખી પ્રત્યે કહે છે કે, આ સંસારમાં વિરહ કરતાં મરવું તે ભલું, ઉત્તમ છે, એ તું તારા મનમાં વિચારી જો. મરણથી એકનું જ દુઃખ મટે છે અને વિરહમાં બન્નેને દુઃખ થાય છે.

એ દૈન્યદશાનું ઉદાહરણ જાણવું. જ્યાં દોષમાં ગુણની કલ્પના કરવામાં આવે ત્યાં લેશાલંકાર. એ લક્ષણ ઉપરથી એમાં મરણદોષમાં ગુણકલ્પના કરવામાં આવી છે, તેથી લેશાલંકાર જાણવો.

વળી વિરહ કરતાં મરણની શ્રેષ્ઠતાનું યુક્તિથી પ્રતિપાદન કરવામાં આવ્યું, તેથી કાવ્યલિંગ અલંકાર પણ છે. એ નાયકની સખી પ્રત્યે ઉક્તિ છે, એમ પણ કહી શકાય.

व्याधिदशा.

करके मीडे कुसुमलों, गई बिरह कुम्हिलाय ।
सदा समीपिन सखिनहूं, नीठि पिछानी जाय ॥ ४४७ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, (તમારી પ્રિયા) હાથનાં મસળેલાં ફૂલની પેઠે વિરહથી કરમાઈ ગઈ છે, તે એવી કે સદા સમીપમાં રહેનારી સખીઓ પણ મહા મુસીબતે ઓળખે છે.

એમાં કુસુમ–ફૂલ એ ઉપમાન, કરમાવું એ ધર્મ, પેઠે એ વાચક અને મૂળમાં નાયિકા એ ઉપમેય ન હોવાથી ઉપમેયલુપ્તા જાણવી. એમાં અતિ કૃશતાના વર્ણન ઉપરથી એ વ્યાધિદશાનું ઉદાહરણ જાણવું.

विरहनिवेदन.

नैक न जानी परत यों, परो बिरह तनु छाम ।
उठति दियालों नादि हरि, लिये तुम्हारो नाम ॥ ४४८ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, જરા પણ ઓળખી શકાતી નથી એવું વિરહથી કૃશ શરીર થઈ ગયું છે. હે હરિ! તમારું નામ લેવાથી દીવાની પેઠે ઝબકી ઉઠે છે.

અર્થાત્ દીવો જેમ ઘેર જતી વખત ઝબકારો કરી ઉઠે છે, તેમ નાયિકા પણ તમારું નામ લેવાથી હુશિયારીમાં આવે છે. એમાં મૂળમાં દીવો એ ઉપમાન, પેઠે એ વાચક, ઝબકી ઉઠવું એ ધર્મ અને ઉપમેય નથી તેથી ઉપમેયલુપ્તા જાણવી.

विरहनिवेदन.

जो वाके तनकी दशा, देखो चाहत आप ।
तो चलिनेक बिलोकिये, चलि औचक चुप चाप ॥ ४४९ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, જો તેણીનાં તનની દશા કેવી છે તે જોવાને આપ ઇચ્છતા હો તો અચાનક મુંગા મુંગા આવી જરા જુઓ.

હાલમાં તમારા વિરહે કરી વિકળતા અધિક છે એવી સંઘટ્ટન ઇચ્છતી એવી સખીની એ ઉક્તિ છે. જો, તો એ પદ ઉપરથી સંભાવનાલંકાર છે.

विरहनिवेदन.

तजत हठाव न हठ पर्यो, शठमति आठौं जाम ।
भयो बाम वा बामको, रहत काम बेकाम ॥ ४५० ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, શઠમતિ આઠો જામ હઠે ચઢયો પોતાની જીદ છોડતો નથી; કામદેવ નકામો તે સ્ત્રીશું પ્રતિકૂલ થઈ રહ્યો છે (રહે છે).

પોતે સબળ થઈ અબળાપર આઠો જામ જોર વાપરે, તેથી કામદેવને શઠમતિ કહ્યો છે. વળી શિવનું નામ વામ અને આ પણ વામ (વામા), તેથી કામ આઠે જામ વેરી બન્યો રહે છે એ તાત્પર્ય જાણવું. એમાં યમકાનુપ્રાસ છે.

विरहनिवेदन.

बाल बेलि सूखी सुखद, इहि रूखे रुख घाम ।
फेरि डहडही कीजिये, सुरस सींचि घनश्याम ॥ ४५१ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, વેલીના સરખી સુખદાયક એવી જે બાળા તે તમારા રુખાપણુંરૂપ તડકાથી–તાપથી સુકાઈ ગઈ છે. હે ઘનશ્યામ! તેને સુરસ સીંચીને પાછી લીલીછમ કરો.

એમાં બાળા અને વેલી તેમ જ રુખાપણુ અને ઘામ એમાં અભેદ વર્ણવેલો હોવાથી રૂપકાલંકાર. તેમ જ ઘનશ્યામ અને સુરસ એવાં શ્લેષ ચમત્કૃતિયુક્ત પદોના પ્રયોગથી વિશેષ્ય સાભિપ્રાય હોવાથી પરિકરાંકુરાલંકાર જાણવો. "साभिप्राये विशेष्ये तु भवेत्परिकरांकुरः" એ લક્ષણુ છે.

विरहाग्निनुं वैचित्र्य.

लाल तिहारे बिरहकी, अगनि अनूप अपार ।
सरसे बरसे नीरहू, झरसे मिटै न झार ॥ ४५२ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, હે કૃષ્ણ! તમારા વિરહનો અગ્નિ જેમ અનુપ તેમ અપાર છે, તે કેવો કે પાણી વરસે છતે વૃદ્ધિ પામે છે અને ઝડી પડવાથી પણ જવાળા મટતી નથી.

અનુપ એટલા માટે કે પાણીના વરસવાથી પણ વધે છે અને અપાર એટલા માટે કે, ઝડી પડવાથી પણ જ્વાળાની શાંતિ નથી થતી. એમાં ઝડી પડવારૂપ પ્રતિબંધક છતાં પણ અગ્નિની શાંતિ ન થવારૂપ કાર્યોત્પત્તિનાં વર્ણન ઉપરથી ત્રીજી વિભાવના જાણવી.

विरहनिवेदन.

देखत दुरै कपूरलों, उडै जाय जिन लाल।
छिन छिन जात परी खरी, छीन छबीली बाल ॥ ४९३ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, હે કૃષ્ણ! તે છબીલી બાળા ક્ષણે ક્ષણે ક્ષીણ થતી જાય છે, દેખતાં દેખતાં કપૂરની પેઠે રખેને ઉડી જતી (એ શંકા રહે છે).

એમાં બાળા એ ઉપમેય, કપૂર એ ઉપમાન, પેઠે એ વાચક, અને ક્ષીણ થતાં જવું, એ ધર્મ તેથી પૂર્ણોપમાલંકાર જાણવો.

अनुरागनिवेदन.

हँसि उतारि उरतें दई, तुम जो तादिन लाल।
राखत प्रान कपूरलों, वहै चिरमिटी माल ॥ ४९४ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, તમે હસીને તે દિવસે, હે લાલ! ઉરપરથી ઉતારી જે માળા આપી, તે જ ચણોઠીઓની માળા તેના પ્રાણોની કપૂરની પેઠે રક્ષા કરે છે.

કપૂરમાં ચણોઠીઓ રાખવામાં આવે તો કપૂર ઉડી જતું નથી, તેવી જ રીતે તમારી આપેલી માળાથી તેણીના પ્રાણનું રક્ષણ થાય છે. એમાં કાવ્યાલિંગાલંકાર છે. એ દોહરામાં અનુરાગ નિવેદન છે.

विरहनिवेदन.

कहा कहौं वाकी दशा, हरि प्राणनके ईस।
विरहज्वाल जरबो लखै, मरिबो भयो अशीस ॥ ४९५ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, પ્રાણના પતિ એવા હે હરિ! તેણીની દશા હું તમારી આગળ શી કહું? એટલે તે કહી શકાય તેવી

નથી. તેણીનું વિરહજ્વાળમાં બળવું એવા કરતાં મરવું, એ તેણીને માટે આશીર્વાદરૂપ છે, એમ હું માનું છું.

એ ઉપરથી સખીએ વિરહતાપના આધિક્યનું પ્રતિપાદન કર્યું છે. એમાં હરિ! પ્રાણના ઈશ એવા સાભિપ્રાય વિશેષ્ય પદોના પ્રયોગથી પરિકરાંકુર જાણવો.

ત્રીજા ચરણમાં "विरहज्वाल" એ શબ્દ છે. તેમાં સંસ્કૃત પિંગળના "संयुक्ताद्यं दीर्घं" એ નિયમ પ્રમાણે છંદો ભંગ થયલો ગણાય; પણ ભાષાના કવિઓએ એ નિયમની પરવાહ કરી નથી. વામન પંડિતે વૈરાટ પર્વમાં "प्रमाण संवत्सर द्वादशार्थे" એમાં તેમ જ "मनातीत पाहे जर्गी एक द्रष्टा" એમાં એ નિયમપર બીજા અનેક ભાષાકવિઓની પેઠે કશું પણ લક્ષ આપ્યું નથી.

व्याधिदशा.

यह बिनसत नग राखिकैं, जगत बडो जस लेहु।
जरी विषमज्वर जाय यह, आय सुदर्शन देहु॥ ४९६॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, આ સ્ત્રીરૂપી રત્નને વણસતું રાખો અને જગતમાં મહદ્યશની પ્રાપ્તિ કરો; વિયોગરૂપી વિષમજ્વરથી એટલે વિષમ સંતાપથી બળી જાય છે, તેને ત્યાં આવી સુદર્શન આપો.

સુદર્શન નામનું ચૂરણ વિષયજ્વરને ટાળનારું વૈદ્યક શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે, તેમજ સુદર્શન એટલે ઉત્તમ દર્શન તેમજ વિષમજ્વર એટલે એક પ્રકારનો તાવ અથવા વિષમ સંતાપ, એમ બે અર્થ હોવાથી શ્લેષાલંકાર છે.

प्रोषितपतिका.

मैं ले दयो लयो सुकर, छुवत छनकि गो नीर।
लाल तिहारो अरगजा, उर लगि भयो अबीर॥ ४९७॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, મેં આપની પાસેથી લઈ પ્રિયાને આપ્યો, તેણીએ પોતાના સુંદર કરમાં તે લીધો. તેના હાથનો સ્પર્શ થતાં જ પાણી બળી ગયું. હે કૃષ્ણ! તમારો આપેલો અરગજા તેણીના હૃદયમાં લાગી અબીલ થઈ ગયો.

અર્થાત્ પાણી સુકાઈ જઈ શ્વેતતા થઈ ગઈ. એમાં અત્યુક્તિ અલંકાર છે.

प्रीतिरूपी चूडेल.

थाकी जतन अनेक करि, नेक न छांडत गैल ।
करी खरी दुबरी सुलगि, तेरी चाह चुरैल ॥ ४५८ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, અમે અનેક ઉપાય કરીને થાકી, તોપણ નાયિકાનો એ જરાએ પીછો છોડતી નથી; તમારી ચાહનારૂપ જે ચૂડેલ, તેણે એને વળગીને અતિ દુર્બળ કરી નાંખી છે.

એમાં વિશેષોક્તિ એ અર્થાલંકાર અને વૃત્ત્યનુપ્રાસ એ શબ્દાલંકાર છે.

दर्पणदर्शन.

पियके ध्यान गही गही, रही वही है नारि ।
आप आपही आरसी, लखि रीझति रिझवारि ॥ ४५९ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, પ્રીતમના ધ્યાનમાં નિમગ્ન થઈ રહેલી, તેનું ધ્યાન ધરતી ધરતી "ધ્યાતા ધ્યેયસ્વરૂપ થઈ જાય છે" એ યોગશાસ્ત્રના વચન પ્રમાણે નાયિકા તે જ એટલે હરિરૂપ જ થઈ રહી. હવે હું હરિ છું, એવી જ્યારે ભાવના થઈ ત્યારે તે રીઝવાવાળી પોતે પોતાનું જ પ્રતિબિંબ આરસીમાં જોઈ રીઝે છે.

દર્પણમાં રાધાનું મુખ પ્રતિબિંબિત થયલું અને રાધા પોતે હરિરૂપ થયલી, તેથી પોતે પોતાનું મુખ જોઇ મોહિત થાય છે એ આશય છે.

"ध्यानहि ध्यानमें आज कछू वृषभानुसुता भई कान्हमई है,
आरसिमें लखि आपनी सूरति आपही रीझि निहाल भई है." कृष्णदत्त.

અર્થ–સખી કહે છે કે, ધ્યાનમાંની ધ્યાનમાં આજ કાંઈક વૃષભાનુની પુત્રી (રાધા) કૃષ્ણમય બની ગઈ છે, તે આરસીમાં પોતાનો ચ્હેરો જોઈ પોતે જ રીઝી ન્યાલ થઈ છે.

विरहिणी.

अरे परे न करै हियो, खरे जरे पर जार ।
लावत घोरि गुलावसों, मलय मिलै घनसार ॥ ४६० ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, અરે! ગુલાબજળમાં કપૂર મેળવી ઘોળીને લાવે છે, જે ખુબ બળેલાં હૃદયને બાળે છે માટે એને દૂર કાં નથી કરતી?

એક તો હું વિરહથી બળી રહેલી છું, તેપર વળી આ ઉદ્દીપન પદાર્થ વિશેષ દુઃખ દે છે, એ નાયિકાના કથનનો આશય છે. એમાં વિષમાલંકાર છે.

प्रोषितपतिका.

रंगराती राते हिये, प्रीतम लिखी बनाय।
पाती काती बिरहकी, छाती रही लगाय॥ ४६१॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, અનુરક્ત હૃદયથી પ્રીતમે રાતા-રંગની બનાવીને જે લખી, તે પત્રિકારૂપ વિરહની કાપવાવાળી (તલવાર)ને નાયિકા પોતાની છાતીએ લગાડી રહી.

એમાં વૃત્ત્યનુપ્રાસ એ શબ્દાલંકાર છે. એમાં પત્રિકા આવ્યાથી ભવિ-ષ્યમાં થનારો સંયોગાનંદ પ્રાપ્ત થયો એ અર્થ છે. રંગરાતી એનો અર્થ લાલ સાહીથી લખેલી એમ કરવામાં આવે તો અનુરાગ એટલે પ્રીતિનો લાલ રંગ કવિઓએ વર્ણવેલો છે, તેથી નાયકે તેમ કરવાથી પોતાનો અનુરાગ દર્શાવ્યો.

मन जूदां तोज जुदाइ.

कहा भयो जो बीछुरे, मो मन तो मन साथ।
उडी जात कितहू गुडी, तऊ उडायक हाथ॥ ४६२॥

અર્થ—નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, અમે તમારાથી વખૂટા પડીએ છૈયે તેથી શું થઈ ગયું? મારું મન તો તમારી સાથ જ છે? પતંગ ગમે ત્યાં ઉડે, તોપણ તેની દોરી તો ઉડાવનારને હાથ જ રહે છે, એટલે પતંગ પણ ઉડાવનારને જ હાથ રહે છે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

ભર્તૃહરિના શૃંગાર શતકમાં "विरहेऽपि संगमः खलु परस्परं संगतं मनो येषाम्" એ આર્યા છે. તેનો અર્થ એવો છે કે, જે સ્ત્રીપુરુષનું મન પરસ્પર અનુરાગબદ્ધ એવું હોય, તેમને વિયોગાવસ્થામાં પણ નિશ્ચય સમાગમ જ છે. એ આર્યાનો અને ઉપરના દોહરાના પૂર્વાર્ધનો ભાવ મળતો આવે છે.

नायकनी पत्रिका.

करले चूमि चढाय शिर, उर लगाय भुज भेंट।
लहि पाती पियकी लखति, बाँचति धरति समेट॥ ४६३॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયકની પત્રિકા હાથમાં લઈ, ચૂમી, માથે ચઢાવી, છાતીશું લગાડી, ભુજશુ ભેટાડી જોઇને વાંચી વાળીને રાખે છે.

એમાં પ્રેમાલંકાર છે. એનું કપિપ્રિયામાં "कपट निपट मिटि जाय जहँ, उपजै पूरन छेम; ताहीसों सब कहतहैं, केसव उत्तम प्रेम." એ પ્રમાણે લક્ષણ આપેલું છે. તેનો અર્થ એ છે કે, જ્યાં કપટ કેવળ મટી ગયલું અને અંતઃ-કરણનો સાચો પ્રેમ પૂર્ણ પ્રગટ થયલો એવો જોવામાં આવે ત્યાં કેશવ-દાસ કહે છે કે, તેને સઘળાઓ ઉત્તમ એવો પ્રેમાલંકાર કહે છે.

प्रोषितपतिका.

कागद पर लिखत न बनत, कहत संदेश लजात ।
कहि है सब तेरो हियो, मेरे हियकी बात ॥ ४६४ ॥

અર્થ-પ્રોષિતપતિકા નાયિકાની ઉક્તિ છે. કાગળપર લખવાનું બની શકતું નથી ને સંદેશો કહેતાં લાજ આવે છે. મારા હૃદયની સઘળી વાત તારું હૃદય જ સઘળી કહી દેશે.

આપણું મન એક છે, તેથી તારું મન જ મારા મનમાં શું છે તે કહી દેશે તો પત્રિકાદિથી સંદેશો મોકલવાનું શું પ્રયોજન, એ ભાવ છે.

પ્રોષિતપતિકાએ પત્રમાં એટલી જ વાત લખી એમ જાણવું અથવા નાયકે પત્રમાં એ પ્રમાણે લખેલું, એમ પણ સંભવે.

प्रोषितपतिका.

तर झुरसी ऊपर गरी, काजल जल छिरकाय ।
पिय पाती बिनहीं लिखी, बाँची बिरह बलाय ॥ ४६५ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નીચે દગ્ધસરખી અને રુદન કર-વાથી કાજળયુક્ત આંસુઓનાં બુંદ પડવાથી ઉપર ગીલી (ભીજાયલી) એવી વગર લખેલી જ પત્રિકામાં પતિએ તેણીના વિરહની વ્યથા વાંચી લીધી.

એમાં અનુમાનાલંકાર છે. વળી નીચે દગ્ધ સરખી અને ઉપર ગીલી .એ પત્રિકાનાં જે વિશેષણો, તે સાભિપ્રાય હોવાથી પરિકરાલંકાર પણ છે.

पत्रिका.

बिरह बिकल बिनहीं लिखी, पाती दई पठाय ।
अंक बिहूनी यों सुचित, सूने बांचतु जाय ॥ ४६६ ॥

અર્થ–વિરહવિકળ એવી નાયિકા અથવા નાયકે વગર લખેલી જ પત્રિકા મોકલી દીધી, તોપણ અક્ષરવહોણી એવી તે પત્રિકા શૂન્ય ચિત્તથી વાંચતો અથવા વાંચતી જાય છે. એમાં નાયિકા પ્રોષિતપતિકા છે.

सुखने साथ लई लांबा दिवस रात राखी गया.

चलत चलत लौं ले चले, सब सुख संग लगाय ।
ग्रीषम वासर शिशिर निशि, पिय मो पास बसाय ॥ ४६७ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, ચાલતા ચાલતા લગીમાં પ્રીતમ અમારાં સઘળાં સુખ પોતાની સાથે લઈ ગયા અને ગ્રીષ્મના દિવસ (લાંબા) અને શિશિરની રાત (લાંબી), તે અમારી પાસે રાખી ગયા.

એમાં ગમ્યોત્પ્રેક્ષાલંકાર છે.

प्रोषितपतिका.

गोपिनके अँसुअन भरी, सदा असोस अपार ।
डगर डगर नै है रही, बगर बगरके बार ॥ ४६८ ॥

અર્થ–ઉદ્ધવજી શ્રીકૃષ્ણ પ્રત્યે કહે છે કે, સદા ન સુકાય એવી અને અપાર જે ગોપીઓના અશ્રુઓથી ભરેલી નદી, તે વ્રજની ગલી ગલીમાં માત્ર નહિ પણ ઘર ઘરને દ્વારે એટલે બારણાં આગળ વહી રહી છે.

એમાં અત્યુક્તિ અલંકાર છે.

શબ્દાર્થ–असोस=અશોષ એટલે સુકાય નહિ તેવી. "बगर=" ઘર. "डगर=" રસ્તો, માર્ગ. नै=નદી.

आगमिष्यत्पतिका परकीया.

कियो सयानी सखिनसों, नहिं सयान यह भूल ।
दुरै दुराई फूलकों, क्यों पिय आगम फूल ॥ ४६९ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, હે સખી! શાણી એવી જે

તારી સખીઓ તેમની આગળ તારું કરેલું જે શાણપણ, તે શાણપણ નથી પણ તે તારી ભૂલ છે. પ્રીતમના આગમનથી જે પ્રફુલ્લતા (પ્રસન્નતા) ફૂલની સુગંધીની પેઠે છૂપાવી છૂપી કેમ શકે?

એમાં પૂર્ણોપમાલંકાર છે. એમાં પુષ્પની સુગંધ એ ઉપમાન, પ્રિયના આગમનજનિત પ્રસન્નતા તે ઉપમેય, ન છૂપવું એટલે પ્રગટ થવું એ રૂપ ધર્મ અને પેઠે એ વાચક, એમ ઉપમાનાં ચારે અંગ હોવાથી પૂર્ણોપમાલંકાર.

आगतपतिका.

आयो मीत विदेशतें, काहू कह्यो पुकारि ।
सुनि हुलसी विहँसी हँसी, दोऊ दुहुँन निहारि ॥ ४७० ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, મિત્ર વિદેશથી આવ્યા એમ કોઈએ પુકારીને કહ્યું ત્યારે બન્ને બન્નેને જોઈને ઉલ્હાસ પામી, વિહસી અને હસી.

એમાં બન્ને એટલે નાયિકા તેમજ સમાચાર લાવવાવાળી તે એમ બેઉ જાણવી. એમાં ઉત્કંઠિતાર્થની વિના યત્ને સિદ્ધિ વર્ણવવામાં આવી, તેથી પ્રહર્ષણાલંકાર જાણવો. એ પરકીયાની અંતરંગ સખી, તે એમાં સંદેશો લાવનારી જાણવી. નાયિકા પરકીયા આગતપતિકા છે.

સાહિત્યશાસ્ત્રમાં હાસના ઉત્તમ, મધ્યમ અને અધમ એવા ત્રણ પ્રકાર જોવામાં આવે છે. તેમાં ઉત્તમમાં ૧ સ્મિત, ૨ હસિત, મધ્યમમાં ૧ વિહસિત ૨ ઉપહસિત. અને અધમમાં ૧ અતિહસિત તથા ૨ અપહસિત.

એમાં સ્વકીયા આગતપતિકા પણ છે. તેમાં જે પરદેશથી આવનાર, તે જેમ એકનો પતિ તેમ બીજીનો ઉપપતિ, તેથી બન્નેને હર્ષ થયો.

स्वीयागमिष्यत्पतिका.

मृगनैनी दृगकी फरक, उर उछाह तन फूल ।
बिनही पिय आगम उमगि, पलटन लगी दुकूल ॥ ४७१ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, મૃગલોચની એવી જે નાયિકા તે વામનેત્ર ફરકતાંજ ઉરમાં ઉત્સાહ પામી, તનમાં વિકસિત થઈ તેમ પ્રીતમના આગમન વગર જ વસ્ત્ર બદલવા લાગી.

સ્ત્રીનાં વામનેત્રનું ફરકવું પ્રિયના આગમનનું સૂચક મનાય છે. એમાં સ્વીયા આગમિષ્યત્પતિકા નાયિકા છે. એમાં પણ પ્રહર્ષણાલંકાર છે.

विच्छित्तिहाव.

मलिन देह वेई वसन, मलिन विरहके रूप ।
पिय आगम औरै बढी, आनन ओप अनूप ॥ ४७२ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, મલિન દેહ અને તેજ મેલાં વસ્ત્ર વિરહના રૂપમાં છે, તેમ છતે પ્રીતમના આગમનથી નાયિકાના મુખ પર કંઈ ઓરજ અનૂપ એવી જ્યોતિ વધી.

એમાં ભેદકાતિશયોક્તિ અલંકાર છે. તેમ જ વસન ભૂષણાદિક જે કાંતિનાં પોષક એવાં કારણો, તેનું અસમગ્રત્વ હોવા છતાં કાંતિના આધિક્યરૂપ કાર્યની ઉત્પત્તિ થઈ, તેથી વિભાવનાલંકાર પણ છે.

કિંચિત્ શૃંગારથી પુરુષને મોહિત કરવામાં આવે ત્યાં વિછિત્તિ હાવ જાણવો. તેનું એ દોહરો તે એક ઉદાહરણ જાણવું.

स्वीया आगत्पतिका.

रहै बरोठेमें मिलत, पिय प्राननके ईसु ।
आवत आवतकी भई, विधिकी घरी घरी सु ॥ ४७३ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, પ્રાણના પતિ જે નાયક તે દ્વારની બહાર મિત્રજનોનો મેળાપ કરવા લાગ્યા, તેથી તેમના આવતાં આવતાંની તે ઘડી તે બ્રહ્માની ઘડી થઈ.

સો વખત ચાર યુગ વીતી જાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે. એ હિસાબથી સો ચતુર્યુગીનો આઠમો ભાગ, તે બ્રહ્માની એક ઘડી જાણવી.

આવતાં આવતાંની ઘડી તે, આ આવે છે, આ આવ્યા એમ અતિ પ્રેમની આતુરતાથી બ્રહ્માની ઘડી જેવી અતિ લાંબી તે ઘડી થઈ પડી.

દોહરાને અંતે જે "सु" શબ્દ છે, તે હિંદી "सो" નું રૂપાંતર છે. "सो" એટલે તે, એ જ અર્થમાં તેની બદલ "सु" એ શબ્દ વાપર્યો છે.

એમાં બ્રહ્માની ઘડી તે ઉપમાન અને નરલોકની ઘડી તે ઉપમેય, પણ ધર્મ અને વાચક એ બે ન હોવાથી એ દોહરો તે ધર્મવાચકલુપ્તોપમાના ઉદાહરણરૂપ જાણવો.

मुदिता नायिका.

कहि पठई मनभावती, पिय आवनकी बात ।
फूली आँगनमें फिरै, आँग न आँग समात ॥ ४७४ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, જે સમયે પ્રીતમે પોતાના આગમનની તેણીનાં મનને ભાવતી એવી વાત કહાવી મોકલી, તે સમયે તેથી પ્રસન્ન થયલી નાયિકા શરીરમાં શરીર સમાતું ન હોય તેમ આંગણામાં ફરવા લાગી.

પ્રિય વાર્ત્તાના શ્રવણ દર્શનજનિત પ્રમોદ જે નાયિકામાં જોવામાં આવે, તેને મુદિતા જાણવી. એ લક્ષણ પ્રમાણે આમાં પણ પ્રિયની વાર્ત્તાના શ્રવણજનિત આનંદના સદ્‌ભાવથી સ્વીયા મુદિતા નાયિકા જાણવી. "શરીરમાં શરીર ન સમાય" એમ લોક બોલતા હોવાથી લોકોક્તિ અલંકાર, તેમ જ ઉત્કંઠિત અર્થની સંસિદ્ધિ વગર યત્ને થઈ, તેથી પ્રહર્ષણાલંકાર પણ છે.

अभिलाषदशा.

नाचि अचानकही उठे, बिन पावस बन मोर ।
जानतिहौं नंदित करी, यह दिशि नन्दकिशोर ॥ ४७५ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, વર્ષાઋતુ ન છતે વનમાં અચાનક જ મોર નાચી ઉઠ્યા, તેથી વિદિત થાય છે કે ઘનશ્યામ એવા નંદકિશોરે પોતાના આગમનથી આ દિશા આનંદિત કરી છે.

મયૂરોને મેઘશ્યામ જે શ્રીકૃષ્ણ, તેમાં મેઘની ભ્રાંતિ થયાથી નૃત્ય કરવા લાગ્યા. એમાં મોરના નાચવારૂપ કાર્ય ઉપરથી શ્રીકૃષ્ણના આગમનરૂપ કારણની કલ્પના કરવામાં આવી, તેથી અનુમાનાલંકાર જાણવો.

स्वीया गमिष्यत्पतिका.

वामबाहु फरकत मिलैं, जो हरि जीवनमूरि ।
तो ताहीसों भेंटिहौं, राखि दाहिनी दूरि ॥ ४७६ ॥

અર્થ-સખી પ્રત્યે નાયિકા કહે છે કે, વામભુજા ફરકવાથી જો જીવનમૂલ એવા હરિ મને મળશે તો જમણા ભુજને વેગળો રાખી હું તેનાવડે જ મોહનને ભેટીશ.

દોહરાના ત્રીજા ચરણમાં "ताहीतों" એ શબ્દ છે, તેને બદલે "तोहीतों" એ શબ્દ પણ કેટલાંએક પુસ્તકમાં જોવામાં આવે છે. તેમ લેતાં નાયિકા કહે છે કે, હે વામભુજે! હું મારી જમણી ભુજાને દૂર રાખી તારાથી જ શ્રીકૃષ્ણને ભેટીશ એમ અર્થ થયાથી નાયિકાની ડાબા હાથ પ્રત્યે ઉક્તિ છે એમ જાણવું. સ્ત્રીનું વામાંગનું સ્ફુરણ તે તેણીના પ્રિયના આગમનનું સૂચક છે, એ આગમનવચન જો સત્ય ઠર્યું તો તે વડે જ પ્રિયને ભેટીશ, એમ વામબાહુ પ્રત્યે પોતાનો પ્રેમ સૂચિત કર્યો છે. એમાં સ્વીયા આગમિષ્યત્પતિકા નાયિકા છે. "જો" "તો" એ પદ ઉપરથી સંભાવનાલંકાર જાણવો.

मध्या आगत्पतिका.

बिछुरे जिये सँकोच यह, मुखतें कहत न बैन ।
दोऊ दौरि लगे हिये, किये निचोहे नैन ॥ ४७७ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાયક નાયિકા વિખૂટાં પડ્યાં છતે પણ જીવ્યાં, એ સંકોચને લીધે બન્નેથી મુખથી વચન કહ્યું જતું નથી; પણ બન્ને નીચાં નેત્ર કરી દોડીને હૃદયશું લપટાયાં.

સંયોગસમયમાં બન્ને નાયક નાયિકા પરસ્પર બોલેલાં કે આપણે વિખૂટાં પડિયે તો જીવિયે નહિ. હવે બન્ને વિખૂટાં પડે છતે જીવ્યાં, તેની લાજને વશ એવાં બેમાંથી એક પણ કુશલ પ્રશ્નાદિ સંબંધી બોલ પણ બોલી શક્યું નહિ; પણ નીચાં નેત્ર કરી (એક બીજાની સામે પણ જોઈ ન શક્યાં, આંખે આંખ મેળવી ન શકયાં તેથી) મુંગાં મુંગાં બન્ને ભેટી પડ્યાં.

એ ઉપરથી અન્યોન્યની પ્રીતિનો ઉત્કર્ષ વ્યંજિત થાય છે. એમાં વ્રીડા નામનો સંચારી ભાવ છે. નાયિકામાં લજ્જા અને મદન સમાન હોવાથી મધ્યા આગતભર્તૃકા જાણવી. એમાં ઉત્તમ ચિત્ર પાડી શકાય એવો સ્વભાવોક્તિ અલંકાર છે.

औत्सुक्यसंचारी.

जदपि तेज रोहाल वर, लगी न पलकौ बार ।
तउ ग्वैडो घरको भयो, पैंडो कोस हजार ॥ ४७८ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, જો કે પરાક્રમથી પ્રીતમનો ઘોડો શીઘ્ર ગતિ કરનારો છે અને તેને આવતાં એક પળ પણ વિલંબ ન થયો,

તોપણ આવતાં આવતાં ગામનું ગોંદરું અને ઘર વચ્ચેનો માર્ગ હજાર કોશ જેટલો થઈ ગયો.

શબ્દાર્થ–रोहाल–ઘોડાની એક ચાલ વિશેષ. गैहे ગામની સીમા–ગામનું ગોંદરું. पैंडो–માર્ગ. એમાં વિશેષોક્તિ અલંકાર છે.

ज्येष्ठा कनिष्ठा.

छिरके नाह नवोढ दृग, करि पिचकी जल जोर।
रोचन रँग लाली भई, बियतिय लोचनकोर ॥ ४७९ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નવોઢાનાં નેત્ર પ્રીતમે જોરથી પિચકારીના જળથી છાંટી નાંખ્યાં, તેથી બીજી નાયિકાના લોચનના ખુણામાં ગોરોચનના રંગની રક્તતા થઈ.

એ દોહરો જ્યેષ્ઠા અને કનિષ્ઠા નાયિકાના ઉદાહરણરૂપ છે. એમાં લાલ રંગની પિચકારીનાં જળથી નવોઢાનાં નેત્ર છંટાયાં અને તેથી સોકને કનિષ્ઠાને જે દાહ થયો–તેથી રાતાં નેત્રનાં કોણ તેણીનાં થયાં એમ કારણ કાર્યની ભિન્ન દેશસ્થિતિ કથન કરવામાં આવેલી હોવાથી અસંગતિ અલંકાર જાણવો. નાયિકા અન્યસંભોગ દુઃખિતા પણ છે.

ज्येष्ठा नायिका.

मिसही मिस आतप दुसह, दई और बहराय।
चले ललन मनभावतिहिं, तनकी छाँह छिपाय ॥ ४८० ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, તાપ દુઃસહ છે એવા મસેમસે (છળભેદથી) બીજીઓને વેગળી કરી દીધી અને શ્રીકૃષ્ણ પોતાની જે મનભાવતી નાયિકા, તેને તનની છાયામાં છૂપાવી સંકેતસ્થળમાં ચાલ્યા.

તાપ દુઃસહ છે, માટે તમે સઘળી ઘેર જાઓ એમ કહી છળથી બીજીઓને આઘી પાછી કરી નાંખી પોતાના તનની છાયાથી તેણીના તાપનું નિવારણ કરતા લઈ ચાલ્યા. એ ઉપરથી પ્રીતિનો ઉત્કર્ષ વ્યંજિત થાય છે. એમાં છળવડે ઇષ્ટનું સાધન કરવામાં આવ્યું, તેથી પર્યાયોક્તિ અલંકાર છે. એમાં પણ જ્યેષ્ઠા કનિષ્ઠાનો ભેદ છે.

वचनविदग्धा.

लाज गहो बेकाज कत, घेरी रहे घर जाहिं ।
गोरस चाहत फिरतहो, गोरस चाहत नाहिं ॥ ४८१ ॥

અર્થ–ગોપી શ્રીકૃષ્ણ પ્રત્યે કહે છે કે, લાજ ગ્રહણ કરો, નકામાં શું કરવા મને ઘેરી રહ્યા છો? ઘેર જવા દો. ગોરસ એટલે ઇંદ્રિયારામ અથવા વાગાદિ વિલાસની ઇચ્છા કરતા ફરો છો, પણ ગોરસ એટલે દધિદુગ્ધાદિને ચાહતા નથી (એ હું સમજું છું).

એમાં વચનવિદગ્ધા નાયિકા છે. વિરોધાભાસ અલંકાર છે. યમકાનુપ્રાસ પણ છે.

गमारणीवर्णन.

प्रफुलाहार हिये लसै, सनकी बेंदी भाल ।
राखत खेत खरी खरी, खरे उरोजन बाल ॥ ४८२ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, નાયિકાના હૃદયપર શ્વેતકમળની માળા શોભે છે, ભાલમાં સણના સુમનની બિંદી (ચાંલ્લો) શોભાયમાન દીસે છે; એમ ઉભે ઉરોજ ઉભી ઉભી બાળા ક્ષેત્ર રક્ષા કરે છે.

કોઈ ટીકાકારે પ્રફુલાનો અર્થ કુમુદિની અને કોઇએ સિતપંકજ એવો કર્યો છે. કાંતેલા સુતરના મોટા મોટા દાણાને રંગીને તેનો જે હાર બનાવવામાં આવે છે, તેને પ્રફુલાહાર કહે છે એમ એક ટીકાકાર કહે છે. એમાં ગમાર ખેડુતની સ્ત્રી એટલે ગમારણીનું વર્ણન છે. શ્લેષાલંકાર છે.

દોહરા ત્રીજા અને ચોથા ચરણની શબ્દરચના ઉપરથી કાંઇક વીરરસ ધ્વનિત થાય છે. ગાયને પૂજે ત્યારે કાંતેલા કપાસની પૂણીમાં દાણા–મણકા પાડી કુંકુમથી રંગી જે હાર પહેરાવવામાં આવે છે, તેને કંકુડાનો હાર કહે છે અને તેવા જ હારને પ્રફુલાહાર આ દોહરામાં કહ્યો હશે, એમ અનુમાન થાય છે. તુલસીને પણ તેવો જ હાર પહેરાવવામાં આવે છે.

ललितहाव.

टटकी धोई धोवती, चटकीली मुख जोति ।
फिरति रसोइके बगर, जगर मगर दुति होति ॥ ४८३ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, તરતની ધોયલી ધોતી પહેરી, ચટકદાર મુખની જ્યોતિથી રસોઇનાં ઘરમાં એટલે પાકશાળામાં ફરતી એવી નાયિકાની શોભા ઝળાંઝળાં થાય છે.

એ લોકોક્તિ તેમ જ "टटकी" "चटकी" એ છેકાનુપ્રાસ છે.

लक्षिता.

ऐरी यह तेरी दई, क्योंहू प्रकृति न जाय।
नेह भरे हिय राखिये, तू रूखिये लखाय ॥ ४८४ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, અરે! વિધાતા! આ તારો સ્વભાવ, હે સખી! કેમે કર્યો જતો નથી. સ્નેહ (તેલ અથવા પ્રીતિ) ભરેલા હૃદયમાં રાખવામાં આવે છે. તેમ છતે તું રુખી જ જોવામાં આવે છે.

નાયક પોતાના સ્નેહ ભરેલાં અંતઃકરણમાં તને રાખે છે, તેમ છતાં તું રુખી જ રહે છે. અનેક રીતે સાંત્વન કર્યા છતાં તારું માન ટળતું નથી એ ભાવ. એમાં વિરોધાભાસ અલંકાર છે. સ્નેહ ભરેલા સ્થાનમાં રહે છતે રુખાપણું એ વિરોધ. તેનો પરિહાર સ્નેહ શબ્દમાં શ્લેષચમત્કૃતિ રહેલી હોવાથી થાય છે.

બીજો **અર્થ**–સખી પરપુરુષ સંબંધી વાર્તા નાયિકાને પૂછવા લાગી, ત્યારે તે છૂપાવવા નાયિકાએ રુક્ષપણું ધારણ કર્યું. તેપર સખીનું એ કથન છે એમ અર્થ લેતાં એમાં હેતુલક્ષિતા નાયિકા જાણવી.

गर्भिणीवर्णन.

दृग थिरकौ हैं अधखुले, देह थकौ हैं ढार।
सुरत सुखितसी देखियत, दुखित गर्भके भार ॥ ४८५ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, જેનાં નેત્ર સાલસ અર્ધપડિયાળાં છે અને દેહ થાકેલાની ભાંતિ જેવો છે, એવી નાયિકા ગર્ભભારથી દુઃખિત, તે સુરત સુખિત સરખી દેખાય છે. એમાં ગર્ભનાં દુઃખને સુરતસુખસમાન કથન કરવામાં આવ્યું છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

कांतनारीनुं वर्णन.

ज्यों कर त्यों चहुँटी चलै, ज्यों चहुँटी त्यों नारि।
छबिसों गतिसी लै चलति, चातुर कात निहारी ॥ ४८६ ॥

અર્થ-નાયક સખી પ્રત્યે કહે છે કે, જે પ્રમાણે હાથ ચાલે છે, તે પ્રમાણે ચપટી ચાલે છે. જેમ ચપટી ચાલે છે, તે પ્રમાણે ગરદન હાલે છે. એવી ચતુર કાંતનારી શોભાથી નૃત્યગતિસી ગતિ લઈ ચાલે છે.

એમાં પણ સ્વભાવોક્તિ અલંકાર છે.

કવિપ્રિયામાં કેશવદાસે "**जाको जैसो रूप गुन, कहिए तेही साज; तासों जातिस्वभाव कहि, बरनत हैं कबिराज.**" એટલે જેના જેવા રૂપ ગુણ હોય, તેવાને તેવા જ વર્ણવવામાં આવે, ત્યાં જાતિ સ્વભાવ અલંકાર એમ કવિઓ કહે છે, એમ લક્ષણ આપેલું છે. કુવલયાનંદ તથા ભાષાભૂષણના મત પ્રમાણે જાતિ અને સ્વભાવોક્તિને જૂદા અલંકાર આદિકમાં પણ ગણવામાં આવ્યા નથી.

શયનનું મિષ.

मुँह उघारि प्यौ लखि रहत, रह्यो नगो मिस सैन।
फरके होठ उठे पुलक, गये उघर युग नैन ॥ ४८७ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકા મિષ કરીને સુતી હતી તેવામાં પતિ તેણીનું મુખ ઉઘાડી જોવા લાગ્યો, એટલે નિદ્રાના મિષથી રહેવાઈ શક્યું નહિ. તેણીના હોઠ ફરક્યા, રોમાંચ થયાં અને બન્ને લોચન ખુલી ગયાં.

એમાં રોમાંચ નામનો સાત્વિકભાવ છે. વિષાદ, ઉત્સાહ, હર્ષ, ભય, અથવા આશ્ચર્યથી જે શરીરપર રુવાંટી ઉભી થાય છે, તેને રોમાંચ કહે છે. થંડીથી પણ રુવાંટી ઉભી થાય છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

क्रियाविदग्धा.

नहिं अन्हाय नहिं जाय घर, चित चहुँट्यो तकि तीर।
परसि फुरहरी ले फिरति, विहँसाति धसति न नीर ॥ ४८८ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, (જમના તટપર નટનાગરને) જોઈ, તીરપર ચિત્ત એવું ચોંટ્યું કે સ્નાન કરતી નથી, તેમ ઘેર પણ જાતી નથી; જમનાજળને સ્પર્શ કરતાં જ જાણે થથરતી હોય, તેમ પાછી હઠે છે, હસે છે અને પાણીમાં ધસતી નથી.

એમાં કૃષ્ણને જોઈ તેના દર્શનજનિત આનંદને માટે નહાતી નથી, ઘેર જતી નથી એ વગેરે ક્રિયા નાયિકા કરે છે એ ભાવ છે. કૃત્રિમ કંપથી-થથરવાથી તે આનંદ-દર્શનાનંદ સખીઓથી છૂપાવવો, એ નાયિકાનો ભાવ છે. એમાં ક્રિયાવિદગ્ધા નાયિકા છે અને પર્યાયોક્તિ અલંકાર છે.

પદાર્થ–चहुँट्यो=ચોટયું–લાગી ગયું. फुरहरी लै=અંગ કંપાવીને.

ચતુરાઇથી પરપુરુષ સંબંધી પ્રીતિકાર્યનું સાધન કરવાવાળીને વિદગ્ધા કહે છે. તેના વચનવિદગ્ધા અને ક્રિયાવિદગ્ધા એવા બે ભેદ છે. વચનચાતુરીથી પ્રીતિકાર્ય સાધન કરનારી તે વચનવિદગ્ધા અને ક્રિયાચાતુર્યથી તે સાધન કરનારી તે ક્રિયાવિદગ્ધા જાણવી. વિદગ્ધા એ પરકીયાનો એક ભેદ છે.

स्नानदशा.

मुख पखारि मुडहर भिजैं, सीस सजल कर छ्वाय ।
मौरि उँचै घूँटे निनै, नारि सरोवर न्हाय ॥ ४८९ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, મુખ પખાળી, શિરનું વસ્ત્ર ભીંજવી, જળયુક્ત હાથ માથે લગાડી, વાળનો જુડો ઊંચો કરી, ઘુંટણથી નમી નાયિકા સરોવરમાં નહાય છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

જેમ ચિત્રની યથાર્થતાથી ચતુર પુરુષના મનનું રંજન થાય છે, તેમ વસ્તુસ્વભાવની ઉક્તિ જ્યાં કરવામાં આવે ત્યાં સ્વભાવોક્તિ અલંકાર જાણવો. દંડીએ કાવ્યાદર્શમાં અને કેશવદાસે કવિપ્રિયામાં પ્રથમ એ જ અલંકાર વર્ણવ્યો છે; પણ કુવલયાનંદાદિક બીજા ગ્રંથોમાં પ્રથમ ઉપમાલંકાર આપવામાં આવ્યો છે.

बिहँसति सकुचातिसी हिये, कुच आँचर बिच बाँह ।
भीजे पट घरकों चली, न्हाय सरोवर माँह ॥ ४९० ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, હસતી અને હૃદયમાં જાણે સંકોચાતી હોય, તેમ છાતીપરના અંચળની વચમાં હાથ રાખી સરોવરમાં સ્નાન કરી, ભીને વસ્ત્રે નાયિકા ઘેર ચાલી. એમાં પણ સ્વભાવોક્તિ અલંકાર છે.

क्रियाविदग्धा.

मुँह धोवति एडी घसति, हँसति अनँगवति तीर ।
धसति न इन्दीवर नयनि, कालिन्दीके नीर ॥ ४९१ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, કામવતી નાયિકા તટપર મુખ ધોય છે, એડી ઘસે છે અને સખીઓશું હસે છે પણ કાલિંદી એટલે જે જમુના નદી, તેના જળમાં તે કમળલોચની નાયિકા ધસતી નથી.

નાયકનાં દર્શનજનિત આનંદને માટે બીજી આડી તેડી વાતોમાં–ક્રિયાઓમાં લાગી અતિ વિલંબ, નાયકના દર્શન લાભ માટે કર્યો અને કાલિંદીના જળમાં ઉતાવળે સ્નાન ન કરવારૂપ ક્રિયાચાતુર્ય દર્શાવ્યું, તેથી ક્રિયાવિદગ્ધા નાયિકા જાણવી.

મુખ ધોવું ને એડી ઘસવી, એ મિષથી શ્રીકૃષ્ણના મુખદર્શનરૂપ પોતાનું ઇષ્ટ નાયિકાએ સાંધ્યું, તેથી પર્યાયોક્તિ અલંકાર જાણવો.

स्मरणदशा.

ओठ उचै हाँसी भरी, दृग भौंहनकी चाल।

मो मन कहा न पी लियो, पियत तमाखू लाल ॥ ४९२ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હોઠ ઊંચા કરી હાંસી ભર્યાં નેત્ર કરી અને ભૃકુટી નચાવી, હે સખી! લાલે તંબાકુ પીતાં મારું મન પી લીધું. એમાં પણ સ્વભાવોક્તિ અલંકાર છે.

નાયકે ચલમમાં તંબાકુ ભરી પીતાં તેને વિષે નેત્રમાં હસવું અને ભૃકુટી નચાવવી વગેરે ચેષ્ટાઓ જે નાયિકાના જોવામાં આવી, તેમાં તેણીનું મન લાગી રહ્યું છે એ તેણીનો આશય છે. એમાં સ્મૃતિ નામની સ્મરદશા વર્ણવેલી છે. આ દોહરો ક્ષેપક જણાય છે.

"मो मन कहान पी लियो" એનું શબ્દશઃ–ભાષાંતર "મારું મન શું પી ન લીધું?" એમ થાય છે.

परकीया.

अँगुरिनु उचि भरु भीत दै, उलमि चितै चख लोल।

रुचिसों दुहुँ दुहूँनके, चूमे चारु कपोल ॥ ४९३ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, ચરણની આંગળીપર ઉભા રહી–ઊંચા થઈ, વચમાં આવેલી ભીતપર ભાર દઈ, લટકીને ચંચળ નેત્રથી ચારે તરફ જોઈ રુચિથી બન્નેએ બન્નેના સુંદર કપોળનું ચુમ્બન કીધું.

એમાં પણ સ્વભાવોક્તિ અલંકાર છે. નાયિકા પરકીયા છે.

हँसि ओठनि बिचकर उचै, किये निचोहैं नैन।
खरे अरे पियके प्रिया, लगी बिरि मुख दैन ॥ ४९४ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, હોઠમાં હસી, હાથ ઊંચકી, નીચાં નેત્ર કર્યાં, અને પ્રીતમે અધિક હઠ કર્યાથી પ્રિયા મુખમાં બીડી આપવા લાગી.

હોઠમાં હસી એ શબ્દોપરથી નાયિકાના સ્વરૂપસૌંદર્યજનિત ગર્વનું સૂચન કરવામાં આવ્યું છે અને નીચાં લોચન કર્યાં, એ ઉપરથી બીડી આપવા વખતે વ્રીડા ભાવની ઉત્પત્તિનું સૂચન થયું. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

कुट्टमितहाव.

नाहिँ नहीँ नाहीँ करै, नारि निहोरे लेय।
छुअत ओठ बिच आँगुरिन, बिरि बदन प्यौ देय ॥ ४९५ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, જ્યારે પ્રીતમે પ્રિયાના મુખમાં પાનની બીડી આપવાનું કર્યું ત્યારે આંગળીઓથી હોઠને સ્પર્શ કરતાં નહિ નહિ, એમ કરી નાયિકા નમણી થાય છે–નમ્ર થાય છે–કરગરે છે.

એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

विलासहाव.

बतरस लालच लालकी, मुरली धरी लुकाय।
सौंह करै भौंहनि हँसै, दैन कहै नटि जाय ॥ ४९६ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, વાણીના રસની લાલચથી શ્રીકૃષ્ણની મુરલી રાધાજીએ સંતાડી અને જ્યારે શ્રીકૃષ્ણે માંગી ત્યારે સોગન ખાય છે, ભ્રૂકુટીમાં હસે છે, આપવા કહે છે અને ફરી જાય છે.

કૃષ્ણે કહ્યું કે, મુરલી લાવ ત્યારે નાયિકાએ કહ્યું કે આપું છું. વળી કહે નથી આપતી, છે જ કોની પાસ? એમ કહી હસતી એવી નાયિકા મુરલી સંતાડવા લાગી. એમાં મુરલી સંતાડવારૂપ ચાતુર્યના પ્રકાશ નથી, તેમ જ વચન વૈલક્ષણ્ય વગેરે પરિહાસવડે મુખનેત્રનું જે વિશેષ અવસ્થાંતર થયું, તેથી વિલાસહાવ જાણવો. પર્યાયોક્તિ અલંકાર છે.

સંયોગ સમયમાં કટાક્ષાદિ અનેક ક્રિયાઓવડે પુરુષને મોહિત કરવામાં આવે, તેને વિલાસહાવ કહે છે.

मदहाव.

गदराने तन गोरटी, ऐपन आड लिलार ।
हूल्यो दे अठलाय दृग, करै गँवारि सुमार ॥ ४९७ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, જેના તનમાં અપરિપક્વ જોબનનો વાસ એવી ગોરી નાયિકા તે ऐपन એટલે ચોખાનો લોટ અને હળદ જલમાં મેળવી પ્રસ્તુત કરેલાં મંગલદ્રવ્યવિશેષની લલાટમાં આડ કરી, કટીપર હાથ રાખી અંગ મોડી ગમારણી નેત્ર બાણુથી ઘાયલ કરે છે.

"सहज सुभाय इठलायकै गंवारी गोरी हुल्यो दै चलाय नैन घायल करति है" कृष्णदत्त.

એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

भाववर्णन.

नाक चढै सीवी करै, जितै छबीली छैल ।
फिरि फिरि भूलि उहै गहै पिय कँकरीली गैल ॥ ४९८ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાક–નસકોરાં ચઢાવી જ્યાં છબીલી નાયિકા "સીવી" એમ શબ્દ કરે છે, તેજ કાંકરીવાળો માર્ગ ફરી ફરી જાણે ભૂલમાં છેલ જે નાયક તે ગ્રહણ કરે છે.

એ ઉપરથી કાંકરીયાળા માર્ગમાં અડવાણે પગે ચાલતાં નાયિકાના સૌકુમાર્યને લીધે નસકોરાં ચઢવાં વગેરે જે ભાવ થયા તે જોવાની લાલસાથી નાયક ફરી ફરી તેજ માર્ગે ચાલવા લાગ્યો એમ સમજવું.

નાયક નાયિકા તીર્થ કરવા નીકળ્યાં છે, ત્યાં પગરખાં પેહેરી ફરાય નહિ તેથી અડવાણે પગે જાય છે, ત્યાં સ્ત્રીને ચોખા માર્ગમાં ચલાવી પોતે કાંકરીયાળા માર્ગમાં ચાલે છે, તે દેખી નાયિકાનું હૃદય દુખાયાથી સિસકાર કરે છે, તે ભાવ નાયકને રુચે છે, તેથી વારંવાર તેજ માર્ગ પકડે છે. અસંગતિ અલંકાર છે.

नायिकानी अंगदीप्ति.

जालरंध्र मग अगनिको, कछु उजास सो पाइ ।
पीठ दिये जगसों रहै, दीठ झरोखा लाइ ॥ ४९९ ॥

અર્થ–દૂતી નાયકા પ્રત્યે કહે છે કે, ઝરોખાના છિદ્રના માર્ગમાં તેજના

પ્રકાશ સરખું જોવામાં આવતાં જગતના લોકને પીઠ કરી એટલે જગતના લોકથી મુખ ફેરવી નાયક ઝરોખાપર દૃષ્ટિ રાખી રહે છે.

એવી રીતનાં નાયિકાના સૌંદર્યાધિક્યના વર્ણન ઉપરથી એ સંઘટ્ટન ઇચ્છનારી દૂતિની ઉક્તિ જાણવી. અનેક સરખી વસ્તુમાંથી એકનું ગ્રહણ કરી બાકીનીનો સ્પષ્ટ કિંવા ગર્ભિત ત્યાગ કરવામાં આવ્યો હોય ત્યાં પરિસંખ્યાલંકાર જાણવો. એ લક્ષણ ઉપરથી બીજી તમામ દર્શનીય વસ્તુનો ત્યાગ કરી એક નાયિકાના મુખદર્શનનું જ ગ્રહણ કરવામાં આવ્યું તેથી પરિસંખ્યાલંકારનું એ દોહરો તે ઉદાહરણ જાણવું.

એમાં નાયિકાની અંગદીપ્તિ જોઈ નાયક સહુ વાત ભૂલી ગયો તે દૂતી નાયિકા પ્રત્યે કહે છે.

आंख मिचामणी.

दोउ चोर मिहीचनी, खेल न खेल अघात।
दुरत हिये लपटायकें, छुवत हिये लपटात ॥ ५०० ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાયક અને પરકીયા બાલા એ બન્ને આંખમીંચામણીની રમત કરતાં તૃપ્ત થયાં નથી–ધરાતાં નથી; ઉરશું લપટાઈ સંતાય છે. અને ઉરશું લપટાઈ સ્પર્શ કરે છે–અડકે છે.

કારણ સામગ્રી પૂર્ણ છતાં પણ કાર્યોત્પત્તિ ન થાય ત્યાં વિશેષોક્તિ અલંકાર જાણવો; આમાં વારંવાર ઉરશું લપટાવારૂપ કારણ સામગ્રી છતાં તૃપ્તિ થવારૂપ કાર્યોત્પત્તિ ન થઈ તેથી વિશેષોક્તિ અલંકાર છે.

નાયિકા જ્ઞાતયૌવના છે. જે મુગ્ધાને પોતાના યૌવનનું જ્ઞાન હોય તેને જ્ઞાતયૌવના કહે છે. તેના બે ભેદ છે. ૧ નવોઢા અને ૨ વિશ્રબ્ધ નવોઢા.

आंख मिचामणी.

दृग मींचत मृगलोचनी, भर्यो उलटि भुज बाथ।
जान गई तिय नाथको, हाथपरसही हाथ ॥ ५०१ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, પાછળથી આવી આંખ મીંચતાં જ મૃગલોચનીએ હાથ ઉલટાવી પ્રીતમને બાથ ભરી. હાથના સ્પર્શથી જ આ પ્રીતમનો હાથ છે એમ નાયિકા જાણી ગઈ.

વાક્યાર્થ કિંવા પદાર્થ હેતુ હોઇને જ્યાં સમર્થનીય અર્થનું સમર્થન

કરવામાં આવ્યું હોય ત્યાં કાવ્યલિંગાલંકાર જાણવો. ઉપલા ઉદાહરણમાં હસ્તસ્પર્શરૂપ હેતુથી નાયકને ઓળખવારૂપ અર્થનું સમર્થન કરવામાં આવ્યું તેથી કાવ્યલિંગાલંકાર જાણવો.

मुग्धा ज्ञातयौवना.

प्रीतम दृग मिहिंचत प्रिया, पानिपरस सुख पाय।
जान पिछान अजानलों, नेक न होति जनाय ॥ ५०२ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, પ્રીતમે આવી પછવાડેથી આંખ મીંચી ત્યારે તેના કરના સ્પર્શથી આનંદ પામી જાણી બુઝી નાયિકા અણજાણ જેવી થાય છે, અને કાંઈ પણ જણાઈ પડે તેમ થવા દેતી નથી.

તાત્પર્ય એ કે પ્રીતમના કરનો જે સ્પર્શ તેના યોગે પ્રાપ્ત થતા આનન્દનો અનુભવ જાણે કાંઈ જાણતી ન હોય તેમ લેતી કાંઈ પણ મુખથી બોલતી નથી. એમાં નાયિકા મુગ્ધા–જ્ઞાતયૌવના છે.

જે મુગ્ધાને પોતાના યૌવનનું જ્ઞાન હોય તેને જ્ઞાતયૌવના કહે છે. ઉપરનો દોહરો એ તેના ઉદાહરણરૂપ છે.

परकीया प्रौढा.

ढीठ परौसि निंड़ठ व्है, कहै जु गहै समान।
सबै संदेसे कहि कह्यौ, मुसका हटमें मान ॥ ५०३ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, ધીટ (ધૃષ્ટ) એવી પડોસણે વ્હાલી થઈ શાણપણ ગ્રહણ કરી સઘળા સંદેશા કહીને નાયિકાને કહ્યું કે હસવા બોલવામાં પણ આમ માન ધરવું? અર્થાત્ ન ધરવું જોઈયે.

આશય એ છે કે, પાડોસણ સામું જોઈ નાયક હસ્યો તે નાયિકાએ જોયું, ત્યારે તે જ પાડોસણ પ્રીતમની તરફથી નાયિકાને સમજાવવા આવી એ એની ધીટતા, અને વહાલી થઈ પતિ નિરપરાધ છે એ સંબંધી સંદેશા ચતુરાઈથી સંભળાવી કહ્યું કે એમ હસવા બોલવામાં માન ધરવું ઉચિત નહિ. રતિનાં ચિહ્ન જોવામાં આવે તો માન જોઈયે. એમાં કાવ્યલિંગાલંકાર છે.

परकीया नायिका.

चित तरसत मिलत न बनत, बस परोसके बास।
छाती फाटत जात सुनि, टाटी ओट उसास ॥ ५०४ ॥

અર્થ–નાયક દૂતી પ્રત્યે કહે છે કે, ચિત્ત તરસે છે પરંતુ પડોસના ઘરમાં રહેતે છતે મળવાનું બનતું નથી. ટટ્ટીના પડદા પછવાડે ઉશ્વાસ શ્રવણ કર્યાથી છાતી ફાટી જાય છે.

પડોસનો વાસ એ હેતુ છતે સમાગમરૂપ કાર્યની અનુત્પત્તિ તેથી વિશેષોક્તિ અલંકાર જાણવો. એમાં નાયિકા પરકીયા છે.

ढीठो दै बोलतिं हँसति, प्रौढ बिलास अप्रौढ ।
त्यों त्यों चलत न पिय नयन, छकये छकी नवोढ ॥ ५०५ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, ધૃષ્ટતા એટલે ધીટપણું કરી બોલે છે, હસે છે અને પ્રૌઢા નહિ છતે (અવિદગ્ધ છતે) એના વિલાસ પ્રૌઢા જેવા જોવામાં આવે છે તેમ તેમ પ્રીતમનાં નેત્ર તેપર લાગવાથી ચલાયમાન થતાં નથી; મતબાલી નવોઢાએ નાયકને પણ મતબાલો (મત્ત) કર્યો છે.

મધુમત્તા એવી मुग्धाना અપ્રૌઢ છતે પ્રૌઢા જેવા વિલાસ જોઈ નાયકનાં નેત્ર તેપર જ લાગી રહ્યાં એ તાત્પર્ય જાણવું. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

मधुपानदशा.

हँसि हँसि हेरत नवल तिय, मदके मद उमदाति ।
बलकि बलकि बोलत बचन, ललकि ललकि लपटाति ॥ ५०६ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નવલ સ્રી એટલે નવોઢા હસી હસીને જોય છે, મદ્યના મદમાં ઉન્માદિત થાય છે, ઉમગિ ઉમગિને (ઉમંગમાં આવી આવીને) વચન બોલે છે અને લળી લળીને–અધિક અધિક પ્રીતમશું લપટાય છે.

જ્યાં ક્રિયાપદો અનેક હોઇને કારક (કર્ત્તા) એક જ હોય ત્યાં કારકદીપકાલંકાર જાણવો. આમાં નાયિકા જે કર્ત્તા તે હસે છે, જોય છે, મત્ત થાય છે એ વગેરે અનેક ક્રિયા કરે છે એમ વર્ણવેલું હોવાથી કારકદીપકાલંકાર જાણવો.

मधुपानदशा.

मिलि चंदन बेंदी रही, गोरे मुख न लखाय ।
ज्यों ज्यों मद लाली चढै, त्यों त्यों उघरति जाय ॥ ५०७ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકાએ જે ચંદનનો ચાંલ્લો કર્યો છે, તે ગોરા એવા તેણીના વદનમાં જોવામાં આવતો નથી પરંતુ જેમ જેમ તેણીના મુખપર મદની રક્તતા ચઢે છે, તેમ તેમ તે પ્રગટ થતો જાય છે.

તાત્પર્ય એ છે કે નાયિકાનું વદન ગૌર અને ચંદનનો ચાંદલો પણ શ્વેત એમ વર્ણનું ઐક્ય હોવાથી તે જોવામાં આવતો નથી, પણ મદ એટલે યૌવનમદ અથવા આસવમદની અરુણુતા જ્યારે તેણીના વદનપર છવાય છે. ત્યારે તે ચાંદલો ઉઘડતો જાય છે.

કાંઈ વિશેષ કારણને લીધે બે વસ્તુ મધ્યેના ભેદનું જ્ઞાન કથન કરવામાં આવ્યું હોય ત્યાં ઉન્મીલિત અલંકાર જાણવો. ઉપલા દોહરામાં મદલાલીરૂપ વિશેષ કારણને લીધે ચંદનના ચાંદલાનો ભેદ ખુલ્યો તેથી ઉન્મીલિતાલંકાર છે.

निपट लजीली नवल तिय, बहकि वारुणी सेइ ।
त्यों त्यों अति मीठी लगै, ज्यों ज्यों ढीठी देइ ॥ ५०८ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, છેક જ લાજવતી એવી નવોઢા બાલા વારુણીનું સેવન કરી બેહેકી. તે જેમ જેમ ધૃષ્ટતા (ધીટપણું) કરે છે, તેમ તેમ નાયકને અતિ મીઠી લાગે છે.

એમાં સલજ્જા જે નાયિકા તેના ધીટપણારૂપ જે નિર્લજ્જપણું તે નાયકને અધિક પ્રીતિદાયક થયું એમ ધ્વનિત થાય છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

वाम तमासे करिरही, विवस वारुणी सेइ ।
झुकति हँसाति हँसि हँसि झुकति, झुकि २ हँसि २ देइ ॥ ५०९ ॥

અર્થ–સખી કહે છે કે, વારુણી પાન કરી વિવશ થઈ વામ તમાસા કરી રહી છે; ક્યારેક ખીજાય છે, હસે છે, હસી હસીને ખિજાય છે અને ખીજાઈ ખીજાઇને હસી હસી પડે છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

नायकनी मधुपानदशा.

रूपसुधा आसव छक्यो, आसव पियत बनैन ।
प्याले ओठ प्रियावदन, रह्यो लगाये नैन ॥ ५१० ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકાના સૌંદર્યામૃતરૂપી આસવ

(મદ્ય) થી નાયક એવો મત્ત થઈ રહ્યો છે કે તેનાથી મદ્ય પીધો જતો નથી; પ્યાલાને હોઠ લગાડી રહ્યો છે, અને પ્રિયાનાં વદનને નેત્ર લગાડી રહ્યો છે.

જ્યાં વર્ણ્ય કિંવા અવર્ણ્ય વસ્તુનો એકવાર ઉક્ત એવા ગુણરૂપ અથવા ક્રિયારૂપ ધર્મ સાથે અન્વય થાય ત્યાં તુલ્યયોગિતા જાણવી. ઉપરના ઉદાહરણમાં હોઠ અને નેત્ર તેમનો લાગવારૂપ ક્રિયાગત ધર્મની સાથે અન્વય કથન કરવામાં આવ્યો તેથી તુલ્યયોગિતાલંકાર જાણવો.

खिलित वचन अधखुलित द्दग, ललित स्वेदक न जोति ।
अरुन वदन छबि मद छकी, खरी छबीली होति ॥ ५११ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, જેનાં સ્ખલિત વચન, અદ્દપડિયાલાં નેત્ર, સુંદર સ્વેદકણની જ્યોતિ ચમકે છે, તેમ જ અરુણ વદન છે એવી સૌંદર્યના મદથી મત્ત જે નાયિકા તે અતિ શોભાયમાન દીસે છે.

वसंतवर्णन.

छकि रसाल सौरभसने, मधुर माधुरी गंध ।
ठोर ठोर झोरत फिरत, भौंरभौंर मधु अंध ॥ ५१२ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, આંબાના મોરની સુગંધીથી મત્ત થઈ તેમ જ મધુર માધુરી ગંધથી ભીંજાયલા એવા ભ્રમરસમુદાય મકરંદના મદથી અંધ એવા ઠેકાણે ઠેકાણે ગુંજારવ કરતા ફરે છે.

એમાં સ્વભાવોક્તિ અલંકાર છે. એ દોહરામાં વસંતઋતુનું વર્ણન છે. જો નાયિકાની એ નાયક પ્રત્યે ઉક્તિ છે એમ કહેવામાં આવે તો સ્વયંદૂતિકા નાયિકા જાણવી. નાયકની સખી પ્રત્યે ઉક્તિ પણ સંભવે.

फिरि घरको नूतन पथिक, चले चकित चित भागि ।
फूल्यो देख पलाशवन, समुहै समुझि दवागि ॥ ५१३ ॥

અર્થ–કવિ કહે છે કે, નવીન પથિક (વટેમાર્ગુ) ચિત્તમાં ચકિત થઈ ઘરભણી પાછા ફર્યા કારણ કે પલાશવન એટલે ખાખરાંના વનને ફૂલેલું દેખી એ દાવાનલ સળગ્યો છે એમ જાણ્યું.

એકાદ વસ્તુનાં દર્શનાદિકે કરીને તેના જેવી બીજી વસ્તુની ભ્રાંતિ વર્ણવેલી હોય ત્યાં ભ્રાંત્યલંકાર થાય છે. કુવલયાનંદમાં “पलाशकुसुमभ्रांत्या

शुकतुंडे पतत्यालिः । सोपि जंबुफलभ्रांत्या तमालिं धर्तुमिच्छति" એટલે પલાશના કુસુમની ભ્રાંતિથી ભ્રમર પોપટના મુખમાં જઈ પડે છે અને તે પોપટ પણ તેને જાંબુનું ફલ જાણી પકડવાની ઇચ્છા કરે છે, એ અન્યોન્ય ભ્રાંતિનું ઉદાહરણ આપેલું છે. ઉપલા દોહરામાં પલાશકુસુમને જોઈ તેમાં દાવાનલની ભ્રાંતિ થઈ તેથી ભ્રાંત્યલંકાર જાણવો.

वसंतवर्णन.

बन बाटन पिक बटपरा, तकि विरहिन मत मैन ।
कुहो कुहो कहि कहि उठत, करि करि राते नैन ॥ ५१४ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, કામદેવની સલાહથી વનના માર્ગમાં વિરહીઓને જોઇને પિકરૂપી વાટપાડુ રાતાં નેત્ર કરી કુહોકુહો એમ કહી ઉઠે છે.

શબ્દાર્થ–मैनमत=કામદેવના મતને અનુસરનારો कुहो कुहो=કોયલની બોલી અથવા બીજા પક્ષમાં કોણ છો? કોણ છો? ઠગોની બોલી કે જેથી વટેમાર્ગુ ચોકીદાર પહેરો દે છે એમ જાણી બે ધડક ચાલ્યા આવે.

એમાં પિક અને વાટપાડુની વચ્ચે અભેદ વર્ણવવામાં આવ્યો તેથી રૂપકાલંકાર જાણવો.

वसंतवर्णन.

दिसि दिसि कुसुमित देखिये, उपवन विपिन समाज ।
मनहु वियोगिनिको कियो, शरपञ्जर ऋतुराज ॥ ५१५ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, દિશાદિશામાં વન અને ઉપવનનો સમૂહ કુસુમિત–ફૂલેલો જોવામાં આવે છે. જાણે વિજોગણીને અર્થે કામદેવે શરપંજર કર્યું છે.

જેમ પારધી પક્ષીઓને પકડવાને જાળ પાથરે છે તેમ કામદેવ જેનાં બાણ કુસુમ છે તેણે તેનું શરપંજર વિરહીઓને મારવાને કીધું છે. એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

हिय औरैसी हो गई, टरे अवधिके नाम ।
दूजे करि डारी खरी, बौरी बौरे आम ॥ ५१६ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, અવધી એટલે આવવાની મુદત તેનું નામ ટળતાં નાયિકા હૃદયમાં જાણે બીજી જ હોય તેવી થઈ ગઈ; બીજું એ કે મુકૂલિત એટલે જેને મોહોર આવેલા એવાં આમ્રવૃક્ષે તેને બાવરી બનાવી દીધી.

"ही औरसी व्है रही, टरी अवधिके नाम" એમ પણ પાઠાંતર જોવામાં આવે છે, તેનો અર્થ ઘેલી તો હતી જ તેમાં ટળેલી અવધી તેના નામથી જાણે બીજી જ હોય તેવી થઈ રહી, એમ થાય છે. એમાં ભેદકાતિશયોક્તિ અલંકાર છે.

ग्रीष्मवर्णन.

कह लाने एकत रहत, अहि मयूर मृगबाघ ।
जगत तपोबनसो कियो, दीरघ दाघ निदाघ ॥ ५१७ ॥

અર્થ–મિરજા જયસિંહે પોતાના દરબારમાં એક વખત બિહારી કવિને પૂછ્યું કે શા કારણથી સર્પ અને મોર તેમ જ મૃગ અને વાઘ એકત્ર વસે છે? કવિએ, ગ્રીષ્મની અતિ ગરમીએ જગતને તપોવન સરખું કર્યું છે તેથી, એ ઉત્તર આપ્યો.

લોકવાયકા એવી છે કે મહારાજ મિરજા જયસિંહના દરબારમાં એક ચિત્રકારે આવી તેમને એક ચિત્ર દેખાડ્યું તેમાં સર્પ ને મોર તેમ જ હરિણ ને વાઘને એકત્ર વાસ કરતાં એવાં જોઈ મહારાજાએ જે પ્રશ્ન કર્યો તેનો ઉત્તર કવિએ આપ્યો કે તપોવન તે નિર્વૈર ભૂમિ તેમાં જેમ સહુ પ્રાણી વૈર વિસરી જાય છે, તેમ ગ્રીષ્મઋતુએ તાપથી આકુળ વ્યાકુળ થયલાં આખાં જગતને તપોવન બનાવી દીધું છે. એમાં ઉપમાલંકાર છે.

ग्रीष्मवर्णन.

बैठि रही अति सघन बन, पैठि सदन तन माँह ।
देखि दुपहरी जेठकी, छाँहहु चाहति छाँह ॥ ५१८ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, શરીરરૂપી ઘરમાં ઘુસેલી એવી તે સઘન વનમાં જઈને બેસી રહી એવી જેઠની મધ્યાહ્નની ગરમીને જોઈ છાયા પણ છાયાની ઇચ્છા કરે છે.

એ ઉપરથી જેઠ મહીનાના મધ્યાહ્નના આતપથી થતા સંતાપનું આધિક્ય

વર્ણવ્યું છે. કવિપ્રિયામાં કેશવદાસે "**एक भूतमय होत भूतभज पंचभूत भ्रम, अनिल, अंबु, आकास, अवनिहै जात आगि सम**" એમ જેઠ મહીનાના વર્ણનમાં કહ્યું છે. તેનો અર્થ એ છે કે પવન, પાણી, આકાશ અને પૃથ્વી એ જે ચાર ભૂત તે અગ્નિમય થયાથી પાંચ ભૂતનો ભ્રમ મટી જઈ એક ભૂતમય થઈ રહે છે. એમાં પણ જેઠના આતપનું આધિક્ય વર્ણવેલું છે. ઉત્પ્રેક્ષાલંકાર છે.

જો એ નાયિકાની નાયક પ્રત્યે ઉક્તિ છે એમ કહેવામાં આવે તો નાયિકા સ્વયંદૂતિકા જાણવી.

ग्रीष्मवर्णन.

नाहिनये पावक प्रबल, लुऐं चलति चहुँ पास ।
मानौ बिरह बसन्तके, ग्रीषम लेत उसास ॥ ५१९ ॥

અર્થ—નાયિકા સખી પ્રત્યે કહે છે કે, ચારેપાસ પાવકથી અધિક પ્રબળ એવી લૂ વરસી રહી છે—ચાલી રહી છે તે લૂ નથી પણ હું જાણું છું કે જાણે વસંતના વિરહથી ગ્રીષ્મ ઉશ્વાસ લે છે. એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

ચૈત્ર અને વૈશાખ અથવા કુંભ અને મીનની સંક્રાંતિને વસંતઋતુ કહે છે.

जलकेली वर्णन.

लैचुभकी चलि जाति जित, जित जलकेलि अधीर ।
कीजत केसर नीरसे, तिततितके सरनीर ॥ ५२० ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, જલકેલિને અર્થે અધીર એવી નાયિકા ડુબકી મારી જ્યાં જ્યાં ચાલી જાય છે ત્યાં ત્યાંના તલાવનાં પાણી કેસરજળ સરખાં કરે છે.

જગત વિનોદમાં "**पैरे जहां हि जहां भज बाल तहां तहां ताकमें होत त्रिबेनी**" એમ પદ્માકર કવિએ કહ્યું છે તેમાં નાયિકાની વેણી તે યમુના, તેણીનો હીરાનો હાર તે ગંગા અને પગમાં જે તેણીને રંગ લગાડેલો તે સરસ્વતી, એવી વૃજબાલા જ્યાં જ્યાં તરે છે ત્યાં ત્યાં તાલ–તલાવમાં ત્રિવેણી થાય છે. એ પણ કવિત્ત ઉત્તમ છે.

એમાં કેસરજલ—એ ઉપમાન, સરનીર એ ઉપમેય, સરખું એ વાચક અને ધર્મ નથી તેથી ધર્મલુપ્તોપમા જાણવી.

वर्षाऋतु.

पावस घन अँधियारमें, रह्यो भेद नहि आन ।
राति द्यौस जान्यो परै, लखि चकई चकवान ॥ ૬૨૧ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, વર્ષાઋતુના વાદળના અથવા ગાઢ એવા અંધકારમાં કાંઈ બીજો ભેદ રહ્યો નહિ. કેવળ ચકુવાકી અને ચકુવાકને જોઇને રાત કે દિવસ તે જણાઈ પડે છે.

અર્થાત્ જ્યારે તે એક બીજાથી દૂર રહી બોલતાં હોય ત્યારે રાત અને જ્યારે ભેળાં હોય છે ત્યારે દિવસનો બોધ થાય છે. એમાં વર્ષાવર્ણન છે.

"पावसके घनके अंधियारमें भेद कछु न परै पहिचान्यो,
द्योस निसाको बिबेक सुतौ चकई चकवानके बोलतें जान्यो." कृष्णदत्त.

અર્થ–સખી કહે છે કે વર્ષાના વાદળાંથી ફેલાયલા અંધકારમાં કશો ભેદ પરખાતો નથી. દિવસ અને રાતનો વિવેક (પરીક્ષા) તે પણ ચકુવાકી અને ચકુવાક એટલે ચકવા ચકવીના શબ્દપરથી જાણવામાં આવ્યો.

कुढँग कोप तजि रँगरली, करति जुवति जगजोइ ।
पावस बात न गूढ यह, बूढ निहू रँग होइ ॥ ૬૨૨ ॥

અર્થ–સખી માનવતી નાયિકા પ્રત્યે કહે છે કે, આ કઢંગો જે કોપ તેનો ત્યાગ કર; જગતમાં જે યુવતીઓ છે તે મોજમઝા કરી રહી છે તે જો; વર્ષાઋતુમાં એ વાત કાંઈ છાની નથી કે બુઢાંને પણ રંગ પ્રાપ્ત થાય છે.

શબ્દાર્થ–बूढ–બુઢ્ઢો અથવા ઇંદ્રગોપ નામનો એક પ્રકારનો કીડો તેને વરસાદના દિવસમાં રંગ અધિક આવે છે.

"बूढी हू रँग होय" એવું એ દોહરાના ચોથા ચરણમાં પાઠાંતર જોવામાં આવે છે તેનો "બુઢ્ઢીઓને પણ રંગ આવે છે" એ અર્થ છે.

એમાં કાવ્યલિંગ તેમ જ શ્લેષ છે.

प्रोषितपतिका.

धुरवा होय न अलि उठै, धुआँ धरनि चहुँ कोद ।
जारत आवत जगतकों, पावस प्रथम पयोद ॥ ૬૨૩ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હે સખી! એ વાદળ નથી,

પણ પૃથ્વીની ચારે તરફ ધુમાડો ફેલાઈ રહ્યો છે તે આષાડ-શ્રાવણનો પ્રથમ મેઘ જગતને દઝાડતો આવે છે તેનો એ ધુમ્ર છે.

એમાં વર્ણનીય વસ્તુ જે વાદળ તેનો નિષેધ કરી તે ધુમ્ર જે અપ્રકૃત પદાર્થ તે છે એમ સ્થાપન કરવામાં આવ્યું તેથી શુદ્ધાપન્હુતિ અલંકાર જાણવો. નાયિકા પ્રોષિતપતિકા છે.

वर्षाऋतु.

वेई चिरजीवी अमर, निधरक फिरौ कहाइ ।
छन बिछुरै जिनकी नहिं न, पावस आव सिराइ ॥ ५२४ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હે સખી! વર્ષાકાળમાં ક્ષણ માત્ર પણ જુદાં થવાથી પ્રતિષ્ઠા જેમની ગઈ નથી તે ચિરજીવી અને અમર પોતાને કહેવડાવતા બેધડક આ દુનિયામાં ફરો.

શબ્દાર્થ-**चिरजीवी**=લાંબો વખત જીવનાર તે **अमर**=મરે નહિ તે.

નાયિકાની ઉક્તિપરથી વર્ષાકાળમાં વિરહિણીનું જીવન દુર્લભતર એમ ધ્વનિત થાય છે. વર્ષાકાળમાં જે નરનારીને ક્ષણ માત્ર પણ એક બીજાનો વિયોગ સહન કરવો નથી પડતો તે ચિરજીવી રહો પણ હું તો વિયોગ થતાં જીવવાની નથી એવું ગર્ભિત રીતે જણાવી પતિનો પ્રવાસ રોકવાનું કર્યું તેથી મરણાક્ષેપ જાણવો.

મરણાક્ષેપનું "नीकेकै निवार देहौं એ શબ્દોથી શરુ થતું કવિપ્રિયામાં કેશવદાસે બનાવેલું કવિત્ત પણ અતિ ઉત્તમ છે.

प्रोषितपतिका.

अब तजि नाम उपायको, आयो सावन मास ।
खेल न रहिबो खेमसों, केम कुसुमकी वास ॥ ५२५ ॥

અર્થ-નાયિકા સખી પ્રત્યે કહે છે કે, હે સખી! હવે શ્રાવણ મહીનો આવ્યો તો વિરહ દૂર કરવાના ઉપાયનું નામ પણ ત્યાગ કર; કદંબ ફૂલના વાસથી કુશળપૂર્વક રહેવું કાંઈ રમત નથી.

અમુક કરવું એ કાંઈ રમત નથી એમ લોક બોલે છે તેથી લોકોક્તિ અલંકાર જાણવો.

શબ્દાર્થ-**केम** એટલે કદંબ **खेम** એટલે ક્ષેમ-કુશલ **कुसुम** એટલે ફૂલ.

જે વૃક્ષને હિંદીમાં "**केम**" એ નામ આપવામાં આવ્યું છે તે શ્રાવણમાં જ કુસુમિત થાય છે તેની સુગંધ વગેરેથી હે સખી! મને સુખ થતું નથી, એમ નાયિકાએ કહ્યું તેપરથી એ ફૂલનો સુગંધ કામોદ્દીપન કરનાર હોવાથી વિરહીઓને સુખ કર્તા નથી એ નાયિકાનાં કથનનું તાત્પર્ય છે.

तिय तरसोंहें चित किये, करि सरसोंहें नेह ।
घर परसोंहें व्है रहे, झर वरसोंहें मेह ॥ ५२६ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાએ તૃષાતુર-તરસતું એવું ચિત્ત કીધું અર્થાત્ તમારે અર્થે તે તરસે છે, તે એવી રીતે કે પોતાના સ્નેહને અધિક કરીને તમારે અર્થે તલપે છે; આ ઝડી લગાવી રસવાળો જે મેહ તેમાં તમે પરાયાં ઘરની સામે ઉભા રહ્યા છો એટલે અન્ય નાયિકાની પાસ જવાને ચાહો છો. એમાં વૃત્યનુપ્રાસ અલંકાર છે.

દોહરાનું ૧ લું ચરણ "**तिय तरसोंहं मुनिकिये**" એમ પણ જોવામાં આવે છે. તેનો અર્થ એ કે મુનિઓને સ્ત્રીની તૃષ્ણાવાળા કીધા એમ જાણવો. ત્રીજું ચરણ "**घर पर सौंहैं व्है रहे**" અને ચોથું "**कर वरसौंहैं मेह**" એ પ્રમાણે પાઠાંતર જોવામાં આવે છે. બન્ને ચરણોનો અર્થ વરસવાવાળાં જે વાદળો તે હાથથી પૃથ્વીને સ્પર્શ કરવાવાળાં બની રહ્યાં છે. એ પ્રમાણે દોહરાના પ્રથમ ચરણમાં "**चित**"ને સ્થાને "**मुनि**" શબ્દ સમજી આખા દોહરાનો અર્થ કરતાં એ કવિની ઉક્તિ જાણવી. શબ્દાલંકાર વૃત્ત્યનુપ્રાસ છે.

वनविहार.

चलित ललित श्रम स्वेदकन, कलित अरुन मुख ऐन ।
बनबिहार थाकी तरुनि, खरे थकाये नैन ॥ ५२७ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, ચાલતાં શ્રમજનિત સુંદર જે સ્વેદબિંદુ તેથી યુક્ત લાલ જે નાયિકાનું મુખ તે શોભાના ધામરૂપ છે. વનવિહારથી થાકેલી તરુણીએ, તે જે મુખની શોભા તેપર લોકનાં નેત્રને પણ થકવ્યાં.

વનવિહારના શ્રમવાળીને જોઈ લોકની નજર તેનાપર જ ઠરી ગઈ એ ભાવ. એમાં વિભાવનાલંકાર છે.

हिंडोळापर झूलवुं.

वरजे दूनी हठ चढै, नासकुचै न सँकाइ ।
टूटति कटि दुमची मचक, लचकि लचकि बचि जाइ ॥५२८॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, વારવાથી બમણી હઠે ચઢે છે, નથી સંકોચાતી કે નથી ડરતી; હિંડોળાપર ઉભી રહી જોરથી ઝોકો લેતાં આંચકાથી તુટતી જે નાયિકાની કટિ તે લચકી લચકીને બચી જાય છે.

"**टूटति कटि दुमची मचक**" એનો, "બન્ને તરફના અર્થાત્ નિતંબ અને છાતીના બોજથી ઝુકીને" તુટતી કટિ એવો અર્થ કરવામાં આવ્યો છે.

शरद्वर्णन.

घन घेरो छुटि गो हरषि, चली चहूं दिसि राह ।
कियो सुचैनो आय जग, शरद शूर नरनाह ॥ ५२९ ॥

અર્થ-કવિ કહે છે કે, ગાઢ એવો ઘેરો અથવા વાદળોનો ઘેરો છુટી ગયો અને હર્ષ પામી ચારે દિશાના માર્ગમાં લોક ચાલવા લાગ્યા-શરદ્-ઋતુરૂપી શૂર નરપતિએ પધારી જગતને નિર્ભય-સુખી કર્યું.

ઘનરૂપી હલ્લો કરનારે ઘેરો જે ઘાલેલો તે છુટી ગયો, તેના યોગે બંધ પડેલા માર્ગો ખુલ્લા થયા અને જગત્ એટલે જગતના લોકને તેના ત્રાસથી મુક્ત કરનાર શરદ્ઋતુને એક રાજારૂપે કથન કરવામાં આવ્યો. એમાં રૂપકાલંકાર છે.

शरदसुंदरी.

असण सरोरुह करचरण, दग खंजन मुखचंद ।
समय आय सुंदरि शरद, काहि न करत अनंद ॥ ५३० ॥

અર્થ-કવિ કહે છે કે લાલ કમળ એ જ કરચરણ, ખંજન નેત્ર અને ચંદ્રમા એ મુખ જેનું એવી શરદ સુંદરી સમયસર આવી કોને આનંદિત નથી કરતી? અર્થાત્ સર્વને આનંદિત કરે છે.

એમાં શરદ અને સુંદરીમાં અભેદ વર્ણવેલો હોવાથી રૂપકાલંકાર છે. આશ્વિન અને કાર્તિક અથવા સિંહ અને કન્યાની સંક્રાંતિને શરદ્ઋતુ કહે છે.

मागसर मास.

कियो सबै जग कामवश, जीते जिते अजेय।
कुसुम सरहिं सर धनुष कर, अगहन गहन न देय ॥ ६३१ ॥

અર્થ-માનવતી નાયિકા પ્રત્યે સખી કહે છે કે, જેણે આખા જગતને કામવશ કીધું અને જેટલા અજીત તેટલાને જીત્યા એવો જે માગસર તે કામદેવને ધનુષ બાણ હાથમાં ધારણ કરવા દેતો નથી.

માગસરે પોતાનો સ્વામી જે કુસુમશર (મદન) તેને અર્થે જગત્ આખું પોતે જ એવું જીત્યું કે પછી કામરૂપી નૃપતિને કરમાં ધનુષ બાણ ધારણ કરવાની આવશ્યકતા રહી નહિ. માગસરનું નામ અગહન રાખવામાં આવ્યું છે તેથી વિશેષ સાભિપ્રાય હોવાથી પરિકરાંકુરાલંકાર જાણવો.

અગહન એટલે માગસર મહીનો જાણવો. બીજો અર્થ કોઈને ગ્રહણ કરવા ન દે એવો. "अगहन" એ સંસ્કૃત "अग्रहायण" એ શબ્દનો અપભ્રંશ છે. જેમાં માગસર ને પોષ મહીનો આવેલા તેને હેમંત ઋતુ કહે છે.

हेमंतऋतु.

ज्यों ज्यों बढति विभावरी, त्यों त्यों बढत अनन्त।
ओक ओक सब लोक सुख, कोक शोक हेमन्त ॥ ६३२ ॥

અર્થ-કવિ કહે છે કે, જેમ જેમ રાત વધતી જાય છે તેમ તેમ ઘર ઘર સહુ લોકને અત્યંત આનંદ પણ વધે છે, પણ આ હેમંત ઋતુમાં ચકવા ચકવીને ઉદાસી છે.

તાત્પર્ય એ કે સંયોગીજનોને રાત્રિના વધવાથી આનંદ થાય છે અને વિજોગી જે ચકવા ચકવી તે દુઃખી થાય છે. લોકવાયકા એવી છે કે ચકવા ચકવીને શાપનાં કારણથી રાતના વિજોગ રહે છે.

માર્ગશીર્ષ અને પોષ અથવા તુલા અને વૃશ્ચિકની સંક્રાંતિને હેમંત-ઋતુ કહે છે.

हेमंतऋतु.

मिलि बिहरत बिछुरत मरत, दम्पति अति रस लीन।
नूतन बिधि हेमन्त सब, जगत जुराफा कीन ॥ ६३३ ॥

અર્થ-માનવતી નાયિકા પ્રત્યે સખી કહે છે કે, દંપતિ એટલે બન્ને સ્ત્રી પુરુષ અતિ રસમાં લીન થઈ વિહાર કરે છે અને વિછોહ થતાં મૃતકવત્ દુઃખી થાય છે એવી હેમંતઋતુએ નવીન રીતિથી જગતને જુરાફા સરખું કીધું છે.

જુરાફા એ એક પક્ષી છે. ઇરાનમાં તેને ગાવપલંગ કહે છે. તેના પગ ગાય જેવા અને રંગ ચિત્તા જેવો હોય છે. જગતને જુરાફા સરખું કીધું એમ કહેવાનું કવિનું તાત્પર્ય એ કે, જેમ તે પક્ષી રંગરંગનું હોય છે તેમ જગત લોકને પણ શાલ, દુશાલા, પટ્ટુ વગેરે યુક્ત તરેહ તરેહના રંગયુક્ત કર્યાં છે. અથવા આફ્રિકાના ન્યુબિયા દેશનું જુરાફ એક પક્ષી છે, તે સિંહ સરખું ચટાપટાવાળું અને ઊંટ જેવી લાંબી ગરદનનું થાય છે તેથી તે ફારસી અને અંગ્રેજીમાં સિહોષ્ટ્ર એ અર્થવાચક નામથી પ્રસિદ્ધ છે. જુરાફાનું જોડું વિખુટું પડતાં જ ઉભયનું મૃત્યુ થાય છે. એમાં રૂપકાલંકાર છે.

The ostrich is the "Giraffe among the birds."

Led—Page 147.

पोष मास.

आवत जात न जानियत, तेजहि तजि सियरान ।

घर हि जमाईलों घट्यो, खरो पूष दिनमान ॥ ६३४ ॥

અર્થ-માનવતી નાયિકા પ્રત્યે સખી કહે છે કે, આવતો જતો જાણમાં આવતો નથી, તેજને તજીને શીતળ થયો છે, એવો જે પોષ મહીનો તેનું દિનમાન એટલે પ્રમાણ તે ઘરજમાઈ પેઠે એટલે ઘરજમાઇના માન પેઠે ઘટી ગયું અથવા દૂર થયું.

એમાં દિનમાન (પોષનું) તે ઉપમેય, ઘરજમાઇનું માન તે ઉપમાન, પેઠે એ વાચક અને ઘટી જવું એ ધર્મ એમ ચારે અંગ ઉપમાનાં હોવાથી પૂર્ણોપમાલંકાર જાણવો. પોષ મહીનામાં દિનમાન એટલે દિવસનું પ્રમાણ ઘરજમાઇનું જેમ દિન દિન માન ઘટે છે તેની પેઠે ઘટતું જાય છે એ અભિપ્રાય સખીનાં કથનનો છે.

शिशिरऋतु.

रह न सकी सब जगतमें, सिसिर सीतके त्रास ।

गरमी भाजगढमें गई, तिय कुच अचलमवास ॥ ६३५ ॥

અર્થ–માની નાયક પ્રત્યે સખી કહે છે કે, શિશિરઋતુની થંડીના ત્રાસથી બધા દુનિયામાં રહી ન શકયા. ગરમી ન્હાસીને ગઢવી (ગઢમાં રેહેવાવાળી) થઈ અને તેણે ગુવતીના કુચરૂપી પર્વતમાં ડેરા નાખ્યા.

શિશિરઋતુરૂપી શત્રુ તેના ત્રાસથી યુવતીના કુચરૂપી દુર્ગગૃહ એ ભયરહિત સ્થાનનો ગરમીએ આશ્રય લીધો.

એમાં રૂપકાલંકાર છે. તેમજ જાણે કુચરૂપી પર્વતગૃહમાં રહી એમ લેવાથી ગમ્યોત્પ્રેક્ષા પણ થાય છે.

तपनतेज तपता तपन, तुल तुलाई माँह ।
सिसिर सीत क्योंहु न घटै, बिन लपटे तिय नाँह ॥ ५३६ ॥

અર્થ–માનવતી પ્રત્યે સખી કહે છે કે, સૂર્યના તડકાથી, અગ્નિ આગળ તાપવાથી અને રુની રજાઈ ઓઢવાથી શિશિરની જે થંડી તે પ્રિયને પ્રિયા લપટાયા વિના કદી પણ–કેમે કરી ઘટે નહિ.

એમાં પરિસંખ્યાલંકાર છે. માઘ અને ફાલ્ગુન અથવા ધન અને મકરની સંક્રાંતિને શિશિરઋતુ કહે છે.

लगति सुभग सीतल किरन, निसदिन सुख अवगाहि ।
माह ससी भ्रम सूर त्यों, रहति चकोरी चाहि ॥ ५३७ ॥

અર્થ–કવિ કહે છે કે, સૂર્યના કિરણ રાત્ર દિવસ સમાન સુંદર અને શીતળ લાગે છે તેથી સુખ સમજી માહ મહીનામાં ચંદ્રના ભ્રમથી એટલે એ ચંદ્ર છે એવા ભ્રમથી ચકોરી સૂર્યને જોઈ રહે છે.

એમાં ભ્રમાલંકાર છે.

दियोजु पिय लखि चखनिमें, खेलत फागु खियाल ।
बाढतहू अति पीर सुन, काढत बनत गुलाल ॥ ५३८ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, હે સખી! ફાગ ખેલતાં એના પ્રીતમે તાકીને એની આંખમાં જે ગુલાલ નાંખ્યું, તેથી તેમાં અતિ પીડા વધતે છતે પણ તે ગુલાલ કાઢી નાખવું બનતું નથી–કાઢતાં બનતું નથી.

પીડા થવાનું મોટું કારણ એ કે પ્રીતમના દર્શનમાં વિઘ્ન પડે છે. એમાં અનુજ્ઞાલંકાર છે.

હોળીનો ખેલ.

पींठ दियेही नेक मुरि, कर घूंघटपट टारि ।
भरि गुलालकी मूठि सो, गई मूठिसी मारि ॥ ५३९ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, હરિને પીઠ કરીને જ જરા મરડાઈ હાથવડે ઘૂંઘટપટને ખસેડી, ગુલાલની ભરેલી મુઠ્ઠી જાદુની મુઠ મારતી હોય તેમ એટલે વશીકરણની મુઠ્ઠીની પેઠે મારીને ચાલતી થઈ.

એમાં યમકાનુપ્રાસ છે. તેમ જ ગુલાલની મુઠ્ઠી એ ઉપમેય, જાદુની–વશીકરણની મુષ્ટિ એ ઉપમાન, મારવારૂપ સાધારણ ધર્મ અને પેઠે એ વાચક, તેથી પૂર્ણોપમાલંકાર જાણવો.

ज्यों ज्यों पट झटकाति हटति, हँसति नचावति नैन ।
त्यों त्यों निपट उदारहू, फगुआ देत बनै न ॥ ५४० ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, જેમ જેમ નાયિકા વસ્ત્ર ઝટકે છે, હઠ કરે છે, હસે છે અને નેણ નચાવે છે, તેમ તેમ અત્યંત ઉદાર એવા નાયકને પણ ફગુવો દેવાનું બની આવતું નથી.

ફાગ ખેલવાના બદલામાં મીઠાઈ વગેરેના અર્પણ કરવાને ફગુવો દેવો, એમ કહેવામાં આવે છે. તાત્પર્ય એ કે, નાયિકાની ચેષ્ટા નાયકને સારી લાગે છે તેથી ફગુવો આપતો નથી. કારણ કે તેમ કરે તો નાયિકા ચાલી જાય અને તેથી ચેષ્ટાથી થતી મજા પણ જોવામાં ન આવે. એમાં ઉદારતા કારણ છતે દેવારૂપ કાર્ય ન થયું, તેથી વિશેષોક્તિ અલંકાર જાણવો.

छुटत मुठिनु संग हि छुटी, लोकलाज कुलचाल ।
लगे दुहुनि इकबारही, चल चित नैन गुलाल ॥ ५४१ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, મુઠ્ઠિઓ છૂટતાં જ તેની સાથે લોકલાજ અને કુળની રીત છૂટી અને બન્નેનાં ચંચળ ચિત્ત, નેત્ર અને ગુલાલ પરસ્પર એક સાથે જ લાગ્યાં.

બે વસ્તુ એક જ કાળે એક જ ક્રિયા કરે, એવો ચમત્કાર ઉત્પન્ન કરનારું વર્ણન સહ કિંવા તદર્થક શબ્દ યોજીને કરવામાં આવ્યું હોય ત્યાં

સહોક્તિ અલંકાર જાણવો. એ લક્ષણ ઉપરથી ગુલાલની મુઠ્ઠિની સાથે જ લોકલાજ વગેરેનું છૂટવું થયું, એવો મનોરંજક સહભાવ વર્ણવેલો હોવાથી સહોક્તિ અલંકાર છે.

जु ज्यों उझकि झांपति बदन, बकति बिहसि सतराइ।
तु त्यों गुलाल मुठी झुठी, झझकावत प्यौ जाइ॥ ५४२॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, જેમ જેમ ચમકીને મુખ ઢાંકે છે, જલ્પે છે, હસે છે અને રીસ કરે છે, તેમ તેમ ગુલાલની ઠાલી મુઠ્ઠિથી પ્રિયતમ પ્રિયાને વ્યર્થ ચમકાવે છે.

શબ્દાર્થ–उझकि=ચમકીને; सतराइ=કોપ કરે છે; झांपति=ઢાંકે છે. झझकावत=ભ્રમમાં પડે કે જાણે હમણા ગુલાલ ફેંકશે એવો જૂઠો વિશ્વાસ નાયિકાના મનમાં બેસાડે છે.

એમાં પર્યાયોક્તિ તથા સ્વભાવોક્તિ એ બે અલંકાર છે. છળ કરી નાયકે પોતાનું ઇષ્ટ સાધ્યું તેથી પર્યાયોક્તિ અને નાયકાની ચેષ્ટા વર્ણવી તેથી સ્વભાવોક્તિ જાણવી.

रस भिजये दोऊ दुहुनि, तउ टिक रहे टरै न।
छबिसों छिरकत प्रेमरँग, भरि पिचकारी नैन॥ ५४३॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, બન્ને જે નાયક નાયિકા તેમણે બન્નેને રસથી ભીજવ્યાં. તોપણ ટકાવ કરી રહ્યાં છે ને ટળતાં નથી, એટલે એકબીજાથી દૂર થતાં નથી. શોભાથી બન્ને પ્રેમરંગથી ભરેલી એવી નયનરૂપ જે પિચકારી, તે એકબીજાને છાંટે છે.

બન્નેનાં નેત્રમાંથી જે પ્રેમામૃતની વૃષ્ટિ થાય છે, તેના રસથી બન્ને ભીજાયાં છતે પણ પ્રેમરંગની ભરેલી આંખોરૂપ પિચકારી છૂટતી બંધ પડતી નથી. એ સખીના કથનનું તાત્પર્ય છે. એમાં રૂપકાલંકાર છે.

गिरे कम्पि कछुकछु रहे, कर पसीज लपटाय।
डारत मुठी गुलालकी, छुटत झुठी व्है जाय॥ ५४४॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, હે સખી! કેટલુંક તો બન્નેના હાથ કંપવાથી પડી જાય છે અને કેટલુંક હાથને પસીનો થવાથી તેને

ચોટી રહે છે. નાયક નાયિકા બન્ને સામ સામે ગુલાલ નાંખવાનું ઠરે છે, પણ છૂટતાં જ મુઠ્ઠિ જૂઠી થઈ જાય છે.

નાયક નાયિકાને પરસ્પરાવલોકનથી કંપસ્વેદાદિક સાત્વિક ભાવ ઉત્પન્ન થયાથી ગુલાલનું ફેંકવું વ્યર્થ થયું, એ ભાવ જાણવો.

गुप्ता नायिका.

रह्यो रुक्यो क्यौंहू सुचलि, आधिक राति पधारि ।
हरति ताप सब द्योसको, उर लगि, यारि? बयारि ॥ ५४५ ॥

અર્થ–નાયિકા કહે છે કે, આખો દિવસ રોકાઈ રહ્યો તે કોઇ પ્રકારે પણ ચાલતો મધરાતે કે પધારી આખા દિવસનો તાપ હૃદયશું લાગી મટાડી દે છે. સખી પૂછે છે કે યાર? નાયિકા કહે છે કે, નારે એ તો પવન.

સામાના મનમાં શંકા ઉત્પન્ન થતાં ખરી વાતને છૂપાવી તેનો ધૂર્તપણાથી નિષેધ કરવામાં આવ્યો હોય ત્યાં છેકાપહ્નુતિ અલંકાર જાણવો. ઉપરનો દોહરો તે એ અલંકારનું ઉદાહરણ છે. ગ્વાલી ભાષામાં એને મુકરી કહે છે. એ ભાષામાં એ અલંકારનાં અનેક દૃષ્ટાંત મળી આવે છે. મરાઠી ભાષાના પ્રખ્યાત પ્રાચીન કવિ રામજોશીએ "**ताचा सखी संवादी, छेकापह्नुति हे आयका, रसिक हो काय चतुर बायका**" એ શબ્દોથી શરુ થતી લાવણીમાં પવન, ભ્રમર અને તસ્કર આદિક સંબંધી એ અલંકારનાં અનેક ઉદાહરણો આપ્યાં છે. ગુજરાતી કવિઓ એવા વાક્ચાતુર્યપર લલચાયા જણાતા નથી. પરપુરુષ સંબંધી પ્રીતિક્રિયાનું ગોપન કરનારી સ્ત્રીને ગુપ્તા કહે છે. ઉપલો દોહરો ગુપ્તા નાયિકાના ઉદાહરણરૂપ છે.

दक्षिण पवन.

चुवत सेद मकरन्द कन, तरुतरुतर बिरमाय ।
आवत दच्छिन देसतें, थक्यो बटोही बाय ॥ ५४६ ॥

અર્થ–કવિ કહે છે કે, મકરંદ બિંદુ જે ચુવે છે–ટપકે છે, તે જ પસીનાનાં બિંદુ જેને ટપકે છે એવો ઝાડઝાડ નીચે એટલે પ્રત્યેક વૃક્ષ નીચે ઠરતો એવો પવનરૂપ પ્રવાસી, દક્ષિણ દેશથી આવે છે.

શબ્દાર્થ–**मकरंद**=પુષ્પરસ. **कन**=દાણા, બિંદુ. **बटोही**=પથિક. **बिरमाय**=વિલંબ કરીને, ઠરીને.

એમાં દક્ષિણ દિશાનો પવન અને પ્રવાસીમાં અભેદ વર્ણવવામાં આવ્યો, તેથી રૂપકાલંકાર છે.

बिकसत नवबल्ली कुसुम, निकसत परिमल पाय ।
परसि पजारति बिरहि हिय, बरसि रहेकी बाय ॥ ५४७ ॥

અર્થ–પ્રોષિતપતિકા નાયિકા સખી પ્રત્યે કહે છે કે, ખીલતાં એવાં નવીન લતાનાં ફૂલોમાંથી નીકળતી સુગંધ પ્રાપ્ત કરીને વરસાદ વરસી રહ્યા પછીનો જે પવન, તે અંગને સ્પર્શ કરી વિરહીઓનાં હૃદયને પ્રજાળે છે.

એમાં ત્રિવિધ એટલે શીતળ, મંદ અને સુગંધ એવા ત્રણ પ્રકારના પવનનું વર્ણન કરવામાં આવ્યું છે. વરસાદ વરસી રહ્યા પછીનો તેથી શીતળ, નવીન વેલીઓમાં રોકાઈને નીકળ્યાથી મંદ અને નવીન લતાઓના ફૂલોમાં વાસ કરી નીકળ્યાથી સુગંધ. એમાં હેતુ અલંકાર છે.

पवनरूपी घोडो.

रुक्यो सांकरे कुंजमग, करत झांझ झहरात ।
मंद मंद मारुत तुरग, खूंदत आवत जात ॥ ५४८ ॥

અર્થ–કવિ કહે છે કે, સાંકડા એવા નિકુંજના માર્ગમાં રોકાયલો–અટકેલો એવો ચીત્કાર કરે છે અને ચમકે છે. મંદમંદ મારુત–પવનરૂપી અશ્વ ધરતીને ખુંદતો આવે જાય છે.

શબ્દાર્થ–**सांकरे**=સાંકડા. **झांझ**=તીક્ષ્ણ, શબ્દધ્વનિ. **झहरात**=ચમકે છે. **खूंदत**=ખુંદતો, ધરતીપર પગ મૂકતો ને પાછો ઉઠાવી લેતો. **मारुत**=પવન. **तुरग**=ઘોડો.

એમાં પવન અને ઘોડામાં અભેદ વર્ણવેલો હોવાથી રૂપકાલંકાર છે. દોહરાના, "**सांकरे मगमें झांझ करत सहरात**" એનો એટલે એટલા શબ્દોનો "**संकीर्णे पथि शङ्कितः सन् चाञ्चल्यं विदधाति**" એટલે સાંકડા માર્ગમાં શંકિત એવો ચંચળપણું ધારણ કરે છે એવો અર્થ કર્યો છે.

हवारूपी नवोढा.

लपटी पुहुप परागपट, सनी स्वेद मकरन्द ।
आवत नारि नवोढलों, सुखद वाय गति मन्द ॥ ५४९ ॥

અર્થ-કવિ કહે છે કે, પુષ્પના જે પરાગ તેરૂપી વસ્ત્રથી લપટાયલી, અને મકરંદરૂપી પસીનાથી ભીંજાયલી એવી સુખદ હવા તે મંદ ગતિથી નવોઢા નારી સરખી આવે છે.

એમાં પુષ્પપરાગ અને વસ્ત્ર તેમ જ મકરંદ અને સ્વેદમાં અભેદ કથન કરવામાં આવ્યો, તેથી રૂપકાલંકાર છે. તેમ જ હવા એ ઉપમેય, નવોઢા એ ઉપમાન, સરખી એ વાચક અને મંદગતિ એ ધર્મ, તેથી પૂર્ણોપમાલંકાર પણ છે.

શબ્દાર્થ-पराग=પુષ્પરજ. पट=વસ્ત્ર. मकरंद=પુષ્પરસ. सनी=ભીની, આર્દ્ર.

कुंजपवनरूपी कुंजर.

क्वनित भृंग घंटावली, झरित दान मधु नीर ।

मन्द मन्द आवत चल्यो, कुञ्जर कुञ्ज समीर ॥ ५९० ॥

અર્થ-કવિ કહે છે કે, અવાજ કરતી એવી ભમરાઓરૂપી ઘંટાઓની પંક્તિ, ઝરતો એવો જે પુષ્પરસ તે જ મદજલ જેને એવો જે કુંજ પવનરૂપી હાથી, તે મંદ મંદ-ધીમો ધીમો ચાલ્યો આવે છે.

એમાં પવન અને હાથીમાં અભેદ વર્ણવેલો હોવાથી રૂપકાલંકાર.

શબ્દાર્થ-क्वनित=રણત્કાર કરતી એવી. भृंग=ભમરો. घंटावली=ઘંટોની પંક્તિ. मधुनीर=ફૂલોના રસનું જળ. दान=મદ. समीर=પવન. कुंजर=હાથી.

बीजनो चंद्र.

द्वैज सुधादीधितिकला, यह लखि दीठि लगाय ।

मनो अकास अगस्तिया, एकै कली लखाय ॥ ५९१ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, હે સખી! બીજનો સુધાકર એટલે જેના કીરણમાં અમૃત એવો ચંદ્રમા તેની કળા તું દૃષ્ટિ લગાડીને જો. જાણે આકાશમાં અગથિયા (વૃક્ષ વિશેષ)ની એક જ કળી જોવામાં આવે છે.

એમાં વસ્તૂત્પ્રેક્ષાલંકાર છે.

बीजने दिवसे पूर्ण चंद्र.

धनि यह द्वैज जहां लख्यो, तज्यो दगनि दुख दंद ।

तुव भागनि पूरब उयो, अहो अपूरब चंद ॥ ५९२ ॥

અર્થ—સખી નાયક પ્રત્યે કહે છે કે, આ બીજને ધન્ય કે, જે દિવસે પૂર્વમાં ઉગેલો એવો અપૂર્વ—અદ્દ્ભુત ચંદ્ર જોવામાં આવ્યો અને નેત્રોએ દુઃખદ્વંદ્વનો ત્યાગ કર્યો.

અપૂર્વ એટલે અદ્દ્ભુત એવો ચંદ્ર, એટલા માટે કે બીજને દિવસે પૂર્ણ ચંદ્ર ન હોય અને તે દિવસે નાયિકાના મુખને વિષે પૂર્ણ ચંદ્રત્વનો આરોપ કરી સખીએ કહ્યું, તેથી ચંદ્રમાં અપૂર્વતા કહી.

એમાં પ્રસ્તુત જે બીજ, તેમાં ચંદ્રદર્શનના માહાત્મ્યનાં કથનવડે અપ્રસ્તુત નાયક નાયિકાના વૃત્તાંતનો પણ સમારોપ કર્યાથી સમાસોક્તિ અલંકાર છે. જો બન્નેને એટલે નાયક નાયિકાના વૃત્તાંતને અને બીજચંદ્રના વૃત્તાંતને પ્રસ્તુત ગણવામાં આવે તો પ્રસ્તુતાંકુર અલંકાર જાણવો.

વળી અપૂર્વ એવો જે ચંદ્ર તે પૂર્વમાં ઉગ્યો, એમ હોવાથી વિરોધાભાસ પણ કહી શકાય.

ध्येयस्वरूप वर्णन.

सीस मुकुट कटि काछनी, कर मुरली उर माल ।
यहि बानिक मो मन बसो, सदा बिहारी लाल ॥ ५९३ ॥

અર્થ—કવિ કહે છે કે, માથાપર મુગટ, કેડે કાછની, કરમાં મુરલી અને હૃદયમાં માળા લટકી રહેલી એવી શોભાથી, હે બિહારીલાલ! તમે સદા મારા મનમાં વાસ કરો.

તાત્પર્ય એ કે, જેમ ઉપર કહેલા અલંકાર પોતાનું સ્થાન છોડી અન્યત્ર નથી રહેતા, તેમ જ મારા હૃદય વિના બીજે સ્થળે આપ ન રહો, એ કવિની પ્રાર્થના છે. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

પુષ્ટિમાર્ગના પદમાં "**नीकी बानिक नवल निकुंजकी**" એમ એક પદમાં છે તેનો "નવીન નિકુંજની સુંદર શોભા" એમ અર્થ થાય છે, તેથી ઉપરના દોહરામાંનાં **बानिक** શબ્દનો પણ શોભા, એ અર્થ કરવામાં આવ્યો છે.

मुकुटशोभावर्णन.

मोर मुकुटकी चंद्रिका, यों राजत नँदनंद ।
मनु ससिसेखरकी अकस, किय शेखर शतचंद ॥ ५९४ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, શશિશેખર જે શિવજી તેમની સ્પર્ધાને લીધે જાણે પોતાના મસ્તકપર સો ચંદ્રમા ધારણ કર્યાં હોય, એ રીતે નંદના નંદ જે શ્રીકૃષ્ણ તે મોરપીંછના મુગટમાં રહેલા ચંદ્રોથી શોભે છે.

એમાં મોરચંદ્રિકાના મુગટનું ધારણ કરવું તેનો હેતુ જે સ્પર્ધા, એ કાંઈ શિવની ચંદ્ર ધારણની શોભાને હલકી પાડવાનો હેતુ નથી. તેથી અહેતુમાં હેતુની કલ્પના કરવામાં આવી તેથી અસિદ્ધાસ્પદ હેતૂત્પ્રેક્ષાલંકાર જાણવો. એમાં સખીએ મુગુટશોભા દેખાડવાના મિષથી પોતાના વ્હાલાં એવાં નાયક-નાયિકાના સંઘટ્ટનરૂપ કાર્યસાધન કર્યું, એવું પણ સખીની ઉક્તિપરથી સમજાય છે, તેથી પર્યાયોક્તિ અલંકાર પણ છે.

"સો ચંદ્રમા" એમાં ૧૦૦ એ અપરિચ્છિન્ન સંખ્યાવાચક જાણવો; એટલે બરાબર જ અથવા ખરેખરા સો જ એમ ન સમજવું.

कुंडलशोभा.

मकराकृत गोपालके, कुंडल सोहत कान ।
धस्यो मनो हियघर समर, ड्योढी लसत निसान ॥ ५९५ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, મકરાકૃત (મત્સ્યના આકારનાં) ગોપાલ જે શ્રીકૃષ્ણ, તેમના કાનમાં કુંડળ શોભે છે, તે જાણે હૃદયરૂપી ઘરમાં કામદેવ ધસ્યો એટલે ઘુસ્યો તેનું જે નિશાન, તે દ્વારપર શોભે છે.

શબ્દાર્થ-मकराकृत=કામદેવની ધ્વજાનું ચિહ્ન જે મત્સ્યના આકારનું છે. समर=કામદેવ. ड्योढी=દ્વાર. निसान=ચિહ્ન, ધ્વજા, પતાકા.

એમાં કુંડલ વસ્તુ ઉક્ત છે, તેમાં નિશાનની કલ્પના કરવામાં આવી, તેથી ઉક્તાસ્પદ વસ્તૂત્પ્રેક્ષાલંકાર જાણવો. જો એ નાયિકાની ઉક્તિ સખી પ્રત્યે લઈ અર્થ કરવામાં આવે તો કુંડળ શોભાના વર્ણને કરી સખી પ્રત્યે નાયિકાની ગુણકથનરૂપા સ્મર દશા જાણવી.

ઉપલા દોહરાના ત્રીજા ચરણમાં "हियघर" એમ છે, તેને બદલે "हियगढ" એવું પાઠાંતર જોવામાં આવે છે.

पीतांबरद्युतिवर्णन.

सोहत ओढे पीतपट, श्याम सलोने गात ।
मनो नीलमनि शैलपर, आतप पर्यो प्रभात ॥ ५९६ ॥

અર્થ–નાયિકા પ્રશ્ન કરે છે કે, સલૂણું જેનું ગાત્ર એટલે શરીર એવા જે શ્રીકૃષ્ણ, તે પીતાંબર ઓઢેલું તેથી કેવા શોભે છે? સખી કહે છે કે, જાણે નીલમણિ (નીલાં રત્ન)ના પર્વતપર પ્રભાતકાળનો તડકો પડ્યો હોય (તેવા શોભે છે).

એમાં શ્યામગાત્ર અને પીતાંબરરૂપ જે વસ્તુ ઉક્ત છે, તેમાં નીલમણિ-શૈલ અને પ્રભાતકાળના આતપની કલ્પના કરવામાં આવી, તેથી ઉક્તાસ્પદ વસ્તૂત્પ્રેક્ષાલંકાર જાણવો. અથવા નાયિકા અને સખી વચ્ચે એમાં ઉક્તિ પ્રત્યુક્તિ હોવાથી તેમ જ ઉત્તરાલંકાર પણ હોવાથી ઉત્પ્રેક્ષા અને ઉત્ત-રાલંકારની તિલતંડુલવત્ સંસૃષ્ટિ જાણવી.

જ્યાં ક્ષીરનીર ન્યાયે અલંકારોનું મિશ્રણ થયું હોય ત્યાં સંકર (અલં-કારોનો) અને જ્યાં તિલતંડુલન્યાયે એકત્ર જોવામાં આવે ત્યાં સંસૃષ્ટિ જાણવી.

भक्तनो पुकार.

कबको टेरत दीन रट, होत न स्याम सहाय।
तुमहू लागी जगतगुरु, जगनायक जगबाय ॥ ૫૫૭ ॥

અર્થ–ભક્ત ભગવાન્ પ્રત્યે કહે છે કે, ક્યારનો પુકાર કરી કરીને બોલાવું છું તો પણ હે શ્યામ એટલે કૃષ્ણ! તમે મને સહાય થતા નથી. હે જગદ્ગુરુ! હે જગન્નાયક! તમને પણ જગતનો વા લાગ્યો શું?

એમાં "જાણે તમને પણ જગતની હવા લાગી" એમ જાણે અથવા તદર્થક ઉત્પ્રેક્ષા વ્યંજક શબ્દનો પ્રયોગ કરેલો ન હોવાથી ગમ્યોત્પ્રેક્ષા જાણવી.

वक्रोक्तिवडे शांतरस.

नीकी दई अनाकनी, फीकी परी गुहारि।
मनो तज्यो तारन बिरद, बारक बारन तारि ॥ ૫૫૮ ॥

અર્થ–ભક્ત ભગવાન્ પ્રત્યે કહે છે કે, તમે ભલી આનાકાની (અના-કર્ણન) કરી, મારો પુકાર નિષ્ફળ થયો. એક જ વાર હાથીનો ઉદ્ધાર કરી જાણે તારણનું બરદ છોડી દીધું. અહીં હેતૂત્પ્રેક્ષાલંકાર છે.

શબ્દાર્થ–अनाकनी=अनाकर्णन. ન સાંભળવું તે. ખબર ન લેવી તે. गुहारि=પુકાર, સહાયતાને માટે આર્ત્તનાદ. फीकी=મંદ, નિષ્ફળ. बारन=હાથી. तारि=(સંસાર સાગરથી) પાર ઉતારી. बिरद=યશ, નામવરી–પણ, પ્રતિજ્ઞા.

दीनबंधु थइ केने तार्यो ?

बंधु भये का दीनके, को तारो रघुराय ।
तूठे तूठे फिरतहो, झूठे बिरद कहाय ॥ ५५९ ॥

અર્થ-ભક્ત ભગવાન્ પ્રત્યે કહે છે કે, તમે ક્યા દીનના બંધુ થયા છો? અને હે રઘુરાય! તમે કેને તાર્યો? જે તમે જગતમાં જૂઠો જશ બોલાવી પ્રસન્ન પ્રસન્ન (ફૂલ્યા ફૂલ્યા) ફરો છો?

તમે કેના બંધુ થયા છો? અને કેને તાર્યો છે? એમાં કાકૂક્તિ છે. અર્થાત્ કોઇના તમે બંધુ થયા નથી, તેમ કોઇને તાર્યો નથી.

थोरेई गुन रीझते, बिसराई वह बानी ।
तूमहू कान्ह मनो भये, आजकालके दानि ॥ ५६० ॥

અર્થ-ભક્ત ભગવાન્ પ્રત્યે કહે છે કે, તમે આગળ થોડા જ ગુણથી રીઝતા. તે કથન હવે વિસારી દીધું છે. હે કૃષ્ણ! તમે પણ જાણે આજ કાલના દાની થયા છો.

શબ્દાર્થ-बानि=વાણી, ટેવ, કથન. कान्ह=કૃષ્ણ. मनो=જાણે.

એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

ज्यों व्हैहों त्यों हों हुँगो, हौं हरि अपनी चाल ।
हठ न करो अति कठिन है, मो तारिबौ गुपाल ॥ ५६१ ॥

અર્થ-ભક્ત ભગવાન્ પ્રત્યે કહે છે કે, જેવો થઇશ તેવો થઇશ; હે હરિ! હું પોતાની રીતપર (કાયમ) છું. હઠ ન કરો, હે ગોપાલ! મને તારવો બહુ કઠિન છે.

ચોથા ચરણમાં "मो तारिबो" એટલે મારું તારણ કરવું એટલે મને સંસારસાગરને પાર ઉતારવો, એમ પણ અર્થ થઈ શકે છે.

तारे मारे वाद पड्यो.

मोहिं तुम्हैं बाढी बहस, को जीतै यदुराज ।
अपने अपने बिरदकी, दुहूँ निबाहनि लाज ॥ ५६२ ॥

અર્થ-ભક્ત ભગવાન્ પ્રત્યે કહે છે કે, મારે તમારે એટલે મારી ને

તમારી વચ્ચે તકરાર વધી પડી છે. હે જદુરાજ! (જોઇએ) કોણ જિતે છે? બન્નેને પોતપોતાના બિરદ-ટેકની લાજ નિભાવવી છે.

અર્થાત્ હું પોતાનું પતિતપણું નથી છોડવાનો ને તમે પોતાનું પતિતપાવનપણું નહિ છોડો, એમ બન્નેને પોતપોતાનો ટેક નિભાવવાનો છે. તમે પોતાનું પતિતપાવનપણું નહિ છોડો, એટલે મને તાર્યા વગર નહિ રહો, એ કવિના કથનનો અભિપ્રાય છે.

વરદ કેમ સચવાશે?

कौन भांति रहि है बिरद, अब देखवी मुरारि।
बीधे मोसों आनिके, गीधे गीध हि तारि॥ ५६३॥

અર્થ-ભક્ત ભગવાન્ પ્રત્યે કહે છે કે, હવે તમારો યશ કેવી રીતે રહેશે, તે મારે, હે મુરારિ! જોવું છે. આપ ગીધને જ તારીને ગર્વથી ફૂલેલા, તે મુજશું આવીને અટક્યા છો.

તાત્પર્ય એ કે, તમને તો રસસંબંધી બળ છે. કેમ કે મુર દૈત્યને મારી સોળ હજાર કન્યા પરણ્યા અને જટાયુ જે ગૃધ્રરાજ તેને તાર્યો તેથી પતિતતારણ નામનો યશ સંસારમાં ફેલાઈ રહ્યો છે. હવે મારા જેવા મહાપતિતશું આવી અટક્યા છો. તે જોઇએ કેવો તમારો યશ રહે છે? પતિતપણાનું દૃઢ સમર્થન કરવામાં આવ્યું, તેથી કાવ્યલિંગાલંકાર.

શબ્દાર્થ-बीधे=અટક્યા. गीधे=અભિમાનથી ફૂલ્યા એવા.

बांधो तो आपना गुणथी बांधो.

मोहू दीजे मोख, ज्यों अनेक अधमन दियो।
जो बाँधेही तोख, तौ बांधो अपने गुननि॥ ५६४॥

અર્થ-ભક્ત ભગવાન્ પ્રત્યે કહે છે કે, જેમ અનેક પાતકીઓને મોક્ષ આપ્યું તેમ મને પણ આપો અને જો બાંધવાથી જ તમને સંતોષ થતો હોય તો આપના ગુણથી બાંધો.

ગુણ એટલે દોરો અથવા કરુણાદિક જે ગુણ તે. એમાં શ્લેષાલંકાર છે. તેમ જ ગુણોવડે બાંધો, એમાં ગુણ જે વિશેષ્ય, તે સાભિપ્રાય હોવાથી પરિકરાંકુરાલંકાર પણ છે.

लज्जितने कां लजावो छो ?

निजकरनी सकुचौंहि कत, सकुचावत इहि चाल ।
मोहूसे अति विमुखसों, सन्मुख होत गुपाल ॥ ५६५ ॥

અર્થ–ભક્ત ભગવાન્ પ્રત્યે કહે છે કે, એક તો પોતાની કરણીથી હું સંકોચાઉં છું જ, તેમાં વળી આપ આ રીતે કેમ સંકોચાઓ છો? હે ગોપાલ! મારા જેવો જે અતિ વિમુખ, તેની પણ સન્મુખ આપ થાઓ છો.

તાત્પર્ય એ કે સંકોચ પામેલાની સન્મુખ રહી કેમ શરમાવો છો?

સંકોચપર સંકોચ વધાર્યો, તેથી અનુગુણ અને ગોપાલ એ વિશેષ્ય સાભિપ્રાય હોવાથી પરિકરાંકુર પણ છે.

रुक्मिणीहरणप्रसंग.

नाह गरज नाहर गरज, बचन सुनायो टेरि ।
फसी फौजमें बंद बिच, हँसी सब निमुख हेरि ॥ ५६६ ॥

અર્થ–રુક્મિણીહરણના પ્રસંગમાં કવિ કહે છે કે, સિંહની ગર્જના સરખી પતિએ ગર્જના કરી બોલાવીને વચન સંભળાવ્યું, તે સમયે શિશુપાળના સૈન્યરૂપ બંદીખાનાની મધ્યમાં ફસેલી તે બાળા સહુની સન્મુખ જોઈ હસી.

એમાં ઉત્સાહ જેનો સ્થાયીભાવ એવો વીરરસ છે. અહીં પ્રહર્ષણાલંકાર છે.

तरुवरान्योक्ति.

नहिं पावस ऋतुराज यह, तज तरवर मति भूल ।
अपत भये बिन पायहै, क्यों नव दल फल फूल ॥ ५६७ ॥

અર્થ–કવિ કહે છે કે, આ વર્ષાઋતુ નથી, આ તો ઋતુરાજ એટલે ઋતુઓનો રાજા એવો વસંત છે. સાંભળ, હે તરુવર! તારી મતિમાં જે ભ્રમ છે તેનો ત્યાગ કર. અપત એટલે પત્રરહિત અથવા પત એટલે જે ઇજ્જત તેથી રહિત થયા વિના નવીન પત્ર, ફળ અને પુષ્પ તે કેમ પ્રાપ્ત થાય?

પ્રતિષ્ઠાની હાનિ થયા વગર આ રાજદ્વારમાં રહી તું લાભ ખાટે, એ આશા તારે ન રાખવી, એમ કોઈ રાજદરબારમાં રહેલા પુરુષને તરુવર જે અપ્રસ્તુત, તેના વૃત્તાંતથી ઉપદેશ કરવામાં આવ્યો, તેથી અન્યોક્તિ અલંકાર જાણવો.

कुरंगान्योक्ति.

को छूट्यो इहिँ जाल परि, मति कुरंग अकुलाय ।
ज्यों ज्यों सुरझि भज्यो चहै, त्यों त्यों उरझत जाय ॥ ५६८ ॥

અર્થ–કવિ કહે છે કે, હે મૃગ! એ જાળમાં પડીને કોણ છૂટયો છે? તું અકળા મા. એ સંસારની જાળને ઉકેલીને જેમ જેમ તેમાંથી ન્હાસી જવાની તું ઇચ્છા કરે છે, તેમ તેમ ઉલટો લપટાતો જાય છે.

પોતાની તૃષ્ણા પૂર્ણ કરી પછી વૈરાગ્ય લઇશું, એવા વિચાર કરનાર–પ્રત્યે આ અન્યોક્તિ કવિએ કહી છે.

वेसरमुक्तान्योक्ति.

बेसरि मोती धनि तुही, को बूझै कुलजाति ।
पीबो कर तिय ओठको, रस निधरक दिनराति ॥ ५६९ ॥

અર્થ–પ્રોષિત નાયક કહે છે કે, હે નથના મોતી! તને જ ધન્ય છે. કુળ ને જાત કોણ પૂછે છે? નાયિકાના અધરનો રસ રાત્ર દિવસ નીરાંતે પીયાં કર.

નીચ પુરુષ ઉચ્ચ પદને પ્રાપ્ત થઈ મોજ મારતો હોય, તેપર કવિએ એ અન્યોક્ત કહી છે.

गुंजान्योक्ति.

पाइ तरु निकुच उच्च पद, चिरमि ठग्यो सब गाउँ ।
छुटे ठौर रहिहै वहै, जुहै मोल छबि नाउँ ॥ ५७० ॥

અર્થ–કવિ કહે છે કે, તરુણીનાં કુચરૂપી ઉચ્ચ પદ પ્રાપ્ત કરી, હે ચણોઠી! તેં આખું ગામ ઠગ્યું. પણ એ સ્થળ છૂટતાં જે તારું અસલથી મૂલ્ય, શોભા અને નામ છે, તેનાં તે જ રહેશે (એ યાદ રાખ).

નીચ ઉચ્ચ પદ પામે, તેપર એ અન્યોક્તિ છે.

मयूरचंद्रिकान्योक्ति.

मोर चंद्रिका स्याम सिर, चढि कत करति गुमान ।
लखबी पायनिपर लुठति, सुनियंत राधा मान ॥ ५७१ ॥

અર્થ–કવિ કહે છે કે, હે મોરચંદ્રિકા! શ્રી કૃષ્ણને માથે ચઢી બેસી

તું અભિમાન શું કરવા કરે છે? રાધાજીએ માન ધારણ કર્યું સાંભળવામાં આવે છે, એટલે તેમનાં ચરણપર લોટતી તને હું જોઇશ.

એમાં પણ અન્યોક્તિ અલંકાર છે.

भ्रमरान्योक्ति.

जिन दिन देखे वे कुसुम, गई सु बीत बहार ।
अब अलि रही गुलाबमें, अपत कटी लीडार ॥ ५७२ ॥

અર્થ—કવિ કહે છે કે, જે દિવસોમાં તે પુષ્પો જોવામાં આવ્યાં, તે એનો બહાર (થાટ) તો જતો રહ્યો. હવે તો હે ભ્રમર! ગુલાબમાં પત્ર-રહિત અને કંટકયુક્ત ડાળ રહી છે. (બીજું કાંઈ નહિ.)

રૂપ યૌવનહીન જનના સંબંધમાં કવિએ આ અન્યોક્તિ કહી છે.

भ्रमरान्योक्ति.

वह कि वडाई आपनी, कत राचत मति भूल ।
बिन मधु मधुकरके हिये, गडै न गुडहर फूल ॥ ५७३ ॥

અર્થ—સખી કહે છે કે, પોતાની બડાઇથી બહેકીને શું કામ રાચે છે? ભૂલ મા, મધુકર એટલે ભ્રમરનું હૃદય તે મધુરહિત એવા જંગલી જપા-કુસુમથી પ્રસન્ન થતું નથી.

શબ્દાર્થ—मधु=મધ. मधुकर=ભ્રમર. गुडहरफूल=સં—ओड्रपुष्प, જંગલી જપા-કુસુમ. એમાં પણ અન્યોક્તિ અલંકાર છે. કોઈ ગુણહીન થઈ ગર્વ કરે તેનાપર છે.

बाजान्योक्ति.

स्वारथ सुकृत न श्रम वृथा, देखि विहंग विचारी ।
बाज पराये पानि परि, तूं पंछीन न मारि ॥ ५७४ ॥

અર્થ—હે બાજ પક્ષી! તારો કાંઈ સ્વાર્થ નથી, પુણ્ય નથી પણ તારો માત્ર એ વૃથા શ્રમ છે. હે વિહંગ એટલે પક્ષી! તું વિચારી જો. પરાયે હાથ પડી, તું પક્ષીઓને માર મા.

પરાધીન થઈ પરોહર ભરવાવાળા જેઓ સ્વજાતિના વધનું પાપ પણ ગણતા નથી, તેવાઓપર આ અન્યોક્તિ બરોબર લાગુ પડે છે. એમાં અન્યોક્તિ અલંકાર છે.

मुक्ताहारान्योक्ति.

जनम जलधि पानिप अमल, तो जग साध अपार ।
रहै गुनी व्है गरपर्यो, भलो न मुकताहार ॥ ५७५ ॥

અર્થ–તારો જન્મ સમુદ્રમાં, તારું પાણી સ્વચ્છ, તેમજ જગતમાં સહુને તારાપર ચાહ પણ પારવ્હોણી, એમ છતે તું ગુણી થઈ ગળે પડ્યો રહે છે, તેથી હે મુક્તાહાર! તું ભલો નથી.

કોઈ કુલીન પ્રતિષ્ઠિત માણસ ગુણી થઈ બીજાની ખુસામદ કરે અને સામો વાત પણ ન પૂછે છતે લલ્લોપત્તો કરે, તેનાપર કવિએ આ અન્યોક્તિ કહી છે.

हारान्योक्ति.

गहै न एकौ गुनगरब, हँसै सकल संसार ।
कुच उच पद लालच रहै, गरे परेहू हार ॥ ५७६ ॥

અર્થ–તું મનમાં એક પણ ગુણનું અભિમાન રાખતો નથી, એ કારણથી સકલ સંસાર તને હસે છે. કુચરૂપી ઉચ્ચ પદની લાલચથી, હે હાર! પારકાને ગળે પડેલો એવો પણ તું રહે છે.

ઉચ્ચ પદની લાલચથી કોઈ ગુણી રાજાને ગળે પડે, તેનાપર એ ઉક્તિ છે. એમાં પણ અન્યોક્તિ અલંકાર છે.

जेनाथी काम सरे तेज कल्पतरु.

अति अगाध अति ओथरो, नदी कूप सरवाय ।
सो ताको सागर जहां, जाकी प्यास बुझाय ॥ ५७७ ॥

અર્થ–નદી, કુવો, તળાવ કે વાવ તેમાં પાણી ચાહે અતિ ઉંડું હોય અથવા ધુંટણપુર (થોડું) હોય તો પણ જ્યાં જેની તરસ મટે ત્યાં તેનો સાગર જાણવો.

આપણી કાર્યસિદ્ધિ ન્હાનાથી થતી હોય તો તે ન્હાનો પણ આપણે મન મ્હોટો. એમાં અન્યોક્તિ અલંકાર છે.

"छोटेहींतें आपनो सफल होय काज्ञ तौपैं वाकीपटतर और कौन त्रिभुवनमें" कृष्णदत्त.

એનો અર્થ એ છે કે, જો નાહાનાથીજ આપણું કામ પાર પડતું હોય તો તેની બરાબર ત્રણ ભુવનમાં પણ બીજો કોણ?

જેમ બીજા કવિઓએ બિહારીના દોહરાને કુંડલિયા બનાવી વિસ્તાર કીધો છે, તેમ કૃષ્ણદત્ત જે બિહારીનો પુત્ર તેણે તેપર કવિત્ત સવૈયા રચી અર્થ સુબોધ થાય, એ પ્રકારે વિસ્તાર કર્યો છે.

समुद्रने शुं करवो छे?

विषम वृषा दितकी तृषा, जिये मती रनि सोधि।
अमित अपार अगाध जल, मारौ मूँड पयोधि ॥ ५७८ ॥

અર્થ–વૃષ (વરખ) રાશિના સૂર્યની વિષમ (કપરી) તૃષાથી આતુર થયલા તરબુજના પાણીથી–એટલે તે પાણીનું પાન કરી જીવે છે, તેઓ એમ કહે છે કે, જેમાં અમિત અપાર અને અગાધ જળ એવા સમુદ્રને માથે પછાડો.

"માથે પછાડો" એટલે નિરર્થક સમજી એની વાત જ જવાદો.

મારુ દેશમાં ઉષ્ણકાળમાં જળસંકટ કેવું હોય છે, તે આ દોહરા ઉપરથી સમજી શકાય છે.

जेठमां तरस्यो मारवाडी.

प्यासे दुपहर जेठके, थके सबै जळ सोधि।
मरुधर पाय मती रहू, मारू कहत पयोधि ॥ ५७९ ॥

અર્થ–જેઠ મહીનાના બપોરી વખતના તરસ્યા પથિક સઘળે જળ શોધીને થાકયા, અને મરુભૂમિમાં તરબૂજ પણ હાથ આવતાં મારવાડીઓ તેને (કલિંગડને) ક્ષીર સમુદ્ર કહે છે.

"ऐसे समैं पायो काहू भागनें मतीरा तासों मारूलोग जलनिधि न्यायही कहत हैं."

कृष्णदत्त.

જેઠ મહીનાની બપોરી વખતે તૃષાતુર થયા હોય તેવા વખતમાં ભોગજોગે જો તરબૂજ હાથ આવે તો તેને જલનિધિ મારવાડીઓ કહે એ ન્યાય જ છે, એમ ઉપલી કવિતાનો અર્થ છે.

मोटानी भूल केम कहाय?

को कहि सकै बडेनसों, लखी बडीहू भूल।
दीने दई गुलाबकों, इन डारनि वे फूल ॥ ५८० ॥

અર્થ–મોટાને તેની મોટી ભૂલ છતે પણ કોણ કહી શકે? વિધાતા-

એજ જુઓ કે, આવી કંટકયુક્ત ડાળીમાં સુગંધયુક્ત અને સુકુમાર ગુલાબનાં ફૂલ લગાડ્યાં છે.

કોઈ પ્રવીણ મહાત્મા અવિવેકનું કાર્ય કરે છતે પણ કોઇથી તેને કહી શકાય તેમ ન હોય, તેપર આ અન્યોક્તિ છે.

काकान्योक्ति.

दिन दस आदर पायके, करले आप बखान ।
ज्यों लगि काक सराधपछ, त्यों लगि तव सन्मान ॥ ५८१ ॥

અર્થ-દશેક દિવસ આદર પામીને પોતાની પ્રશંસા કરી લે, પણ હે કાગડા! જ્યાં લગી શ્રાદ્ધ પક્ષ છે ત્યાં લગી જ તારું સન્માન છે એમ જાણ.

અર્થાત્ શ્રાદ્ધના દિવસ વીત્યા એટલે જેવો તારાપર અગાઉ ભાવ હતો તેવોને તેવો જ થવાનો છે. કોઈ થોડા જ દિવસના આદરસત્કારથી ફૂલણજી બની ગર્વ કરે, તેનાપર કવિએ આ અન્યોક્તિ કહી છે.

शुकान्योक्ति.

मरतु प्यास पिंजरा पर्यो, सुवा समयके फेर ।
आदर दे दे बोलियतु, वायस बलिकी बेर ॥ ५८२ ॥

અર્થ-સમયના ફેરફારને લીધે પોપટ પિંજરામાં પડ્યો તરસે મરે છે, અને બલિ આપવા વખતે કાગડાને આદર કરી કરીને બોલાવવામાં આવે છે.

જ્યાં ભલા માણસને દુઃખ દેવામાં આવે અને નીચનો આદર થતો જોવામાં આવે, ત્યાં આ અન્યોક્તિ બરાબર લાગુ થાય તેમ છે.

षट्पदान्योक्ति.

इहि आसा अटक्यो रहै, अलि गुलाबके मूल ।
हुइ हैं बहुरि वसन्तऋतु, इन डारन वे फूल ॥ ५८३ ॥

અર્થ-ભ્રમર ગુલાબનાં મૂળને એજ આશાથી વળગ્યો રહે છે કે, પાછો વસંત ઋતુ આવશે એટલે આ ડાળિયોમાં તેજ પુષ્પો થશે.

કોઈ રાજાની સંપત્તિ ક્ષીણ થઈ ગઈ હોય તો પણ તે પાછી તેને પ્રાપ્ત થશે, એવી આશામાં કોઈ રાજપુરુષ તેને વળગી રહ્યો હોય, તે પર એ અન્યોક્તિ લાગુ પડે છે.

कपोतान्योक्ति.

पट पांखे भख कांकरे, सफर परेई संग ।
सुखी परेवा जगतमें, एकै तुही विहंग ॥ ५८४ ॥

અર્થ-પાંખ એ જ જેનાં વસ્ત્ર, કાંકરા એ જેનું ભોજન, અને પ્રવાસમાં કબૂતરીને સાથે રાખનાર એવા હે કબૂતર! એક તું જ પક્ષી આ જગતમાં સુખી છે.

એમાં પરિસંખ્યાલંકાર છે. સુખનો સર્વ સ્થળમાં નિષેધ કરી તે પક્ષી એકમાં જ ઠરાવવામાં આવ્યું તેથી.

गमारोमां अत्तरनो ग्राहक कोण ?

कर ले सूँघि सराहिकै, रहे सबै गहि मौन ।
गंधी अंध गुलाबको, गँवई गाहक कौन ॥ ५८५ ॥

અર્થ-કવિ કહે છે કે, હાથમાં લઈ, સૂંઘી, વાહ વાહ કરીને સઘળા મૌન ધારણ કરી રહ્યા; અરે અંધા અત્તર વેચનાર! ગુલાબનાં અત્તરનો ગમારોમાં કોણ ઘરાક હોય? અર્થાત્ કોઈ ન હોય.

ઉપલા દોહરાના ત્રીજા ચરણમાં બીજો શબ્દ જે अंध એ છે તેનો અર્થ આંખે અંધો નહિ પણ અક્કલનો આંધળો એમ સમજવો.

કવિ કહે છે કે તું એટલું પણ નથી જાણતો કે ગમારોમાં તે અત્તરનો ગ્રાહક કોણ હોય તેથી તું બુદ્ધિરહિત છે. નિર્ગુણ જનોમાં કોઈ ગુણી પોતાનો ગુણ પ્રગટ કરે ત્યાં આ અન્યોક્તિ લાગુ પડે એવી છે.

थलजान्योक्ति.

वे न यहां नागर बडे, जिन आदर तो आब ।
फूल्यो अनफूल्यो भयो, गँवई गाँव गुलाब ॥ ५८६ ॥

અર્થ-તારામાં જે પાણી-શોભા રહી છે, તેનો આદર કરે એવા મોટા ચતુર તે અહીં નથી. હે ગુલાબ! ગમારોના ગામમાં તું ફૂલ્યો અણફૂલ્યો થયો.

અચતુર જનોમાં ગુણવાનના ગુણપ્રકાશની નિરર્થકતાપર એ અન્યોક્તિ છે.

गोवर्धनान्योक्ति.

गोधन तू हरख्यो हिये, निधरक लेहु पुजाय ।
समुझ परेंगी सीसपर, परत पशुनके पाय ॥ ५८७ ॥

અર્થ–હે ગોવર્ધન! હૃદયમાં પ્રસન્ન થઈ બેધડક પોતાની પૂજા કરાવી લે, પણ જ્યારે પશૂઓના ચરણ તારા માથાપર પડશે ત્યારે તને સમજ પડશે.

એક ટીકાકાર કહે છે કે "तू" એ સર્વનામ સાથે "लेहु" એ ક્રિયાપદ ન મૂકી શકાય, કારણ તૂ એ એકવચન અને लेहु એ બહુવચન તેથી તેનો કર્ત્તા तुम એ બહુ વચનમાં હોવો જોઇએ.

ગુજરાતી કવિઓએ પણ અનેક સ્થળે એકવચન બહુવચનનો વિચાર રાખેલો જણાતો નથી. જેમ "કર સંગત અતિ ઊંચ, કરો સદ્‌ગુરુની સેવા" એવાં અનેક ઉદાહરણો મળી શકે તેમ છે. એક ઠેકાણે કર અને બીજે ઠેકાણે કરો એમ સામળભટને કરવું પડ્યું તે માત્રા બરાબર લાવવા માટે જ તેથી "अपि माषं मषं कुर्याच्छंदोभंगं न कारयेत्" એ નિયમને કવિએ માન આપેલું જણાય છે.

गमारणीओमां नागरी.

नागरि बिबिध बिलास तजि, बसी गँवे लिनि माँहि ।
मूढोंमैं गनिबी कि तू, हूठौ दै अठिलाहि ॥ ५८८ ॥

અર્થ–માનવતી પ્રત્યે દૂતી કહે છે કે તું વિવિધ વિલાસ છોડી (રિસાઇને) ગમારણીઓમાં ઘુસી બેઠી. તેમ છતે મને ધક્કો મારી હઠ ધરે છે તેથી હું તને મૂર્ખ સમજું છું.

એ ઉપરથી ગામડિયણોના સંગથી તારામાં જે ગમારપણું આવ્યું છે તે તજી દે એવું શિક્ષારૂપ એ દૂતીનું વચન છે. એમાં ગામડિયણોના દોષ તેમની સંગતથી નાયિકાને પણ લાગ્યા એમ અન્યના દોષનું અન્યને લાગવું થયું તેથી ઉલ્લાસાલંકાર.

गधेडाना पाळनार ते हाथी खरीदे ?

चले जाहु ह्यां को करै, हाथिनको व्यवहार ।
नहि जानत इहि पुर बसत, धोबी और कुम्हार ॥ ५८९ ॥

અર્થ–ચાલ્યા જાઓ, અહીં હાથીનો વેપાર કોણ કરે છે? અર્થાત્ કોઈ નથી કરતું–નથી જાણતા કે આ નગરમાં ધોબી અને કુંભાર વસે છે?

આ નગરમાં ધોબી ને કુંભાર રહે છે એમ કહેવામાં અભિપ્રાય એવો કે અહીં તો બધા ગધેડાપર બોજો લાદનારા એવા રહે છે. કોઈ ગુણી ગુણ-રહિત જનો આગળ પોતાના ગુણનો પ્રકાશ કરે ત્યાં એ અન્યોક્તિ ઘટે.

फुलेलनुं आचमन करनार.

करि फुलेलको आचमन, मीठो कहतु सराहि ।
चुप करि रहु गंधी चतुर, अतर दिखावत काहि ॥ ५९० ॥

અર્થ–ફુલેલ (ફૂલમાંથી કાઢેલું તેલ) નું આચમન કરી તેનાં વખાણ કરીને મીઠું છે એમ કહે છે. એવાઓને જોઈ કોઈ ચતુર પુરુષ કહે છે કે, હે ચતુર અત્તર વેચનારા મુંગો રહે, તું અત્તર કોને દેખાડે છે!

મૂર્ખોની આગળ ચતુરના ગુણની વિડંબનાપર આ અન્યોક્તિ છે.

શબ્દાર્થ–आचमन Rinsuiy the mouth, sippiny water begore religions ceremonies, meals&c–ધર્મ ક્રિયામાં તેમ જ ભોજન કરતી વખતે દ્વિજો જે હાથમાં થોડું પાણી લઈ પીએ છે તેને આચમન કહે છે.

नृपतिरूपवर्णन.

प्रतिबिम्बित जयसाह द्युति, दीपति दरपन धाम ।
सब जग जीतनको कियो, काय व्यूह मनु काम ॥ ५९१ ॥

અર્થ–દરપણધામ એટલે કાચના મેહેલમાં મહારાજ જયસિંહની દ્યુતિ પ્રતિબિંબિત થયલી એવી દીપે છે કે તે આખા જગતને જીતવાને કામદેવે જાણે વપુવ્યૂહ રચ્યો છે.

"कायव्यूहमिवाचरनुपचिताकूतो हरिः पातु वः" गीतगोविंद.

"मानहु जीतिवेकों जगमें रचना वपुव्यूहकी काम बनाई" कृष्णदत्त.

જેથી થોડું સૈન્ય તે ઝાઝું દેખાય એવા પ્રકારની જે સૈન્યરચના તેને કાયવ્યૂહ કહે છે. કૃષ્ણદત્તે એને માટે વપુવ્યૂહ એ શબ્દ વાપર્યો છે. ગીત-ગોવિંદના ઉપલા ચરણનો અને બિહારીના દોહરાનો ભાવ મળતો આવે છે.

એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

नृपतिनी उदारता.

चलत पाय निगुनी गुनी, धन मनि मोती माल ।
भेंट भये जयशाहसों, भाग चाहियत भाल ॥ ५९२ ॥

અર્થ–કવિ કહે છે કે નિર્ગુણી અને ગુણી જયસિંહની ભેટ થતાં ધન, મણિ અને મોતીની માળા મેળવી ચાલતા થાય છે; ભાલ એટલે કપાળમાં ભાગ્ય જોઇએ.

એમાં રાજાની દાનવીરતાનું કથન કરવામાં આવ્યું છે. એમાં કાકૂક્તિ છે.

ઉપલા દોહરાનું ચોથું ચરણ ઉલટાવી "भाल भागही जहां मानको मान्यो कारन; गुन औगुन पुनि गन्यो जात नहिँ जिन दरबारन; दूरहितें दंडोत करत हम*** એ પ્રમાણે બિહારી બિહારમાં કુંડલિયો બનાવ્યો છે–તેનો અર્થ "જ્યાં ભાગ્ય જ માનનું કારણ માનવામાં આવે અને જે દરબારોમાં ગુણ અવગુણનો વિવેક ન મળે, તેવાં રાજદરબારોને અમે દૂરથી દંડવત્ કરિયે છિયે એવો છે.

એ રીતે ઉપલા દોહરામાં રાજાને અવિવેકી દાતા બિહારીએ કહ્યો હોય એવું તાત્પર્ય બિહારીબિહારમાં કાઢવામાં આવ્યું છે. પરંતુ,

" अदेयदानदक्षश्च, महोदारचरित्रवान् " सर्वोत्तमस्तोत्रम्.

એ શ્લોકાર્ધપર ટીકા કરતાં એક વિદ્વાન જણાવે છે કે ઈશ્વર શિવાય બીજા કોઇથી આપી ન શકાય એવું દાન આપવામાં સમર્થ, તેમજ "महोदारचरित्रवानिति" यदि केवल दातृत्वमेव भवेत्तदा पात्रापात्रविवेकेनैव दानमुचितं भवेत् " आचार्याणां तु दानं केवलं किंत्वौदार्यसहितं केवलदानस्यौदार्यविशिष्टदानस्यैतावान्विशेषः केवलदातुः देशकालविचारपूर्वकं, फलोद्देशपूर्वकं, पात्रापात्रविवेकपूर्वकं ददाति उदारस्तु देशादिकमविचार्यैव स्वस्य सहजौदार्यधर्मेणैव ददाति."

महोदारचरित्रवान् એની ટીકામાં દાતા બે પ્રકારના ગણ્યા છે. એક કેવળ દાતા અને બીજો ઉદાર દાતા–કેવળ દાતા અને ઉદાર દાતામાં ફેર એટલો જ કે પહેલો દેશ કાલાદિકના વિચારપૂર્વક દાન કરે છે અને ઉદારદાતા દેશાદિકના વિચારને બાજુએ મૂકી પોતાના સહજ ઔદાર્ય ધર્મવડે જ દાન કરે છે.

એ ઉપરથી બિહારીએ જયસિંહને કેવળ દાતા નહિ પણ તેના ઔદાર્યનું અસાધારણત્વ દર્શાવવા માટે તેને ઉદારદાતા ગણી પ્રશંસા કરી છે, એવું તાત્પર્ય કાઢવામાં કાંઈ બાધ જેવું જણાતું નથી.

नृपतिनी वीरता.

रहति न रन जयशाह मुख, लखि लाखनकी फौज ।
जाचि निराखरहू चलै, ले लाखनकी मौज ॥ ५९३ ॥

અર્થ–રાજા જયસિંહનું મુખ દેખી લાખ માણસની ફોજ પણ ઉભી રહી શક્તી નથી અને યાચના કરી નિરક્ષર પણ તેની પાસેથી લાખોની મોજ (લાખોનો સિરપાવ) લઈ જાય છે.

શબ્દાર્થ–निराखर=નિરક્ષર મૂર્ખ. मौज=ધન–દાન–સંપત્તિ.

એમાં લાટાનુપ્રાસ છે. કવિને આ ગ્રંથ રચવામાં ઉત્સાહિત કરનાર નૃપતિની યુદ્ધવીરતાનું એમાં વર્ણન કરવામાં આવ્યું છે.

नृपतिनी जयसिद्धि.

सामां सैन सयानकी, सबै साहिके साथ ।
बाहुबली जयसाहजू, फते तिहारे हाथ ॥ ५९४ ॥

અર્થ–દિલ્હીપતિ પાદશાહની પાસે સામગ્રી અને ચાતુરીયુક્ત સેના એ બધું છે પરંતુ હે બાહુબલી જયશાહજી! જય તમારે હાથ છે.

એક ટીકાકાર લખે છે કે દક્ષિણની લડાઇને પ્રસંગે કવિએ એ દોહરો રાજાને સંભળાવ્યો. સઘળી યુદ્ધસામગ્રી તો શાહ અર્થાત્ દિલ્હીપતિની છે પણ જય તમારે હાથ છે એ ભાવ.

શબ્દાર્થ–सामां=સામાન–સામગ્રી. सयान=હુંશિયારી, સજ્ઞાનતા. साहि=બાદશાહ. बाहुबली=જેના હાથમાં બળ એવો. એમાં અસંગતિ અલંકાર છે.

नृपतिनी शूरता.

अनी बडी उमडी लखैँ, असिवाहक भट भूप ।
मङ्गल करि मान्यो हिये, भो मुख मङ्गलरूप ॥ ५९५ ॥

અર્થ–ચારે તરફથી શત્રુનું કટક મોટું ઉલટેલું–ચડી આવેલું જોઈ ખડ્ગધારી શૂરવીર જે જયસિંહ તેણે અંતઃકરણમાં મંગળ કરીને માન્યું અને તેમનુ મુખ મંગળરૂપ એટલે લાલ વર્ણનું થયું.

મંગલગ્રહનો રંગ લાલ છે. એમાં રાજાની યુદ્ધવીરતા કથન કરવામાં આવી છે.

नृपति पराक्रम.

यों दल काढे बलखतें, तैं जयसाह भुआल ।
उदर अघासुरके परे, ज्यों हरि गाय गुवाल ॥ ५९६ ॥

અર્થ-કાબુલપરની ચઢાઈનું વર્ણન કરતાં કવિ કહે છે કે હે મહારાજ જયસિંહ! જેમ અઘાસુર નામના અજગરરૂપધારી અસુરના ઉદરમાંથી શ્રીકૃષ્ણે ગાય અને ગોવાળોને બાહાર કાઢ્યા તેમ તમે બલખમાં શત્રુના સૈન્યની મધ્યમાં ઘેરાયલાં દિલ્હીપતિના લશ્કરને તેમાંથી બહાર કાઢ્યું.

એમાં દૃષ્ટાંતાલંકાર છે.

અઘાસુર કંસનો મોકલેલો એક દૈત્ય હતો, તે ગોકુલમાં કૃષ્ણનો નાશ કરવાના હેતુથી ગયો હતો તેની કથા ભાગવતના દશમ સ્કંધમાં પ્રસિદ્ધ છે.

नृपतिविवेक.

घरघर हिंदुनी तुरुकिनी, देत असीस सराह ।
पतिनु राखि चादर चुरी, पति राखी जयसाह ॥ ५९७ ॥

અર્થ-ઘર ઘરમાં હિંદુઓની અને તુર્કોની સ્ત્રીઓ વખાણ કરી આશીશ આપે છે અને કહે છે કે અમારા પતિઓને બચાવી ચાદર અને ચૂડીની લાજ હે જયશાહ તેં રાખી.

એક સમયે દિલ્હીના પાદશાહની ફોજ મારવાડના રાજા અજીતસિંહ એડાયલપર ચઢી અને તે રાજા પણ યુદ્ધને માટે તૈયાર થયો, તે સમયે મહારાજા જયસિંહે વચમાં પડી સમાધાન કરી લડવા ન દીધા. તેપર તુરકાણીઓ કહે અમારી ચાદરની લાજ તેં રાખી અને હિંદવાણી કહે અમારી ચૂડીની લાજ તેં રાખી; કારણ કે લડાઇમાં તેમના પતિ માર્યા ગયા હોત તો રંડાપો પ્રાપ્ત થયાથી એ બે વાનાં ઉતારવાં પડત.

"आयो इत उमडि अजीतसिंह ऐडायल संग ले विकट सुभटनके समाजकों." कृष्णदत्त.

लटुआलों प्रभु कर गहै, निगुनी गुन लपटाय ।
वहै गुनी करतें छुटै, निगुनी ये व्है जाय ॥ ५९८ ॥

અર્થ-નિર્ગુણીને ગુણથી લપેટીને ભમરડાની પેઠે પ્રભુ (રાજા જયસિંહ) કરમાં ગ્રહે છે, પરંતુ તે જ ગુણી હાથથી છૂટતાં નિર્ગુણ થઈ ચાલ્યો જાય છે.

તાત્પર્ય એ કે ભમરડાપર જેનું સ્વામિત્વ એવો પુરુષ જ્યારે તેને કરમાં ધરે છે, ત્યારે તે ગુણ એટલે દોરારહિત એવો છતે ગુણ એટલે દોરાથી લપટાય છે અને જ્યારે તે ભમરડો હાથથી છૂટે છે ત્યારે નિર્ગુણ એટલે દોરા વગરનો થાય છે તેમ મહારાજ જેને હાથ ધરે છે તે ગુણી-ગુણવાન થાય છે અને જ્યારે તેનાથી દૂર થાય છે ત્યારે નિર્ગુણી થાય છે.

એ ગુણ, નિર્ગુણી, ગુણી એ શબ્દોમાં શ્લેષ રહ્યો છે.

हास्यरस.

रवि बन्दो कर जोरकै, सुनत श्यामके बैन ।
भये हँसोहे सबनिके, अति अनखोहे नैन ॥ ५९९ ॥

અર્થ–શ્રીકૃષ્ણે કાત્યાયની વ્રત કરનારી ગોપીઓને કહ્યું કે તમે હાથ જોડીને સૂર્યને નમસ્કાર કરો. એવાં શ્રીકૃષ્ણનાં વચન સાંભળતાં સઘળીઓનાં હસતાં એવાં નેત્ર ક્રોધભર્યાં અથવા ક્રોધભર્યાં નેત્ર હસતાં એવાં થયાં.

એમાં પર્યાયાલંકાર છે.

શ્રીમદ્ભાગવતના દશમ સ્કંધમાં ચીરહરણના સંબંધમાં ઉપલો દોહરો છે.

"गोपवधूनके चीर चुराय कदंबपैं धाय चढ्यो हरि ज्योंही, हाथसों गात छिपायकै वे सकुची सतरायकैं मागत त्योंही." कृष्णदत्त.

અર્થ–ગોપવનિતાનાં ચીર ચોરીને જેવા ધાઇને હરિ કદંબના ઝાડપર ચઢ્યા, તેવી હાથથી ગાત્ર છુપાવી લાજ પામી કોપ કરીને તે માગવા લાગી.

તે સમયે કૃષ્ણે તેમને જે કહ્યું અને તે શ્રવણ કરવાથી તેમને થયલી લાગણી, તે ઉપલા દોહરામાં દર્શાવી છે.

पौराणिकनी मश्करी.

परतिय दोष पुरान सुनि, हँसि मुलकी सुखदानि ।
कसि करि राखी मिस्रहू, मुख आई मुसकानि ॥ ६०० ॥

અર્થ–વ્યાસજી પુરાણ વાંચતા હતા તેમાં પરસ્ત્રીગમનનો દોષ સાંભળી સુખની દેવાવાળી એવી પરકીયા તે પ્રસન્ન થઇને હસી અથવા મુખ મલકાવીને હસી; આણી તરફ મિશ્રજી (વ્યાસજી)એ હોઠપર આવેલું હસવું ખેંચીને (બલાત્કારે) રાખ્યું.

શબ્દાર્થ-हुलकी=અંગ મોડીને-પ્રસન્ન થઇને. सुखदानि=વ્યાસજીને પોતાને સુખ આપનારી. कासिकारि=ખેંચીને-બાંધીને. मिश्र=પૂજ્ય અથવા પંડિત.

અનુમાનાલંકાર છે. જ્યાં વચન સાધ્યસાધનરૂપ હોય ત્યાં અનુમાનાલંકાર જાણવો. સાધન એટલે હેતુ અને તેથી જે સિદ્ધ થાય તે સાધ્ય. ઉપલા ઉદાહરણમાં પરકીયાનું હસવું એ સાધન અને પરસ્પરની પ્રીતિ તે સાધ્ય તેથી અનુમાનાલંકાર જાણવો.

દૈવજ્ઞની મશ્કરી.

चित पितुघातक जोग लखि, भयो भयें सुत सोग ।
फिर हुलस्यो जिय जोयसी, समझ्यो जारज जोग ॥ ६०१ ॥

અર્થ-કોઈ જોશીને ઘેર પુત્ર અવતર્યો, ત્યારે પુત્રનું જાતક ફલ જોઈ પિતુઘાતક યોગ દૃષ્ટિએ પડતાં જોશીને પુત્ર જન્મ્યાથી શોક થયો. વળી જારજ યોગ જોવામાં આવતાં તે જોશી પ્રસન્ન થયો.

પુત્ર જારથી ઉત્પન્ન થયો છે તેથી જારનો ઘાતક છે એમ જાણી જોશી પ્રસન્ન થયો.

"दीठ पर्यो पितुघातक योग विचार हिये अतिही अकुलानों, जारज योग लख्यौ तबही मुख क्यौ बर मानिहुलास सयानों." कृष्णदत्त.

અર્થ-જન્મકુંડલીમાં પિતુઘાતક યોગ દૃષ્ટિએ પડ્યો તે મનમાં વિચારી જોશી અતિ અકલાયો પણ જેવો જારજ યોગ જોવામાં આવ્યો કે તે શાણો ભલું થયું એમ માની ઉલ્હાસ પામતો હસ્યો.

એમાં લેશાલંકાર છે. જ્યાં દોષનું ગુણરૂપે અથવા ગુણનું દોષરૂપે વર્ણન ત્યાં લેશાલંકાર. જારજ દોષમાં ગુણ તેથી એ અલંકાર જાણવો.

વૈદ્યની મશ્કરી.

वहु धन ले अह सानके, पारो देत सराहि ।
वैदवधू हँसि भेदसों, रही नाह मुख चाहि ॥ ६०२ ॥

અર્થ-કોઈ વૈદ્ય ઝાઝું ધન લઈ ઉપકાર કરી અતિ પ્રશંસા કરી કોઇને પારો આપે છે, ત્યાં તે વૈદ્યની સ્ત્રી ભેદથી હસી પતિનું મુખ જોઈ રહી.

આ પારદ રસથી શતસ્ત્રીસંભોગસામર્થ્ય પ્રાપ્ત થાય છે એવી એવી

ડફાસ વૈદ્ય હાંકતો હતો અને દરદી પાસેથી ઝાઝા પૈસા પડાવતો હતો, તે જોઈ વૈદ્ય પોતે જ કાં એ ઔષધનો ઉપયોગ નથી કરતો એવા અભિપ્રાયથી વૈદ્યની સ્ત્રી હસી.

એમાં અનુમાનાલંકાર છે. સ્ત્રીના હસવાપરથી વૈદરાજમાં પૌરુષ કેટલું તે સિદ્ધ થયું તેથી અનુમાનાલંકાર જાણવો.

गुप्ता नायिका.

देवर फूल हने जु हसि, उठो हरखि अंग फूल।
हँसी करत औखधि सखिनि, देह ददोरनि भूल ॥ ६०३ ॥

અર્થ–દીયરે જે પુષ્પોનો પ્રહાર કીધો તેથી હસી હરખી ઉઠી અને અંગ ફૂલ્યું, અર્થાત્ નાયિકાના તનમાં હર્ષરોમાંચાદિક થયા. તે સમયે દદ્રુ રોગની ભ્રાંતિથી સખીઓ ઔષધ લગાડવા લાગી તે જોઈ નાયિકા હસી.

એમાં સખિઓથી પણ આકારનું ગોપન કર્યું તે એવી રીતે કે તેમના પણ જાણવામાં ન આવ્યું તેથી આકૃતિગુપ્તા જાણવી.

એમાં દેવર એટલે પતિનો નાનો ભાઈ એમ અર્થ કરતાં બન્નેની પ્રીતિમાં અનૌચિત્ય હોવાથી રસાભાસ થાય તે દૂર કરવા માટે કોઈ પડોસમાં રહેનારો વ્યાવહારિક રીતે કહેવામાં આવતો દીયર એમ અર્થ લેતાં અપ્રગટ પરપુરુષાનુરાગવાળી હોવાથી નાયિકા પરકીયા જાણવી. એમાં ભ્રમાલંકાર છે.

लक्षिता नायिका.

और सबै हरषी फिरैं, गावति भरी उछाह।
तुही बहू बिलखी फिरै, क्यों देवरके व्याह ॥ ६०४ ॥

અર્થ–સાસુ કહે છે કે બીજી જે સ્ત્રીઓ તે સહર્ષ ફરે છે અને ઉત્સાહભરી ગીત ગાય છે, ત્યારે હે વધૂ! તું જ કેમ દીયરના વિવાહમાં મ્હોડું ઉતરી ગયલું એવી ફરે છે?

અથવા જેના દીયરનો વિવાહ એવી પડોસણ કહે છે કે બીજી બધી હરખમાં ફરે છે ને તું જ હે વહુ! મારા દીયરના વિવાહમાં કેમ ઉદાસ ફરે છે?

એમાં નાયિકાનાં મુખમાલિન્ય ઉપરથી તેની પ્રીતિ પાડોસણ જાણી ગઈ તેથી હેતુલક્ષિતા નાયિકા જાણવી. એમાં દીયરના વિવાહરૂપ ગુણવડે મુખમાલિન્યરૂપ દોષની પ્રાપ્તિ વર્ણવવામાં આવી તેથી ઉલ્લાસાલંકાર જાણવો.

कलिकाल.

समे पलट पलटै प्रकृति, को न तजै निज चाल ।
भो अकरुण करुणा करो, यह कपूत कलिकाल ॥ ६०५ ॥

અર્થ-સમય બદલાય તેની સાથે જ સ્વભાવ પણ બદલાય છે. પોતાની જે ચાલ તે કોણ નથી છોડતો? અર્થાત્ સહુ કોઈ છોડે છે. હે કરુણાનિધિ! તમે કરુણા રહિત થયા છો, મારાપર દયા કરો, આ કપૂત એવો કલિકાલ છે.

"यह कपूत कलिकाल" એ ચોથા ચરણનો હું જે આ કપૂત તેનાપર આ કલિકાલના સમયમાં કૃપા કરો એવો પણ અર્થ કરવામાં આવ્યો છે.

એમાં સહોક્તિ અલંકાર છે. સમય અને સ્વભાવનું બદલાવું એક સાથ જ થયું તેથી એ અલંકાર જાણવો.

करुणारस.

दीरघ साँस न लेइ दुख, सुख साई मति भूल ।
दई दई कत करत है, दई दई सु कबूल ॥ ६०६ ॥

અર્થ-દુઃખથી દીર્ઘશ્વાસ મળે, સુખસ્વરૂપ ભગવાનને મ ભૂલ. દૈવ! દૈવ! શું કરે છે? જે દૈવે તને આપ્યું છે તેનો અંગીકાર કર.

એમાં યમકાનુપ્રાસ શબ્દાલંકાર છે.

मनने शिक्षा.

दियो सु सीस चढाय ले, आछी भाँति अहेरि ।
जापै चाहत सुख लयो, ताके दुख हि न फेरि ॥ ६०७ ॥

અર્થ-જે ભગવાને તને આપ્યું છે તે માથે ચઢાવી લે, ભલી ભાંતે જો. જેનાથી સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તેના દીધેલાં દુઃખને પાછું મ ફેરવ.

એ ભક્તની પોતાના મન પ્રત્યે ઉક્તિ છે.

भक्तनी प्रार्थना.

कीने चित सोई तरौं, जेहि पतितनके साथ ।
मेरे गुन औगुन गननि, गिनो न गोपीनाथ ॥ ६०८ ॥

અર્થ-ચિત્તમાં તેજ વિચાર કરો કે જેથી બધા પતિતો ભેગો હું પણ

તરું (સંસારસાગરને). હે ગોપીનાથ! મારા ગુણ અવગુણની આપ ગણના ન કરો.

એમાં દીપકાલંકાર છે. જ્યાં વર્ણ્ય અને અવર્ણ્યના ધર્મનું ઐક્ય વર્ણવવામાં આવે ત્યાં દીપકાલંકાર જાણવો. ઉપલા ઉદાહરણમાં ગુણ અને અવગુણનું ન ગણવારૂપ એક ક્રિયાગત ધર્મવડે ઐક્ય કથન કરવામાં આવ્યું તેથી દીપકાલંકાર છે.

मनने उपदेश.

भजन कह्यो तातें भज्यो, भज्यो न एकौ बार।
दूर भजन जातें कह्यो, सो तैं भज्यो गँवार ॥ ६०९ ॥

અર્થ-કવિ કહે છે કે, જેને ભજવાનું કહ્યું તેનાથી દૂર ભાગ્યો (નાઠો) અને એકવાર પણ તેને ન ભજ્યો. હે ગમાર! જેનાથી દૂર ભાગવાનું કહ્યું તેનું એટલે વિષયનું ભજન એટલે સેવન તેં કર્યું.

આશય એ કે ભગવાનને તું ભજ્યો નહિ ને વિષયસેવન તેં કીધું.

એમાં યમકાનુપ્રાસ છે. એકવાર વર્ણ જે ક્રમમાં આવ્યા હોય તે જ ક્રમમાં તેની આવૃત્તિ જોવામાં આવે ત્યાં યમક નામનો અલંકાર જાણવો. કવિપ્રિયામાં એના અનેક ભેદ કેશવદાસે આપેલા છે. સંસ્કૃતમાં ઘટખર્પર કાવ્ય યમકાલંકારથી ભરિત એવું છે.

एकज अनेक रूपे.

मैं समझ्यो निरधार, यह जग काँचो काँचसो।
एक रूप अपार, प्रतिबिम्बित लखियत जहाँ ॥ ६१० ॥

અર્થ-મેં નિશ્ચય સમજી લીધું કે આ જગત્ કાચા કાચ સમાન છે; કે જેની અંદર પરમાત્માના એક રૂપનાં અનેક પ્રતિબિંબ જોવામાં આવે છે.

એમાં બ્રહ્મૈકત્વનું પ્રતિપાદન કરેલું હોવાથી શાંતરસ છે. એમાં ઉપમાલંકાર છે.

अधीरा प्रौढा.

मैं तपाय त्रय तापसों, राख्यो हियो हमाम।
मति कबहूं आवैं इहां, पुलक पसीजे स्याम ॥ ६११ ॥

અર્થ–નાયકની સમક્ષ નાયિકા સખી પ્રત્યે કહે છે કે, મેં ત્રણ તાપથી હૃદયરૂપી જે સ્નાનગૃહ તે તપાવી રાખ્યું છે, તે રખે શ્રીકૃષ્ણ અહીં આવે ને પુલકિત ને પ્રસ્વેદિત થાય.

નાયિકા કહે છે કે, પ્રથમ તો મદન સંતાપ, ઉદ્દીપનવિભાવ જે ચંદનાદિક તેનો સખીઓએ જે ઉપચાર કરેલો તેથી થયલો સંતાપ તે બીજો અને એના અનાગમનથી થયલો જે સંતાપ તે ત્રીજો, એવા ત્રણ તાપથી તપ્ત કરી રાખેલું જે મારું હૃદયરૂપી સ્નાનગૃહ તેમાં એ રખે પ્રવેશ કરતા. અથવા એમને પણ તેણીના વિરહનો તાપ, બીજો મદન સંતાપ અને ત્રીજો પરાંગના સંભોગ મહાદુ:સાધ્ય તેના શ્રમજનિત તાપ હોવાથી એ તપ્ત હૃદયસદનમાં મ આવો એમ રૂક્ષ વાક્યવડે નાયિકાએ વાક્ચાતુર્યથી નિષેધ કર્યો તેથી અધીરા પ્રૌઢા નાયિકા જાણવી.

એમાં હૃદય અને સ્નાનસદન એમાં અભેદ વર્ણવેલો હોવાથી રૂપકાલંકાર જાણવો. જો એ દોહરામાં ભક્તની ઉક્તિ છે એમ ગણવામાં આવે તો ત્રણ તાપ તે આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક એ જાણવા.

कृष्णभजन विना शाता क्यांथी?

व्रजवासिनको उचित धन, जो घनरुचितन कोइ।
सु चित न आयो सुचितई, कहौ कहातैं होइ॥ ६१२॥

અર્થ–જેના તનની કાંતિ મેઘ જેવી (શ્યામ) એવો તે વ્રજવાસીઓનું ઉચિત ધન છે, તે જો ચિત્તમાં ન પ્રવેશ્યો, તો પછી જીવને નીરાંત તે ક્યાંથી હોય?

શબ્દાર્થ–कोइ=અનિર્દિષ્ટ નામનો. घनरुचितन=જેના શરીરની કાંતિ મેઘ જેવી, ઘનશ્યામ. सुचितई=સ્વસ્થતા–નીરાંત.

એમાં હેતુ અલંકાર છે. કારણ જે ઘનશ્યામ અને કાર્ય જે ધન તે એકરૂપ હોવાથી એ અલંકાર જાણવો.

वीररस.

लोपे कोपे इंद्रलों, रोपे प्रलय अकाल।
गिरिधारी राखे सबै, गो, गोपी गोपाल॥ ६१३॥

અર્થ–ગોપીઓ ઉદ્ધવ પ્રત્યે કહે છે કે, ઇંદ્રના યજ્ઞનો લોપ કર્યાથી તે સુરપતિ સરખો કોપ્યો અને અકાલ જલપ્રલય કરવા માંડ્યો, તે સમયે ગાય, ગોપી અને ગોપોની પર્વત (ગોવર્ધન) ધારણ કરી રક્ષા કીધી.

અથવા ગિરિધારી જે શ્રીકૃષ્ણ તેણે ગાય, ગોપી અને ગોપોનું રક્ષણ કીધું. એમાં ગિરિધારી એ વિશેષ્ય સાભિપ્રાય હોવાથી પરિકરાંકુર અલંકાર અને લોપે, કોપે, રોપે એ ઉપરથી વૃત્ત્યનુપ્રાસ એ શબ્દાલંકાર છે. વર્ણના સામ્યને અનુપ્રાસ કહે છે. એક જ વર્ણની અનેકવાર આવૃત્તિ જોવામાં આવે ત્યાં વૃત્યનુપ્રાસ જાણવો. એને વર્ણમૈત્રી પણ કહે છે.

वीररस.

प्रलय करन बरसन लगे, जुरि जलधर इक साथ ।
सुरपति गरब हर्यो हरखि, गिरिधर गिर धर हाथ ॥ ६१४ ॥

અર્થ–જે સમયે મેઘ એકસાથ ભેળા થઈ પ્રલય કરવાને વરસવા માંડ્યા તે સમયે ગિરિધરે (કૃષ્ણે) હાથપર પર્વત ધારણ કરીને હર્ષ પામી સુરપતિ જે ઇંદ્ર તેનો ગર્વ હરણ કર્યો.

એમાં વીરરસ છે. શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત ધારણ કર્યો તે સમયનું એમાં વર્ણન છે.

स्वीया पतिव्रता.

कहति न देवरकी कुबत, कुलतिय कलह डराति ।
पंजरगत मंजार ढिग, सुकलों सूखति जाति ॥ ६१५ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, કુલસ્ત્રી કલહથી ડરે છે એટલે ઘરમાં ક્લેશ ઉપજે તેથી ડરે છે તે કારણથી દીયરની ખરાબ–ભુંડી વાત કોઈ આગળ કહેતી નથી અને પાંજરામાં રહેલા પોપટની નિકટમાં બિલાડાને જોઈ જેમ તે પોપટ સુકાતો જાય તેમ શરીરે સુકાતી જાય છે.

એમાં સ્વીયા નાયિકા છે, તે પોતાના પાતિવ્રત્ય રક્ષણની ચિંતામાં ને ચિંતામાં સુકાતી જાય છે તે પોપટ પિંજરામાં હોય ને પાસે બિલાડો બેઠો હોય તેની પેઠે સુકાતી જાય છે. દીયર દુર્મતિ બિલાડા સરખો તેનાથી પાતિવ્રત્યનું રક્ષણ કરવું તે પોપટે બિલાડાથી પ્રાણરક્ષા કરવા જેવું વર્ણવવામાં આવ્યું છે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

विभुनी व्यापकता.

मोहनि मूरति श्यामकी, अति अद्भुत गति जोय ।
बसत सु चित अंतर तऊ, प्रतिबिंबित जग होय ॥ ६१६ ॥

અર્થ-ભક્તજન કહે છે કે શ્યામની મનને મોહ પમાડનારી એવી જે મૂર્ત્તિ તેની આશ્ચર્યજનક એવી ગતિ તો જુઓ કે તે ચિત્તના અંતરમાં વસે છે તો પણ જગતમાં પ્રતિબિંબિત થાય છે.

એમાં અદ્‌ભુત રસમાં ભગવાનની વ્યાપકતા વર્ણવવામાં આવી છે. પ્રેમી ભક્તને મલિન જગતમાં પણ ભગવાનનું પ્રતિબિંબ દૃષ્ટિએ પડે છે.

એમાં વિશેષાલંકાર છે. એક જ વસ્તુ એક જ વખતે અનેક સ્થળમાં એક જ રૂપે હોય એ પ્રકારનું જે વર્ણન તે પણ એક પ્રકારનો વિશેષાલંકાર ગણવામાં આવે છે. ઉપલા ઉદાહરણમાં શ્રીકૃષ્ણની એક જ રૂપે એક જ કાલે જગતમાં અનેક સ્થળમાં સ્થિતિ વર્ણવી તેથી વિશેષાલંકાર જાણવો.

अद्भुत रस.

तिय कत कमनैती पढी, बिन जिह भौंहकमान ।
चल चित बेधत चुकत नहिं, बंकबिलोकन बान ॥ ६१७ ॥

અર્થ-હે સ્ત્રી! પ્રત્યંચા (દોરી) રહિત એવી જે ભૃકુટિરૂપી કમાન અને વક્રવિલોકનરૂપી એટલે કટાક્ષરૂપી જે બાણ તેથી ચંચલ એવાં ચિત્તને વીંધે છે ને (નિશાન) ચુકતી નથી એવી ધનુર્વિદ્યા તું ક્યાં શીખી?

चलचित એટલે ચંચલ ચિત્ત જે તરુણ પુરુષોનાં તે દૃષ્ટિથી અગોચર તેને વગર પ્રત્યંચાની ભૃકુટીરૂપી કમાન અને કટાક્ષરૂપી બાણથી વીંધવાં અને નિશાન ચૂકવું નહિ એવી ધનુર્વિદ્યા તું ક્યાં શીખી? એમાં અદ્‌ભુત રસ છે. "मुग्धे धानुष्कता केयमपूर्वा्त्वयि दृश्यते" એ ભર્તૃહરિના શૃંગારશતકના શ્લોક સાથે એ દોહરાનો ભાવ મળતો આવતો જણાય છે. એમાં વિભાવનાલંકાર છે.

प्रीतिनुं अद्भुतत्व.

दृग उरझत टूटत कुटुम, जुरत चतुर सँग प्रीति ।
परति गांठ दुर्जन हिये, दई नई यह रीति ॥ ६१८ ॥

અર્થ–નાયિકા સ્વગત કહે છે કે આંખોનાં મળવાથી કુટુંબ વેગળું થાય છે, ચતુર (નાયક) સંગે પ્રીતિ જોડાય છે અને દુર્જનના હૃદયમાં ગાંઠ પડે છે. હે દૈવ! એ રીત નવી છે. એમાં અસંગતિ અલંકાર છે.

"टूटत कुटुम" એટલે કુટુંબ ટૂટે છે અર્થાત્ સગાંસંબંધીનો જે નાતો તે ટૂટે છે. "नई यह रीति" એટલે એને સ્નેહ સંપ્રદાયની રીત તે નવી (છે). હવે આંખે આંખ મળે તેમાં કુટુંબીઓનો કાંઈ અપરાધ ન કર્યો છતે તે નાતો તોડે છે, તે કુટુંબના હૃદયમાં ગાંઠ પડે કારણ કે તેમણે નાતો તોડ્યો છે તેમ નથી થતું, તે ગાંઠ તો દુર્જનના હૃદયમાં પડે છે. એ નાયિકાના કથનનો અભિપ્રાય જાણવો. એમાં પરકીયા નાયિકા છે.

चिवुकवर्णन.

तो लखि मो मन जो लही, सो गति कही न जाति ।
ठोडी गाड गड्यो तऊ, उड्यो रहै दिनराति ॥ ६१९ ॥

અર્થ–નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, તને જોઈને મારા મનની જે ગતિ થઈ છે તે મારે મુખથી કહી જતી નથી; તારી જે ચિબુક તેના ખાડમાં પડ્યું છતે તે દિનરાત ઉડ્યું ઉડ્યું રહે છે.

બીજાં ખાડમાં પડેલાં નીચે જાય છે, અને આ મન તે ઉડ્યું ઉડ્યું રહે છે એટલે ઊર્ધ્વ ગમન કરે છે એ જે એની અદ્‌ભુત ગતિ તે મારાથી મુખથી વરણી શકાતી નથી એ નાયકનાં કથનનો અભિપ્રાય છે.

એમાં ખાડામાં પડવારૂપ પ્રતિબંધક છતાં ઊર્ધ્વ ગમનરૂપ કાર્યની ઉત્પત્તિ કથન કરવામાં આવી તેથી ત્રીજી વિભાવના જાણવી.

अद्भुत रस.

या अनुरागी चित्तकी, गति समुझै नहिं कोय ।
ज्यों ज्यों बूडै स्यामरँग, त्यों त्यों उज्जल होय ॥ ६२० ॥

અર્થ–ભક્તજન કહે છે કે, અનુરાગી એવું જે આ ચિત્ત તેની ગતિ કોઈ જાણતું નથી; એ જેમ જેમ શ્યામરંગમાં બૂડે છે તેમ તેમ ઉજ્વલ થતું જાય છે.

શ્યામ એટલે કાળા રંગમાં કોઈ વસ્તુ ડૂબે ને ઉજ્વલ થાય એ

વિરોધ તેનો પરિહાર, श्यामरंग એટલે શ્રીકૃષ્ણના રસમાં જેમ જેમ ડૂબે છે એટલે તેની પ્રીતિમાં મગ્ન થાય છે તેમ તેમ આ ચિત્ત ઊજળું થતું જાય છે, એમ શ્લેષયુક્તિથી થાય છે. એમાં વિરોધાભાસ અલંકાર છે.

जीवने शिक्षा.

जम करि मुंहतरहरि पर्यो, धरधर हरि चित लाव ।
विषयतृषा परिहरि अजौं, नरहरिके गुन गाव ॥ ६२१ ॥

અર્થ—કવિ કહે છે કે જમરૂપી જે કરી એટલે હાથી તેના મુખ નીચે પડ્યો છે, તો ધીરજ તારા ચિત્તમાં રાખ અને હજી પણ વિષયતૃષ્ણાનો ત્યાગ કરી હે નર! હરિનાં ગુણગાન કર.

સિંહ હાથીનો શત્રુ, હાથી સિંહથી ડરે છે, યમરૂપી હાથીના મુખથી છૂટવા સિંહરૂપ જે નરસિંહ તેનો આશ્રય કર. હરિ એટલે સિંહ એમ પણ અર્થ થાય છે.

જમરૂપી હાથી, મુખ નીચે એટલે મોઢા આગળ હરિ રહ્યો છે (વેગળો નથી). હે જીવ! ધીરજ ધરી તેપર ચિત્ત લગાડ. હજી વિષય-તૃષ્ણા છોડી નૃસિંહ ભગવાનના ગુણનું ગાન કર એમ પણ અર્થ છે.

રૂપકાલંકાર તથા શ્લેષાલંકાર છે. એમાં શાંતરસ છે.

शांतरस.

कोऊ कोटिक संग्रहो, कोऊ लाख हजार ।
मो संपति यदुपति सदा, बिपति विदारनहार ॥ ६२२ ॥

અર્થ—ભક્તજન કહે છે કે, કોઈ કરોડ ભેગા કરો, ને કોઈ લાખ હજાર ભેગા કરો, પણ સદા વિપત્તિનું વિદારણ કરનાર એવા જે જદુપતિ તે મારી તો સંપત્તિ છે.

એમાં યદુપતિ જે કારણ અને સંપત્તિ જે કાર્ય તે એકરૂપ વર્ણવ-વામાં આવ્યાં તેથી હેત્વલંકાર. એમાં પણ શાંતરસ છે.

शांतरस.

जात जात बित होत है, ज्यों जियमें संतोष ।
होत होत जो होय तो, होय घरैंमें मोष ॥ ६२३ ॥

અર્થ–કવિ કહે છે કે, મનુષ્યના જીવમાં વિત્ત જાતે જાતે જે સંતોષ થાય છે, તેવો જો વિત્ત આવતાં આવતાં થાય તો ઘરમાંજ મોક્ષ થાય.

ચોથા ચરણમાં घरैमें છે તેને બદલે घरीमें એવું પાઠાંતર છે તેમ લેતાં ઘડીમાં મોક્ષ થાય એવો અર્થ જાણવો.

એમાં સંભાવનાલંકાર છે. "આમ હોય તો આમ થાય" એવી સંકેતાર્થમાં કલ્પના કરવામાં આવી હોય ત્યાં સંભાવનાલંકાર જાણવો.

शांतरस.

यह बिरियां नहिं औरकी, तू किरिया वह सोधि ।
पाहननाव चढाय जेहि, कीनो पार पयोधि ॥ ६२४ ॥

અર્થ–કવિ કહે છે કે આ વેળા બીજી ત્રીજી વાતના વિચાર માટે નથી પણ હે જીવ! તું તે પાર ઉતારનારને શોધ કે જેણે પથ્થરની નાવપર ચઢાવી સમુદ્રની પાર (રીંછ વાનરોને) ઉતાર્યા.

રામચંદ્રે સમુદ્રમાં પથ્થરનો સેતુ બાંધી તેપરથી વાનરાદિકના સૈન્યને પાર ઉતાર્યું હતું એવા સમર્થ જે રામ તેમના નામરૂપી નાવનો આશ્રય કરી હે જીવ! તું ભવસાગર તરી જા એમ કવિનું કહેવું છે.

એમાં કાવ્યલિંગાલંકાર છે.

भक्तनी प्रार्थना.

हरि कीजतु तुमसों यहै, बिनाति बार हजार ।
जेहि तेहि भांति डर्यो रहौं, पर्यो रहौं दरबार ॥ ६२५ ॥

અર્થ-ભક્ત કહે છે કે, હે હરિ! હજાર વખત (વારંવાર) તમને એજ વિનતિ કરું છું કે ગમે તે રીતે હું તમારાથી ભય પામતો એવો આપના દરબારમાં પડ્યો રહું (તેમ કરો). એમાં લોકોક્તિ અલંકાર છે.

मानवती नायिका.

मनमोहनसों मोह करि, तू घनश्याम सँभारि ।
कुंजबिहारीसों बिहरि, गिरिधारी उर धारि ॥ ६२६ ॥

અર્થ–માનવતી નાયિકા પ્રત્યે સખી કહે છે કે, તું મનમોહનશું મોહ એટલે પ્રીતિ કર, તું કાળા મેઘને જોઈને તેમને સંભાળ, તે કુંજમાં સ્થિત એવા કુંજવિહારી સંગે વિહાર કર અને હે સ્તનરૂપી પર્વતને ધારણ કરવાવાળી તું તે કૃષ્ણને ઉરશું લગાડ.

તાત્પર્ય એ કે તે જગતના મનને મોહ પમાડનાર છે તેને તું મોહ પમાડ, તે ઘનશ્યામ જગતને શીતળ કરનાર છે, તેમની વિરહાનલની જ્વાલાની તું શાંતિ કર. તે કુંજવિહારી છે તું ત્યાં જઈ તેશું વિહાર કર–તેમને પ્રસન્ન કર. તે ગિરિધારી વ્રજના રક્ષક તું તેમની રક્ષા કર, ઉરશું લગાવી. એમાં તને યશ છે. મારું કહ્યું માન. માન છોડી દે.

જોવામાં જ માત્ર એક અર્થના એવા શબ્દની આવૃત્તિ હોય ત્યાં પુનરુક્તવદાભાસ એ અલંકાર જાણવો. ઉપર મનમોહન, ઘનશ્યામ, કુંજબિહારી વગેરે શબ્દો તેવા હોવાથી પુનરુક્તવદાભાસ અલંકાર જાણવો.

भेख धरे सिद्धि थाय ?

जपमाला छापा तिलक, सरै न एको काम ।
मन काचे नाचे वृथा, साँचे राचे राम ॥ ६२७ ॥

અર્થ–ભક્ત કહે છે કે, જપ, માલા, છાપા અને તિલક એઓથી એક પણ કામ પાર પડતું નથી. જો મન કાચું તો નાચવું વૃથા છે. સાચે (સત્યથી) રામ રાચે (પ્રસન્ન થાય) છે.

એમાં શિષ્ય પ્રત્યે ગુરુની ઉક્તિ છે એમ પણ કહી શકાય.

બીજો અર્થ–જેમને જપ, માળા, છાપા તિલક છે, એટલે એ ચિન્હોવડે જેઓ વૈષ્ણવ છે એમ જોવામાં આવે છે, તેમને જે નમ્યા એટલે તેમને જેણે પ્રણામ કર્યા છે, તેનું કામ સરે એટલે પાર પડે છે–તેને મુક્તિ મળે છે.

जूठो हरिनो भगत जगतमां थइ फरे,
एवानुं पण माधव राखे मानजो." दयाराम–

ત્રીજો અર્થ–જપ, માળા, છાપા ને તિલક કરવાથી પુરાણાનું તો શું પણ નવાનું પણ કાર્ય સિદ્ધ થાય છે. કાચા મનથી ભલે વૃથા નાચે, પણ ખરેખર રામ રાચે છે એટલે પ્રસન્ન થાય છે. એમ બાનાંની લાજ ભગવાને રાખેલી તેના દૃષ્ટાંત ભક્તમાલ વગેરેમાં મળી આવે છે.

वृथा वाद छोडी कृष्ण भजो.

अपने अपने मत लगे, बादि मचावत सोर।
ज्यों त्यों सबकों सेइबो, एकै नंदकिसोर॥ ६२८॥

અર્થ–પોતપોતાના મતને વળગેલા એવા બધા વ્યર્થ ઘુમાટા પાડે છે. જ્યાં ત્યાં અથવા જેમ તેમ સહુને સેવવો એક જ નંદકિશોર છે. એમાં પરિસંખ્યાલંકાર છે.

એ ભક્તનું વચન છે. અથવા કવિ કહે છે કે વાદીઓ ભલે વ્યર્થ ઘોંઘાટ મચાવે. પરંતુ સર્વનો અધીશ્વર એક શ્રીકૃષ્ણ એ સિદ્ધાંત છે.

गुणातीत थतां प्रभू निकट.

दूरि भजत प्रभु पीठि दै, गुनबिस्तारन काल।
प्रगटत निर्गुन निकट रहि, चंगरंग भूपाल॥ ६२९॥

અર્થ–ગુણ વિસ્તારવાના સમયમાં એટલે જે સમયે જીવ સત્વ, રજ ને તમ એ ત્રણ ગુણના વિસ્તારમાં પડ્યો રહે છે તે સમયે તેને પીઠ દઈ પ્રભુ તેનાથી દૂર ભાગે છે અને "निस्त्रैगुण्यो भवार्जुन" એ ગીતાના વચન પ્રમાણે જે નિર્ગુણ થાય છે, તેની નિટકમાં જ પ્રભુ પ્રગટ થાય છે, એવા ચંગ એટલે મોટા પતંગ જેવા ભૂપાલ એટલે પૃથ્વીનું પોષણ કરનાર ભગવાન્ છે.

ગુણ એટલે દોરો વધારવામાં આવે તેમ તેમ પતંગ તેના માલિકથી વેગળો થતો જાય છે, તેમ રજતમાદિ ગુણની જ્યાં વૃદ્ધિ જોવામાં આવે ત્યાંથી પ્રભુ વેગળા થાય છે; પતંગ ગુણરહિત દોરા વગરનો થાય છે, ત્યારે તેના માલિકની નિકટમાં રહે છે તેમ માણસ જો રજતમાદિ ગુણથી રહિત થાય તો ભગવાન નિકટમાં જ પ્રગટ થાય એ તાત્પર્ય જાણવું.

ઉપમાલંકાર છે.

लाखविना पण साख रहो.

तौ अनेक औगुनभरी, चाहै याहि बलाय।
जो पति संपतिहू बिना, यदुपति राखै जाय॥ ६३०॥

અર્થ–યદુપતિ જે કૃષ્ણ તે સંપતિ વગર પણ જો પત એટલે લજ્જા રાખ્યા જાય તો આજે અનેક અવગુણની ભરી એવી લક્ષ્મી તેને અમારી

ભલા ચાહે, એટલે તે પ્રાપ્ત કરવાની ઇચ્છા અમારી ભલા કરે, અમે ન કરિયે. જો, તો એ પદ ઉપરથી સંભાવનાલંકાર જાણવો.

સ્ત્રીની छबीरूप छायाग्राहिणी.

या भवपारावारकों, उलँघि पार को जाय।
तिय छबि छायाग्राहिनी, गहै बीचही आय ॥ ६३१ ॥

અર્થ–કવિ કહે છે કે આ સંસારરૂપી મહાસાગરને ઓળંગીને પાર કોણ જઈ શકે? કારણ કે સ્ત્રીની છબી તે રૂપી જે છાયાગ્રાહિણી તે વચમાંથી જ આવીને પકડી લે છે.

તુલસીકૃત રામાયણમાં "निशिचरि एक सिंधु महँ रहई, करि माया नभके खग गहई" એને લગતી સુંદરકાંડની ચોપાઇઓમાં એક રાક્ષસી જળમાં છાયા પડેલી જોઈ કપટથી પક્ષીઓને પકડતી અને જેણે તેવી રીતે મહાવીર હનૂમાનનો પણ પગ પકડ્યો હતો તે રાક્ષસીને ઉપલા દોહરામાં છાયાગ્રાહિણી કહી છે. હવે તેમાં અને સ્ત્રીની છબીમાં અભેદ વર્ણવેલો છે તેમ જ ભવ અને મહાસાગરમાં પણ અભેદ વર્ણવેલો હોવાથી રૂપકાલંકાર જાણવો.

जगकर्त्ताने न जाण्या.

जगत जनायो जिहिं सकल, सो हरि जान्यो नाहिं।
ज्यों आँखिन सब देखिये, आँखि न देखी जाहिं ॥ ६३२ ॥

અર્થ–કવિ કહે છે કે, જે હરિયે અખિલ જગતને જણાવ્યું, તે હરિને તેં જાણ્યો નહિ, તે કોની પેઠે? કે જેમ આંખોવડે સઘળું જોવામાં આવે છે, પણ આંખ જોવામાં નથી આવતી તેમ.

શબ્દાર્થ–जनाया=ઉપજાવ્યું; ચેતન કીધું. એમાં શાંતરસ છે.

हरि हृदयमां क्यांथी आवे?

तौलगि या मन सदनमें, हरि आवैं केहि बाट।
निपट विकट जबलों जुटे, खुलै न कपट कपाट ॥ ६३३ ॥

અર્થ–જ્યાં સૂધી અતિ વિકટ એવાં કપટરૂપી કમાડ ભીડેલાં રહે અને ખુલે નહિ ત્યાં સૂધી આ ચિત્તરૂપી સદનમાં હરિ કયે માર્ગે થઈને આવે?

એમાં રૂપકાલંકાર છે, કારણ કે મન અને સદનમાં તેમજ કપટ અને કમાડમાં અભેદ વર્ણવવામાં આવ્યો છે. એમાં શાંતરસ છે. ભક્તની ઉક્તિ છે.

"कहै कवि कृष्ण तुही देखिधौं बिचार मनमंदिरमें तोलों हरि आवै केहि वाट रे।
जडेहैं बिकट बृथाबादकी जंजीरनसों जोलों ये खुलत नाहि कपट कपाट रे॥ कृष्णदत्त.

અર્થ–કૃષ્ણ કવિ કહે છે કે, હે જીવ! તારા મન મંદિરનાં જ્યાં સૂધી વિકટ વૃથા વાદની જંજીરોથી કપટરૂપ કમાડ જકડેલાં રહે અને ખુલે નહિ ત્યાં સૂધી તેમાં હરિ કયે માર્ગે થઈ આવે?

हृदय कुटिल केम राखवुं पड्युं?

करो कुबत जग कुटिलता, तजौं न दीन दयाल।
दुखी होहुगे सरल हिय, बसत त्रिभंगी लाल॥ ६३४॥

અર્થ–ગમે તો આખું જગત્ મારી નિંદા કરો પણ હે દીનદયાલ! હું મારી કુટિલતા તજવાનો નથી. તે એટલા માટે કે કુટિલતાનો ત્યાગ કરી મારું હૃદય જો હું સરલ કરું તો હે ત્રિભંગી (ત્રણ ઠેકાણેથી વાંકા) લાલ (કૃષ્ણ) તમે દુઃખી થાઓ.

કવિ કહે છે કે હે ભગવાન્! તમે ચરણ, કટિ ને ગ્રીવા એ ત્રણ ઠેકાણેથી વક્ર તેવા તે મારા કુટિલ હૃદયમાં વાસ કરો છો તે તમને અનુકૂળ પડે તેમ છે, જો હું મારું હૃદય સરળ એટલે સીધું કરું તો તેમાં તમે વાંકા (ત્રણ સ્થળે) તે કેમ સુખે રહી શકો?

એમાં હૃદયની કુટિલતા કાયમ રાખવારૂપ અર્થનું ભગવાનને સુખ આપવારૂપ અર્થવડે સમર્થન કરવામાં આવ્યું તેથી કાવ્યલિંગાલંકાર જાણવો.

सूम ससरो.

कन दैबो सौंप्यो ससुर, बहू थुरहथी जानि।
रूप रहँ चटे लगि लग्यो, मांगन सब जग आनि॥ ६३५॥

અર્થ–કવિ કહે છે કે વહુને ન્હાની હથેલીવાળી જાણી સસરાએ યાચકોને અન્નદાન આપવાનું તેણીને સોંપ્યું, તો તેણીનાં સ્વરૂપ સૌંદર્યની લાલચથી આખું જગત્ માંગવા ઉલટયું!!

વહુની હથેલી ન્હાની તેથી અનાજ કમતી ખપે એવું સૂમ સસરાના

મનમાં, પણ આખું જગત્ માંગવા ઉલટયું તેથી ઉલટો વધારે દાણો આપ્યો, એમ ઇષ્ટાર્થનો ઉદ્યમ કરતાં અનિષ્ટની પ્રાપ્તિ વર્ણવવામાં આવી તેથી વિષમાલંકાર જાણવો.

स्थलनो प्रभाव.

सबै सुहायेही लगैं, बसे सुहाये ठाम ।
गोरे मुँह बेंदी लसै, अरुन, पीत, सित, श्याम ॥ ६३६ ॥

અર્થ–કવિ કહે છે કે ઉત્તમ સ્થળમાં વાસ કર્યાથી સઘળાં સોહામણાં જ લાગે છે. જુઓ કે ગોરાં એવાં મુખપર રાતો, પીળો, શ્વેત કે કાળો ગમે તે રંગનો ચાંલ્લો કરવામાં આવે તે શોભા આપે છે.

લાલ ચાંદલો તે કુંકુમનો, પીળો તે કેસરનો, શ્વેત તે ચંદનનો, અને કાળો તે કસ્તુરીનો એમ સમજવું. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

नेपुरान्योक्ति.

पायल पाँय लगीरहै, लगे अमोलक लाल ।
भोडरहूकी भासि है, बेंदी भामिनि भाल ॥ ६३७ ॥

અર્થ–દૂતી નાયક પ્રત્યે કહે છે કે, અમૂલ્ય લાલ જેને જડવામાં આવેલાં એવું નેપુર પગે લાગેલું રહે છે. ચાંદલો ભલે અભ્રખનો તોપણ તે સ્ત્રીના લલાટમાં શોભવાનો.

ધણી પણ નીચ હોય તો તે નીચા સ્થાનને જ યોગ્ય હોય છે, અને નિર્ધન છતે પણ ઉચ્ચ કુલ હોય તો ઉંચા સ્થાનને પ્રાપ્ત થાય છે તેપર આ અન્યોક્તિ કવિએ કહી છે એમ પણ સંભવે.

જેનું મૂલ્ય ન થઈ શકે એવા લાલ જેમાં જડવામાં આવેલાં એવું નેપૂર તે પગને માટે બને છે, અને જેમાં એવડું મૂલ્ય નહિ એવો અભ્રખનો ચાંદલો તે ભામિનીના લલાટપર શોભે છે, એ પણ કાળની બલિહારી જાણવી.

मित्रनुं मित्र प्रत्ये वचन.

जो चाहै चटक न घटै, मैलो होय न मित्त ।
रज राजस न छुवाइये, नेह चीकने चित्त ॥ ६३८ ॥

અર્થ—હે મિત્ર! સ્નેહથી ચીકણું એવાં ચિત્તને તે મલિન ન થાય અને તેની ચમક ન ઘટે એવી જો તારી ઇચ્છા હોય, તો રજોગુણરૂપી જે રજ (ધૂલ) તેનો એને સ્પર્શ થવા પામે તેમ મ કર.

"अत्र स्निग्धे घृतादियुक्ते वस्तुनि रजःस्पर्शं विनैव उज्ज्वलता भवति।

एवं स्निग्धे मनसि राजसगुणस्पर्शं विनैव उज्ज्वलता शृंगारित्वं भवतीति भावः॥

"शृंगारसप्तशती."

અર્થ—એમાં ચીકણી એટલે ઘૃતાદિયુક્ત વસ્તુઓ તેમાં જો રજ (ધૂળ)નો સ્પર્શ ન થાય તોજ સ્વચ્છ રહે છે તે પ્રમાણે સ્નિગ્ધ—સ્નેહ-યુક્ત હૃદયમાં જો રજોગુણનો સ્પર્શ ન થાય તોજ તે ઉજ્જ્વલ રહે એ ભાવ છે. એમાં રૂપકાલંકાર તથા શ્લેષાલંકાર છે.

શબ્દાર્થ—नेह=સ્નેહ, પ્રીતિ. (પક્ષાંતરે). તેલ વગેરે. ઘી रज=ધૂળ, જરા-પણ. राजस—રજોગુણ, લોભ, કામ, ક્રોધ વગેરે.

शिष्यने गुरुनो उपदेश.

अजौं तर्यो नाहीं रह्यो, स्रुति सेवत इक अंग।
नाकबास बेसर लह्यो, बसि मुक्तनिके संग॥ ६३९॥

અર્થ—ગુરુ શિષ્ય પ્રત્યે કહે છે કે, શ્રુતિ એટલે વેદ તેને એક દેશમાં સેવતો રહ્યો તોપણ આજ સૂધી તર્યો નહિ ને જીવન મુક્ત જનોની સંગતમાં રહ્યો તેમણે કોઈ બરાબરી ન કરી શકે એવો નાકવાસ એટલે સ્વર્ગવાસ પ્રાપ્ત કર્યો.

બીજો અર્થ—એક રંગથી શ્રુતિ એટલે કાનનું સેવન કરતાં તાટંક (કર્ણ-ભૂષણ) અદ્યાપિ તર્યું નહિ, પણ મોતીયોની સાથે નિવાસ કરી નથની-વાળીએ નાકવાસ પ્રાપ્ત કર્યો છે.

શબ્દાર્થ—तर्यो नाही=તાટંક જ (બીજા પક્ષમાં) તર્યો નહિ એવો જ. इकअंग=એક પ્રકાર—એક દેશ—એક તરેહ—(વામમાર્ગ પણ શ્રુતિમાં છે). नाक=જેમાં દુઃખ નહિ એવું—વૈકુંઠ, સ્વર્ગ—નાસિકા—बेसर=અનુપમ—બરોબરી જેની કોઇથી થઈ ન શકે એવું. मुक्तन=મોતીઓ (બીજા પક્ષમાં) જીવન મુક્ત મહાત્માઓ. એમાં શ્લેષાલંકાર છે.

चतुरने वश करनारी दृष्टि ते न्यारीज!!

अनियारे दीरघ नयन, किती न तरुनि समान ।
वह चितवनि औरै कछू, जिहिं बस होत सुजान ॥ ६४० ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, જેમનાં અણિયાળાં ને દીર્ઘ એવાં નેત્ર એવી કેટલીએ સ્ત્રીઓ એક સરખી દૃષ્ટિએ પડે છે, પણ તે ચિતવણી (દૃષ્ટિ) જેથી નાગરજન વશ થાય છે તે તો કાંઈ ન્યારી જ છે,

એ ઉપરથી ચતુરને વશ કરવાને સમર્થ તો એક તારી જ દૃષ્ટિ છે, એ સખીનો અભિપ્રાય છે. તે ઉપરથી તેવી નજર તું નાયકપર નાખ અને માન છોડી દે એ ભાવ.

શબ્દાર્થ–अनियारे=તીક્ષ્ણ એવાં. सुजान=ચતુર નાગર. औरैकछु=કાંઈ ન્યારીજ. એમાં ભેદકાતિશયોક્તિ અલંકાર છે.

मुकुटान्योक्ति.

जो सिर धरि महिमा मही, लहियत राजाराउ ।
प्रगटत जडता आपनी, मुकुट सुपहिरत पाउ ॥ ६४१ ॥

અર્થ–કવિ કહે છે કે, રાજા રાણા જેને મસ્તકપર ધારણ કરી મહીતલમાં મહિમા વધારે છે (મેળવે છે) તે મુગટ પગે પહેરતાં પોતાની જ મૂર્ખતા પ્રસિદ્ધ થાય છે (પ્રગટે છે).

જે ઉચ્ચ પદને યોગ્ય તેને નીચ સ્થાનમાં જગા આપવાથી તે સ્થાન આપનારની જ મૂર્ખતા પ્રસિદ્ધ થાય છે. એમાં અન્યોક્તિ અલંકાર છે.

चकोरान्योक्ति.

चित दै देखि चकोर ज्यों, तीजे भजै न भूख ।
चिनगी चुगै अँगारकी, पियै कि चन्दमयूख ॥ ६४२ ॥

અર્થ–માનવતી નાયિકા પ્રત્યે સખી કહે છે કે ચિત્ત દઈને તું ચકોરને જો, કોઈ ત્રીજી વસ્તુથી તેની ભૂખ ભાંગતી નથી; કાં તો અંગારાની ચિનગી ચુગે છે કે કાં તો ચંદ્રકિરણનું પાન કરે છે.

જેને એક જ આશ્રય હોય તેને તેના વગર બીજી વસ્તુથી સંતોષ ન થાય.

"अनल भखै ससिरति हि तू, चकोर गिनत न ताप ।
भस्म होइ भवभाल लगुं, हुइ कबि मित्तमिलाप ॥" "दया सतसइ."

અર્થ–ચંદ્રની પ્રીતિની ઇચ્છા કરનાર ચકોર અગ્નિ ભક્ષણ કરે છે અને તાપને ગણતું નથી તે એવી આશાથી કે (અનલ ભક્ષણ કરી) ભસ્મ થઈ શિવજીના કપાલમાં લાગુંતો ત્યાં કદાચ મિત્ર મિલાપ થાય. (શિવજીના મસ્તકપર ચંદ્રમા છે.)

ચકોર પક્ષી અગ્નિની ચનગારી ચુગે છે એ પ્રસિદ્ધ છે.

लक्षिता नायिका.

तू मत माने मुकतई, किये कपट बत कोटि ।
जो गुनही तो राखिये, आँखनिमाहि अगोटि ॥ ६४३ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે આમ કપટની વાત તું કરોડો મારી આગળ કરે, તેથી ચાલો હવે આપણે છૂટ્યાં એમ ચિત્તમાં સ્વસ્થતા રાખી રખે બેસતી. લોકમાં એવી રીત છે કે અપરાધી જનોને નજર કેદ રાખવા તે પ્રમાણે તારું કપટ ચાતુર્ય જોઈ હું તને આંખમાં બંદ કરી રાખું છું.

એ ઉપરથી તારું કપટ સઘળું મારી નજરમાં છે. તું પરપુરુષાનુરાગ મારાથી છુપાવે છે તેનો હેતુ હું સમજી ગઈ છું. એવો સખીના કથનનો અભિપ્રાય હોવાથી હેતુલક્ષિતા નાયિકા જાણવી. એમાં સંભાવનાલંકાર છે.

બીજો અર્થ–કપટની કરોડો વાત લોક કરે, તેથી તું જુદાઈ રખે જાણતી. જો તને નાયક અપરાધી જ લાગતો હોય અને મારા કહેવાપર વિશ્વાસ ન આવતો હોય તો લોક રીતનું અનુકરણ કરી તેને નજરકેદ એટલે તારી નજર બંદ કરી તેમાં છુપાવી રાખ. એ પણ સખીની નાયિકા પ્રત્યે ઉક્તિ છે.

चित्रदर्शन.

दुचितै चित हलति न चलति, हँसतिन झुकति विचारि ।
लिखित चित्र पिय लखि चितै, रही चित्रलों नारि ॥ ६४४ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, સંકલ્પ વિકલ્પાત્મક ચિત્તથી નથી હાલતી, નથી ચાલતી, નથી હસતી કે વિચાર કરી નથી ક્રોધ કરતી, એવી રીતે નાયકને ચિત્ર આલેખતો જોઈ, ચિત્ર સરખી થઈ નાયિકા જોઈ રહી.

નાયક જે ચિત્ર કાઢે છે તે મારું કે બીજી કોઇનું એ વિચારથી નાયિકાના ચિત્તને સંકલ્પ વિકલ્પાત્મક કહ્યું. હાલે ચાલે નહિ તે એટલા

માટે કે પગલાંનો અવાજ સાંભળે તો ચિતરતો બંધ પડે. મારી મૂર્તિ એ ચિતરે છે કે બીજાની તે જાણ્યા વગર હસાય નહિ અને ક્રોધ પણ ન કરાય એવી સ્થિતિમાં નાયિકા પોતે જ ચિત્રમાં ચિતરી હોય તેમ જોઈ રહી.

એમાં સંદેહાલંકાર છે. ઉપમા પણ છે.

परकीया नायिका.

देह लग्यौ ढिग गेह पति, तऊ नेह निरवाहि ।
ढीली अँखियनही इतै, गई कनखियन चाहि ॥ ६४५ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે, તેણીનો ગૃહપતિ મારી અડોઅડ પાસ બેઠેલો હતો, તોપણ તેણીએ સ્નેહ નિભાવ્યો; તે એવી રીતે કે નીચાં નેત્ર કરી તિરછી આંખથી એટલે કટાક્ષ કરી મારી ભણી જોઇને ચાલી ગઈ.

એમાં ગૃહપતિ અડોઅડ બેઠેલો છતે એવા શબ્દોનો પ્રયોગ કરેલો હોવાથી કાર્યને પ્રતિબંધક છતાં દર્શનલાભરૂપ કાર્યની ઉત્પત્તિ કથન કરવામાં આવી તેથી ત્રીજી વિભાવના જાણવી.

એમાં પરકીયા નાયિકાની ચેષ્ટા નાયકે સખી આગળ વર્ણવેલી છે.

મોટું काम मोटाथीज बने.

कैसे छोटे नरन सौं, सरत बडनके काम ।
मढ्यो दमामाजात क्यौं, सौ चूहेके चाम ॥ ६४६ ॥

અર્થ–નાનાં માણસોથી મોટાઓનું કામ કેવી રીતે પાર પડી શકે? સેંકડો (સો) ઉંદરોનાં ચામડાં ભેગાં કરીએ તોપણ તેથી દમામું એટલે ઉંટ કે હાથીપર રાખવામાં આવે છે તે નગારું શી રીતે મઢ્યું જાય?

એમાં કાકૂક્તિ છે, તેમ જ દૃષ્ટાંતાલંકાર પણ છે.

केश जेवा सज्जन ने कुच जेवा नीच.

संपति केस सुदेस नर, नवत दुहुँनि इक बानि ।
विभव सतर कुच नीच नर, नरम विभवकी हानि ॥ ६४७ ॥

અર્થ–કવિ કહે છે કે, કેશ અને સજ્જન તે સંપત્તિ પ્રાપ્ત થતાં નમ્ર થાય છે. એ બન્નેની એક રીત છે; અને કુચ અને નીચ જન જે વૈભવ પ્રાપ્ત થતાં કઠોર થયલા તે પોતાની સમૃદ્ધિનો નાશ થતાં નમ્ર થાય છે.

એમાં પ્રસ્તુત અને અપ્રસ્તુત પદાર્થોનો નમવારૂપ એક ક્રિયાગત ધર્મમાં અન્વય થયો છે તેથી દીપકાલંકાર જાણવો.

कर्पूरान्योक्ति.

सीतलता रु सुगंधकी, घटै न महिमा मूर ।

पीनसवारे जो तज्यौ, सोरा जानि कपूर ॥ ६४८ ॥

અર્થ–કવિ કહે છે કે, પીનસના રોગવાળો જો કપૂરને સૂરોખાર જાણી તેનો ત્યાગ કરે તો તેથી કપૂરની શીતલતા અને તેની સુગંધનો મૂળ જે મહિમા તે ઘટતો નથી.

કોઈ સારા ગુણીનો અણુસમજુ માણસ અનાદર કરે ત્યાં આ અન્યોક્તિ લાગુ થાય.

શબ્દાર્થ–મૂર=મૂળ–જડ (વાતની). પીનસ=જેમાં ઘ્રાણશક્તિનો નાશ થાય છે એવો એક નાકનો રોગ.

માત્ર નામથી શું?

बडे न हूजे गुनन बिन, बिरद बडाई पाय ।

कहत धतूरेसों कनक, गहनो गढ्यो न जाय ॥ ६४९ ॥

અર્થ–કવિ કહે છે કે, માત્ર નામની વડાઈ પામ્યા એટલે નામ મોટું પડ્યું તેટલાથી જ ગુણો ન હોય તો કાંઈ મોટા થવાય નહિ; એમ તો ધંતુરાને કનક કહેવામાં આવે છે, પણ તેથી કાંઈ ઘરેણું ઘડ્યું જાતું નથી.

એમાં માત્ર નામથી નહિ પણ ગુણથી મોટાઈ પ્રાપ્ત થાય છે. એ સામાન્ય અર્થનું ધંતુરાને કનક ભલે નામ આપવામાં આવે પણ તેથી ઘરેણું ન ઘડાય એ દૃષ્ટાંતગર્ભિત વિશેષ અર્થથી સમર્થન કરવામાં આવ્યું તેથી અર્થાંતરન્યાસાલંકાર જાણવો.

प्रेमपयोधि पशूनरने मन छीलरुं.

गिरितें ऊचे रसिकमन, बूडे जहाँ हजार ।

वहै सदा पसुनरनकों, प्रेमपयोधि पगार ॥ ६५० ॥

અર્થ–કવિ કહે છે કે, પર્વત સરખાં ઊંચાં જે રસિકજનોનાં મન તે જેમાં હજારો ડૂબી ગયાં એવો પ્રેમ સમુદ્ર તે પશૂ મનુષ્યોને મન ખાબો-ચિયાં સરખો છે.

એમાં પ્રેમ જે ઉપમેય, અને સમુદ્ર જે ઉપમાન તે બેમાં અભેદ વર્ણવવામાં આવ્યો તેથી રૂપકાલંકાર જાણવો.

संग तेवो रंग.

संगति दोष लगै सबनि, कहते साँचे बैन ।
कुटिलबंक भ्रूसंग मे, कुटिलबंक गति नैन ॥ ६९१ ॥

અર્થ–કવિ કહે છે કે, સંગતિનો દોષ સહુને લાગે છે એમ લોક કહે છે તે વચન સાચાં છે, જુઓ કુટિલ અને વાંકી એવી ભૃકુટીની સંગતમાં રહી કુટિલવક્રગતિ યુક્ત નેત્ર થયાં છે.

એકના દોષથી બીજાને દોષની પ્રાપ્તિ વર્ણવેલી હોય ત્યાં પણ ઉલ્લાસાલંકાર થાય છે એ લક્ષણપરથી ભૃકુટીની કુટિલતા અને વક્રતારૂપ જે દોષ તેની પ્રાપ્તિ બીજાં જે નેત્ર તેમને થઈ, એમ કથન કરવામાં આવ્યું તેથી ઉલ્લાસાલંકાર જાણવો.

दुर्जनने सज्जन संग न लागे.

संगति सुमति न पावहीं, परे कुमतिके धंध ।
राखो मेलि कपूर में, हींग न होय सुगंध ॥ ६९२ ॥

અર્થ–કવિ કહે છે કે, કુબુદ્ધિની ધાંધલમાં જે પડ્યો હોય તેને સંગવડે સુમતિ પ્રાપ્ત નથી થતી; ગમે તો કપૂરમાં મૂકી છાંડો પણ હિંગ સુગંધયુક્ત થવાની નથી.

એમાં કપૂર એ સાથે રહેલો પદાર્થ તેનો ગુણ જે સુગંધ તેનો અનંગીકાર વર્ણવવામાં આવ્યો તેથી અતદ્ગુણાલંકાર જાણવો.

ઉલ્લાસ અને અવજ્ઞા એ બે અલંકારના લક્ષણમાં જે 'ગુણ' શબ્દ વાપરવામાં આવ્યો છે તે 'દોષ' એ શબ્દનો વિરોધી જાણવો અને તદ્ગુણ તેમજ અતદ્ગુણ એમના લક્ષણમાં આપવામાં આવેલો 'ગુણ' શબ્દ તે રૂપ, રસ, ગંધ ઇત્યાદિકનો બોધક જાણવો.

संपत्ति रूपी सलिल अने मनरूपी सरोज.

बढत बढत संपति सलिल, मन सरोज बढि जाइ ।
घटत घटत सुन पुनि घटै, बरु समूल कुम्हिलाइ ॥ ६९३ ॥

અર્થ–કવિ કહે છે કે, સંપત્તિરૂપી સલિલ એટલે જળ તે વધતાં વધતાં મનરૂપી જે સરોજ એટલે કમલ તે વધી જાય છે, પરંતુ તે જળ ઘટતાં ઘટતાં મનપંકજ ફરી ઘટતું નથી, પણ મૂલ–જડ સહિત કરમાઈ જાય છે.

એમાં સંપત્તિ અને સલિલ એ ઉપમેય અને ઉપમાનમાં તેમ જ મન અને સરોજ જે ઉપમેય, અને ઉપમાન તેમાં અભેદ વર્ણવેલો હોવાથી રૂપકાલંકાર જાણવો.

"सदनसरोवरमें सुखकी हिलोर न सों, संपतसलिल ज्योंही ज्योंही सरसात है ।
यह तो प्रगट सब जगत बखानत है, मनहु सरोज त्योंही त्योंही अधिकात है ॥"

कृष्णदत्त.

અર્થ–ઘરરૂપી સરોવરમાં સુખના મોજા ઉછળ્યાથી જેમ જેમ સંપત જળની સરસાઈ થતી જાય છે, તેમ તેમ મન કમલ પણ વૃદ્ધિ પામતું જાય છે એ જગપ્રસિદ્ધ વાત છે.

जेने जे गमे ते सुंदर.

समैसमै सुंदर सबै, रूप कुरूप न कोइ ।
मनकी रुचि जेती जितै, तितै तिती रुचि होइ ॥ ६९४ ॥

અર્થ–કવિ કહે છે કે સમયે સમયે સહુ સુંદર લાગે છે, કોઈ રૂપાળું કે કદરૂપું નથી. મનુષ્યના મનની રુચિ જેટલી જેપર હોય છે તેટલી તે સ્થળે તે સુંદર જણાય છે.

"सुंदर रूप कहो कि हि काम है, जो अपने चितमें नहिं आवै ।
जो चितमांझ कुरूप चुम्यो तो वहै, उरकों अति मोद बढावै ॥ कृष्णदत्त.

અર્થ–જો આપણા ચિત્તમાં રુચે નહિ તો સુંદર રૂપ શું કામનું? જો ચિત્તમાં કુરૂપ ચોંટી બેઠું તો તે જ અંતઃકરણમાં અતિ આનંદની વૃદ્ધિ કરે છે; એ સખીની સખી પ્રત્યે ઉક્તિ છે એમ જાણવું.

हारान्योक्ति.

मूँड चढाये तउ रहै, परे पीठि कचभार ।
रह्यो गरे परि राखिये, तऊ हियेपर हार ॥ ६९५ ॥

અર્થ–કવિ કહે છે કે, માથે ચઢાવ્યા છતે આ વાળનો બોજો પીઠપર પડ્યો રહે છે અને ગળે પડી રહ્યો છતે મુક્તાહાર છાતીપર રાખવામાં આવે છે.

શબ્દાર્થ—मुंह चढ़ाना=માથે ચઢાવવું. સત્કાર કરવો. पीठपर्यो=પાછળ પડી રહેલો એવો—જેનો આદર કરવામાં નથી આવતો એવો. गरेपरि=ગળે પડીને—સામાની ઇચ્છા વિના અગડંબગડં સમજાવી પટાવીને. हियेपर राखिये= પ્રીતિ કરિયે—આદર કરિયે—સ્નેહ કરીએ. એમાં અન્યોક્તિ અલંકાર છે.

स्वभाव मटे नहि.

भाँवरि अन भाँवरि भरो, करो कोटि बकवाद ।
अपनी अपनी भाँतिको, छुटै न सहज सवाद ॥ ६९६ ॥

અર્થ—કવિ કહે છે કે, રુચિમાં અરુચિ ભરો, કરોડ બકવાદ કરો પણ પોતપોતાની આદતનો જે સ્વાભાવિક સ્વાદ તે છૂટતો નથી.

શબ્દાર્થ—भावरि=રુચિ. बकवाद=वाक्यवाद—ટકટક. भांति=ટેવ, આદત, રીત. स्वाद=મજા.

कृपणता तज.

जेती संपति कृपनके, तेती तू मत जोर ।
बढ़त जात ज्यों ज्यों उरज, त्यों त्यों होत कठोर ॥ ६९७ ॥

અર્થ—કવિ કહે છે કે, સૂમના ઘરમાં જેટલી સંપત્તિ હોય છે તેટલી બધી તું ભેગી મા કર; કારણ કે જેમ જેમ કુચ વધતાં જાય છે તેમ તેમ તે કઠોર થતાં જાય છે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

हर्ष शोकनो एक साथ उद्भव.

पिय बिछुरनको दुसह दुख, हरख जात प्यौसार ।
दुरजो धनलों देखियत, तजत प्रान इहिबार ॥ ६९८ ॥

અર્થ—સખી સખી પ્રત્યે કહે છે કે, પતિથી વિખુટાં પડવાનું અસહ્ય દુઃખ છે અને પીહર જવાનો નાયિકાને હરખ છે એવી પ્રાણ તજતી વખત જેવી દુર્યોધનની હતી તેવી આ વખતે નાયિકાની સ્થિતિ જોવામાં આવે છે.

જ્યારે હર્ષશોક એક સાથ થાય ત્યારે મરણ થાય એવું દુર્યોધનને વરદાન હતું એ કથા મહાભારતમાં છે. નાયિકાને પણ પીયર જવાનો હર્ષ ને પતિથી વિખુટાં પડવાનું દારુણ દુઃખ બે એકસાથ થયાથી દુર્યોધનના સરખી સ્થિતિ થઈ. એમાં ઉપમાલંકાર છે.

लोभरूपी चसमा.

घर घर डोलत दीन व्है, जनजन जाचत जाय।
दिये लोभचसमा चखनि, लघु पुनि बडो लखाय॥ ६५९.॥

અર્થ-કવિ કહે છે કે, તું દીન થઈને ઘર ઘર ડોલે છે, તેમ જ જન જન પ્રત્યે જઈ યાચના કરે છે. તેં લોભરૂપી ચસમાં આંખે લગાડ્યાં છે એટલે તને ન્હાના (માણસ) છતે મોટા જોવામાં આવે છે.

એમાં લોભ જે ઉપમેય અને ચસમા જે ઉપમાન તેમાં અભેદ વર્ણવ્યો તેથી રૂપકાલંકાર છે.

"यद्यपि है अति सूक्षम हु वह याहि तऊ अतिदीरघ भासै."

कृष्णदत्त.

અર્થ-જોકે જેની આગળ યાચના કરે છે તે અતિ સૂક્ષ્મ છે છતે એને એટલે એ યાચકને તો તે અતિ સ્થૂલ જોવામાં આવે છે; (કારણ કે લોભરૂપી ચસમાં એણે આંખે લગાડ્યાં છે.)

दूतीनो खप क्यारे न पडे ?

कालबूत* दूती बिना, जुरै न और उपाय।
फिर ताके टारै बनै, पाके प्रेम लदाय॥ ६६०॥

અર્થ-કવિ કહે છે કે, જ્યારે ઘરમાં-મહેલમાં કમાનના આકારનાં આરકાં મુકવાનાં હોય છે, ત્યારે તેની નીચે જે મટોડી ને રોડાં વગેરેની કાચી ચણાઈ કરવામાં આવે છે તેને હિંદીમાં કાલબુત કહે છે. તે કાલબૂતની સહાયતા વિના જેમ ચણાઈ જોડાયલી ન રહે ને ફાટ પડે છે તેમ કાલબૂતરૂપ જે દૂતી તે વિના નાયક નાયિકાનો પ્રેમ તે રૂપી જે ગુંબજ તે જોડાય નહિ, અને જ્યારે લદાવ-ગુંબજ પરિપકવ થઈ જોડાઈ જાય ત્યારે જેમ પેલા કાલબૂતની આવશ્યકતા રહેતી નથી તેમ પાકો પ્રેમ નાયક નાયિકાનો જોડાયો એટલે દૂતીને દૂર કરવી પાલવે.

એમાં રૂપકાલંકાર છે.

---

* મહેરાબ અથવા ગુમ્મજ બનાવવા માટે નીચે ભરાવ (ભરણી) તેવા જ ઢંગનો બનાવી ઉપર મહેરાબ વગેરે બનાવે છે તે જ ભરાવને કાલબૂત કહે છે.

समडीना माळामां मांस न बचे.

बहक न इहिं बहिनापने, जब तब बीर बिनास ।
बचै न बडी सबीलहू, चीलहघौंसुआ मास ।। ६६१ ।।

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, એ જે બ્હેનપણીપણું તેથી તું બ્હેક મા, હે બ્હેન! જાણ કે ક્યારેક પણ એમાં વિનાશજ છે; કારણકે મોટી યુક્તિથી પણ એટલે ગમે તે પ્રકારે યુક્તિ કરતાં પણ સમડીના માળામાં માંસ ન બચી શકે.

નાયિકાને સખી કહે છે કે એવી સ્વાર્થરત જે નાયકની પ્રિયા તેની સાથનાં સખીત્વમાં જ્યારે ત્યારે પણ વિનાશજ છે એમ સમજી એનું બ્હેનપણીપણું છોડ. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

नीच कूत्याज कामना.

नीच हिये हुलसे रहैं, गहे गेंदके पोत ।
ज्यों ज्यों माथे मारिये, त्यों त्यों ऊँचे होत ।। ६६२ ।।

અર્થ–કવિ કહે છે કે, હૃદયમાં ઉલ્લાસિત એવા નીચ દડાનો ગુણ ગ્રહણ કરી રહેલા હોય છે. જેમ જેમ એમના માથાપર મારિયે તેમ તેમ ઊંચા થાય છે.

" जितही निचाइ देखि तितही ढर किजाहि ऊंचे होत त्यों त्यों ज्यों माथे मारियत है ॥

कृष्णदत्त.

અર્થ–નીચ પુરુષ અને દડો એ બે એવા છે કે જ્યાં કાંઈ નીચાઈ જોવામાં આવે તે તરફ જ ઢળી જાય છે અને જેમ જેમ માથાપર પ્રહાર કરવામાં આવે છે તેમ તેમ ઊંચા થાય છે. એમાં દૃષ્ટાતાલંકાર છે.

प्रकृति न छुटे.

कोटि जतन कोऊ करै, परै न प्रकृतिहिं बीच ।
नलबल जल ऊँचे चढै, अंत नीचको नीच ।। ६६३ ।।

અર્થ–કવિ કહે છે કે, કોઈ કરોડ યત્ન કરે તોપણ સ્વભાવમાં ફેર પડતો નથી; નલના બલથી જલ ઉંચે ચઢે છે, પરંતુ આખરે તો નીચેનું નીચે જ આવે છે.

શબ્દાર્થ-प्रकृति=સ્વભાવ. बीच=ફેર, તફાવત, અંતર. नल=ફુહારાનો નલ. એમાં દ્દષ્ટાંતાલંકાર છે.

"सो जगमें लखिये परतच्छ करो, जल यंत्र न सों निहचै है ।
केतोउ ऊंचौ चढै नलके बल नीर, तऊ ढरि नीचोई ऐ है ॥" कृष्णदत्त.

અર્થ-તે જગતમાં પ્રત્યક્ષ જોવામાં આવે છે. તેનો જો નિશ્ચય કરવો હોય તો જલયંત્રથી થશે તે એમ કે નલના બલથી જલ કેટલુંએ ઉંચે ચઢે તોપણ અંતે તે ઢળીને નીચે જ આવશે.

अर्कान्योक्ति.

जाके एकौ एकहू, जग व्यौसाय न कोय ।
सो निदाघ फूलैफलै, आक डहडहो होय ॥ ६६४ ॥

અર્થ-કવિ કહે છે કે, જે એકલો અને જેની સાથે જગતમાં કોઈ વ્યવસાય કરતું નથી એવો જે આંકડો (આંકડાનું ઝાડ) તે ગ્રીષ્મ ઋતુમાં ફૂલ ફળની સંપત્તિથી લીલો છમ થાય છે.

"न वसन्ते वर्षासु नो, शिशिरे हेमन्ते न ।
विकसति फलति किलार्क इति पश्य निदाघगुणेन" ॥ शृंगारसप्तशती.

અર્થ-નહિ વસંતઋતુમાં, નહિ વર્ષાઋતુમાં, નહિ શિશિરમાં કે નહિ હેમંતમાં જે વિકસિત થઇને ફલ્યો, તે આંકડો નિશ્ચયે ગ્રીષ્મઋતુમાં વિકસિત થઈ ફૂલ્યો ફળ્યો થાય છે તે જો. એમાં અન્યોક્તિ અલંકાર છે.

સરખાં નામથી શું ?

गुनी गुनी सबकोउ कहत, निगुनी गुनी न होत ।
सुन्यो कहूं तरु अर्कतें, अर्क समान उदोत ॥ ६६५ ॥

અર્થ-કવિ કહે છે કે, ગુણવ્હોણાને ગુણી ગુણી એમ સહુ કોઈ કહે તેથી કાંઈ તે નિર્ગુણી ગુણી થતો નથી. અર્કતરુ એટલે આંકડાનું વૃક્ષ તેમાંથી અર્ક એટલે સૂર્ય તેના સરખો પ્રકાશ થયલો કયાં પણ સાંભળ્યો છે? એમાં અર્થાંતરન્યાસાલંકાર છે.

એ દોહરાના ચોથા ચરણને ઉલટાવી બિહારી બિહારમાં કુંડળિયો ॥ પ્રમાણે છે.

"अर्क समान उद्योत होत को तरुतें देख्यो, बंधुजीव पुनि कोन बंधुको जीवन पेख्यो। अर्जुन तरु हु कहो करी है बानवृष्टि कब, सुकवि नामतें होत कहा अनगुनी गुनी सब." ॥

અર્થ-સૂર્ય સરખો પ્રકાશ ક્યા ઝાડમાંથી થતો દીઠો? બંધુજીવ જે બપોરીયું તેથી ક્યા બંધુનું જીવન જોયું? અર્જુન વૃક્ષ પણ (ખીજડો) ક્યારે બાણવૃષ્ટિ કરવાનો છે તે કહો. સુકવિ કહે છે જે ગુણરહિત તે સઘળા શું નામથી ગુણી થાય છે?

कृपण थइ धन न जोडवुं.

मीत न नीति गलीत है, जो धरिये धन जोरि।
खाये खरचे जो बचै, तो जोरिये करोरि ॥ ६६६ ॥

અર્થ-કવિ કહે છે કે, હે મિત્ર! આપણે અવદશા ભોગવીને ધન ભેળું કરવું એ નીતિ નહિ. ખાતાં ખરચતાં-ખાધે ખરચે જો બચે તો કરોડો ભેળા કરિયે.

તાત્પર્ય એ કે ખાવાપીવાની દુર્દશા ભોગવી ધન ભેળું કરવું એ નીતિ નહિ. એમાં સંભાવનાલંકાર છે.

जेटलो स्नेह तेटलो प्रकाश.

जद्यपि सुंदर सुघर पुनि, सगुनौ दीपक देह।
तऊ प्रकाश करै तितो, भरिये जितो सनेह ॥ ६६७ ॥

અર્થ-સખી નાયિકા પ્રત્યે કહે છે કે, જો કે સુંદર, સુઘડ અને વળી સગુણ એવો દીપક સરખો દેહ છે. તોપણ તેમાં જેટલો સ્નેહ ભરિયે તેટલો પ્રકાશ કરે છે. એમાં શ્લેષાલંકાર તેમજ રૂપકાલંકાર છે.

શબ્દાર્થ-सगुनौ=ગુણવાન પણ (બીજા પક્ષમાં) સૂતરની દીવેટવાળો. सनेह=તેલ (બીજા પક્ષમાં) પ્રીતિ.

पुरुष अने जलाशय.

अरे परेखो को करै, तुही बिलोकि बिचार।
किहिं नर किहिं सर राखियो, खरे बढेपर पार ॥ ६६८ ॥

અર્થ-કવિ કહે છે કે, રે મન! પારખું કોણ કરે? તુંજ જોઇને વિચાર કર કે ક્યા પુરુષે અને ક્યાં જલાશયે અતિ વૃદ્ધિ પામ્યાથી મર્યાદા રાખી છે? અર્થાત્ કોઇએ રાખી નથી.

એમાં દીપકાલંકાર છે. એમાં નર જે વર્ણ્ય અને અવર્ણ્ય જે જલાશય તેમના રાખવારૂપ ક્રિયાગત કર્મનું ઐક્ય કથન કરવામાં આવ્યું તેથી દીપકાલંકાર જાણવો.

प्रोषितपतिका.

जोन्ह नहीं यह तम वहै, कियो जु जगत निकेत ।
होत उदै ससिके भयो, मानौ ससिहर सेत ॥ ६६९ ॥

અર્થ—સખી પ્રત્યે નાયિકા કહે છે કે, આ ચંદ્રિકા નથી પણ તે જ અંધકાર છે જેણે જગતમાં પોતાનું ઘર કીધું છે; તે ચંદ્રનો ઉદય થતાં ભયભીત થઈ ધોળો થઈ ગયો છે.

એમાં પ્રોષિતપતિકા નાયિકા છે, તેને ચાંદની દુઃખકર જણાય છે, તેથી તેને તિમિર ભયભીત થઈ ઉજળું પડી ગયલું તે એ છે એમ સખી પ્રત્યે કહે છે.

બીજી રીતે—આ ચાંદની નથી એ તો તમ અંધકાર કિંવા તમ એટલે રાહુ છે. ચન્દ્રમા આનંદદાયક ને આ દુઃખદાયક છે. જે તમ—તિમિર છે તે ચન્દ્ર થઈ ઉદય પામ્યું છે, જાણે ચંદ્ર ડરીને ઉજળો પડી ગયો છે. અનુક્તાસ્પદવસ્તૂત્પ્રેક્ષાલંકાર છે.

सज्जननो स्नेह.

चटक न छांडत घटत हू, सज्जन नेह गँभीर ।
फीको परै न बरु फटै, रँग्यो चोलरँग चीर ॥ ६७० ॥

અર્થ—કવિ કહે છે કે, ધન ઘટી જતે છતે સજ્જન પુરુષનો ગંભીર સ્નેહ તે પોતાની જે ચમક તે છોડતો નથી. તેનો દૃષ્ટાંત એ કે મજીઠના રંગથી રંગેલું વસ્ત્ર ભલે ફાટી જાય પણ તે ફીકું પડતું નથી.

એમાં અર્થાંતરન્યાસાલંકાર છે.

धंतुरा करतां सुवर्णमां केफ झाझी.

कनक कनकतें सौगुनी, मादकता अधिकाइ ।
उहिं खायें बौराइ जग, इहिं पायें बौराइ ॥ ६७१ ॥

અર્થ–કવિ કહે છે કે, કનક એટલે સોનું તેમાં કનક એટલે ધંતુરા કરતાં સોગણી વધારે કેફ છે. એ જે ધંતુરો તેને ખાધાથી જગત્ દિવાનું બને છે અને આ તો હાથમાં આવ્યાથી દિવાનું બને છે.

એમાં વ્યતિરેકાલંકાર છે.

जुवानी दिवानी.

इक भींजे चहले परे, बूडे बहे हजार ।
किते न औगुन जग करत, नैवै चढती बार ॥ ६७२ ॥

અર્થ–કવિ કહે છે કે, કોઈ ભીંજાયા, કોઈ કાદવમાં પડ્યા તેમ હજારો બૂડ્યા અને તણાયા એમ નવી અવસ્થારૂપી નદીમાં ભરતી આવતાં તે જગતમાં કેટલા અવગુણ નથી કરતી? અર્થાત્ અનેક અવગુણ કરે છે. એમાં ઉલ્લાસાલંકાર છે.

परकीया.

सुखसों बीती सब निसा, मनु सोये इक साथ ।
मूका मेलि गहे जु छन, हाथ न छोडे हाथ ॥ ६७३ ॥

અર્થ–નાયિકા પોતાનો સ્વપ્ન વૃત્તાંત સખી પ્રત્યે કહે છે કે, જાણે એક સાથ સૂતાં હોઇયે તેમ સુખમાં આખી રાત વીતી; મુઠડીમાં પકડી જે નાયકનો હાથ રાખેલો, તેને મારા હાથે એક ક્ષણ પણ છોડ્યો નહિ. અથવા નાયિકાએ મુઠડીમાં જે પોતાનો હાથ પકડેલો તે જાગતાં હાથની મુઠી હાથમાં જોવામાં આવી. એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે.

अनुरागी मन.

जो न जुक्ति पिय मिलनकी, धूर मुक्ति मुहँ दीन ।
ज्यों लहिये सँग सजन तौं, धरक नरकहूकी न ॥ ६७४ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, જો પ્રિયના મિલાપની યુક્તિ નાહ તો તેવી મુક્તિના મુખમાં ધૂળ નાખી, અને જો સજ્જનનો સંગ મલે તો મને નર્કનો પણ ડર નથી.

"प्रियजनस्य संयोगः यत्र न भवति सा मुक्तिरपि सुखाय न भवेत् ।
पुनः स एव प्रियजनसंगः यमपुरेपि यदि भवति तद् गमनपुरं दुःखाय न भवतीत्यन्वयः" ॥

અર્થ-જ્યાં પ્રિયજનનો સંયોગ ન મલે એવી મુક્તિથી સુખ ન થાય, વળી તે જ પ્રિયજનનો સંગ જમપુરીમાં પણ જો થાય તો તે દુઃખોત્પાદક ન જાણવી એ અન્વય. એમાં અનુજ્ઞાલંકાર છે.

वक्रताथीज एनी किंमत वधे!!

गढरचना, बरुनी, अलक, चितवन, भौंह, कमान ।
आघु बंकाईही बढै, तरुनि, तुरंगम, तान ॥ ६७५ ॥

અર્થ-કવિ કહે છે કે, ગઢની રચના, પાંપણ, અલકની લટ, દૃષ્ટિ, ભૃકુટી અને કમાન, તેમ જ તરુણી, અશ્વ અને તાન (સંગીતને લગતું) એટલી વસ્તુનું મૂલ્ય વાંકાપણુથી જ વધે છે. એમાં દીપકાલંકાર છે.

શબ્દાર્થ-रचना=બનાવટ. बरुनी=આંખની પાંપણ. आघु-आघ=(સં-अर्घ्य) મૂલ્ય, કિંમત. बंकाइ=વક્રતા, બાંકાપણું. तुरंगम=ઘોડો. तान=સ્વરનો આરોહ અથવા તેનું ચઢવું.

जगत बुरानुं सन्मान करे छे.

बसै बुराई जासु तनु, ताहीको सनमान ।
भलो भलो कहि छौंडिये, खोटे ग्रह जप दान ॥ ६७६ ॥

અર્થ-કવિ કહે છે કે, જેના શરીરમાં ભુંડાઈ વાસ કરે છે તેનું સન્માન કરવામાં આવે છે; જુઓ કે, ભલા ગ્રહને ભલો કહી છોડી દેવામાં આવે છે અને જે ખોટા ગ્રહ હોય તેનાં જપદાનાદિક કરવામાં આવે છે.

એમાં દૃષ્ટાંત તેમ જ લોકોક્તિ અલંકાર છે.

कोमळ एवां रमणीमन ने नवनीत ते कठिन शाथी थाय छे?

पतिऋतु अवगुन गुन बढतु, मान माहको सीत ।
जात कठिन है अति मृदौ, रमनीमन नवनीत ॥ ६७७ ॥

અર્થ-નાયિકાની સખી નાયકની સખી પ્રત્યે કહે છે કે, પતિના અવગુણથી માનમાં અને ઋતુના ગુણથી માહમહિનાની થંડીમાં વધારો થાય છે તેમ જ પતિના અવગુણથી રમણીનું મન અને માહમહિનાની થંડીથી નવનીત-માખણ એ બે અતિ કોમલ છતે કઠિણ થઈ જાય છે.

એમાં રૂપકાલંકાર છે; તેમ જ પતિઋતુ, અવગુણ ગુણ, માન, માહની થંડી તેમ જ રમણીમન અને નવનીત એમાં ક્રમપૂર્વક રચના જોવામાં આવે છે તેથી યથાસંખ્યાલંકાર પણ છે.

બીજી રીતે-પતિ અને ઋતુના અવગુણ અને ગુણથી માન અને માહની થંડી વધે છે તેમ જ રમણીનું મન અને નવનીત અતિ કોમળ છતે કઠિણ થઈ જાય છે. એમાં પણ ઉપલોજ અલંકાર છે.

नायकनी उक्ति.

जा मृगनयनींके सदा, बेनी परसत पाय ।
ताहि देखि मन तीरथनि, बिकटनि जाय बलाय ॥ ६७८ ॥

અર્થ-નાયક કહે છે કે, જે મૃગનયનીનાં ચરણને વેણી સ્પર્શ કરે છે, તેનું દર્શન કરી હે મન! વિકટ એવાં તીર્થોમાં અમારી બલા જાય.

નાયિકાની વેણી પગ સૂધી લાંબી છે, તે દેખી નાયકની એ પોતાના મન પ્રત્યે ઉક્તિ છે. વેણી એટલે ગંગા, જમના ને સરસ્વતી એ ત્રણનો સંગમ જ્યાં થાય છે, તે પ્રયાગ તીર્થરાજ કહેવાય છે; હવે વેણી (ચોટલો) પણ જેના ચરણને સ્પર્શ કરે છે એવાં જે શ્રીરાધિકા તેમને છોડી એટલે તે તીર્થરાજથી પણ મોટું તીર્થ છોડી બીજાં તીર્થોમાં અમારી બલા ભટકે એ નાયકના કથનનો અભિપ્રાય છે.

नैन तुरंगम अलक छवि, छरी लगी जिहि आय ।
तिहिं चढि मन चंचल भयो, मति दीनी बिसराय ॥ ६७९ ॥

અર્થ-નાયક કહે છે કે, જે નયનરૂપી ઘોડાની અલકની શોભારૂપી છડી આવીને લાગી, તેપર ચઢી મારું મન ચંચલ થયું અને મતિ વિસારી દીધી.

શબ્દાર્થ-तुरंगम=ઘોડો. अलक=વાળ. छबी=શોભા. छरी=છડી, ચાબક. मति=બુદ્ધિ-એમાં રૂપકાલંકાર છે.

नीलकंठान्योक्ति.

कालिंदसदरा बीति है, धरि मूरख जिय लाज ।
दुर्यो फिरतकतद्रुम निपर, नीलकंठ बिनकाज ॥ ६८० ॥

અર્થ-કવિ કહે છે કે દસેરા કાલે વીતી જશે, હે મૂરખ! મનમાં લાજ ધર; હે નીલકંઠ! અમથો શું કરવા વૃક્ષોમાં છુપાતો ફરે છે.

શબ્દાર્થ-દસહરા=ગંગા દશમી, દશ પાપોને હરવાવાળો ગંગાજીનો જન્મદિવસ, જેઠ સુદી દશમી. नीलकंठ=ચાષપક્ષી-મોર.

એમાં અન્યોક્તિ અલંકાર છે. રોજ અમથો નજરે પડ્યાં કરે ને કામ હોય ત્યારે દર્શન ન દે તેપર એ અન્યોક્તિ સંભવે એવી છે.

नबळाने दबावनार त्रण.

कहै इहै श्रुति सुमृति सो, यहै सयाने लोग ।
तीन दबावत निसकही, राजा, पातक, रोग ॥ ६८१ ॥

અર્થ-કવિની ઉક્તિ છે. વેદ અને શાસ્ત્ર તે એમ જ કહે છે. તેમ જ શાણા લોક પણ એમ જ કહે છે કે, રાજા, પાતક અને રોગ એ ત્રણ નિર્બળને દબાવે છે.

પરાક્રમથી હીન તેને રાજા દબાવે, જ્ઞાનબલહીનને પાતક દબાવે અને દેહ-બલહીન એટલે નબળા શરીરવાળાને રોગ દબાવે. એમાં દીપકાલંકાર છે.

શબ્દાર્થ-पातक=પાપ. (પાડવાવાળું) ન્યાતિથી પતિત કરનારું. निसक नि:शक्ति= -નિર્બલ.

फुकराजीथी मोटा न थवाय.

ओछे बडे न ह्वै सकै, लगि सतरौहैं बैन ।
दीरघ होहिं न नैकहू, फारि निहारे नैन ॥ ६८२ ॥

અર્થ-કવિ કહે છે કે, પતરાજીનાં વચનો મુખથી બોલે તેથી કાંઈ નાના તે મોટા થઈ શકે નહિ. આંખો ફાડીને નિહાળિયે તેથી તે જરા પણ મોટી થાય નહિ.

બીજી રીતે-ધમકાવીને વચનો કહેવામાં આવે અથવા ક્રોધ ભરેલાં વચનો કહેવામાં આવે તેથી જે હલકટ તે મહત્વને પ્રાપ્ત ન થાય એટલે મોટો ન થાય. જેને જેવા જગદીશે રચ્યા છે તે તેવા જ રહે છે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

मैं मिसही सोयौं समुझि, मुंह चूम्यौं ढिग जाय ।
हँस्यौ खिसानी गर गह्यो, रही गरे लपटाय ॥ ६८३ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, બહાનું નિદ્રાનું કરી સુતેલો, તે ખરે જ સુતેલો છે એમ સમજી પાસે જઈ તેના મુખને ચુંબન કીધું. તે હસ્યો, હું ખસિયાણી પડી, તેણે કંઠે હાથ નાખ્યો અને હું કંઠે લપટાઈ રહી.

તાત્પર્ય એ કે નાયકે કંઠમાં હાથ નાખી ચુંબન કરવાની ઇચ્છા કરી, પણ મેં ઉંચું મુખ કરી ગલે લપટાઈ તેને તેમ કરવા ન દીધું.

खलनो विश्वास न करवो.

न ये बिसासियै अतिनए, दुरजन दुसह सुभाव ।
आँटे परप्रान निहरत, काँटेलौं लगि पाय ॥ ६८४ ॥

અર્થ–કવિ કહે છે કે, હે મિત્ર! જેનો સ્વભાવ દુઃસહ એવા દુર્જન ઝાઝા નમે તેથી તેમનો વિશ્વાસ ન કરવો; તે દુર્જન એટલે ખલ એવા છે કે, કાંટાની પેઠે પગમાં લાગીને દાવ હાથ લાગતાં આપણા પ્રાણ હરણ કરે છે.

એમાં કાંટો એ ઉપમાન, દુર્જન એ ઉપમેય, પેઠે એ વાચક અને લાગવું એ ધર્મ તેથી પૂર્ણોપમાલંકાર જાણવો.

वणबूड्या बूड्या ने बूड्या ने तर्या.

तंत्रीनाद कवित्तरस, सरस राग रतिरंग ।
अनबूडे बूडे तरे, जे बूडे सब अंग ॥ ६८५ ॥

અર્થ–કવિ કહે છે કે, વીણાનો શબ્દ, કવિતાનો રસ, રસીલો રાગ અને પ્રીતિનો રંગ તેમાં જે ન બૂડ્યા તે બૂડ્યા અને જેઓ સર્વાંગે બૂડ્યા તે તર્યા.

એમાં વીણાના નાદમાં મગ્ન તે નારદાદિક, કાવ્યરસમાં મગ્ન તે વાલ્મીક્યાદિ, ગીતાદિકમાં મગ્ન તે શિવાદિક અને રતિ ને શૃંગાર રસનો સ્થાયી ભાવ તેના રંગમાં એટલે રસમાં મગ્ન તે ગોપ્યાદિક તેમની પેઠે જે સર્વાંગે કરી ને તે રસમાં ડુબ્યા તે સંસારસિંધુને તર્યા એ કવિના કથનનો અભિપ્રાય.

એમાં વિરોધાભાસ અલંકાર છે. કવિપ્રિયામાં "**बरनत लगै बिरोधसो, अर्थ सबै अविरोध; प्रगट बिरोधाभास यह, समुझत सबै सुबोध.**" એ પ્રમાણે લક્ષણ

આપ્યું છે. તેનો અર્થ એ છે કે, ઉપર ઉપરથી વિરોધ જેવું જણાય, પણ અર્થ સઘળા અવિરોધ હોય ત્યાં વિરોધાભાસાલંકાર જાણવો જે ન બૂડ્યા તે બૂડ્યા ને બૂડ્યા તે તર્યા એમાં ઉપર ઉપરથી જણાતા વિરોધનો પરિહાર ઉપલા અર્થથી થઈ ગયો છે.

गमारने गुणनी कद्र क्यांथी ?

सबै हँसत करतारि दे, नागरताके नाउं ।
गयो गरब गुनको सबै, बसे गंवारे गाउं ॥ ६८६ ॥

અર્થ–કવિ કહે છે કે, નાગરના એટલે ચતુરાઇનાં નામથી સઘળા તાળી પાડીને હસે છે; ગમારોના ગામમાં વસ્યાથી ગુણનો સઘળો ગર્વ જતો રહ્યો.

એમાં લેશાલંકાર છે. એનું બીજું નામ લવાલંકાર એવું છે. દંડીએ જેને લેશાલંકાર કહ્યો છે તે મમ્મટના મત પ્રમાણે વ્યાજોક્તિ જાણવી.

જ્યાં દોષનું ગુણરૂપે કિંવા ગુણનું દોષરૂપે વર્ણન કરવામાં આવે ત્યાં લેશાલંકાર જાણવો.

बे राजाना अमलमां प्रजाने दुःख.

दुसह दुराज प्रजानको, क्यों न बढै दुखदंद ।
अधिक अँधेरो जग करत, मिलि मावस रविचंद ॥ ६८७ ॥

અર્થ–કવિ કહે છે કે, દુઃસહ એવા બે રાજાના રાજ્યમાં પ્રજાજનોનાં દુઃખ અને કલેશમાં વૃદ્ધિ કેમ ન થાય? થાય જ; જુઓ, અમાસને દિવસે સૂર્ય અને ચંદ્ર એક રાશીમાં મળી જગતમાં અધિક અંધારું કરે છે.

એમાં દૃષ્ટાંતાલંકાર છે. પ્રસ્તુત વિશેષ વાક્યાર્થના બોધને માટે અપ્રસ્તુત વિશેષ વાક્યાર્થનો દૃષ્ટાંત આપવામાં આવે ત્યાં દૃષ્ટાંતાલંકાર જાણવો. એક રાજમાં બેનો હુકમ દુઃખદાયક એને પ્રસ્તુત વિશેષ વાક્યાર્થ તેના બોધને માટે અમાસને દિવસે સૂર્ય ચંદ્રનું એક રાશીમાં મળી અધિક અંધારું કરવારૂપ અપ્રસ્તુત વિશેષ વાક્યાર્થનો દૃષ્ટાંત આપવામાં આવ્યો તેથી દૃષ્ટાંતાલંકાર જાણવો.

हंसान्योक्ति.

अरे हंस या नगरमें, जैयो आप बिचारि ।
कागनिसों जिन प्रीति करि, कोइल दई बिडारि ॥ ६८८ ॥

અર્થ–કવિ કહે છે કે, અરે! હંસ! આ નગરમાં વિચાર કરીને જજે, કારણ કે અહીંના નગરવાસીઓએ કાગડાઓશું પ્રીતિ કરીને કોયલોને હાંકી કાઢી છે.

જે નગરમાં અવિવેકી જનો વસતા હોય તે ગામમાં જનારા ગુણીને એમાં ઉપદેશ કરવામાં આવ્યો છે. એમાં અન્યોક્તિઅલંકાર છે.

गामडियाणी केवी शोभे छे ?

गोरी गदराने कुचन, हँसत कपोल न गाड ।
कैसी लसत गँवारि वह, सुन किरवाकी आड ॥ ६८९ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, ગોરી આજે તમારા જોવામાં આવે છે, તે પુષ્ટ સ્તનોવાલી છે, હસતાં તેણીના ગાલમાં ખાડા પડે છે. વલી કનકકીટની પાંખની આડ કપાલમાં કરેલી હોવાથી તે કેવી શોભે છે? અર્થાત્ બહુ શોભે છે.

કનકકીટ એ એક જાતનો કીડો છે, તેની પાંખ પન્નાના રંગની હોય છે, તેની આડ કપાલમાં બીજી સ્ત્રીઓની પેઠે આ ગામડાની સ્ત્રીએ પણ લગાવેલી તેની શોભા સખી નાયક આગલ કહી દેખાડે છે.

ગાલમાં ખાડા પડે છે એ પ્રકારે હસવાનું પ્રયોજન એ કે ગમારણી પોતાના જેવી રૂપવતી કોઈ પણ સ્ત્રી નથી એમ માનતી હતી તે એનામાં ગમારપણું જાણવું.

नायिकासौंदर्य प्रशंसा.

सौंनजुहीसी जग मगै, अँग अँग जोबन जोति ।
सुरँग कुसुंभी कंचुकी, दुरँग देहद्युति होति ॥ ६९० ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાના અંગોઅંગમાં જોબનની જ્યોતિ સ્વર્ણયૂથિકા સરખી જગમગે છે; તેણીએ સુરંગ કસુંબા રંગની જે કંચુકી પહેરી છે તે તેણીનાં અંગની પ્રભાવડે બે રંગયુક્ત થાય છે. એમાં ઉપમાલંકાર તેમ જ ઉલ્લાસાલંકાર છે.

नित्य पूर्णिमा.

पत्राही तिथि पाइये, वा घरके चहुँपास ।
नितप्रति पून्योही रहै, आनन ओप उजास ॥ ६९१ ॥

અર્થ-સખી નાયક પ્રત્યે કહે છે કે, પ્રિયાના ઘરની ચારે પાસ પંચાંગથી જ માત્ર તિથિનો પત્તો લાગે છે; કેમકે ત્યાં તેણીનાં વદનની કાંતિના પ્રકાશથી દરરોજ પૂર્ણિમા જ રહે છે. એમાં નાયિકાની મુખશોભા વર્ણવેલી છે. પરિસંખ્યાલંકાર છે.

अहै दहैंडी जिन धरै, जिन तू लेइ उतारि ।
नीकै है छींकौ छुए, ऐसैंही रहि नारि ॥ ६९२ ॥

અર્થ-નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, અરે! દહીંની મટુકી રખે ધરતી તેમ તે. ઉતારી પણ રખે લેતી; સીકાંને જ અડેલી એવી તું મજેની લાગે છે એટલે સીકાને તેં હાથથી ધરેલું એમ જ ભલી છે તેથી એમ જ હે પ્રિયા! તું રહે.

આશય એ કે, સીકાંપર દહીંની મટુકી રાખતાં પ્રિયાનું અંગદર્શન થયું તેપર પ્રીતમનું એ કથન જાણવું. એમાં સ્વભાવોક્તિ અલંકાર છે.

જેટલા નમ્ર થઇયે તેટલી પ્રતિષ્ઠા વધે.

नरकी अरु नळनीरकी, एकै गति करि जोइ ।
जेतो नीचै व्है चलै, तेतो ऊँचो होइ ॥ ६९३ ॥

અર્થ-કવિ કહે છે કે, મનુષ્યની અને નલનાં પાણીની ગતિ એક સરખી જ જોવામાં આવે છે, તે એવી કે જેટલાં નીચાં થઇને એ બે ચાલે તેટલાં ઊંચાં થાય છે.

અર્થાત્ નીચા થઈ એટલે નમ્ર થઈ ચાલવાથી ઊંચી પદ્વીને પ્રાપ્ત થવાય છે અને ઊંચા થવાથી એટલે અભિમાન કરવાથી નીચા થવું પડે છે એટલે નીચે જોવું પડે છે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

कुर्कुटान्योक्ति.

अरे परेखोको करै, तूही मुरग बिचारु ।
कोत कोत सिर राखियै, खरे बढे परिवारु ॥ ६९४ ॥

અર્થ-કવિ કહે છે કે, અરે મુરઘા! પરીક્ષા કરવાવાળો એવો કોણ છે! તુંજ વિચાર કર કે કુટુંબ પરિવાર અતિ વધી ગયાથી ઉકરડા ઉકરડા અથવા કચરાના ઢગલા ઢગલામાં માથું રાખવું પડે છે.

અતિ પરિવાર વધ્યાથી મનુષ્યની કેવી દુર્દશા થાય છે તેનું એમાં વર્ણન કરવામાં આવ્યું છે. અલંકાર અન્યોક્તિ છે.

बुरो बुराइ तजे तो शंका उपजे.

बुरो बुराई जो तजै, तो मन खरो सकात ।
ज्यौं निकलंक मयंक लखि, गनै लोग उतपात ॥ ६९५ ॥

અર્થ–કવિ કહે છે કે જો ભુંડો ભુંડાઇનો ત્યાગ કરે તો તેનાથી મનમાં અતિ ભય ઉપજે છે, તે કોની પેઠે કે જેમ કલંકરહિત એવા ચંદ્રને જોઈ લોક ઉત્પાતની શંકા કરે છે તેવી રીતે. એમાં દૃષ્ટાંતાલંકાર છે.

नायिकानी दृष्टि.

नीची यै नीची निपट, दीठि कुहीलौं दौरि ।
उठि ऊँचे नीचे दियौ, मनकुलंग झकझोरि ॥ ६९६ ॥

અર્થ–નાયક સખી પ્રત્યે કહે છે કે, નાયિકાની દૃષ્ટિ છેક જ નીચીની નીચી એવી તેણે બાજ પક્ષીની પેઠે દોડી. ઉંચે ઉછાળો મારી મારા મન-રૂપી કલવિઙ્ક પક્ષીને આચકો મારી–ઝંઝેડીને નીચે દબાવી દીધું.

શબ્દાર્થ=कुही=નાની બલિષ્ઠ ચકલી, જે મોટાં પક્ષીઓને પણ નસાડી મુકે છે તે. બીજા ગ્રંથમાં कुही=બાજપક્ષી. कुलंग=(સં) कलविङ्क અંગ્રેજી કોશમાં A sparrow. એમાં ઉપમાલંકાર છે. રૂપક પણ છે.

સ્નેહ છૂટતાં પ્રાણ છૂટે છે.

नेह लगै जिनि लगनिजुत, छुटै छुटैंही प्रान ।
काम न आवत एकहू, तेरे सौक सयान ॥ ६९७ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, લગનીયુત એવો સ્નેહ કોઇની સાથે રખે જોડાતો, કેમકે તે સ્નેહ છૂટતાં પ્રાણ પણ છૂટે છે; હે સખી! તું સેંકડો ચતુરાઈ કરે, પણ તેમાંની એકપણ કામ આવે તેમ નથી.

એમાં સહોક્તિ અલંકાર છે, કારણ સ્નેહ અને પ્રાણના એક સાથ છૂટવારૂપ ચમત્કારિક સહભાવ એમાં વર્ણવવામાં આવેલો છે.

लक्षिता नायिका.

रही अचलसी व्है मनो, लिखी चित्रकी आहि ।
तजे लाज डर लोकको, कहो बिलोकति काहि ॥ ६९८ ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, જાણે તારું ચિત્ર આલેખ્યું હોય એટલે તું નહિ પણ જાણે તારું ચિત્ર હોય તેમ અચલસરખી થઈ રહી છે. કહે લોકની લાજ અને ભય છોડી કેને જુવે છે? એમાં ઉત્પ્રેક્ષાલંકાર છે. એમાં લક્ષિતા નાયિકા છે.

જુઠી ના પણ મીઠી.

तनक झूठ निसवादली, कोन बात परिजाय ।
तिय मुख रति आरंभकी, नहि झूठिये मिठाय ॥ ६९९ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, જો જરા જેટલું જુઠું મળે તો સ્વાદવાળી વાત પણ સ્વાદહીન કેમ ન થાય? થાય જ; પરંતુ રતિના આરંભમાં પ્રિયાના મુખની ના, તે જૂઠી છતે મીઠી લાગે છે.

લોકમાં જરા પણ વાતમાં જુઠાણું જાણવામાં આવે તો તે વાત ફીકી પડી જાય છે, પરંતુ સંયોગાવસ્થામાં ના એ નિષેધ વચન મિથ્યા છતે સુધાની સમતાને પ્રાપ્ત થાય છે.

એમાં અયુક્તાયુક્ત અલંકાર છે. કવિપ્રિયામાં કેશવદાસે અર્થાંતરન્યાસના જે ચાર ભેદ કહેલા છે તેમાંનો આ એક ભેદ છે. તેનું લક્ષણ કેશવદાસ એવું આપે છે કે:–"**अशुभै सुभ व्है जात जहँ, कहूँ केसवदास; है अजुक्तै जुक्त कवि, बरनत बुद्धि बिलास.**" ઉપલા ઉદાહરણમાં પ્રથમ અસત્ય મિશ્રિત વાતને ફીકી જણાવી ને અયુક્તને રત્યારંભમાં મીઠી એટલે યુક્ત ઠરાવી તેથી અયુક્તાયુક્ત–નવીનોએ એ અલંકાર ગણ્યો નથી.

प्रेमरूपी चोगाननो खेल.

सरस सुमिल चित तुरँगकी, करि करि अमित उठान ।
गोइ निबाहे जीतिये, प्रेम खेल चौगान ॥ ७०० ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, અનુરાગપૂર્વક ઉત્તમ મેલ કરીને ચિત્તરૂપી ઘોડાની અગણિત દોડ કરી કરીને गोइ એટલે દડો અ-

થવા ગુપ્ત ભેદ તેનો નિભાવ અથવા નિર્વાહ કરવાથી પ્રેમરૂપી મેદાનનો ખેલ જીતાય છે.

તાત્પર્ય એ કે, જેમ દડાને ઘોડેસ્વાર મેદાનમાં કાઠીથી ગબડાવતો ગબડાવતો મર્યાદા સૂધી લઈ જાય છે અને જીતે છે તે પ્રમાણે તું પણ બુદ્ધિથી ભેદ છુપાવી મર્યાદા સૂધી નિભાવી લે.

ચોગાનનો ખેલ એટલે અંગ્રેજીમાં જેને પોલોની રમત કહે છે તે. એ રમત હિંદુસ્તાનમાં પ્રથમ દાખલ કરનાર મુસલમાન હતા. ગિજનીના સુલતાન મહમૂદને, તેમજ તૈમૂરલંગ, બાબર તથા અકબરને એ રમતનો ભારે શોખ હતો. એમાં રૂપકાલંકાર છે.

खुशामतिया.

सघन कुंज जमुहाति तिय, उठी प्रात तजि सैन ।
लगे गुलाब खुसामदी, चुटु चुटु चुटकी दैन ॥ ७०१ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, સવારમાં શયન છોડી સઘન કુંજમાં જ્યારે નાયિકા બગાસાં ખાતી ઉઠી ત્યારે ખુશામતીયાં ગુલાબ ચટ-ચટ ચુટકી બજાવવા લાગ્યાં.

કવિ હીરાચંદે "बगासुं आवे त्यां चपटी चपेटे चारसोक, छींके त्यां छसोक जीओ "घणुं जीवो" लावती" એમ એક કવિતમાં કહ્યું છે તેને મળતી, ખુશામતિયા સેવકો સ્વામી બગાસું ખાય તો ચટચટ ચુટકી બજાવે છે એ વાત આવે છે.

सोवत लखि मन मान धर, ढिग सोयो प्यौ आय ।
रही सुपनकी मिलन मिलि, पिय हियसों लिपटाय ॥ ७०२ ॥

અર્થ-સખી સખી પ્રત્યે કહે છે કે, નાયિકા માન મનમાં ધરીને સૂતી છે એવું જોઈ નાયક (પતિ) તેની પાસે જઈને સૂતો; તે પ્રસંગે જાણે સ્વપ્ન-મિલન હોય તેમ નાયિકા પ્રિયના હૃદયશું લપટાઈ રહી.

નાયિકાએ એ પ્રમાણે મસ કરી પોતાનું કાર્ય સાધ્યું તેથી પર્યાયોક્તિ અલંકાર જાણવો.

बिजुरीमें जनु मेह, आनि यहां बिरहा धर्यो ।
आठहु जाम अछेह, दग झर बरसत रहत हत ॥ ७०३ ॥

અર્થ–નાયક પરદેશથી આવ્યો તે સમયે નાયિકા પોતાની પૂર્વાવસ્થા નિવેદન કરતાં કહે છે કે, વિરહે જાણે વીજળીમાં મેઘને આણીને ધર્યો હોય તેમ નિરંતર આઠો જામ નેત્રોથી ઝડી વરસતી રહેતી હતી.

તાત્પર્ય એ કે તમારા વિરહને લીધે મારી આંખો તે વીજળી અને આંસુ તે મેઘની ઝડી હતાં. એ ઉત્પ્રેક્ષાલંકાર છે.

संताप दशा.

जाति मरी बिछुरत घरी, जल सफरीकी रीति ।
छन छन होत खरी खरी, अरी जरी यह प्रीति ॥ ७०४ ॥

અર્થ–નાયિકા સખી પ્રત્યે કહે છે કે, ઘડીભર પણ વિછડતાં મરી જાય છે એ પાણીની માછલીની રીતિ છે એટલે જલશું માછલીની પ્રીતિની રીતિ એવી છે; પરંતુ હે સખી! આ તો ક્ષણક્ષણ વધતી જાય છે, બળી એ પ્રીત!! એટલે એવી પ્રીતમાં આગ ઉઠી.

આશય એ છે કે માછલી તો મરણ પામી ઝટ દુ:ખમુક્ત થાય છે ને હું તો ક્ષણક્ષણ અધિક દુ:ખ પામું છું.

એમાં સખીની આગળ નાયિકાએ પોતાની સંતાપ દશાવિશેષનું વર્ણન કર્યું તેથી પ્રોષિતપતિકા નાયિકા જાણવી. એમાં વૃત્ત્યનુપ્રાસાલંકાર છે.

प्रौढा नायिका.

ज्यों ज्यों पावक लपटसी, पिय हियसों लिपटाति ।
त्यों त्यों छुही गुलाबकी, छतियाँ अति सियराति ॥ ७०५ ॥

અર્થ–સખી સખી પ્રત્યે કહે છે કે, જેમ જેમ અગ્નિની જ્વાલા સરખી પતિનાં હૃદયશું લપટાય છે તેમ તેમ ગુલાબ જલનો છંટકાવ થતો હોય તેની પેઠે નાયકની છાતી શીતળ થાય છે.

પતિ પરદેશ ગયલો તેના વિરહ સંતાપયુક્ત હોવાથી પાવકની જ્વાલા સરખી નાયિકાને કહેવામાં આવી તે બરાબર છે; પતિનો સમાગમ થતાં તેના અત્યાશ્લેષથી નાયિકાનું પ્રૌઢાત્વ વ્યંજિત થાય છે. એમાં વિભાવના-લંકાર છે તેમ ઉપમાલંકાર પણ છે.

सरोवरान्योक्ति.

जदपि पुराने बग तऊ, सरवर निपट कुचाल ।
नये भये तो कहा भयो, ये मनहरन मराल ॥ ७०६ ॥

અર્થ—કવિ કહે છે કે, હે સરોવર ! જો કે બગલા પુરાણા છે, તોપણ તેમની વર્ત્તણુંક કેવલ ખોટી છે. નવા થયા તેથી શું થઈ ગયું, એ તો મનહરણ કરનારા હંસ છે.

જ્યાં સ્વામી પોતાના પુરાણા ધૂર્ત્ત સેવકોપર પ્રીતિ રાખે અને નવા ગુણવાન સેવકોના સદ્‌ગુણાદિની કદર ન કરે ત્યાં આ અન્યોક્તિ લાગુ પડે એવી છે.

वदन शुं करवा छुपाडे छे?

कुचढापन यातें बनें, दुति सुमेर हरि लीन ।
वदन दुरावन क्यों बनै, चंद कियो जिहिं दीन ॥ ७०७ ॥

અર્થ—નાયક નાયિકા પ્રત્યે કહે છે કે, કુચને ઢાંકવાં-છુપાડવાં તે એટલામાટે ઘટિત કે એમણે સુમેરુની દ્યુતિનું હરણ કર્યું; પણ જેણે ચંદ્રને દીન કર્યો એવાં વદનને છુપાવવું એ કેમ ઉચિત ગણી શકાય ? અર્થાત્ ન ગણી શકાય. એમાં પ્રતીપાલંકાર છે.

चित्तरूपी नटी केम चढे?

ऐरी देरी स्रवन सुनि, तेरी अलक बटोरि ।
चाढि न सकत है चित नटी, निपट चीकनी डोरि ॥ ७०८ ॥

અર્થ—નાયક કહે છે કે, હું કહું છું તે કાને સાંભળી તારા વાળ છૂટ્યા રાખ્યા છે, તેનો અંબોડો વાળ; કારણ છૂટા વાળરૂપી છેક ચીકણી દોરીપર મારા ચિત્તરૂપી જે નટી તે ચઢી શકતી નથી.

એમાં વાળ ને દોરીરૂપ જે ઉપમેય ને ઉપમાન તેમજ ચિત્ત ને નટીરૂપ જે ઉપમેય ને ઉપમાન તેમાં અભેદ વર્ણવ્યો તેથી રૂપકાલંકાર જાણવો.

वाणीनी मधुरता.

बधू अधरकी मधुरता, बरनत मधु न तुलाइ ।
लिखत लिखकके हाथकी, किलक ऊख व्है जाइ ॥ ७०९ ॥

અર્થ–સખી નાયક પ્રત્યે કહે છે કે, નાયિકાના અધરની મધુરતા વર્ણવતાં મધુ તેની તૂલના ન કરી શકે. જો લહિયો તેના અધરમાધુર્યનું વર્ણન લખવા બેસે તો તે લખતાં તેના હાથની કલમ સેરડી થઈ જાય.

એમાં નાયિકાના અધરમાધુર્યની પ્રશંસા કરવામાં આવી છે. એમાં પ્રતીપ તેમ જ અત્યુક્તિ અલંકાર છે.

प्राण जते पण प्रीत न छोडवी.

गति दै मति दै हेत दै, रस दै जस दै दान ।
तन दै मन दै सीस दै, नेह न दीजै जान ॥ ७१० ॥

અર્થ–સખી નાયિકા પ્રત્યે કહે છે કે, તારા પ્રિયતમને ગતિ દે, મતિ દે, હેત દે, રસ દે, અને દાનમાં યશ દે, તન દે, મન દે અને માથું પણ દે; એટલું કરીને પણ તારે સ્નેહ તજવો નહિ.

ठगी गई.

वारनको बुरका कियो, सब अँग लियो छपाइ ।
अँगुठा देखि पर्यो नहीं, अँगुठा गई दिखाइ ॥ ७११ ॥

અર્થ–નાયક કહે છે કે, વાળનો બુરખો કીધો અને પોતાનું આખું અંગ તેમાં છૂપાવી દીધું તે એવું કે તેણીનો અંગુઠો પણ દેખવામાં ન આવ્યો, છતાં મને અંગુઠો દેખાડીને ચાલતી થઈ.

શબ્દાર્થ–वारन=માથાના વાળ. बुरका=આખું અંગ ઢંકાય એવું ઓઢવાનું સીવેલું વસ્ત્ર જેમાં આંખને સ્થળે જાળી રાખવામાં આવે છે તે. अंगुठा=પગનો અંગુઠો. अंगुठा दिखा गई=ઠગી ગઈ અર્થાત્ ખસિયાણા પાડી ગઈ.

એમાં વિરોધાભાસાલંકાર છે. તેમાં ઉપરથી ભાસતા વિરોધનો પરિહાર શ્લેષ ચમત્કૃતિ ધ્યાનમાં આવેથી થઈ શકે છે.

कोनी प्रेरणाथी ग्रंथ रचायो ?

हुकुम पाय जयसाहको, हरि राधिका प्रसाद ।
करी बिहारी सतसई, भरी अनेक सवाद ॥ ७१२ ॥

અર્થ-કવિ બિહારીદાસ કહે છે કે, જયશાહનો હુકમ થયાથી હરિ રાધિકાના પ્રસાદથી મેં આ અનેક સ્વાદથી યુક્ત એવી બિહારી સતસઈ નિર્માણ કરી.

કવિ-દયારામે પોતાની સતસૈયામાં "पुरुषोत्तम गोपीश श्रीकृष्ण मनोहर रूप; तद्प्रीत्यर्थ सु ग्रंथ यह, नहि रिझवनको भूप." એ દોહરામાં જે કટાક્ષ કર્યો છે તે બિહારીપર કર્યો હોય એવું મારું અનુમાન છે. દયારામે પોતાની સતસઈમાં મેં તો કૃષ્ણની પ્રસન્નતાને અર્થે આ ગ્રંથ કર્યો છે, એમ કહ્યું છે; બિહારીદાસે જેમ રાજાને રીઝવવા સતસઈ રચી છે, તેમ મેં નથી કર્યું એવું દયારામ ભાઇના કથનનું તાત્પર્ય જણાય છે. બન્ને કવિવરો સતસઇના રચનાર છે એ તો પ્રસિદ્ધ છે. વળી દયારામની સતસઇમાં બિહારીના દોહરાનો ભાવ આણેલો બે ચાર સ્થળે જોવામાં આવે છે, તેથી એ કટાક્ષ બિહારીદાસપર હોય એમ સિદ્ધ થાય છે.

संवत ग्रहशशिजलधिछिति, छठतिथि वासरचंद ।
चैत्रमास पछ कृष्णमें, पूरन आनँद कंद ॥ ७१३ ॥

અર્થ-કવિ કહે છે કે, ગ્રહ એટલે ૯, શશિ એટલે ૧, જલધિ એટલે ૭ અને પૃથ્વી એટલે ૧. હવે "अङ्कानां वामतो गतिः" એ વચનાનુસારે સંખ્યા ઉલટી લખવામાં આવે છે તેથી વિક્રમ સંવત ૧૭૧૯ ના ચૈત્ર મહિનાના કૃષ્ણપક્ષમાં છઠ ને સોમવારને દિવસે આ આનંદકંદ એવો ગ્રંથ રચાઈ પૂર્ણ થયો.

ग्रंथ प्रशंसा.

सतसैयाके दोहरा, ज्यों नावकको तीर ।
देखतके छोटे लगैं, घाव करैं गंभीर ॥ ७१४ ॥

અર્થ-જેવાં નાવકનાં તીર તેવા આ સતસૈયાના દોહરા, તે જોવામાં નાના લાગે, પણ ઘા ગંભીર એટલે ઉંડા કરે છે.

ग्रंथनी भाषा, उत्तमता अने तेनो रचनार.

ब्रजभाषा वरनी कविन, वहुविधि बुद्धि विलास ।
सबकी भूपन सतसई, करी विहारीदास ॥ ७१५ ॥

અર્થ–અનેક પ્રકારે બુદ્ધિના વિલાસરૂપ એવી વ્રજભાષા કવિઓએ વર્ણેલી છે, તેમાં સહુના ભૂષણરૂપ એવી આ સતસઈ બિહારીદાસે બનાવી છે.

कोणे आ ग्रंथ शीखवो?

जो कोऊ रसरीतिको, समुझ्यो चाहै सार ।
पढै बिहारी सतसई, कविताको शृंगार ॥ ७१६ ॥

અર્થ–જે કોઈ રસરીતિનો સાર સમજવા ઇચ્છા રાખતો હોય, તેણે કવિતાના શૃંગારરૂપ આ બિહારી સતસઇનો અભ્યાસ કરવો.

ग्रंथपर जनरुचि क्यांसूधी रहेशे?

उदै अस्त लौं अवनि पैं, सबकों याकी चाह ।
सुनत बिहारी सतसई, सबही करत सराह ॥ ७१७ ॥

અર્થ–જ્યાં સૂધી ઉદય અસ્ત પૃથ્વીમાં થયાં કરશે ત્યાં સૂધી એટલે જ્યાં સૂધી સૂર્ય ને ચંદ્ર રહેશે ત્યાં સૂધી સહુને આ ગ્રંથપર પ્રીતિ રહેશે, આ ગ્રંથ એવો છે કે, તે શ્રવણ કરતાં સઘળા જ એની પ્રશંસા કરે છે.

ग्रंथमां अर्थ केवा छे?

भांति भांतिके अरथ बहु, यामें गूढ अगूढ ।
जाहि सुनै रसरीतिको, मग समझत अति मूढ ॥ ७१८ ॥

અર્થ–ગૂઢ અને અગૂઢ એટલે ઉંડા અને સ્પષ્ટ એવા ભાતભાતના ઝાઝા અર્થો એમાં રહેલા છે, જે સાંભળવાથી અતિમૂઢ તે રસ રીતિનો માર્ગ સમજી શકે છે.

ग्रंथनो विषय.

विविध नायिका भेद अरु, अलंकार नृपनीति ।
पढै बिहारी सतसई, जानै कवि रसरीति ॥ ७१९ ॥

અર્થ–જેમાં વિવિધ નાયિકાભેદ, અલંકાર અને રાજનીતિ શમાવવામાં આવેલાં છે, એવી આ બિહારી સતસઇનો અભ્યાસ કરતાં કવિ રસરીતિ જાણે અથવા કવિના રસની રીત જાણે.

શુદ્ધિપત્રક

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૧૭	વળગેલી તે છે	વળગેલી છે તે
૩	૮	આવ્યું	આવ્યો
૬	૧૬	નયિકા	નાયિકા
,,	૨૫	દુલહિ ન	દુલહિન
૭	૧૮	માલન	મલિન
૮	૮	बढिते	बढितेँ
૯	૧૬	વિવશન	વિવશ ન
,,	૨૦	ફરીફરી	છુપીછુપી
૧૨	૧૩	बिलोकि उत	लगायउर
,,	૧૬	બોલાવી મુખ-ચુંબન	બોલાવી ઉરમાં લગાવી મુખ-ચુંબન
,,	૨૦	સુતને	સુતને
૧૩	૪	એવી દશા	એવી દશા
૧૫	૨	है	हैं
,,	૮	મિશથી	મિષથી
૧૬	૨૩	धरहरी	धरहरी
૧૯	૧	બિદી	બિંદી
,,	૨૬	કાવ્યલિગા	કાવ્યલિંગા
૨૧	૧૨	चढाय	चढाये
૨૪	૨૬	अगंअगं	अंगअंग
૨૭	૧૪	અધીરાં	અધીરા
૨૮	૨	अनखाहटी	अनखाहटी
૩૨	૨૩	રૂપગવિતા	રૂપગર્વિતા
,,	,,	પ્રેમગવિતા	પ્રેમગર્વિતા
,,	૨૪	રૂપગવિતા	રૂપગર્વિતા
૩૯	૨૪	શાસ્ત્રમાં તે ચાર	શાસ્ત્રમાં ચાર
૪૧	૮	नर्दि	नींद
૪૩	૩	सबका	सबकी
	૧૭	દૃષ્ટિપણે	દૃષ્ટિ પ'ણે

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૪૪	૩	નાયક પ્રત્યે	નાયિકા પ્રત્યે
૪૬	૨	આલિગન	આલિંગન
,,	૪	,,	,,
૪૮	૬	ઉપમેયેનો	ઉપમેયનો
૫૫	૭	છે, તે પણ	છું તોપણ
૫૭	૩	लागै नैननि	लागत नैननि
૫૮	૨૧	न्हांतें	ह्यांतें
૫૯	૧૨	रह चटै	रहचटै
૬૦	૧૫	જ નિત	જનિત
૬૩	૨	जुदी तुम	जु दी तुम
,,	૧૭	ओठ निहिमेँ	ओठनिहिमेँ
,,	૨૦	ભટકે છે	ખટકે છે
૬૪	૧૧	કર્યું છે	કરિયે છૈયે
,,	૨૨	ક્ષણભર સ્થિત	ક્ષણભર ત્યાં સ્થિત
,,	૨૬	શિરોમણી	શિરોમણિ
૬૫	૯	રમણદશા	દશા
,,	૧૩	શ્યામ શરીર	શ્યામશરીર
૬૬	૧૭	कजा कहैं	कजाकहैं
૬૭	૧૫	लेप्यौ	ले प्यौ
,,	૨૭	જ્યારે હરિ	હરિ
૬૯	૨૧	फदकत फरी	फदकत के फरी
૭૨	૨૫	મન સંગ્રહે	મન નહિ સં-ગ્રહે
૭૩	૧૬	ક્રિયા વૈદગ્ધ્ય	ક્રિયાવૈદગ્ધ્ય
,,	,,	ક્રિયા ચાતુર્ય	ક્રિયાચાતુર્ય
૭૬	૧૮	ब्यौर निबहै	ब्यौरनि बहै
,,	૧૯	मोहियो	मो हियो
૭૮	૪	રૂપાલંકાર	રૂપકાલંકાર
,,	૧૩	रविमनों	रवि मनों

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
,,	૧૭	પ્રર્યાય	પર્યાય
૮૦	૨૬	छुट	छुटै
૮૭	૨૬	અંજનને	ખંજનને
,,	૨૭	ઉપમેય તે	ઉપમેય તેનું
૯૦	૪	પૂછે છે	લૂછે છે
૯૨	૨૧	ભરેલો	ભરેલાં
૯૭	૨	તના	તેના
,,	૬	गौरं मूल	गौर भूजमूल
૯૯	૨૧	દુઃખ દેનારી	સુખ દેનારી
૧૦૨	૪	નાયચિકાનો	નાચિકાનો
૧૦૬	૩	નવમાલા	વનમાલા
૧૧૨	૬	नयन निके	नयनानिके
૧૧૩	૭	रोमाच	रोमांच
૧૧૪	૨	હાથે કરી	હાથ કરી
૧૧૫	૧૫	બાળ	વાળ
૧૨૦	૧૮	मौंहति	मौंहनि
,,	૨૧	પોતાને	પોતાનો
૧૨૧	૧૮	मक	मद
૧૨૫	૧૮	પ્રર્યાય	પર્યાય
૧૨૮	૬	કરી દે છે	કહી દે છે
૧૨૯	૨	एक तहीं	एकतहीं
૧૩૦	૬	ब्रजके लिनि कुंज	व्रजकेलिनिकुंज
,,	૨૧	काग गोलक	कागगोलक
૧૩૨	૨૦	चढोय	चढाये
,,	૨૨	એવી, તેમ	એવી, વચન ન્યારાં તેમ
૧૩૭	૧૫	मोहियताला	मो हियताल
૧૪૧	૧૨	मुरिज मुहाय	मुरि जमुहाय
૧૪૨	૧૬	અંગ રાગ	અંગરાગ
૧૪૩	૨૭	સિહ	સિંહ
૧૪૪	૧૪	अभिसारक	अभिसारकी
૧૪૫	૧૯	રસરત્નાહાર	રસરત્નહાર
૧૪૯	૨૫	લાખ	લાલ
૧૫૧	૧૫	नैन न	नैनन
,,	૧૬	સમાન શું	સમાનશું
૧૫૨	૧૩	હૃદયથી અનખ	હૃદય છતે ક્ષણક્ષણ નમુકર જાઓ છો તેથી અનખ
૧૫૩	૨	તા	તો
૧૫૬	૨૨	આલિગન	આલિંગન
,,	૨૪	અધર્મેપણું	અધમપણું
૧૫૭	૨૨	ને	તે
૧૫૮	૧૩	સધર	સથર
,,	૧૪	પધર	પથર
,,	૧૬	સધરપધર	સથરપથર
૧૬૨	૪	બલભદ્રના	હલફેરવનારના
૧૬૭	૪	દૃઢ અને ગઢ	દૃઢ ગઢ
,,	૧૧	અભેદ, તેથી	અભેદ તેથી
૧૮૭	૮	तक्रातितर निजा	तकति तरानिजा
૧૯૩	૧૭	વિષયજ્વરને	વિષમજ્વરને
૧૯૬	૧૩	હૃદયની સઘળી વાત	હૃદયની વાત
૧૯૭	૪	એવી	એવી,
૧૯૮	૨	(પ્રસન્નતા)	(પ્રસન્નતા) તે.
૨૦૧	૬	આગમનવચન	આગમવચન.
૨૦૩	૨૦	દોહરા	દોહરાના.
૨૦૪	૬	पह	यह.
,,	૭	तू	तूं.
,,	૨૭	कात निहारि	कांतनिहारि.
૨૦૫	૧૨	नगो	न गो.
,,	૨૪	જોઈ, તીરપર	તીરપર જોઈ.
૨૦૬	૧૨	घूँटे निनै	घूंटेनि नै.
૨૦૮	૨	बिरि	बिरी.
,,	૧૦	,,	,,
,,	૨૩	સતાડવા	સંતાડવા.
,,	,,	પ્રકાશ નથી	પ્રકાશનથી.
૨૦૯	૩	अठलाय	इठलाय.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૧૦	૧૨	दोउ	दोऊ.
,,	૧૫	થવાં નથી	થતાં નથી.
૨૧૧	,,	परौसि निईठ	परौसिनिईठ.
,,	,,	समान	सयान.
,,	૧૬	मुसका इटमें	मुसकाइटमें.
૨૧૩	૧૩	ढीठी	ढीठो.
૨૧૪	૭	स्वेदक न	स्वेदकन.
૨૧૬	૧૦	कह लाने	कहलाने.
,,	,,	अहि मयूर	अहिमयूर.
૨૧૭	૯	नाहिनये	नाहिन ये.
,,	૧૬	लैचुभकी	लै चुभकी.
,,	૧૭	केसर नीरसे	केसरनीरसे.
,,	૨૧	भज	व्रज.
૨૧૮	૧૫	बूढ निहू	बूढनिहू.
૨૨૧	૨	नासकुचै	ना सकुचै.
,,	૨૦	असण	अरुन.
૨૨૪	૮	तुल	तूल.
,,	૨૨	सुन	सु न
૨૩૫	૧૨	सब निमुख	सबनि मुख
૨૩૬	૧૭	तरु निकुच	तरुनिकुच.
૨૩૭	૬	कटी लीडार	कटीलीडार.
,,	૧૧	बह कि	बहकि.
,,	૨૦	बिचारी	बिचारि.
૨૩૯	૫	वृषा दितकी	वृषादितकी.
,,	૯	જેમાં आमित	आमित.
,,	૧૪	मती रहू	मतीरहू.
૨૪૨	૬	तू	तूं
,,	૭	,,	,,
,,	૧૬	गैंवे लिनि	गॅवेलिनि.
૨૪૩	૧૩	Rinsuiy	Rinsing.
,,	,,	Sippiny	Sipping
,,	,,	Begore	Before.

પૃષ્ઠ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૨૪૮	૧૬	मुल क्यौ	मुलक्यौ.
,,	,,	मानिहुलास	मानि हुलास.
,,	૨૩	अह सानके	अहसानके.
,,	૨૪	नाह मुख	नाहमुख.
૨૪૯	૧	ડફાસ	ડફાંસ.
,,	૨૦	तुही	तुंही.
૨૫૦	૧૪	ભણે	ભા લે.
૨૫૧	૨૦	एक	एकै.
૨૫૫	૫	એને	એ.
૨૬૧	૨૩	रहूँ चटे	रहूँचटे.
૨૬૫	૯	अगोटि	अँगोटि.
,,	૨૨	हँसातिन	हँसति न.
૨૬૮	૨૭	घटतं	घटत.
૨૬૯	૭	हिलोर नसों	हिलोरनसों.
,,	૧૯	चुम्यो	चुभ्यो.
,,	૨૪	तउ	तऊं.
,,	૨૫	,,	,,
૨૭૦	૧૯	दुरजो धनलों	दुरजोधनलों.
૨૭૨	૩	मास	मांस.
,,	૧૬	दुराकि जाहि	दुराकिजाहि.
૨૭૩	૩	जल यंत्र नसों	जलयंत्रनसों.
૨૭૫	૨	તેમની રાખવા	તેમના મર્યાદા રાખવા.
૨૭૮	૨૬	फिरतकत	फिरत कत.
,,	,,	द्रुम निपर	द्रुमनिपर.
૨૮૦	૧૦	परप्रान निहरत	पर प्राननि हरत
૨૮૧	૮	નાગરના	નાગરતા.
૨૮૨	૭	कपोल न	कपोलन.
૨૮૩	૨૩	परेखोको	परेखो को.
૨૮૫	૯	कोन	क्यौं न.
૨૮૮	૨૫	वाणीनी	अधरनी.